અનુક્રમણિકા : ભાગ-૬૫

ક્રમ	નામ	પાના નં.
૧.	આ. શ્રી જયંતસૂરિ મ.સા.	૧
૨.	આ. શ્રી માનદેવસૂરિ મ.સા.	૩
૩.	પૂ. મુનિશ્રી રત્નાંશુ વિ.મ.સા.	૪
૪.	આ. શ્રી મલયચંદ્રસૂરીશ્વરજી મ.સા.	૬
૫.	આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા.	૯
૬.	પં. શ્રી ચરણવિજયજી ગણિવર્ય	૨૭
૭.	નાનચંદ મુળચંદ દોશી દેપલાવાળા	૩૦
૮.	મુનિ શ્રી મહાશાલવિજયજી મ.સા.	૩૧
૯.	મુનિ લાવણ્ય વિ.મ.સા.	૩૩
૧૦.	શેઠશ્રી જીવતલાલ પ્રતાપસી	૩૩
૧૧.	શ્રીમતી નિલયબેન	૩૪
૧૨.	આ. શ્રી ત્રિલોચનસૂરિ મ.સા.	૩૫
૧૩.	શ્રી રતિભાઈ ખોડીદાસ	૫૨
૧૪.	શ્રીમતી વિમલાબેન	૫૨
૧૫.	મુનિશ્રી ધર્મઘોષ વિ.મ.સા.	૫૩
૧૬.	મુનિશ્રી ધર્મરત્ન વિ.મ.સા.	૬૨
૧૭.	મુનિશ્રી અમર વિ.મ.સા.	૬૩
૧૮.	શ્રી ચંપકભાઈ ભણશાલી	૬૪
૧૯.	આ. શ્રી હીરસૂરિ મ.સા.	૭૫
૨૦.	બીમાર મુનિને પત્ર	૯૨
૨૧.	પંન્યાસ શ્રી ભદ્રંકર વિ.મ.સા.	૯૪
૨૨.	શ્રી પીયુષકુમાર ચતુરદાસ	૧૦૩
૨૩.	મુનિશ્રી દયા વિજય	૧૦૫
૨૪.	મુનિશ્રી મહોદય વિજય	૧૦૬
૨૫.	સા. શ્રી ભક્તિસૂરિ મ.સા.	૧૦૬
	(મહાપુરુષોના ગુણગાન)	
૨૬.	શ્રી મનુભાઈ લાલભાઈ ઝવેરી	૧૦૭
૨૭.	પૂ.આ. સિદ્ધિસૂરિ મ.સા.	૧૦૭
૨૮.	પૂ.આ. મેઘસૂરિ મ.સા.	૧૧૩
૨૯.	શ્રી કુમારપાળ કાન્તિલાલ	૧૨૧
૩૦.	આ. શ્રી મુક્તિચંદ્રસૂરિ મ.સા.	૧૨૨
૩૧.	મુનિશ્રી મણિપ્રભ વિ.મ.સા.	૧૨૬
૩૨.	મુનિશ્રી નિરંજન વિ.મ.સા.	૧૩૧
૩૩.	પૂ.આ.શ્રી રત્નશેખરસૂરિ મ.સા.	૧૩૧
૩૪.	પૂ.આ.શ્રી કનકચંદ્રસૂરિજી મ.સા. (સુકૃત સંભારણા)	૧૩૨
૩૫.	મુનિશ્રી ચંદ્રપ્રભ વિ. મ.સા.	૧૩૪
૩૬.	આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.સા. (જીવન ઝરમર)	૧૩૫
૩૭.	મુનિશ્રી મણિશેખર વિ. મ.સા.	૧૪૦
૩૮.	શ્રી વાડીલાલભાઈ	૧૪૧
૩૯.	શ્રી વીરચંદભાઈ	૧૪૧
૪૦.	પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મ.સા.	૧૪૨
	(પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ - ખંભાત પ્રવચન)	
૪૧.	સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી	૧૫૨
૪૨.	મુનિશ્રી નયધન વિ. મ.સા.	૧૫૩
૪૩.	મુનિશ્રી દેવભદ્ર વિ.મ.સા.	૧૫૪
૪૪.	મુનિશ્રી ભુવન કીર્તિ વિ.મ.સા.	૧૫૪
૪૫.	શ્રી રતિલાલ જીવણલાલ (સુકૃત)	૧૫૬
૪૬.	મુનિશ્રી મતિધન વિ. મ.સા.	૧૫૯
૪૭.	મુનિશ્રી હિતવર્ધન વિ.મ.સા.	૧૬૪
૪૮.	શ્રી ચતુરદાસ ચીમનલાલ	૧૬૫
૪૯.	પૂ.આ.શ્રી દાનસૂરિ મ.સા.	૧૬૮-૧૭૩
૫૦.	મુનિશ્રી જયદેવ વિ.મ.સા.	૧૭૦
૫૧.	આ. શ્રી કૈલાસસાગરસૂરિ મ.સા.	૧૭૧
૫૨.	સાધ્વી શ્રી શીલવર્ધનાશ્રીજી	૧૭૧
૫૩.	આ. શ્રી રવિચંદ્રસૂરિ મ.સા.	૧૭૨
૫૪.	મુનિશ્રી જિતશેખર વિ.મ.સા.	૧૭૬
૫૫.	મુનિશ્રી પ્રિતરત્ન વિ.મ.સા.	૧૭૭
૫૬.	મુનિશ્રી પ્રિયંકર વિ.મ.સા.	૧૭૭
૫૭.	મુનિ શ્રી ચંદન વિ.મ.સા.	૧૭૮
૫૮.	મુનિશ્રી સુધર્મ રત્ન વિ.મ.સા.	૧૭૯
૫૯.	આ. શ્રી વિક્રમસૂરિ મ.સા.	૧૮૦
૬૦.	પૂ.પં.શ્રી અભયસાગરજી મ.સા.	૧૮૧
૬૧.	શ્રી નારાયણ લાલજીપલ્લીવાલ	૧૮૧
૬૨.	સા. શ્રી ચંદ્રાદયાશ્રીજી	૧૮૨
૬૩.	મુનિશ્રી શીલચન્દ્ર વિ. મ.સા.	૧૮૨
૬૪.	વકીલ પારસમલજી વોરા	૧૮૩
૬૫.	મુનિશ્રી મોક્ષરત્ન વિ.મ.સા.	૧૮૪
૬૬.	મુનિશ્રી વિમળપ્રભ વિ.મ.સા.	૧૮૭
૬૭.	શ્રી નરેન્દ્રભાઈ જયંતિલાલ	૧૮૭
૬૮.	શ્રા. તલકચંદભાઈ	૧૮૮
૬૯.	સા. શ્રી રોહીણાશ્રીજી	૧૮૯-૧૯૩
૭૦.	મુનિશ્રી હિતેશ્વર વિ.	૧૯૦
૭૧.	આ. શ્રી ધર્મજિતસૂરિ મ.સા.	૧૯૫
૭૨.	પૂ.આ.શ્રી ૐકારસૂરિ મ.સા.	૨૦૧
૭૩.	સા. શ્રી ચતુરશ્રીજી	૨૦૫
૭૪.	મુનિશ્રી વિમળકીર્તિ વિ.મ.સા.	૨૦૬
૭૫.	મુનિશ્રી હર્ષસેન વિ.મ.સા.	૨૦૬
૭૬.	આ. શ્રી રંગસૂરિ મ.સા.	૨૦૭-૨૦૮
૭૭.	શ્રીમતી મંગુબેન	૨૧૦
૭૮.	મુનિ ઓમતિલક વિ.મ.સા.	૨૧૦-૨૧૧
૭૯.	મુનિશ્રી રાજરત્ન વિ.મ.સા.	૨૧૭
૮૦.	આ. શ્રી ગુણાનંદસૂરિ મ.સા.	૨૨૧
૮૧.	રત્નપ્રસૂતા મૂળીબેન	૨૩૨
૮૨.	મુનિશ્રી ચંદ્રસુંદર વિ.મ.સા.	૨૩૫
૮૩.	મુનિશ્રી નંદિવર્ધન વિ.મ.સા.	૨૩૬
૮૪.	પં. શ્રી રવિપ્રભ વિ.મ.સા.	૨૩૮
૮૫.	શ્રી જેઠાભાઈ ઘીવાળા	૨૪૦
૮૬.	રજનીભાઈ ઝવેરી	૨૪૨
૮૭.	મુનિશ્રી વિશ્વરત્ન વિ.મ.સા.	૨૪૫
૮૮.	સાધ્વી શ્રી હંસાશ્રીજી	૨૪૮
૮૯.	સાધ્વી શ્રી હેમરત્નાશ્રીજી	૨૪૮
૯૦.	ચંપકલાલ ભોગીલાલ	૨૫૨
૯૧.	આ. અરુણપ્રભસૂરિ મ.સા.	૨૫૨
૯૨.	આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.	૨૫૨
	(વિવિધ મહાત્માઓની શ્રદ્ધાંજલિ)	

શાસન સિતારાનાં ધર્મતેજ

સિકંદરાબાદથી સંમેતશિખરજી અને કલકત્તાથી શ્રી સિદ્ધાચલજીની ઐતિહાસિક સળંગ છ માસ સુધીની મહાન સંઘયાત્રાઓ જેમની પુણ્ય નેતૃત્વમાં સફળ થઈ ચૂકી હતી, તે પુણ્ય નામધેય અધ્યાત્મરત જાપમગ્ન **પૂ. આ. દેવશ્રી વિજયજી જયંતસૂરીશ્વરજી મ. સા.** દાદર (મુંબઈ) જ્ઞાનમંદિર ખાતે શ્રાવણ સુદ ૮ મંગળવારની રાત્રે ૧૦-૪૦ વાગે સમાધિપૂર્વક કાળધર્મ (દિવંગત) પામ્યા. તેઓશ્રી કવિકુલ કિરીટ તત્ત્વશાસ્ત્ર સૂત્રધાર સ્વ. પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા.ના સમુદાયના લગભગ ૧૫૦ સાધુ-સાધ્વીજી મ.ના ગચ્છાધિપતિ હતા. આજે તે તમામ જવાબદારી એઓશ્રીના લઘુ ગુરુબંધુ તીર્થપ્રભાકર પૂ. આ. દેવશ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મ. સા.ના મસ્તકે આવી.

ડભોઈ જેવા ગુજરાતના કળાક્ષેત્રમાં જન્મેલા ફુલચંદભાઈ અને દિવાળીબેનના સુપુત્ર જીવણલાલ એમનું નામ; પ્રથમથી કોક તેજસ્વી સિતારા પણ સાહ્યબીમાં ઉછરતા ૧૮ વર્ષની ઉંમરે વિવાહ પણ કરી ચૂક્યા. શરીર પર તે વખતે પણ પચાસ હજારના દાગીના માત-પિતા અતિઆગ્રહ કરીને પહેરાવતા. ભાઈને ભપકાબંધ પોષક સાથે કાનમાં અત્તરનાં પુમડાં તો એવા મઘમઘે કે ઉપાશ્રયના બારણે પેસતાં પૂ. આ. દેવશ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.સા. કહે **"हां वो जीवन आया लगता है ।"** સુખસાહ્યબીમાં એવા મસ્ત. એક નાટક જોવા માટે વડોદરા જ શું મુંબઈ પણ ઊપડી જતા. પણ આ બધાની વચ્ચે સુંદર કુટુંબ સંસ્કારો તે શ્રી જિનભક્તિનો પ્રેમ આ અવસ્થામાં પણ તેવો જ પ્રબળ હતો. ખાસ પરીનો વેશ તેમણે શ્રી જિનભક્તિ માટે તૈયાર કરેલો અને પોતાની જાતે જ પેટી વગાડી પોતે જ વહાવેલ સૂરો પ્રમાણે નૃત્યભક્તિ કરતા.

તેમનો બીજો સેવાનો અનન્ય ગુણ પણ આ અવસ્થામાં શોભી ઉઠેલો. ડભોઈ પધારે પૂ. આ. દેવશ્રી વિજય કમલસૂરિ મ. જેવા મહાત્માઓની ભક્તિ તો કરતા જ, પણ પૌષધ કરે ત્યારે જ્ઞાતિના શ્રેષ્ઠિપુત્ર અને વજનદાર વ્યક્તિત્વ ધરાવતા હોવા છતાં ગામના સામાન્ય માણસના પણ પગ દબાવતાં તેઓ કદી સંકોચ નહોતા અનુભવતાં. ખરેખર તો આ સેવાના સદ્‌ગુણે જ તેમનામાં સંયમનો ભાવ દઢ કર્યો. તેઓ ઘણી વખત કહેતા કે દરેક વખતે હું ભલભલાને દીક્ષા લેવાની ના કહી દેતો હતો. પણ પૂ. આ. દેવશ્રી કમલસૂરિ મ. ની મુદ્રા જ એવી

હતી કે જે જોઈને મનમાં એવું બેસી ગયું કે એમની સેવા કરવાથી જરૂર કલ્યાણ થશે અને એથી જ દીક્ષા લઈ શક્યો.

પૂ. આ. દેવશ્રી વિજય કમલસૂરિ મ. તેઓની સાધુપણું લીધા પછીની ભક્તિથી પ્રસન્ન થતાં ઘણી વખત કહે કે, **'बीवा ! हमारे पासमें राज होता तो तुमको एक गांव इनाममें दे देता । तुमको कैसे मालूम हो जाता है कि मुझे क्या चाहिये ? अच्छा है बीबा तुं ।'** અને પૂ. આ. દેવશ્રી કમલસૂરિ મ.ના વગર આપ્યે પણ તેઓના આશીર્વાદથી કોઈ ગામડું ગામ નહિ પણ શાસનનું રાજ્ય મળ્યું અને આ સરલ હૃદયી સેવાભાવી જીવણલાલે પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ. સા. ના ચરણે ઝુકાવ્યું.

ધર્મના સંસ્કારથી ઘર પરિપૂર્ણ હોવા છતાંય અને ભાવી પત્નીને રાજીખુશીથી છૂટા કર્યા હોવા છતાંય દીક્ષા માટે એક જંગ તો ખેલવો જ પડ્યો. પોતાની બહેનના લગ્ન અંગેની ખરીદીના બહાને નીકળ્યા અને પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા. બોરસદ (ખંભાત પાસેના) શાસનપ્રેમી સંઘોના ઉપક્રમે દીક્ષા આપી દીધી. દીક્ષા તો થઈ ગઈ પણ હજી તો ઉપાશ્રયમાં પહોંચે, કંઈક વ્યવસ્થિત થાય ત્યાં તો ડભોઈથી એક આક્રમક ટોળું સરલ માતા દીવાળીબેનને આગળ કરીને આવ્યું, હાથમાં ચમકતા શસ્ત્રો ઉછળતા રાખવાનું પણ આ ટોળાએ બાકી નહોતું રાખ્યું. પણ સંયમીપ્રેમી અને બહાદુર જીવણલાલે તમામને શાંત કર્યા, માતાને સમજાવ્યા, અને પોતાના માર્ગે આગેકૂચ કરી.

સેવાવ્રત ધારણ કરેલ પૂ. મુનિશ્રી જયંતવિજયજી મહારાજે દાદાગુરુ પૂ. આ. દેવશ્રી કમલસૂરીશ્વરજી મ.ની સેવા કેવી કરી હતી એ તો પેઢી જુની વાત છે, પણ ગુરુદેવ પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની આજીવન સેવા પોતાના પ્રિયપાત્ર ગુરુબંધુ તીર્થપ્રભાવક પૂ. આ. દેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.ની સાથે રહી કેવી કરી છે તે તો આજની ઉગતી સાધુ પેઢી પણ જાણે છે. પૂજ્યોની સેવા તો હજી ય દરેક કરે પણ સ્વ અને પર સમુદાયના નાના કે મોટા સાધુઓની પણ વૈયાવૃત્ય એમણે સુંદર કરી છે.

આ સેવાવ્રતધારી મુનિશ્રી જયંતવિજયજી મ.સા., પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂ.મ. ના સ્વહસ્તે જ શ્રી સિદ્ધગિરિ મહાતીર્થમાં સંઘવી કેશવલાલ વજેચંદ ખંભાતવાલાના સંઘમાળાના પ્રસંગે ઉપાધ્યાયપદ પામ્યા, અને સંગમનેરમાં પૂ. આ. દેવશ્રી ભુવનતિલક સૂ. મ.ના જ હસ્તે પોતાની બીલકુલ ઈચ્છા નહિ છતાં ગુરુબંધુ પૂ. આ. દેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.ના આગ્રહથી તેમની સાથે જ આચાર્યપદ ગ્રહણ

કર્યું અને શિખરજી મહાસંઘયાત્રાના અંતે હૃદયની નિર્મળ ઊર્મિઓપૂર્વક એ જ અનન્ય વાત્સલ્યના પાત્ર ગુરુબંધુને સંઘપતિઓના આગ્રહથી અને અનેક સંઘોની વિનંતીથી **'તીર્થપ્રભાવક'** પદ સમર્પ્યું.

આ પદપ્રદાન બાદ એમને હર્ષોર્મિ જે રીતે વ્યક્ત કરી હતી તેથી કદાચિત્ એક ઐતિહાસિક પ્રસંગ બની ગયો હતો. ત્યારબાદ પણ કલકત્તાથી પાલીતાણાની મહાસંઘયાત્રાનું નેતૃત્વ સ્વીકારી અનુપમ શાસન પ્રભાવના કરી અને શ્રી સિદ્ધગિરિજી તથા અમદાવાદના યાદગાર ચાતુર્માસો પૂર્ણ કરી પોતાના સંસારી વતન ડભોઈ આદિ અનેક ગામોને લાભ આપતા, મુંબઈનગરીમાં પધાર્યા હતા. જ્યાં દાદર જ્ઞાનમંદિર મધ્યે ચાતુર્માસ બિરાજમાન હતા. પણ વિચિત્ર કાળે ક્રૂર ઉપહાસ કરતા ૧૮ દિવસની ટૂંકી માંદગીમાં જ તેમને ઉપાડી લીધા.

જો આ મહાપુરુષે જીવન દરમ્યાન ક્રોડો નવકારમંત્રનો જાપ કર્યો ન હોત અને નિરંતર જાપમયતા રાખી ન હોત તો આ અસહ્ય બીમારીમાં બેભાન સ્થિતિમાંથી છેલ્લા બે દિવસ જે ચેતના અને શુદ્ધિ પ્રગટ્યા તે કદી પ્રગટત નહિ, પણ છેલ્લા બે દિવસ સભાનપણે પ્રતિક્રમણના કાઉસ્સગ્ગો વગેરે કરતા અને પૂ. આ. દેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા. પૂ. આ. દેવશ્રી નવીનસૂરીશ્વરજી મ.સા., પૂ. આ. દેવશ્રી રૈવતસૂરીશ્વરજી મ.સા., મુનિ હેમચંદ્રવિજયજી મ.સા. આદિ સકળ મુનિભગવંતોની નિર્યામણા ઝીલતા હતા. સકલસંઘ 'અરિહંત'ની ધૂન મચાવતો. એ સમાધિમાં એ સિતારો અહીં આથમી જઈ કોક દેવની દુનિયામાં ઉદય પામી ગયો ગણાય.

આ સંતની સરલતા ભદ્રિકતા અને શાસનચિંતાએ નિઃશંક પોતાના પૂ. ગુરુદેવ આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.ની જ યાદ સહુને બક્ષી હતી. એ જ યાદ સદાકાળ પૂ. આ. દેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા. સહુને આપતા રહેશે અને સ્વર્ગસ્થ એ પૂજ્ય તેમને અને સમસ્ત સંઘને પ્રભાવના અને આરાધનામાં સહાયક થાઓ એ જ પ્રભુને પ્રાર્થના.

બંનેય સદ્‌ગતની સુવાસ

(૧) **સુરેન્દ્રનગરમાં** શ્રાવણ સુદ ૩ સ્વર્ગારોહણ કરનાર પૂ. આ. દેવશ્રી વિજય **માનદેવસૂરીશ્વરજી** મહારાજે હમણાં તો ગચ્છાધિપતિ પૂ. આ. ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને કાગળ લખ્યો છે કે 'મારી તબીયત હવે સુધરતી જાય છે, સ્વાધ્યાય વગેરે બધું થાય છે, પણ તબીયતના કારણે આધાકર્મિક, રોજ સુગર જોવા માતૃ તપાસરાવવું વગેરે ષટ્કાયની વિરાધના થાય છે...' વળી અષાઢ વદ ૧૪ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીને પત્રમાં લખે છે કે સ્વ. પૂજ્યપાદના

જીવનને લખી રહ્યા છો જાણી અત્યંત આનંદ. એઓશ્રી સંબંધી અનુભવો લખી જણાવવા જણાવ્યું તો એઓશ્રીના ઘણા પરિચયમાં તમે રહ્યા છો. મારી પાસેથી વિશેષ જણાવવા જેવું કાંઈ રહેતું નથી. મારી તબીયત દોઢ મહિનાથી ડાયાબિટીસની વિશેષતા, આધાકર્મિક સેવન કરવું પડે છે. મહિનાથી બહાર જઈ શકાતું નહોતું, હવે ચાર દિવસથી મોટા દેરાસરે જઈ શકાયું છે. સુધારો એવો સરસ કે શ્રાવણ સુદ ૨ ત્રણે દેરાસર દર્શન કરી આવ્યા હતા. શ્રાવણ સુદ ૩ પાંચ સાધ્વીજીઓને માસખમણ પૂર્ણ થતા હોઈ ચાલતા મહોત્સવના મંડપમાં દર્શન કરી આવ્યા. નવકારશી વાપરતાં ગળે ગાંઠ જેવું લાગ્યું તો ય હિંમત કરીને ચૈત્યપરિપાટીમાં પધાર્યા, મોટા દેરાસરે ભાવથી ભક્તિ કરી. વ્યાખ્યાન પાટ પર પણ પધાર્યા ૧૧ વાગ્યા સુધી બેઠા, પછી જરાક સૂતા. ડૉ. બોલાવાયા, જોયું તો મોં તેટલું ખુલતું નહોતું, બોલવામાં તકલીફ હતી, દવા લખી આપી. તકલીફ વધતાં બપોરે ૩ વાગે સર્જન ડૉ. મોં જ ખુલતું નહિ તેથી અંદરમાં બરાબર તપાસી શક્યા નહિ. સાત વાગતા મોં બંધ, મુનિરાજશ્રી નરચંદ્રવિજયજી મહારાજે જુદું પ્રતિક્રમણ કરાવ્યું. પોરિસી ભણાવી. પછી પૂ. આ. શ્રી કહે માંડલી પ્રતિક્રમણ પૂરું થાય એટલે ગુણચંદ્રવિજયજીને કહેજે મને સંભળાવે, એમ કહી સૂઈ ગયા. થોડી વારે ઊઠ્યા ત્યારે વઢવાણવાળા ચંદુભાઈના પુત્ર ચેતને અમૃતવેલીની સજઝાય મધુરસ્વરે સંભળાવી. તેઓશ્રીએ ભાવપૂર્વક સાંભળી, લગભગ ૧૧ની આસપાસ પીડા સખત હતી. બોલી શકતા નહોતા હિંમત કરીને કહ્યું કે હું ખમાવું છું. પછી તેમણે મુ.શ્રી નરચંદ્રવિજયજીને કહ્યું તું મારી પાસે સૂઈ જજે. એમણે હા ભણી, પછી પોતે અરિહંતનું નામ લેવાનું કહેતાં અરિહંત જાપ શરૂ કર્યો. એ શ્વાસ જોરથી લેતાં એમના સીસકારા સંભળાતા છતાં અરિહંતનું રટણ ચાલુ હતું. ૧॥ વાગ્યાથી આસપાસ માત્રું કરાવ્યું. ૨॥ વાગ્યે જોતા પણ શ્વાસ પૂર્વવત્ ચાલુ હતો. વચમાં વચમાં મુ.શ્રી ગુણચંદ્રવિજયજી મ. ને તથા શ્રાવકોને ઉઠાડ્યા અરિહંતની ધૂન લગાવી છેલ્લે સુધી જાગૃતિ સારી. જ્યારે સીસકારા પાડતા ત્યારે મોંઢામાંથી લોહી નીકળતું. ખૂબ લોહી નીકળ્યું. છેલ્લે પીડા પણ સખત હતી. છતાં તેમના સ્વભાવ મુજબ ખૂબ સમતાથી સહન કર્યું અને સમાધિમાં જીવન સમાપ્ત કર્યું. જીવનમાં જાતે શ્રુત સ્વાધ્યાય ભરપૂર અને બીજાઓને પણ વાંચન કરાવતા એનું ફળ અંતકાળ સુધી સમાધિ પામ્યા. ધન્ય જિનાગમ ! ધન્ય સૂરિવર !

(૨) **ડીસા-રાજપુરમાં :** શ્રાવણ સુદ ૧૦ દેહાંત પામેલ પૂ. મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી મ. હજી તો અત્રે મર્મસ્પર્શી તત્ત્વપૂર્ણ વ્યાખ્યાનો આપતા અને યુવાનો આકર્ષાયેલ. પર્યુષણા જેવું વાતાવરણ જામેલું. સંઘમાં ૬૦ સ્વસ્તિક તપ,

મોક્ષ તપ ૨૦, અઠ્ઠમ ૫૨, અરિહંત જાપ ૭૫, પાર્શ્વનાથ મોક્ષ કલ્યાણકની આરાધનામાં ઉપવાસવાળા ૧૦, આંબેલવાળા ૫૫, નીવિવાળા ૬૫ વગેરે ચાલ્યું. ઉપરાંત મુનિશ્રી કનકસુંદરવિજયજીને કલ્પસૂત્રાદિ વંચાવતા, રાત્રિસ્વાધ્યાય કરાવતા, કહેતા કે ઘણા જણ વ્યાખ્યાનમાં લાભ લે છે તે ન જોતાં તે કેટલું લઈ જાય છે એ જોવું. આપણા મુનિવર્યોની કૃપાથી જ આ બધા આટલો લાભ લે છે, ને ભક્તિ કરે છે. આપણે એકત્વ-અન્યત્વાદિ ભાવનામાં મસ્ત રહેવું. અષાઢ વદ ૧૩થી તાવ, અશક્તિ, શરીર લથડવા માંડ્યું. છતાં અસહ્ય વેદનામાં પણ એ વીતરાગ સ્તોત્ર આદિના સ્વાધ્યાયમાં લીન રહેતા. કહેતા કે તમારા જેવા મને નિર્યામણા કરાવનાર મળ્યા. સંઘ પણ ભક્તિવાળો તે નવકાર અરિહંત આદિની ધૂન ચાલી શ્રાવણ સુદ ૧૦ પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજે ખૂબ પ્રેરણા આપી જાગ્રત કર્યા. પછી કહે હવે મારા માટે કંઈ બનાવરાવશો નહિ. નિર્દોષ સહેજ લઈ લઈશ. મધ્યાહ્ને જાતે પાંચ વાણાનું પડિલેહણ કર્યું અને સહવર્તી મુનિ કહે તમે જલદી પડિલેહણ કરો અને મને પ્રતિક્રમણ કરાવો. મુનિ કહે હજી તો ૧૨॥ જ વાગ્યા છે. તોય મુનિશ્રી કહે મારે ચોવિહાર છે. તમારે બળાત્કાર કરવો હોય તો તમે જાણો. વાપરવાનો આગ્રહ કરતાં કહે 'સાત વાગ્યા પહેલા વાપરવું નથી.' પોતાના ગુરુદેવ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને વંદના સુખશાતા લખાવી. સંઘની ભક્તિ વગેરેની અનુમોદના કરી તથા મુ. કનકસુંદર વિજયને હિતશિક્ષા આપી. ૫-૩૦ વાગે વાપરવા ઘણો આગ્રહ કર્યો છતાં ન વાપર્યું. કહે 'મારે પચ્ચક્ખાણ થઈ ગયું છે.' છેલ્લા બે કલાક પૂર્વે ડૉક્ટરે પૂછતાં ય જવાબ આપ્યો કે જેટલું સહન થાય છે તેટલો લાભ છે. બેઠા બેઠા ઈરિયાવહી-વાંદણા બોલવા લાગ્યા. ત્યારબાદ એમને પૂ. આ. શ્રી વિજય જયંતસૂરીશ્વરજી મહારાજના કાળધર્મનું દેવવંદન કરાવતા હતા, એ વખતે અજિતશાંતિ બોલતાં શંકા પડી શરીર ઠંડુ લાગ્યું. દેવવંદન ભણાવવાનું મૂકી નવકાર સંભળાવવા લાગ્યા. ખૂબ સમાધિપૂર્વક કોઈપણ જાતની અરેરાટી-ઓહ સિવાય લગભગ ૭ કલાક ૨૮ મિનિટે કાળધર્મ પામ્યા. રાજપુર અને નવાડીસાના સંઘે પાખી પાળી. બીજા દિવસે બપોરે ૧૨ વાગે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. પાલખીમાં બેસાડવાના લગભગ રૂા. ૧૨૦૦, જીવદયાના રૂા. ૮૦૦ થયા બીજી પણ ઉછામણીઓ સારી થઈ. વર્ષોની દમની કફ-શ્વાસની બીમારીમાં પણ એમની સમાધિ અને સહનશીલતા તથા સ્વાધ્યાય મગ્નતાએ જીવનના અંત સુધી જશ અપાવ્યો. ધન્ય સાધુતા ! ધન્ય શ્રમણ !

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. આચાર્યદેવશ્રી **વિજય મલયચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ** આસો સુદ ૮ સાંજે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એઓશ્રી છેલ્લા કેટલાક વખતથી મગજની વ્યાધિથી પીડાતા હતા છતાં આરાધના તરફ લક્ષ જાગ્રત રહેતું, અને છેલ્લે ચાલુ વર્ષમાં શ્રી વર્ધમાન આંબેલ તપની ૧૦૦મી ઓળી વૈશાખમાં નિર્વિઘ્ને પૂર્ણ કરેલ. જીવનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાની લગન સાથે ત્યાગ તપસ્યા ઉપરાંત વડીલોની સેવાની પણ પાકી ધગશ રહેતી. એઓશ્રીના પગલે એમના સાંસારિક બે બંધુઓ દીક્ષિત બની આજે પૂ. આચાર્યદેવો પ્રખર વક્તા શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય રવિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ સુંદર આરાધના સાથે ધર્મશાસન પ્રભાવના કરી રહેલ છે. સદ્ગતના જવાથી સમુદાય તથા શ્રીસંઘને મોટી ખોટ પડેલ છે. એઓશ્રીને પરમ શાંતિ મળો. ધન્ય જીવન ! ધન્ય સાધુતા !

પૂ. તપસ્વી આ. શ્રી વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મ.ની જીવન સુવાસ

(લે. -આ. મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.)

પૂ આચાર્યદેવશ્રી વિજય **મલયચંદ્રસૂરીશ્વરજી** મહારાજનું સંસારીપણે નામ મહાસુખલાલ, રાધનપુરના રહીશ અને મુંબઈમાં વેપાર અંગે હંમેશનો વસવાટ. તેમજ તેઓશ્રી મારા સંસારીપણે મોટા ભાઈ થાય, અને અહીં સાધુપણામાં ગુરુબંધુ થાય. તેઓશ્રી સંસારીપણામાં જ ખૂબ ધર્માત્મા હતા. સટ્ટાબજાર જેવા બજારમાં વેપાર કરવા છતાં રાત્રિભોજનના વર્ષો સુધી ત્યાગી હતા, તેમજ પરમાત્માની પૂજામાં રોજ ત્રણ કલાક આંગી તેમજ ચૈત્યવંદન આદિમાં ગાળતા - રોજ ૧॥-૨ રૂપીઆના તાજાં ફૂલ ફૂલગલીમાંથી લાવી ભગવાનની ભવ્ય આંગી બનાવવી અને પછી ભાવપૂજામાં ભગવાનની આગળ એક બાળકની જેમ ગાંડા જેવા બની ભક્તિરસમાં લીન બની જવું એ એમનો નિત્ય કાર્યક્રમ હતો.

૧૯૮૫ની સાલમાં મુંબાઈમાં માધુબાગ પાસે લાલબાગના ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવ વિજય દાનસૂરીશ્વરજી તેમના શિષ્ય પૂ. પં. શ્રી પ્રેમવિજયજી ગણિવર; તેમજ પ્રશિષ્ય પ્રખર વક્તા મુનિરાજશ્રી રામવિજયજી મહારાજ આદિ વિશાળ

સમુદાય સાથે ચાતુર્માસ માટે પધાર્યા. વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. મુનિ પ્રવર શ્રી રામવિજયજી મહારાજના રોજનાં જિનાજ્ઞાનુસારી હૃદયભેદી વૈરાગ્ય ઝરતા પ્રવચનોમાં ૨૦૦૦ થી ૨૫૦૦ માણસો લાભ લઈ રહ્યા હતા, તેવામાં હંમેશાં શાતિનાથજીના ઉપાશ્રયે પૌષધ કરનાર મહાસુખલાલે ચોમાસી ચૌદશને દહાડે લાલબાગમાં પૌષધ કર્યો. વ્યાખ્યાનકાર મહર્ષિના મોંઢામાંથી એક વાક્ય એવું નીકળ્યું કે 'રોજ ત્રણ કલાક પૂજા કરનારને હું એમ ભલામણ કરું કે ૧॥ કલાક તે પૂજા કરે અને ૧॥ કલાક જિનવાણી સાંભળે.' આ વાત મહાસુખલાલે પોતાના જીવન માટે ઉપયોગી માની આચરણમાં મૂકી, અને ત્યારથી રોજ જિનવાણીનું નિયમિત શ્રવણ કરવા માંડ્યું. સંસારની અસારતા સમજાવનારા પ્રખર વક્તાના પ્રવચનો સાંભળી તેમને પ્રવજ્યા લેવાની અભિલાષા થઈ. આ વાત તેમણે તેમના માતુશ્રી મણિબેન જેઓ મુંબાઈમાં હતા તેમને કરી. મણિબેને કહ્યું, 'એક વર્ષ તું તારા આત્માને તપ જપ વડે કેળવ, અને પછી તારી ભાવના દૃઢ થશે તો અમે તને ધામધૂમથી દીક્ષા અપાવશું.' (ભાઈ મહાસુખલાલને બે નાના ભાઈઓ કાન્તિલાલ અને મુક્તિલાલ હતા. એમ ત્રણ ભાઈઓ અને માતાજી, એ ચારનું કુટુંબ મુંબાઈમાં વસતું હતું. તેમાં મહાસુખલાલ અને કાન્તિલાલ વાયદાનો વેપાર કરતા હતા, જ્યારે નાના મુક્તિલાલ ભણતા હતા.) માતાજીના વચન પર વર્ધમાન તપની ઓળી ભાઈ મહાસુખલાલે ઉપરા ઉપર કરવા માંડી અને ધંધા ઉપરથી તેમનું મન ઉઠી ગયું. તેમનાથી નાના ભાઈ કાન્તિલાલ જે સારું કમાતા હતા, એમણે મોટાભાઈને આર્થિક સહકાર અવારનવાર આપ્યા જ કરતા હતા.

જોત જોતામાં સવા વર્ષનો ગાળો વીતી ગયો. પૂ. પાદ તે વખતના પૂ. પં. શ્રી પ્રેમવિજયજી મ. (પાછળથી આ. પ્રેમસૂરીશ્વરજી મ.)ની સતત પ્રેરણા અને વ્યા. વાચસ્પતિ પૂ. પં. શ્રી રામવિજયજી મહારાજની સંસારની ભારોભાર અસારતા સમજાવનારી જડબેસલાક ધર્મ-દેશનાના પ્રભાવે શ્રી મહાસુખભાઈએ ૧૯૮૭ ના કારતક વદ ૩ ના દિવસે માતુશ્રી મણિબેનની રજાથી ધામધૂમથી ભાગવતી દીક્ષા લીધી, અને પૂ. પં. શ્રી રામવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી મલયવિજયજી બન્યા. એઓશ્રીએ ૪૫ વર્ષના દીક્ષા પર્યાયના કાળમાં તેઓશ્રીએ ૧૦૦ વર્ધમાન તપની ઓળી પૂરી કરી. તેમજ પૂ. પાદ આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ.ની, પૂ. પાદ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની, તેમજ પૂ. પાદ આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ખૂબ ભક્તિ કરી હતી. સ્વાધ્યાય, વૈયાવચ્ચ, અને તપશ્ચર્યા આ ત્રણ ગુણો એમનામાં મુખ્યરૂપે અદ્‌ભુત વિકસ્વર રીતે શોભી રહ્યા હતા. એમને જ્યારે જુઓ ત્યારે સાધુચર્યા વૈયાવચ્ચ સિવાયના કાળમાં સ્વાધ્યાય મગ્ન

જ દેખાય.

આ બધા ઉપરાંત વર્ધમાન આંબેલતપની ઓળીઓ લગાવે રાખી. ૯૯ ઓળી એમની નિર્વિઘ્ને પૂરી થઈ. ૧૦૦મી ઓળીના ૧૭ આયંબિલ થયાં, ને બે વર્ષ પૂર્વે બારેજા ગામમાં બહાર ઠલ્લે ગયા ત્યારે તેઓ પડી ગયા. પછી ત્યાંથી તેમને લાવવામાં આવ્યા, ઓળી પડતી મૂકાઈ અને ત્યારથી તેમની તબીયત નરમ થતી ગઈ. માનસિક નબળાઈ પણ આવવા માંડી પણ પછી વૈદ્યની દવાથી ચાલુ સાલમાં મહા મહિનામાં ફાયદો જણાયો, એટલે એમણે વૈદ્યને ૧૦૦મી ઓળી કરવા પૂછ્યું. વૈદ્યરાજે હા પાડી અને બીમારીમાં પણ હિંમત કરીને ૧૦૦મી ઓળી એમણે પૂરી કરી. અમદાવાદ જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ અને આરાધકોએ એની ઉજવણી શાંતિસ્નાત્ર અને સિદ્ધચક્ર પૂજન સાથે અઠ્ઠાઈ ઓચ્છવપૂર્વક ભવ્ય રીતિએ ઉજવી. ત્યાર પછી પૂજ્યશ્રી ચાલુ સાલમાં પજુષણ કરાવવા અમદાવાદના પરામાં પોતાના પરમ વૈયાવચ્ચી શિષ્ય સત્યાનંદ વિજયજી સાથે આંબાવાડી પધારેલા. પજુષણ પછી એમની તબીયત દિનપ્રતિદિન બગડતી ચાલી. અને આસો સુદ આઠમના સાંજે ૪ કલાકને ૫ મિનિટે ખૂબ જ સમાધિપૂર્વક તેમણે પોતાનો દેહ છોડ્યો. બીમારી સિવાય પણ ખૂબ અને બીમારી દરમિયાન તો વિશેષ કરીને તેમની સર્વ શ્રેષ્ઠ વૈયાવચ્ચ કરનાર તેમના શિષ્યરત્ન મુનિશ્રી સત્યાનંદ વિજયજીએ ગુરુ-વૈયાવચ્ચને જ પ્રધાન બનાવી ૨૪ કલાક એજ લક્ષ્ય રાખી અખંડ ભક્તિમાં તલ્લીન બનીને વર્તમાનકાળે એક સુંદર દૃષ્ટાંતરૂપ બની ગયા.

સ્વ. પૂ. આચાર્યશ્રીને પ્રકરણના જ્ઞાનમાં ઘણો જ રસ હતો, અને એ જ્ઞાન તેમણે શરૂ શરૂમાં પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ પાસેથી મેળવ્યું હતું અને એમના સ્વર્ગસ્થ થયા પછી પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસેથી પણ તે જ્ઞાન મેળવ્યું હતું. તેમજ પૂ. પાદ આચાર્ય દેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે તેમણે સંસ્કૃત-પ્રાકૃત શાસ્ત્રોનું વાંચન ઘણું જ કર્યું હતું, જેવા કે ત્રિષષ્ઠિના ૧૦ પર્વો, યોગશાસ્ત્ર, ઉપમિતિ-ભવપ્રપંચા-કથા, અનુયોગ દ્વાર, વિશેષાવશ્યક ભાષ્ય, વગેરે. તેમનો જ્ઞયોપશમ એવો હતો કે વાંચેલું તેઓ બીજાને બહુ જ સારી રીતે વંચાવી શકતા હતા. ૨૦૧૫માં તેમની પંન્યાસ પદવી અમદાવાદ મુકામે થઈ હતી, અને આચાર્ય પદવી ૨૦૨૯ના માગશર સુદ ૨ મહારાષ્ટ્ર પીંપળગામે થઈ હતી.

એમનાં જીવનની આ એક મોટી વિશેષતા હતી કે તેઓ પ્રતિક્રમણ આદિ પ્રત્યેક ક્રિયા ખૂબ જ ઉપયોગપૂર્વક સ્પષ્ટ અક્ષરે અને અપ્રમત ભાવે કરતા હતા

તેમની આરાધનાના પ્રભાવે કુટુંબમાં તેમના બંને ભાઈઓમાં ધર્મસંસ્કાર સારા પડ્યા હતા અને પાછળથી પૂજ્યશ્રી આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી બંને ભાઈઓ દીક્ષિત બન્યા જેમાં એક હું અને બીજા પૂ. આ. શ્રી વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મ. છે. જો કે અમો બંનેની દીક્ષામાં પૂ. પાદશ્રી આ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.નું વાત્સલ્ય અને અદ્‌ભુત પ્રેરણા, તથા પૂજ્યપાદ શ્રી આ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ધર્મદેશના, એ બે મુખ્ય કારણ બન્યાં છે, છતાં પણ પૂ. પાદ આચાર્ય શ્રી વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મહારાજની સાધુપણાની ઉત્તમ આરાધના પણ બંનેને સાધુ થવામાં અનન્ય કારણ બનેલ છે.

તેઓશ્રી ૨૫ વર્ષની વયે દીક્ષિત થયા, ૪૫ વર્ષ સુધી સંયમ જીવન જીવ્યા. ૭૦ વર્ષની વયે સ્વર્ગવાસી થયા.

આ રીતે પૂ. પાદ આચાર્યદેવ વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મહારાજ પોતાના જીવનમાં ઘણી સુંદર આરાધના કરી. અને પોતાના આત્માનું સાધી ગયા. દાનસૂરી જ્ઞાનમંદિરમાં તેમની સાથે તેમના ભાઈ પૂ. આચાર્ય વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ચાલુ સાલમાં ચાતુર્માસ છે, અને તેઓએ પણ સ્વર્ગસ્થ પૂ. આચાર્ય મ.ની સારી ભક્તિ કરી હતી.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૫,અંક-૩૮,તા.૪-૬-૧૯૭૭

૧૦૪ વર્ષ વયસ્ક સુરિપુરંદરનું સ્વર્ગગમન

• **જુના ડીસા :** અત્રે જેઠ સુદ ૯ પૂજ્યપાદ શાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ** ૧૦૪ વર્ષની ઉંમરે ૭૬ વર્ષનું નિર્મળ ચારિત્ર પાળી સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામતાં આવા મહાન ઉપકારી શાસનરત્ન આચાર્યદેવશ્રીનો વિરહ જાણી ગામોગામના સંઘોને ભારે આઘાત લાગ્યો. પૂજ્ય આચાર્યદેવશ્રી સંસારીપણે રાધનપુરના વતની અને નગરશેઠના કુટુંબના હોવા છતાં વૈરાગ્યરંગમાં ઝીલતા હતા. ધર્મપ્રવૃત્તિ સ્વભાવમાં વણાઈ ગયેલી. એઓશ્રીએ વિ.સં. ૧૯૫૭માં સંસારત્યાગ કરી સંઘસ્થવિર પૂ. આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના ગુણિયલ શિષ્યરત્ન પૂ. મુનિવર્યશ્રી વિનયવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિ દીક્ષા ગ્રહણ કરેલી. સંયમ, સ્વાધ્યાય, સાધુતા, અંતર્મુખતા, ભવ્ય જીવોપકાર વગેરે એમની જીવનસાધના હતી. શરીરશક્તિ પહોંચી ત્યાં સુધી નિત્ય એકાસણા સાથે દિવસના શાસ્ત્ર સ્વાધ્યાય-મગ્નતા ઉપરાંત રાતના બે વાગે ઊઠી

જતા, અને પટ્ટ-જાપ વગેરે એટલી બધી સ્થિરતા અને મગ્નતાથી ગણતા કે પછી ઊભા ઊભા પ્રતિક્રમણ, જાતે ઓઘો બાંધવો, વગેરેમાં સૂર્યોદયને વટાવી જતા. રોજ મંદિરમાં એઓશ્રીની પ્રભુભક્તિમાં એકાકારતા અને ગદ્‌ગદતા એવી રહેતી કે જાણે સાક્ષાત્ પ્રભુની સાથે વાત કરતા હોય અને કાકલૂદી ભરી અરજી ગુજારતા હોય એવું લાગે. આચાર્ય પદે પહોંચ્યા પછી પણ આ પ્રભુભક્તિ વગેરે સાધનાઓ સુંદર કરતા. ક્રિયાશુદ્ધિ અને ક્રિયારુચિ તો એટલી બધી અદ્‌ભુત હતી કે રાત્રિના જાપ-ધ્યાનમાં સહેજ પ્રમાદ થયો હોય વિસ્મરણ થયું હોય તો એ ફરીથી ચોક્કસ રીતે કરતા, ને એમાં પચ્ચક્‌ખાણ પારવાનું ખાસું મોડું થતું. એકવાર તો એમાં ઠેઠ સૂર્યાસ્તના અડધા કલાક પહેલાં જ પચ્ચક્‌ખાણ પારી વાપરવાનું કરેલું. સો વર્ષની ઉંમર સુધી પણ પ્રતિક્રમણમાં સ્તવન સજઝાય અને પર્યુષણામાં હાલરડું જાતે બોલતા. કેવી અનેરી ક્રિયારુચિ અને પ્રભુભક્તિ વગેરે સાધનાઓ ! રોજ એકાસણાનું પચ્ચક્‌ખાણ પાર્યા પછી દશવૈકાલિક માત્ર બે અધ્યયન નહિ, પણ ચાર અધ્યયનનું પારાયણ કરી જતા. સંયમની ઈર્યાસમિતિ વગેરે અદ્‌ભુત પાળતા. આ બધી સાધનાના યોગે એઓશ્રીનાં દર્શન માત્રથી જીવો ધર્મ પામી જતા. એઓશ્રીના વ્યાખ્યાન વાણી શું કે અંગત ધર્મોપદેશ શું, એનો એમની નાભિમાંથી નાદ ઊઠતો, તેથી શ્રોતા ગદ્‌ગદ થઈ જતા. વિ.સં. ૧૯૯૨માં પાટણમાં એઓશ્રીને આંખના ઓપરેશનમાં તેજ ચાલ્યું ગયું. પછી તો એનાં રોદણાં કે હાયવોય ન કરતાં આત્મિક સાધનામાં વિશેષ સાવધાન બની ગયેલા. ગામે ગામ વિહાર તથા ચોમાસા કરી સંઘો ઉપર ભારે ધર્મોપકાર કરી ગયા. સો વર્ષની ઉંમર વટાવ્યા પછી પણ એઓશ્રી ખૂબ સમાધિપૂર્વક સાધનામાં રક્ત રહેતા, તે લગભગ સ્વર્ગવાસના સમય સુધી સાવધાન હતા. એઓશ્રીનાં જતાં, શ્રમણસંઘમાંથી સૌથી દીર્ઘ વયસ્ક અને દીર્ઘચારિત્રપર્યાયશાલી એક અનન્ય શ્રમણરત્નની અને સૂરિપુરંદરની ન પૂરાય એવી ખોટ પડી છે. હવે સ્વર્ગમાં રહ્યા રહ્યા પણ આપણને એઓશ્રીનું જબરદસ્ત ધર્મ-આલંબન આપે, ધર્મબળ આપે. પવિત્રતમ સદ્‌બુદ્ધિ આપે એમ ઇચ્છીએ છીએ.

૧૦૪ વર્ષની વયના અને ૭૫ વર્ષના ચારિત્રધારી મહાયોગી આચાર્ય પુંગવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજના જ્યોતિપુંજના કેટલાંક કિરણો

વિશ્વની ક્ષિતિજે સમયે સમયે જુદી જુદી વિભૂતિઓનો ઉદય થયા કરે છે. જીવન-ગગન પટે આરોહતાં અનેક વિરલ ગુણોરૂપી જ્યોતિના એ પુંજ બને છે. એમાંથી થોડાં પણ કિરણો આપણે ગ્રહણ કરી આત્મસાત્ કરી લઈએ એ માટે એમના ગુણાનુવાદ ગવાય છે.

વર્તમાન યુગમાં વિરલ ગણાય એવી એક વિભૂતિ તે આચાર્યદેવશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ. યોગીના કુલમાં જન્મ પામેલા અને જનમથી ભોગીલાલ નામ ધરાવતા એ મહાયોગીમાં રૂપાંતર પામી જશે એવી કોને કલ્પના પણ હોય? વિ.સં. ૧૯૩૦ વૈશાખ સુદ ૬ને જનમથી પાવન કરનાર એ એ વખતના રાધનપુરના નગર શ્રેષ્ઠી શ્રી સીરચંદભાઈ મસાલિયાના નાના ભાઈ ઉગરચંદ અને એમના ધર્મપત્ની સુરજબેનના સુપુત્ર થાય. છ ભાઈઓમાં એમનો પાંચમો નંબર પરંતુ એમની ગુણ સંપન્નતા અનેરી તરવરતી.

બાળપણથી પ્રભુભક્તિનો એવો અનેરો રંગ કે જાણે જીવંત પ્રભુ સાક્ષાત્ સામે આવી ગયા હોય એમ એ પ્રભુ સાથે વાત કરતા. રાધનપુરની વિખ્યાત 'જૈન નૃત્ય મંડળી'ના વિકાસમાં એમનો મહત્ત્વનો ફાળો, શાંતિસ્નાત્ર-પ્રતિષ્ઠા વગેરે વિધિઓમાં પણ પ્રવીણ બની એમણે પાલીતાણા, ભાભર, સાતલપુર, સમી, વગેરેમાં પ્રતિષ્ઠા વિધિ કરેલી.

ધર્મ-આરાધના તો એમનું મુખ્ય જીવન બની ગયેલ. પ્રસિદ્ધ ધર્માત્માઓ, કમળશીભાઈ, ભીખાભાઈ, શિવલાલભાઈ અને એ, એમ ચારની જોડી બની ગયેલી. બધા એક સંપથી ધર્મસાધના સાથે જ કરતા.

જગતમાં ખરું આકર્ષણ ધર્મનું ધર્મનિષ્ઠાનું અને સરળમધુર સ્વભાવનું છે. ભાઈશ્રી ભોગીભાઈની ધર્મનિષ્ઠા-ધર્મસ્નેહ તથા દૂધમાં સાકર ભળી જવા જેવો મધુર મુલાયમ અને નિખાલસ સ્વભાવ ભલભલાને આવર્જિત કરી દેતા. એથી શેઠ મનસુખભાઈ ભગુભાઈએ એમને પોતાને ત્યાં પંદર દિવસ રાખેલા, તે પછી પણ જ્યારે શેઠને એમણે કહ્યું કે 'હવે હું ઘેર જઈશ' ત્યારે શેઠ કહે 'શું આ તમારું ઘર નથી ?' શ્રી માધવલાલ દુગડે એમને ખૂબ આગ્રહથી કલકત્તા નોંતરેલા. ત્યારે

એમને સંમેતશિખર વગેરેની યાત્રાઓ પણ થઈ.

આમ આત્મોત્થાન કરે એવા જિનભક્તિ, ધર્મસાધના, ધર્મનિષ્ઠા, મધુર સ્વભાવ, સરળતા, મિલનસારતા વગેરે સદ્ગુણો ઉપરાંત એમની ઉદાર દૃષ્ટિ અદ્ભુત હતી. ભાગ્યે જ કોઈના દોષ તરફ પોતાની નજર લઈ જાય. બીજાના ગુણ જ જોતા. કોઈ બીજાની હલકાઈ ગાતો આવે તો ય એને ન આવકારતાં એ ગુણાનુવાદ જ કરતા. 'બીજાનો દોષ હોય ને આપણે એ કહીએ એમાં શું ખોટું છે ?' પણ એ સમજતા કે પરના દોષ ગાવા. નિંદા કરવી, એમાં આપણે ગુમાવવાનું થાય, નીચગોત્ર કર્મ બંધાય. આપણું હૈયું અને વાણી કાળા થાય. જીવનમાં આગળ વધતાં મોટા આચાર્ય મહારાજ થયા તો ય પરદોષદૃષ્ટિ નહિ, એ કહેતા કે

'ભાઈ ! ખોટનો ધંધો શું કરવા કરવો ? બીજાના દોષ જોવાથી આપણને શું મળવાનું ?'

જીવનમાં ભક્તિ અને વૈરાગ્યરંગે કેવા એમને રંગી દીધેલા કે એકવાર શત્રુંજય મહાતીર્થ ભેટતા એમણે ત્યાં ૧ મહિનો રહી ભવથી છૂટવા ભવપૂજા ય કરેલી. 'ભવપૂજા' એટલે જીવનના સો વરસ એટલે ૩૬,૦૦૦ દિવસ ગણી ભગવાનને ૩૬,૦૦૦ નવાંગીતિલક, ૩૬,૦૦૦ પુષ્પ આરોપણ અને ૩૬-૩૬,૦૦૦ સાથિયા-ફળ-નૈવેદ્યથી પૂજા. એ એમણે વિધિવત્ કરેલ. ચારિત્રજીવનમાં પણ એમણે ત્રણ વખત નવાણું યાત્રા કરેલી. આવા ઉત્તમ આત્મા સંસાર શાનો માંડે ? પરંતુ માત્ર એમની છ વર્ષની ઉંમરમાં માતુશ્રી સુરજદેવીનું અને બાર વર્ષની ઉંમરમાં પિતાશ્રી ઉગરભાઈનું અવસાન થયેલું. તે એક વર્ષ બાદ જ એટલે કે એમની તેર વર્ષની ઉંમરે જ વડીલોના દાક્ષિણ્યથી એમને સૌભાગ્યવતી જયકોર કુમારી સાથે લગ્ન કરવા પડેલા; અને ધંધામાંય જોડાવું પડેલ. છતાં એમનું મન તો ભગવાન જિનેશ્વરદેવની ભક્તિમાં જ લયલીન રહેતું.

રાધનપુર એટલે ભારતમાં એક અલબેલી ધર્મનગરી. ત્યાં મુનિમહારાજો અને સાધ્વીજી મહારાજો અવરનવર સારી સંખ્યામાં વિચરતા રહે, ને 'ધર્મ'નાં વચન વચ્ચે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે,' તેથી સંઘ સુપાત્રદાન, સત્સંગ અને જિનવાણી શ્રવણનો સુવર્ણ લાભ ઉઠાવતો જ રહે. વળી લગભગ પચીસ જિનમંદિરો તેથી સવાર પડી કે નાનાબાળથી માંડી વૃદ્ધો ચૈત્ય-પોષધ-તપસ્યા વગેરે ધર્મપ્રવૃત્તિઓ સકલ સંઘમાં ઝગમગતી દેખાય.

આપણા ભોગીભાઈ આ વાતાવરણમાં ઉછરેલા વૈરાગ્યરંગથી રંગાયેલા રહે એમાં નવાઈ નથી. જીવનમાં ધર્મમયતા આવવાથી જીવને ધર્મ જ ગમે, સંસાર ન

ગમે, સંસાર અકારો લાગે એ સહજ છે. એમાં વળી ભોગીલાલનો પ્રભુભક્તિનો રંગ તો વધ્યે જ જતો હતો તેથી એકવાર એમના મનને થયું કે,-

"ગૃહસ્થ જીવનમાં પ્રભુની ભક્તિ થાય છે તે તો ઘણી અધુરી છે. પૂરી ભક્તિ કરવી હોય તો તે તો જીવ-સંહારમય અને પાપભર્યો સંસારવાસ છોડી પ્રભુએ પ્રબોધેલા સર્વત્યાગના પંથે જવાથી જ થઈ શકે. કેમકે, જેમની ભક્તિ કરીએ છીએ એ પ્રભુ સ્વયં સર્વ જીવોને અભયદાતા છે અને ભવ્ય જીવોના હિતાર્થે એ પ્રભુની આજ્ઞા છે કે 'સર્વે જીવો આપણી જેમ જ સુખના અર્થી છે કોઈને ય દુઃખ ગમતું નથી, પછી ચાહ્ય એ મોટા જીવ હોય કે સૂક્ષ્મ જીવ. તેથી બધા ય જીવોને આપણા આત્મા જેવા જ માનવા, ને કોઈ પણ જીવને દુભવવો નહિ, સૂક્ષ્મ કે બાદર કોઈ પણ જીવની હિંસા કરવી નહી.' આ આજ્ઞાનું પાલન એ પ્રભુની શ્રેષ્ઠ ભક્તિ છે, ને એ સંયમજીવન સિવાય કોઈપણ રીતે શક્ય નથી. માટે મને હવે ક્યારે આ સંયમ જીવન મળે !"

દિનપ્રતિદિન પ્રભુભક્તિ કરતાં કરતાં આ ભાવના પ્રવર્ધમાન થતી ચાલી, ને એ પ્રમાણે જીવનનો રંગ પણ પલટાતો ચાલ્યો; તે એવો કે વડીલ અને સ્નેહિજનોને ય સમજાઈ ગયું કે 'આ હવે સંસારત્યાગ કરવાની ધૂનમાં છે; પણ આવા ગુણસંપન્ન સ્નેહીને કેમ જવા દેવાય ?' ધર્મપત્નીને ય આવા ગુણગણના ભંડાર સમા પતિ પામ્યાનો ભારે સંતોષ હતો તેથી એ પણ પતિના ચારિત્રગ્રહણથી થતા પતિવિરહને સહવા તૈયાર નહિ તેથી એ પણ એમની ભાવનામાં સંમત નહોતી. વળી બધા ય એમના પર વિશેષ આદરમાન બતાવી અનુકૂળ ઉપસર્ગ કરતા. છતાં આમનો વૈરાગ્ય રંગ ક્યાં હળદરિયો હતો ? એ તો તત્ત્વબુદ્ધિના પાયા પર નક્કર વૈરાગ્ય હતો. તે શાનો કાચો પડે ?

છતાં ખૂબી એ થઈ કે બધા એમની સંયમગ્રહણની ભાવનામાં એક વારના પ્રસંગમાં સંમત થઈ ગયા. બન્યું એવું કે એકવાર કુટુંબીજનોના 'હમણાં ઉતાવળ ન કરો, હમણાં દીક્ષાની વાત બોલશો નહિ.' એવા આગ્રહ પર મુમુક્ષુભાવથી રંગાયેલા આ મહાન આત્માએ કહી દીધું કે 'જુઓ, જ્યાંસુધી મને સંયમમાર્ગે જવાની અનુમતિ નહિ મળે ત્યાંસુધી મારે ઘી, ઘઉં અને ચોખાના ત્યાગનો અભિગ્રહ છે.'

બસ, કુટુંબીજનોએ જોયું કે 'આમનો વૈરાગ્ય ઉત્કટ કોટિનો છે, આમને હવે ઘરમાં જકડી રાખવા નકામા છે. મહાન ધર્માત્મા છે એટલે ઘરમાં રહીને ય કુટુંબ તથા ગામને ધર્મનો લાભ તો આપે, પણ સંયમપંથે જઈને તો દેશોદેશમાં ધર્મ પ્રચારશે અને શાસનને અજવાળશે.' એમ વડીલો સંમત થઈ ગયા, અને ધર્મપત્ની

અ.સૌ. જયકોરબેનને બહુ સમજાવતાં, એ પતિભક્તા સન્નારી તો વળી પતિના સંયમમાર્ગે માત્ર અંતરાયભૂત ન થવાના જ નહિ, પણ પતિના પગલે પગલે પોતે ય સંયમ લેવાના નિર્ણયવાળા બની ગયા.

જુઓ કેમના બે થયા ? ના, ના, આ ભાવીના શાસનના સિતારાની વૈરાગ્ય છાયામાં આવ્યા એમના જોડિયા જન્મેલા નાના ભાઈ હરગોવિંદદાસ અને એમના ય ધર્મપત્ની પણ પુણ્યાત્માની સાથે જ ચારિત્રપંથે વિચરવા તૈયાર થઈ ગયા. એક દીવો અનેક દીપક પ્રગટાવે.

દીક્ષા લેવાનું જાહેર થઈ ગયું, અને દોઢ મહિનો લગભગ વાજિંત્રનાદ વગેરે ધામધૂમથી નગરમાં ઘર ઘર પગલાં કરવાનું ચાલ્યું, તે વાયણા વરઘોડામાં સેંકડો માણસ પણ જોડાતું. વિ.સં. ૧૯૫૮ની વૈ.સુ. ૧૫ના ધન્ય દિવસે રાધનપુરનો રંગ અભૂતપૂર્વ બની ગયો. એ દિવસે દીક્ષા વરસીદાનનો વરઘોડો, તે પણ નગરશેઠના જ બે ભાઈ તથા ભોજાઈની દીક્ષાનો, એટલે શું પૂછવું ? રાધનપુરના નવાબ બિસમિલ્લાખાન બાબી બહાદુરે રાજશાહી નવાબી ઠાઠ વરઘોડો શોભાવવા આપીને પોતે પણ વરઘોડામાં સામેલ થયેલ. આસપાસના ગામોમાંથી પણ લોકો ટોળેટોળા બદ્ધ ઊતરી પડેલ. શું જૈન કે જૈનેતર, નગરમાર્ગો એમનાથી ઊભરાઈ ગયેલ અને ધન્યવાદના વરસાદ વરસાવતા. મુસ્લીમ બાઈઓ ય અનુમોદના કરતી 'અરે ! દેખો નગરશેઠ કે લડકે ફકીર હોતે હૈ !' આ ભવ્ય વરઘોડામાં છૂટે હાથે વરસીદાન ઉછાળતા આ મુમુક્ષુ નબીરાઓને જેમણે જોયા પણ હશે, એ કેવા પુણ્યશાળી !

વરઘોડો ઊતરતાં ચિક્કાર માનવમેદની ભર્યા મંડપમાં પ્ર.ત્યાગમૂર્તિ પ્રભાવક મુનિરાજશ્રી જિતવિજયજી દાદાના વરદહસ્તે ભવ્ય દીક્ષાવિધિ થઈ, અને ૨૮ વર્ષના નવલોહિયા યુવાન ભોગીભાઈ સંઘસ્થવિર દાદાશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય મુનિરત્ન શ્રી વિનય વિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભક્તિ વિજયજી બન્યા, હરગોવિંદદાસ મુનિશ્રી હંસવિજયજી બન્યા તથા જયકોરદેવી સાધ્વીજી શ્રી જયશ્રીજી બન્યા. ત્યાં સભામાં મંગળમય ને ગગનભેદી જયજયકારનો નાદ ગાજી ઊઠેલો. કેવો યોગાનુયોગ ! પ્રભુની ભક્તિના રંગીને નામ ભક્તિવિજય મળ્યું, જાણે હવે સાચી પૂર્ણ ભક્તિથી કર્મ અને મોહ પર વિજય પામતા જ રહો. આ દીક્ષાએ રાધનપુરમાં વડબીજ વાવ્યું તે એ પછી એના પર લગભગ ૧૫૦ દીક્ષાઓનો વડલો ઊગ્યો. રાધનપુર ધન્યનગર જાણે એમની દીક્ષાથી દીક્ષાની ખાણ બની ગયું.

સંયમ લીધા પછી પૂ. મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી આચારાંગ

સૂત્રમાં **'जाए सद्धाए निक्खन्तो तमेवाणुपालिज्जा'** અર્થાત્ 'જે શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્યથી સંસારમાંથી નીકળ્યો તેનું બરાબર સંરક્ષણ-સંવર્ધન કર' એ ગણધર વચનના અનુસારે, ગુરુ નિશ્રામાં અધિકાધિક સંવેગ-વૈરાગ્યથી ગ્રહણશિક્ષા-આસેવન-શિક્ષામય (જ્ઞાનોપાસના-સાધ્વાચારાસેવનમય) ચારિત્રજીવનમાં આગળ ધપવા લાગ્યા. પરંતુ ક્રૂર કાળે એમની માત્ર દોઢ વરસની દીક્ષાસ્થિતિમાં જ એમના ગુરુને ઉપાડ્યા ! વરસોના વરસો ગુરુસેવા કરવાના મનોરથ પુણ્યના વિરહે કડડભૂસ થતાં એમને ભારે આઘાત લાગ્યો, પરંતુ દાદા શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના વાત્સલ્યભર્યા આશ્વાસનથી હવે ગુરુવિરહમાં એમણે સંયમસાધનામાં મનનો વેગ ઓર વધારી દીધો.

એક અંતર્મુખ અને આરાધના મસ્ત યોગીને કર્મજનિત આપત્તિઓ શું પાછી પાડી શકે ? અરે ! એ તો સત્ત્વ અને ધૈર્ય, કે જે કેવળજ્ઞાન પમાડનારા શુકલધ્યાન માટે અતિ આવશ્યક છે, એને વધારનારી બને છે. આ મહાન યોગી મુનિ પુંગવ શ્રી ભક્તિવિજયજી મહારાજના જીવનમાં અનેકશઃ આવું બન્યું છે. જેમ (૧) ગુરુવિરહની આપત્તિમાં સાધનાનો વીર્યાચાર વિશેષ ઉલ્લસિત થયો, એમ (૨) વિ.સં. ૧૯૯૨માં પાટણમાં શેઠશ્રી નગીનદાસ કરમચંદ તથા રાધનપુરી શ્રી કમળશીભાઈ વગેરે સેવામાં ઉપસ્થિત અને મુંબઈના આંખના પ્રસિદ્ધ ડૉ. ચીમનાલ શ્રોફે એમની એક આંખે મોતિયાનું ઓપરેશન કર્યું, પણ અશુભના ઉદયે તે નિષ્ફળ જતાં આંખનું તેજ ગયું, પૂર્વે ઝામરમાં એક આંખ ગયેલી, આમ જીવનભર માટે અંધત્વની ઘોર આપત્તિ આવી છતાં જરાય વ્યાકુળતા નહિ. કેમકે એઓશ્રી પ્રસન્નતાથી કહેતા, **'ચામડાની આંખ ભલે ને ગઈ ! મારાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં છે ને ? પછી ચામડાની આંખ ન હોય તો ય શું ? ઊલટું, એ રીતે બાહ્ય જગત સાથેનો સંબંધ ઓછો થવાથી સાધના સારી ચાલશે.'**

(૩) વિ.સં. ૨૦૧૭માં રાધનપુરમાં ગંભીર બીમારી આવેલી, ઉંમરેય ખાસી ૮૭ની. બચવાની આશા નહોતી, વેદના એટલી બધી કે ન સુવાય, ન બેઠા રહેવાય, છતાં એમની સૂરિમંત્રની આરાધના અને બીજી ક્રિયાઓમાં જરાય ચૂક નહિ, કે હાયવોય નહિ, માત્ર પ્રભુનું નામ રટતા. આ જોઈ ડૉક્ટરો કહે 'અમે આવા દરદી જોયા નથી !'

આ મહાત્માની જ્ઞાનોપાસનાને ધન્યવાદ ઘટે છે. કેમકે ઉપર જોયું તેમ ગુરુનો વિરહ દીક્ષા પછી દોઢ વરસમાં જ પડ્યો છતાં, એઓશ્રી જુદા જુદા મહાત્માઓ પાસેથી જિનાગમ-જૈનશાસ્ત્રોનું જ્ઞાન મેળવવામાં ભારે પ્રયત્નશીલ રહેતા. જિનાગમનું વચન એટલે મંત્રાક્ષર સમજી એના પર અથાગ બહુમાનથી એની

યથાસ્થિત આરાધના કરતા પર્યુષણામાં સભામાં કલ્પસૂત્ર વાંચે તે અક્ષરશઃ ઉચ્ચારણ કરીને એને સમજાવે, પછી ભલે ગણધરવાદના દિવસે ઠેઠ સૂર્યાસ્ત થવા આવે. વિ.સં. ૧૯૭૯ના અમદાવાદ કાળુશીની પોળના ચાતુર્માસમાં પર્યુષણમાં આ અનુભવ થયેલો કે પાટ પર સાંજે અંધારું પડવા આવ્યું, તો બહાર છજામાં બેસીને પણ અક્ષરશઃ વાંચી ભા.સુ. ૨નું વ્યાખ્યાન પૂરું કરેલું. આગળ-સૂત્રસ્વાધ્યાયના બહુમાનથી રોજ પચ્ચક્ખાણ પારતાં અંતે દશવૈકાલિકના ૨ અધ્યયનને બદલે ૪ અધ્યયનનું પારાયણ કરી જતા.

તપસ્યામાં દીક્ષા પછી લગભગ ૫૦ વર્ષ એટલે કે ૮૮ વર્ષની ઉંમર સુધી તો રોજ ઓછામાં ઓછું એકાસણું કરતા. એમાં ય કેટલીય વાર ગોચરી આહાર પાણી વાપરવાનો સમય થતાં શિષ્યોની વિનંતી પર કહે 'મારું સ્વાધ્યાયાદિનું કાંઈ પૂરું નથી થયું. તે પૂરું થાય પછી હું વાપરીશ. **ખાઈ-ખાઈને ઘણાંય ભવ બગાડ્યા. આ ભવમાં સાધના પહેલી.'**

સાધનામાં તો મહર્ષિ વિદ્યાસાધકની પરે અપ્રમત રહેતા. વિ.સં. ૧૯૭૦માં ગણિ-પંન્યાસપદે આરૂઢ થયા પછી તો રોજ રાતના બે એક વાગે ઊઠી જતા વર્ધમાન વિદ્યાનો પટ મસ્તીથી ગણતા. સૂરિ બન્યા પછી સૂરિમંત્ર ગણતા. બીજો પણ સ્વાધ્યાય જાપ વગેરેમાં ઠેઠ સવારના પ્રતિક્રમણ સુધી પહોંચી જતા. કદાચ તબીયતની અસ્વસ્થતાએ કાર્ય પૂર્ણ ન થાય તો સવારે પ્રતિક્રમણ-પડિલેહણ પછી એ ચાલુ રહેતું એમાં કેટલીય વાર એકાસણાનો સમય મધ્યાહ્નને ઓળંગી જાય એવું બનતું. એક વાર તો તબીયત વધુ અસ્વસ્થ, તે સૂરિમંત્ર જાપ પૂર્ણ કરતાં કરતાં સૂર્યાસ્ત લગભગ પહોંચી ગયા, ત્યાં સુધી પચ્ચક્ખાણ જ પાર્યું નહિ.

એઓશ્રીના અદ્‌ભુત સદ્‌ગુણો-સાધનાઓ-ધર્મશાસન પ્રભાવકતા વગેરેથી આકર્ષાઈ પૂ. સંઘસ્થવિર આચાર્યદેવ દાદાગુરુ શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાએ વિ.સં. ૧૯૮૯ પો.વ. ૭ના દિને વાસક્ષેપપૂર્વક આદેશ મોકલીને એમને પં. મેરુવિજયજી મ. પાસે ક્રિયા કરાવવા દ્વારા ત્રીજા પરમેષ્ઠી આચાર્યપદે આરૂઢ કરાવ્યા; ત્યારે એમનું નામાભિધાન **આચાર્યશ્રી વિજયભદ્રસૂરિજી** કરવામાં આવ્યું.

પહેલાં મુનિરાજશ્રી અને પછીથી પંન્યાસપ્રવર શ્રી ભક્તિવિજયજી ગણિવરે અને પછીથી આચાર્યદેવશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાએ જગત પર ધર્મોપકાર-ધર્મપ્રભાવના ખૂબ જ કરેલ છે. એઓશ્રીએ અનેક ભવ્યાત્માઓના ઉદ્ધાર કરી ચારિત્રપંથે ચડાવ્યા છે. શ્રીમદ્‌ના શિષ્ય પરિવારમાં લગભગ ૪૫ મહાત્માઓ થયા છે, પૂ. ગચ્છાધિપતિ આચાર્ય મહર્ષિ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાના

શિષ્ય પ્રશિષ્યોમાં સૌથી મોટા શિષ્યરત્ન પૂ. પં. સુંદરવિજયજી મહારાજ અનેક ગામોમાં ધર્મપ્રભાવના કરનારા હતા. એમના શિષ્યરત્ન પૂ. પં. ચરણવિજયજી મહારાજ આજે પણ સુંદર ધર્મપ્રભાવના કરી રહેલ છે. એમણે 'નમસ્કાર મહામંત્ર,' 'મન્હજિણાણં' સજ્ઝાય, વગેરે પર મહાકાય સુંદર ગ્રંથો લખી એમાં ગૃહસ્થોને યોગ્ય શાસ્ત્રીય બોધ ખૂબ ઠાલવ્યો છે. વિવિધ વિષયના પ્રાચીન સુક્તોનો સંગ્રહ પણ સુંદર પ્રગટ કરેલ છે, તેમ જ સ્વયં વિવિધ વિષયના ઉપદેશક સેંકડો દોહરા પણ એમણે રચ્યા છે. પૂજ્યશ્રીના શિષ્યો પૈકી પં. ભાનુવિજયજી મહારાજ ગુરુ જેવા ખૂબ શાંતસ્વભાવી અને દર્શને ધર્મ પમાડનારા હતા. પૂ. મુનિવર્યશ્રી જનક-વિજયજી મ. સુંદર શાસ્ત્રબોધવાળા હતા. એમણે તિથિમાન્યતા પર સુંદર શાસ્ત્રીય અને અકાટ્ય તર્કપૂર્ણ પ્રકાશ પાડનાર પુસ્તક લખેલ. પૂ. મુનિરાજશ્રી ઉમંગવિજયજી મ. સારા તપસ્વી હતા. પૂ. મુનિરાજશ્રી વિલાસવિજયજી મ. મહાન તપસ્વી હતા. એમણે સળંગ ૩૧, ૪૫, ૩૬, ૬૦ અને ૭૦ ઉપવાસોની અતિ ઉગ્ર તપસ્યાઓ કરી મહાન શાસન પ્રભાવનાનું નિમિત્ત બનેલા. એમના શિષ્ય પૂ. આ. શ્રી વિજય ઓંકારસૂરીશ્વરજી મહારાજ પૂ. ગચ્છાધિપતિ આચાર્ય મહર્ષિની ઠેઠ સુધી પ્રધાનપણે સેવામાં રહેલા છે. એમણે પૂજ્યશ્રીની જીવંત અવસ્થામાં જન્મશતાબ્દીની રાધનપુરમાં અને વાવમાં ભવ્ય ઉજવણીનું સંઘને સુંદર માર્ગદર્શન કરેલ, અને 'વિજય ભદ્રસૂરીશ્વરજી જન્મ શતાબ્દી સમારોહ ગ્રંથ'ના પ્રેરક બનેલ. આ ગ્રંથ વાંચતાં પૂ. આચાર્ય મહર્ષિના અલૌકિક જીવન અને લોકોત્તર ગુણો તથા અદ્‌ભુત સાધનાઓનો ખ્યાલ આવવા સાથે જિનાજ્ઞા પર માન પ્રગટી ભારે સંવેગ-વૈરાગ્ય પેદા થાય છે, જિનશાસનની મહાન બલિહારી ભાસે છે. ગ્રંથનું સંપાદન એમના શિષ્ય પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજે સુંદર કરેલ છે.

પૂ. આચાર્ય મહર્ષિએ અનેકાનેક નારીરત્નોને દીક્ષા આપેલી, જેનો વિસ્તૃત અહેવાલ જન્મશતાબ્દી ગ્રંથમાં અપાયેલ છે.

આ પુણ્ય શ્લોક પ્રાતઃસ્મરણીય સૂરિમહર્ષિએ રાધનપુર, જુના ડીસા, અમદાવાદ, ઝીંઝુવાડા, જોટાણા, ઉંબરી, વલભીપુર, પાટણ, વાવ, સરિયદ, સમી વગેરે જ્યાં જ્યાં ચાતુર્માસ કરેલાં, ત્યાં ત્યાં તપસ્યાઓ, સમૂહ-ધર્માનુષ્ઠાનો, પોષધ-પ્રતિક્રમણ-સામાયિક-જિનભક્તિ આદિ ધર્મારાધનાઓ, સાધર્મિકભક્તિ, જિનેન્દ્ર ભક્તિ મહોત્સવો વગેરે ધર્મપ્રભાવના એટલી સુંદર થયેલી કે આજે વર્ષો પછી પણ લોકો યાદ કરે છે કે 'વર્તમાન કાળે ચોથા આરાની વાનગી જેવા કેવા પૂ. પં. ભક્તિવિજયજી મહારાજ ! કેવા પૂ. આચાર્ય ભગવંત વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ અમને મળી ગયા !' 'ખરેખર પૂજ્યશ્રીની નિશ્રામાં વિતાવેલો સમય તો સુવર્ણ

સમય હતો, જાણે ચોથો આરો વર્તાતો હોય !' 'નાના બચ્ચાથી માંડીને ઘરડા સુધીના તમામને પૂજ્યશ્રી એટલે અમારા મહારાજ.' '૧૫-૧૬ વર્ષનાં વહાણાં વાયાં છતાં પૂજ્યશ્રીના ચોમાસાને ભૂલી શકતા નથી.' 'પુણ્યશાળીને પગલે નિધાન'ની જેમ પૂજ્યશ્રી જ્યાં જાય ત્યાં મંગળમય આરાધનાનું વાતાવરણ જામી જાય છે.' લોકોની ધારણામાં નહિ એવું અદ્‌ભુત ચોમાસું થયું... નવકારશી ય નહી કરનારે અઠ્ઠાઈ કરવા મંડ્યા... પર્યુષણ વ્યાખ્યાનમાં રોજ ૩-૪ પ્રભાવનાઓ... ૫૧ જીવો વગેરે સાથે વરઘોડો... 'યુવાનો સારો લાભ લેતા' 'ગામ નાનું...આખું ચોમાસુ ઉત્સવમય,' 'નાના ગામમાં ૪૦ જેટલા સોળભત્તાં, અઠ્ઠાઈ આદિનો કોઈ પાર નહિ.'

તાત્પર્ય, પવિત્રનામધેય પૂજ્યપાદશ્રી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં ધર્મની રેલમછેલ થયેલ. એઓશ્રીની નિશ્રામાં આશરે ૧૩ ઉપધાન, ૧૬ ઉજમણા અને ૨૪ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયેલ, તથા ૨૦ છ'રી' પાળતી સંઘ યાત્રાઓ નીકળેલ. બધે ય ધર્મની જાહોજલાલી પ્રવર્તેલી. અમદાવાદમાં વિ.સં. ૨૦૩૦માં દુષ્કાળ પીડિતોની રાહત માટે પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે પૂ. આ. શ્રી ઓંકારસૂરિજી મહારાજના ઉપદેશથી લગભગ સવા લાખ રૂા. નું ભંડોળ એકત્રિત થયેલ. રાધનપુરમાં વિ.સં. ૨૦૨૮માં પૂરપીડિતો માટે જૈનોએ રાહત-છાવણી ખોલેલી. અમદાવાદમાં કાળુશીની પોળના વિ.સં. ૧૯૭૯ના ચાતુર્માસમાં એઓશ્રીએ જે ધર્મરંગ રેલાવ્યો એ એટલો અદ્‌ભુત હતો કે એઓશ્રીની મધુરી જિનવાણી સાંભળવા આસપાસ કેટલેય દૂરથી લોકો લાભ લેવા આવતા, પોળવાળા તો એઓશ્રીની પાછળ ગાંડા ને ઘેલા જેવા જ બની ગયેલા, ઘણી ધર્મપ્રભાવના થયેલી તે પછી આજ સુધી ત્યાં એવું ચોમાસું થયું નથી. ઉંબરીના જૈનોના માત્ર ૨૦ ઘર છતાં ચોમાસામાં કહે છે ૧૪ હજાર તો શ્રીફળો વહેંચાયેલ. પાર વિનાની તપશ્ચર્યા થયેલી. બહારથી વંદનાદિ માટે લોકપ્રવાહ ચાલુ. એમની ભક્તિ માટે એમને વેવાઈ કરતાં ય વધુ ખેંચતાણ કરીને પોતાને ઘેર લઈ જાય. જુના ડીસામાં ૧૨ ચોમાસા બતાવે છે કે પૂ. આચાર્યદેવશ્રી પ્રત્યે કેટલો બધો ભક્તિ અને આદરભાવ ! ત્યાં ત્રણ વાર ઉપધાન થયેલ, બે વાર સંઘ નીકળેલ. પાલીતાણાના ત્રણ ચોમાસામાં બહારથી ઘણા ભક્તોએ આવી ત્યાં રહીને લાભ લીધેલ. એમાં છેલ્લા ૨૦૨૮ના ચોમાસામાં ૪૫-૪૧-૩૦ વગેરે કેટલીય ધૂમ તપસ્યાઓ, ૧૫ સંઘપૂજનો, મહાપૂજન, રોજ પ્રભાવના વગેરે શાસન પ્રભાવનાનાં ઘણાં કાર્ય થયેલ. પાટણના ચોમાસામાં નગીનભાઈ પોષધશાળાને નવેસરથી નિર્માણનો ઉપદેશ આપતાં સંઘ રાતના ટીપ કરવા બેઠો. આંકડા બરાબર ન નોંધાતાં વયોવૃદ્ધ પૂ. આચાર્યદેવશ્રીએ મધુર વચને કહ્યું 'આમાં કાંઈ કામ ન થાય, તમે વિચાર કરો હું માળા ગણું છું.' બસ, પૂજ્યપાદશ્રી માળા ગણતા જ રહ્યા, બાર વાગ્યા છતાં

ન માળા પૂરી થઈ કે ન વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી આરામ કરવા ગયા; એ પુણ્ય પ્રભાવે પછી તો ટપોટપ મોટા આંકડા મંડાઈ ગયા.

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી ભીલડિયાજી પ્રાચીન તીર્થના જીર્ણોદ્ધાર થઈ ભવ્ય જિનાલયનું નવનિર્માણ થયું. વિ.સં. ૨૦૨૭માં એની પ્રતિષ્ઠા એવી જાહોજલાલીથી ઉજવાઈ કે તે જોનારને વર્ષો સુધી ન ભૂલાય. મંડપો રચનાઓ, તંબુઓ રોશની વગેરેથી એક વિશાળ નગર જેવો ઠાઠ બનેલ. હજારો માણસોને ય જરાય તકલીફ ન પડે એ માટે જુના ડીસા સંઘે અદ્‌ભુત વ્યવસ્થા રાખેલી.

બીજી પણ પાંથાવાડા, આલવાડા, ગટાંબડી, સુઈગામ, ભરડવા, વાવ, તેરવાડા વગેરેમાં પ્રતિષ્ઠાઓની જાહોજલાલી અવનવી થયેલી.

પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી નવપદ આરાધક સમાજ તરફથી ત્રણ વાર નવપદ ઓળીઓ પણ ખૂબ ઠાઠથી ઉજવાયેલી.

આ બધામાં પૂજ્યશ્રીની સંયમસાધના, જિનાજ્ઞાપર અથાગ પ્રેમ, ક્રિયાચુસ્તતા, તથા સહિષ્ણુતાદિ મહાન ગુણો કામ કરી રહેલ હતા. સહિષ્ણુતા કેટલી ગજબની કે દા.ત. રાજકોટમાં દેરાસર જવા માટે ઉપાશ્રય સીડી ઉતરતાં એક પગથિયું ગણવામાં ભૂલતાં એઓશ્રી પડી ગયા, ૮૫ વર્ષની વયે પગના થાપાના હાડકામાં ફેક્ચર થયું. વેદના અપાર હતી, છતાં પૂજ્યશ્રી કહે પહેલાં મને દેરાસર લઈ જાઓ. તે દેરાસર જઈ પોતાની પ્રભુભક્તિ મસ્તીથી કરી ભગવાન મળ્યા એટલે ભક્ત બધું ભૂલી ગયા. પછી એમને ઉપાશ્રયે લાવી ઉપચાર શરૂ થયા. એ બધામાં ક્યાંય ઓય નહિ વોય નહિ; માત્ર 'નમો અરિહંતાણ'નું રટણ ! બે મહિને આરામ થયો.

ગમે તેવી બીમારી વેદના કે અશક્તિમાન પૂજ્યશ્રીને પૂછવામાં આવે 'સાહેબજી શાતા છે ને ?' તો એઓશ્રીનો એકજ ઉત્તર **'આ માર્ગ જ શાતાનો છે. ભગવાનના ચિંધેલા માર્ગે અશાતા હોય જ ક્યાંથી ?'**

શારીરિક પીડાઓ એમને કદી દુઃખનું ભાન કરાવી શકી નથી. **'દેહ ઔદારિક દુઃખનો દરિયો' 'શરીરં વ્યાધિમંદિરમ્'** આ બંને એઓશ્રીના પ્રિય સૂત્રો; પરંતુ સાથે કહેતા, - "ભાઈ ! વ્યાધિનું ઘર છતાં ય આ શરીર મોક્ષ માટેની આરાધના અર્થે અનુકૂળ હોવાથી એની સાચવણી કરવી પડે છે."

આ સાલ એટલે કે વિ.સં. ૨૦૩૩માં વૈ.સુ. ૬ એઓશ્રી ૧૦૩ વર્ષની ઉંમર વટાવી ૧૦૪મા વર્ષમાં પ્રવેશ કરેલ. છતાં ૭૫ વર્ષના ચારિત્રજીવનમાં નિર્મળ બ્રહ્મચર્ય વિશુદ્ધ સંયમ, ૫૦ વર્ષ સતત એકાસણાં, આહાર-રસ પર પાકો

અંકુશ અને એથી વિશેષ ચિત્તમાં ઊછળતી જિનભક્તિ, વિશ્વવાત્સલ્ય, સમતાભાવ વગેરેથી સ્વાસ્થ્ય પોતાની સાધનાને અનુકૂળ ચાલતું હતું. સ્વપ્નેય કલ્પના નહોતી કે તરતમાં જીવનદીપક બુઝાઈ જાય. તેથીસ્તો વર્ષોથી પોતાની નિકટ સેવામાં રહેનાર આ.શ્રી વિજય ઓંકારસૂરિજી મ. ને બહાર પ્રતિષ્ઠા પર મોકલેલા. પણ તૂટીની બૂટી નહિ, જેઠ સુદ ૭ અસ્વસ્થતા લાગી તરત ઓંકારસૂરિજી મહારાજને ખબર પહોંચાડવામાં આવ્યા. એઓશ્રી આવી પહોંચે એના થોડા જ કલાક પહેલાં જેઠ સુદ આઠમ સાંજના શાસનનો આ મહાન તેજસ્વી સિતારો આથમી ગયો. ડીસા સંઘને અને આ સમાચાર રેડિયોથી પ્રસારિત થતાં ગામેગામના સંઘોને વજ્રઘાતશો આઘાત લાગ્યો. જ્યાં જ્યાં જે સાધન મળ્યું ત્યાં ત્યાંથી માનવ મહેરામણ પૂજ્યશ્રીના પાર્થિવ દેહના અંતિમ દર્શનાર્થે ઉમટી પડ્યો. કહે છે સ્મશાન યાત્રામાં એક લાખ લગભગ માણસ હશે. અંતિમ સંસ્કાર વિધિ આદિમાં રૂા. બે લાખ જેવી ઉપજ થઈ.

રાધનપુરમાં જન્મશતાબ્દી મહોત્સવ :

પૂજ્યશ્રી આચાર્યમહર્ષિને વિ.સં. ૨૦૨૯માં વૈ.સુ. ૬ ૧૦૦મું વર્ષ ચાલુ થતું હોઈ રાધનપુર સંઘે ભવ્ય શતાબ્દી મહોત્સવ ઉજવવા નિર્ણય કર્યો. પૂ. ગુરુદેવશ્રીને પાલીતાણા જઈ વિનંતી કરી અને પૂજ્યશ્રી વિહાર કરી રાધનપુર પધાર્યા. સુદ ૫ ભવ્ય સ્વાગતયાત્રા નીકળી. સુદ ૬ પૂજ્યમહર્ષિના ગુણાનુવાદની સભામાં ગેપ્યુ. કલેકટર પણ આવેલા. રાધનપુર સંઘ જ નહિ પણ સમસ્ત નાગરિકોના આ અનુપમ નરરત્ન હતા, મહર્ષિ હતા. તેથી ગુણાનુવાદ અલૌકિક થયા. મહોત્સવમાં મહાપૂજનો વગેરે ઠાઠથી ઉજવાયું.

વાવનો જન્મશતાબ્દી મહોત્સવ :

વિ.સં. ૨૦૩૦ના વૈ.સુ. ૫ ના દિન પૂજ્યશ્રી ૧૦૧ માં વર્ષમાં પ્રવેશ કરવાના હતા તેથી તથા વૈ.સુ.૧૦ ના દિને શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવંત આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા નિમિત્તે વાવના સંઘે એક મોટો મહોત્સવ ઉજવ્યો હતો.

જેમાં ૧૦૮ છોડનું ઉજમણું હતું. ચૈત્ર વ. ૧૧ ના પૂજ્યશ્રીના પ્રવેશ દિવસે ૧૦૧ ગહુંલીઓ, ૧૦૧ કમાનો તથા તોરણો-કમાન પર સોના-ચાંદીના વાસણો ટાંગેલ હતા. બેડાવાળી ૧૦૦ કુમારિકાઓ વરઘોડામાં સામેલ હતી.

આ પ્રસંગે પધારેલ ૧૦ હજાર જેટલા સાધર્મિકોની વાવના સંઘે જે ભક્તિ કરી હતી તે અનુપમ હતી. મહોત્સવના દશેય દિવસોમાં ગામના સાધર્મિકો સહિત મહેમાનોની ત્રણેય ટાઈમ ખૂબ જ સુંદર રીતે ભક્તિ કરવામાં આવી હતી.

ગુરુદેવના જન્મદિન નિમિત્તે તેઓશ્રીની ગુણાનુવાદ સભામાં પૂ. આ. શ્રી વિજય ઓંકારસૂરીશ્વરજી મહારાજા તથા અન્ય મુનિવરોએ અને બીજા ઘણા વક્તાઓએ ગુરુદેવના ગુણાનુવાદ ગાયા હતા. સભાને અંતે સંઘપૂજન થયેલ. વળી ૧૦૧માં વર્ષમાં પ્રવેશતા પૂજ્યશ્રીને ઓઘો વહોરાવવાનો લાભ મહેતા કાનજીભાઈ મગનલાલે અને કામળી વહોરાવવાનો લાભ વોરા મગનલાલ મોતીલાલભાઈએ લીધેલ.

વાવનો આ ઉત્સવ જેણે જેણે જોયો છે, તે વર્ષો સુધી એને ભૂલી નહિ શકે. વાવનો યુવાન વર્ગ તો ચોવીશે ય કલાક સેવામાં હાજર રહેતો. પ્રભુભક્તિમાં પણ દાંડીયા રાસ વગેરેથી અભૂતપૂર્વ જમાવટ તેઓ કરતા.

પૂ. આચાર્ય મહર્ષિશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજની ૧૦૦ વર્ષની ઉંમરે ઉજવાયેલ જન્મશતાબ્દી પ્રસંગે પ્રાપ્ત કેટલાક હૃદયોદ્‌ગાર

● સો વર્ષ જેટલું લાંબુ આયુષ્ય ધરાવતાં છતાં અને સાત દાયકા જેટલા દીર્ઘસંયમને પાળતાં છતાં સ્વસ્થતાપૂર્વક જીવન વીતાવી રહ્યા છે, તેનું રહસ્ય તેઓશ્રીની દીર્ઘકાલીન સાધના છે.

- પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા

● પૂર્ણચંદ્રના પ્રકાશથી જેમ સાગરમાં તરંગોની હારમાળા સર્જાય છે. તેમ પૂજનીય મહાપુરુષોનાં દર્શનથી હૈયાં હેલે ચઢે છે.

પ. પૂ. બાલબ્રહ્મચારી ગુરુદેવશ્રી બુદ્ધિવિજયજી મહારાજાએ કાળધર્મ પામતી વખતે ભાભરના સંઘને અને સાધુ-સમુદાયને ભલામણ કરી કે 'પંન્યાસજીને આચાર્ય પદની વિભૂષિત કરજો. આચાર્યપદ પ્રદાન માટે આપણા સમુદાયના મહાન ઉપકારી પ. પૂ. આ. વિ. ભદ્રસૂરીશ્વરજી મહારાજાનો આજ્ઞા પત્ર અને વાસક્ષેપ મંગાવજો.' એ જ પ્રમાણે પૂજ્યશ્રીએ ઉદારતા કરી વાસક્ષેપ મોકલી પં. મેરુવિજયજી મ. પાસે સૂરિપદ કરાવ્યું.

- પૂ. પં. શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ

● મહાવીર પરમાત્માના શાસનમાં શતાયુષી અને દીર્ઘસંયમી જે અલ્પ મહાન જૈનાચાર્યો થયા છે તેમાં વર્તમાનકાલે શ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ આવે છે.

નામ પ્રમાણે તેઓશ્રીની ભદ્રિકતા, સંયમિતા, અપ્રમત્તતા, આરાધકતા અને

શાંતમૂર્તિતા જોઈને ઘણું બહુમાન ઉત્પન્ન થયું.

- પૂ. જંબુવિજયજી મહારાજ

● પૂજ્યશ્રી સમુદ્ર જેવા છે, હું કાંઠે ઊભેલ સામાન્ય માનવ છું. રત્નાકરના અગણિત ગુણોને હું કેવી રીતે વર્ણવી શકું ? છેલ્લા ૩૫ વર્ષોથી હું તેઓશ્રીની નિશ્રામાં જ રહ્યો છું. કેટકેટલા પ્રસંગો બની ગયા. એક પ્રસંગે મારી ગફલત થઈ. પગથીયા આવ્યા તે કહેવાનું ભૂલી ગયો અને પૂજ્યશ્રી ત્રણેક ફૂટ ઊંચેથી પછડાયા સદ્‌ભાગ્યે ખાસ વાગ્યું નહીં પણ થોડું છોલાયું. છતાં તેઓશ્રીના ચહેરા પર એ જ શાંતિ હતી. ધીરેથી બોલ્યા, 'ભાઈ ! તારે ખ્યાલ રાખવો જોઈતો'તો હતો !' આવા તો ઘણા પ્રસંગોમાં કરુણામયની દિવ્ય કરુણાનાં જ દર્શન થયાં છે.

- પૂ. મુ. શ્રી અરવિંદવિજયજી મહારાજ

● પૂજ્યશ્રીએ જુના ડીસામાં પગલા માંડ્યા ત્યારથી ગામમાં ધર્મની વૃદ્ધિ જ થયા કરી છે. શ્રીમદ્‌નો ત્યાગ-વૈરાગ્ય જોઈને અનેક આત્માઓએ સંયમનો સ્વીકાર કર્યો છે.

તેઓશ્રી સ્વપ્નમાં પણ પ્રભુ જોડે વાત કરતા હોય છે. એકવાર તેમણે કહ્યું કે સ્વપ્નમાં મેં આવું દેખ્યું હતું. "રાધનપુરથી ભોંયરા શેરીમાં હું અજિતનાથ ભગવાનના દેરાસરે દર્શન કરવા ગયેલો. ચૈત્યવંદન આદિ કર્યા બાદ બહાર નીકળતો હતો ત્યારે ભગવાને મને બોલાવ્યો. કહ્યું, 'તારે મારી સાથે આવવું છે ?' મેં કહ્યું, 'ક્યાં ?' ભગવાન- 'જ્યાં હું જાઉં છું ત્યાં.' મેં હા પાડી. ભગવાન- 'તને બીક નહિ લાગે ?' મેં કહ્યું, 'તમે સાથે છો પછી શેનો ભય ?' પછી પ્રભુની આંગળી પકડીને ઠેઠ ભોંયરાશેરીના દરવાજા સુધી હું આવ્યો."

પ્રતિજ્ઞા પાલનમાં પણ તેઓ અડગ છે. એકવાર તેઓશ્રીને તાવ આવેલો. ચૌદસનો ઉપવાસ કર્યો. અમાવાસ્યાના દિવસે સૂરિમંત્ર ઠેઠ બપોરના ચાર વાગે ગણવાનું પૂરું થયું. ત્યાં સુધી પચ્ચક્‌ખાણ ન પાર્યું !

- પૂ. મુ. શ્રી જયાનંદવિજયજી મહારાજ

● તેઓશ્રીની પુણ્યમયી હાજરી જ સંખ્યાબંધ આત્માઓ માટે શાતા પ્રેરક બની રહી છે. તેઓશ્રીનું હાર્દિક ઔદાર્ય, માનવીય હૃદય કેટલું વિશાળ બની શકે છે, તેના માપદંડરૂપ લાગે છે. નાનકડું હૃદય અને તેમાં કેટલો બધો પ્રેમ સમાઈ શકે છે ! જાણે ગાગરમાં સાગર ! જે જે લોકો સમીપમાં આવ્યા તે બધા ય તેઓની પ્રેમધારાથી ભીંજાયા.

- પૂ. મુ. શ્રી યશોવિજયજી મહારાજ

• પૂજ્યશ્રીનો દરેક વ્યક્તિને ઊડીને આંખે વળગે તેવો ગુણ ક્રિયારુચિપણાનો છે. આખોય દિવસ કાં તો નવકારવાળી ગણતા હોય અથવા મંત્રો ગણતા હોય, સ્તોત્રો ગણતા હોય. આવશ્યક ક્રિયા જે બહુમાનપૂર્વક તેઓશ્રી કરે છે તે જોઈ અમારા જેવા પ્રમાદી સાધકને પ્રેરણા મળે છે.

પાક્ષિક પ્રતિક્રમણમાં 'સકલાર્હત્'નું ચૈત્યવંદન ૧૦૧ વર્ષની વયે પણ સુંદર અને અસ્ખલિતપણે બોલી શકે છે.

- પૂ. મુ. શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ

• ભયંકર શારીરિક દુઃખો વચ્ચે પણ મુખ પર સમતાની જ ઝલક જોવા મળે છે. એમની સમતાનો એકાદ અંશ પણ આવી જાય તો કેવું સારું ?

• પૂજ્યશ્રીને પૂછીએ, શાતામાં છો ને ? કહે, જિનેશ્વર ભગવાનનો આ માર્ગ જ એવો છે કે એમાં કદી અસાતા આવે જ નહિ.

• રાજાની દૃષ્ટિ રંક પર પડતાં રંકનું દરિદ્રપણું મટી જાય તેમ ગુરુદેવે મને સંયમનું ધન સમર્પી મારા દુઃખોને ટાળી દીધાં છે.

• સાધુતાની સૌરભ પૂજ્યશ્રીની નિશ્રા તથા એમનાં દર્શન દ્વારા સહેલાઈથી મળી શકે તેમ છે.

• મોટી વયે દીક્ષા લીધા પછી જ્ઞાન મેળવી શકીશ એવી આશા ન હતી. છતાં પૂજ્યશ્રીનાં આશીર્વાદથી પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ અને સંસ્કૃતનો યત્કિંચિત અભ્યાસ કરી શક્યો. તેઓશ્રીની કૃપાથી મોટી ઉંમરે પણ ત્યાગના માર્ગે હું ડગ માંડી શક્યો.

- પૂ. મુ. શ્રી જિનચંદ્રવિજયજી મહારાજ

પૂજ્યશ્રીના જન્મશતાબ્દિ સમારોહ ગ્રંથમાંની કેટલીક ભાવાંજલિઓ.

અમારા એ દાદા : પૂજ્યપાદશ્રી આમ તો સંઘસ્થવિર હોવાથી સહુના 'દાદા' છે, પરંતુ અમારા તો તેઓ કૌટુંબિક રીતે પણ દાદા છે.

અમારા કુળનું નામ તેમણે સાર્થક કરી બતાવ્યું. પૂજ્યશ્રી આખા સમાજ માટે 'મશાલ' જેવા પ્રકાશદાતા બનીને ખરેખર 'મશાલીયા' બની રહ્યા.

- રમણિકલાલ પ્રેમચંદ મશાલિયા

રત્નત્રયીના અનુપમ દાતા : અમારા કુટુંબમાં ધર્મબીજનું વાવેતર પૂજ્યશ્રીએ કર્યું છે. એ બીજ ખૂબ જ ફાલ્યું ફૂલ્યું. જેના પરિણામ રૂપે અમારા કુટુંબમાંથી અમારા માતુશ્રી-બહેનો વેગેરે પૂજ્યશ્રીના વરદ હસ્તે ચારિત્ર રત્નનો સ્વીકાર કર્યો

અને આજે પણ એ બધાં પૂજ્યશ્રીની નિશ્રામાં રત્નત્રયીની સુંદર રીતે સાધના કરી રહ્યા છે.

- લલિતકુમાર મુક્તિલાલ, રમેશચંદ્ર મુક્તિલાલ

ઉપકારક ગુરુદેવ : અમારા કુટુંબ પર પૂજ્યશ્રીનો અવર્ણનીય ઉપકાર છે. કેટલા બધા ભાગ્યશાળીઓને પૂજ્યશ્રીએ અમારા કુટુંબમાંથી દીક્ષિત કર્યા છે !

અમારા કુટુંબમાં જે ધર્મ સંસ્કારની ઝલક છે, તે બધી જ પૂજ્યશ્રીની કૃપાને આભારી છે.

- ભાઈલાલ ઈશ્વરલાલ, કાંતિલાલ ઈશ્વરલાલ

કામ-કષાય વિજેતા : માયાના બંધન કેમ તોડી શકાય તે પૂજ્યશ્રીએ યુવાનીમાં સંયમ ગ્રહીને બતાવ્યું છે અને કષાયોને કેમ ખાળી શકાય તે તોઓશ્રીએ આચરણ દ્વારા દર્શાવ્યું છે.

- અંબાશંકર ઉપાધ્યાય પાલીતાણા

એ ઉપકારી ! એ ઉપકાર તમારો કદીય ન વિસરે : અમારા પિતાશ્રી અમને કહેતા કે, તેમના જીવનમાં તેમને ધર્મનો માર્ગ બતાવનાર પૂજ્ય ગુરુદેવ જ હતા. અને તેથી અમારા પિતાશ્રી ડગલે ને પગલે પૂજ્યશ્રીને પૂછીને જ બધા કાર્યો કરતાં. આખું જીવન જ તેમણે પૂજ્યશ્રીના ચરણમાં સમર્પી દીધું હતું. એમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.

જીવનના અંત સમયે પણ તેઓએ યાદ કર્યા હોય તો માત્ર ગુરુદેવને જ ! જતાં જતાં અમને પણ ભલામણ કરતા ગયા કે, આ પૂજ્ય ગુરુદેવનો આપણા પર મહાન ઉપકાર છે, માટે તેઓશ્રીની ભક્તિ કરવાનું કદીય ભૂલશો નહીં.

- રમણીકલાલ નરપતલાલ વડેચા, જયંતીલાલ નરપતલાલ વડેચા

પ્રણમું પ્રેમથી પાય : પૂજ્યપાદશ્રીના પવિત્ર સત્સંગથી ધર્મારાધનાનાં કાર્યો... જેવા કે ઓળી કરાવવાનો, ગૃહમંદિર બનાવવાનો, પૂજ્યપાદશ્રીનાં નામે જ્ઞાનમંદિર બંધાવવાનો, વ્યાખ્યાન હોલ બંધાવવાનો, ઇત્યાદિનો લાભ અમને મહાન પુણ્યોદયે મળ્યો છે.

આવી અદ્‌ભુત ધર્મારાધનાની પ્રેરણા કરનાર એ ઉપકારી પુણ્ય પુરુષનું સ્મરણ માત્ર પાપનાશક બની રહે છે.

- શેઠ બાબુલાલ લક્ષ્મીચંદ, શેઠ જયંતીલાલ લક્ષ્મીચંદ, શેઠ રમેશચંદ્ર લક્ષ્મીચંદ

સાધના માર્ગના સાધક : પૂજ્યપાદશ્રી...નાં જીવનનાં બધા જ કાર્યોને એક જ શબ્દમાં વર્ણવવા હોય તો એના માટે 'સાધના' શબ્દ જ બરોબર કહેવાય.

પ્રદીર્ઘતર એ સાધનાના માર્ગમાં ઘણા બધા વિઘ્નો આવી ગયા.

મહા ગુરુવર ચાલ્યા ગયા...

જુના ડીસા : ૨૭મી મે'૭૭ની સવાર દુઃખદ સમાચારોને આણનારી બની. સમાચાર શું આવ્યા, વીજળી પડી જાણે ! જે જે ભક્તજનોએ રેડિયો, તાર કે ટેલીફોન દ્વારા જાણ્યું કે પૂજ્યપાદ સંઘસ્થવિર **આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા** જુના ડીસામાં પરોઢિયે ૫-૨૫ વાગે કાળધર્મ પામ્યા છે. એ લોકોના હૃદયોએ તીવ્ર આંચકો અનુભવ્યો. ગુરુદેવ આપણને છોડીને ચાલ્યા ગયા ? 'અરે ! બે દિવસ પહેલાં તો તેમના પવિત્ર હસ્તે વાસક્ષેપ નંખાવ્યો છે, હજી પરમ દિવસે તો તેઓશ્રીના પવિત્ર મુખે, ધર્મલાભની આશિષ પામ્યા છીએ, અને આજે મહાગુરુજી ગયા ?'

કાળધર્મના સમાચાર પ્રસારિત થતાં જ ભક્તજનો અંતિમ દર્શન કરવા તથા અંતિમ યાત્રામાં ભાગ લેવા માટે જે સાધન મળ્યું એ લઈને દોડી આવ્યા. ૨૭ મીની બપોરથી શરૂ થયેલો એ ભક્તોના આગમનનો પ્રવાહ, ૨૮મીની બપોર અગ્નિ સંસ્કારના સમય સુધી અવિરત ચાલતો રહ્યો. જુના ડીસામાં ચારે બાજુ લોક પથરાઈ ગયેલું. કહે છે સ્મશાન યાત્રામાં લાખેક માણસ હશે.

૨૮ મીની સવારે નવ વાગ્યે પૂજનકરી ગુરુદેવશ્રીના પાર્થિવ દેહને પાલખીમાં પધરાવવામાં આવ્યો. પછી 'જય જય નંદા, જય જય ભદ્દા,'ની બુલંદ ઘોષણા, ભક્તોની વીર ધૂનો, બેન્ડ પાર્ટીઓના મૃદુ સ્વરો અને અફાટ માનવ મહેરામણ સાથે પાલખીને લઈને અંતિમ યાત્રા રવાના થઈ. ગલીએ ગલીએ ઉદાસ ચેહરે ટોળે ટોળા લોકો બોલતા, 'કળીયુગમાં જેમના દર્શનથી પાપ ધોવાઈ જતા એવા પુણ્યશ્લોક પુરુષનું દર્શન હવે ફરી નહિ મળે !'

અઢી કલાક સુધી ગામમાં ફરેલ એ સ્મશાન યાત્રા ૧૧॥ વાગે હાઈસ્કૂલની પાસેના મેદાનમાં આવી પહોંચી. જુના ડીસાના અગ્રણીઓના શ્રદ્ધાંજલિ પ્રવચનો પછી અગ્નિ સંસ્કાર થયો. ને એક પવિત્રતમ પાર્થિવ દેહ ભસ્મીભૂત થઈ ગયો. શું ધાર્યું હોય છે અને શું થઈ જતું હોય છે ? હજુ તો ગઈ વૈ. વદ ૧૨ જુના ડીસાના સંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે વિનંતી કરેલ અને તે પૂજ્યશ્રી દ્વારા સ્વીકારતાં લોકો હર્ષિત થઈ ગયેલા કે મહાન ધર્મનાયક અને સમગ્ર જૈન સંઘમાં વય અને

દીક્ષા પર્યાયથી અગ્રણી એવા આ મહાન ગુરુદેવની અધ્યક્ષતામાં રૂડી પેરે ચાતુર્માસિક આરાધના કરીશું. ત્યાં જ વજ્રઘાત સમો આ બનાવ બનતાં હર્ષ શોકમાં પલટાઈ ગયો.

જેઠ સુદી ૮ (૨૬મી) ની સાંજે પ્રતિક્રમણ જે શુદ્ધિપૂર્વક કર્યું અને પાછલી રાતના ૪-૪॥ સુધી જે સ્પષ્ટતાથી વાતચીત કરી એ જોતાં કોઈને ય લાગતું ન હતું કે પાંચ ને પચીસ મિનિટે પૂજ્યશ્રી ચાલ્યા જશે ! સમાધિ કેવી ? મૃત્યુની થોડી મિનિટો પહેલા પૂછ્યું, સાહેબજી નવકાર ગણો છો ? તો કહે ! 'હા.' "અમે નવકાર બોલીએ છીએ એ આપશ્રી સાંભળો છો ?" જવાબ 'હા'માં મળ્યો.

આમ, વિ.સં. ૧૯૩૦ના વૈ.સુ. ૬ના જન્મેલ આ મહાપુરુષ ૧૦૩ વર્ષનું આયુ પૂર્ણ કર્યું, જેમાં પંચોતરથી વધુ વર્ષો તો દીક્ષિત અવસ્થામાં પસાર થયા હતા. વિ.સં. ૨૦૩૩ ના જેઠ સુદ ૮ના દિવસે કાળધર્મ પામ્યા. એક મહાન જ્યોત બુઝાઈ ગઈ. કદી ન પૂરાય એવી ખોટ શાસનને પડી. ભક્તોને નિરાધાર બનાવી મહા ગુરુવર ચાલ્યા ગયા.

તેઓશ્રીની જન્મભૂમિ-સંસ્કારનગરી રાધનપુર, પિતાશ્રીનું નામ ઉગરચંદભાઈ, માતાજીનું નામ સૂરજબહેન અને એમના નાનકડા પુત્ર અને ભવિષ્યના મહાપુરુષ ભોગીલાલભાઈ, ૨૮ વર્ષની ભરયુવાનીમાં ભોગીભાઈ યોગી બન્યા. ધર્મપત્ની જયકોરબહેન સાથે વિ.સં. ૧૯૫૮ના વૈ.સુ. ૧૫ના દિવસે પૂજ્યપાદ, દાદાગુરુવર આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદપૂર્વક પૂજ્યપાદ, નિઃસ્પૃહિ શિરોમણી જિતવિજયજી દાદાના વરદ હસ્તે તેઓશ્રી દીક્ષિત પૂ. મુનિરાજશ્રી વિનયવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી ભક્તિવિજયજી બન્યા કેવો સુભગ સંયોગ ! દાદા ગુરુ મહાન, ગુરુવર મહાન અને દીક્ષા દાતાયે મહાન. પછી પોતે કેમ મહાન ન બને ?

અપ્રમત્તતા, ક્રિયારુચિ, પ્રભુને સમર્પિતતા, સુજનતા, સહૃદયતા આદિ ગુણોથી તેઓશ્રીને યોગ્ય જાણીને વડીલોએ તેઓને ક્રમશઃ ગણિપદવી, પંન્યાસપદવી અને આચાર્ય પદવીથી વિભૂષિત કર્યા. (આચાર્યપદ પ્રદાન દિન વિ.સં. ૧૯૮૯, પોષ વદી ૭) પૂજ્યશ્રી હવે આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાના નામે વિખ્યાત થયા.

વર્ષો વીતતા ગયા, અને ગુરુજીની ઉંમર વધતી ચાલી. સો વર્ષ, એકસો, એક, એકસો બે, એકસો ત્રણ, એકસો ચારમાં વર્ષમાં પ્રવેશ અને આંકડો આગળ પહોંચે એ પહેલાં જ ક્રૂર કાળે આ મહાપુરુષને ઉપાડી લીધા.

રવિવાર તા. ૨૯મીની બપોરે પૂજ્યશ્રીના ગુણાનુવાદ માટેની સભામાં

સંગીતકાર મનુભાઈ પાટણવાળા અને સંગીતકાર હસમુખ દિવાને એક ગીતની આ કડી જ્યારે ગાઈ ત્યારે ઉપસ્થિત શ્રોતાઓની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં; **'હસતાં હસતાં ચાલ્યા ગુરુજી, સહુને તમે રડાવી ગયા.'** પૌષધશાળાના મોટા હોલમાં મળેલી આ ગુણાનુવાદ સભામાં પૂજ્યશ્રીના પ્રમુખ શિષ્ય, આચાર્યદેવ શ્રીમદ્ વિજય ઉૐકારસૂરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રીના નિષ્કલંક, ભવ્ય આદર્શ જીવન વિષે ખ્યાલ આપવા સાથે પૂજ્ય ગુરુદેવશ્રીના પોતાના પરના ઉપકારોનું વર્ણન કર્યું હતું.

પૂજ્યશ્રીના પવિત્ર દેહને જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યાં એક ભવ્ય ગુરુમંદિર બનાવી પૂજ્યશ્રીની ચરણ પાદુકા સ્થાપિત કરવામાં આવશે. પૂજ્યશ્રીના કાળધર્મ નિમિત્તે સારાયે ચાતુર્માસિ દરમ્યાન ભવ્ય મહોત્સવો જુના ડીસા સંઘ દ્વારા ઉજવાશે.

પૂજ્યશ્રીના સ્મારક માટેની નિધિમાં રૂપિયા બે લાખની રકમ સ્થળ પર જ થવા પામી હતી. અંતિમ યાત્રાના ચઢાવા પણ સારા થયા હતા.

● **મલાડ (મુંબઈ) :** અત્રે **પૂ. પં. શ્રી ચરણવિજયજી ગણિવર્ય** ૮૩ વર્ષની વયે ૫૯ વર્ષનું ચારિત્ર પાળી જેઠ વદ ૧૩ રાત્રે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા. એઓશ્રી સ્વ.પૂ. આ. શ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. પં. શ્રી સુંદરવિજયજી મ. ના શિષ્યરત્ન હતા. એઓશ્રીએ જેઠ વદ ૫ અત્રે ચાતુર્માસાર્થે પ્રવેશ કરી મંગળ પ્રવચન પણ આપેલ. બાદ જેઠ વદ ૧૧ પ્રતિક્રમણમાં સ્તવન-સ્તુતિ પોતે જ સારી રીતે બોલેલા. એ જ રાત્રે શ્રાવકો આગળ ભાવના પણ ભાવી કે મારું મૃત્યુ અઠ્ઠમમાં થાય તો સારું, પછી પોણા કલાક નવકારમંત્રનો જાપ કરી સંથારા પોરિસી ભણાવી સૂતા. ૯॥ વાગે ઉઠ્યા ચક્કર આવવા લાગ્યા. બોલતા જીભ અચકાઈ ત્યારે કહે મને 'પદ્માવતી જીવરાશિ' સંભળાવો, આરાધના કરાવો. ડૉ. કહે હૉસ્પિટલમાં લઈ જવા પડશે. ત્યારે તેઓશ્રીએ ના પાડી. પછી લગભગ ૧૨॥ વાગે મૌન થયા. સવારે બહારથી મુનિઓ આવી પહોંચ્યા. તેમની ભાવનાનુસાર ઉપવાસનું પચ્ચ કરાવ્યું. પછી વદ ૧૩ ડૉ. ના આગ્રહથી નવકારશી કરાવી બહારથી હજારો જૈનો દર્શનાર્થે આવવા લાગ્યા, નવકારની ધૂન ચાલી રાત્રે ૧૧॥ વાગે જીવનદીપ બુઝાઈ ગયો.

સંઘ-ઉદ્યાનનું ગુલાબ સુવાસ ફેલાવી ગયું : પં. શ્રી ચરણવિજયજી મહારાજ ગયા

● **મલાડ (મુંબઈ)**માં ગત જેઠ વદ ૧૩ સ્વર્ગવાસ પામેલ પૂ.પંન્યાસજી શ્રી ચરણવિજયજી મહારાજ એવા નિસ્પૃહી અને સાધુપુરુષ હતા કે એઓશ્રીની નિકટ સેવામાં રહેલા પૂ. મુનિરાજશ્રી વિનોદવિજયજી મહારાજ એઓશ્રીના જીવન ચરિત્ર અંગે પૂછે તો કાંઈ ન કહેતાં એટલું જ કહે **'મનુષ્યપણાં મુશ્કેલ હૈ, સાધુપણાં અતિ દૂર.** -ભાઈ ! આપણામાં સાચું મનુષ્યપણું આવ્યું નથી, તો હજી ભગવાન વીતરાગ દેવનું સાચું સાધુપણું આવવું તો ઘણું મુશ્કેલ છે.' તાત્પર્ય, એઓશ્રી શુદ્ધ સંયમના ખપી હોઈ જબરા આંતર નિરીક્ષક હતા. અરે ! એઓશ્રીનાં સંસારીપણાનું નામ પૂછતાં પણ કહે ભાઈ ! હવે એવું બધું ભૂલી જવાનું.' છતાં એટલું જાણવા મળેલું કે એઓશ્રી રાધનપુર પાસેના નાના મોરવાડા ગામે શ્રી નેમચંદભાઈ અને મૂળીદેવીના સુપુત્ર હતા. સાધુ દર્શન કેટલું દુર્લભ છે કે નાના ગામમાં રહેતા હોઈ એમને ઠેઠ **૧૧ વર્ષની વયે જીવનમાં પ્રથમવાર જ મુનિમહારાજના દર્શન થયેલ.** પરંતુ એ દર્શને એમના દિલ પર કેવી ઊંડી અસર પાડી હશે કે એમનાં પિતાશ્રી ૪૫ વર્ષની વયે અવસાન પામતાં પછીથી માતાજી સાથે એમને સદ્ભાગ્યે થોડા વર્ષ પાટડીમાં રહેવાનું થયું. ત્યાં પૂ.પં.શ્રી મેરુવિજયજી મહારાજનો સત્સંગ મળ્યો, ને દિલમાં વૈરાગ્ય વધવા લાગ્યો. યોગ્ય પાષાણને સમર્થ શિલ્પી મળે પછી એ પાષાણ પરમાત્મમૂર્તિ બનવા તરફ ઘડતરના કંડારણ કેમ ન પામે ? આમનો દિનપ્રતિદિન વૈરાગ્ય અને ધર્મભાવના વધતી ચાલી અને ભગવાન શ્રી તીર્થંકરદેવોએ સ્વીકારેલી અને પ્રરૂપેલી. પ્રવ્રજ્યા (દીક્ષા) લેવાની ભાવના થઈ. પરંતુ માતાને એકનો એક જ પુત્ર એટલે માતા રજા ન આપે; છતાં તે મહાપુરુષ મક્કમ રહ્યા કે ચારિત્ર તો જરૂર લેવું. તેવામાં ભાવિભાવના યોગથી સંવત ૧૯૭૫નું કોગળીઉં (કોલેરા) નામનો રોગચાળો ફાટી નીકળ્યો. તેમાં તેઓશ્રીની ઉપર તેઓશ્રીના સગા-સંબંધીમાં ૨૬ માણસના મરણના પત્રો આવ્યા. ત્યારે તે વાંચી એકદમ આઘાત લાગ્યો, અને થયું કે, 'આમાં જો મારો નંબર લાગી ગયો હોત તો મારી શી ગતિ થાત ?' પોતાના માતુશ્રીને સમજાવી તે મહાપુરુષે સંવત ૧૯૭૫ના મહા વદ ૬ના દિવસે પૂજ્યપાદ પં.શ્રી ભક્તિવિજયજી ગણિવર્ય (પછીથી આચાર્ય બનેલ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મ.સા.)ના હાથે દીક્ષા લઈ પૂજ્ય પં.મ.શ્રી સુંદરવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી ચરણવિજયજી બન્યા અને વિ.સં. ૧૯૯૨માં પંન્યાસ થયેલા, એમની જ્ઞાન-દર્શન-

ચારિત્રની આરાધના ઊછળતી ભક્તિ સાથે અને એકલી આત્મશુદ્ધિના આશયથી જ ચાલતી, તેઓશ્રીએ બે વખત વીસસ્થાનક તપ સંપૂર્ણ એટલે ૮૪૦ ઉપવાસ કરેલા અને વર્ધમાન તપની અઢાર ઓળી કરી, અને એક ઉપવાસથી સોળ ઉપવાસ સુધી. જેમકે; એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ યાવત્ સોળ સુધી કરેલ, અને તેમની જિંદગીમાં લગભગ ૧૦૦થી કાંઈક અધિક અઠ્ઠમની તપશ્ચર્યા કરેલ.

એઓશ્રીને જીવદયા ઉપર તો એટલો બધો પ્રેમ હતો કે જીવદયાને પોતાની માતા સમજે. સંવત ૨૦૨૮ની સાલમાં, જ્યારે ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે જુદા જુદા ગામોમાંથી લગભગ રૂપિયા એક લાખથી અધિક પાંજરાપોળોમાં, જીવદયા મંડળીઓમાં, જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં શ્રાવકો મારફતે જીવદયામાં મોકલાવેલ. સીદાતા સાધર્મિકની ભક્તિ માટે પણ શ્રાવકોને પ્રેરણા કરતા હતા. તેઓશ્રીએ પોતાની જિંદગીમાં લગભગ રૂપિયા એક લાખથી અધિકના પુસ્તકોનાં પ્રકાશનો કરેલ છે. તેમાં કલ્પસૂત્ર સુબોધિકા અને જયાનંદ કેવળી ચારિત્ર, બે પ્રતો તથા (૧) જિનેશ્વરદેવની આજ્ઞા યાને સાચી માણસાઈ, (૨) પંચપરમેષ્ઠી મહામંત્ર યાને જૈન ધર્મનું સ્વરૂપ, (૩) સુભાષિત સુક્ત સંગ્રહ ભા.-૧, (૪) નવપદ દર્શન અને પ્રમોદાદિ ભાવના, (૫) સુભાષિત સુક્ત રત્નાવલી ગુજરાતી, (૬) સુભાષિત સુક્ત રત્નમાળા સંસ્કૃત, (૭) પૂજા પ્રશ્નોત્તરી, (૮-૯) મુક્તિમાર્ગ સોપાન ભા.૧-૨; આ પ્રમાણે તેઓશ્રીએ બાળ ભોગ્ય અને વિદ્વાનને યોગ્ય પુસ્તકોનાં પ્રકાશનો કરેલ છે. તેમાં તેઓશ્રીના હસ્તક રૂા. ૪૨૦૦૦) જ્ઞાન ખાતાના વપરાયેલ, અને ત્યાર પછી તેઓશ્રીને અને દ્રવ્ય સપ્તતિકા નામના ગ્રંથમાં વાંચવામાં આવ્યું કે જ્ઞાન ખાતાના પૈસાથી છપાયેલ પુસ્તક ગૃહસ્થને ભેટ ન આપી શકાય, એટલે તુરત તે રૂપિયા શ્રાવકો મારફતે ભેગા કરાવી, પરમ પૂજ્ય પરમ ઉપકારી પૂ. પાદ આ.ભ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. તરફથી છપાતા લખાતા તથા પ્રાચીન હ.લિ. ગ્રંથોમાં મહાભાગ્યશાળી આત્મા શેઠ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા મારફતે ભરાવી દીધેલા. કેવા ભવભીરુ ! કેવા પાપભીરુ !

સંયમનો ખપ, ક્રિયાની રુચિ, ક્રિયાની શુદ્ધતા માટે કેટલીય વાર જાતે જ ખૂબ ઉપયોગપૂર્વક કરવાની, ભારે ગુણાનુરાગ, સ્વાધ્યાય-પરાયણતા, જીવજતના વગેરે વગેરે આરાધનાઓ ઉપરાંત ભારે અશાતાના લાંબા સમય દરમિયાન પણ સુંદર સહિષ્ણુતા સાથે સમાધિ દુશ્મનને પણ અનુમોદના કરાવી દે એવી હતી. ગામ ગામના ભવ્યાત્માઓ પર શ્રાવકધર્મ અને સદ્ગુણો પમાડવાનો ઉપકાર પણ જબરદસ્ત કરી ગયા. આજે પણ એ શ્રાવકો ગદ્ગદ હૃદયે એમને યાદ કરી રહ્યા છે.

ત્યારે અંતિમ સમાધિ પણ અજબ પામી ગયા. જેઠ વદ ૧૧ રાતના મગજના

હેમરેજ જેવા ભયંકર વ્યાધિમાં કહી રહ્યા છે કે 'મારા દેહનો હવે ભરોસો નથી, બસ, હવે અઠ્ઠમમાં જવાય તો સારુ.' અને બીજા દિવસે જ ઉપવાસ કરી દીધો, તે પછીના વદ ૧૩ના દિવસે પણ પોતાની આંતરિક ઇચ્છા ઉપવાસની હશે, કિન્તુ ડૉ. ની ખાસ સલાહથી પારણું કરાવાયું, ને રાત્રે તો નવકાર મહામંત્રની ધૂન વચ્ચે એમણે કાયમી વિદાય લીધી.

ધન્ય મુનિગુલાબ ! ધન્ય જીવન ! ધન્ય મૃત્યુ !

અનુમોદનીય મરણ-સમાધિ

● **મુંબઈ :** અત્રે **દેપલાવાળા શ્રી નાનચંદ મુળચંદ દોશી** કે જેમણે દસ વર્ષ પૂર્વે પોતાના સૌથી મોટા પુત્ર તથા પૌત્રને મલાડમાં ધામધૂમથી દીક્ષા અપાવી મુનિશ્રી દેવસુંદરવિજયજી મ. અને મુનિશ્રી રત્નસુંદરવિજયજી બનાવેલા, એમને છેલ્લે છેલ્લે આ ૧૦ વર્ષની આરાધના એવી ફળી કે એ અષાઢ સુદ ૩ સાંજે ૬-૪૫ વાગે ખૂબ સુંદર સમાધિ-મરણ પામ્યા. દીક્ષા અપાવીને એ પૂ.પં. ભાનુવિજયજી મ. ને કહે 'તમે તો મારાં બે રતન લઈ લીધા, હવે મારે શું કરવું ?' પૂજ્યશ્રી કહે, હવેથી તમે રોજની 'નમો અરિહંતાણં' એક પદની ૧૦૦ માળા ગણો, ત્યારે એ ચમક્યા, 'હેં ? રોજ સો માળા ?' પણ પછી એ ચાલુ કરતા રોજના ૮-૯ સામાયિક સાથે ૧૫૦-૧૭૫ માળા ગણવા સુધી પહોંચી ગયેલા. એ ઉપરાંત બીજી પણ છેલ્લા દસેક વર્ષની એમની ધર્મ આરાધનાઓ કેવી સુંદર ! જેવી કે, (૧) 'નમો અરિહંતાણં' પદનો જાપ ૪ કરોડ, (૨) 'નમો સિદ્ધાણં' પદનો જાપ ૮૦ લાખ, (૩) સામાયિક ૧૬૮૦૦, (૪) શ્રી શંખેશ્વર ભગવાનનો જાપ ૨૫ લાખ, (૫) 'શ્રી ઉવસ્સગ્ગહરં' સ્તોત્રથી જાપ ગાથા ૫૦ લાાખ ૧૦૦૦૦ (૬) બે વખત નવ લાખ નવકાર, (૭) શ્રાવકના ૧૨ વ્રત, (૮) ૨૪ ભગવાનના ૩૦૦ એકાસણાં (૯) ૪૫ આગમનાં, ૪૫ એકાસણાં, (૧૦) ૬ વર્ષ દર શુકલ પંચમી ઉપવાસ, (૧૧) ૧૨ વર્ષ દર શુકલ અગ્યારસનો ઉપવાસ, (૧૨) ૧૦।। વર્ષ પોષ દશમના એકાસણાં, (૧૩) શ્રી સિદ્ધગિરિની ૯૯ યાત્રા, (૧૪) શ્રી વર્ધમાન તપનાં ૫૦૦૦ સામાયિક, (૧૫) ભવઆલોચના, સંમેતશિખર આદિ તીર્થોની યાત્રાઓ, વગેરે આરાધના કરેલી.

તેઓએ અષાઢ સુદ ૩ સાંજના ૬-૫૦ વાગે તો ચોવિહારનું પચ્ચક્ખાણ કર્યું, સ્થિતિ ગંભીર હોઈ એમના પુત્રપૌત્રે નવકારની ધૂન મચાવેલી એ સાંભળવામાં લીન હતા. આ પૂર્વે પૂ. મુનિરાજોનાં મુખે નિર્યામણાં સાંભળેલી. અંતે બધું વોસિરાવી દઈ નવકાર સાંભળતાં સમાધિમાં ૭-૪૫ મિનિટે અવસાન પામ્યા. એમની સમાધિ

જોઈ બધાને ખૂબ આનંદ થયો. એમના મૃત્યુ બાદ રડવાનું, સાદડી, તિથિ વગેરે કાંઈ કરેલ નહિ, કેમકે એમણે મરતાં પહેલા નીચે પ્રમાણે એમના પુત્રપૌત્ર પર પત્ર લખી રાખેલ.

મારા શરીરનો ભરોસો નથી, તેથી મારી અંતિમ ઈચ્છા જે છે, તે નીચે લખી છે,-

મારા અવસાન બાદ કોઈએ રડવું અથવા શોક કરવો નહીં, કારણકે તેમ કરવાથી મારા આત્માને કર્મબંધ થવા સંભવ છે. મારા અવસાનના સમાચાર છાપામાં આપવા નહીં, તેમજ સાદડી નાખવી નહિ કારણકે તેમ કરવાથી જેને જેને જવા-આવવાનું થાય, તેથી મારા આત્માના કર્મબંધ થવા કારણ છે. જે કોઈને મારા અવસાનના સમાચાર મળે અને કોઈના પણ ઘરે શોક દર્શાવવામાં આવે તો તેને ફક્ત નવકારવાળી ગણવાનું કહેવું. મારા અવસાન પાછળ કોઈપણ પ્રકારનું સીધો કે આડકતરો જમણવાર કરવો નહીં. તેમજ મારા અવસાન નિમિત્તે કોઈ તિથિ નીમવી નહિ, પણ જે સંબંધીઓને સમાચાર આપવા ઘટે તેને આ મુજબ સમાચાર આપવા,-

(૧) અમારા પિતાશ્રી આ દિવસે સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે.

(૨) તેઓ પોતાના હાથે લખી ગયા છે કે "મારા નિમિત્તે તિથિ નીમવી નહીં. કોઈએ રડવું નહિ. તેમજ શોકદર્શક કાળા કપડાં પહેરવા નહિ તેમજ સીધો કે આડકતરો જમણવાર કરવો નહિ. અને તે નિમિત્તે કોઈએ મુંબઈ આવવાની જરૂર નથી. સ્વર્ગસ્થ આત્મા પરનો જેને પ્રેમ-લાગણી હોય તેણે બાર મહિનામાં ૧૦૦ બાંધી નવકારવાળી ગણવી." તેમની ઈચ્છાને માન આપી અમોએ તિથિ નીમી નથી. તે જાણશો.

ઉપર મુજબ મારી અંતિમ ઈચ્છા છે તે પ્રમાણે તમો વર્તશો તો મારા આત્માને શાંતિ થશે.

● **ખંભાત :** અત્રે સ્વ.પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ. ના તપસ્વી શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી મહાશાલવિજયજી મ.** અષાઢ વદ ૧૦ રવિવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એઓશ્રીને કેન્સરની વ્યાધિ હતી. પૂ.આ.શ્રી વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ. એમને સારી નિર્યામણા કરાવતા. પૂ.મુ.શ્રી જયદેવવિજયજી મ. તથા મુ.શ્રી દિવ્યાનંદ વિ.મ. સારી સેવા બજાવતા. એમાં શ્રી જયદેવ વિ. મ. ને કમળાનો ભારે વ્યાધિ લાગ્યો. તેથી પૂ. ગણિવર્ય શ્રી નિત્યાનંદ વિજયજી મ. અને પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન

મુનિરાજશ્રી ચંદ્રસુંદરવિજયજી મ. તાબડતોબ નાસિકથી ખંભાત બહુ ઉગ્ર વિહારે ખંભાત પહોંચી ગયેલા. અને સેવાનો લાભ લઈ રહ્યા હતા. સ્વર્ગસ્થ પૂ.મુ.શ્રી મહાશાલ-વિજયજીએ વર્ધમાન આંબેલ તપની લગભગ ૬૦ ઓળીઓ અને ઉપવાસો કરેલ. એમના ભાઈશ્રી પૂ. મુનિશ્રી ખ્યાતકીર્તિ વિજયજી મ. પણ આમોદ ચોમાસું જવાનું નક્કી થયેલ છતાં આ ગંભીર બીમારી જાણી ખંભાત પહોંચી સેવામાં રહેલ.

તપસ્વી આરાધક મુનિપુંગવ

● **ખંભાત :** અમર જૈનશાળામાં અષાઢ વદ ૧૦ના સાંજે **પૂ. મુનિરાજશ્રી મહાશાલવિજયજી મ.** સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એઓશ્રી સં. ૧૯૮૨માં સૌરાષ્ટ્ર અલાઉ મુકામે શ્રી મુળચંદભાઈ અને જતનબેનના સુપુત્ર તરીકે જન્મેલા નામ મણિલાલ. ગુજરાતી-અંગ્રેજી અભ્યાસ બાદ મહેસાણા પાઠશાળામાં અભ્યાસ કરી કરબટીયા તથા વડગામમાં ધાર્મિક શિક્ષક તરીકે સારી ખ્યાતિ મેળવેલી. કુંભોજતીર્થમાં પૂ. મુનિવરશ્રી મુક્તિવિજયજી મ. (હાલ પૂ. આ. શ્રી મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.)ની નિશ્રામાં ઉપધાન તપ કરી માળા પહેરી. ત્યારબાદ બીજાપુરથી કુલ્પાકજીના છ'રી' પાળતા સંઘમાં પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજના પરિચયમાં આવ્યા, અને બ્રહ્મચર્યનો નિયમ ગ્રહણ કર્યો. ૨૦૧૮ના વૈ.સુ. ૬ના દિવસે અલાઉ મુકામે પૂ. આચાર્યદેવશ્રીના વરદહસ્તે મહોત્સવપૂર્વક પ્રવ્રજ્યા સ્વીકારી મુનિશ્રી મહાશાલવિજયજી બન્યા. ગ્રહણશિક્ષા, આસેવનશિક્ષા લેવાની સાથે વિનય-વૈયાવચ્ચ, સ્વાધ્યાય કરતાં તપની પણ સારી ઉપાસના કરી. અઠ્ઠાઈઓ, ૧૬ ઉપવાસ, જ્ઞાનપંચમી, વીસસ્થાનક, નવપદજીઓળી, એકાંતરે ૧૦૦૦ આયંબિલ અને વર્ધમાનતપની ૬૧ ઓળીની આરાધના, ચૈ. વદ ૮ પૂર્ણ કરી. બાદ વૈ.સુ. ૧૦ થી ૬૨મી ઓળી શરૂ કરેલી.

ખંભાત મુકામે પૂ. આચાર્યદેવશ્રી વિજય જયંતશેખરસૂરીશ્વરજી મહારાજની સાથે ચૈત્ર મહીનામાં પધાર્યા. ત્યાંથી વિહાર કરીને જતાં રસ્તામાં પેટમાં દુઃખાવાની તકલીફ થવા લાગી. ફરી ખંભાત લાવવામાં આવ્યા અને હોસ્પિટલમાં દાખલ કર્યા. કેન્સરનો રોગ લાગ્યો છતાં ખૂબ સમતાભાવે દરદ સહન કરતા. એઓશ્રીના સંસારિપણે નાનાભાઈ હાલ મુનિશ્રી ખ્યાતકીર્તિવિજયજી મ. ને સમાચાર પહોંચતા ડભોઈથી વિહાર કરી સેવામાં આવી ગયા. અમદાવાદથી સેવા માટે મુ. શ્રી લોચનવિજય મ. તથા મુ. શ્રી હેમચન્દ્ર વિ.મ.સા. પધાર્યા હતા અને નાસિકમાં

મુ.શ્રી નિત્યાનંદ વિજયજી ગણિને ખબર મોકલતાં એ પણ મુ. શ્રી ચન્દ્રસુંદરવિજયજી સાથે ઉગ્રવિહાર કરી ખંભાત આવી પહોંચ્યા. અષાઢ વદ ૧૦ ના સાંજે ૬ વાગતાં ખૂબ સમાધિપૂર્વક શુદ્ધિ સાથે નવકારમંત્રનું શ્રવણ-સ્મરણ સાથે કાળધર્મ પામ્યા. બીજે દિવસે જરિયાન પાલખીમાં ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. ૩૫ વર્ષની ઉંમરે ચારિત્રગ્રહણ કરી ૧૫ વર્ષનો સંયમપર્યાય પાળી પંડિતમૃત્યુને વર્યા. તેમના આત્માને શાંતિ મળો.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૬,અંક-૧૧,તા.૧૨-૧૧-૧૯૭૭

● **ચાલીસગામ :** અત્રે મહારાષ્ટ્રકેસરી સ્વ.પૂ.આ. શ્રી વિજય-યશોદેવસૂરીશ્વરજી મ॰ ના શિષ્યરત્ન **મુનિવર્યશ્રી લાવણ્યવિજયજી** મહારાજ લગભગ ૯૪ વર્ષની ઉંમરે ૪૪ વર્ષનું સંયમજીવન આરાધીને આસો વદ ૩ સાંજના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂ. ગણિવર્યશ્રી રંગવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી ધનેશ્વરવિજયજી મહારાજ વગેરેએ એમની સુંદર સેવા-શુશ્રૂષા બજાવેલ. ગૃહસ્થપણે વલભીપુરના વતની અને મુંબઈ શાંતિલાલ ઓધવજીની કું.ના એક માલિક, પૂરા વૈરાગ્યથી ચારિત્રપંથે ચાલી નીકળેલ. એમણે સુંદર સંયમસાધના સેવાવૈયાવચ્ચ ત્યાગવૃત્તિ વગેરે સુંદર ગુણો-સુકૃતોની સાધના કરેલ. છેલ્લા ૨-૩ માસ ફેકચરના કારણે અસહ્ય વેદના ભોગવતા છતાં સમાધિ અદ્‌ભુત જાળવેલ. સંઘે પણ સેવા સારી બજાવેલી. માલેગામના ડૉક્ટરો પણ અવારનવાર સુંદર સેવા આપતા. એમના આત્માને પરમ શાંતિ મળો.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૬,અંક-૨૧,તા.૨૧-૧-૧૯૭૮

શ્રાદ્ધરત્ન શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈના દેહવિલયની વેળાએ

ગત માગસર વદ છઠની રાત્રીએ સાડાદસ વાગે મન્ત્રાધિરાજ શ્રીનવકારનું તદ્દન સભાનપણે શ્રવણ કરતાં કરતાં શ્રાદ્ધરત્ન શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ ૯૨ વર્ષની વયે અદ્‌ભુત સમાધિમરણને પામ્યા.

વ્યક્તિગત રીતે પત્રો લખીને જેમણે સેંકડો પુણ્યાત્માઓ સાથે ક્ષમાપના કરી હતી. ગૃહસંસારની સઘળી ચિંતામાંથી કેટલાય વર્ષો પૂર્વે જેમણે પ્રતિજ્ઞાપૂર્વક નિવૃત્તિ લઈ લીધી હતી, અંતે જેમણે સાગાર અનસન લીધું હતું અને ચારે ય આહારના

ત્યાગની પ્રતિજ્ઞા સાંજે ૬ વાગે સ્વયં લીધી હતી. લેશ પણ વેદના વિના, કોઈપણ ભારે રોગ વિના, પાંચ મિનિટ પૂર્વે સ્વયં સ્વજનોને બોલાવી લઈને, એમની પાસે નવકારમંત્ર સાંભળતાં સાંભળતાં જ જેમણે છેલ્લો શ્વાસ મૂકી દીધો હતો.

છેલ્લા એક માસથી વારંવાર તેમની પાસે જતાં તેમના સંસારીપણાના ભત્રીજા પૂ. મુનિરાજ ચન્દ્રશેખરવિજયજી મહારાજને તેઓ એક જ વાત કરતા કે, "મને મૃત્યુ વખતે એવી સમાધિ મળે કે જેથી આવતા ભવે આ પ્રભુશાસન પુનઃ પ્રાપ્ત થઈ જાય. મને આ માટે આપ આશીર્વાદ આપો. આ સિવાય મારે બીજું કશું જોઈતું નથી."

મુનિશ્રીને તેઓ કહેતા કે, "તમે અમારા કુળમાં જન્મ લઈને કુળ દીપાવ્યું છે. હવે શાસનને પણ ઉત્તરોત્તર વધુને વધુ દીપાવજો."

તેઓ સ્વયં સમયસુંદર ગણિનું 'મુજને ચાર શરણા હોજો.' વારંવાર બોલતા... અને વારંવાર 'અરિહંત' 'અરિહંત' ભાવવિભોર બનીને જપતાં જ રહેતા. પોતાના ઉપકારી પૂજ્યોને મુનિશ્રી પાસે ખૂબ યાદ કરતા. છેલ્લા મહિનામાં પણ ન બેસી શકતા છતાં ટટ્ટાર બેસીને તેઓ રોજ બે સામાયિક કરતા. ગૃહમંદિરમાં જિનપૂજા કરતા અને નવસ્મરણ સ્વયં ગણતા.

તેમના જવાથી સ્વજનોએ તેમના આપ્તજનને ગુમાવ્યા છે, અનેક સંસ્થાઓએ તેના પિતામહ ગુમાવ્યા છે, શ્રમણોપાસકોએ એક શાસન સુનિટ ગુમાવ્યો છે. ખેર... ભવિતવ્યતાને કોઈ મિથ્યા કરી શકતું નથી. વીરશાસનના શ્રમણો પાસકોના ગગનમાંથી ખરી પડતો આ તારલો વણમાંગી પ્રેરણાનો એ પ્રકાશ વેરતો વેરતો ગયો છે કે, "જો જીવનમાં દેવગુરુને સાથે રાખશો; શાસ્ત્રના પ્રત્યેક વચન ઉપર અવિહડ શ્રદ્ધા રાખશો, અનુષ્ઠ ન ભરપૂર જીવન જીવશો અને શીલનું શ્રેષ્ઠ પાલન કરશો તો મૃત્યુ મહોત્સવ બની જશે સમાધિ સુલભ થઈ જશે. સદ્‌ગતિ નિશ્ચિત બની જશે. જીવનને ધર્મમય બનાવો તો મૃત્યુ જરૂર આનંદમય બની રહેશે."

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૬,અંક-૨૯,તા.૧૮-૩-૧૯૭૮

● **અમદાવાદ :** અત્રે ન્યૂક્લોથ માર્કેટના વેપારી અનુભાઈ મયાભાઈવાળા શેઠ શ્રી મયાભાઈ લક્ષ્મીચંદના ધર્મપત્ની **શ્રીમતી નીલમબેનનું** અદ્‌ભુત સમાધિમૃત્યુ થયું. છેલ્લા નવ વર્ષ પગે ફેક્ચર પછી ચાલવાનું મુશ્કેલ થઈ જતાં નીલમબેન શ્રી નમસ્કાર મહામંત્ર અને બીજી ધર્મસાધના પર વિશેષ ઊતરી પડેલ. એમાં ખૂબ

ભાવપૂર્વક ૨૫ લાખ ઉપર નવકાર ગણેલ. છેલ્લા ૨-૩ વરસ તો હાઈપ્રેશર, શરીરે સોજા વગેરે વ્યાધિઓના કારણે અપંગ જેવા થઈ ગયેલ છતાં આ સ્થિતિને પોતાના કર્મનો ઉદય સમજી એનાં રોદણાં કરતા નહિ, અને બધે નમસ્કાર મહામંત્રનું સ્મરણ રાખતા, તથા ધાર્મિક વાંચન-શ્રવણ કરતા રહેતા. શ્રીમંતાઈમાં પણ દરદોની વચ્ચે અદ્‌ભુત દેવ-ગુરુ શ્રદ્ધા અને સમાધિ જોઈ એમની વિનંતીથી પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી તથા શ્રી જશકીર્તિશ્રીજી મ. દશા પોરવાડ સોસાયટીથી જૈનનગર એમના બંગલે એમને ૩-૪ દિવસે સુંદર સ્તવન સજ્ઝાય સંભળાવવા જતા; તે એ સાંભળીને ભારે પ્રમોદ અનુભવતા. આ બધાનું સુંદર ફળ એ આવ્યું કે જીવનના છેલ્લા દિવસોમાં રોજ લગભગ ૨૦૦ જણ એમની ખબર પૂછવા આવે એ નવકાર મહામંત્રથી ઉત્તમ સમાધિનો મહાપ્રભાવ જોઈ નવકારમંત્રથી પ્રભાવિત થઈ જતા ! અને વગર કહ્યે એકાસણાં આયંબિલ નવકારમાળા વગેરેનું સુકૃત કહી જતા. છેલ્લા દિવસે ચમત્કાર એ થયો કે સોજા તદ્દન ઊતરી ગયા અને યોગિક શરીરની જેમ છેલ્લા ૨૪ કલાકમાં કશી ઠલ્લા માત્રા કે કફ સરખાની બાધા રહી નહિ. એમના પતિ ત્રણ પુત્રો વહુરો તથા બહારનાઓ નવકાર સંભળાવે ને 'અરિહંત' બોલે તે તરત એ આંખ ખોલી નાખી અરિહંત બોલતા. એમાં વળી પૂ. ગણિવર શ્રી ધર્મજિતવિજયજી પધારતાં એમની પાસે ખુલ્લી આંખે મંગલિક સાંભળ્યું. આમ નવકારમંત્ર અને ધર્મની સાધનાએ એમને છેક અંત સુધી સુંદર સમાધિ અપાવી.

જૈન શ્રમણ સંઘે ગુમાવેલ તેજસ્વી શ્રમણરત્ન આચાર્યવર્ય શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.

ગત ફાગણ વદ ૪ મંગળવારે અમલનેર મુકામે મહાન સંયમી મહાન તપસ્વી શાસનરત્ન પૂ.આચાર્યદેવશ્રી **વિજય ત્રિલોચનસૂરીશ્વરજી** મહારાજનો જીવનદીપ બુઝાતાં વર્તમાન શ્રમણસંઘે એક એવું શ્રમણરત્ન ગુમાવ્યું છે કે જેની ખોટ કોને ખબર ક્યારે પૂરાશે !

પૂ.આચાર્યદેવશ્રી સંસારિપણે ખંભાતના વતની, લગભગ વિ.સં. ૧૯૫૯માં જન્મેલા, નામે શ્રી ત્રિભોવનદાસ હતા, અને ખંભાતની ધર્મોલાદિત ભૂમિના હિસાબે સંસ્કારી બનેલા. એમણે અમદાવાદમાં વિ.સં. ૧૯૮૨માં લક્ષાધિપતિ શ્રી જેશંગભાઈ (જે પછીથી શ્રી જશવિજયજી મ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી થયા, તે) સંસાર ત્યાગ કરી ચારિત્ર લેતા સાંભળી ચારિત્રની ભાવના કરેલી કે 'અહો ! આજના કાળે આવા વૈભવી પણ સંસારવૈભવ ત્યજી ચારિત્ર લે છે ! તો મને પણ ચારિત્ર ક્યારે મળે ! ચારિત્ર લઉં તો એમનો જ શિષ્ય થાઉં.' પરણેલા અને માતાને એકના એક પુત્ર હોઈ મુંઝવણ હતી કે 'કેમ છૂટાશે ?' ખંભાતના સુપ્રસિદ્ધ અગ્રણી શેઠશ્રી કસ્તુરભાઈ અમરચંદ એમને કહેતા કે 'ફિકર ન કરીશ, તારે દીક્ષા લેવાશે.' ભાવના વધતી રહેતી તે વિ.સં. ૧૯૮૬માં દીક્ષા પામ્યા અને પૂ.શ્રી યશોવિજયજી મ.ના શિષ્યરત્ન મુનિશ્રી ત્રિલોચનવિજયજી બન્યા.

મુનિ બન્યા પછી સંયમનું પાલન સૂક્ષ્મતાપૂર્વક અને વિનયાદિ ગુણો સાથે કરવામાં એવા એ સાવધાન અને નિષ્ણાત હતા કે એ વડગુરુઓ પૂ.આચાર્યદેવોશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ, શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને ઠેઠ સુધી બહુપ્રિય રહેલા. ત્યારે ગુરુની સેવા-આમન્યા-વિનયાદમાં એવા સમર્પિત રહેતા કે ગુરુના વિશ્વાસનું પરમપાત્ર બનેલા. એ કપરા સંયોગ-પરિસ્થિતિમાં પણ ગુરુવચન પ્રસન્નતાપૂર્વક તહત્તિ કરતા ત્યાં એમનામાં ગૌતમસ્વામીનું દર્શન થતું. ગુરુ શ્રી યશોદેવસૂરિજી મહારાજ મૂળ એમના વેપારી શેઠના સ્વભાવ મુજબ બીજા નાનાઓના દેખતાં પણ ક્યારેક ગુસ્સામાં આવી એમને તડકાવતા કે 'ગધેડા જેવા છો, ભાન નથી ? આટલું સમજતા નથી ?' ત્યારે આ મહાત્મા આનંદ માનતા કે "મારા અહોભાગ્ય કે ગુરુજી મને સાવધાન રાખે છે !" અને કહેતા 'ભૂલ્યો હું, મિચ્છામિ દુક્કડં, મને ક્ષમા કરો.'

એમનો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ મંદ હતો, પરંતુ અખંડ સાધુચર્યા સાથે સ્વાધ્યાય-કર્તવ્યમાં એટલા બધા પરિશ્રમી હતા કે બે કલાક રહીને એકાદ ગાથા મોંઢે થાય તો ય કંટાળતા નહિ. સંસ્કૃતભાષા ભણવાનું એમના માટે કપરું હતું છતાં 'વિદ્યા પરિશ્રમાધીના' એ ન્યાયે ભારે મહેનત લઈ સંસ્કૃતભાષા ભણ્યા, એમનો ખંત અને નિષ્ઠા કેવી કે વિ.સં. ૧૯૯૧માં પૂ. પરમ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાથે પાટણમાં ચોમાસું રહેલા ત્યાં રોજ ૨॥ કલાક મોટેથી બોલીને ગોખવાનો અભિગ્રહ કરેલો, તે પર્યુષણ પર પોતે ૧૬ ઉપવાસ કરેલા તેમાં પણ એ નિયમનું પાલન કરતા. શાસ્ત્રસ્વાધ્યાયનો કેટલો ગજબ રંગ કે વિ.સં. ૨૦૦૧ પિંડવાડા ચોમાસામાં ૩૨ ઉપવાસની મહાતપસ્યામાં આખો દિવસ બેઠા બેઠા મહાન આગમ 'નિશીથસૂત્ર'નું વાંચન એમણે કરેલું.

એમની આરાધનાની ધગશ એવી હતી કે વાત-વાતમાં કાંઈ ને કાંઈ નિયમ ધારી લેતા, ને ચોમાસી આવે એટલે વિશિષ્ટ આરાધના માટે અભિગ્રહો કરી લેતા.

દા.ત. 'ચાર વડીલનું માતૃ પરઠવવાનું ન થાય તો બીજે દિવસે અમુક ત્યાગ,' 'દસ મુનિઓના ડાંડા પડિલેહવાનું ન બને તો બીજે દિન અમુક ત્યાગ'...ઇત્યાદિ આમે ય એ ત્યાગી તો હતા જ પણ સંતોષ નહિ તો આ રીતે ત્યાગ વધારતા. એકવાર કરિયાતાના ઉકાળામાં જ રોટલીઓ નખાવી લાવીને વાપરેલી.

તપમાં તો એવા શૂરા હતા કે મુનિમંડળમાં એમની 'તપસી' તપસ્વી તરીકે ખ્યાતિ પ્રસરેલી. પ્રસરે જ ને ? એક વાર બાર માસમાં જ ચાર વાર ૩૨-૩૨ ઉપવાસ કરેલા. બાકી અનેક વાર ૩૦-૧૬-૧૧ વગેરે ઉપવાસોની તપસ્યા, કેઈ વાર છઠ્ઠ પણ સહેજમાં કરી લેતા, ઉપરાંત લગભગ સવા બસો અઠ્ઠાઈ કરેલી ! પાછું, આ દરેક મોટી તપસ્યાનું પારણું પ્રાયઃ આંબેલથી કરતા. આયંબિલ તો હાલતાં ને ચાલતાં કરી દેતા. સામાન્ય રીતે એમની એ જાગૃતિ રહેતી કે સાધુને 'એગભત્તં ચ ભોયણં,' તેથી એમને નિત્ય એકાસણું સહેજે રહેતું.

ગોચરીમાં ૪૨ દોષ રહિત ભિક્ષા વાપરવા તરફ એ પાકા સાવધાન રહેતા, પછી ભલે એ માટે કષ્ટ પડે તો ચિંતા નહિ. દા.ત. વિ.સં. ૧૯૯૨માં ચૈત્ર માસમાં બે ગુરુમહારાજ સાથે મુંબઈ આવતા હતા. ભરૂચ પહેલા ઈંટોલામાં ૯ માઈલનો વિહાર કરી પહોંચેલા, સ્ટેશન પાસે જીનમાં ઉતારો હતો, ત્યારે એ ધૂમ તાપમાં થાકીને આવેલા છતાં ૧॥ માઈલ દૂર ઈંટોલા ગામમાં ગોચરી લેવા ગયેલા, ને લગભગ ૧-૧॥ વાગે નિર્દોષ ભિક્ષા લઈ આવેલા. એ માનતા હતા કે જેમ શ્રાવકને અન્યાયનું દ્રવ્ય વાપરવાથી, એમ સાધુને દોષિત (સાધુ માટે બનાવેલું... વગેરે) આહાર વાપરવાથી બુદ્ધિ બગડે. આ બાબતમાં એટલા બધા એ ચુસ્ત હતા કે જૈનોની ઓછી વસ્તીના ગામમાં જૈનેતરોને ત્યાંથી કોરા રોટલાં-ભાત લાવીને વાપરવામાં આનંદ અનુભવતા.

પૂ.શ્રી ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજનો આવી પડેલ ભાર કષ્ટમાં પણ સહિષ્ણુતાગુણ અને સ્વયં કષ્ટ ઊભું કરીને સહનવૃત્તિ ગુણ ગજબનો હતો. દા.ત. વિ.સં. ૧૯૯૩માં પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સાથે એમનો પૂનામાં પ્રવેશ હતો, એમને ચોવિહાર છઠ્ઠ હતો, પ્રવેશમાં શહેરમાં ફરીને લશ્કરમાં જતાં ૩-૪ કલાક ચાલવાનું થયું હશે, ઉનાળાનો ધૂમ તાપનો દિવસ, તે મુકામે પહોંચતાં ભારે તૃષા લાગેલી, એમાં વળી મુકામે પહોંચતાં એમને જગા મળી બારી-પવન વિનાના ખૂણામાં, ભયંકર તરસમાં હોઠ પણ કાળા પડી ગયેલા, ને રાતના ઊંઘ હરામ થઈ ગયેલી, છતાં સમતાથી સહન કરી લેવાની વૃત્તિ, એક જ હિસાબ કે 'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણી રે,' તે

ઘામવાળી જગા બદલીને પવનવાળી જગા લીધી નહિ, ને રાતભર દશવૈકલિક સૂત્રની ૭૦૦ ગાથાનો અર્થ ચિંતન સાથે સ્વાધ્યાય કર્યે રાખ્યો, ધન્ય ચોથા આરાની શ્રમણવાનગી !

લોચ કરાવે ત્યારે સહન કરવાની વૃત્તિ કેવી કે શિખાઉ બે-ચાર મુનિઓને બેસાડી દે અને કહે કે 'શીખો શીખો, ગભરાશો નહિ કે વાળ કેમ ખેંચાય ? મને કાંઈ દુઃખ થવાનું નથી.' ઉગ્ર વિહારનાં કષ્ટ પણ એમને રમતવાત હતી. હિસાબ એક હતો, સાધુપણું કર્મક્ષય માટે લીધું છે, ને કષ્ટ વેઠવામાં કર્મક્ષય થાય; માટે કષ્ટને વધાવી જ લેવાનાં. 'દેહે દુઃખં મહાફલં;' દેહમાં દુઃખ સહાય એ મહાન ફળ આપનારું બને છે.

મહાન આત્માએ પ્રતિકૂળતાને પોતાનું જીવન-સૂત્ર બનાવેલું. તે દશવૈકાલિક-વચન યાદ કર્યા કરે. 'અણસોઓ અ સંસારો, પડિસોઓ તસ્સ ઉત્તારો' અર્થાત્ ઈન્દ્રિયો અને મનને અનુકૂળ હોય એમાં તણાવું એ જ સંસાર, સંસારભ્રમણ વધારે; ત્યારે એને પ્રતિકૂળ ઉતારે. આ સૂત્ર પર એઓશ્રી નિર્ભર હતા, એટલે જ એમના કપડાં જાડાં, પાત્રા જાડાં, કાગળ પેન્સીલ જાડાં બધું જાડું અર્થાત્ તદ્દન સામાન્ય.

• • •

અમલનેરમાંથી આલમમાં પ્રસરેલો હાહાકાર

ફાગણ વદ ૪ ના કમનસીબ દિવસે ગોઝારા કાળે સ્વ. શાસનદિવાકર પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક શાસનરત્ન પૂ. આચાર્યદેવશ્રી **વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજને** શ્રીસંઘની વચ્ચેથી ઉઠાવી લેતાં અમલનેરમાં રહેલ ચાલીસેક સાધુ, ત્રીસેક સાધ્વી અને સેંકડો શ્રાવક-શ્રાવિકામાં હાહાકાર વર્તાવી દીધો, અને આ સમાચાર ભારતના ગામેગામ ફેલાતાં બધે જ હાહાકાર પ્રસરી રહ્યો.

સ્વ. પૂજ્યશ્રી અઢી મહિનાથી મોટર અકસ્માતથી પગે તથા પેઢુની બે બાજુના ફેકચરના હિસાબે પીડા સુંદર સમાધિ સાથે સહી રહ્યા હતા. મોટર-આઘાત પછી કમળો અને વૃદ્ધિગત પ્રોસ્ટેટની વેદનાઓ સમતાથી ભોગવી રહેલ પૂ. આચાર્યશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની તબિયત છેલ્લા ૪/૫ દિવસથી વધુ લથડેલી. મુંબઈથી જસલોક હૉસ્પિટલના ડૉ. દેસાઈ આવીને તપાસી ગયા. અને આંતર રક્તસ્રાવ (બ્લીડિંગ) તથા કમળીનું પૂર્વરૂપ જોઈ બીજા ઉપચાર સાથે લોહી આપવાનું સૂચન કરતા ગયા. લોહીના થંડિલ થતા હતા. ડૉક્ટરોનું માનવું

એમ હતું કે જો લોહીના સ્થંડિલ બંધ થઈ જૂનું વિષાક્ત લોહી નવા અપાતા નિરોગી લોહીને સંગ્રહી લે તો વિષાકતતા ઓછી થતી જાય તો કેસ સુધરી જવાની શક્યતા છે... રોજના લોહીના ૨-૨ બાટલા ચડાવવા છતાં લોહીના સ્થંડિલ બંધ ન થયા. ગંભીર બીમારીના સમાચાર બહાર પ્રસરતાં મહારાષ્ટ્રના ગામેગામથી ભાવિક શાતા પૂછવા આવ્યે જતા. અહીં પૂજ્યશ્રીને અંદરમાં વેદના સખત હોવા છતાં તેમની જાગૃતિ તથા સમાધિ છેક છેવટ સુધી અદ્‌ભુત હતા. નવકારની ધૂન વગેરે સંભળાવવાની માગણી સતત કરતા અને તદનુસાર ચતુર્વિધ સંઘે છેક સુધી સંભળાવવાનું ચાલુ રાખ્યું. વેદના બાબત ડૉ. કાંઈ પૂછે તો એક જ જવાબ આપતા "મારી કોઈ ફરિયાદ નથી. માત્ર મને સંભળાવવાનું સતત ચાલુ રાખો..." નવકારની ધૂન વગેરે ચાલતી ત્યારે શક્તિ હતી ત્યાં સુધી પોતે પણ સાથે જ બોલતા, આમેય એમના હોઠ પર 'ચત્તારિ સરણં પવજ્જામિ' રટણા ચાલુ રહેતી, આમ એકસરખી જાગૃતિ અને સમાધિ વચ્ચે ફા.વ. ૪ સાંજે ૪/૩૬ વાગે તેઓ સ્વર્ગવાસ પામ્યા છે. ડૉક્ટરો શ્રાવકો વગેરે સહુએ ભક્તિપૂર્વક સેવા ખૂબ કરી, પરંતુ તૂટીની બૂટી નહિ, તે સારું થઈ જવાની કલ્પના ઠગારી નીવડી, અને એક મહાન સંયમી-તપસ્વી-જ્ઞાની-ધ્યાની અને સંઘોનો ઉપકારક સિતારો આથમી ગયો.

શ્રી જૈન સંઘ ઉપરાંત જૈનેતર આલમમાં પણ શોકની લાગણી ફરી વળી. રેડિયો દૈનિક પત્રો દ્વારા બહાર આ સમાચાર પ્રસારિત કરાયા. જ્યાં જ્યાં આ સમાચાર ગયાં ત્યાં ત્યાં દુઃખની ઘેરી લાગણી ફેલાઈ ગઈ. અમલનેરમાં પૂજ્યશ્રીના પાવન દેહને મોટા મંડપમાં સાંજ પછી પાટ પર વિરાજમાન કરવામાં આવેલ ત્યાં લોકોના ટોળેટોળાં દર્શનાર્થે ઊમટી પડેલ, ને ત્યાં જ રાતભર ભજનમંડળી તથા ભક્તો 'સમરો મંત્ર ભલો નવકાર' વગેરે ગીતો ગાતા રહેલા.

ફા. વદ ૫ વહેલી પ્રભાતે પૂજ્યશ્રીના દેહને પાંચ કળશની સુશોભિત માંડવીમાં પધરાવવાના, પાંચ ગુરુપૂજનના, માંડવી ઉપાડવાના, દીવીઓના ધૂપના... વગેરે સુંદર ચડાવાઓ બોલાયા. એ પ્રમાણે કાર્ય થયા પછી સવારે ૭॥ પછી 'જય જય નંદા, જયજય ભદ્દા'ના ગગનભેદી નાદ સાથે માંડવી ઉઠાવાઈ અને હજારો માણસ સાથે સ્મશાનયાત્રા નીકળી, જૈનેતરો પણ એમાં જોડાયેલા. બહારગામોથી સેંકડો જૈનો પણ ઉપસ્થિત થઈ ગયેલ. સાડા ત્રણ કલાક સ્મશાનયાત્રા અમલનેરમાંથી પસાર થઈ બહાર આવેલ, એક સખી ગૃહસ્થે ૧૦૦૦ ચોરસવાર જગા ભેટ કરેલ, ત્યાં પૂજ્યશ્રીના નિર્મળ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. અગ્નિસંસ્કાર કરવાની મોટી ઉછામણી મુંબઈના શેઠશ્રી છબીલદાસ ઘોટીવાળા વગેરેએ લીધેલ.

સ્વ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે કંઈ શ્રાવક શ્રાવિકાને ભવ-આલોચના શલ્યોદ્ધાર કરાવવાનો, સંઘોના ધાર્મિક ક્ષેત્રના હિસાબ ચોખ્ખા કરાવવાનો, ધાર્મિક દ્રવ્યોના નાણાં વ્યાજ સાથે ભરપાઈ કરાવવાના, ૧-૨ જૈન ઘરના પણ ગામોમાં ગૃહમંદિર બનાવરાવવાના, શિખરબંધી મંદિરો ઊભા કરાવવાના, પાઠશાળા સ્થપાવવાના વગેરે અનેકાનેક ધર્મપ્રભાવના કરેલ, જૈનેતરોમાં શાસનપ્રભાવના કરેલ. એઓશ્રીની સૌમ્ય પ્રકૃતિ, સંયમજીવન, ત્યાગ-તપસ્યા વગેરેએ લોકોને ધર્માભિમુખ બનાવેલ.

એમના જવાથી સમુદાયને તથા સંઘને અને જગતને એક મહાન સંત મહાત્માની ખોટ પડી છે. એમના આત્માને પરમ શાંતિ મળો.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"-૧** વર્ષ-૨૬,અંક-૩૩,તા.૧૫-૪-૧૯૭૮

મહાન સંયમી-મહાન તપસ્વી સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની ગુણગાથા-૧

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે સંયમ લીધું ત્યારથી જ વસ્ત્ર-પાત્રાદિમાં જાડું કામ રાખેલું. એમનાં વસ્ત્ર જાડાં; એમના પાત્ર જાડાં, એવાં કે લગભગ બે સાધુના પાત્રજોડી જેટલું વજન થાય ! એ કહેતા કે 'આપણું શરીર તો ગધેડા જેવું છે, એને પહેલેથી જેવી ટેવ આપીએ એ પ્રમાણે એ ચાલે. શરૂઆતથી જ વજન ઊંચકવાની ટેવ પડી હોય તો પૂજ્યોનું ઊંચકવાનો લાભ મળ્યા કરે !'

ખાનપાનમાં ય જાડું; કેમકે શુદ્ધ આહાર અને શુદ્ધ પાણીના એ બહુ આગ્રહવાળા, તે પાણી જે ઘરે ગરમ પાણી પીવાતું હોય અને ત્યાંથી સાધુ-સાધ્વી મોટા પ્રમાણમાં પાણી ન વહોરી જતા હોય એવા ઘરોમાં ફરી ફરીને થોડું થોડું વહોરતા. તે ઉનું ય હોય, પણ કાષ્ઠની મોટી તરપણીમાં વહોરી લાવતા, ને તે વાપરતા, ગોચરી પણ જાડી એટલે મુનિસમુદાયમાં જે આવેલી હોય એમાં ઉપર ઉપરથી લુખ્ખા સુક્કા જેવો આહાર પોતાને મળે એવી એમની વૃત્તિ રહેતી. અઠ્ઠાઈ જેવી તપસ્યાઓ પણ કેટલીય એવી કરેલી કે આગલા દિવસે મુનિઓને ખબરેય ન હોય કે આ આવતી કાલે તપસ્યા લેવાના છે, તેથી એમની ભક્તિ કરવાનો ખ્યાલ પણ ન હોય, એટલે અંતરપારણાં જેવું કાંઈ નહિ. જાડું વાપરી લઈ ઉપર અઠ્ઠાઈ વગેરે તપસ્યા લગાવી દેતાં.

ત્યારે એમનું ગુરુ પર બહુમાન તો આ કાળે અજોડ જેવું હતું. કર્કશ પણ કે કઠણ પણ ગુરુવચનને દેવતાઈ આશીર્વાદ જેવું એ માનતા. એક વાર સવારે ગુરુ પાસે કોઈ કારણે નવકારશી પચ્ચક્ખાણ લેવા ગયેલ. ગુરુને, વંદન કરી પચ્ચક્ખાણ માગ્યું.

ગુરુ કહે 'શાનું પચ્ચક્ખાણ ?'

આ મહાત્મા કહે 'આપ આપો તે.'

ગુરુ કહે 'તમે તો તપસ્વી છો; કરો ૮ (કે ૧૬) ઉપવાસ.'

ગુરુ-શિષ્યની આ જુગતે જોડી હતી. ગુરુએ પચ્ચક્ખાણ કરાવી દીધું.

આ પચ્ચક્ખાણ પછી પોતાની જાતને એટલી ધન્ય માનવા લાગ્યા કે 'અહો ! હું ખાવકલો ! ક્યાં આજે આ મોટો તપ કરવાનો હતો ? પણ ગુરુજીની કેટલી બધી કૃપા કે મને આવા મહાન તપની બક્ષીસ કરી ! આવા ગુરુ મળ્યાનો કેટલો મારો મહાન પુણ્યોદય !'

ગુરુની સમજફેરમાં ગુરુ કોઈક વાર એમને ભારે તડકાવી નાખે છતાં એમના મનમાં જરાય રીસ ચડતી નહિ, પણ ઉપરથી પ્રેમપૂર્વક હાથ જોડી, એ સાંભળી લેતા અને મિચ્છામિ દુક્કડં દેતા; પછી અવસર પામી વિનયપૂર્વક એ ખરી વસ્તુસ્થિતિ રજૂ કરતા, ત્યારે ગુરુને ખ્યાલ આવી જતો. છતાં ગુરુ પાસે એ બોલાવવાની અપેક્ષા નહિ કે 'તો હું ભૂલ્યો.' કેમકે એ સમજતા કે ગુરુથી પોતાની હાર એ જિત છે, ને ગુરુ પર પોતાની જિત મનાવવીએ પોતાની હાર છે.

એમના ગુરુ પર બહુમાનની શી વાત કરવી ? પોતાને મીઠાઈ વગેરે ત્યાગની ભારે ધગશ ! છતાં ક્યારેક ગુરુ એવું વાપરવા આપી દે તો એની સામે કોઈ પ્રશ્ન નહિ. ત્યારે ગોચરીમાં ક્યારેક ગુરુ સારું સારું બીજા મુનિઓને આપી દે અને છેવટે બહુ સામાન્ય તુચ્છ આહાર વધે તે આમને આપે તો એ ખૂબ ખુશ થતા, તે માનતા કે ગુરુ મારી જ ઉપર કેટલી બધી કૃપાદૃષ્ટિ રાખી રહ્યા છે ! મને ત્યાગનો લાભ ને બીજા મહાત્માઓની ભક્તિનો લાભ મને આપી રહ્યા છે !

એમની ગુરુભક્તિ-સેવા પણ અદ્‌ભુત હતી. એ સેવા-ભક્તિમાં રાત ને દિવસ પાછું વાળીને જોયું નથી. કોઈ રાજા મહારાજાની જેમ એમણે ગુરુની સેવા ભક્તિ-આજ્ઞાંકિતતા બજાવી છે. એવી મોટા ગુરુમહારાજો પૂ.આચાર્યદેવોની પણ ભક્તિ-બહુમાન-આજ્ઞાંકિતતા સાચવતા. આનું પ્રત્યક્ષ રૂડું ફળ એ જોયું કે એમનો મંદ ક્ષયોપશમ સતેજ બની ગયો. અને એક દશવૈકાલિક સૂત્ર ભણેલા ત્યારે ય એના અર્થ-ભાવાર્થનું વિવેચન મોટા આગમધરના જેવું કરી શકતા; શાસ્ત્રોના સાર એવા

સુંદર તારવી નોંધ કરતા કે એ નોંધો વિદ્વાનને પણ વાંચવાનું મન થાય. નોંધો પણ માત્ર નોટમાં રહેવા સરજાયેલી નહિ, કિન્તુ એમને સારી ઉપસ્થિત રહેતી.

આમાં એમની સાધુવત્સલતાએ પણ સારો ભાગ ભજવેલો. સાધુ કોઈ ગમે તેવો ઓછું ભણેલો હોય, તપમાં ન્યૂન હોય, કદાચ કોઈક ક્રોધના સ્વભાવવાળો ય હોય, છતાં એના પ્રત્યે પણ એમને ભારે વાત્સલ્ય ઊછળતું. સાધુને દેખે એટલે રાજીના રેડ થઈ જાય; પછી ગમે તે સમુદાયના સાધુ હોય. આ સાધુવાત્સલ્યભાવ અને શુદ્ધ સંયમની પ્રેરણા તથા વિશ્વસનીયતાથી સાધુઓ-સાધ્વીઓ પોતાની ભવ-આલોચનાઓ એમની આગળ મુક્ત મને કરતાં સંકોચ પામતા નહિ. એટલે જ આજે એ સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ પણ પૂ.આ.શ્રી વિજય ત્રિલોચન-સૂરીશ્વરજી મહારાજના હંમેશ માટે વિદાય થવાથી વિમૂઢ બન્યા છે કે હવે અમે અમારી ભૂલભાલનું આલોચન કોની આગળ કરશું ?

કર્મવશ ઉપસ્થિત થયેલ મોહના અને કષાયના દોષોનું શુદ્ધ હૃદયે આલોચન કરનારને એઓશ્રી પ્રાયશ્ચિત ઉપરાંત એટલા પ્રેમથી હિતશિક્ષા આપતા કે ક્ષતિઓ સામે સામામાં આરાધનાનું બળ વધતું, અને ફરીથી પણ કર્મવશ ભૂલ થઈ જાય તો એમની પાસે આલોચના કરવા જવા હિંમત રહેતી.

શાસ્ત્રમાં આલોચના લેનાર આચાર્યના જેવા ગુણો બતાવ્યા છે એવા ગુણોના એ સ્વામી હતા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"-૨** વર્ષ-૨૬,અંક-૩૪,તા.૨૨-૪-૧૯૭૮

સ્વર્ગસ્થ પૂ. આચાર્યદેવશ્રીમાં માત્ર સાધુવત્સલતા નહિ, પણ સંઘવાત્સલ્ય અને શાસનપ્રેમ અદ્‌ભુત કોટિના હતા. સંઘવાત્સલ્ય એવું હતું કે શ્રાવક-શ્રાવિકા પણ પોતાના ગુપ્ત પાપોનો એમની આગળ ઈકરાર-પ્રકાશન કરી પ્રાયશ્ચિત માગતા. સૌ કોઈને દિલ ખોલવા માટે એ ખૂબ જ ખુલ્લા અને વિશ્વસનીયભૂત સ્થાન હતા. કેટલાય ગામોના શ્રાવક-શ્રાવિકાઓએ પણ એમની આગળ દિલ ખોલી ભવ-આલોચના કરી છે.

એમ, એઓશ્રીની આજ્ઞા નીચેના સાધ્વી સમુદાયની સાધ્વીઓએ પણ ભવઆલોચના કરી છે. સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી એમની આજ્ઞામાં રહેલી સાધ્વીઓને ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પૂ. આચાર્યદેવશ્રી

વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા નીચે મૂકેલ એનું સંચાલન પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. કરતા. સાધ્વીઓને એમણે સંયમની વિશુદ્ધ આરાધનાની પ્રેરણા-પ્રોત્સાહન આપી એવી આચારસંહિતા બક્ષીસ કરેલી કે જેથી સાધ્વીઓ સંયમને ઉજ્જવળ કર્યે જતી. આરાધનાનું પાણી ચડાવવાની એઓશ્રીની ધગશ અને કુનેહ અજબ હતી.

આજનું માનસશાસ્ત્ર એ ભણેલા નહિ, છતાં જીવો પરના નીતરતા કરુણાભાવ અને વાત્સલ્યના યોગે માનસશાસ્ત્રના સિદ્ધાન્ત એમના અંતરમાં વણાઈ ગયેલા. તેથી મોહ અને કષાયના દરદીઓને એમની આગળ અભિગમ (approach) સહેલો હતો. એમની આગળ દિલ ખાલી કરવાનું સરળ જ શું, એ માટે એઓશ્રી અનન્ય સ્થાન હતા. માનસશાસ્ત્ર પદ્ધતિના એમના વર્તાવ અને બોલચાલથી ભાઈ-ભાઈ કે કાકા-ભત્રિજા વગેરેની વચ્ચેના વૈમનસ્ય ઉપરાંત સંઘોમાંનાં વૈમનસ્ય એમણે મિટાવ્યાં છે.

શાસનપ્રેમ પણ એઓશ્રીના હૈયે એટલો બધો ઉછળતો રહેતો કે ખાસ કરીને ઉત્તર મહારાષ્ટ્રના સંઘોના કુળગુરુ જેવા બની ગયેલા. એટલું જ નહિ પણ ભારતની ચારેકોરથી એમના સંપર્કમાં આવેલા લોકો એઓશ્રી પ્રત્યે ભારે ગુણાનુરાગથી વાસિત બન્યા છે. વિશેષતા વળી એ હતી કે પર-સમુદાયના પૂ.આચાર્યદેવો સુધીના શ્રમણોના દિલમાં એઓશ્રી પોતાની સંયમારાધના અને વિશિષ્ટ ગુણનિધિથી સારા વસી ગયેલા. એ આજે ભારતની ચારેકોરથી એઓશ્રીના સ્વર્ગવાસ પછી આવી રહેલા પત્રો પરથી વ્યક્ત થાય છે. જેમાં એઓશ્રીના અલૌકિક ગુણોની ભારોભાર અનુમોદનાના અને એઓશ્રીના ચાલ્યા જવાથી ભારે દુઃખના શબ્દો અંકિત થયા છે.

એમના સંઘવાત્સલ્યના ઉછળતા ઉલ્લાસનું નિમિત્ત લઈને તો એમ કહીએ તો ચાલે કે કાળરાજાએ આપણી પાસેથી આવા યુગપુરુષ જેવા રત્નને ખુંચવી લીધું. બન્યું એવું કે માલેગામ અંજનશલાકા પ્રતિષ્ઠા નિમિત્તે પૂ.આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ યેવલાથી પધારનાર હતા. યેવલાથી માલેગામ સીધેસીધું ૩૫ માઈલ જ થાય, પરંતુ એઓશ્રીના સંઘવાત્સલ્યભર્યા દિલને થયું કે 'અમલનેરમાં અમુક ભાઈઓ મતભેદથી જુદા પડ્યા છે ને સંઘના કાર્યમાં સાથે નથી ઊભા રહેતા, તો મારે જઈને સમાધાન કરાવી લેવા શક્ય કરવું, આ માટે વિજય ભુવનભાનુસૂરીશ્વરજી જલગામથી માલેગામ જતાં અમલનેર વહેલા પહોંચી રહ્યા છે, તો મારે અધિક વિહાર કરી વહેલા પહોંચી જવું, જેથી અમો બંનેના સંયુક્ત પ્રયત્નથી કાર્ય સરળ થાય. સંઘમાં સૌ હળીમળીને કાર્યો કરે, તો દીપી ઉઠે; સૌને એકસરખો સુકૃતનો લાભ મળે; કોઈ જ વંચિત ન રહે.'

બસ, આ સંઘપ્રેમની ઊલટથી લાંબો વિહાર ઉપાડ્યો. આથી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. પોષ સુદ ૧૪ સાંજના અમલનેર પહોંચી ગયેલા અને સવારે પૂજ્યશ્રી પધારવાના હતા. એમની સામે લેવાં જવાની ગણતરી હતી. પરંતુ વિધિનું હૃદય કોણ વાંચી શક્યું છે ? પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ સંઘઐક્ય કરાવવાની ઊલટમાં રોડની એક બાજુ ચાલી આવી રહ્યા હતા, એમાં સામેથી એક ટેક્સીએ એમને ટક્કર લગાવી, પેઢુમા અને પગમાં ફ્રેક્ચર થઈ પટકાઈ પડ્યા, જેનું અતિદુઃખદ અંત આપણે જાણીએ છીએ.

આમ છતાં એઓશ્રીના મનને કદી એમ નથી થયું કે 'હું માલેગામનો સીધો રસ્તો મૂકી આવો લાંબો વિહાર લઈ ક્યાં સંઘઐક્યતાના લોભમાં અમલનેર આવ્યો ને આ જોવાનું મળ્યું ?' આવું મનને જરાય ન લાગવાનું કારણ એમનો ભારોભાર સંઘપ્રેમ અને એકાન્તે લાભકારી જ છે એવો અટલ વિશ્વાસ હતો.

આવા યુગપુરુષસમા મહાત્મા શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજનો સંયમપ્રેમ, જ્ઞાનપ્રેમ અને દર્શન-વિશુદ્ધ અદ્‌ભુત કોટિના હતા. સંયમપ્રેમમાં પાંચ સમિતિઓનાં પાલન પર એમની પ્રધાનદૃષ્ટિ રહેતી. એવી એમની કાયગુપ્તિમાં હંમેશાં અપ્રમત્ત કાયા, ઈન્દ્રિયો પર પાકું સંયમન, શુદ્ધ સાધુક્રિયા, વિનય-વૈયાવચ્ચ વગેરે દર્શનીય હતા. વચનગુપ્તિ અને મનોગુપ્તિ પણ અજબ હતી. નિંદાવિકથામાં એ પડતા નહિ. માનસિક વિચાર સરણી સ્વ-પરના સંયમ તથા સંઘહિતના માર્ગે વહેતી. એમને ઉપધિ તો અલ્પ, અને પૂર્વે કહ્યું તેમ જાડી; મહાવ્રતોના પાલનમાં ભારે ચુસ્તતા; બ્રહ્મચર્ય વિશુદ્ધ કોટિનું; તિતિક્ષા-સહિષ્ણુતાનો તો ભારે રસઃ અને સદા ઉપશમભાવમાં રહેવાની એઓશ્રીની જાગૃતિ...વગેરેમાં એમનો સંયમ પ્રેમ જવલંત ઝળકતો. શાસ્ત્રોની નોંધો ઢગલા બંધ લખી, પણ તે પેન્સીલથી યા નાની સીસી કે કાચલીમાં ભૂકીની શાહી બનાવી બનાવીને લખી; ન કોઈ ફેન્સી આધુનિક સાધન, કે ન ખડિયાની તૈયાર શાહી, સંયમપ્રેમના આવા અનેક દાખલા. એઓશ્રીનો અદ્‌ભુત જ્ઞાનપ્રેમ સાધુચર્યા સેવાભક્તિના સમય સિવાય જ્ઞાનધ્યાનની ઓતપ્રોતતામાં વ્યક્ત થતો. શાસ્ત્રો વાંચ્યા, તે જરૂર પડ્યે નાના મુનિ પાસે પણ વાંચતા. શાસ્ત્રોમાંથી શક્ય નોંધો; વિધિ-વિધાનો અંગે ચારે બાજુથી પ્રમાણિત માર્ગદર્શનાદિ મેળવી એની વ્યવસ્થિત નોંધો, તજજ્ઞો પાસેથી પ્રશ્નોના ઉત્તરો મેળવી એની નોંધો... વગેરેમાં એમનો જ્ઞાનોદ્યમ ઝળકી રહેતો. અરે ! એક ઠેકાણે કરાવેલ અંજનશલાકા પ્રતિષ્ઠા વિધાનમાં કેવી કેવી રીતે આયોજન કરાવ્યું, કેવાં વિઘ્ન કે આપત્તિ આવી, એના કેવા ઉકેલ થયા, વગેરે વગેરે પણ એ ક્રમશઃ નોંધી લેતા, જેથી બીજી જગાએ એ પોતાને ને બીજાને તે ઉપયોગી થાય. એઓશ્રીનો જ્ઞાનપ્રેમ શ્રાવકોમાં

પણ સમ્યગ્જ્ઞાન પ્રસારનારો હતો. દા.ત. યેવલામાં એમણે સવારનો વર્ગ રખાવી મોટી ઉંમરના શ્રાવકોને આવશ્યક ક્રિયાનાં સૂત્રો ગોખતાં કરેલા. મહારાષ્ટ્ર સંઘોના ટ્રસ્ટીઓ-વહીવટદારોનું સંમેલન કરાવી દ્રવ્ય સપ્તતિકા વગેરે શાસ્ત્રોનાં ધર્મક્ષેત્રો અંગેના પદાર્થો સમજાવેલા. એ કહેતા કે આરાધક શ્રાવકો વર્ષોથી પૂજા કરવા જાય ને ચૈત્યવંદન સૂત્રોના અનભિજ્ઞ હોય ! તેમ સમુદાયમાં વર્ષોથી પ્રતિક્રમણ કરે પણ એના સૂત્ર એમને ન આવડે એ કેટલું બેહૂદું છે ? તેમજ વહીવટદારો શાસ્ત્રે કહેલા વહીવટદારના ગુણો ન જાણે, તથા ધાર્મિક દ્રવ્યોની શાસ્ત્રીય વ્યવસ્થા ન જાણે, એ પણ કેવું બેહૂદું છે ! એઓશ્રીની દર્શનવિશુદ્ધિ પણ અનુમોદનીય હતી. દેવાધિદેવ અરિહંત પરમાત્મા પર એમને અથાગ રાગ. તે ચૈત્યવંદન તો શું, પણ પ્રભુદર્શન પણ મસ્તીથી કરતા. દર્શન-ચૈત્યવંદન વખતે એમની મુદ્રા અને ઉચ્ચારણ જોતાં એમ દેખાય કે એ દિલ મેળવીને પ્રભુ સાથે ખરેખર વાત કરી રહ્યા છે, ગામેગામના મંદિરની નોંધ રાખતા જેથી એનું ફરી ફરી સ્મરણ થાય, અને ખાસ વ્યક્તિને અનુમોદનાર્થે નોંધ મોકલી શકાય. આત્મા મહાન ક્યારે બને છે ? આવી નાની નાની બાબતમાં પણ ચોક્કસતા હોય ત્યારે.

દર્શન શુદ્ધિમાં ગુરુઓ પર પ્રેમસહિત શ્રદ્ધા-આદર તથા સાધુજનો પર વાત્સલ્ય તરી આવતા. તેમજ વીતરાગના વચનરૂપ ધર્મ ઉપર તો એમની ગજબની શ્રદ્ધા દેખાઈ આવતી. ક્યારેય ઉત્સૂત્રભાષણ ન થઈ જાય, તેમજ કોઈજ જિનવચન પર લેશ પણ શંકા ન થાય એની ભારે તકેદારીઓ રાખતા ને વાત વાતમાં જિનાજ્ઞાને આગળ કરતા.

સમ્યગ્દર્શનની વિશુદ્ધિ તો કેવી ગજબની એમણે કરી હશે એ દર્શનાચાર પછી ઉપબૃંહણા સ્થિરીકરણ વાત્સલ્ય અને પ્રભાવના એ છેલ્લા ચાર આચારથી કલ્પી શકાય. ઉપબૃંહણામાં નાનામાં નાના સાધુના પણ ગુણની સાધનાની પ્રશંસા કરવામાં એમને કશી શરમ નડતી નહિ, કે જરાય સંકોચ નહિ; તે સામાને આરાધનાનું પાણી ચડાવી દે. ઉપબૃંહણા-સમર્થન એવું કરે કે જાણે પોતે કશું જ નથી અને સામો મહાગુણિયલ છે એવું ભાસે. પરમસમુદાયના શ્રમણોની પણ સાધના સુકૃતો અને ગુણોની અનુમોદના હૈયે ભરી ભરી રહેલી.

સ્વ.પૂ.આચાર્યદેવશ્રીનો સ્થિરીકરણ ગુણ અદ્‌ભુત હતો. સાધુ-સાધ્વીને વૈરાગ્યમાં, ત્યાગમાં, તપસ્યામાં, શ્રદ્ધામાં, ઈત્યાદિમાં...એવી મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી સુંદર પ્રેરણા-પ્રોત્સાહન આપી સ્થિર કરવા ને આગળ વધારવા એઓશ્રીનું હૃદય કરુણા અને તલસાટથી ભર્યું રહેતું. 'આટલું ઊંચું જિનશાસન મળ્યા પછી જીવો

બિચારા શા માટે હારી જાય ? કેમ પાછા પડે કે ચૂક કરે ?' આ એમની આંતર વેદના રહેતી. પછી પડતો સીદાતો જીવ કદાચ એમનું અપમાન કરી ગયો હોય, કે બહાર એમની હલકાઈ ગાઈ હોય, છતાં એ કશું લક્ષમાં ન લેતાં, સ્થિરીકરણ માટે એ સજ્જ રહેતા. આના મૂળમાં એ હતું કે એમને મન કોઈ દુશ્મન જ નહોતો અને સદા પ્રભુશાસન-સંયમાદિની અવિચ્છિન્ન ધારા ચાલુ રહે એ ખેવના હતી.

એઓશ્રીના સાધર્મિક વાત્સલ્યગુણે પ્રાયઃ બીજાઓ પણ કોઈ એમને દુશ્મન તરીકે દેખતું નહિ; એવા એ અજાતશત્રુ હતા. આ વાત્સલ્ય પણ માત્ર પ્રેમના શબ્દોના ફૂલ વેરસ્વરૂપ નહિ, કિન્તુ દિલ અને વર્તાવથી સક્રિય હતું. એથી એમની લોકપ્રિયતા ખૂબ હતી.

દર્શનાચારના 'પ્રભાવના' નામના આચારમાં એઓશ્રી તપ દ્વારા પ્રભાવક બનેલા હતા. એમને હાલતાં ને ચાલતાં આંબેલ, ઉપવાસ, છઠ્ઠ કરવા જોઈએ. અઠ્ઠાઈઓ લગભગ સવા બસો ઉપર કરી હશે. ૧૬ ઉપવાસ, માસખમણ પણ આચરેલા. એક વાર તો ૧૨ મહિનામાં એમણે ચાર વાર ૩૨-૩૨ ઉપવાસ સળંગ કરેલા. એમાં પાછો દિવસના પ્રમાદ નહિ, પણ જ્ઞાન-ધ્યાન ચાલુ, તે એક બત્રીસીમાં 'નિશીથ' નામનું વિશાલકાય આગમ વાંચેલું. આવા તપ પ્રભાવના કેમ ન કરે ? જૈનેતરો પણ આ જોઈ છક થઈ જતા. કેટલાય સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા તપની ભવ્ય પ્રેરણા મળતી.

આવ મહાન સંયમી-મહાન તપસ્વીમાં ગંભીરતા, સહિષ્ણુતા, ઉદારતા, જીવદયા, સેવા પરોપકાર, ક્ષમાસમતા, નમ્રતા-લઘુતા-મૃદુતા, સરળતા-સહૃદયતા, નિઃસ્પૃહા, બહુ અલ્પ જરૂરિયાત, સાદાઈ સાથે ઉચ્ચ હૃદય...વગેરે અનેકાનેક ભવ્ય ગુણો હતા.

પૂજ્ય મહાત્મા આચાર્યવર્ય શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે જીવનભર સાંધેલા સમાધિસ્થાનોના સુખદ ફળસ્વરૂપે એઓશ્રીને જીવનમાં અંતિમ દિવસોમાં ભાર વ્યાધિસમયે પણ સમાધિ સુંદર લાધી. આ સાલ વિ.સં. ૨૦૩૪ના માગશર વદ ૦)) સવારે એઓશ્રી અમલનેર પધારી રહેલા; એમને સામેથી ટેક્ષીએ જોરથી ચાલી આવતાં ટક્કર મારી પેઢુમાં અને જમણા પગે ફ્રેકચર કર્યું, લોહીલુહાણ કરી ૧૦-૧૨ હાથ દૂર ફેંકી દીધા, છતાં સમાધિ કેવી કે એ ટેકસીના ડ્રાઈવર માટે પોતે બોલે છે એને સિપાઈ પાસે પકડાવશો નહિ, મારું મારા અશુભ કર્મે થયું છે, એને કોઈ મારશો નહિ. એઓશ્રીને અમલનેરમાં નેમિચંદ મિશ્રીલાલને ત્યાં સોંપવામાં આવ્યા પોતે કહેતા 'મારી કમર તૂટી-પગ તૂટ્યા હવે હું બચીશ નહિ.' પરંતુ

આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ. એમને કહે 'આપના હૃદયને કે મગજને વાગ્યું છે ?' 'ના,' 'તો પછી આપ ચિંતા ન કરશો, બધું સારું થઈ જશે.'

પણ શી ખબર કે એઓશ્રી કેમ જાણે ભવિષ્યની આગાહી જ ન બોલતા હોય, તે આ સાચું નીવડવાનું હશે ? અહીં યેવલાથી પધારવા પૂર્વે યેવલામાં વ્યાખ્યાનમાં પણ સમાધિમરણ વગેરેના વિષય પર બોલતા બોલતા કે 'જીવનમાં સમાધિ મોટી વસ્તુ છે, ને મને સમાધિ-નિર્યામણા વિજય ભુવનભાનુસૂરિજી કરાવશે, એવો મને વિશ્વાસ છે.' આ પણ કેમ જાણે નિકટના ભવિષ્યની આગાહી જ ન હોય ?

અહીં સામે જ ડૉ. બિપીનભાઈ અને સર્જન ડૉ. કિરણભાઈએ તાત્કાલિક પાટાપિંડી કરી ધુળિયાશ્રી સર્જન ડૉ. ને બોલાવી ઓપરેશન કરીને સાંધો મેળવી. આખા ડાબા પગે પ્લાસ્ટર કર્યું. આ તો બધું બહારનું, તે પૂજ્યશ્રી કહેતા 'મને સંભળાવો,' આખો દિવસ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી વગેરે મુનિઓ નવકારધૂન, ચત્તારિ મંગલં, અમૃતવેલિ સજ્ઝાય વગરે સંભળાવતા, ને પૂજ્યશ્રી પોતે જાણે આવા અવસરે આ અમૃતપાર્ક મળ્યા તે ખૂબ સમાધિ સાથે એ સાંભળતા. છૂપાં કર્મોની આપણને ખબર નથી કે ક્યારે એ બહાર ટપકી પડી શું નું શું કરી નાખે ? તે પૂજ્યશ્રીને કમળો લાગુ થઈ ગયો. એમાં વળી પ્રોસ્ટેટ વધેલી તેથી માતૃ જતાં ૦॥-૦॥ કલાક બેસી રહેવું પડતું, પરંતુ સમાધિ ગજબની હતી.

માલેગામ અંજનશલાકા પ્રસંગે પોતે ન જઈ શકે એમ હોવાથી પોતાને વ્યાધિ-વેદના છતાં અને શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના મુખે શ્રવણની ખૂબ ચાહના છતાં એમને માલેગામ મોકલ્યા. ને પાછળથી પૂ.આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજને પણ આગ્રહ કરી મોકલ્યાં. ઉપરાંત અનુષ્ઠાનવિધિની ચોક્કસત્તા માટે એમને કેટલી બધી ખેવના કે અહીં બેઠા બેઠા માલેગામ વિધિવિધાન આદિ અંગે સૂચનો લખી મોકલતા. એક જ ધગશ કે 'શરીર તો આજે છે ને કાલે નથી પણ આવું અનુપમ જિનશાસન મળ્યું છે તો કેમ હું એની છેલ્લા શ્વાસ સુધી શક્ય કોઈ પણ રીતે આરાધના કરી લઉં.'

કમળામાંથી કમળીનું રૂપક થવા ગયું, આંતરરક્તસ્રાવ શરૂ થઈ ગયો. ઠેઠ એવી ભયંકર સ્થિતિ સુધી પણ એઓશ્રીએ એક જ લક્ષ સમાધિ-શ્રવણનું અને જાતે એની જ રટણાનું રાખેલું. ફાગણ વદ ૪ના દિવસે વધુ ગંભીર સ્થિતિ બની ત્યારે પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. વચમાં વચમાં 'સાહેબ ! ત્રિલોચનસૂરિજી સાહેબ ! સાવધાન ! સાંભળો છો ને ? હાજી કટોકટીનો પરીક્ષાનો અવસર છે.' 'નમો અરિહંતાણં, ચત્તારિ સરણં પવજ્જામિ વગેરે સાવધાની આપતા. એઓશ્રીના

હોઠ પર પણ 'ચત્તારિ સરણં પવજ્જામિ'નું રટણ ચાલુ દેખાતું.

બરાબર સાંજના ૪-૩૬ મિનિટે આ દિવ્ય આત્મા આ નશ્વર દેહ છોડી ગયો. ચતુર્વિધ સંઘમાં હાહાકાર વ્યાપી ગયો. ભારતમાં ગામેગામ આ સમાચાર પ્રસરતાં શોકગ્લાની છવાઈ ગઈ. ધન્ય સાધના ! ધન્ય સંયમ ! ધન્ય મહાયોગી !

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૬,અંક-૩૫,તા.૨૯-૪-૧૯૭૮

સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજનું ગુણકીર્તન



અમલનેરમાં મહાન સંયમી-મહાતપસ્વી શાસનપ્રભાવક પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજના વિશુદ્ધ સંયમ, અનુકરણીય ગુણસંપત્તિ, સંઘ ઉપકાર વગેરે સુકૃતોની અનુમોદનાર્થે ભવ્ય મહોત્સવ ઉજવાઈ ગયો. શાન્તિસ્નાત્ર નવકારશી જમણ વગેરે સુંદર થયું. આ મહોત્સવ અંગેની આમંત્રણ પત્રિકામાં જણાવવામાં આવેલું કે-

સવિનય વિદિત કરવાનું કે સર્વાધિસંખ્ય શ્રમણ સાર્થાધિપતિ કર્મસાહિત્ય નિષ્ણાત પૂજ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ સ્વ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબના શિષ્યરત્ન પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ મહારાષ્ટ્ર દેશોદ્ધારક સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન મહારાષ્ટ્રકેસરી, વૈરાગ્યવારિધિ, ક્રોડો નમસ્કાર મહામંત્રારાધક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યશોદેવ-

સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પરમ તપસ્વી મહાન સંયમી શાસનપ્રભાવક તપોનિધી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ સાહેબ અત્રે ફાગણ વદ ૪ મંગળવારે સાંજે ૪-૩૬ મિનિટે ચતુર્વિધ શ્રીસંઘના મુખે નમસ્કાર મહામંત્રનું શ્રવણ સ્મરણ કરતાં અદ્‌ભુત સમાધિ સાથે સ્વર્ગવાસ પામ્યા છે. અને પાંચ વરસ પહેલા આજ ભૂમિ ઉપર એમની આચાર્ય પદવીનો લાભ પણ અમારા સંઘને મળેલ. તેઓશ્રીના નિર્મળ સંયમજીવનની પ્રખર સાધનાઓ, ઉચ્ચ સદ્‌ગુણો તથા વિશિષ્ટ સુકૃતોની અનુમોદનાર્થે અને અમારા સંઘ ઉપર થયેલ અનંત ઉપકાર માટે અમોએ શાન્તિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબનો અમારા ઉપર તેમજ સમસ્ત મહારાષ્ટ્રના જૈન સંઘો ઉપર નિસ્સીમ ઉપકાર છે. તેઓશ્રીના સ્વર્ગવાસ પછી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ ધરતીને સતત પાવન કરી સ્વ. પૂજ્યશ્રીની ખોટ અમને સાલવા દીધી નથી.

'स्मृतकोटिनमस्कारं भवालोचनकारिणम् ॥
श्री यशोदेवसूरीशं वन्दे वैराग्यवारिधिम् ॥१॥
ज्ञानदर्शनचारित्र नेत्रैः स्फारैर्निजपरम् ॥
श्रीमत्त्रिलोचनस्सूरिस्तारयन् जयताव्विरम् ॥२॥'

આ મહાત્માનું સંયમજીવન અનેક આત્માઓને પ્રેરણા આપતું હતું. જીવનમાં લગભગ ૨૦૦-૨૨૫ જેટલી અઠ્ઠાઈઓ એક જ વરસમાં ચાર વાર ૩૨-૩૨ ઉપવાસ સહિત ૩૦-૧૬ ઉપવાસ ઇત્યાદિ અનેકવિધ તપશ્ચર્યાઓથી એઓશ્રીનું જીવન મઘમઘતું હતું. તેઓશ્રીએ અપાર કરુણા દ્વારા ગામેગામના શ્રીસંઘોમાં સંગઠનો સંધાવી જિનમંદિર, પૌષધશાળાદિ નિર્માણ, પ્રતિષ્ઠા, સંઘયાત્રા ઉદ્યાપનાદિ સમુદિત આરાધનાના મંગળ નિમિત્ત બન્યા હતા. ગુરુકૃપાના તેઓશ્રી અજોડ સ્વામી હતા, અંતર્મુખતાના સતત ઉપાસક, અપ્રમત્તતાના પ્રબલ ચાહક, વાત્સલ્યભરપૂર હૃદય, નિર્દોષગોચરી, મુહપત્તિ ઉપયોગ આદિ સાધુતાભર્યું જીવન, અષ્ટપ્રવચન માતાના પાલનમાં સદા તત્પર, વિશુદ્ધ સંયમજીવનના સ્વામી ઇત્યાદિ અનેકવિધ ગુણો જીવનમાં સદા નજરે પડતા હતા. ગયા વર્ષે ૨૬ દીક્ષાના શાનદાર મહોત્સવના પ્રેરક પણ આ મહાત્મા જ હતા, એવા આ મહાત્માના સ્વર્ગવાસથી મહારાષ્ટ્રના ગામેગામના સંઘોને ન પૂરાય એવી ખોટ પડી છે.

આ મહાત્મા લગભગ ૨॥ મહિના પૂર્વે માલેગામથી આ બાજુ પધારી રહ્યા હતા. અત્રેથી ૨ માઈલ દૂર તેઓશ્રીને વિહારમાં મોટર અકસ્માત થયો, મોટરનું બમ્પર લાગવાથી ૧૫-૨૦ ફૂટ એટલા દૂર ફેંકાઈ જવાથી ફેકચર થયું અને લોહી વહેવાનું ચાલુ હોવા છતાં મહાત્મા, તે વખતે બોલતા હતા કે જે કાંઈ બન્યું છે તે મારા પાપકર્મના ઉદયે, પરંતુ, તમે કોઈ ડ્રાઈવરને ઠપકો આપશો નહી, કે તેના પર પોલીસકેસ કરશો નહીં. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ તેઓશ્રીના મુખમાંથી નીકળેલા આ ઉદ્‌ગારો તેઓશ્રીના જીવનમાં વણાઈ ગયેલી. 'ક્ષમા' અને 'કરુણાના' સૂચક હતા. આ વખતે વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ અત્રે પધારેલા હતા. તેઓશ્રીએ આ મહાત્માને મનગમતી નિર્યામણા સ્તવન-સજ્ઝાય ધૂન વગેરે સંભળાવતા. મહાત્મા પણ સાંભળી સાંભળી અદ્‌ભુત આનંદમાં ડોલતા હતા. યેવલા મુકામે બિરાજમાન પરમગીતાર્થ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબને આ સમાચાર મળતાં તેઓશ્રી પણ તુરત જ ઉગ્ર વિહાર કરી અત્રે પધારી ગયા. પૂનામાં ડૉ. સંચેતી, તેમજ અત્રે સતત સેવા કરનાર ડૉક્ટરો સર્વશ્રી ડૉ. બિપીનભાઈ, ડૉ. કિરણભાઈ, ડૉ. જીવનભાઈ, ડૉ. પ્રવીણભાઈ આદિ અનેક ડૉક્ટરોની ટ્રીટમેન્ટથી તબિયત સુધરવા લાગી. પરંતુ વધી ગયેલ પ્રોસ્ટેટની તકલીફથી "માત્રા"ની તકલીફ ચાલુ થઈ ગઈ, અને વધારામાં કમળાનું દર્દ લાગુ પડી ગયું. આ સમય દરમ્યાન પૂ.હીરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ માલેગામ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પર પધારેલા. આ બંને પૂજ્યો ત્યાંનો મહોત્સવ ખૂબ શાનદાર રીતે ઉજવાઈ ગયા પછી શીઘ્ર વિહાર કરી પાછા અત્રે પધારી ગયા.

આ મહાત્માનું શરીર વ્યાધિઓથી ઘેરાઈ જવા છતાં તેઓશ્રીનો આત્મા સમાધિમાં મસ્ત હતો. સતત ચાલતી નિર્યામણારૂપે નવકાર મંત્રની ધૂન વગેરેમાં તેઓશ્રીને જે આનંદ આવતો તે અદ્‌ભુત હતો. ડૉક્ટરના પ્રયાસ ચાલુ જ હતા. એમાં છેલ્લે છેલ્લે આંતરિક રક્તસ્રાવ, લોહીના દસ્ત વગેરેથી કેસ ગંભીર લાગ્યો. પોતે પણ ખૂબ સાવધ થઈ ગયા. ડૉક્ટરો જ્યારે પૂછે કે 'કેમ સાહેબ ! કોઈ તકલીફ છે ?'... ત્યારે પ્રસન્ન વદને આ મહાત્મા કહેતા કે "તકલીફ તો કાંઈ નથી બધું સારું છે. ચિંતા કરશો નહિ" પણ મને નવકારમંત્ર વગેરે સંભળાવવાનું ચાલુ રાખો. ગામેગામના સંઘોને આ અકસ્માતના સમાચાર મળવાથી તેઓશ્રીની સુખશાતા પૃચ્છાર્થે ચારે બાજુથી સેંકડો ભાવુકો આવવા માંડ્યા. તેઓશ્રીના સ્વાસ્થ્ય નિમિત્તે તથા સંયમ જીવનની અનુમોદનાર્થે ચતુર્વિધ સંઘે અનેકવિધ સુકૃતો-

આરાધનાઓ જાહેર કરી, જેની તેઓશ્રીએ ખૂબ જ અનુમોદના કરી. પૂ.શ્રીને શ્રી વાસુપૂજ્ય જૈન યુવક મંડળ રોજ ભક્તિ સંગીતમય સ્તવનો સંભળાવી સમાધિમાં ઘણું જ સહાયભુત બન્યું છે.

આમ દિવસો જતાં ફાગણ વદ ૪નો દિવસ આવ્યો. આજ તબિયત વધારે ગંભીર લાગી. વયોવૃદ્ધ પરમગીતાર્થ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજ સા. અવારનવાર પધારી નવકાર વગેરે સંભળાવી જાગૃતિ આપતા હતા. જ્યારે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ સતત પાસે બેસી ચત્તારીશરણં...નવકારધૂન...સ્તવન-સજઝાય ઇત્યાદિ દ્વારા તેઓશ્રીને સતત સમાધિમાં સહાયક બનતા હતા. વધુ ખૂબીની વાત તો એ હતી કે આવી ભયંકર સ્થિતિ વચ્ચે પણ તેઓશ્રીને જીભ ''ચત્તારિ શરણં પવજ્જામિ''નો સતત જાપ કરતી હતી- ''મહાત્મા''ના હુલામણા નામથી ખ્યાતિ પામેલા આ પૂજ્ય પુરુષ ચતુર્વિધ સંઘના શ્રીમુખે નવકાર મંત્રની ધૂન સાંભળતાં બરાબર ૪-૩૬ મિનિટે સમાધિ પૂર્વક આ નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગ પ્રતિ પ્રયાણ કરી ગયા.

જ્યાં જ્યાં આ સમાચાર પહોંચ્યા ત્યાં ત્યાં સહુએ ખૂબ આઘાત અનુભવ્યો. રેડિયો તથા દૈનિક પત્રો દ્વારા પણ તેઓશ્રીના કાળધર્મના સમાચાર પ્રસારિત થયા. અને બીજા દિવસની સવાર સુધીમાં હજારો ભાવિકો તેઓશ્રીના પુનિત દેહના દર્શનાર્થે તથા સ્મશાનયાત્રામાં જોડાવા આવી ગયા.

સવારના લગભગ ૭॥-૮ વાગે 'જય જય નંદા-જય જય ભદ્રા'ના ગગનભેદી નાદો વચ્ચે તેઓશ્રીની સ્મશાનયાત્રા નીકળી, અનુકંપાદાન વગેરેથી શોભતી આ સ્મશાનયાત્રા ગામના મુખ્ય માર્ગોએ ફરી શેઠશ્રી પુનમચંદજી ગુલાબચંદજીએ આપેલી જગ્યામાં આવી. અગ્નિદાહની સુંદર ઉછામણી બોલી ઘોટીવાળા શ્રી છબીલભાઈ તથા ભગૂરવાળા શ્રી લલિતભાઈએ અગ્નિદાહ દીધો. ૮ થી ૯ હજાર માણસો આ નશ્વર દેહને રડતી આંખે બળતો જોઈ રહ્યા.

ત્યાંથી પાછા ફર્યા બાદ બપોરના અઢી વાગે પૂજ્યશ્રીની પુનિત નિશ્રામાં તેઓશ્રીના ગુણાનુવાદની સભા યોજાઈ. મહારાષ્ટ્રના અનેક આગેવાનોએ તથા ભારત જૈનરત્ન શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ વગેરેએ તેઓશ્રીના ઉપકારોનું સ્મરણ કરી તેઓશ્રીને મહારાષ્ટ્રના અપ્રતિમ ઉપકારી તરીકે બિરદાવી ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પિત કરી. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.સા. તેઓશ્રીનાં જીવનમાં રહેલા તપ-ત્યાગ-ગુરુસેવા અપ્રમત્તતા સહનશીલતા ઇત્યાદિ અનેક ગુણોનું ભાવ ભરપૂર હૈયે વર્ણન કર્યું, અને પછી 'સર્વ મંગલ...' કરી સભા બરખાસ્ત થઈ.

તેજસ્વી તપસ્વી સીતારો શ્રી રતીભાઈ ખોડીદાસ

વિરમગામના વતની શ્રાદ્ધવર્ય શ્રી રતિભાઈ ખોડીદાસ ૨૦૩૪ના ચૈત્ર વ. ૫ ના દિને સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા. ૫૭ વર્ષની જૈફ વયે સંવત ૨૦૧૭ના ભાદરવા વ. ૧૦ ના રોજ વર્ધમાન આયંબિલ તપનો પાયો નાંખ્યો અને ત્યારથી જ વગર પારણે વર્ધમાન તપની છઠ્ઠીથી આગળ ઓળી ચાલુ રાખી. ૭૨ વર્ષની પાકટ ઉંમરે સળંગ ૧૦૦ ઓળી પૂર્ણ કરી એનો સંવત ૨૦૩૨ના કારતક સુદ ૬ ના રોજ મહાતપોરત્ન બે વખત ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજની પુનિત નિશ્રામાં ભારતભરના શ્રી જૈન સંઘોના સહકારથી શ્રી જૈન સ્વયંસેવક મંડળે સુંદર આયોજન કરીને ભવ્ય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજ્યો. શ્રાવક સંઘના જવાહિર શ્રી રતિભાઈએ 'વર્ધમાન તપ અખંડ આરાધક'નું બિરૂદ પ્રાપ્ત કર્યું. અને જૈન જગતના વર્તમાનયુગના ઇતિહાસમાં કદાચ જેનો જોટો જડવો મુશ્કેલ છે તેવો વિક્રમ સ્થાપ્યો. વિશેષતા વળી એ હતી કે કેટલીય ઓળીઓ માત્ર રોટલી અને પાણી, તો બીજી વળી રોટલી મગ પાણી માત્રથી કરેલી.

પોતાની ઉત્કૃષ્ટ ભાવના આજીવન આયંબિલ તપ કરવાની હોવા છતાં પૂર્વના નિકાચિત કર્મની પ્રબળતાથી ૧૦૩ ઓળી અને ૫૮ આયંબિલ કર્યા બાદ વ્યાધિથી ગ્રસ્ત શરીર થઈ જવાથી છથી સાત મહિના એકાસણા બેસણા કરી તબિયત સ્વસ્થ થતાં પુનઃ બે દ્રવ્યથી ઠામચોવિહાર આયંબિલ ચાલુ કર્યા ત્યારથી આજીવન પર્યંત આ તપ ચાલુ રાખ્યો અને ચૈત્ર વ. ૫ ના રોજ સમાધિમય મૃત્યુ પામ્યા.

તેઓશ્રીના સ્વર્ગવાસથી જૈન તપોજગતના ગગન મંડળે ચમકતો એક તેજસ્વી તપસ્વી તારલો ખરી પડ્યો છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો.

● **મુંબઈ :** અત્રે વાલકેશ્વરમાં વસતા વિસનગરના શ્રી જયંતીલાલ ભગુભાઈના ધર્મપત્ની **શ્રીમતી વિમલાબેનને** છેલ્લા છ માસથી બ્લડ કેન્સર લાગેલો. એમણે નિર્દોષ ઉપચાર સાથે ધર્મની આરાધનામાં અને સમાધિમૃત્યુની ઝંખનામાં મન પરોવેલું.

એમના કુટુંબમાંથી દીક્ષિત પૂ. મુનિરાજશ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજે સારી નિર્યામણા કરાવેલ, તેથી આવો ભયંકર વ્યાધિ પણ એમને આરાધનાના ઓચ્છવરૂપ બની ગયેલ. વૈ. વ. ૧૩ મૃત્યુની બે ઘડી પહેલાં તો એમણે સુપાત્રદાનનો લાભ લઈ પરિવારે કહેલ તપ-જપ-દ્રવ્યવ્યયનાં સુકૃત સાંભળી અનુમોદના કરી, સર્વજીવક્ષમાપના તથા અનશન કરેલ. એમની આરાધનાની અનુમોદનારૂપે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયું.

● **અમદાવાદ**-અત્રે ભા.સુ. ૧૦ રાતના અઢી વાગે પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શ્રીમુખે નિર્યામણા પામતાં પામતાં પૂ. **મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મ.** સુંદર સમાધિમરણ પામ્યા. વિ.સં. ૨૦૦૬માં મુંબઈમાં ભારે ધામધૂમ સહિતના મહોત્સવ પૂર્વક ભાયખલામાં પ્રચંડ મેદની વચ્ચે પોતાના સુપુત્ર સાથે દીક્ષિત થઈ પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મ.ના શિષ્ય બનેલા. સુંદર સંયમપાલન કરતાં કરતાં છેલ્લાં વીસેક વર્ષથી એમને ટી.બી. વ્યાધિની અસર થયેલી છતાં ચાલ્યું ત્યાં સુધી વિહાર પણ કરતા. શરીરશક્તિ બહુ ક્ષીણ થતાં છેલ્લાં ૭ વરસથી એમને અમદાવાદમાં જ જુદે જુદે ઉપાશ્રયે ચોમાસું કરવું પડતું. એટલે વ્યાધિમાં પણ સ્વાધ્યાય-સમાધિ સુંદર જાળવતા. આ વખતે પાલડી-વિશ્વનંદીકર ઉપાશ્રયે ચોમાસામાં શરીર હાડપિંજરશું અને અશક્તિ ખૂબ જ, તેમજ અવારનવાર છાતીમાં ભારે મૂંઝવણ-વેદના થઈ આવતી, ત્યારે ત્યારે પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. દશા પોરવાડ સોસાયટી ઉપાશ્રયેથી પધારીને સમાધિપ્રેરક શ્રવણ કરાવતા. છેલ્લા ત્રણ દિવસ પૂજ્યપાદશ્રી પાસે જ રહેલા, અને દશમની રાતે પણ દોઢ વાગ્યાથી શ્રવણ કરાવવા માંડેલું.

મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મ. પણ ઠેઠ સુધી સાવધાન રહેલા. નવકાર અને નવપદનું જ ધ્યાન, છેવટે અરિહંત સિદ્ધનું ધ્યાન કરતા. છેલ્લે બોલી નહોતા શકતા પણ 'કેમ ? સાંભળો છો ને ? અરિહંતનું ધ્યાન છે ને ?' એમ પૂછાતાં છાતીએ હાથ લગાડી હુંકારો આપતા. હાડપિંજરશા શરીરે પણ છેલ્લા ૩ દિવસની એમની સમાધિથી લોકો ચકિત થઈ જતા. રાત્રે ૨॥ વાગે સ્વર્ગવાસ પામ્યા. ભા.સુ. ૧૧ સવારે ૯॥ વાગે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. એમના સાંસારિકપણે પુત્ર હાલ શિષ્યરત્ન પૂ.પં.શ્રી જયઘોષવિજયજી મહારાજે વર્ષોથી ખડે પગે એમની

અપૂર્વ સેવા બજાવી અન્યોને આદર્શભૂત ખરેખરી પિતૃભક્તિ-ગુરુભક્તિ અદા કરી છે. પૂ. મુનિરાજો શ્રી જયસુંદર વિ.મ., શ્રી નિપુણચંદ્ર વિ.મ., શ્રી હેમરત્ન વિ.મ. વગેરેએ પણ સારી સેવા બજાવેલી. શ્રી સંઘને મહાગીતાર્થ અને વિદ્વાન શ્રમણરત્ન પંન્યાસશ્રી જયઘોષવિજયજીને સમર્પિત કરી જનાર સદ્ગત મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મ. પરમ શાંતિ પામો.

સ્વ. પૂ. મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મહારાજના ઉત્તમ સમાધિમરણ નિમિત્તે ગુણાનુવાદનાં પ્રવચન

પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **ધર્મઘોષવિજયજી** મહારાજ અમદાવાદમાં ભા. સુદ દશમની રાત્રે સમાધિમરણ પ્રાપ્ત કરી ગયા. એ નિમિત્તે ભા. વદ ૨ દશા પોરવાડ સોસાયટીના ભવ્ય પ્રવચન-મંડપમાં એમના ગુણાનુવાદની મળેલી વ્યાખ્યાન-સભામાં પરમ શાસન-પ્રભાવક ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ મંગળાચરણ કર્યા બાદ સ્વર્ગસ્થ મુનિરાજશ્રીના પુત્ર-શિષ્યરત્ન પરમગીતાર્થ પૂ. પંન્યાસજી શ્રી જયઘોષવિજયજી મહારાજે ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે,-

અનંતજ્ઞાની શ્રી જિનેશ્વર પરમાત્માનું શાસન શાશ્વત છે. એ શાશ્વતા શાસનને પામીને અનંતા આત્માઓ સ્વકલ્યાણ કરી શક્યા છે. તે જ શાસનને પામીને મારા પરોપકારી પૂજ્યપિતા-ગુરુદેવશ્રી ધર્મઘોષવિજયજી મહારાજા પણ પોતાના આત્માનું કલ્યાણ સાધી ભાદરવા સુદ દશમે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

મને આ ચારિત્ર મળ્યું હોય તો તેમાં તેઓશ્રીનો જ મોટો ઉપકાર છે. સં. ૨૦૦૧ની સાલમાં ગૃહસ્થપણામાં મૂળ વતન પાટણ છોડીને મારાં સંસારી માતુશ્રી કાંતાબેનની તબિયત બતાવવા મુંબઈ જવાનું થયું. એમને હૉસ્પિટલમાં દાખલ કરાયા, ઉપચાર ચાલુ થયા પણ પરિણામ ન આવ્યું, ને તેઓ ત્યાં જ અવસાન પામ્યાં. સંસારના આ એક બંધનમાંથી મુક્તિ મળી જાણી મારા પિતાશ્રીએ હૉસ્પિટલમાં જ જાતે બ્રહ્મચર્યવ્રતની બાધા ગ્રહણ કરી અને સંસાર છોડવાનો મનમાં નિર્ણય કર્યો. તે પછી મારા મોટા ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો મુંબઈમાં સમાગમ થયો, તેથી વૈરાગ્ય વધવા લાગ્યો અને મને દીક્ષાની ભાવના જગાવવા માટે સ્કૂલ છોડાવીને પૂજ્યશ્રી પાસે

અધ્યયન માટે રાખ્યો. વૈરાગ્ય વધતો ગયો; અને એમાં બેસતા વર્ષે તપસ્વી પૂજ્ય મુનિરાજશ્રી શ્રીહર્ષવિજયજી મ. સા. ઓળીના પારણે ઘેર પધાર્યા અને તેઓશ્રી પાસે "આ જ વર્ષમાં ચારિત્ર લેવું" તેવો અભિગ્રહ લીધો અને અંતે તે જ વર્ષમાં એટલે કે સં. ૨૦૦૬ના વૈ. વ-૬ના દિવસે અમારા બેયની પૂજ્યપાદ હર્ષવિજયજી મ. સા. તથા પૂ. ભાનુવિજયજી મ. સા.ના વરદ હસ્તે દીક્ષા થઈ.

દીક્ષા બાદ ૨॥ વર્ષ સુધી મારા અધ્યયનની કાળજી તેઓશ્રીએ રાખી. તે પછી એમણે ઉચ્ચ કમ્મપયડી વગેરે શાસ્ત્રોમાં અધ્યયન નિમિત્તે પરમોપકારી પૂજ્યપાદ કર્મસાહિત્યકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને મારું સુકાન સોંપ્યું જે તેઓશ્રીએ સહર્ષ સંભાળી લીધું. મને શું અધ્યયન કરાવવું, ક્યારે કરાવવું, કેમ સંયમમાં દૃઢ બનાવવો વગેરેની પૂજ્યશ્રીએ વિશિષ્ટ કાળજી રાખી. મારા ગુરુદેવશ્રીએ પોતાનું જીવન પોતાના સંયમ-સ્વાધ્યાય ઉપરાંત સમુદાયના સાધુઓને શાંતિ-સમાધિ કેમ થાય તે અંગેની સંભાળમાં પરોવેલું. કોઈને પણ પોતાનાથી કલેશ-કંકાસ થાય તે એમને પસંદ ન હતું; અને કોઈને પણ કોઈ કારણથી કલેશ થાય તે તો તેમને ગૃહસ્થપણાથી જ ગમતું ન હતું.

અમે સં. ૨૦૧૪માં અમદાવાદ હતા ત્યારે તેઓશ્રીની તબિયત બગડેલી અને વૈદ્યે ટી.બી.નું નિદાન કરેલું. તેથી એમને અમદાવાદ રોકાવું પડે તેમ હતું. પૂજ્યપાદ આચાર્યદેવ ગુરુદેવશ્રી ચડવાલથી શત્રુંજયના સંઘ નિમિત્તે વિહાર કરવાના હોઈ, તેઓશ્રી સાથે જવાની મેં વાત કરી, તો મને કહે, 'અહીં તારું શું કામ છે ? તું તારે ખુશીથી જા. પૂજ્યપાદશ્રીની સેવા ક્યાંથી મળે ?' ને પૂજ્યપાદશ્રીની સેવાનો લાભ તેઓશ્રીએ પણ શરીર નબળું હોવા છતાં સારો ઉઠાવેલો. લગભગ પાંચ વર્ષ સુધી તો પૂજ્યશ્રીનો પત્ર વ્યવહાર પણ બધો જ પોતે સંભાળતા. સાથે સાથે જ્ઞાન પ્રાપ્તિની ધગશ મોટી ઉંમરે પણ સારી હતી. ગૃહસ્થપણામાં પણ એક સામાયિકમાં પાંચ ગાથા ગોખી શકતા. અહીં આવ્યા બાદ પણ તેઓશ્રીએ ચાર પ્રકરણ, ૩ ભાષ્ય, યોગશાસ્ત્ર ૪ પ્રકાશ, વીતરાગ સ્તોત્ર, તત્ત્વાર્થ, પિંડવિશુદ્ધિ, ધ્યાનશતક, જ્ઞાનસાર આદિ કંઠસ્થ કરેલાં, એમાં જ્ઞાનસાર અષ્ટકના આઠ શ્લોકનો પાઠ કરતાં તેઓશ્રીને ૧॥ કલાક થતો. શી રીતે પાઠ કરતા હશે ? એ શ્લોકના ભાવને વિચારી વિચારીને આત્મા સાથે ભાવિત કરતા, તે રીતે ભાવભર્યા સ્તવનો પણ તેમણે સારા પ્રમાણમાં ગોખેલાં.

છેલ્લાં વર્ષોમાં શરીર ઘણું નબળું પડ્યું. પહેલેથી શરદીનો કોઠો હોવાથી કફની તકલીફ શરૂ થયેલી. અવાર-નવાર તાવ પણ આવી જતો, વચ્ચે કફમાં

લોહી પણ પડતું; પરંતુ કોઈપણ પીડા વખતે એમણે અરેરાટી કરી નથી. તે કહેતા કે 'દુઃખ એ કાયમ રહેતું નથી; તે તો જવાનું જ છે, તો જનારા દુઃખમાં મારી અખંડ સમાધિ શા સારુ જતી કરવી ? આ અવસ્થા ક્યાં કાયમ ટકવાની છે ?' કેટલીક રાતો પીડામાં એવી પણ ગઈ હશે કે તેમાં આખી રાત સ્વાધ્યાય કર્યો હશે અને કેટલીક વાર તો ખાસ સ્વાધ્યાય માટે જ આખી રાત જાગરણ કરતા.

જીવનમાં એમણે નવપદને એવા વણી લીધેલાં કે દિવસ દરમ્યાન વારંવાર નવપદને યાદ કરતા, એને કારણે અંત સમયે પણ નવપદનું રટણ અવિરત ચાલુ રહ્યું. આ ચોમાસામાં કફ અને તાવની તકલીફ વધી જતી ત્યારે પોતાને અસમાધિ થઈ જશે ! તેવો ભય રહ્યા કરતો; તેથી તેમ ન બને તે માટે જયારે જયારે પીડા વધી જતી ત્યારે ત્યારે દશાપોરવાડ સોસાયટીથી પૂજ્યપાદ આચાર્ય ભગવંતને તેડાવતા અને તેઓશ્રી પધારતા અને કલાક-સવા કલાક બેસી સુંદર હિતશિક્ષા આપતા. એથી એમને સમાધિનો નવો પાવર આવી જતો અને પાછા નવપદના સ્મરણમાં લીન થઈ જતા. સ્તવન-સજ્ઝાય જીવનમાં ઘણાં ઘૂંટેલા હતાં તે એનું સ્મરણ કરતાં પણ છેલ્લી અવસ્થામાં બધામાંથી ચિત્ત ખેંચી લઈ માત્ર નવપદમાં લીન કરેલું અને તેઓ કહેતા કે મને સમાધિની જરાયે શંકા નથી અને એનાં ફળ સ્વરૂપે જ તેઓશ્રી અંતિમ ક્ષણ સુધી પૂર્ણ સ્વસ્થતાથી નવકાર મંત્રનું શ્રવણ-સ્મરણ કરતાં કરતાં સ્વર્ગવાસને પામ્યા.

દેવલોકની પ્રાપ્તિ એ તો આરાધનાનું મામૂલી ફળ છે, પણ તેઓશ્રી વહેલી તકે મોક્ષપદની પ્રાપ્તિ કરશે એવું તેમની અંત સમય સુધીની પ્રસન્ન મુખાકૃતિ કહી રહી હતી. આવા ગુણો-સાધના અને સમાધિ આપણને સહુને મળે તે જ સદા માટેની અભિલાષા.

(પ્રવચનકારશ્રીના આશય વિરુદ્ધ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુઃક્કડમ્ - અવતરણકાર)

પૂ. ગણિવર્ય શ્રી જયઘોષવિજયજી મ.નાં પ્રવચન પછી

• પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પ્રવચન કરતાં ફરમાવ્યું કે,-

અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતોના આ જગત પર અગણિત ઉપકાર થયા છે, એમાં પણ ભવ્ય જીવો પર તો એટલા મોટા ઉપકાર થયા છે કે જેનું શબ્દોમાં વર્ણન પણ ન થઈ શકે. તેવા ઉપકારી અરિહંતો ભૂતકાળમાં અનંતા થઈ ગયા છે, ભવિષ્યકાળમાં અનંતા થવાના છે અને વર્તમાનકાળમાં ૨૦ વિહરમાન ભગવંતો

પૃથ્વી પર ઉપકાર કરતાં વિચરતા છે. એ બધા જ ભગવંતો પોતાના પૂર્વના ત્રીજા ભવમાં ૨૦ સ્થાનક આરાધના સાથે સહુ જીવોને મોક્ષ કેમ મળે ?-એવી ઉત્કૃષ્ટ ભાવનાના બળે તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે અને અંતે ત્રીજા ભવમાં તીર્થંકર બને છે; શાસનની સ્થાપના કરે છે અને મોક્ષ માર્ગ બતાવે છે.

પરંતુ આવી શાસન-સ્થાપના થવા છતાં ને ખુદ ભગવાન સાક્ષાત્ મળવા છતાંયે, **જીવોનું દર્શન મોહનીય નામનું પાપ વિદ્યમાન હોય ત્યાં સુધી ભગવાન કે ભગવાનનું શાસન એમના હૈયામાં વસતું નથી. ત્યારે આ શાસન હૈયામાં વસે નહિ ત્યાં સુધી, જીવને જીવતાં કે મરતાં સમાધિ મળી શકતી નથી.**

જેને જીવનમાં સમાધિ નથી એના જીવનની કિંમત પણ શી છે ? આ સ્વર્ગસ્થ મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી જીવન અને મરણમાં સમાધિ પામી ગયા તે ભગવાનના શાસનનો પ્રભાવ છે.

એ મુનિરાજનો મને ઘણો પરિચય નથી, પણ આ મુનિવરોએ તેમના ગુણાનુવાદમાં જે પરિચય આપ્યો, તે પરથી જણાય છે કે જૈન કુલ વગેરે પણ ધર્મ પામવામાં કેટલા બધા સહાયક બને છે ! આ મુનિરાજને **પત્નીનું મૃત્યુ થતાં એમને બ્રહ્મચર્ય લેવાનું મન થયું, પોતાના પુત્રને સાધુ બનાવવાની ઈચ્છા જાગી, પોતે પણ સંસાર છોડી સાધુ થવાનો નિર્ણય કર્યો !** શું આ બધું સહેલું છે ? પણ ભગવાન અને શાસન સમજાઈ જાય તો સહેલું છે. આ સભામાં સ્ત્રી તો ઘણાની મરી હશે, પણ તે પછી સાધુ થવાનું મન કેટલાને થયું ? ભગવાન અને તેમનું શાસન સમજાઈ જાય તો મન થતાં વાર ન લોગે, પણ ભગવાન અને શાસનને સમજવાની તમારી મહેનત ચાલુ છે ? તમારા ઘરમાં પણ સાંજે કુટુંબ ભેગું કરીને શાસનની જ વાત કરો ને ? આ મુનિરાજશ્રીને જેમ સારો દેશ-કુલ-જાતિ વગેરે મળ્યાં તેમ તમને શું સારા કુલ વગેરે નથી મળ્યાં ? એ મળવા છતાં હવે તળાવેથી તરસ્યા પાછા જવું છે ? શાસન સમજ્યા વિના જ મરી જવું છે ?

આ મુનિરાજશ્રીને સહેજ નિમિત્ત મળતાં સંસાર પર વૈરાગ્ય થઈ ગયો અને દીક્ષાનો નિર્ણય કર્યો, તમને વિરાગ જાગે તેવું કોઈ નિમિત્ત મળ્યું છે કે નહિ, કે પછી મળવા છતાં આંખ આડા કાન ધર્યા છે ?

આ મુનિરાજ તો સુંદર સંસ્કારના યોગે સાધુપણું પામ્યા, તેમના પુત્રને પણ સાધુપણું પમાડ્યું, સુગુરુનો યોગ પણ મળી ગયો અને સંયમ જીવનની સુંદર કેળવણી પણ મળી ગઈ અને જતાં જતાં છેલ્લે સુધી પણ નવકાર મંત્રનું ધ્યાન પામી ગયા ! તમને આ બધું પામવાની ઈચ્છા થાય છે કે નહિ, જો શાસન

ઓળખાઈ જાય અને ભગવાન ગમી જાય તો કામ થઈ જાય એવું છે. **જેને ભગવાન અને ભગવાનનું શાસન ગમી જાય તેને પછી સંસારની કોઈપણ ચીજ વાસ્તવિક રીતે ગમે જ નહિ. આવી દશા આવ્યા વિના શ્રાવકપણું આવી શકે નહિ.** પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તો કહે છે કે-

'શ્રી જિન ને જિનમત વિના જૂઠ સકળ એ બુદ્ધિ રે...'

આવી જે બુદ્ધિ તે સમકિતીની મનઃશુદ્ધિ છે. જિન અને શાસન ગમ્યું તેને પછી બાકસ-બુકસ ગમે જ નહિ. પણ તમને હજુ બીજુ બધું એવું ગમે છે. તેની આગળ જિન અને જિનનું શાસન કોઈ વિસાતમાં લાગતું નથી. પણ યાદ રાખજો કે **આ જિન અને શાસન ગમ્યા વિના સમાધિ મળવાની નથી. શાંતિ પણ મળવાની નથી.** ભૌતિક સુખ સામગ્રી ભલે ગમે એટલી મળે પણ એમાં શાંતિ આપવાની તાકાત છે ?

સભા : ના સાહેબ...

તો પછી આટલું જાણવા છતાંયે હજુ તે સામગ્રી ગમે અને આ જિન અને શાસન ન ગમે ? આ જો ગમી જાય તો સંસારના સુખની લાલચ ઘટી જાય. દેવલોકમાં ગયેલા સમકિતી આત્માઓ પોતાનું સમ્યગ્દર્શન શી રીતે સાચવતા હશે ?

દેવલોકનાં સુખો આગળ અહીંનાં સુખ તો વિષ્ટા જેવાં છે, એવા ચડિયાતા સુખમાં પણ તે સમકિતી દેવો લપેટાતા કેમ નથી ? કહો કે જેને જિન અને શાસન ગમે, તે લપેટાય જ નહિ. આવા જિન શાસનને આપણે ઓળખવું છે ? એને ઓળખવા માટે આ જિંદગી નાની પડે તેમ છે. માટે હવે આજથી ઓળખવાની શરૂઆત કરવી છે ? આ માટે તમને બધાને એક અભિગ્રહ કરાવવો છે કે "દાળરોટી જેટલું મળે પછી બજારમાં જવું જ નહિ અને પેટને ભાડું આપી; આખો દિવસ જિનશાસનને ઓળખવા અને આરાધવા માટે જ મહેનત કરવી." આ અભિગ્રહ તમે કરશો ? આ તમે કરવા મંડો તો તમારો પરિવાર પણ સુધરવા માંડે.

આ બેઠા તે પંન્યાસજીશ્રી જયઘોષવિજયજી સ્વર્ગસ્થ મુનિરાજના સંસારીપણે સુપુત્ર છે અને સાધુપણામાં તેમના સુશિષ્ય થાય છે. તેમણે પણ સારું એવું જ્ઞાન સદ્ગુરુનો યોગ પામી મેળવ્યું છે. તેમના પિતાજીની ગૃહસ્થપણાની અને સાધુપણાની બેય અવસ્થા તેમણે જોઈ છે અને તમને ઓળખાણ કરાવી છે. તેમને પણ સાધુપણું પિતાજીના ઉપકારથી મળ્યું છે.

ભગવાનના શાસનને પામેલા એવા મા-બાપના દીકરા સાધુ ન થાય તો મા-બાપને પારાવાર દુઃખ થાય. જાણે અગ્નિના લારા પડતા હોય તેવું લાગે. એ

સંતતિને સંયમી બનાવવાની જ ધગશવાળા હોય - પછી દીકરા દીકરીનું મન ન જ માને ને લગ્ન કરવાં પડે તેમ જ હોય તોય છેલ્લે સુધી લગ્નની ખબર લોકને ન પડે એવું રાખે. એ તો કોઈક શિલા ગળે બાંધવા તને લઈ જવામાં આવે છે એમ સમજાવી એને ઘોડે બેસાડે અને ફૂલેકું ચડાવે ત્યારે લોકને ખબર પડે. એમાંય માંડવે પહોંચ્યા પછી પણ ખૂણે લઈ જઈને બાપ સમજાવતા કે 'બોલ, હજુય દીક્ષાનું મન થતું હોય તો આ માંડવો ફેરવી નાખું. લગ્નને બદલે દીક્ષાનો મહોત્સવ કરું.' ત્યારે દીકરાનું કર્મો ભારે હોવાનું સમજી મુખ લજ્જાથી નમી પડતું. આ રીતે તમે બધા કર્મો ભારે હોવાના કારણે જ સંસારમાં બેઠા છો ને ? બેસવાની ઇચ્છા નહિ ને ?

આ ગુણાનુવાદ ગુણ પામવા માટે હોય છે. આ મહાત્માની કથા વર્તમાનમાં બનેલી છે. ભૂતકાળની શાસ્ત્રમાં લખેલી આ વાત નથી. પોતે ચારિત્ર પામ્યા, પુત્રને પણ સાથે લીધો; અંતે અરિહંત સિદ્ધ જપતાં જપતાં સ્વર્ગવાસ પામ્યા. સારી સમાધિ પણ જાળવી શક્યા. તમારે તેવી **સમાધિ જાળવવી છે ? તો તેને માટે સંસારના સુખને, સુખની સામગ્રીને ભૂંડી માનવી પડશે.** સુખ કે સુખની સામગ્રી ભૂંડી ન લાગી, સારી ગમી એટલે સમાધિમાં પથરો પડ્યો સમજો. **સંસારની એક ચીજ ગમી એટલે એની પાછળ અનેક ઉપાધિઓ ઊભી થવાની માટે સંસારની ચીજ ગમવી જ ન જોઈએ.** એ માટે તો ભગવાન પાસે રોજ ભવનિર્વેદ માગવાના છે. એ 'ભવનિર્વેદ' એટલે સુખમય સંસારમાંથી ભાગી છૂટવાની ભાવના. આ ભવનિર્વેદ પામવા આત્માને રોજ ૧૨ ભાવનાથી ભાવિત કરો. ઓરડામાં બેસી એકલા બોલ્યા કરો 'આ ઘર મારું નથી, આ પરિવાર મારો નથી, આ પૈસા મારા નથી. આ શરીર પણ મારું નથી.'

આવા મહાત્માના ગુણ સાંભળ્યા પછી તમે ગુણ ન પામો તે કેમ ચાલે ? હવે શ્રી જિન અને શ્રી જિનશાસનને ઓળખીને જીવનમાં સમાધિ મેળવવી છે ? ને અંતે પણ સમાધિ પામવી છે ? બને તો વહેલામાં વહેલા સાધુ જ થવું છે ? ન થવાય ત્યાં સુધી રોજ સાધુ થવાની જ ભાવના ભાવવી છે ? આટલું કરતા થઈ જાવ, તો આ ગુણાનુવાદ તમને ફળ્યા સમજજો. હવે દીકરા દીકરીને સાધુ બનવાની જ પ્રેરણા કરવાના ને ? આ સ્વર્ગસ્થ મુનિરાજ તેમના દીકરાને સુંદર સંસ્કાર આપી સાધુ બનાવી ગયા. તમારી બધાની પણ તેવી જ ઇચ્છા છે ને ?

આવા સુંદર શાસનને પામીને વહેલી તકે સાધુપણાને મેળવીને જીવન-મરણ ઉભયમાં સમાધિ પ્રાપ્ત કરીને વહેલી તકે શિવ સુખને વરનારા બનો; એ જ

એક અભિલાષા.

(પ્રવચનકારશ્રીના આશય વિરુદ્ધ લખાયું હોય તે બદલ મિચ્છામિ દુઃક્કડમ્ - અવતરણકાર)

• • •

પૂ. મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી મ.ની ભવ્ય અંતિમ આરાધના

અમદાવાદ (પાલડી) : અત્રે ભા.સુ-૧૦ રાતના લગભગ ૨॥ વાગે સ્વર્ગવાસ પામેલ પૂ. **મુનિરાજશ્રી ધર્મઘોષ વિજયજી** મહારાજની છેલ્લા ત્રણ દિવસની ભવ્ય આરાધનાએ નજરે જોનાર શ્રીસંઘમાં આશ્ચર્યનો ચમકારો ફેલાવી દીધો કે 'અહો ! ૨૦-૨૦ વર્ષની ટી.બી.ની વ્યાધિ અને વર્ષોના અતિ અલ્પ આહારથી હાડપિંજર શા થઈ ગયેલ શરીરમાં પણ આ જાગૃતિ કે હૃદયમાં માત્ર નવકાર અને નવપદનું ધ્યાન બતાવી રહ્યા છે ! અને ઊંચી આંગળી કરી સિદ્ધશિલા પર જવાનું સ્થાન બતાવી રહ્યા છે !' વર્ષોની બીમારીમાં વારે વારે તાવ આવે, ખાંસી ચાલે, કફ પડ્યા કરે, શરીર તૂટે, તો પણ ચિત્તની સુંદર સમાધિ જાળવી રાખનાર અને નવપદ ધ્યાન-તીર્થ ચિંતન-મહાપુરુષ ચિંતન-જ્ઞાનસારાદિશાસ્ત્ર-સ્વાધ્યાયધ્યાનમાં રહેનાર આ મહાત્માને એ સાધના ફળી. છેલ્લા બે મહિનાથી કફ-તાવની ભારે બીમારી રહી. શ્રી વિશ્વનંદીકર ઉપાશ્રય સંઘ તથા સેવાભાવી ડૉક્ટરો સારી સેવા બજાવતા હતા. શ્રી પર્યુષણા પર્વમાં ખૂબજ અશક્તિ છતાં પ્રતિક્રમણાદિ યાવત્ સાંવત્સરિક પ્રતિક્રમણ વગેરે સારા ઉપયોગ પૂર્વક કરેલા. શાતા પૂછવા અને વંદન કરવા આવેલ તમામ સાધુ શ્રાવકોને 'મિચ્છામિ દુક્કડં' કહી ખમાવતા. છેલ્લા ૨-૩ માસમાં ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. દશા પોરવાડ સોસાયટીમાંથી વારંવાર શાતા પૂછવા પધારતા અને વિશેષમાં મુનિશ્રી વધુ અસ્વસ્થતા થતાં પૂજ્યશ્રીને યાદ કરતા ત્યારે ત્યારે એઓશ્રી પધારી સુંદર શ્રવણ કરાવતા તેથી અસ્વસ્થતાનું લક્ષ ભૂલી આ મુનિપુંગવ સુંદર સમાધિ અને ભારે પ્રસન્નતા અનુભવતા.

ભા.સુ. ૯ સવારથી બીમારીનું જોર વધતાં જાણે અનશન કરવાની અભિલાષા હોય તેમ એમને વપરાવાનું કરવા જતાં એ મોઢા પર હાથ મૂકી દેતા, અને પોતાના મુખે જ આખો દિવસ અરિહંત-સિદ્ધ અવસ્થાનું રટણ સ્પષ્ટ ઉચ્ચારણથી ચાલુ રાખેલ. આનાથી બહુ નબળાઈ થઈ જતાં સુદ ૧૦ સવારે પ્રતિક્રમણાદિ કરી નવકારશી વાપરવા વખતે પણ મોં પર લુણું દબાવી વાપરવાનો નિષેધ સૂચવેલ. સ્વસ્થતા અને સાવધાની અજબ કોટિની હતી. કુદરતી આજે ખાંસી, કફ વગેરે

પણ બધું શમી ગયેલ. મુનિઓ સર્વજીવ ક્ષમાપના-નવકાર-નવપદ શરણ સંભળાવતા એમાં સિદ્ધપદ આવે ત્યારે બીમાર પોતે હાથ ઊંચો કરી સિદ્ધશિલા બતાવતા.

આજે ગંભીર સ્થિતિ હોઈ પરમારાધ્યપાદ શ્રી આચાર્ય ભગવંતે પણ વ્યાખ્યાન બીજાને સોંપી ત્યાં જ મુકામ કરેલ અને નિર્યામણા કરાવતા. તે રાત્રે લગભગ ૧।। વાગે ગ્લાનની ગંભીર સ્થિતિ વધતાં એઓશ્રીએ શ્રીમુખે નવકાર મંત્ર-અરિહંતશરણ-સિદ્ધશરણ વગેરે સંભળાવવા માંડેલ. આ મહાન મુનિ પણ એઓશ્રીના મુખ સામે જોઈ રહી સાંભળવામાં સાવધાન બનેલા તે છેલ્લો શ્વાસ બંધ થવા આવ્યો ત્યાં સુધી પૂજ્યશ્રી સામે જોઈ રહેલા. કોઈ ડચકું નહિ, તાણ નહિ, દીવો સહેજે બુઝાય એમ શ્વાસ પૂરા થયા અને આંખો પૂજ્યપાદશ્રીની સામે જોતી ખુલ્લી જ રહી ગઈ.

શમશાનયાત્રા ભવ્ય નીકળી, અહીં ચતુર્વિધ સંઘની ચિકાર સભામાં દેવવંદન કર્યા બાદ પૂજ્ય આચાર્ય ભગવંત સદ્‌ગત મહાત્માની સમાધિના ગુણાનુવાદ કરતાં પોતે પણ ગળગળા થઈ ગયા. અવાજ ધીમો થઈ જતાં પૂ.આ. શ્રી વિજયમહોદયસૂરિજી મહારાજે કહ્યું : 'સાહેબજી ! મોટેથી પ્રકાશો' ત્યારે પૂજ્યશ્રીએ સ્વસ્થ થઈ ૧૫-૨૦ મિનિટ સમાધિની ખૂબ ખૂબ અનુમોદના સાથે સૌને સુંદર હિતશિક્ષા ફરમાવી.

સદ્‌ગતને પૂ. આચાર્યદેવશ્રીએ ખૂબ સમાધિ આપી. ૩-૩ કલાક પાસે બેસી એમને જાગ્રત કરવા વચ્ચે વચ્ચે જરા હસાવતા પણ. પૂછ્યું : 'કેમ તમે તો સ્વર્ગમાં જવાના; તો શાસન સેવા કરવા આવશો ને ?' બીમાર મુનિ કહે 'હા.' વળી પૂજ્યશ્રી પૂછે કે 'કેમ પ્રસન્ન છો ને ? પ્રસન્નતા દેખાડો તો હું ય રાજી થાઉં' એમ કહેતા જ, ગ્લાનમુનિ ભારે વેદનામાં પણ હસી પડતા. સદ્‌ગતના શિષ્ય પં.શ્રી જયઘોષવિજયજી મ. તથા મુનિરાજો શ્રી જયસુંદરવિજયજી મ., શ્રી નિપુણચંદ્ર વિ.મ., શ્રી હેમરત્ન વિ.મ., શ્રી કુલયશ વિ.મ. વગેરેએ પણ સુંદર સેવા બજાવેલી.

સદ્‌ગત મહાત્માની આરાધના અને સમાધિની પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીના હૃદય પર કેવી ઊંડી અસર પડી હશે કે એઓશ્રી આ.શ્રી વિજય **ભુવનભાનુસૂરિજી પરના પત્રમાં લખે છે,**-"સુદ ૧૦ની રાતના ૨ અને ૨૨ મિનિટે મુનિરાજશ્રી ધર્મઘોષવિજયજી ખૂબ જ સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા છે. આજે સવારના દસ વાગતાં તેમની સ્મશાનયાત્રા પણ ભવ્ય નીકળી અને ચતુર્વિધ શ્રીસંઘે દેવવન્દન સુંદર રીતે કર્યું. પં.શ્રી જયઘોષવિજયજી ગણિવરની સમાધિ આપની સેવાની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે મુનિરાજશ્રી જયસુંદરવિજયજી, નિપુણચંદ્રવિજયજી, હેમરત્નવિજયજી આદિ સૌએ પણ સુંદર આરાધના કરાવી છે. રોગથી ઘસાઈ ગયેલા શરીરે પણ સ્વર્ગવાસી મુનિવરે શ્રી નવકારમંત્ર અને શ્રી

નવપદજીને અદ્‌ભુતપણે આત્મસાત્ કરેલ. આત્માની દશા કેવી હોય છે તેનું સૌને સુંદર દર્શન કરાવ્યું. તમારા એક શિષ્યરત્ને સમાધિ રાખવાની સુંદર કલા અનેકને શીખવી છે એ ખૂબ જ અનુમોદનીય છે."

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૭,અંક-૨૯,તા.૩૧-૩-૧૯૭૯

સ્વ. મુનિરાજશ્રી ધર્મરત્નવિજયજી મ.ની અનુમોદનીય આરાધના

૨૦૩૬ મહા વ. ૧૪ને રવિવારે પાટણ મુકામે સમાધિસહ સ્વર્ગવાસ પામેલા **મુનિરાજ ધર્મરત્ન વિ.મ.**નો જન્મ ભાવનગર મુકામે થયેલો. પિતાશ્રી તથા માતુશ્રીના સુંદર સંસ્કારો મળવાથી અને પૂર્વભવના સંસ્કારોની ભેટ લઈને આવેલા. આ ધરમસિંહભાઈમાં વૈરાગ્યનો રંગ દિનપ્રતિદિન વધતો જતો હતો. એમાં ૧૯૮૫માં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજા-પૂજ્યપાદ આચાર્યદેવ પ્રેમસૂરીશ્વરજી મ., પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિનો પાવન પરિચય થયો. પ્રવચનાદિના શ્રવણે વૈરાગ્ય દૃઢ બન્યો અને સંસારનો પરિત્યાગ કરી અણગાર બનવાનો નિર્ધાર કર્યો. પણ એક પછી એક વિઘ્નોની હારમાળાઓ ચાલવા લાગી-સંસારના બંધનને તોડી નાખવા મથતા ધરમસિંહે પ્રભુભક્તિનું જોર વધારી દીધું. પૂજામાં પગે ઘૂઘરા બાંધીને નાચવા લાગી જતા હતા, તે વખતે એવા તલ્લીન બની જતા કે જાતને પણ ભૂલી જતા. 'અબોલડાં શાના લીધાં છે રાજ...' 'અષ્ટાપદગિરિ યાત્રા કરણકું...' 'આજ મારા પ્રભુજી સામું જુઓને' ઈત્યાદિ સ્તવનો જ્યારે તેઓ ગાતા અને સમુદાયને ઝિલાવતા ત્યારે તો સહુની આંખે અશ્રુના અનરાધાર મેઘ વહેવડાવતા હતા.

સિદ્ધાચલ તીર્થાધિરાજની રોજ માનસિક યાત્રા કરતા. નવકાર મંત્રનું સ્મરણ સતત ચાલુ જ રાખતા. આયંબિલ તપના ખૂબ શોખીન હતા. વર્ધમાનતપની ૭૦ ઓળી પોતે કરેલી અને બીજા અનેક આત્માઓને આયંબિલ તપ પર ચડાવેલા. જીવનમાં ૨૧, ૧૬, ૧૫, ૧૧, ૮ ઉપવાસ જેવી મોટી તપસ્યા પ્રતિવર્ષે પર્યુષણા વખતે અવશ્ય કરતા.

આવી ભક્તિના પ્રભાવે તેઓએ વિ. સં. ૨૦૦૨ની સાલમાં મહા વદિ ૬ ના દિવસે ૫૨ વર્ષની વયે સિદ્ધિગિરિરાજની છત્રછાયામાં અધ્યાત્મનિષ્ઠ પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજના શિષ્ય તરીકે ચારિત્રનો સ્વીકાર કર્યો અને પૂ. મુનિરાજશ્રી ધર્મરત્ન વિ.મ. તરીકે જાહેર થયા. ૩૨ વર્ષ સુધી

પોતાના ગુરુદેવશ્રીની નિશ્રામાં રહીને આત્માને ધન્ય બનાવ્યો હતો.

છેલ્લાં બે વર્ષથી લકવાની અસર હતી-છતાં આરાધનાનો ભાવ વૃદ્ધિગત રહેતો હતો-એમાં વળી વર્ધમાન તપોનિધિ પૂ. પંન્યાસ પ્રવર હર્ષવિજયજી ગણિવર્ય મ.નું સાંનિધ્ય તેમને મળેલું-એટલે સોનામાં સુગંધ ભળેલી. 'સહાય કરે તે સાધુ' આ ઉક્તિને ચરિતાર્થ કરતા આ નિસ્પૃહ શિરોમણિ-પંન્યાસજી મ. ગ્લાન મુનિની જે સેવા કરી છે અને સમાધિ આપી છે, તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. પાટણના શ્રીસંઘે પણ સુંદર ભક્તિનો લાભ ઉઠાવ્યો છે. અને સેવામાં ખડે પગે તૈયાર રહેનારા પૂ. મુનિવરોમાં પૂ. મુનિરાજશ્રી ખાંતિ-વિ.મ., પૂ. મુનિરાજશ્રી જયંતભદ્ર વિ.મ., પૂ. મુનિરાજ રત્નસેન વિ.મ. આદિએ સેવાભક્તિનો અમૂલ્ય લાભ લીધો હતો. અંતિમ સમયે ઉગ્ર વિહાર કરીને પૂ. મુનિરાજશ્રી ચન્દ્રાંશુ વિ.મ., પૂ.મુ. કીર્તિકાંત વિ.મ. આદિ પણ આવી પહોંચ્યા હતા અને ગ્લાન મુનિવરને સમાધિમાં સહાયક બન્યા હતા.

મહા વદિ ૧૪ની રાત્રે બીમારી વધતાં મુનિશ્રી વધુ સાવધાન બની ગયા હતા. નમસ્કાર મહામંત્રનું શ્રવણ, સ્મરણ કરતાં કરતાં તેઓ રાત્રે ૧૧-૪૫ કલાકે સ્વર્ગવાસને પામ્યા હતા. અગ્નિસંસ્કારનો લાભ તેમના સંસારી કુટુંબીજનોએ લીધો હતો.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૭,અંક-૪૧,તા.૨૩-૬-૧૯૭૯

અમર રહો અમર વિજયજી

સ્વર્ગસ્થ આરાધક મુનિરાજશ્રી **અમરવિજયજી** જે.સુ. ૪-૫ નો છઠ્ઠ કરેલો. સુ. ૫ના સવારે વડાલા જૈન દેરાસરે દર્શન કરવા ગયેલા ત્યાંથી આવ્યા બાદ ૧૦-૧૦॥ વાગે માટુંગા વાસુપૂજ્યસ્વામી જૈન દેરાસરે દર્શન બાકી હોવાથી ત્યાં દર્શન કરવા ગયા. દર્શન કરીને પાછા વળતાં હાઈવે રોડ ક્રોસ કરવા જતા હતા ત્યારે સાથે રહેલા મુનિરાજે કહ્યું ઊભા રહો પણ તેમને લાગ્યું કે બસ આવતાં પહેલાં નીકળી જવાશે. તેથી ચાલ્યા પણ બસ નજીક જ દેખાવાથી રોડ વચ્ચે ગયા બાદ પાછા ફરવા જતા હતા એટલામાં તો ડ્રાઈવરે એમને બચાવવા માટે પહેલેથી વળાંકમાં લીધેલી એ ડબલમાળની બસ બ્રેક મારવા છતાં તેમને જોસથી અથડાઈ ચૂકી. તેઓ ઉછળીને રોડ ઉપર ફેંકાઈ ગયા અને માથાના પાછળના ભાગમાં સખત આઘાત લાગવાથી અંદર ધોરી નસ તૂટી ગઈ અને લોહી નીકળવાનું શરૂ

થયું. તુરત જ ત્યાંથી સાયન હૉસ્પિટલમાં લઈ જવાયા. ત્યાં ટ્રીટમેન્ટ ચાલુ થઈ. બપોરે ઓપરેશન પણ કર્યું. પરંતુ સફળતા મળી નહિ. અને બપોરે ૨-૧૫ કલાકે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ અનેક મુનિવરોના સાનિધ્યમાં આ વિનશ્વર દેહનો ત્યાગ કરી સમાધિસહ સ્વર્ગવાસી થયા. પૂ. આચાર્યદેવશ્રી સાયન દેરાસરે સાલગીરીના ધ્વજારોહણ પછી ૧૧ વાગે પાછા ફરતા રસ્તામાં જ ખબર પડવાથી ઈસ્પિતાલમાં પધારી ત્યાં જ રોકાયેલા. મુનિશ્રીને 'નમો અરિહંતાણં', 'અરિહંતા૰' 'ચત્તારિમંગલ' સંભળાવેલ.

સ્વર્ગસ્થ મુનિ પાંચોરા સંઘમાં ઓંકારમલજી નામે અગ્રગણ્ય આગેવાન હતા. ગૃહસ્થ પણામાં ૧૪૫ અર્હદ્ અભિષેક પૂજનો અનેક સંઘોમાં કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના ભણાવેલ. અમલનેર મુકામે ૨૦૩૨ ના મહા સુ. ૧૩ના દિવસે ૨૫ દીક્ષાર્થીઓ સાથે ખૂબ ઉલ્લાસથી ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને બે વર્ષ સુધી નિરંતર એકાસણા વીસસ્થાનકતપ તથા સંયમજીવનની કાળજી શાસનની ચિંતા પ્રાયઃ મૌન સહ સ્વાત્મ ચિંતનમાં મગ્ન રહેતા. આ મુનિરાજ અનેક આરાધનાથી સ્વજીવનને ધન્ય બનાવી ગયા છે. તેમના જવાથી જૈન શાસનના ગગનમાં એક આરાધક સીતારાની ખોટ પડી છે. જે.સુ. ૬ના સવારે માટુંગાના ઉપાશ્રયેથી સ્મશાન યાત્રા ખૂબ સુંદર રીતે નીકળી હતી. પાંચોરા, પાંડિવ વગેરે ગામોથી અનેક ભાવુકો આ પ્રસંગે આવી ગયા હતા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૮,અંક-૭,તા.૧૭-૧૧-૧૯૭૯

સ્વ. મહાન શ્રમણોપાસક શ્રી ચંપકભાઈ ભણસાલી કલકત્તાવાળા પ્રભાવક જીવન ઝરમર અને પ્રશંસનીય સમાધિ-મરણ

પોરબંદરના પ્રસિદ્ધ ભણસાલી કુટુંબના કુળદીપક મહાન શ્રાદ્ધરત્ન શ્રી ચંપકલાલ ભણસાલીના ભા.સુ. ૫ તા. ૨૮-૮-૭૯ એકાએક અવસાને જૈન સંઘોમાં એક જબરદસ્ત આઘાતનું મોજું ફેલાવી દીધું. કળિકાળની વિચિત્રતા કેવી કે એમના ધર્મપત્ની શ્રીમતી હંસાબેનને અનેકવાર હાર્ટએટેકમાં જીવન-મરણનો પ્રશ્ન આવેલો, જ્યારે ચંપકભાઈ તો તંદુરસ્ત હતા પણ કર્મ અને ભવિતવ્યતાએ નીરોગી અને અનેકોના આધારભુત આ સંઘરત્નને ઉપાડ્યા.

શ્રી ચંપકભાઈનો જન્મ તા. ૨૪-૨-૨૮ પોરબંદરમાં શ્રી હરકીશનદાસ

ત્રીકમજી ભણશાલીના સુપુત્ર તરીકે, ધંધાર્થે કલકત્તા જઈ વસેલા. ત્યાં એમના પર લક્ષ્મીની મહેર ઊતરવા સાથે ધર્મની મહેર ઊતરી તે સમ્યકત્વ સહિત બારવ્રતધારી શ્રાવક બનેલા. ઉભયટંક પ્રતિક્રમણ-દેવદર્શન પૂજા-સામાયિક સાધુસેવા, ત્યાગ-તપસ્યા, ચતુદર્શીએ પોષધ વગેરે આરાધનાઓ એમના જીવનમાં દીપતી રહી.

ધર્મની સાચી સમજણ આવ્યા પછી એમને હંમેશાં ભાવના રહેતી કે ક્યારે આ લક્ષ્મીની મૂર્ચ્છા ઉતારી એવા નગરમાં રહેવા જાઉં કે જ્યાં સતત સાધુ-સાધ્વી સમાગમ અને વિશિષ્ટ ધર્મસાધના મળ્યા કરે. આ ભાવના માત્ર ભાવનામાં ન રહેતાં અમલમાં લાવવા મુંબઈનો બે એક વર્ષ અનુભવ કરી અંતે છેલ્લા પાંચેક વરસથી અમદાવાદ-જૈનપુરીમાં આવી વસ્યા, મુંબઈ, કલકત્તા, મદ્રાસમાં એમના ચાલુ ધંધામાં સંકોચ કરી એવી નિવૃત્તિ લીધી કે પોતાની ધર્મ-આરાધના ઉપરાંત ઉપધાન-ઓળી-ઉધાપન-સંઘયાત્રા મહોત્સવ વગેરેમાં સેવા માર્ગદર્શન આપવાનું સુંદર રીતે કરતા. લાખોપતિ છતાં વિનમ્રપણે સંઘ સેવામાં ઉદ્યત રહેતા.

ભાગ્યશાળી શ્રી ચંપકભાઈની સ્વાત્મ-આરાધના ઉજ્જવળ હતી. એમણે છેલ્લા બાર વરસથી સ્નાનમાં સાબુનો ઉપયોગ કરેલ નહિ ! કપડાં પણ ૨૦-૨૫ દિવસે ધોવા દેતા, ને સ્વયં એક જ ડોલ પાણી રોજનું વાપરવાનું રાખતા. ઘરમાં પણ રાત્રે દંડાસનથી પૂંજીને ચાલતા. અરે ! ઊંઘમાં પણ પડખું ફેરવતાં પાસે રાખેલ ચરવલાથી સહજ રીતે જગા પ્રમાર્જી લેતા. તાત્પર્ય, એમના હૈયે જીવો પ્રત્યે ખૂબ દયા રહેતી તેથી દરેક કામમાં, જયણા સારી સાચવતા. પોષધમાં બીજાઓને પણ જયણાનો ઝટ ઉપયોગ આપતા તેમજ વ્યક્તિના કે સંઘોના ધાર્મિક કાર્યોમાં ખૂબ સેવા-સહકાર-માર્ગદર્શન આપતા તેમાં પણ જીવોની જતના માટે ખૂબ ભાર મૂકતા.

એ સમ્યગ્દર્શનને જિનભક્તિ તથા 'જિનાજ્ઞા પ્રમાણ'થી સુંદર રીતે નિર્મળ કરી રહ્યા હતા. વિધિપાલન પર એમનો ખૂબ ઝોક રહેતો. ધર્મ સમજ્યા પછી ભગવાન શ્રી જિનેશ્વરદેવ પર એમને અથાગ બહુમાન, અને સાધુ-સાધ્વીજી મહારાજોની સેવામાં તન-મન-ધનથી ખડે પગે રહેતા. સમ્યગ્દર્શનનું બીજું લિંગ 'ચારિત્રની તીવ્ર ભૂખ' એવી એમણે વિકસાવેલ કે લગભગ ૩૮ વર્ષની ભરયુવાન વયમાં એમણે સજોડે જાવજ્જીવનું બ્રહ્મચર્ય ઉચ્ચરી લીધેલ, અને સ્વયં તથા ધર્મપત્ની, ૩ પુત્રી, ૧ પુત્રના કુટુંબને પણ ચારિત્રમાર્ગે ચડાવવાની એમની ભારે તમન્ના હતી, અને એ માટે એમને ખૂબ સત્સંગ કરાવતા.

એમના એકના એક પુત્ર જયેશે અમદાવાદમાં મેટ્રિક પાસ કરી કોલેજનું ફોર્મ

ભરવા વાત કરી ત્યારે આ સંઘના શણગાર શ્રી ચંપકભાઈ કહે 'આપણા ઘરમાં કોલેજના પાપ વાતાવરણમાં જવાની વાત નહિ. છતાં તારે જવું જ હોય તો હું ફી આપી દઈશ, પરંતુ ડીગ્રી મેળવ્યા પછી તારે તારું સંભાળી લેવાનું. મારી મૂડી પર તારો અધિકાર નહિ.

જયેશ કહે, 'તો પછી ભાઈ ! મને મુંબઈ, મદ્રાસ, કલકત્તાની ગમે તે ઑફિસ પર બેસાડી દો.'

ભાઈ કહે, 'હા, એ કરી દઉં, પણ તું આ ચોમાસું જામનગર પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ પાસે રહી ધાર્મિક અભ્યાસ કરી આવે તો કા.સુ. ૧૫ પછી ઑફિસ પર તને ગોઠવી દઉં.

લાખોપતિને એકનો એક દીકરો, છતાં એ સંસારમાં ન ફસતાં ચારિત્ર માર્ગે ચડી જાય એ આમાં આ ધર્મ-પિતાની નેમ હતી. જયેશ કબૂલ થયો અને જામનગરમાં સત્સંગથી એની ચારિત્રની ભાવના પ્રગટી ગઈ જાણી એમને પરમ આનંદ થયેલ. એટલું જ નહિ, પણ સંયોગોની અનુકૂળતા થવા સુધી વૈરાગ્યની દૃઢતા માટે જયેશને એ પૂ.આચાર્ય મહારાજ પાસે ખૂબ સંપર્કમાં રાખતા. યાવત્ આ ચાતુર્માસ પૂર્વે ચંપકભાઈ પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને કહે-

'સાહેબ ! મારે જયેશની દીક્ષા અમદાવાદમાં જ કરવાની છે, તે સિંહસ્થ ગુરુ ઉતર્યા પછી વિ.સં. ૨૦૩૭ માં એટલે આપને અમદાવાદ પધારવું પડશે.'

પૂજ્યશ્રી કહે, "મુંબઈમાં તમારે ભાઈનું ઘર છે, તેથી દીક્ષા મુંબઈમાં જ રાખો. કેમ કે અમારે હજી અહમદનગરની નૂતન ચોવીસ જિનાલય-જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા ઊભી છે તે પત્યા વિના ગુજરાતમાં શી રીતે મોટો સમુદાય લઈને અવાય ? દીક્ષા મુંબઈમાં હોય તો એ અને પછી નગરનું કાર્ય કરવામાં સરળતા રહે."

ચંપકભાઈ કહે સાહેબ ! મુંબઈમાં મોટી દીકરી દર્શનાની દીક્ષા વખતે મારા કલકત્તા-મદ્રાસ વગેરેના કેટલાય મહેમાનોને ઉતારવા અને એમની પૂરી મહેમાનગીરી સાચવવા સરખી અનુકૂળતા ન મળી. રૂપિયા હજારો ખરચાયા, સંતોષ ન મળ્યો. અમદાવાદમાં મારું ઘર તથા નજીકમાં ધર્મશાળા-મુકામો મળી જાય. મારે તો મહાન શાસન પ્રભાવના થાય એવી ખૂબ ધામધૂમથી જયેશની દીક્ષા કરવી છે, ભલે બે પાંચ લાખ રૂપિયા લાગે. સાહેબ ! આપ એમ કરો, સિંહસ્થ ગુરુનું વિ.સં. ૨૦૩૬નું ચાતુર્માસ અમદાવાદમાં જ કરો. ચોમાસું ઊતર્યે પહેલા મુહૂર્તે દીક્ષા કરો, અને અહમદનગર અંજનશલાકા પ્રતિષ્ઠા માટે વૈશાખનું મુહૂર્ત રાખો, એટલે ખુશીથી

અમદાવાદથી વિહાર કરીને પહોંચી જવાશે.''

વિધિના ખેલ કેવા વિચિત્ર છે ! કોને ખબર હતી કે ચંપકભાઈને મનની મનમાં જ રહી જશે, ને પોતે જ ઊપડી જશે ? 'સારા કામમાં સો વિઘન' સમજી સુજ્ઞ પુરુષ 'તરત દાન ને મહાપુણ્ય' કરી લેતા હશે તે ખોટું નથી.

ચંપકભાઈ ઠગાયા. એમની જયેશની દીક્ષા પછી બે દીકરીઓની દીક્ષા કરીને ઘરવાળાની હાર્ટના દરદમાં દીક્ષા કરીને, ઘરવાળાની હાર્ટના દરદમાં દીક્ષા લેવાની હિંમત ન હોય તો એમના મનને સંતોષ કરી પોતાને સંયમમાર્ગે વિચરવાની ધગશ બધી જ નિષ્ફળ ગઈ.

શ્રી ચંપકભાઈ એક મહાન તપસ્વી ધર્માત્મા હતા. એમણે વિ.સં. ૨૦૨૪માં પૂ.પં. શ્રી વિનયવિજયજી મ.ની નિશ્રામાં સજોડે ઉપધાન તપની આરાધના કરેલ. ત્યારથી કાયમ બેયાસણાં ચાલુ, તે છેલ્લા બે વરસથી એકાસણાં ચાલુ રાખેલ. એમણે શ્રી નવપદજીની ૩૨ ઓળી અને શ્રી વર્ધમાન આયંબિલ ઓળી ૪૫ કરેલી. સંવત ૩૨-૩૩ માં બે વર્ષીતપ, તથા ૬ વીસસ્થાનક ઓળીના ઉપવાસ કરેલા. બાકી પર્યુષણામાં અઠ્ઠાઈ યા ૧-૨-૩ ઉપવાસ સાથે ચોસઠ પહોરી પોષધ કરતા. દર ચૌદશે પોષધ કરતા. જામનગરથી જુનાગઢ શ્રી કાંકરીયાના યાત્રા સંઘમાં તથા માનચંદના શાહ દીપચંદ (લીંબોદ્રાવાળા) પરિવાર યોજિત પદયાત્રા સંઘમાં યાત્રા કરેલ.

ઉદારમનસ્ક શ્રી ચંપકભાઈ કોઈ દીક્ષાર્થી કુટુંબીઓ તેમજ સીદાતા શ્રાવકો વગેરેમાં ગુપ્તપણે સારો સુકૃત લાભ લેતા, ઉપરાંત સુકૃતોમાં વિ. સં. ૨૦૨૧માં શ્રી સંમેતશિખરજી તીર્થમાં અઠ્ઠાઈ મહોત્સવ વીરજન્મ કલ્યાણક વરઘોડો શ્રી સિદ્ધચક્રપૂજન તથા ચૈત્રી પૂનમ દેવવંદન સાથે ચૈત્રી ઓળી કરાવી. વિ.સં. ૨૦૨૬માં બે બેનોને ધામધૂમપૂર્વક બનારસમાં દીક્ષા અપાવી. વિ.સં. ૨૦૨૬માં પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ.ની ૧૦૦મી વર્ધમાન આયંબિલ ઓળીના ૧૭૮ છોડના ઉદ્યાપન સહિત મહોત્સવમાં ૨ કિંમતી છોડ ભરાવવા સાથે લાભ લીધો. સં. ૨૦૨૭માં શ્રી ઉપરિયાળા તીર્થમાં સ્વ.પૂ.આ. શ્રી વિજય ભક્તિસૂરીજી મ.ની દેરી કરાવી. સં. ૨૦૨૮ માં શ્રી ગંધાર તીર્થમાં એક દેરી કરાવી એમાં એક પ્રાચીન પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવ્યા અને ૨ નૂતન બિંબ ભરાવી પ્રતિષ્ઠત કરાવ્યા. વિ.સં. ૨૦૩૦ શ્રી સિદ્ધગિરિ નવાણું યાત્રા વિધિપૂર્વક સહકુટુંબ કરી સારો દ્રવ્યવ્યય કર્યો. વિ.સં. ૨૦૩૨ અમલનેરમાં સંઘ સાથે અર્ધા ભાગે ખર્ચ કરાવી ઉપધાન કરાવ્યા અને મહોત્સવમાં પાંચ છોડ ભરાવ્યા. વિ.સં. ૨૦૩૩ માં અમલનેર નૂતન વિશાલકાય જિનમંદિરનું

શિલાસ્થાપન તથા એમાં એક પ્રભુજી પ્રતિષ્ઠિત કર્યા. સુપુત્રી દર્શનાની દીક્ષા અંગે અમદાવાદમાં પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય વર્ષીદાન વરઘોડો તથા મુંબઈમાં દીક્ષા મહોત્સવ કર્યો. તથા એના ઉપલક્ષમાં અમદાવાદ રંગસાગર સોસાયટીમાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ભરાવી પ્રતિષ્ઠિત કર્યા. સં. ૨૦૩૪ માં ઘેટી પાયગે નૂતન મંદિરમાં બે પ્રભુજી ભરાવી પ્રતિષ્ઠિત કર્યા. અમદાવાદથી શ્રી સિદ્ધિગિરિ છ'રી પાળતો યાત્રા સંઘ લઈ જવા પર પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂ.મ.ને પધારવા સાગ્રહ વિનંતી કરી, પરંતુ પૂજ્યશ્રી હમણાં જ મહારાષ્ટ્રમાં પધારેલા હોઈ તરતમાં દેશ બદલવા અનિચ્છા બતાવ્યાથી વિ.સં. ૨૦૩૪ માં પૂ.આ.શ્રી વિનયચંદ્રસૂ.મ.ની નિશ્રામાં નવરંગપુરા સંઘ આયોજિત યાત્રા સંઘમાં આર્થિક મોટો હિસ્સો આપી લાભ લઈ, ગિરિરાજ પર તીર્થમાળ પહેરી. વિ.સં. ૨૦૩૪ અમદાવાદ જ્ઞાનમંદિરમાં ચોસઠ પહોરી પોષધ કરનારાઓને પાટણની યાત્રા કરાવી. ૨૦૩૫માં પરવડી ગામે જિનાલય શિલાસ્થાપન કરી સુકૃત લાભ લીધો. પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં દેલવાડા લુણવસહીમાં દેરી નં. ૩૩ માં પ્રભુજી પ્રતિષ્ઠિત કર્યા. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂ.મ.ની ૧૦૮ મી વર્ધમાન આંબેલ ઓળીના ભવ્ય મહોત્સવમાં વિશિષ્ટ લાભ લીધો. પાલીતાણા શ્રી હસ્તગિરિ તીર્થમાં એક દેરીનો લાભ લીધો. અમદાવાદમાં વિ.સં. ૨૦૩૨ માં લગભગ ૬૦૦ વર્ષીતપ કરનારાઓનું સુંદર સન્માન-બહુમાન પૂર્વક શાનદાર સાધાર્મિક વાત્સલ્ય કર્યું. વીરસૈનિકોએ આમાં સુંદર વ્યવસ્થા જાળવેલ. અમદાવાદ પગથિયાના ઉપાશ્રયે શ્રી નવપદજીની ઓળી કરાવી અને પારણાનો લાભ લીધો. પોરબંદરમાં આખા ચોમાસામાં આયંબિલ કરાવવાનો લાભ લીધેલ જે હાલમાં પણ ચાલુ છે.

શ્રીયુત ચંપકભાઈ સુકૃતો-સદ્ગુણોના પણ સારા ખપી હતી. એમના હૈયે જીવો પ્રત્યે ભારે કરુણા અને સહાનુભૂતિ રમ્યા કરતી, જે અનેકવાર પ્રસંગ પામીને સાકાર બનતી. એમનામાં સત્ય પ્રિયતા એવી જળહળતી કે અસત્ય-અનીતિ એમને પસંદ જ નહિ. એ કેટલીક વાર એમની કડકાઈમાં વ્યક્ત થતી. એમનામાં ગાંભીર્ય પ્રશંસા માગી લે તેવું હતું. કોઈ શ્રાવક કે સાધુની ખામી દેખાય-સંભળાય તો તે પચાવી જતા, પરંતુ બીજાની આગળ એ બોલવાની વાત નહિ. આ ગાંભીર્ય અને સહાનુભૂતિ ગુણથી એમના ભાઈઓ વગેરે બહોળા કુટુંબમાં એ ખૂબ જ માન્ય અને આદરણીય બની ગયેલા. ત્યારે આજે એમના જતાં સૌને એમ લાગે છે કે અમારે આધાર ગયો, સ્નેહીજનોને પણ એમ લાગે છે. ક્યાંય પણ સારા કામમાં તન-મન-ધનથી ભોગ આપવાની વૃત્તિનો એમનામાં અજબ ગુણ હતો, જેનો વિવિધ ગામોમાં

અનેકોએ અનુભવ કર્યો છે.

ત્યારે સહિષ્ણુતા ગુણ તો એમને એવો વિકસાવેલો કે ધર્મનાં કષ્ટો સહવાનો જાણે આત્મ-સ્વભાવ બનાવી દીધેલો ! વર્ષીતપ કે વર્ધમાન આયંબિલ ઓળી જેવી તપસ્યામાં સંઘ લેવલના કાર્યમાં કષ્ટ વેઠીને પણ પ્રસન્ન મને ખડે પગે રહેતા. એમાં કશી સ્વાર્થ ભાવના નહિ એવો નિરાશંસપણાનો પણ ગુણ એમની રગરગમાં વહેતો રહેતો. આ સહિષ્ણુતા ગુણનો પડઘો કેવો પડ્યો કે છેલ્લે છેલ્લે (૧) મોટર અકસ્માત્ (૨) સારણગાંઠ શૂલ, તથા (૩) અંતિમ ઉદર શૂલમાં એ ગજબની સમાધિ જાળવી રહ્યો.

એકવાર દોઢ વર્ષ પૂર્વે ખંભાત-અમદાવાદ વચ્ચેની મુસાફરીમાં એમની દોડતી મોટર, આગળની મોટર એકાએક બ્રેક મારી ઊભી રખાતા, એની સાથે જોસથી અથડાઈ. એમાં આગળ જ બેઠેલા ચંપકભાઈના બંને પગનાં હાડકાં ખસી જમણા પગે હાડકાનો એક ટૂકડો બીજા પર પાંચ ઈંચ અને ડાબામાં ૧॥ ઈંચ ઉપર ચડી ગયો. તરત અમદાવાદ વી.એસ. હૉસ્પિટલમાં લઈ જવામાં ઓપરેશનથી હાડકાનાં સાંધા કરી પ્લાસ્ટર કરીને પગના છેડે ભારે વજન લટકાવ્યાં. જેથી હાડકા પર હાડકું ચડી ન જાય. આ બધામાં કે પછી દિવસો સુધી એમ જ સતત સૂતા રહેવાનું છતાં એમણે હાયવોય કરી નથી. કર્મના વિપાક ચિંતન સ્વકીય પૂર્વ-દુષ્કૃતગર્હા અને અરિહંત-નવકારનાં ધ્યાન-સ્મરણમાં લીન રહેતા. આ ઉત્તમ સમાધિ અને સહિષ્ણુતાએ ડૉક્ટરોને આશ્ચર્ય મુગ્ધ કરી દીધેલ. ત્યાં જે તે દવાઓ વાપરી નહિ. અને ઉપમિતિ ભવપ્રપંચા કથા વગેરે શાસ્ત્ર વાંચતા રહ્યા. એવા ૨૫ દિવસ હૉસ્પિટલમાં વીતાવ્યા.

બીજો પ્રસંગ : આ પર્યુષણાના લગભગ એક મહિના પહેલાં એમને સારણગાંઠની પીડા ઊપડી, તરત ને તરત હોસ્પિટલમાં દાખલ કરાઈ શ્રાવણ સુદ ૩ ઓપરેશન કરવામાં આવ્યું. ત્યાં ડૉક્ટરને કહ્યું, 'મારે આયંબિલની ૪૫ મી ઓળી ચાલુ છે તે મૂકવાની નથી.' ને ડૉક્ટરે એમની દૃઢતા અને ધર્મરંગ જોઈ તે મંજૂર રાખ્યું. ધર્મચુસ્ત શ્રી ચંપકભાઈ હોસ્પિટલમાં પણ ઉભયકાળ પ્રતિક્રમણ કરતા. ચૌદશે પોષધની ટેક કેવી પાળી કે શ્રા. સુદ ૩ ઓપરેશન થયું ને શ્રા. સુદ ૧૪ એમણે પોષધ કરેલ !

ત્રીજો પ્રસંગ : અંતિમ સમયનો બનેલ. સારણગાંઠના ઓપરેશન પછી ડૉક્ટરે સારી રીતે આરામ લેવા અને શ્રમ ન લેવા સલાહ આપેલી. પરંતુ પર્યુષણાની ચોસઠ પહોરી પોષધથી આરાધના કરવા એ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી

વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પાટણ ગયેલ. ત્યાં છઠ્ઠ-ઉપવાસ અઠ્ઠમથી પોષધની આરાધનામાં ઊભા ઊભા દિવસ રાતની ક્રિયાઓ તેમજ ૬૧ પૂ. મુનિમહાત્માઓને ઊભા થઈ થઈ રોજ વંદના કરવામાં ભારે શ્રમ લીધો. કાય-કષ્ટની પરવા નહિ કરેલી. આમાં એમનો કડક ધર્મપાલનનો સ્વભાવ કામ કરી ગયો.

આમ સામાન્યથી એમનો સ્વભાવ કડક હતો પણ તે કેટલીય વાર એમને પોતાને ઘણો ખટકતો અને અવસરે પાછળથી એનું વારણ કરતા, છેલ્લે છેલ્લે તો એ ખૂબ જ સંયમ કેળવતા તેથી ઘરના સભ્યોને લાગતું કે ચંપકભાઈ જાણે બદલાઈ ગયા. બાકી એમની કડક ધર્મચુસ્તતા એમનું ચાલે ત્યાં ધર્મના આચાર પળાવવા સક્રિય બનતી. એ સગા સંબંધી અને પરિચયમાં આવનારાને જિન પૂજામાં જોડતા, અને તપસ્યા તથા ધર્માનુષ્ઠાન અને સાધુસમાગમ રાખવા હંમેશાં આગ્રહ કરતા. કોલેજ કેળવણી એમને પસંદ નહિ. પણ ધાર્મિક અધ્યયન તથા ધર્મ-આરાધના સાંભળી ખૂબ રાજી થતા.

પાટણમાં વધુ પડતો લીધેલો શ્રમ એમને કેવો જીવલેણ નીવડ્યો, છતાં એ લગભગ ચોવીસ કલાકના મરણાન્ત કષ્ટમાં એમણે એક આરાધક શ્રાવક રત્નને છાજે એવી સુંદર સમાધિ કેવી સાધી, તેમજ જનતામાં એમની સમાધિ તથા સમાધિ મરણનો કેવો પ્રભાવ પડ્યો વગેરે હકીકત એમના સુપુત્ર જયેશકુમારના પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ઉપર લખાયેલ પત્ર પરથી સમજી શકાશે.

પત્ર આ પ્રમાણે છે.

પરમ પૂજ્ય પરમ ઉપકારી પરમ પ્રાતઃ સ્મરણીય કરુણા નિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**નાં ચરણ કમલોમાં સેવક જયેશની કોટિશઃ વંદના સ્વીકારશોજી.

પૂજ્યશ્રી-આપશ્રીની તબીયત સારી હશે, તથા સ્વાસ્થ્ય પણ સારું હશે.

પૂજ્યશ્રી-આપશ્રીના પ્રવચનોનાં અને મને Personal આપેલ ઉપદેશનાં એક એક શબ્દો મારા કાનમાં ઘુમરાળ મચાવે છે કે ન ધારેલું બધું જ થાય અને ધારેલું કશું જ ન થાય. તેનું જ નામ સંસાર..." કૃપાળુ હું આપને શું લખું અને શું ન લખું તે કાંઈજ સમજણ જ નથી પડતી. પેન પડું પડું થાય છે. અને આંખ ઉભરાતી જાય છે. કે આ શું થઈ ગયું ! સાહેબજી કોઈ સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે જયેશ ! તારા નસીબ ફુટેલા છે ! કોઈ મનનાં ખુણામાં પણ વિચાર નહોતો

સ્ફુર્યો કે આવી અણધારી આફતો ફુંકાશે પણ આ સમયે આપશ્રી ગુરુદેવોની અસીમ કૃપાનું બળ જ મને જીવંત રાખી શક્યું છે. પૂ. ઉપકારી પિતાશ્રીના જીવનનાં એક એક પાસા જેમ જેમ ઉથલાવતો જાઉં છું તેમ તેમ વધુ ને વધુ સજાગ થતો જાઉં છું કે જો આવી વિશિષ્ટ કોટીની વ્યક્તિ પણ, -તેમની માત્ર એક જ ભાવના અંતિમ ધ્યેય 'સંયમ' -ને ન પામી શક્યા તો મારો તો શું Class છે. પણ માત્ર આપશ્રીની માનસિક અહીંની હાજરી જ મને જીવંત રાખી રહી છે.

પૂ.પિતાશ્રીનું અતુટ પુણ્યબળ અને સાધ્ય માટેની જોરદાર તાલાવેલી તેમના જીવતા જીવનને તો જીતી ગયા, પણ મૃત્યુ ને પણ જીતી ગયા, જ્યારે હું મોરબી કાર્ય માટે જવાનો હતો એ પહેલાં જ મેં તેમને કહ્યું હતું કે 'ભાઈ ! જો તમે આ પર્યુષણ અમદાવાદમાં જ કરવાના હોય તો જ હું મોરબી જાઉં નહિતર હું તમારી સાથે રહું.' પણ તેમણે કહ્યું કે, 'ના, હું અમદાવાદ જ રહીશ.' અને હું મોરબી ગયો પણ પર્યુષણના આગલે દિવસે મિનેષનાં પિતાશ્રી ચંદ્રકાન્તભાઈ પર્યુષણ પર્વની આરાધના કરવા પાટણ જઈ રહ્યા હતા. ત્યારે તેમણે પિતાશ્રીને ફોન કર્યો કે 'ચંપકભાઈ ! છે ભાવના ?' અને પિતાશ્રી તૈયાર થઈ ગયા. અહીંથી Mother એ પણ કહ્યું કે તમારી તબિયત સારી નથી. હજુ હમણાં જ Operation કરાવ્યું છે. તેમણે પાટણની ધરતી જ પોકારતી હશે કે તેઓ ત્યાં જ આરાધના કરવા ગયા. ત્યાં જવાનું મુખ્ય કારણ તેમને ચોસઠ પહોરી પૌષધ કરવા હતા. આ વખતે અહીં જ્ઞાનમંદિર વાળાઓએ જાહેર કરેલું કે 'વાડાની અને પરઠવાની સગવડ નહિ હોવાથી જેમને અઠ્ઠાઈ કરવી હોય એજ અહીં ૬૪ પહોરી પૌષધ કરે.' અને પિતાશ્રીને પૌષધ વગર રહેવું નહોતું એટલે પાટણ ગયા. ત્યાં તેમની આરાધના કોઈ ગજબ અપ્રમત્તભાવની અને ઉજ્જવળ હતી. ત્યાં પર્યુષણા દરમ્યાન છઠ્ઠ-ઉપવાસ અને અઠ્ઠમની આરાધના કરી તેમાં સંવત્સરીના દિવસે પ્રતિક્રમણમાં છેલ્લી મોટી શાંતિના કાઉસ્સગ્ગમાં તેમને પેટમાં જોરદાર દુઃખાવો ચાલુ થયો અને તે બેસી ગયા. એ પછી રાત્રે પણ તેમના મોંઢામાંથી એક શબ્દ પણ ન નીકળ્યો કે 'મને બહુ જ દુઃખે છે કોઈ ડૉક્ટરને બોલાવો કે મને ઘરે લઈ જાવ' બસ, તેમણે ત્યારથી જ ગજબ સહન શક્તિ વધુને વધુ કેળવવાનું ચાલુ કર્યું. સંવત્સરીને રાત્રે જ તેમના પેટમાં આંતરડું ફાટી ગયું અને તેની કોઈ ગજબ પીડા ચાલુ થઈ પણ તે તો આખી રાત બેઠા રહ્યા પણ કોઈને કાંઈ જ કહ્યું નહિ. સવારે પૌષધધારી પંચાસરા પાર્શ્વનાથનાં દર્શન કરવા ગયા ત્યાં અડધા ઝુકી ગયા. પણ એક હાથમાં ચરવળો તેનાથી જયણા પૂર્વક દર્શન કરવા ગયા. લગભગ ચાર પગે ચાલે એવી Position માં ગયા. ત્યાં

તેમણે વાસક્ષેપ પૂજા કરી. પછી સુરચંદભાઈને ઘરે ગયા, ત્યાં તેમણે પચ્ચક્ખાણ પાર્યું, કોઈએ મગનું પાણી તો કોઈએ કેળનું પાણી પીવડાવ્યું. પણ બધું Poision પોઈઝન જ થવા લાગ્યું. પછી સુરચંદભાઈ ડૉક્ટરને બોલાવી લાવ્યા. છ-છ ડૉક્ટરો આવ્યા પણ કોઈ નીદાન કરી શક્યા નહિ. કે આંતરડું ફાટી ગયું છે. તેમણે કહ્યું કે અઠ્ઠમ કર્યો હતો એટલે મળ જામી ગયો છે, એટલે તેમણે કોઈ ઈન્જેકશન આપ્યું. પણ ભાઈના મુખ પર પરમ પ્રસન્નતા હતી. એ પછી બપોરે દુઃખાવો વધી ગયો ત્યારે પ્રથમ પંન્યાસશ્રી વિચક્ષણવિજયજી મ. પધાર્યા. તેમણ ખૂબ જ સુંદર સ્તવન-સઝાયો સંભળાવવાના ચાલુ કર્યાં. અને એ સ્તવનોના એક એક શબ્દો ભાઈ સંપૂર્ણ ધ્યાનપૂર્વક અને ભાવ સાથે અંતરની લાગણીથી સાંભળતા કે જેની પ્રતીતિ તેમના મુખ પરથી થતી હતી. એ પછી પૂ.ગચ્છાધિપતિશ્રીજી લગભગ ચાર વાગે સાંજે પધાર્યા. અને તેમને જોતાં જ ભાઈ કોઈ ગજબ આનંદનો અનુભવ કરી રહ્યા. પૂજ્યશ્રી પધાર્યા પછી તેમણે પણ નવકાર આદિ સંભળાવ્યું. અને પછી ભાઈએ પૂજ્યપાદશ્રીનું ૧૦૧ રૂા. મૂકીને ગુરુપૂજન કર્યું. ત્યારપછી ભાઈએ પૂજ્યપાદશ્રીને બદામ અને સાકર પણ વહોરાવ્યા પછી પૂજ્યપાદશ્રીએ ભાઈને બધા જ પચ્ચક્ખાણ કરાવ્યા. અને ભાઈના માથા પર ૨૦ મિનિટ સુધી હાથ મૂકી રાખ્યો. અને એ સમયે ભાઈના અંતરમાં કોઈ ગજબકોટીના ભાવો ચાલુ હતા પછી ભાઈ એકદમ જ સજાગ થઈ ગયા. અને ત્યારે જ તેમને લાગ્યું કે 'હવે બાજી હાથમાં લાગતી નથી.' ત્યારે પૂજ્યપાદશ્રીએ પૂછ્યું કે 'ચંપકભાઈ ! મનમાં કોઈ ઈચ્છા છે ?' ત્યારે ભાઈએ કહ્યું કે 'સાહેબજી આપની પાવન નિશ્રા મળી પછી મારે બીજી શું ઈચ્છા હોય ? **"હવે તો હું અજન્મા થવા જાઉં છું."** આવા ઉદ્‌ગારો ભાઈના અંતરમાંથી નીકળી ગયા. એટલામાં જ ડૉક્ટરો આવ્યા અને તેમણે ભાઈને ગ્લુકોઝના બાટલા ચડાવવાની Try કરી પણ નસ પકડાય જ નહિં ત્યારે ભાઈ ડૉક્ટરોની સામે જોઈને હસ્યા. કે કેમ ભાઈ ? નસ નથી પકડાતી ને ? ભલે તમે તમારું કામ કરો. હું મારું કામ કરું છું.' પછી પૂ.ગચ્છાધિપતિશ્રીએ ભાઈને કહ્યું કે, 'માત્ર આરાધનામાં મન લગાવી દો.' ત્યારે ભાઈ ફરી બોલ્યા કે 'આપશ્રીની કૃપા' એટલામાં જ ભાઈને સુરચંદભાઈએ પૂછ્યું કે ચંપકભાઈ જયેશને કાંઈ કહેવું છે ! ત્યારે તેમણે કહ્યું કે મારે કોઈને કાંઈ જ નથી કહેવું. ત્યારે પૂ.ગચ્છાધિપતિશ્રી બોલ્યા કે આ ધર્મને પચાવી બતાવ્યો ખરેખરા શ્રાવક છે, એકદમ જ સજાગ છે, પછી પૂજ્યશ્રી વિદાય થયા. લગભગ ૧ કલાક બેઠા. ત્યાર પછી બીજા મ.સા. બેઠા જ હતા, પણ તેમણે ગજબ મન પર Control કરી લીધો. અને એકદમ જ

ધ્યાનની ધારામાં ચઢી ગયા. ત્યાં લગભગ ૭-૧૦ મિનિટે લગભગ ૪૦૦ જેટલા સાધ્વીજી અને ૪૦ થી વધુ સાધુ મહાત્મા અને કેટલાય શ્રાવકો અને શ્રાવિકા સન્મુખ ગજબ સમાધિ અને અંતિમ ક્ષણ સુધી સજાગ અવસ્થામાં પોતાના જ સ્વમુખે અરિહંત... અરિહંત... કરતા કરતા પ્રાણનો ત્યાગ કર્યો. છેલ્લા શ્વાસે પણ પૂ.કીર્તિયશ વિ. કહ્યું કે ચંપકભાઈ ! 'અરિહંત...' તો તેમણે પણ આંગળીના વેઢા બતાવીને કહ્યું કે હું અરિહંતમાં જ છું.' કોઈ ગજબ વેદના વચ્ચે ગજબ સમાધિ (પૂર્વક) સાધી ગયા. અમને તો ખૂબ જ દુઃખ થયું કે આ વેશમાં ક્યાં કાળ કર્યો ! પણ ગચ્છાધિપતિશ્રીએ કહ્યું મને કે ભાઈ અમારે પણ જે દુર્લભ છે અને ચારિત્ર લઈને પણ જે મેળવવાનું છે તે તારા પિતાશ્રીએ સમાધિ મેળવી જ લીધી. મને મોરબી સમાચાર મળ્યા. અને હું રાત્રે ૨ વાગે Taxi કરીને પહોંચ્યો. કોઈ જોરદાર વ્રજાઘાત થયો કે 'આ શું થઈ ગયું !' ત્યાં પાટણમાં તેઓ કાળ કરી ગયા ત્યાં રાત્રે ૭ વાગ્યાથી ૯ વાગ્યા સુધીમાં પાંચ હજાર માણસો તેમનાં દર્શન કરી ગયા. પછી અહીં પણ રાત્રે પોળમાં ૩ વાગ્યે પણ પોળનું એકેએક માણસ અશ્રુભીની આંખે હાજર હતું. સવારે તેમની સ્મશાન યાત્રામાં સેંકડો વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દેહને સંપૂર્ણ વિધિપૂર્વક અંતિમ સંસ્કાર આપવા લાકડાં-સુખડ તેમજ છાણાંને પ્રમાર્જવા મેં ચેતનને પહેલાથી જ સ્મશાને મોકલી દીધો હતો. અને સંપૂર્ણ પ્રમાર્જના પૂર્વક તેમનો અગ્નિસંસ્કાર કર્યો હતો. એ પછી...

સ્મશાનમાં જ જાહેર કરી દીધું કે આ પુણ્ય પુરુષની પાછળ કોઈએ શોક કરવાનો નથી. માટે બેસણું રાખેલ નથી પણ બેસણાંને બદલે કાલે શ્રી પંચકલ્યાણકની પૂજા રાખેલ છે. એટલે અને તેમના નિમિત્તે કોઈ આર્તધ્યાન ન કરે માટે અને જે કોઈ આવે તે ભક્તિમાં જ જોડાય માટે લૌકિક વ્યવહારને ગૌણ કરીને પૂજાનું આયોજન કર્યું. પૂજામાં તો કોઈ ગજબ રંગ હતો. આરાધક મંડળ લલીતભાઈ ધામી અને એકો એક વિશિષ્ટ વ્યક્તિઓની ઉપસ્થિતિ. પૂજામાં ૧-૧ રૂપિયાની પ્રભાવના રાખી હતી. હવે અમે તેમના નિમિત્તે એક ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ કરવાની વિચારણા કરીએ છીએ, પણ હજુ થોડા દિવસો પછી હમણાં નહિ.

તા. ૩-૯-૭૯ નાં રોજ જ્ઞાનમંદિરમાં ભાઈના સ્વર્ગવાસ નિમિત્તે ગુણાનુવાદની ચાલુ પ્રવચન દરમ્યાન જ સભા રાખી હતી. જ્ઞાનમંદિરનાં ઈતિહાસમાં શ્રાવકનાં ગુણાનુવાદની સભા સૌપ્રથમ વખત જ હતી. અને એક એક વ્યક્તિઓ તેમના માટે અશ્રુભીની આંખે અનુમોદન કર્યું હતું. (એમાં ડા.સુરેશ ઝવેરી કલકત્તાવાળાએ એમના ગુણ ગાતાં સભા રડી પડી હતી.)

ગઈ કાલે હું તથા ગીરીશકાકા પાટણ ગયા હતા. પૂ. આચાર્યદેવશ્રીનો ગજબ ઉપકાર થઈ ગયો. માટે વંદનાર્થે ગયા હતા. ત્યારે પૂ.ગચ્છાધિપતિશ્રીએ ભાઈની ગજબ અનુમોદના કરી. અને મને કહ્યું કે "જયેશ, હું પણ ઈચ્છું છું કે આવું સમાધિ મરણ અમને મળે." સાહેબજી ! હું તો ગાંડો જ થઈ ગયો કે ગચ્છાધિપતિશ્રી આ બોલે છે ! મેં તેમને પૂછ્યું કે સાહેબજી ! તેમની ગતિ કઈ હશે ? તો સાહેબજીએ કહ્યું કે ગતી માટે તો કોઈ પ્રશ્ન જ નથી. તેમનો જીવ આંખમાંથી ગયો છે અને બેઠા-બેઠા ગજબ સમાધિમાં અને અરિહંતના ધ્યાનમાં આટલા બધા સાધુ-સાધ્વીજીનું સાંનિધ્ય અને તેમણે પણ અંતિમ સમયે આરાધના સારી કરી. એટલે તેમની દુર્ગતિ તો હોય જ નહિ. સદ્ગતિ જ હોય. તે પણ પ્રાયઃ મનુષ્ય ભવ જ કહી શકાય. આમ ગચ્છાધિપતિની મહોર મળી ગઈ. અને અમારું દુઃખ ઘણું ઓછું થઈ ગયું અને અનુમોદનામાં ફેરવાઈ ગયું.

અહીં ભાભી (ચંપકભાઈના ધર્મપત્ની હંસાબેને) પણ ગજબ હિંમત રાખી છે. અમને ખાસ તેમની તબીયતનો જ ડર હતો કે હાર્ટના દર્દી છે, પણ ઊલટું અમને રડવું આવી જાય, તો ભાભી અમને કહે છે 'શું આપણે ધર્મ પામ્યા પછી આપણે પણ રડશું ?' અને એમ તેમણે બધી જ હિંમત રાખી છે. પૂજયશ્રી ! કોઈ ગજબ થઈ ગયું ભાઈનાં સંપૂર્ણ ગુણો ભાભીએ ઝીલી લીધા હોય તેમ લાગે છે.

બીજી ઘણી વાતો છે તે પછી લખીશું. -પણ હે કૃપાનિધિ ! હવે મારું શું ? એ ચિંતામાં છું. અને આ પ્રસંગ જોઈને તો હવે હું ખૂબ જ સજાગ થઈ ગયો છું કે હવે તો ચારિત્ર સિવાય બીજી કોઈ વાત જ નહીં.

આપશ્રીની તબિયત સારી હશે. હું પાટણ ગયો હતો. ત્યારે ત્યાં પ્રત્યેક મુનિરાજો ભાઈની ખૂબ જ અનુમોદના કરતા અને કેટલાય મહાત્માઓએ મને કહ્યું કે જયેશ-અમને એમ થઈ ગયું કે ચંપકભાઈના સ્થાને આવું મૃત્યું અમને મળતું હોય તો અમે હમણાં જ તૈયાર થઈ જઈએ. અમને તેમના મૃત્યુની ઈર્ષા આવે છે. એટલે અમારી પર જે દુઃખ આવ્યું તેના કરતાં અમારા પર ભાઈ જેવું જીવન જીવી ગયા, અને તેમને જે જે ઈચ્છા હતી તે પૂર્ણ કરવાની ફરજ આવી પડી છે. અને તે આપશ્રીની કૃપા હશે તો જ પૂર્ણ થશે. -કૃપા પાઠવશોને ?

પત્ર ઘણો ઉતાવળથી અને રડતાં હૃદયે લખ્યો છે માટે અક્ષરોનાં કોઈ ઠેકાણાં નથી, પણ મારો ભાવ પકડવા કૃપા કરશોજી.

ત્યાં સર્વે મહાત્માઓને વંદના કહેશોજી.

લિ. આપનો ચરણકિંકર જયેશના કોટિશ વંદના સ્વીકારવા કૃપા કરશોજી.

શ્રમણ સંઘનો એક મહાન સિતારો
પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ

સમાધિ મૃત્યુના સોદાગર :

સંયમ-બ્રહ્મચર્યના કડક પક્ષકાર પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો એ વારસો પામેલા, તેમજ એઓશ્રીના શિષ્ય હતા પૂ. આચાર્યદેવશ્રી **વિજય હીરસૂરીશ્વરજી મહારાજ.** ગત આસો સુદ ૧૪ની રાત્રે ૧૧-૧૫ મિનિટે અપૂર્વ સમાધિમાં આ નશ્વર દેહને છોડી જતાં સમુદાય અને સંઘનું એક રત્ન ખોવાઈ ગયું. ૪૭ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય પાળી ૮૩ વર્ષની ઉંમરે એ સમાધિ મરણ પામી જીવન જીતી ગયા. મૂળ એઓશ્રી અમદાવાદ પાડાપોળના રહીશ. વિક્રમ સં. ૧૯૫૩ના મહા સુદ ચૌદસના જન્મ પામેલા. પોતાનો પૂર્વ સંસ્કાર અને અહીંના માતા-પિતાના સંસ્કારથી ધર્મ રુચિવાળા હતા. શ્રાવક સકરચંદ અને સમરથબહેનના સુપુત્ર હીરાભાઈ તે કૉલેજના પહેલા વરસ સુધી ભણેલા. આજથી લગભગ ૬૫ વર્ષ પૂર્વેના એ કૉલેજિયન એટલે ઊંચું ભણનારા ગણાય. છતાં એમનામાં ઠાઠ ઠઠારો નહોતો, સાદાઈ હતી, જે એમણે સાધુ જીવનનાં અંત સુધી પાળી. Plain living and high thinking નું સૂત્ર જીવનભર અમલી બનાવ્યું.

ધર્મરંગે રંગાયેલ જીવનની ઉષા :

હીરાભાઈના જીવનમાં ધર્મરંગ સારો, તે મુનિ મહારાજોની વ્યાખ્યાનવાણી સાંભળતા અને તત્ત્વને પકડતા; તેથી એમનું ચિંતન ઊંચું રહેતું. દેવદર્શન, જિનપૂજા, સામાયિક પોષધ વગેરે ધાર્મિક ક્રિયાકાંડ ઉપર એમને ખૂબ સારી રુચી. પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર નવતત્ત્વ વગેરેના અભ્યાસી હતા. લગ્ન ગ્રંથિથી જોડાયેલા છતાં એમના અંતરમાં વૈરાગ્ય ભાવના વધતી જતી.

વાસનાઓ સાથે વૈર :

હીરાભાઈ ભારે સિદ્ધાંતવાદી. એકવાર એમના પત્ની શ્રીમતી જાસુદબહેન કોઈક કારણસર રિસાઈને પીયર ચાલી ગયેલા, તે એમને મનાવી બોલાવી લાવવાનું ના કર્યું, ના કર્યું; તે કેટલોય સમય ગયો પણ પોતે અણનમ રહ્યા. સાથે નિખાલસ એવા કે પત્ની સમજીને સાસરે આવી ગયા તો પ્રેમથી એમને વધાવી લીધા. દિલમાં કશી ગાંઠ વાળી રાખવાની વાત નહિ. આમાં એમનો સંયમગુણ પણ સારો તરવરતો રહ્યો, નહિતર લગ્ન જીવન માંડ્યા પછી વાસનાની પરવશતા પત્નીની

કેટલીય ગુલામી કરાવે. ખોટું જરાયે પસંદ નહીં, તેથી સ્પષ્ટ સંભળાવવામાં કડક સ્વભાવના હતા.

ન્યાય પ્રિયતા અને શિસ્તપ્રેમ :

સંયમ સદાચારના એ ભારે પક્ષકાર. આર્થિક લાભના વ્યવસાય અર્થે એ સુરત રત્નસાગરજી બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે રહેલા. ત્યાં ટ્રસ્ટીઓને એમણે સાફ કહેલું કે 'હું વિદ્યાર્થીઓમાં અશિષ્ટ અને અશિસ્ત વ્યવહાર જરાય ચાલવા નહિ દઉં. રોજ રાતના ૧૧-૧૨-૨ વાગે એ માણસના હાથમાં ફાનસ સાથે વિદ્યાર્થી ગૃહમાં રોન મારવા નીકળી પડતા અને કોણ કેમ સૂતું છે એની તપાસ કરતા. એમાં ૩-૪ વિદ્યાર્થીને રાતના કુચેષ્ટા કરતા પકડી બોર્ડિંગમાંથી રવાના કરેલા. ટ્રસ્ટીઓ એમાં આડે આવેલા કે "આમ રજા આપી દેતા રહીએ તો લોકો પોતાના છોકરાને આપણી બોર્ડિંગમાં નહિ મોકલે, તો બોર્ડિંગનો ખર્ચ ભારે પડી જશે." પરંતુ આ સિદ્ધાંતવાદી અને સદાચારના કડક પક્ષકાર હીરાભાઈએ સાફ કહી દીધું કે 'એ ગુનાહિત વિદ્યાર્થીઓને રવાના કરવા પડશે નહિતર આ મારું રાજીનામું. બાકી સમજી રાખજો કે સડેલાને સંઘરી રાખશો તો બાકીનું સારુંય સડવા માંડશે. આવાના ચેપથી સારા વિદ્યાર્થીઓ પણ બગડશે. ટ્રસ્ટીઓને નમતું જોખવું પડ્યું. આ ગુણે એમણે સાધુ જીવનમાં પૂ. ગુરુદેવશ્રીએ પોતાના વજ્જર બનાવેલા, ને મોટા સમુદાયમાં રાતના કે દિવસે પણ એ રોન મારવા નીકળી પડતા.

વાપી નગરમાં ધર્મનો ઉદ્યોત :

હીરાભાઈ ૪-૫ વરસ બોર્ડિંગ સંભાળ્યા પછી વાપીમાં સીસોદરાવાળા શ્રી ખૂબચંદ ગુલાબચંદના કાપડના ધંધામાં ભાગીદારીમાં જોડાયેલા. ત્યાં એમની ધર્મ નિષ્ઠાએ વાપીના જૈનોમાં એવી છાયા પાટી દીધી કે એમની પ્રેરણા મુજબ ધર્મ પ્રવૃત્તિમાં જોડાવા લાગ્યા. રાતના પણ તત્ત્વનો બોધ આપતા. એમ વાપીમાં ધર્મની સુવાસ પ્રસરી. પર્યુષણમાં વરસો વરસ ચાલતું યતિનું વાંચન બંધ કરાવી એમણે પર્યુષણ કરાવ્યા. વાપીના જૈનોને ધાર્મિક સૂત્રો સમજાવી ધર્મ પમાડતા. તેઓ પોષધ લઈને પર્યુષણાના અધિકાર સંઘને સંભળાવતા. એમની ધર્મનિષ્ઠા, સિદ્ધાંતવાદિતા, સદાચાર પ્રિયતા વગેરે ગુણોએ વાપી, નવસારી, સીસોદરા, બુહારી, ગણદેવી, જલાલપુર વગેરેના આગેવાનોમાં એ સારી ખ્યાતિ પામેલા. એમની સ્પષ્ટ-ભાષિતાની પણ આગેવાનો કદર કરતા. વેપારમાં એમનામાં ન્યાય પ્રિયતા સારી ઝળકતી.

જૈન શાસનનું મૂલ્યાંકન, સંયમમાં કડકાઈના હિમાયતી :

સંસારમાં સુખી જીવન જીવવા છતાં એમનામાં વૈરાગ્ય વધતો રહ્યો. બે પુત્રી વિદ્યાબહેન અને ચંદ્રાબહેન ઉપર લગભગ ૩૫ વર્ષની ઉંમરે એ પુત્રના પિતા બનતાં ઘરવાળાને સમજાવી દીધું કે હવે મારે માનવજીવનનો સાર ચારિત્ર માર્ગ લેવો છે. એમને આંતરડાની નબળાઈ એટલે પત્ની અને સગાસ્નેહીઓ એમને કહે.

'તમે આવી નબળાઈમાં ચારિત્રનાં કષ્ટ કેમ ઉપાડશો ? ઘરમાં રહીને ધર્મ અને સંઘ સેવા ક્યાં ઓછી કરો છો ? તમે તો સંસારમાં રહ્યા છતાં સંત જેવા છો માટે શાંતિ રાખો.' પરંતુ આ સિદ્ધાંતવાદી અને પરલોકભીરુ તથા જિનશાસનના મર્મને પામેલા ધર્માત્મા એમ શાના ડગી જાય ? એ તો કહે, 'અહીં તો તમે મારી દયા ખાવા આવો છો, પરંતુ પરલોકમાં મારી દયા ખાવા આવશો ? આપણને દુનિયામાં દુર્લભ જિનશાસન મળ્યું તે પામીને પણ સંસારના અગણિત પાપોમાં પડ્યા રહેવાનું ? તો તો પછી શાસન નહિ મળ્યું હોય ત્યાં આપણી કઈ દશા ?'

પછી સ્નેહીઓ કહે, 'પણ તમે દીક્ષા ક્યાં લેવાના ?'

આ કહે, 'દાનસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે.'

પેલા કહે, 'ત્યાં તો બહુ કડકાઈ નવકારશી કરવા ન મળે. પોતાની ઉપધિ પોતે જ ઉપાડીને વિહાર, લોચ, ત્યાગ, તપસ્યા વગેરે કરવા પડે. તમારાથી આવા નબળા શરીરે એ નહિ બને. માટે તમે બીજા સમુદાયમાં દીક્ષા લો. કડક સમુદાયમાં નરમ શરીરવાળા તમારું કામ નહિ.'

આપણા હીરાભાઈ કહે, 'ભાગ્યશાળી ! કડક સંયમનું પાલન હોય ત્યાં જ આપણામાં કડક પાલન કરવાની શક્તિ આવે, નરમ પાલનવાળામાં તો આપણે પણ વધુ નરમ બની જઈએ.'

જિનવાણીનું શ્રવણ; પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.નો સત્સંગ :

હીરાભાઈને જિનવાણી સાંભળવાનો બહુ રસ. એ કાળે આચાર્ય મહારાજો વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ, વિજય મોહનસૂરીશ્વરજી મ., શ્રી સાગરાનંદસૂરીશ્વજી મ., વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ., વિજય મેઘસૂરીશ્વરજી મ., વિજય દાનસૂરીશ્વરજી મ., પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજ વગેરેના વ્યાખ્યાન સારા સાંભળેલા એથી એમનામાં શ્રદ્ધા બળ, વૈરાગ્ય તથા તત્ત્વનો રસ પુષ્ટ થતો ગયેલો. એથી એમણે લગ્ન કેમ કર્યા એ આશ્ચર્ય છે. એમનું હૈયું વૈરાગ્યથી છલબલ છલકાતું હતું. અનેક મહાત્માઓનો સંપર્ક સાધતા એમાં સંયમમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય

પ્રેમસૂરીશ્વરજી (એ કાળે ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી) મહારાજના સંપર્કમાં આવતાં એઓશ્રી પ્રત્યે હીરાભાઈનું દિલ વધુ આકર્ષાયું. આકર્ષાયું એટલું જ નહીં પરંતુ દિલ ઠર્યું અને વિ.સં. ૧૯૮૮ વૈ.સુ. ૭ ધામધૂમથી અમદાવાદમાં હઠીભાઈ શેઠની વાડીમાં એઓશ્રીના શિષ્ય મુનિશ્રી હેમંતવિજયજી તરીકે ચારિત્ર પંથે ઝુકાવ્યું. માત્ર એક જ વર્ષની ઉંમરના એકના એક પુત્રને તથા ૩૬ વર્ષની ઉંમરની યુવાન પત્નીને છોડી દીક્ષા લીધી; એમાં એમના તીવ્ર વૈરાગ્યનાં દર્શન થતાં હતાં. એમની પત્નીને પણ ધન્યવાદ કે એ પતિની આ દીક્ષામાં સંમત થઈ ગયા. આની પાછળ કારણ તરીકે ગૃહસ્થ જીવનમાં પણ આ પતિ-પત્નીના સંયમનો પ્રભાવ કામ કરી ગયો. સદાચારી જીવનમાં પણ અસંયમી, અસંતોષી જીવન જીવનારાને ચારિત્ર-ગ્રહણ કે ચારિત્રમાં સંમતિ કરવી મુશ્કેલ છે.

દીક્ષા-વડી દીક્ષા-શિક્ષા અને ભિક્ષાવૃત્તિ :

હીરાભાઈ હવે મુનિશ્રી હેમંતવિજયજી બન્યા. એમની વડી દીક્ષા જેઠ સુદ ૪ ના થઈ. સમર્થ ગુરુ પાસે ગ્રહણ-આસેવન શિક્ષા લેવામાં તન્મય થઈ ગયા. સાધુ ક્રિયાનાં સૂત્રો શીખી લીધા. કૉલેજ સુધીમાં સંસ્કૃત ભણેલા એટલે અહીં સંસ્કૃત ભાષા તૈયાર કરતાં વાર ન લાગી. સંસ્કૃત કાવ્ય ઉપરાંત ન્યાય-દર્શનના અભ્યાસમાં પ્રગતિ કરવા માંડી એમાં મૂળ પાડાપોળના મુનિરાજશ્રી રક્ષીતવિજયજી મહારાજનો સહારો મળવાથી ન્યાયમાં પ્રગતિ સરળ બની.

જૈન આગમ-શાસ્ત્ર-દાર્શનિક ગ્રંથોનો સ્વાધ્યાય :

એ પછી તો પંડિત પાસે ન્યાયદર્શન અને બીજા દર્શનોના ગ્રંથોનું અધ્યયન કર્યું. સાથે આગમ શાસ્ત્રોનું અધ્યયન કર્યું. લઘુતા એવી કે દર્શન-શાસ્ત્રોનાં ગ્રંથનું પારાયણ શક્તિ-સંપન્ન નાના મુનિઓ સાથે કરતાં એમને સંકોચ નહિ.

આગમ-શાસ્ત્રોનાં અધ્યયન પર સ્વાધ્યાયનો રંગ એવો રાખેલો કે જીવનના છેડા સુધી ૪૫ આગમોનું અને બીજા પ્રકરણ શાસ્ત્રોનું અવગાહન વારંવાર કરતા રહેતા. એમાં સાધ્વાચારના ઉત્સર્ગ અપવાદ અને પ્રાયશ્ચિત્તના ગ્રંથોનું અવગાહન તો ક્રમસર એકવાર, બીજીવાર, ત્રીજીવાર કરતા જ રહેતા. જ્યારે જુઓ ત્યારે એ શાસ્ત્રનાં વાંચન અને નોંધ કરતા બેઠા જ હોય. બીજાઓને પણ એક જ વાત મુખ્ય પણે કહેતા, "સંયમ સ્વાધ્યાય રતાનાં" મુનિઓ માટે શાસ્ત્ર શું કહે છે, **"મુનિઓ સંયમ અને સ્વાધ્યાયમાં રક્ત હોય."**

સંયમ જીવનમાં જાગૃતિ અને સાવધાની :

આ વસ્તુ જીવનમાં પોતે બરાબર પાળતા. આ અંતર્મુખતા એમને એટલી

બધી ગમતી કે ભગત-ભકતાણી એમણે રાખ્યા જ નહોતા; એટલે કદાચ કોઈ ભગત આવીને બેઠો હોય તો બિચારો કંટાળીને ઊઠે કે, 'આ મહારાજ તો કશી વાતચીતે કરતા નથી. એમના વાંચવામાં જ લીન રહે છે.' ત્યારે એમનાં બ્રહ્મચર્યની નવ વાડનાં પાલનની ચુસ્તતામાં સ્ત્રીઓ ગભરાઈને પાસે જતી નહિ. એમની એ ભારે વિશેષતા હતી. સાથે રહેલા મુનિ ભગવંતોને પણ નવ વાડનાં પાલન માટે ખૂબ જ સાવધ કરતા અને તે પાલન સરળ બને તે માટે તેઓશ્રી પોતે ભારે જહેમત ઊઠાવતા... વંદન કરવા આવતા સાધ્વીજીઓ સાથે પણ કોઈ ખાસ તેવા કારણ સિવાય વાતચીત કરતા નહિ અને વાતચીત કરવી પડે તો ય દૃષ્ટિ નીચી જ રાખતા... આમ સાધુ જીવનના પ્રાણ ગણાતા બ્રહ્મચર્ય મહાવ્રતનાં પાલનને તેઓશ્રીએ ભારે આત્મસાત્ કરેલું...

સત્કાર-સન્માન પ્રત્યે વિમુખતા :

વિજય હીરસૂરીશ્વરજી મહારાજની બાહ્ય સત્કાર-સન્માન તરફ એટલી બધી નિસ્પૃહતા અને સંયમ પ્રત્યે ચાહના રહેલી કે એમને રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા પ્રદેશોમાં વિચરવાનું ગમતું. આ છેલ્લું ચોમાસું મહારાષ્ટ્ર છોડીને મુંબઈમાં આવી કરવાનું એમનું મન નહોતું; પરંતુ મલાડ સંઘે બે-ત્રણવાર મહારાષ્ટ્રમાં આવી ખૂબ આગ્રહ કરેલો કે સાહેબ અમારે હીરસૂરીશ્વર જગદ્‌ગુરુ પોષધશાળા મંદિરમાં આપની નિશ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવો છે તેથી આપશ્રીને પધારવા અમારી આગ્રહ ભરી વિનંતી છે. એઓશ્રીએ આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીને લઈ જઈ કાર્ય કરો એમ ઇચ્છા બતાવેલી; પરંતુ મલાડ સંઘના અતિ આગ્રહથી મુંબઈ પધારવું પડ્યું અને એઓશ્રીના તથા આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મલાડમાં ચૈત્ર વદથી વૈશાખ સુદમાં સવાસો ઉપર પાષાણના જિન બિંબો તથા દોઢસો લગભગ ધાતુના જિન પ્રતિમાઓનો અંજનશલાકા મહોત્સવ ઉજવાયો. તેમજ પોષધ શાળાના બે માળ ઉપરના ચાર મજલામાં પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાનો મહોત્સવ ઉજવાયો. આની સાથે ઝવેરી પૂનમબાબુ વગેરે દસ પુરુષો અને છ બહેનોનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. ધામધૂમથી અળગા રહી સંયમ સ્વાધ્યાયમાં લીન રહેવા માટે પૂજ્યશ્રીની ઇચ્છા પં. શ્રી ધનપાલ વિજયજી આદિને લઈ મહારાષ્ટ્રમાં ચોમાસું કરવાની; પરંતુ આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પહેલેથી કહેલું કે, 'મારે આપશ્રીની સાથે જ રહેવાનું છે આપ મુંબઈ ન પધારો તો મારે પણ જવાની જરૂર નથી, તેમજ ચોમાસું પણ મારે આપનાથી જુદું કરવાની ઇચ્છા નથી.' તેથી મુંબઈ લાલબાગ જૈન સંઘની વારંવારની વિનંતીને માન આપી મુંબઈ લાલબાગમાં ચોમાસું નક્કી કરેલું.

મુંબઈમાં અંતિમ ચાતુર્માસ :

મુંબઈ જેવા મહાનગરમાં ચોમાસું એટલે ભકતોની વંદનાદિ અર્થે હારમાળા લાગે, પરંતુ આ અવધુત જોગી શાસ્ત્રોની વાચના સ્વાધ્યાયમાં યા જાપમાં રક્ત હોઈ કોઈ ભક્તને આવર્જવાની એમને લેશ માત્ર પડી નહોતી.

શ્રાવણ શરૂ થતાં એઓશ્રીને જમણા અંગે લકવાનો મહાવ્યાધિ લાગુ થયો, ઓષધ ઉપચાર શરૂ થયા, પરંતુ એમાં બને ત્યાં સુધી દોષિત આહાર ન લેવો પડે એનો એઓશ્રી બહુ આગ્રહ રાખતા, એઓશ્રીને ગૃહસ્થપણાથી બાર પર્વ અને છ અક્રાઈઓમાં લીલોતરી ત્યાગનો નિયમ, તે આવી ગાઢ બીમારીમાં પણ શક્ય હોય ત્યાં સુધી એ દિવસોમાં ફૂટ પણ જરૂરી છતાં બને ત્યાં સુધી નહિ લેવાનો આગ્રહ રાખતા.

વ્યાધિપરિષહમાં સહિષ્ણુતા સાથે જાગૃતિ :

ઓષધ ઉપચાર કરાવતાં લકવામાં સુધારો જણાવા લાગ્યો, પરંતુ પાછળથી કર્મની વિચિત્રતાએ સુધારો અટકી જઈ વ્યાધિ વધતો જણાયો; પરંતુ પોતે આશાવંત કે મને સારું થઈ જશે મારે સિદ્ધાચલજીની યાત્રાર્થે વિહાર કરવો છે. છતાં મુનિઓ પાસે આરાધનાનું સાંભળવાનું રાખેલું એમાં પોતે વચ્ચે વચ્ચે પાદ પૂર્તિ કરતા એટલી જાગૃતિ રાખતા. મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મહારાજ બે વાર પ્રતિક્રમણ બહુ શાંતિથી અને સ્પષ્ટ અક્ષરે કરાવતા. એમાં તો વળી વિશેષ મગ્ન બનતા. શ્રી સીમંધર ભગવાન અને શ્રી સિદ્ધગિરિના સ્તવનમાં મુનિશ્રી કોઈ કોઈ પંક્તિ ૩-૩ વાર બોલે તો એમાં ટેકો પૂરતા, તાત્પર્ય, આરાધનાની એમની મસ્તી એવી હતી કે જીવન માટે આશાવંતની જેમ મૃત્યુની પણ તૈયારી જ હતી.

અંતિમ દિવસોમાં આત્મરમણતા :

આવી ગાઢ બીમારીમાં પણ આહાર અંગે પોતાના માટે વસ્તુ તૈયાર કરાવવાનો દોષ બને તેટલો ટાળવા સજાગ રહેતા, તેમજ બાર તિથિ, છ અક્રાઈ લીલોતરી ત્યાગનો નિયમ પાળવા ભારે જાગ્રત રહેતા યાવત્ જીવનના અંતિમ દિવસે આસો સુદ ચૌદશે આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. ડૉક્ટરને પૂછે પૂજ્યશ્રી હવે ખાસ પોષણ લઈ શકતા નથી; તો ટામેટાનું સૂપ ચાલી શકે ? ત્યાં જ એ સાંભળીને તરત પૂજ્યશ્રી કહે બિલકુલ નહિ. હમણાં ઓળી સુધી લીલોતરીની વાત નહીં. આ અંતિમ દિવસે પણ સાવધાની હતી.

અભિગ્રહ-નિયમોનું કડક પાલન :

આ જોતા દેખાય કે જીવનમાં ઘણા કડક રીતે નિયમ પાળ્યા હોય એ પુણ્યવાન

આત્માને જીવનના અંતિમ દિવસ સુધી નિયમ-પાલન ચાલુ રહે. તે પણ આજ દૃષ્ટિએ કે આપણો નિયમ છે તો વિરાધનાથી બચાય છે; આવી ટેક રહે એમાં નવાઈ નથી. આમ તો પૂ. હીરસૂરીશ્વરજી મહારાજની શારીરિક તબિયત પહેલેથી નાજુક એટલે કેરીની મોસમમાં કેરીના રસ સાથે આહાર કાંઈક ઠીક લઈ શકે, છતાં બાર તિથિ કેરી બંધ તે બંધ. ખોટું મનામણું નહિ કે આપણે તો લીલોતરી બંધ છે ને ? કેરી તો પાકું ફળ છે ને ? માટે એ લેવામાં વાંધો નહીં. એ સમજતા કે પાકું ફળ, પાકાં કેળા સુદ્ધા એ કાંઈ સુકોતરી નથી, લીલોતરી જ છે.

પાંચ મહાવ્રત-પાંચ સમિતિ-ગુપ્તિત્રય, અમૂલ્ય સંપત્તિનું અર્જન :

તાત્પર્ય, એઓશ્રી લીધેલા નિયમમાં ચુસ્ત રહેતા. પોતે નાજુક તબિયતના કારણે તપસ્યા કે બહુ નિયમો નહોતા કરી શકતા, છતાં ત્યાગી તપસ્વીઓની ઉપબૃંહણા સારી કરતા. એઓશ્રી કહેતા, 'ભાઈ તમે વિશિષ્ટ નિયમો કરો છો, તપસ્યા કરો છો, આરાધી રહ્યા છો. મારે તો પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ ગુપ્તિ સારા પળાઈ જાય એટલી જ શક્તિ છે.' ભલે આમ બોલતા, પરંતુ એમનું મહાવ્રતોને સમિતિ ગુપ્તિનું પાલન અજબ કોટિનું હતું.

પહેલા મહાવ્રતમાં જીવરક્ષાની જયણા તો જાણે એમના પ્રાણ ! શાસ્ત્ર વાંચે તો પાનું પાનું ફેરવતાં પૂંજી લે. બહાર વાંચવા કાઢેલા શાસ્ત્ર સવારે બધાય પૂંજી લે. પોતાની દરેક ચીજ વસ્તુ પૂંજતા રહે, ને વ્યવસ્થિત મૂકે. બીજા મહાવ્રતમાં એમને અસત્ય પ્રત્યે ભારે સૂગ, ગમે તેવા પ્રસંગમાં પણ મૃષાવચન બોલવાનું નહિ. ત્રીજા મહાવ્રતમાં સાધુને બીજી તો શી ચોરી કરવાની હોય, પરંતુ સ્વામી-અદત્ત ગુરુ-અદત્તના પ્રસંગ સારા આવે; પણ એમાં આ મહાન આત્મા સાધુની કોઈપણ વસ્તુ એને પૂછ્યા વિના ન લે, તેમજ ગુરુની આજ્ઞા વિના કશું લેવાનું યા મંગાવવાનું નહિ. ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતમાં તો કહેવું પડે કે પૂજ્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની એ બ્લુ પ્રીન્ટ હતા. વ્યાખ્યાન સિવાય સ્ત્રીઓનું ઉપાશ્રયમાં આગમન જ એમને પસંદ નહિ. તેમજ ગોચરી લેવા કે પચ્ચક્ખાણ દેવા વગેરે પ્રસંગ આવે ત્યાં સ્ત્રીની સામે જોવાની વાત નહિ. એમના કડક ચહેરાને જોઈને જ સ્ત્રીઓ એમનાથી આઘી રહેતી. પાંચમાં મહાવ્રતમાં જીવનમાં સાદાઈ બહુ, તેથી જરૂરિયાતો જ ઓછી; એટલે વસ્ત્ર પાત્ર વગેરેનો સંગ્રહ કરવો પડતો નહિ. પેન્સીલ પણ બહુ સાદી વાપરતા. ગૃહસ્થપણાના પુસ્તકોનો સંગ્રહ વાપી સીસોદરાના શ્રાવકોને સોંપી દીધેલ.

સમિતિ-ગુપ્તિ જાળવવામાં પણ એક્કા હતા. ચાલો નીચે જોઈને; બારી-

બારણા-ઉપધિ ઉપયોગ પડતાં વારંવાર પૂંજે-પ્રમાર્જે. સાવદ્ય (પાપવાળી) ભાષા ન બોલાઈ જાય એની એમને ભારે ચીવટ. વસ્તુ લેવા મૂકવામાં વારંવાર પ્રમાર્જે. પરઠવવામાં પણ જીવજતનાની બહુ સાવધાની. શિસ્ત માટે તો એ પહેલાં જાત પર જ કડક અભ્યાસ રાખતા, પડિલેહણ સમય થાય એટલે શિષ્યની રાહ જોયા વિના પોતાના વસ્ત્ર-પાત્રાદિનું પડિલેહણ પોતે શરૂ જ કરી દેતા. ગોચરી વાપરતી વખતે આહાર મંગાવ્યા પ્રમાણે જ ગણીને લેવાનો, પરંતુ ભૂખ વધુ લાગી છે માટે મંગાવ્યા કરતા અધિક લઈ લો, યા કદાચ પાછળથી ખપાવવાનું આવે માટે પહેલેથી જ મંગાવ્યા કરતાં ઓછું જ લઈ બેસો એવી વાત નહિ. શિસ્ત તે શિસ્ત. ત્યારે સમુદાયમાં અનેક મુનિ ગોચરી જનારા હોય, એમાં 'કાંટો કાંટ ગોચરી મંગાવવી હોય તો મુનિશ્રી હેમંતવિજયજીને સોંપો.' એવી એમની ખ્યાતિ, કેમકે મંગાવ્યા પ્રમાણે બરાબર ગણીને ગોચરી લાવે. ગોચરી વહેંચવામાં પણ એમ જ બોલે, 'મંગાવ્યા પ્રમાણે લઈ લો.' નહિ કે 'ખપે એટલું લઈ લો.' શિસ્ત તે શિસ્ત. ગુરુ-આજ્ઞા તો એમને હંમેશાં તહત્તિ જ કરવાની રાખેલી. ઉપરાંત માંડલી વ્યવસ્થાપક પણ જે આદેશ કરે તે બજાવી જ લેવાનો. શિસ્ત તે શિસ્ત. વિહારમાં શું, મુકામમાં જગા અંગે શું, કે સાધુ-વ્યવહારમાં શું, બધે જ શિસ્તના એ બહુ આગ્રહી. કહેતા, સમુદાય શિસ્ત પાલન પર જ વ્યવસ્થિત ચાલે.

સહિષ્ણુતાનો આદર્શ :

એમની સહિષ્ણુતા વળી અદ્‌ભુત હતી ! તે ૨-૨॥ માસના લકવાના ભયંકર દરદમાં ખૂબ જોવા મળી. ચોથા આરાના મુનિને યાદ કરાવે, જીવનના છેવટના ચાર-પાંચ દિવસ એમને શ્વાસની તકલીફ ઊભી થયેલી, પરંતુ એમાં ય દિવસે ને રાત્રે પ્રભુ ભક્તિના, આરાધનાના સ્તવનો સજ્ઝાઓ ખૂબ રસથી સાંભળતા. એમાં તો ગંભીર સ્થિતિની બીજાઓને શું, ડૉક્ટરોને પણ ખબર ન પડી. કેમકે આંતરિક વેદનાની ઉગ્રતા શબ્દોમાં એ લાવતા નહિ.

ડૉક્ટરના પણ ડૉક્ટર :

એમની સ્વપરના હિતની કાળજી કેવી કે લકવા પૂર્વે એ અચાનક પડી ગયેલા, તેથી લકવો લાગ્યા પછી મોટા ડૉક્ટરને મગજમાં ટ્યુમરની શંકા પડવાથી હૉસ્પિટલમાં એમને ફોટા માટે લઈ ગયેલા, તે ત્યાં પણ ડૉક્ટરી તપાસ પછી એ ડૉક્ટરને કહે, 'જુઓ તમે મારા શરીરના ડૉક્ટર ને અમે તમારા આત્માના ડૉક્ટર.' તે મારી તમને આટલી જ દવા છે કે તમે એટલું વિચારતા રહેજો કે, 'From where have you come and where you have to go.' આ અંગ્રેજીમાં જ

બોલતા. તાત્પર્ય, તમે 'ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના છો આટલું વિચારતા રહેજો.' તો તે જીવનના અંતિમ દિવસોમાં પણ ડૉક્ટરને આ યાદ કરાવતા કેમકે એમને આ નજર સામે રમતું કે, **'અહીંની પ્રાપ્તિ તો પૂર્વ જન્મની કરણી પર આધારિત છે, પરંતુ વર્તમાન જીવનની કરણી પર પરલોકનો આધાર છે, માટે અહીંની પ્રાપ્તિમાં હરખ ખેદ ન કરવો અને અહીંની કરણી ધર્મમય આચરવી.'**

સમાધિ ભાવની કઠોર સાધના :

પર્યુષણા બાદ તેમની શારીરિક શક્તિ જેમ જેમ વધુ ક્ષીણ થતી ગઈ તેમ તેમ આત્મજાગૃતિમાં વૃદ્ધિ થઈ રહી હતી અને તેમાં સહેજ પણ ઘટાડો ન થાય તે માટે લઘુ મુનિઓ પાસે રોજ પુણ્ય પ્રકાશનનું સ્તવન અને સમાધિ સાવધાની વધારે તેવા બીજા સ્તવનો અને સજઝાયો એકાગ્રતા પૂર્વક સાંભળતા જ રહેતા અને એના શ્રવણમાં એમને શારીરિક વેદનાનો તો ખ્યાલ પણ રહેતો નહીં. રોજ બે-ત્રણ વાર ડૉક્ટર આવીને તબિયત તપાસે, જરૂરી સુચન કરે, દવા વગેરે લેવાનું સૂચવે એ સાક્ષી ભાવે સાંભળી લેતા. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ વારંવાર ધન્ના અનગાર વગેરે પરાક્રમી મહાપુરુષોની અસહ્ય વેદનામાં અપૂર્વ સમાધિભાવ ટકાવી રાખવામાં રામબાણ ઉપાય જેવી ભાવપૂર્ણ સજઝાયો ગંભીર ઘોષથી સંભળાવે ત્યારે એમનો આત્મા સાંભળવામાં જે તન્મયતા અનુભવતો અને એમના મુખ ઉપર જે તીવ્ર સંવેગની લાગણીઓ ઉપસી આવતી તે સહુ જોનારાઓને આશ્ચર્ય ગરકાવ કરી દે તેવી હતી. આવી વિશુદ્ધ ભાવપૂર્ણ સ્વસ્થતા એમણે અંતિમ શ્વાસ સુધી જાળવી રાખેલ.

પરલોક યાત્રાની પૂર્વ તૈયારી, શંબલ :

આસો સુદ ૧૪ના અંતિમ દિવસે રાત્રે પખ્ખી પ્રતિક્રમણ શુદ્ધિ પૂર્વક કર્યા બાદ મુનિઓ સજઝાય સંભળાવતા હતા ત્યારે અચાનક શ્વાસ જોરથી ચાલવા માંડ્યો. પૂ. આ. ભુવનભાનુસૂરિ મહારાજે ગંભીર અને મધુર સ્વરે નવકારમંત્ર સંભળાવવા માંડ્યો. ત્યાર પછી પાંચ મહાવ્રત પુનરુચ્ચારણ અંગે તેમની ઈચ્છા જાણી પૂર્ણ શુદ્ધિમાં ફરી પાંચ મહાવ્રતો નંદીસૂત્રની બૃહદ્-વિધિ પૂર્વક ઉચ્ચર્યા. ત્યાર પછી ચાર શરણ સુકૃત અનુમોદના-દુષ્કૃતગર્હા-સર્વ જીવો સાથે ક્ષમાપના કરી. ફરી નમસ્કાર મહામંત્રના સ્વમુખે જ ઉચ્ચારણ અને પૂ. આચાર્યદેવ તથા અન્ય મુનિઓ દ્વારા કરાવાતા શ્રવણમાં લયલીન થઈ ગયા. રાત્રે ૧૧.૨૦ મિનિટે સ્વર્ગમાં એક સિતારો ઊગ્યો જે મનુષ્ય લોકમાં અસ્ત થઈ ગયો હતો.

• અનુમોદન અને અંજલિઓ :

મુનિરાજશ્રી ભુવનચંદ્ર વિજયજી મ. સદ્ગતના આત્માને આ અંજલિ આપે છે કે :

'વિશ્વેશ્વર અરિહંત પરમાત્માનું મહાશાસન સંયમ પ્રધાન છે. સંયમ વિના ભવપાર કોઈ પામ્યું નથી, પામતું નથી, પામશે નહિ. શુદ્ધ સંયમના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પ્રમાણે અડગ ઉપાસક પ. પૂ. સ્વ. વિજય હીરસૂરીશ્વરજી મ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના જાગૃત પાલક હોવા સાથે શિષ્યગણને તેમાં દૃઢ બનાવવામાં પૂરી તકેદારી અને કાળજીવાળા હતા. **ચારિત્ર બળ સિવાય શાસન-પ્રભાવના હોય ક્યાંથી ?**

જીવનભર સૂક્ષ્મ સંયમ પાલન સાથે સત્ય કહેવામાં નીડર, મહાન તેજસ્વી આરાધ્યપાદ સ્વ. પરમ ગુરુ ભગવંતની ઉપાસના ભક્તિ-વૈયાવચ્ચમાં એક્કા, વાહવાહ કે કીર્તિલાલ સાથી પર, એવા પૂ. આચાર્યશ્રીને કોટિશ : વંદના.

ખૂબી તો એ હતી અને સ્વયં અનુભવી એકથી અનેક વખત કે જ્યારે જ્યારે સમુદાયને વિશેષ વ્યવસ્થિત કરવાના પ્રસંગ ઊભા થયા, ત્યારે ત્યારે તેઓશ્રી એક સાનુકૂળ ચાવી રૂપ બની જતા અને હિંમતભેર, મહાન સમર્થ ગચ્છાધિપતિને પૂરા સહાયક બની જતા, પ્રભુશાસનને પામ્યાનું આ એક સુંદર હાર્દ છે.

ભલે સુયોગ્ય બાબતમાં તેઓ કડક ગણાતા, પણ એ કડકાઈ પાછળ; હૈયાની નરી કોમળતા અને મનની નિર્મળતા રહેતી. શાસન અને સમુદાયનો આધારસ્તંભ સ્વચ્છતા છે. **ચારિત્રની સ્વચ્છતા એ તો મહાશાસનનું નૂર છે.** આ નૂરના પૂરમાં પોતે ધૂર હતા, શૂર હતા, એ ખરેખર સમુદાયને ગૌરવ લેવા જેવું છે.

સિંહવૃતિથી સંયમ લીધું, સિંહવૃતિથી પાળ્યું અને પંડિત મરણને સાધ્યું. સાધક, સાધના અને સાધ્યનો શાસ્ત્રીય ત્રિવેણી સંગમ એટલે પૂ. પા. વિજય હીરસૂરીશ્વરજી મ. અંત વખતની છેવટના શ્વાસ સુધીની અનુપમ જાગૃત ચેતના એજ જીવનભરના શુદ્ધ સંયમનું પ્રત્યક્ષ ફળ સૌએ અનુભવ્યું, અનુમોદ્યું અને હૈયાના ભાવથી બીરદાવ્યું.

મહાન તપસ્વી પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ., પૂ. પં. શ્રી જયઘોષ વિ. ગણિવર આદિ આરાધના મસ્ત મુનિમંડળની સતત ધર્મ સેવા નિર્યામણા અને શ્રી સંઘની ભક્તિ અનુમોદનીય બની જાય એ તો આવા શુદ્ધ સાધક માટે સ્વાભાવિક છે. શાસન મહાન છે, ઝળકતું રહ્યું છે, રહેવાનું છે. પણ આવા એક નિષ્ઠ આરાધક આત્માઓની ખોટ આજના ઝેરી કાળમાં જલદી પૂરાતી નથી. એ

પણ હકીકત છે.

શ્રાવકપણાના અને સાધુપણાના નિકટ પરિચયે અનેક ગુણોની સુરભિ અનુભવી છે તે ગુણ સમૂહને હૈયાભર અંજલિ કોટિશઃ વંદના પૂર્વક.

● **અનુભવનાં ઉદ્‌ગારો :**

દાદર (મુંબઈ)નાં ધાર્મિક શિક્ષક અને પૂજ્યશ્રીના અનુરાગી વેલજીભાઈએ દાદર ખાતેનાં ત્રણ ચાતુર્માસ દરમ્યાન નજરો નજરે નિહાળેલા કેટલાક મહત્ત્વના પ્રસંગોને શબ્દ દેહ આપતાં જણાવે છે...

સંસારીપણાના પત્ની વંદન કરવા આવેલ ત્યારે ૦।। કલાકમાં પૂછેલા પ્રશ્નોના જવાબ આપી ધર્મ-આરાધનાના સમાચાર પૂછી તરત જ રજા આપી, સૂચના સાથે કે, 'સાધુ પાસે બૈરાઓએ ઉપાશ્રયમાં બેસાય નહિ. અજાણ્યા આવનારને ખબર ન હોય કે વંદન કરવા આવેલ છે એટલે ગમે તેમ બોલે શાસનની નિંદા થાય.'

ઉપધાન તપમાં 'ક્રિયા સિવાય કોઈપણ બહેનો વંદન કરવા ન આવે.' એવી જોરદાર ગર્જના. જવાનો રસ્તો પણ દાદરો જુદો જ. ચડતા-ઊતરતા પણ સાધુ સામે ન આવે એવી કાળજી.

ઉપધાન કરાવવા વિનંતી કરતા સંઘના ભાઈઓને સૂચન 'મૂળ વિધિથી કરો. પહેલો અક્રમ અને બાકીના આયંબિલ.' આ વિધિ સમજાવવા આગ્રહ રાખેલ. પચીસ વરસ પહેલાં વૈદરાજની સૂચનાથી એક મહિનો ખાલી ખીચડી ઉપર જ રહેવાનું સૂચન મળ્યું. અમારે કચ્છી લોકને કાયમ સાંજે ખીચડી બનાવવાની પ્રથા. વહોરવા પધારતાં એક દિવસ સાંજે વાપર્યા પછી ઓચિંતાના પોતે તરપણી લઈને નીકળ્યા, ધર્મ-લાભ કહી ઊભા રહ્યા અને ચેકીંગ કરી ગયા કે ઘરધણી પોતે વહોરાવ્યા પછી ઘરના બધા શું વાપરે છે તે જોવા માટે. ત્યારબાદ શંકાનું સમાધાન થયું. ત્યાં સુધી એમને મૂંઝવણ ચાલુ જ. સાધુના સંયમની કાળજી. એક દિવસ પં. પદ્મવિજયજી ગણિવર પાસે રાત્રે પ્રતિક્રમણ બાદ પૂજાના અર્થ અને કર્મગ્રન્થનો પાઠ કરતાં કરતાં રાતના ૧૧ વાગ્યા, તરત જ દંડાસણ લઈને આવ્યા, 'શ્રાવકોને આટલો સમય આપો છો, સવારે બાલ મુનિવરોને કોણ પાઠ આપશે ? હવે કાલ ઉપર રાખો' અને તરત જ મને ત્યાંથી ઉઠાડ્યો.

એક દિવસ રાત્રે બાલમુનિવરો જ્યાં સંથારો કરેલ ત્યાં જ સ્વાધ્યાય કરતાં હું ઊંઘી ગયેલ. પોતે આવ્યા, અને 'કોણ છે ?' બૂમ પાડી, પણ પહેલી ઊંઘમાં ન સંભળાતાં જોરથી ડંડાસણ મારા પગમાં ઠબકાર્યું કોણ છે ? હું સંથારો ઉપાશ્રયમાં જ કરતો હતો. પૂજ્યશ્રી બોલ્યા, સામે દરવાજે સંથારો કરો, બાલ મુનિની

બાજુમાં નહિ.

બીજે દિવસે વ્યાખ્યાન બાદ મને પાસે બેસાડીને ધીમેથી હકીકત સમજાવી ખૂબ જ વાત્સલ્ય ભાવથી.

પોતે વ્યાખ્યાનમાં ગ્રંથની પંક્તિ જ વાંચતા અને અર્થ કરતા. 'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથની વાંચના આપતાં પાંચ પ્રકારના ગુરુઓનાં વર્ણન સમજાવી 'અદીઠે કલ્યાણ'નો પાઠ સંઘના ભાઈઓને સમજાવેલ.

એક સાધુ ભગવંતે મને પત્ર આપ્યો કહે, 'મુંબઈ જાઓ છો તો આ પત્ર અમુક મહારાજશ્રીને આપજો.' હું ઉપાશ્રયમાં ગયો, તરત જ પહેલી પાટ એમની, નિરીક્ષણ કરતી, એમની બંને ચક્ષુઓ સંયમ માર્ગની રક્ષા કરવા, કેમ જાણે 'ગુરખાજી પહેરો ન ભરતા હોય તેવા લાગતા' વંદન કરી પત્ર આપવા માટે મુનિરાજના આસનની પૃચ્છા કરી. 'કેમ' ? 'પત્ર આપવો છે.' **'વડીલને વંચાવીને આપ્યો છે કે એમ જ ?'** તરત જ સૂચના કરી, એમને ન આપતા એમના ગુરુ ભુવનભાનુસૂરીશ્વરજી નીચે વાંચના આપે છે, ૧૫ મિનિટમાં ઉપર આવશે ત્યારે એમને હાથો હાથ આપજો, આ તો સમુદાયનું કામ છે. વિશાળ સંખ્યામાં મુનિવરોને સંભાળવાની જવાબદારી ઓછી નથી. વ્યવસ્થિતતા જોઈએ. જેને ફાવે તેમ ગુરુથી છાનું ન કરાય. કાળ વિધિ બરાબર સમજો... નહિતર પાપના ભાગીદાર બનશો. કેટલી સૂક્ષ્મ કાળજી સાધુપણાની રક્ષણની ! શ્રાવક વર્ગને આરાધનામાં જોડવા, દાદરમાં ચોવિહાર કરનાર ભાઈઓ સાંજના પ્રતિક્રમણમાં, ધંધાના સમયને લીધે, ગુરુમહારાજ સાથે ન આવી શકતા; તો એમણે ૨૫ ભાઈઓની બીજી માંડલી ૯ વાગે શરૂ કરાવી. ચારે મહિના શ્રાવકોને પ્રતિક્રમણ કરતા શરૂ કરાવી દીધા, તે હજી ચાલે છે.

અજિતશાંતિની ગાથાઓનો દરરોજ પાઠ લેવા હું જતો. જ્યારે ગાથામાં ભૂલ પડે ત્યારે બીજી ગાથા આપતા નહિ, પણ શુદ્ધ લાગે ત્યારે જ બીજી ગાથા આગળ કરાવતા અને શુદ્ધિ ઉપર લક્ષ અપાવતા.

નિસ્પૃહ શિરોમણિ જિનશાસનના મહાન ત્રીજા પદે બિરાજમાન હોવા છતાં ભારે સાદાઈ અને કઠોર સંયમી જીવનવાળા હતા.

નાની વસ્તુ પણ લેતાં મૂકતાં પ્રમાર્જનાનો ભારે લક્ષ, ઓઘો ફેરવતા જ હોય.

દવા લેતાં ટીકડી ઢોળાઈ ગઈ તો છેલ્લી બીમારીમાં પણ સૂતાં સૂતાં 'રખ્યામાં ભેળવીને પરઠવજો' આવી જાગૃતિ હતી જતના માટેની !

અંતિમ ચાતુર્માસનો પ્રવેશ નજીકમાં હતો, દાદર પધારતાં સંઘે વિનંતી

કરી, 'ચાતુર્માસનો પ્રવેશ કરાવી આપ આરાધના ભુવનમાં પધારો, અહીં સ્થિરતા કરો.' જવાબમાં પ્રવેશ ભુલેશ્વર ઉપાશ્રયમાં કરું અને રહેવાનું દાદર રાખું ? કાલે તમો જ વાતો કરશો કે 'બે ગુરુભાઈઓને ન બન્યું એટલે આ દાદર આવી ગયા ! શાસનની હીલના થાય એવું મારે નથી કરવું. ભુવનભાનુસૂરીશ્વરજી આવતા હોય તો સાથે મારે આવવામાં વાંધો નથી.' આવી સમજ આપવા સાથેના જવાબો હતા એમના. અનહદ ઉપકાર છે એમનાં ! છેલ્લા ૨૦ વરસથી અમારી આરાધનાની એઓશ્રી ચિંતા રાખતા. અમને તે માટે ગુરુ મહારાજનો યોગ બરાબર સતત મળતો રહે, એની પૂજ્યશ્રી ખૂબ જ ચિંતા કાળજી કરતા હતા. એમના જેટલા ગુણ ગાઈએ તે ઓછા જ છે.

પૂજ્યશ્રીના વિયોગથી શાસનને ભારે ખોટ પડી છે. એક મહાન રક્ષક ગુમાવેલ છે. એ મહાપુરુષ જ્યાં હોય ત્યાંથી અમારા રક્ષણ કરે, એ જ શાસનદેવ પાસે પ્રાર્થના.

લી. ચરણાનુરજ સેવક, વેલજીના કોટી કોટી વંદના સ્વીકારશો.

સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પર બહારથી ખેદના તાર અને પત્રોમાં વ્યક્ત કરાયેલ સંવેદનોઃ

- નિર્મલ અને નિષ્કલંક આરાધના કરીને તે આત્મા પામી ગયા છે...
- ક્રિયાકાંડમાં અને ચારિત્ર-પાલનમાં પૂરા સાવધાન રહેતા હતા...
- પૂજ્યશ્રીનું સુવિશુદ્ધ ચારિત્ર અને આરાધનમય જીવન દીવાદાંડી રૂપ હતું...
- તેઓ શાસન માટે ઘણા ઉપયોગી હતા...
- સ્વ. આચાર્ય ભગવંતમાં ગુરુ સમર્પણતા, યતના, શાસ્ત્ર-સાપેક્ષતા આદિ અનેક ગુણો હતા.
- તેઓશ્રીનું સંયમી જીવન આત્માર્થી જીવોને ઘણું જ પ્રેરણાદાયક હતું...
- આવા ચારિત્રધર મહાપુરુષોનો વિરહ ઉત્તમ આત્માઓને દુઃખ ઉપજાવનારો છે.
- શાસનને એક વફાદાર વ્યક્તિની ખૂબ જ મોટી ખોટ પડી છે...
- તેઓશ્રીની કાર્ય કરવાની પદ્ધતિ... વિકટ પ્રશ્નોના ઉકેલ લાવવાની ખૂબી... સિદ્ધાંતોની રક્ષા ખાતર સર્વસ્વ બલિદાન કરી છૂટવાની તૈયારી... શાસન રક્ષા માટેની ભાવના... ગજબની હતી...
- આવા ભયંકર ઝેરીલા યુગમાં શાસનની રક્ષા કરનાર ધુરંધર મહાપુરુષોની ખોટ પડે છે, એ દુઃખદ છે...

- નાના નાના સાધુ મહાત્માથી મોટા મોટા મહાત્માના જીવનમાં જરા પણ સુધારાવાદ ન પેસે અને આચાર-વિચારમાં એકદમ ચુસ્ત રહે, એવી તેમની દૃષ્ટિમાત્ર અનેકોના જીવનમાં પલટો લાવતી હતી...
- સાધુ મહાત્માના સંયમના હીત માટે પોતાનું પણ જતું કરવાની તેમની આંતરિક ભાવના આજે પણ યાદ આવે છે...
- આવી પીડામાં પણ આરાધનાનું લક્ષ્ય. દોષથી બચવાની કાળજી, નમસ્કાર-મહામંત્રનું રટણ વગેરે અનુમોદનીય છે.

(પૂ.આ.શ્રી **વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજ)

• • •

- સમુદાય અને શાસનને એક મહાન રત્નની ખોટ પડી છે...
- તેઓશ્રી સમુદાયની સારી ચિંતા રાખતા અને સાધુઓના સંયમની પણ પૂરી કાળજી રાખતા હતા...
- સમુદાયના એક અણમોલ મહાત્મા આચાર્યશ્રીની ખોટ પડી છે...
- એક આરાધક, સમુદાયના પાલક, રક્ષક, સામાચારીના પક્ષકાર, ઉત્તમ આત્માની ખોટ પડી. (પૂ.આ.શ્રી વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજ, ધીણોજ.)

• • •

- જયણા-પૂંજવામાં અપ્રમત્તશીલ અને સારણાવારણાદિ કરવામાં નિઃસંકોચપણે સંયમશુદ્ધિ માટે શાસ્ત્ર પાઠ દેખાડવા વડે માર્ગદર્શન આપતા હતા...
- પોતાના ગુરુ મહારાજ પ્રત્યે અનન્ય વિનય-આદરભાવ સાથે આજ્ઞાનું પાલન અને આગમ સૂત્રોનો સ્વાધ્યાય વારંવાર કરતા રહેતા હતા...
- શાસનને એક પ્રૌઢ અનુભવી અને ગીતાર્થ મહાપુરુષની ખોટ પડી...
- સર્વ સાધુઓને મારા માની, દ્વિવિધ શિક્ષાથી વાત્સલ્ય અર્પી, સંયમજીવનને પરિણત બનાવનારા મહાપુરુષનો સમુદાયને વિરહ થયો છે...
- સમુદાયના હિતચિંતક તથા સ્વ. પૂ. આ. ભ. પ્રેમસૂરીશ્વરજી મહારાજના પણ અંગત સાચા સલાહકાર, એમને સ્વપર શિષ્યનો ભેદ ન હતો...
- એક આત્માર્થી, શુદ્ધ સંયમધર, સાધુ-સાધ્વીના સાચા સલાહકાર, આપણા સમુદાયમાં પ્રૌઢ સ્તંભસમાએ આચાર્ય હતા...

(પૂ.આ. **માનતુંગસૂરિજી** મહારાજ)

• • •

- એક મહાસંયમી ભીમકાન્ત ગુણવાળા આચાર્ય ભગવંતની મહાન ખોટ પડી છે...
- પૂજ્યશ્રીના ન્યાયપ્રિયતા, જ્ઞાનરુચિ તથા ચારિત્રની ખેવના આદિ ગુણો અનુમોદનીય હતા...
- પરમાધાર, વાત્સલ્યનિધાન, સિદ્ધાન્તમહોદધિ ગુરુદેવશ્રીના ચિરસ્થાયી મહાનવિયોગના મહાદુઃખમાં વધારો થયો, તેનું અમને ખૂબ દુઃખ છે...
- સર્વેને આરાધકભાવ, સમાધિભાવ પ્રાપ્ત કરવાની તીવ્રતા વધે તે રીતની તેઓશ્રીની જીવનચર્યા હતી...

(પૂ.આ.શ્રી **ચંદ્રોદયસૂરિજી** મહારાજ)

• • •

- સમુદાયને જ્ઞાની, નિરભિમાની, અપ્રમત્ત સંયમીની ખોટ જરૂર સાલશે...
- તેઓશ્રી સત્ય વસ્તુ કહેવામાં નિડર હતા...
- પોતાનું જીવન સમર્પણ કરીને જ સમુદાયમાં આચાર શુદ્ધિ કરવા માટે જે પ્રયત્નો કર્યા છે, તે ઘણા જ ઉપકારક નિવડ્યા છે.
- એઓશ્રીની સત્યવાચાએ કંઈકના જીવન પવિત્ર બનાવ્યા છે.
- સ્વર્ગસ્થના નિર્મળ ચારિત્ર માટેની તમન્ના, નિસ્પૃહતા અને કાર્યદક્ષતા એવા એવા ગુણોની યાદ આવે છે...
- દીર્ઘકાળ સુધી સંયમપાલનના સાથે શાસન (સંઘ) ઉપર અપાર ઉપકાર કર્યા છે, તેવા ઉપકારીને કોટિ કોટિ વંદના...

(શ્રી શ્વે. મૂર્તિ. તપ. સંઘ **આણંદજી કલ્યાણજી પેઢી-સુરેન્દ્રનગર**)

• • •

- લગભગ અડધી સદી જેટલા નિરતિચાર સંયમ-પાલનાની સ્વ-પર ઉપકારની સ્મૃતિ ચિરંજીવ રહેશે. (**બાપાલાલ મનસુખલાલ**-સુરેન્દ્રનગર)
- દીર્ઘ સુવિશુદ્ધ ચારિત્ર પર્યાય દરમ્યાન અનેક ભવ્યાત્માઓને મોક્ષ માર્ગના પ્રયાણમાં સહાયક થયા છે...
- અત્યંત અપ્રમત્તતા સહૃદયતા વગેરે અનેક ગુણો યાદ આવે છે...
- તેઓશ્રી સમુદાયનું નાક હતું...
- જૈન શાસનમાંથી એક સારા સુવિહિત આરાધક આત્માનો વિરહ થયો છે...

- સાધુ-સાધ્વીજીના સંયમ જીવનના એક સાચા રખેવાળ હતા...

(પૂ.આ.શ્રી **રાજતિલકસૂરિ** મ.)

• • •

- તેમનો મિલનસાર સ્વભાવ તથા સાધુઓ પ્રત્યેની લાગણી અને ચિંતા ખરેખર યાદ આવે તેવું છે...
- રત્નત્રયીના આરાધનમાં સદૈવ જાગ્રત્-દીર્ઘ દીક્ષા-પર્યાયવાળા, ગુરુભક્ત, નિષ્કલંક ચારિત્રશીલ, એક સુસાધુ આત્મા હતા... (શ્રી **દત્તુભાઈ નિપાણી**)
- આવા મહાન આત્માનું જીવન આપણને પ્રેરણા આપતું રહે...

(આ. શ્રી **વિશાલસેનસૂરિ** મહારાજ)

• • •

- એક પુણ્યશાળી આત્મા ત્રિકરણ યોગે નિર્મળ રત્નત્રયીની આરાધના કરી, કરાવીને મનુષ્યભવ સફળ કરી ગયો.
- શાસનની ધ્વજા ફરકાવનાર ત્યાગી આચાર્યોની ખોટ જૈન સમાજને પડતી જાય છે.
- તેઓશ્રીના વિશિષ્ટ ગુણો તેમજ શાસન અને સમુદાયના યોગક્ષેમ માટેનો અમૂલ્ય ફાળો ખરેખર ચિરસ્મરણીય રહેશે અને દીર્ઘકાળ દીવા દાંડીવત્ પ્રેરણાસ્તંભ બની રહેશે.
- સ્વ. પરમગુરુદેવશ્રીના એક પરમવિશ્વાસુ તેમજ સત્યનિષ્ઠાવાન આચાર્યદેવ ચાલ્યા ગયા...
- ખરેખર એમનામાં સ્પષ્ટ વક્તૃતા અને જિનાજ્ઞાની વફાદારી સાથે માર્ગની અથાગ શ્રદ્ધા પ્રત્યક્ષ જણાઈ આવતી હતી. સમુદાયનું ગૌરવ શી રીતે વધે એ જ એમણે અંતિમ પળ સુધી કાળજી કરી હતી.
- તેમનું પ્રત્યેક વચન માર્ગની જવાબદારીવાળું. તેમના વિચારો પણ શ્રદ્ધાનાં દ્યોતક દેખાતા હતા. તેમની સઘળીય પ્રવૃત્તિમાં શાસ્ત્ર વાંચનની પરિણતિ તરી આવતી હતી, આવા મન-વચન-કાયાથી સમર્પિત થઈ માન-પાનથી પર બની જીવન કેળવવું એ કાળમાં ઘણું ઘણું કઠીન છે; પણ તેમને તેમના જીવનથી સુકર બનાવ્યું ને એ આદર્શ શ્રમણ વર્ગને આપતા ગયા...
- We have lost Mahapurush...
  - આપણે મહાપુરુષ ગુમાવ્યા છે. (પૂ.આ.શ્રી **મુક્તિચંદ્રસૂરિ** મહારાજ)

• • •

- Irrepairable loss to Jain Samaj...
  - જૈન સમાજને ન ભરપાઈ થઈ શકે તેવું નુકસાન થયું છે.
  (પૂ.આ.શ્રી **માનતુંગસૂરિ** મહારાજ)
- Jain Sangh has lost Great Acharya.
  - જૈન સંઘે મહાન આચાર્ય ગુમાવ્યા છે. **(રાજકોટ વર્ધમાન નગર સંઘ)**

• • •

- Extremely sorrowful reading kaldharam of Most Pious Powerful Pujya Acharya. Shree of Brilliant life with Chestity.
  - અત્યંત પુનીતચરિત, શક્તિશાળી અને નિર્મળ બ્રહ્મચર્ય સાથે તેજસ્વી જીવન જીવનાર પૂજ્ય આચાર્યશ્રીનાં કાળધર્મ વાંચીને અત્યંત દુઃખ અનુભવીએ છીએ...
  (મુનિશ્રી **ભુવનચંદ્ર વિજય**)
- I deeply regret death of Hirsuriji...
  - હીરસૂરિજીના સ્વર્ગવાસથી ઊંડો ખેદ થયો છે.
  (પૂ.આ.શ્રી વિજય **રામચન્દ્રસૂરિ** મહારાજ)

• • •

સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજની સમાધિનીઅનુમોદનાર્થે બોલાયેલ સુકૃતો...

૧૨ લાખ સ્વાધ્યાય
૫૩૦૦ નવી ગાથા ગોખવી. ૪॥ લાખ નવકાર જાપ...

૩ વરસી તપ	૨ શ્રેણી તપ	૧ સમવસરણ તપ
૧ સિંહાસન તપ	૧ સિદ્ધિ તપ	૫ વીસ સ્થાનક તપ
૨ અક્ષાઈ	૫ અક્ષમ	૧૦૮ ઉપવાસ
૧૦૮ શુદ્ધ આયંબિલ (ભાત-પાણીનું)		૧૬૮ આયંબિલ
૫૦૦ એકાસણા	૧૦૦૦ બેસણા	૫૬૦૮ લોગસ્સ કાઉસ્સગ્ગ
૫૦૦૦ ખમાસણા	૨૫૦૦ કલાક મૌન	૮૦૧ સામાયિક

૧ વર્ષ માટે ૫ દ્રવ્યથી જ એકાસણા ૨૨ ઓળીઓ ટૂંક ટાઈમમાં

બીમાર મુનિને સમાધિ-પત્ર

(ધર્મક્રિયાની આરાધના માટે આરોગ્યની પણ જરૂર રહે છે, કેમ કે બીમારી હોય તો ચિત્ત વ્યાકુળ રહેવાથી આરાધના સ્વસ્થતા સાથે થતી નથી. પરંતુ જ્યાં બીમારી આવી જ પડી હોય ત્યાં ચિત્ત સ્વસ્થ રહે એ માટે પૂજ્યશ્રીનો એક પ્રેરણા પત્ર અહીં રજૂ કરવામાં આવે છે. -તંત્રી)

"તમારા હાથનું લખેલું પોસ્ટ કાર્ડ મળ્યું. વાંચી તમારા દરદમાં સુધારો જાણી આનંદ થયો. એમાં વળી આવી બીમારીમાં ય તમારા સ્વહસ્તે લખાયેલ પત્ર મલ્યો તેથી વિશેષ આનંદ. બાકી ધ્યાનમાં રહે કે,

દરદનું કામ તો એવું છે કે આવે ઘોડાપુરે, ને જાય કીડી વેગે. એટલે તમને સુધારામાં વિલંબ લાગે એ સહજ છે, પરંતુ તમો જે હસ્તે ચહેરે દરદને વધાવી રહ્યા છો અને સમાધિ રાખી રહ્યા છો એ ખરી કમાણી કરી રહ્યા છો.

આટલું ખૂબ મનમાં લાવ્યા કરજો કે આપણા જિનશાસનમાં જીવનમાં સમાધિ અને મરણ વખતે સમાધિને જ ખરી કમાઈ લેવા જેવી વસ્તુ કહી છે.

ક્રોડોની ધનકમાઈની કે સમાધિ વિનાની મોટી જ્ઞાનકમાઈ યા સમાધિ વિનાની મોટી તપકમાઈની ય કશી કિંમત આંકી નથી.

આવી મહાકિંમતી સમાધિ જાળવનારના ભાગ્યની અવધિ નથી. એ ખરેખરો ભાગ્યશાળી છે. પુણ્યવાન છે. આનંદની વાત છે કે સમાધિ-સમતા રાખીને તમે એવા મહાન ભાગ્યશાળી બની રહ્યા છો ! ક્રોડોની કિંમતના ઝવેરાત કરતાં પણ મહાકિંમતી આ સમાધિનું ઊંચું સાચું ઝવેરાત તમારી પાસે છે, પછી તમારે શી કમીના માનવાની હોય ?

ભાગ્યવાન ! શરીર તો એક આયારામ-ગયારામ મહેમાન છે. એ માંદું પડવા ઉપર 'અરેરે ! મારે તો બધું ગયું, હાય ! કેવો પાપોદય !' આવાં રોદણાં શાના રોવાનાં હોય ? આપણી પાસે શાશ્વત કાળ ટકે એવાં મહામહામૂલ્યવાન જિનેશ્વરદેવ, જિનશાસન, નમસ્કાર મહામંત્ર, સંયમ, જીવો પર મૈત્રી કરુણા, સમાધિ વગેરે સાચા સ્વજન મળ્યા છે, એના પર મસ્ત રહેવાનું.

એક કામ ખૂબ કરો, રોજ આ જીવનમાં નવકાર સ્મરણ, ધર્મશ્રદ્ધા, દેવાધિદેવ પર પ્રીતિ, ગુરુ બહુમાન, વગેરેથી માંડી સંયમ, વિવિધ ત્યાગ, તપસ્યાઓ વગેરે જે જે નાનાં મોટાં સુકૃતો થયાં એની ખૂબ ખૂબ અનુમોદના કરો. તે પણ વારંવાર

કર્યા કરો, તે ય અહોભાવ લાવીને આ રીતે કરો કે 'અહો ! કેવા મારાં અહોભાગ્ય કે મને આ જગતમાં અતિ દુર્લભ એવા નવકાર મંત્ર, અરિહંત ભગવાન અને જિનશાસન મળ્યા ! એની દુર્લભ આરાધનાઓ મળી ! ક્યાં મારી યોગ્યતા ? ને મને કેવાં કેવાં જિનદર્શન-પૂજન-યાત્રા, દયા-દાન-શીલ વગેરે કરવા મળ્યા ! કેવા સુકૃતો મળ્યાં ! અહો ! જિનશાસનનું સંયમ કેવું ઊંચું ! ને હું તે મને આરાધવા મળ્યું ! વાહ વાહ ! દુનિયાના કોઈપણ ધર્મના ઈતિહાસમાં ન મળે એવા મહાપુરુષોનાં ચરિત્ર મને જાણવા સાંભળવા મળ્યા ને અહો ! રોજ ભરહેસરમાં એમને મારા મહાપુરુષો તરીકે મને યાદ કરવા મળે છે ! "ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ" મને અહો ! આ મહાન લાભ મળ્યા ને મળશે !' એમ સુકૃત અનુમોદના વારંવાર કરતા રહો.

પ્રતિક્રમણ ચૈત્યવંદનો વગેરે કરતી વખતે પણ અહોભાવ ખૂબ લાવો 'અહો ! દુનિયાભરમાં ન મળે એવા આ પરમતારક પરમમંગળકારી આ સૂત્રો આ ક્રિયા મને મળી ! એક નવકારવાળી ગણો એમાં પણ અને કાઉસ્સગ્ગમાં લોગસ્સ ગણો એમાં પણ વચમાં વચમાં 'અહો ! આ મને કેવી દુર્લભ પ્રાપ્તિ !' આમ અહોભાવ લાવવાથી ક્રિયામાં જાપમાં સ્થિરતા અને ઉલ્લાસ આવશે બીજા ત્રીજા વિચારો અટકશે, મન ખુશનુમા રહેશે.

બાકી જ્યારે જ્યારે મનમાં રાગદ્વેષનો સંકલેશ થાય ત્યારે ત્યારે વારંવાર ચાર શરણ, સુકૃત અનુમોદના, અને દુષ્કૃત ગર્હા કરતા રહેવું. જીવન એમ અંત સુધી મંગળમય જીવતા રહો એ જ શુભેચ્છા."

સુકૃત અનુમોદના જો દિલથી કરવામાં આવે તો એનો એક મહાન લાભ એ છે કે જીવનમાં એ સુકૃતો જ બહુ મૂલ્યવાન લાગ્યા. એટલે એની સામેના દુષ્કૃતો પર અભાવ ઊભો થઈ દુષ્કૃતોમાં સારાપણાની બુદ્ધિ નથી રહેતી. દા.ત. જીવનમાં જીવદયા પળી એની દિલથી અનુમોદના કરતાં દિલમાં હિંસા-આરંભ સમારંભ પ્રત્યે અભાવ ઊભો થાય છે. એમ લાગે છે કે જીવનમાં સારભૂત હોય તો દયા અને દયાનાં કામ એનાથી જીવન સફળ, લેખે લાગ્યું. બાકી હિંસા અને હિંસાવાળી કાર્યવાહી અસાર, એટલું જીવન એળે ગયું, નુકસાનમાં ઊતર્યું. સુકૃત-અનુમોદના વારંવાર કરતા રહેવાથી આ લાભ ઉપરાંત સાંસારિક પ્રવૃત્તિઓ બેકાર લાગવાનો અને એના પર વૈરાગ્યભાવ રહેવાનો પણ લાભ છે. એથી સમ્યક્ત્વ પામવાને અને નિર્બળ થવાને અવકાશ રહે છે.

પાટણ મુકામે અસ્ત પામેલો જૈન સંઘનો એક બેનમૂન સિતારો

અત્યંત ખેદ સાથે જણાવવું પડે છે કે પાટણમાં પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં વિદ્વાન શાંતમૂર્તિ શિષ્યરત્ન **પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય** અત્રે નગીનદાસ મંડપમાં વૈશાખ સુદ ૧૪ રાત્રિના ૮.૧૦ મિનિટે સ્વર્ગે સીધાવ્યા. તેઓશ્રીનું સમાધિ મૃત્યુ કેટલું બધું ઉમદા કે ચૌદશનું પક્ખી પ્રતિક્રમણ સ્વસ્થતાથી લગભગ ૭॥। વાગે પૂર્ણ કર્યું. પછી અલ્પ સમયમાં જ એઓશ્રીએ કહ્યું- 'મુનિઓને બોલાવો.' નીચે સંઘ સાથે ચાલુ પ્રતિક્રમણમાંથી તરત મુનિઓ આવ્યા અને પૂ. પંન્યાસજી સાહેબ બધાને કહે- 'મને નવકાર સંભળાવો'... અને હાથ જોડીને બેઠેલા બધાને 'મિચ્છામિ દુક્કડં' બસ આટલું જ કહેતાં તેમનો દેહ ઢળી પડ્યો અને જૈન સંઘનો એક મહાન સિતારો બીજી દુનિયામાં ચાલ્યો ગયો. મુનિઓને અને પાટણના સંઘને શોકનો કલ્પાન્તનો પાર નહોતો. ચારે બાજુ કોલથી સમાચાર અપાઈ ગયા.

પૂ. પંન્યાસજી મહારાજનાં ઉપદેશથી પ્રતિબોધ પામેલા લગભગ ત્રણેક હજાર ભક્ત શ્રાવકો રાતોરાત ટેકસી મોટર જેને જે સાધન મળ્યું તે લઈને સવારે પાટણમાં પૂજયશ્રીનાં અંતિમ દર્શન માટે ઉતરી પડ્યા. સવારે ૧૦ વાગ્યા પછી પૂ. પંન્યાસજી મહારાજનાં દેહને પાલખીમાં પધરાવી ભવ્ય સ્મશાનયાત્રા નીકળી જેમાં લગભગ લાખેક માણસોની હાજરી જણાતી હતી. સૌના હૈયે ગુરુવિરહની વેદના છવાયેલી હતી.

મુંબઈ-મુલુંડમાં પૂ. આચાર્યદેવશ્રી વિજભુવનભાનુસુરિમહારાજ આદિને ખબર પડતાં ભારે આઘાત અનુભવ્યો. સવારે લગભગ ૪૫ મુનિઓ તથા શ્રાવકો સાથે દેવવંદન કર્યું. ત્યારબાદ મુનિઓ સમક્ષ પૂ. આચાર્યદેવશ્રીએ પૂજ્ય પંન્યાસજી મહારાજનાં ગુણાનુવાદ કર્યા હતા, જેનું સારભૂત અવતરણ આ પ્રમાણે છે.-

જૈન શાસનનાં અમૂલ્ય ઝવેરાત જેવા પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર મહારાજા મહાવૈરાગી અને અધ્યાત્મયોગી હતા. પાટણમાં ખાનદાન ધર્મી કુટુંબમાં જન્મેલા અને મુંબઈમાં રહેતા હતા. વ્યાવહારિક અને ધાર્મિક ઉચ્ચ કેળવણી પામેલા મુંબઈનાં આગળ પડતા આરાધકોમાં એમનો નંબર હતો. એ વખતે શ્રીયુત ચીમનભાઈ-પૂ. ચંદ્રસાગરજી મહારાજ આદિ આરાધકોની સારી કંપની હતી.

આ મહાપુરુષ વિરાગી એવા કે ભાવતી ચીજ કે શાક ખાવા ન હોય ત્યારે એની વાટકી પાટલા નીચે મૂકી દે. આકાશમાં ચાંદા સુરજ ઝળહળતા હોય એમ

એમનાં જીવનમાં ત્યાગ અને વૈરાગ્ય ઝળહળતા હતા.

મહાત્મા એવા કે સાધુ જીવનમાં ગોચરી વાપરવાના રંગઢંગ પ્રખર વૈરાગ્ય ભર્યા; દેખનારને એમ લાગે કે જાણે પરાણે વાપરતા હોય ! ક્યારે અને શું વાપરી લીધું એની જાણે ખબર જ ના પડે.

દીક્ષા બાદ ઘણાં વર્ષો સુધી એકાસણા મૂક્યા ન હતા. પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર ઉપર એમની ખૂબ જ ઊંડી શ્રદ્ધા હતી. પાછલી રાત્રે વહેલા ઊઠી દરરોજ ૦॥-૦॥। કલાક પંચપરમેષ્ઠિનું ધ્યાન કરે. ધ્યાન પણ પાછું નિરાશંસભાવનું, કોઈપણ જાતની અપેક્ષા વગરનું, કેવળ ડોળ નહિ.

એમના આ પ્રભાતના શુદ્ધ ધ્યાનના પ્રતાપે એમની ચિંતન-શક્તિ અનુપ્રેક્ષા-શક્તિનો સુંદર ક્ષયોપશમ ખીલ્યો હતો. એમણે મહામંત્રની આરાધનાથી જન્મેલ અનુપ્રેક્ષાના પુસ્તકો લખ્યા છે. જેમાં વાકયે વાક્યે નવું ચિંતન જોવા મળે છે.

એમને વડીલો પ્રત્યે આદર બહુ ભારે, મોટા સાહેબ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વર મહારાજા પર એમને અપાર શ્રદ્ધા હતી. કહેતા પણ ખરા, "વર્તમાન કાળમાં આપણને આવા મહાન નેતા પરમગુરુ મળ્યા છે એ આપણું પરમ સૌભાગ્ય છે." સાહેબજી ઉપર ખૂબ જ આદર ભાવ, વળી લઘુતા એવી કે ક્યારેય હોશિયારીનો એક અક્ષર પણ બોલવાનો નહિ.

ગૃહસ્થ-જીવનમાં ઉપધાન કર્યા ત્યારથી રોજ ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ ઠેઠ સુધી ચાલુ રાખ્યો હતો અને પછીથી જાણવા મુજબ સાધુ જીવનમાં તો દરરોજ ૩૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતા હતા. દર્શનશુદ્ધિ, સંયમશુદ્ધિ અને ત્રીજા કોઈ વિષયનો દરેકનો ૧૦૦-૧૦૦ લોગસ્સ.

એમને શ્રુત ઉપર ભારે પ્રેમ, જે કાંઈ વાંચે એમાંથી જરૂરી પદાર્થોની નોંધ રાખે અને શ્રુત ઉપર ખૂબ મનન ચિંતન કરે. એઓશ્રીએ **નાસ્તિકતાનું નિરસન, નમસ્કાર મહામંત્ર** વગેરે પર સુંદર ગ્રંથો લખેલા છે.

સંયમમૂર્તિ આ મહાપુરુષના જીવનમાં અધ્યાત્મ-વૈરાગ્ય ધ્યાન-યોગ એવા સુંદર વણાઈ ગયા હતા કે ઘણીવાર જમનું તેડું આવ્યું અને ગયું, પણ એમની મુખમુદ્રામાં ફરક નહિ. બીજાઓને ધર્મ પમાડવાની એમની સંયમમુદ્રા અને સૌમ્યવાણી પણ એવી સુંદર કે મુંબઈથી ડોકટર ભણસાળી આમ તો એમની તબિયત જોવા જ પાટણ ગયેલા, પણ ધર્મની સુંદર શ્રદ્ધાની ભેટ લઈને પાછા આવેલા.

અંધેરી સાયન વગેરે વિવિધ સ્થળોમાં તેઓશ્રીએ સંઘને મહામંત્રના લક્ષજાપની આરાધના એવી સુંદર કરાવેલી કે કેટલાય ભાવિક આરાધકોના પ્રાણમાં નમસ્કાર મહામંત્ર ધબકતો થઈ ગયો હતો. તેઓશ્રીની પોતાની નવકાર મહા-મંત્રની સાધના એવી સાત્વિક આરાધના હતી કે જે પોતાના આત્મામાં ઓતપ્રોત થઈ ગયેલી..

લોકેષણા કે અહંકારનું જેમનામાં નામ નિશાન જોવા મળે નહિ. પૂ. શ્રી જશવિજયજી મહારાજા, પૂ. શ્રી ધર્મવિજયજી મહારાજ, પૂ. શ્રી કનક વિજયજી મહારાજ, પૂ. શ્રી કાન્તિવિજયજી મહારાજ આદિ અનેક વડીલ મહાત્માઓ પણ તેમની આધ્યાત્મિક આરાધનાના પ્રશંસક હતા અને અવસરે જરૂર પડ્યે તેમની સલાહ લેવાતી હતી પણ પોતાને એનું કોઈ અભિમાન નહિ.

વૈરાગ્યનાં કટોરા પાઈને તૈયાર કરેલા એમના શિષ્યો પ્રશિષ્યો પણ ખાખી બંગાલી જેવા છે. દરેકને પ્રાય કોઈને કોઈ તપસ્યા તો હોય જ. વળી કોઈ દીક્ષા લેવા આવે તો પહેલાં તો પૂજ્યશ્રી ના જ કહી દે. પછી ૬-૧૨ મહિના ૨ વર્ષ એ દીક્ષાર્થીનું જીવન જુએ તપાસે પરીક્ષા કરે પછી દીક્ષાની સંમતિ આપે. તેમાંના પૂ. પં. શ્રી હર્ષવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી ચરણકાન્તવિજયજી મહારાજ વગેરે ભારે તપસ્વી.

અમદાવાદ નિવાસી શ્રી કાન્તિભાઈ કડિયા દીક્ષા લીધા બાદ એમના શિષ્ય શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ આ મહાત્મા આંબેલની ઓળીઓ તો કરે પણ એમાં ય કોઈ ફાવતી ચીજ, રાગ ન થાય તેવી રીતે વાપરી જાય. ક્યારેક ૧૨ વાગે તો ક્યારેક ૨ વાગે આંબેલ કરવા મળે તો પણ કાંઈ મનોદુઃખ નહિ. પૂ. પંન્યાસજી મ.નાં શિષ્યગણમાં જે ત્યાગ-વૈરાગ્ય જળવાયા છે તે બધી તેમની છાયા છે.

આ પૂજ્ય પુરુષને ઘણા વર્ષોથી શારીરિક નબળાઈ હતી; આંતરડા બરાબર કામ આપતા નહોતા, બીમારી ઘણો લાંબો કાળ ચાલી, પણ ક્યારેય કાંઈ હાયવોયનું નામ નિશાન નહિ, જ્યારે જુઓ ત્યારે આ શાન્તમૂર્તિ આંતર્ભાવમાં જ લીન હોય. ખરેખર આ દશામાં તેઓશ્રી આપણી સમક્ષ એક મહામૂલ્ય જીવનનો રાહ મૂકી ગયા છે કે 'સાધુ જીવનમાં અંતર્મુખ બની જવાનું શ્રાવકોએ આપણને સારા માન્યા કે નહિ તેઓમાં આપણે પૂછાઈએ છીએ કે નહિ, તેમનું લક્ષ જ નહિ રાખવાનું.'

આ મહાપુરુષની આરાધના-સાધના ચોથા આરાના સાધુને યાદ કરાવે એવી હતી. પોતે જ્ઞાન-દર્શન ચારિત્રની વિશુદ્ધિના ઉત્તમ લક્ષવાળા હતા.

પૂ. પંન્યાસજી મહારાજશ્રી સાથે મારે પૂર્વે ઘણીવાર સાથે રહેવાનું થયેલું. શ્રી શાસન અને સંઘ એટલે એમને મન જાણે શી વાત ! વર્તમાન કાલીન જૈન સંઘની અંદર પરસ્પર ફેલાયેલા અમૈત્રીભાવ અંગે એમને ખૂબ જ લાગી આવતું. એમના અંતરમાં સદાય આ અંગે અપાર ચિંતા રહેતી અને તેથી જ તેઓશ્રીએ સ્વ અને પરનાં જીવનમાં મૈત્રી-કરુણાભાવ વિકસાવવા અથાગ જહેમત ઊઠાવેલી. બીજા સમુદાયના સાધુઓ પ્રત્યે પણ એમને હૃદયથી વિરોધ નહિ, કોઈ વ્યક્તિ ઉપર દ્વેષ નહિ. એમને હૈયે બધા ઉપર એકસરખો વાત્સલ્યભાવ હતો. વળી એ વાત્સલ્યભાવ માત્ર કહેવા પુરતો નહિ. પણ સારાયે જીવનમાં પ્રસંગે પ્રસંગે સક્રિયપણે ઝળહળતો

હતો. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ એટલે સગી માતા જેવું હેત વરસાવવાનું. એ એમને માટે સહજ બન્યું હતું અને તેથી સ્વ-પર સમુદાયના સાધુઓને તેમના પ્રત્યે માન અને આદરભાવ હતા. કહો એ **અજાતશત્રુ** હતા.

સંઘ પ્રત્યે પણ ખૂબ જ વાત્સલ્યભાવ. કહેતા પણ ખરા; "સંઘ આપણા ગોચરી પાણી કપડાં મુકામ માટે આટલું બધું કરે છે તો આપણે પણ સંઘ પ્રત્યે ખૂબ જ વાત્સલ્યભાવ રાખવાનો" જગતના જીવ માત્ર પર જો મૈત્રી કરવાની તો પછી સંઘ ઉપર તો વિશેષ વાત્સલ્ય હોવું જ જોઈએ ને ?

તેઓશ્રી કહેતા જીવનમાં મૈત્રી આદિ ભાવો ન હોય તો ચારિત્ર ધર્મ નિંદાય. ખરેખર ગમે તેવા કપરા સંજોગોમાં પણ એમણે મૈત્રી આદિ ભાવો ગુમાવ્યા નથી.

દીક્ષા બાદ શરૂઆતમાં ૨-૩ વર્ષ એમણે "જૈન પ્રવચન" માટે પૂ. પ્રવચનકારશ્રીના પ્રવચનોનાં અવતરણ કરેલા. એમાં અદ્‌ભુત વૈરાગ્ય, શાસન સંઘની હિતની ભાવના વગેરે ઝળકતી દેખાય છે.

તેઓશ્રીના કાળધર્મથી શ્રી શાસન-સંઘ સમુદાયને એવી મોટી ખોટ પડી છે કે જે તાજેતરમાં પુરાવી મુશ્કેલ લાગે છે. આપણે એમના જીવનમાંથી ઉત્તમ ગુણોનું આલંબન લઈએ અને એમનો આત્મા પરમશાંતિ પામે તેવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ. એજ.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૨૮,અંક-૩૫,તા.૧૭-૦૫-૧૯૮૦

યોગ અધ્યાત્મમૂર્તિ પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની અંતિમ આરાધના

(લે. મુનિરાજશ્રી રત્નસેનવિજયજી મ.)

વૈ. સુદ ૧૪ની કાળ રાત્રિએ જેમ દીપક બુઝાતાં મંડળમાં અંધકાર પ્રસરી જાય; એમ પાટણમાં યોગ અધ્યાત્મમૂર્તિ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો જીવન દીપ બુઝાતાં ભક્તોના દિલમાં શોકનો અંધકાર છવાઈ ગયો. પૂજ્યપાદશ્રીને આમ તો ૨-૩ દિવસથી કફ, શ્વાસ, હેડકીનો વિશેષ ઉપદ્રવ રહ્યો. મુંબઈના ડૉ. શરદ તથા સ્થાનિક ડૉ. જીવણભાઈ ઉપચાર કરી રહ્યા હતા, પૂ. મુનિરાજશ્રી મુનિશ્રી વજ્રસેનવિજયજી મ. વગેરે ખડે પગે સતત સેવા બજાવી રહ્યા હતા. પૂ. પં. શ્રી પ્રદ્યોતનવિજયજી મ., પૂ. મુનિવર્યો શ્રી કુંદકુંદ વિ. મ. શ્રી જિનસેન વિ. મ., શ્રી ચારિત્રભૂષણ વિ. મ., શ્રી રત્નસેન વિ. મ. આદિ અનેક મહાત્માઓ શ્રી નવકાર મંત્ર આદિ સંભળાવી રહ્યા હતા, અસહ્ય વેદનામાં પણ પૂજ્યપાદશ્રીની

સમતા સમાધિ અદ્‌ભુત હતી. એક યોગીની અદાથી મુખ પર વિકૃતિ નહિ. અંતરાત્મા જ્ઞાન ધ્યાન અધ્યાત્મભાવમાં જાગ્રત હતો. મુખ પર એનું અપૂર્વ તેજ ઝળહળી રહેલ.

ચૌદશ સવારે પ્રતિક્રમણ પડિલેહણના આદેશ માગ્યા પછી કશું વાપરવાની ઈચ્છા નહિ છતાં સેવાભાવી શિષ્યોના આગ્રહથી ચૈત્યવંદનાદિ કરવા પૂર્વક પચ્ચક્ખાણ પારી સહેજ વાપર્યું ને પછી વેદનામાં પણ ખૂબ જ શાંતિ-સમતાથી નિર્યામણા-શ્રવણમાં રકત હતા. બપોરે પડિલેહણામાં પોતે જ બધા આદેશ માગ્યા. પછી રુંધાતા સ્વરે પણ પોતે જ જોરથી સંપૂર્ણ નવકારનું ઉચ્ચારણ કરી મુનિઓને નવકાર મંત્ર સંભળાવ્યા કરવાનું સૂચન કર્યું.

સમય વહેતો જતો હતો. પૂજ્યપાદશ્રીની જાગૃતિ અદ્‌ભુત હતી. આજ પક્ખી પ્રતિક્રમણ હતું. સાંજના પોતે જ સ્થાપનાજીની આગળ ગુરુવંદન અને ચોવિહાર પચ્ચ૦ કર્યું. મુનિઓ સાથે પ્રતિક્રમણ ચાલુ કર્યું. અત્યન્ત અશક્તિમાં પણ જાતે જ કાઉસ્સગ્ગો કર્યા. મુહપતિ પડિલેહણ પણ જાતે જ કર્યું. દૈવસિક આલોચન શ્રવણ પક્ખી અતિચાર પક્ખી સૂત્ર આદિનું ધ્યાનપૂર્વક શ્રવણ કરતા રહ્યા.

અચાનક માત્રુ કરવાની શંકા થતાં એઓશ્રીને બેઠા કરી પાટ નીચે ઉતારવામાં આવ્યા. માત્રુ થયું, પાટ પર બેસાડ્યા, ત્યાં અચાનક બોલી ઉઠ્યા.

'આજે છેલ્લો દિવસ છે'

હવે તો મૃત્યુના અજ્ઞાત સૂચનને સમજી જઈ પૂજ્યશ્રી ખૂબ સજાગ બની ગયા. ઈરિયાવહી કરી ચાર ખામણાની અંતર્ગત મુનિઓ અને સર્વની ક્ષમા યાચના કરી. પક્ખી પ્રતિક્રમણનો ભાગ પૂર્ણ થયેલ અને અચાનક શ્વાસની ગતિ મંદ જણાઈ આગળ બાકીનું દૈવાસિક પ્રતિક્રમણ બંધ કરી મુનિઓએ નવકારની ધૂન માંડી. નીચેથી સંઘ ઉપર એકત્રિત થઈ ગયો.

પૂજ્યશ્રીએ આંખો ખોલી. જાણે અંતિમ આશીર્વાદ આપી વિદાય લેતા હોય એમ પ્રેમ ભરી દૃષ્ટિ નાખી અને નવકાર ધ્યાનમાં જ લીન રહ્યા ! સમતા-સમાધિ અદ્‌ભુત હતી ! રાત્રિના આઠ ને દશ મિનિટે પૂજ્યશ્રીએ આ પાર્થિવ દેહમાંથી દિવ્ય દેહ તરફ પ્રયાણ કર્યું.

સૌને રડતાં મૂકી ચાલ્યા ગયા, શિર છત્ર ગયું, સમુદાયનો કોહિનુર હીરો ખોવાઈ ગયો. જૈન સંઘનો એક મહા તેજસ્વી સિતારો ખરી પડ્યો, જિનશાસનનો દીપક બુઝાઈ ગયો.

પાટણમાં આ સમાચાર પ્રસરી જતાં હજારો જણ અહીંના નગીનદાસ મંડપમાં પૂજ્યશ્રીના દર્શનાર્થે ઉમટ્યા શું બાલ ? શું વૃદ્ધ ? સૌ દોડ્યા.

શ્રી સંઘે મુંબઈ, અમદાવાદ, રાજસ્થાન, ડીસા, રાધનપુર, રાજકોટ, સુરેન્દ્રનગર વગેરે સ્થળોએ ટ્રંક કોલ, લાઈટનીંગ કોલ વગેરેથી સમાચાર આપતાં ભક્તોમાં ભારે આઘાત વ્યાપી ગયો અને પ્લેન, ટેક્ષી, ટ્રેન જેને જે સાધન મળે તે લઈ તરત પાટણ પહોંચવાની તજવીજમાં પડ્યા. અમદાવાદ, રાજકોટ રેડિયો પર ને મુંબઈમાં ટી. વી. પર સમાચાર પ્રસારિત થઈ ગયા. દૈનિક પત્રોમાં પણ સમાચાર અપાઈ ગયા. સવારે પ્રગટ થઈ ગયા.

પૂજ્યપાદશ્રીની પાર્થવ દેહને ઉપરથી નીચે લાવી નગીનદાસ પૌષધશાળાના વિશાળ હોલમાં પાટ ઉપર પધરાવવામાં આવ્યો. પૂજ્યશ્રીની જીવનભરની સંયમ-યોગઅધ્યાત્મની સાધનાથી પરિકર્મિત દેહમાં અણું-અણું ઝગારો મારી રહ્યા હતા ! મુખ પર અપૂર્વ યોગનું તેજ પ્રસરી રહ્યું હતું. જાણે પૂજ્યશ્રી જીવંત ધ્યાનમાં બેઠા હોય એમ દેખાતું હતું ! દર્શનાર્થે અને ગુરુ પૂજનાર્થે તો લોકોની પડાપડી ચાલેલી, પરંતુ સ્વયંસેવકો વ્યવસ્થા સુંદર જાળવતા હતા. રાત્રિના જ અંદાજે ૫-૬ હજાર અને બીજે દિવસે બાર વાગ્યા સુધીમાં લગભગ ૪૦-૫૦ હજાર જૈન-જૈનેતર ભાઈ-બહેનોએ અશ્રુભીની આંખે પૂજ્યશ્રીના અંતિમ દર્શન કરી ગુરુ-પૂજન કર્યાં.

મુંબઈ, અમદાવાદ, રાજકોટ વગેરેથી હજારો ભાવિકો પાટણ પહોંચી ગયા હતા. બાર વાગે ગુરુ પૂજન, પાલખીમાં પધરાવવા, પાલખી ઉપાડવા વગેરે મોટી બોલીઓ બોલાઈ. ૧૨.૩૦ વાગે જરિયાન સુશોભિત પાલખીમાં પૂજ્યશ્રીના સંયમ-યોગ-અધ્યાત્મથી પવિત્ર થયેલ દેહને પધરાવી 'જય જય નંદા જય જય ભદ્દા'ના ગગન ભેદી નાદ સાથે સ્મશાન યાત્રા શરૂ થઈ. અત્રેના ને બહારના અંદાજે ૨૦ થી ૨૫ હજાર જણ એમાં જોડાયા.

સ્મશાન યાત્રા પાટણના બજારો અને રાજમાર્ગો પરથી પસાર થતાં અને બાજુ સખત્ ભીડ હતી. અંતે કાલકા દરવાજા બહાર શ્રી ભોગીલાલ લહેચરચંદના ઉદ્યાનમાં પૂજ્યશ્રીના પવિત્ર દેહને પાલખીમાં જ ચંદનની ચિતા પર પધરાવવામાં આવ્યો. ઉપર સુખડનો ઢેર થયો.

પૂ. પંન્યાસજી મ.ના સંસારીપણે પુત્ર જિતેન્દ્રકુમારે અગ્નિ સંસ્કાર કરતાં સૌનાં હૈયા રડી પડ્યા હતા. પાલખીમાં અને ચિતા પર પણ પૂજ્યશ્રીના મુખારવિંદ પર એ જ પૂર્વના જેવું યોગિક તેજ પ્રસરી રહેલું તેથી એમજ લાગતું કે જાણે ધ્યાનમાં લીન છે !

ધન્ય શ્રમણ ! ધન્ય યોગી ! ધન્ય સાધક !

પૂ. ગુરુદેવશ્રી ચાલ્યા ગયા, પરંતુ જગત સામે એક આદર્શ મૂકતા ગયા ! આ પંચમકાળમાં પણ ચોથા આરાના એક ઉત્તમ આરાધક મહાત્માની યાદ દિલાવનારા અવધૂત યોગીનાં દર્શન હવે દુર્લભ થયાં.

એઓશ્રી અનેક ગુણરત્નોની ખાણ હતા. છેલ્લા ત્રણ વરસથી ભયંકર માંદગીમાં પીડાતા છતાં ખૂબ જ સમતાભાવમાં મગ્ન રહેતા અને અનેકવાર જમરાજના આક્રમણને એમની ઉચ્ચ સાધનાએ નિષ્ફળ કરેલા. કોષાદિ-કષાયો તો જાણે એમના જીવનમાં નામશેષ થઈ ગયેલા. અત્યંત સૌમ્ય પ્રશાંત અને પ્રસન્ન મુદ્રાથી અલંકૃત આ મહાપુરુષનાં દર્શન માત્ર ભાવિકોને હૈયાને હૈયાના રાગદ્વેષ મિથ્યાત્વને હચમચાવી નાખતા, ને ધર્મથી ભાવિત કરતા ! એઓશ્રીની વાણીમાં પણ એટલી જ મધુરતા સૌમ્યતા અને સરળતા વહેતી. વિશેષ શું કહીએ ? એઓશ્રી સર્વ જીવમૈત્રી-સ્નેહ-વાત્સલ્યના દરિયા હતા. એથી જ અનેકોને એ માતૃવત્ હૂંફાળા વાત્સલ્યથી ઠારી દેતા, ને સન્માર્ગે ચઢાવી દેતા. જ્ઞાન-ધ્યાન-યોગના ત્રિવેણી સંગમથી જિનશાસનના લોકોને દીપાવી રહ્યા હતા. જૈન શાસ્ત્રોનાં વાચન, મનન પરિશીલન દ્વારા મહાન તત્ત્વચિંતક હતા. ત્યાગ, તપ ને સંયમ એઓશ્રીના પ્રાણ હતા. એઓશ્રીના જીવનમાંથી આપણે ભવ્ય પ્રેરણા લઈ જીવનને અજવાળીએ.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૮,અંક-૩૬,તા.૨૪-૦૫-૧૯૮૦

સ્વર્ગત મહાયોગીનાં મીઠાં સંભારણા

વૈશાખ સુદ ૧૪ ! પકખી પ્રતિક્રમણમાં સર્વ જીવોની આલોચણા કરી, આત્મા શુદ્ધ-વિશુદ્ધ બનતો ગયો, ને દીવાલ પરની ઘડિયાળે ટકોરા મારવા શરૂ કર્યા. આઠ ટકોરા પડતાં બધાના હૃદયના ધબકારા વધી ગયા, પરંતુ એ દિવ્ય આત્માના હૃદયના ધબકારા મંજુલ બન્યા. ઘડિયાળનો મિનિટ કાંટો દશમે સ્થાને આવતાં શરીર ને આત્માના આંકડા તૂટી ગયા, પાર્થિવ દેહમાંથી એ દિવ્ય આત્મા બન્યો.

આયુષ્યની જ્યોતિ વિલીન બની, પણ પાર્થિવ તેજ ઝગમગતું રહી ગયું. આત્માનું સંચલન અદશ્ય થયું, દેહ પર તેનું સંસ્કરણ પ્રગટી ઊઠયું. એ જ સૌમ્યતા ! એ જ પ્રશાંત મુદ્રા ! એ જ મુખ પરનો દિવ્ય મલકાટ !

નવકાર મંત્રના આરાધક, ગાયક, આત્મસાત્ કરનારા ગયા, મંત્રનું ગુંજન

દિશાઓમાં ફરી વળ્યું.

છેલ્લા ત્રણ વર્ષથી દેહની આસક્તિ છોડી દઈને એમનો આત્મા-આત્મરમણમાં લીન રહેતો. દેહની મમતા શિષ્યોએ ઉઠાવી લીધી. દેહને દમવા દીધો. કર્મને શમવા દીધો. દેહે ત્રણ વર્ષ કષ્ટ સહન કર્યું. મન-વચન-કાયાના કર્મોને તોડ્યા રત્નત્રયીની ભવ્ય આરાધના અનાસકત ભાવે કરી. ને એક વખતનો બહિરાત્મા કોને ખબર પૂર્વ ભવે ક્યારે અંતરાત્મા બનેલો હશે. ૩૬ વર્ષની ઉંમરે અંતરાત્મા બનેલ તે ૩૬ (૨૦૩૬)માં પરલોકવાસી બન્યો.

સંસારી નામ હતું ભગવાન, સંયમી નામ બન્યું ભદ્રંકર અને હવે બન્યા ભવ્યાત્મા.

સંયમનો અભ્યાસ, જ્ઞાનનો અનુભવ, દેવભક્તિ, ગુરુ-કૃપા, એવું ચિંતન કર્યું, મનન કર્યું ને આગમનું મંથન-ભાવન કર્યું કે મનની વિચારસરણી આગમમય ! ઉત્તમ ગ્રન્થોનું સર્જન કર્યું.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યથી પાવન થયેલ એ પાટણ નગરીએ આવા શાસન અર્પિત પં. શ્રી ભદ્રંકરવિજયજીને જન્મ આપ્યો. જ્ઞાન આપ્યું. તેનો લહાવો નગરીએ તેમને નિર્વાણ આપી લીધો. ધન્ય બનેલ એ નગરીએ. ધન્ય બનેલ એ પ્રકૃતિએ વૈશાખી પૂર્ણિમા ઉજવી. અવધૂત યોગાત્માના છેલ્લાં દર્શન કરવા માનવ મહેરામણ ઉમટ્યો. જેમ જેમ એ દિવ્યાત્માના દેહે પોતાનો પ્રકાશ-પ્રતાપ-પ્રભાવ છોડવા માંડ્યો તેમ તેમ સૂર્યે પણ પોતાનો પ્રકાશ-પ્રતાપ-પ્રભાવ છોડવા માંડ્યો ને રાત પડતાં પડતાં સારું ય વાતાવરણ ચંદનની સૌરભથી મહેકતું થયું ને ચંદ્ર વહેલો વહેલો આવી ચાંદની વરસાવવા લાગ્યો.

જનમેદની રડતી રહી. પાર્થિવ દેહ સૌરભમય બની ગયો. ને ચાંદનીની શીતળતા બધાને અકળાવતી રહી.

નવકાર મંત્રના નવપદના જ્ઞાતા. ધ્યાતાને આત્મસાત્ કરનારા આ મહાત્માની આત્મ-રમણતા પ્રગટાવનારા જીવનમાં નવના આંકડાએ ઉત્તમ ભાગ ભજવ્યો છે.

જન્મની વિક્રમની સદી ૧૯ની ત્યાં છેલ્લે નવ, જન્મ ૧૯૫૯માં તો છેલ્લે નવ; જન્મ માગશર સુદ ૩ ને દીક્ષા કાર્તિક વદ ૩ તો ૩ x ૩ = ૯, ૩૬માં કાળ ધર્મ પામ્યા તો ૩૬માં નવનો સમાવેશ છે. સંયમ યાત્રા ૪૯ વર્ષની થઈ તો ત્યાં પણ છેલ્લે નવ છે. ૧૪ના દિવસે દિવ્ય આત્મા ગયો ને પુનમે પાર્થિવ દેહ ગયો, તો ચૌદસ ને પુનમના છેલ્લા આંકડા ૪ + ૫ = ૯ થાય. પંન્યાસ પદને ૨૦૦૭માં તેથી ૨ + ૭ = ૯ થાય.

આઠ વાગ્યા. નવનું સામ્રાજ્ય શરૂ થયું. નવ મિનિટ ગઈ ને આત્મા ચાલ્યો

ગયો. ત્યાં નવના સામ્રાજ્યમાં નવ મિનિટ રહ્યા. આવું જ એમના સાહિત્ય સર્જનનું છે.

પાટણમાં જન્મ લઈ પાટણમાં જીવન પૂર્ણ કર્યું, પાટણને પાવન બનાવ્યું. આવા યોગાત્માના જીવન-કવન-મરણથી પાટણ ધન્ય બન્યું.

પોતે પ્રશાંત તત્ત્વ સાગરના ગૌરવ હતા. તેવા 'પ્રશાંત' વિશેષણ લગાડવા દેવા તૈયાર ન હતા. હવે જગતને જાણ થાય છે કે તેઓ શાસનના જ્યોતિર્ધર, પરમ કૃપાળુ, વાત્સલ્ય વારિધિ, મૈત્ર્યાદિ ભાવનો અસ્ખલિત પ્રવાહ જ્ઞાન, ધ્યાન, અધ્યાત્મની સાક્ષાત્ મૂર્તિ, રત્નગુણનિધિ, શમ, સમતા, સમાધિના પ્રણેતા હતા.

પાટણમાં બાલ ભોગ્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું. પિતા હાલાભાઈને માતા ચુનીબેનના હૈયાને હર્ષથી હિલોરતા રહ્યા. અભ્યાસમાં કુશાગ્રતા દર્શાવતા ગયા. મુંબઈ ગયા ત્યાં વ્યાવહારિક અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસમાં વધતા ગયા ને પ્રભુ ભક્તિના અજબ રંગે રંગાયા.

હીરો ચમકતો હતો. પહેલ પાડનાર ત્યાં મળી ગયા. પ. પૂ. શ્રી રામવિજયજી મ. સા. (હાલ આચાર્યદેવ)ની શાસન પ્રત્યેની ધગશ અને અદ્ભુત વૈરાગ્ય ઝરતી વાગ્-વાક્-કૌશલ્યથી ભગવાનલાલ પ્રભાવિત થયા, પણ મોહરાજાએ તેમને લગ્નગ્રંથીમાં જકડ્યા. પણ શ્રાવકજીવન કમલવત્ બનાવી, બાહ્યજીવન ક્રિયામય ને આંતરિક જીવન જ્ઞાનમય બનાવી વૈરાગ્ય ભાવનાને પ્રજ્જવલિત કરી, સંયમ યાત્રા શરૂ કરી. ભોગી તે યોગી બન્યા. ગુર્વાજ્ઞા પાલનથી ને ગુરુકૃપાથી, જીવનને જ્ઞાન, ધ્યાનમાં ઓતપ્રોત કર્યું. તાત્ત્વિક ગ્રંથોનું ઊંડાણથી અવલોકન કર્યું. યોગનો ને યોગાત્માનો અભ્યાસ કર્યો. તેનાથી આત્મા ભાવિત થયો અને અનેકવિધ ચિંતન-મનનના તાત્ત્વિક ગ્રંથોનું નિર્માણ કર્યું.

જરૂર પડ્યે પ્રશસ્ત કષાયનો ઉપયોગ કરી મિથ્યાત્વવાદીને સિક્સ આપી. મૂર્તિ વિરોધીને મૂર્તિપૂજાની ઐતિહાસિક, આધ્યાત્મિક, તાત્ત્વિક, બૌદ્ધિક દૃષ્ટિએ અગત્યતા ને આવશ્યકતા દર્શાવી.

જેવું વિચાર્યું તેવું જીવ્યા. જેવું જીવ્યા તેવું ગ્રંથોમાં મૂક્યું. અનેકને માટે પ્રકાશનો માર્ગ બતાવતા ગયા દોરી ગયા.

અનેક ભવ્ય આત્માને સંયમ પંથે દોરતા ગયા. અનેક સ્થળે ઉપધાન-ઉદ્યાપન, આરાધના-નવકાર, જાપ-સામુદાયિક ઓળી ક્રિયા અનુષ્ઠાન કરાવ્યાં. ગુજરાત-સૌરાષ્ટ્રને મારવાડ પ્રદેશને તેઓશ્રીની સુમધુર વૈરાગ્ય નિર્ઝરની વાણીનો અનુપમ લહાવો મળ્યો.

સતત જ્ઞાન ચિંતન તાત્ત્વિક ચિંતન ચાલુ રહેતું. ગુર્વાજ્ઞાના દબાણથી અનિચ્છા

છતાં પાલીતાણામાં પંન્યાસ પદનો સ્વીકાર કર્યો. ગુરુની તથા સંઘની અતિ ઇચ્છા છતાં આચાર્યપદ ન સ્વીકાર્યું તે ન જ સ્વીકાર્યું. આચાર્ય ગુરુદેવની હરોળમાં આચાર્ય થઈ બેસવાને બદલે નમ્રતા દાખવી તેમના ચરણે બેસી જીવનને ધન્ય બનાવ્યું. નમ્રતા તેમનો જન્મ સિદ્ધ હક. આજના અજાત શત્રુ હતા. દરેક પ્રત્યે સમાન મધુર વાણી, સમાન મધુર હાસ્ય, સમાન ઉષ્માભર્યો આદર, સમાન હિત શિક્ષા, સમાન કરુણા વર્ષા, સમાન મધ્યસ્થ દૃષ્ટિ હતી. તેમણે સાબિત કરી બતાવ્યું કે કર્મને કારણે શરીર ભલે હેરાન થાય, પણ આત્મા તો ઉન્નતિના શિખર સાધ્ય કરવામાં હેરાન થતો નથી. શરીર પરની કર્મ-વિટંબણાને નહિ જોઈ શકનારે તેમના દેહને આરામ-આનંદ આશ્વાસન અર્થે દવા આપી. ઇન્જેકશન આપ્યાં જે તે ઉપચાર કર્યા. બધાને દેહ આવકારતો. કારણકે તેના સહન કરવામાં આત્માનો પ્રકાશ જવલંત બને છે.

આવો એ ભવ્ય-અનન્ય અલૌકિક આત્મા આ ભૂમિને ત્યાગી અદશ્ય બન્યો છે પણ તેમની સૌરભ તેમનો સાહિત્ય પ્રકાશ સદાય આપણને બધાને ઉષ્મા આપશે, માર્ગદર્શન આપશે ને આપણા જીવનને સૌરભમય બનાવી ઉચ્ચ પદે લઈ જવા સતત પ્રેરણા આપતો રહેશે.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૨૮,અંક-૪૦/૪૧,તા.૨૧-૬-૧૯૮૦

સ્વ.શ્રી પીયૂષકુમાર ચતુરદાસની ગુણસુવાસ

'દિવ્ય દર્શન' પત્રના સંચાલનના વર્ષોના મૂક કાર્યકર ભાઈ **શ્રી પીયૂષકુમાર ચતુરદાસ ચીમનલાલ શાહ**ના અણધાર્યા અકસ્માત્ અને નિધન પર એમના પરિચિત કોને પારાવાર ખેદ નહિ થયો હોય ? મુંબઈ પ્રિન્સેસ સ્ટ્રીટ લત્તામાંના કેસર બાગ (કેસર બિલ્ડીંગ)ના પાછલા ભાગના પાંચે માળ એકાએક કડડભુસ થતાં ભાઈ શ્રી પીયૂષકુમાર એ ગોઝારા અકસ્માતનો ભોગ બની ગયા. કલિકાલ કેટલો હળાહળ છે કે આવા મહાન નર રત્નોને અકાળે ઉઠાવી લે છે !

દિવ્ય દર્શનના તંત્રી શ્રી ચતુરદાસ ચીમનલાલ અને સુમિત્રાબેનના પનોતા પુત્ર ભાઈશ્રી પીયૂષકુમાર માનવતાના પાયાના સર્વ ગુણોથી અલંકૃત હતા. કોઈની સાથે માયા કપટ નહિ, માયાભરી વાતચીત કે એક બોલ નહિ એવી સરળ ભદ્રકતા, અત્યંત પરગજુપણું વડીલ ભાઈઓ પ્રત્યે પણ મધુરો વિનયભાવ. સ્વભાવે શાંતતા ઊંચે શબ્દે બોલવાની વાત નહિ, પ્રામાણિકતાના ભારે ખપી. શીલ-સદાચારની

સુવાસથી મઘમઘતા; વગેરે વગેરે એમની ગુણ સંપત્તિ આજે યાદ કરતાં હૈયું અને આંખ ભીની થઈ જાય છે. આ જ ગુણોના લીધે મુંબઈના કેટલાક મહિનાના એમના વસવાટે આખા માળાના અને બજારના પરિચિતોના હૈયામાં એવા પ્રેમની ગાંઠે ગંઠાઈ ગયેલા કે આજે એ બધા એમના આવા અકલ્પ્ય અચિંત્ય અકાલ અવસાન પર આંસુ સારી રહ્યા છે.

એમના વિયોગ પર પ્રસરેલી હૃદયવેદના જોતાં એમ લાગે છે કે આ કળિકાળમાં પિતાને આવો પુત્ર, મિત્રોને આવો મિત્ર ને ભાઈઓને આવા ભાઈ મળવો મુશ્કેલ. એમના કુટુંબે તો રત્ન ગુમાવ્યું પરંતુ શ્રી સંઘનેય એક રત્નની ખોટ પડી છે. અલબત્ત અહીંના સૌની સાથે એમની લેણાદેણી પૂરી થઈ, પરંતુ એ નિર્ભેળ પ્રેમ અને ગુણોની સુવાસ મૂકતા ગયા. પોતે ગુણોની કમાઈ લેતા ગયા અને બીજાઓને રડાવતા ગયા. ઉચ્ચ આત્મા તરીકે પંકાઈ ગયા અને કુળનું ગૌરવ વધારી ગયા.

જ્યાં સુધી અમદાવાદમાં 'દિવ્ય દર્શન' પત્રનું કાર્યાલય હતું, ત્યાં સુધી ભાઈ શ્રી પીયૂષકુમારે એની કાર્યવાહી માટે જે અમુલ્ય સેવાઓ ભારે પણ કષ્ટ ઉપાડીને આપી છે એ અવિસ્મરણીય રહેશે. 'દિવ્ય દર્શન' સાપ્તાહિકનું શ્રી ચતુરદાસ ચીમનલાલના તંત્રીપણા હેઠળ અને એમના સૌથી મોટા સુપુત્ર ભરતભાઈના સજાગ સહકારથી સંચાલન એવું ચાલેલું કે જેણે શ્રી સંઘમાં હજારો ભાવિકોને ધર્મના અને શુભભાવો વિચારોના અમૃતરસ પાયા છે, પરંતુ એમાં પીયૂષભાઈનો સેવાનો મોટો ફાળો નોંધાયો છે.

શ્રી પીયૂષભાઈની લોકપ્રિયતા કેવી કે ગમખ્વાર બનાવ બનતાં અમદાવાદથી શ્રી ચતુરભાઈ સકુટુંબ મુંબઈ આવતાં ૩૫ જણા અમદાવાદથી મુંબઈ ઊતરી પડેલા. પાછા અમદાવાદ વળતાં કાળા કકળાટનું વાતાવરણ સંભવિત હતું. કિન્તુ શ્રી ચતુરભાઈએ સૌને સમજાવ્યું કે આપણા પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખાસ કહ્યું છે કે સદ્ગતના આત્માએ અણધારી આફત આવી પડતાં સંભવ છે, બધું વોસિરાવ્યું ન હોય તો આપણે જે કાંઈ સદ્ગતની પાછળ શોક સંતાપ કરીએ એ નિમિત્તે સદ્ગતના આત્માને કર્મબંધ થાય. આપણે એના સાચા પ્રેમી અને હિતૈષી હોઈએ તો આ શોકની પ્રથા બંધ કરવી જોઈએ એનું પરિણામ સુંદર આવ્યું. જાહેરમાં કોઈપણ જાતની રોકળ થઈ નહિ. કાળુસીની પોળમાં આ પ્રસંગે યુવાનોને સદ્ગત પર બહુ રાગ હોવાથી સભાનું આયોજન થયું. આખી પોળે જાણે પોતાનો સ્વજન ગુમાવ્યો હોય તેવી મોટી હાજરી. આ ઉત્તમ આત્માના ગુણાનુવાદ કરતાં કરતાં સૌ રડી પડતા. એમાં અંતે જ્યારે સદ્ગતના સ્મરણાર્થે જાહેર કરાયું કે સાચી અંજલિ એ છે કે આપણે સૌ વ્યક્તિગત રીતે આ નિમિત્તને પામી કાંઈ ને કાંઈ

ત્યાગ કરીએ ત્યારે શોકસભા બોધસભામાં ફેરવાઈ ગઈ કેમકે સૌએ મનોમન કાંઈ ને કાંઈ ત્યાગ નક્કી કર્યો, શ્રી ચતુરભાઈના ઘરમાં પણ સૌ શોકના કરુણ કકળાટથી દૂર રહ્યા છે એ ધર્મી ઘરનો એક નમૂનો છે. અલબત્ત હૈયાં ભારે છે પરંતુ પૂજ્યશ્રીના ઉપદેશથી સ્વ. પરનાં હિત નજર સામે રાખ્યા છે.

આટલા બધા દુઃખદ પ્રસંગે ઘરમાંથી દીક્ષિત બનેલ કેવી અદ્‌ભુત સમાધિ આપે છે એ પીયૂષભાઈના સ્વર્ગવાસ પ્રસંગ પર જોવા મળે છે. મુંબઈથી શ્રી ચતુરભાઈ, ભરતભાઈ વગેરે સદ્‌ગતના અંતિમ સંસ્કાર વિધિ પતાવ્યા પછી અમદાવાદ તરફ નીકળતા પહેલા પૂ. આચાર્યદેવશ્રી પાસે અંધેરી ગયા અને પૂજ્યશ્રીએ જૈનશાસનની શૈલી, જન્મ-મરણનું તત્ત્વ, મનુષ્ય જન્મનું મહત્ત્વ તથા પૂર્વકાળના આવા અનેક દૃષ્ટાંત કહીને ખૂબ સમાધિ આપેલી. તેથી સહુ એવી હિંમત લઈને અમદાવાદ આવ્યા ત્યારે અમદાવાદ સ્ટેશને ઊતરતાં ત્યાં આવેલી સઘળી મેદનીને આશ્ચર્યમાં મૂકી દીધા. ઘર આગળથી સહુને વિદાય આપતા પૂજ્યશ્રીના હિતસંદેશની યાદ આપી. બેનોમાં પણ આજ કુટુંબના પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજે પણ સમાધિ હિતશિક્ષા આપવાનું એવું ઉત્તમ કામ કર્યું કે પોતે તો મહાન કર્મ નિર્જરાના ભાગી થયા ઉપરાંત બેનોને કર્મથી ભારે થતા બચાવ્યા.

આ સમાચાર ખાસ પ્રકાશિત કરવાનું કારણ એ કે એક તો સ્વર્ગસ્થ ભાઈશ્રી પીયૂષકુમારે **દિવ્ય દર્શન કાર્યાલયને ખૂબ જ કિંમતી સેવાઓ આપેલી જેનું ઋણ વાળી શકાય એવું નથી** તેમજ બીજું એ કે કુટુંબમાં ધર્મ વસાવવાથી વિષમ પ્રસંગે કેવી સુંદર સમાધિ સહુને પ્રાપ્ત થાય છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૯,અંક-૨,તા.૧૩-૯-૧૯૮૦

● **દુજાણા :** તપસ્વી પૂ. **મુનિરાજશ્રી દયાવિજયજી મહારાજ** ૬૧ વર્ષની ઉંમરે ૨૬ વર્ષનો દીક્ષા પર્યાય સુંદર પાલન કરી શ્રાવણ સુદ ૧ ના દિવસે સવારે ૧૦-૧૦ વાગે નમસ્કાર મહામંત્રના સ્મરણ કરતા કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓશ્રીએ વિ.સં. ૨૦૧૦ ના વૈશાખ વદ ૭ ના રાંધેજા મુકામે દીક્ષા અંગીકાર કરેલ. જીવનમાં તેઓએ અનેક તપશ્ચર્યા કરેલ. પોતાના વતનમાં છેલ્લા આ ચાતુર્માસમાં પણ ૬૮ ઉપવાસની તપશ્ચર્યા કરવાની ભાવનાવાળા હતા. પ્રવેશથી અઠ્ઠમ કરેલ પછી સંઘની આગ્રહભરી ખેંચને લીધે પારણું કરવું પડ્યું. ત્યારબાદ

૧૬ ઉપવાસ કરેલ. એમની ભાવનાને હિસાબે ચાર મહિનામાં પણ ૬૮ ઉપવાસ પૂરા કરવાનું રાખેલ, સ્મશાનયાત્રામાં આખું ગામ જોડાયેલ. ઉછામણીઓ પણ સારી થઈ. સંઘે એક મહિનાનો શ્રી જિનેન્દ્ર ભક્તિમહોત્સવ વિવિધ પૂજનો સહિત ઉજવવાનું નક્કી કરેલ છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૯,અંક-૪૦,તા.૨૦-૬-૧૯૮૧

● **અમદાવાદ :** અત્રે પગથીયાના ઉપાશ્રયે વયોવૃદ્ધ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન **પૂ.મુ. શ્રી મહોદયવિજયજી** મહારાજ ૩૪ વર્ષનો દીક્ષાપર્યાય પાળી ૭૬ વર્ષની ઉંમરે જેઠ સુદ-૫ ના રોજ રાત્રે ૧૧-૪૬ મિનિટે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. પૂ. મુનિરાજશ્રીએ પોતાના જીવનમાં ૩૨-૩૧-૩૦-૨૧-૧૫-૮-૩-૨ ઉપવાસ, વરસીતપ-વર્ધમાનતપની ૩૬ ઓળી ઇત્યાદિ અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરેલી. છેલ્લા ૧૪ વર્ષથી લકવાની બીમારી હોવા છતાં તેમની સમાધિ અનુમોદનીય હતી. પૂ.આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ તથા તેમની વૈયાવચ્ચ પૂ.પં. લલિત વિ.મ. તો કરી જ રહ્યા હતા. ઉપરાંત વૈયાવચ્ચમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે મોકલેલ પોતાના શિષ્યરત્ન તપસ્વી પૂ. મુનિરાજશ્રી જિનયશવિજયજી મહારાજ આદિ ઠાણા ત્રણે ખૂબજ પ્રશંસનીય સેવા કરી. સદ્‌ગતના આત્માને શાંતિ મળો એ જ પ્રાર્થના.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૯,અંક-૪૧,તા.૪-૭-૧૯૮૧

● **અમદાવાદ :** અત્રે પગથિયાના ઉપાશ્રયે બિરાજમાન વયોવૃદ્ધ શાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજ** ૫૭ વર્ષનો દીક્ષા પર્યાય પાળી ૯૦ વર્ષની ઉંમરે જેઠ સુદ ૧૩ ના રોજ બપોરે ૩-૨૫ વાગે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

પૂજ્યશ્રીએ ૫૭ વર્ષના દીક્ષા પર્યાયમાં ૧૨ કરોડ અરિહંત પદનો જાપ તથા સવા લાખ નવકારવાળી ગણી છે. લાગટ ૧૭ વરસીતપ, ૮ નવ્વાણું, ૩૦-૮-૩-૨ ઉપવાસની તપશ્ચર્યા. છેલ્લી જિંદગી સુધી તિથિના ઉપવાસ કરતા હતા. જીવદયાની પરિણતિ, સાધુ વાત્સલ્ય, ભદ્રિકતા ઇત્યાદિ અનેક ગુણોથી પૂજ્યશ્રીનું

જીવન મઘમઘતું હતું. તેઓશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ પામો એ જ અભ્યર્થના...

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૨૯,અંક-૪૭,તા.૧૫-૮-૧૯૮૧

● **દાદર :** અત્રે આરાધના ભુવન સંઘના સેવાભાવી કાર્યકર આરાધક ભાઈશ્રી **મનુભાઈ લાલભાઈ ઝવેરી** વિ.સં. ૨૦૩૭ ના અષાઢ વદ ૧૧ ના સોમવારે સાંજે ૫૬ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓએ પોતાનું જીવન ધર્મની પરિણતિથી રંગી દીધેલ હતું. તેઓ શ્રી મહાવીર સંયુક્ત મંડળ-મુંબઈ, શ્રી જિનભક્તિ મંડળ-દાદર, શ્રી મહાવીર શાસન મંડળ-સંગમનેરના મુખ્ય પ્રેરક અને સંચાલક હતા. સંગીત કળાથી લોકોને જિનભક્તિરસમાં સારા તરબોળ કરી દેતા. સ્વ. પિતા **મુનિશ્રી અચ્યુતવિજયજી** મહારાજનો તપનો વારસો જાળવ્યો હોય તેમ છેલ્લા ૪૨ વર્ષથી દર પજુષણમાં અઠ્ઠાઈ પૌષધ સાથે કરતા હતા. એમણે માત્ર ૯ વર્ષની બાળ ઉંમરે ઉપધાન કરી મોક્ષની માળા પહેરી હતી. જીવદયા પ્રેમ-સાધર્મિક ભક્તિ-અપ્રમત ક્રિયા વગેરે ગુણો ખૂબ સુંદર હતા. વર્ધમાન તપની ૬૫મી ઓળીમાં સિદ્ધિતપની ભાવનાથી ૧-૨-૩ ઉપવાસ કરી ઢીલાશ વગેરે દેખાતાં સિદ્ધિતપના બદલે ઓળી ચાલુ રાખી. આયંબિલમાં બીજા દિવસે સાંજે ૪ વાગે ઠંડી લાગવા માંડી. ૬ વાગે જીભ ખેંચાતાં, પોતાની ના છતાં એમને ડૉક્ટરના અભિપ્રાયથી હૉસ્પિટલ લઈ ગયા. ત્યાં ૭-૧૫ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પજુષણમાં એમની સૂરિલા કંઠે ગવાતું ૨૭ ભવનું સ્તવન, પંચ કલ્યાણક સ્તવન, હાલરડું વગેરે સાંભળતાં શ્રોતાઓ તલ્લીન થઈ જતા. આવા ઉત્તમ આત્માના સ્વર્ગવાસથી દુઃખ સહુને થાય પણ એમના જીવનમાં એમણે વણી દીધેલ ભક્તિરસ-તપ-ત્યાગ વગેરે ગુણો આપણે મેળવી આપણા આત્માની ઉત્ક્રાંતિ કરીએ એજ.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" વર્ષ-૩૦,અંક-૫,તા.૧૭-૧૦-૧૯૮૧

મહાપુરુષોનાં ગુણગાન

(તંત્રીનોંધ :- સંઘસ્થવિર પૂ. આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા, તથા શાંતમૂર્તિ પૂ.આચાર્યદેવશ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજાની અનુક્રમે ભાદરવા વદ ૧૪ અને આસો સુદ-૧ સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ભા. ૦)) સવારે સુરત

ગોપીપુરા લીલાવતીનગર વ્યાખ્યાન મંડપમાં એ બંને મહાપુરુષોના અને પ્રસંગવશ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ની શાસનરક્ષા-પ્રભાવનાના ગુણગાન અંગે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજે પ્રવચન કર્યું. તેનું સારભૂત અવતરણ પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજી મહારાજે ઉતારેલું તે અહીં આપવામાં આવે છે.)

वज्जइ तिव्वार भो कुणइ अकामो अनिव्वह तोय, थुणइ निरारंभजणे ।

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પૂજ્યપાદ વાદિ-વેતાલ આચાર્ય ભગવાન શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ 'ધર્મરત્ન પ્રકરણ' નામના શાસ્ત્રમાં ભાવ-શ્રાવકના ભાવગત ૧૭ લક્ષણો વર્ણવી રહ્યા છે એમાં સ્ત્રી, ઇંદ્રિયો, અર્થ, સંસાર અને વિષય એ પાંચ પ્રત્યે ભાવશ્રાવકના કેવા ભાવ હોય એ બતાવ્યા પછી છઠ્ઠા નંબરમાં આરંભ-સમારંભ પ્રત્યે કેવા ભાવ હોય એનું કરેલું વર્ણન આપણે વિચારી રહ્યા છીએ. એમાં 'થુણઈ નિરારંભજણે', આવ્યું અર્થાત્ ભાવશ્રાવક આરંભ તથા સમારંભનો ત્યાગ કરી બેઠેલા સાધુ-પુરુષોની સ્તવના કરે.

કુદરતી આજે વર્તમાનકાળના દૃષ્ટાન્તથી એ વિચારવા મોકો મળ્યો છે. સંઘ સ્થવિર પૂ. આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજની ભા.વ.૧૪ તથા એઓશ્રીના પટ્ટધરરત્ન પૂ.આચાર્યદેવશ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ.ની આસો સુદ-૧ સ્વર્ગારોહણ-તિથિ આવવાથી આપણે એ બંને મહાન નિરારંભી મહાપુરુષોની સ્તવના કરવાનો આજે રુડો અવસર મળ્યો છે.

સંઘ સ્થવિર પૂ.આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા પૂ.બાપજી મહારાજના હુલામણા નામથી સંઘમાં પ્રસિદ્ધ થઈ ગયાં છે. એટલે અહીં પણ આપણે આ નામથી ગુણગાન કરશું.

પૂ.બાપજી મહારાજ સંસારીપણે અમદાવાદ ખેતરપાળની પોળના વતની, એમના ગુરુદેવ પૂ.પં.શ્રી મણિવિજયજી દાદા, આજે સાગર સમુદાય છોડીને લગભગ બધા મુનિ સમુદાય આ મહાપુરુષનો છે. એ ખાખી બંગાલી અર્થાત્ મહાન ત્યાગી તથા નિત્ય એકાસણાવાળા અને સંયમના બહુ ખપી યુગપુરુષ હતા. એ કાળમાં એઓશ્રી પાદવિહારથી શિખરજી ફરસવા ગયેલા. તે વિહારમાં ગોચરીમાં નિર્દોષ આહાર અર્થે ચણા ફાકતા ફાકતા ગયેલા. આવા ધન્ય પુરુષ એટલે તો પારસમણિ ! એમના સંપર્કથી સુવર્ણ બનેલા પૂ.બાપજી મહારાજના સદ્ગુણો સાધનાઓ અને સુકૃતોની ઉચ્ચતાનું પૂછવું જ શું ?

પૂજ્ય બાપજી મહારાજ ગૃહસ્થપણે વિરાગી બની થોડા વખત પૂર્વે પરણેલી

પત્નીને તો વૈરાગ્યમય વાગ્ધારાથી અનુકૂળ કરી લે છે, પરંતુ મોટાભાઈ રજા નથી આપતા. એટલે વિદ્યાશાળાએ જઈ ખાનગીમાં દીક્ષા લઈ મુનિશ્રી સિદ્ધિવિજયજી બની ગયા.

મોટાભાઈને ખબર પડતાં ગુસ્સાથી ધમધમતા આવ્યા વિદ્યાશાળે, નૂતન મુનિને ધમકાવે છે. 'આ તેં શું કર્યું ? દીક્ષા લેવી હતી તો પરણ્યો શું કામ ?' ચાલ ઊઠ ઊભો થા, મૂકી દે સાધુનાં કપડાં. લે પહેરી લે આ ગૃહસ્થના કપડાં, ચાલ ઘેર ! પૂ. સિદ્ધિવિજયજી મહારાજ તો પાકા વૈરાગી, તે અણનમ બેઠા, ન ઊઠ્યા, એટલે કદાવર શરીરવાળા મોટાભાઈએ મોટો હાકોટો કરી મુનિનું બાવડું ઝાલી ઊઠાડી ઘસડીને ઘરે લઈ આવ્યા ! અને ઓરડામાં ઘાલી ધમધમાવે છે, 'લે પહેર આ ધોતિયું.' મુનિ શાના પહેરે ? તેથી મોટાભાઈ લોખંડી હાથે ચોળપટ્ટો ખેંચી લઈ કહે છે, 'લે જોઉં છું, હવે કેવો ધોતિયું નથી પહેરતો ? નૂતન મુનિ નાગા ઢાંઢ બેસી રહ્યા, પણ ધોતિયું ન પહેર્યું તે નજ પહેર્યું ! એક જ સૂર, 'પહેરીશ તો ચોળપટ્ટો જ પહેરીશ. સાધુપણું પ્રાણ સાટે નહિ મૂકું.' બહુ રકઝકમાં છેવટે નવી વહુ જેઠને કહે 'આ શી ધાંધલ માંડી છે ? જાય છે તો મારો ધણી જાય છે, તમારું શું જાય છે ? આપી દો ચોળપટ્ટો.' બસ, મોટાભાઈ નરમ પડી ગયા, ચોળપટ્ટો આપી, કપડો ઓઢાડી, લાવીને મુનિને વિદ્યાશાળે ગુરુ પાસે મૂકી ગયા.

આવા મહાવૈરાગી પૂ.બાપજી મહારાજનાં સમગ્ર જીવનને હું જાણતો નથી છતાં જે કાંઈક અલ્પ જાણું છું તેના પર આજે યત્કિંચિત્ ગુણગાન કરવા છે.

ચારિત્રનો અલંકાર, તપ, અથવા કહો 'ધમ્મો મંગલમુક્કિટ્ઠં' અહિંસા સંજમો-તવો' અહિંસા અને સંયમ ધર્મ પર શિખર 'તપ ધર્મ.' **ગુરુના તપસ્યા ગુણને અપનાવી પૂ.બાપજી મહારાજે જીવનના છેલ્લા ૩૫-૪૦ વરસ સળંગ વરસીતપ રાખ્યો !** કેટલા વર્ષ ? ૩૫-૪૦ વરસ ! છતાં પોતાના સંયમ-સ્વાધ્યાયની પ્રવૃત્તિ, પારણે શું કે ઉપવાસમાં શું, એક સરખી ચાલુ. જીવન કેવુંક મોટું કે એઓશ્રી પૂરા ૧૦૪ વરસ જીવ્યા. હવે હિસાબ માંડો લગભગ ૬૪/૬૫ કે ૭૦ વરસની ઉંમરની એકાંતરે ઉપવાસ ! એમાં પાદવિહાર પણ ચાલુ ! અરે ! ૮૫/૯૦ વરસની વયે તો અમદાવાદથી સિદ્ધગિરિ-ગિરનારની યાત્રાર્થે વિહાર પગે ચાલીને કરી આવ્યા ! એમાંય એકાંતરે ઉપવાસ ચાલુ ! આપણને પ્રાર્થના કરવાનું મન થાય, 'બાપજી મહારાજ ! સ્વર્ગમાંથી આ તપની પ્રેરણાનો વરસાદ વરસાવો જેથી અમારા જેવા નિત્ય ખાવકલા પામર જીવને એકાંતરે તો આહાર સંજ્ઞા મૂકવાનું બને ?'

પૂ.બાપજી મહારાજને ગુરુવિરહ ટૂંકામાં પડ્યો, પણ જ્ઞાનોપાર્જનની ભારે

ધગશ, તે જ્યાં સગવડ મળી ત્યાં શાસ્ત્રાભ્યાસ કરતા રહ્યા. અરે ! એઓશ્રી છાણી રહેલા ત્યારે શ્રાવકો પાસે પંડિત-પગારના પૈસા નહિ ખરચાવવા, તેમજ પંડિત રાખીને એના આરંભ-સમારંભ માથે નહિ લેવા એ માટે પૂ. બાપજી મહારાજ, રોજ વડોદરા છ માઈલ ચાલીને જતા ને ૬ માઈલ પાછા આવતા, ને પંડિતના ઘરે જઈ સંસ્કૃત વ્યાકરણ વગેરેનું અધ્યયન કરતા.

જ્ઞાનોપાર્જન અર્થે લઘુતા કેવી કે એકવાર ભરુચમાં ચોમાસું હતું. સાથે પ્રેમસૂરીશ્વરજી (એ વખતે મુનિરાજશ્રી પ્રેમવિજયજી) મહારાજ પણ હતા કે જે લગભગ ૨૫ વર્ષ પર્યાયમાં એમનાથી નાના ! કેમ કે બાપજી મ.ની દીક્ષા વિ.સં. ૧૯૩૨માં અને આમની દીક્ષા વિ.સં. ૧૯૫૭માં છતાં પૂ.બાપજી મ. કહે, 'પ્રેમવિજયજી તમે મને કમ્મપયડી ભણાવો.' 'અરે સાહેબ ! આ શું બોલ્યા ? હું આપને ભણાવનાર ? હા, હું આપની આગળ કમ્મપયડી શાસ્ત્ર વાંચું, સ્પષ્ટ કરું, એમાં ભૂલભાલ હોય તો આપ બતાવજો ! બસ, ચાલ્યું. કમ્મપયડી મહાશાસ્ત્રનું વાંચન શ્રવણ. એ વખતે ભરૂચના આગેવાન અને ભારતના સંઘોના આગેવાનોમાં ગણનાપાત્ર મહાન શ્રાવક અનોપચંદભાઈ પણ કમ્મપયડી સાંભળવા બેસતા.

પૂ. બાપજી મહારાજની શાસ્ત્ર-રસિકતા કેવી સુંદર, કે પૂર્વાવસ્થામાં શાસ્ત્રોનું પઠન-પાઠન અવિરત ચાલુ અને પાછલી વયે લહિયાઓ પાસે આગમ-શાસ્ત્રો લખાવે અને આખો દિવસ તેનું સંશોધન કરતા બેઠા હોય. જ્યાં સુધી આંખ ચાલી ત્યાં સુધી આ સંશોધન ચાલુ ! ખૂબી એ હતી કે એમને ભગતોની સાથે વાતોચીતોનો કે ગામગપાટાનો રસ જ નહોતો, કે એ બહાને ભક્તો મજબૂત કરવાની એમને પડી નહોતી. પરંતુ કહે છે ને કે 'માગે એનાથી આઘે, ને ત્યાગે એની આગે.' તે ભારતના સંઘોમાં એમના કેટલાય ભક્ત બનેલા, અને રાજનગરમાં તો ઉપાશ્રયના ભેદ વિના સમગ્ર શહેર એમનું ભક્ત એમ કહીએ તો ચાલે ! તે બધાંય ઉપાશ્રયના બેઠકિયા બાપજી મ.નાં દર્શન કરી જાય, તે આજે પણ વિદ્યાશાળામાં એઓશ્રીની પાછલા સ્થિરવાસની બેઠકના સ્થાને પધરાવેલ એઓશ્રીની મૂર્તિનાં દર્શન રોજ કેટલાય ભક્તો કરી જતા હશે.

પૂ.બાપજી મહારાજની ભારત વ્યાપી લોકપ્રિયતાનું કારણ એઓશ્રીના દીર્ઘ વિશુદ્ધ સંયમ, સ્વાધ્યાય, શાંત સૌમ્ય સ્વભાવ, દીર્ઘસતત તપસ્યા, સંઘવાત્સલ્ય, નિઃસ્પૃહતા, શાસનદાઝ વગેરે વગેરે અદ્ભુત અલૌકિક ગુણો હતા.

એઓશ્રીમાં જોયું કે સમ્યગ્જ્ઞાન નાના પાસેથી લેવા માટે પોતે મોટા છતાં નાનમ નહોતી. સમજતા હતા કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનથી પુષ્ટ થાય છે. સમ્યગ્દર્શનની નિર્મળતા-અધિકતા સમ્યગ્જ્ઞાનથી થાય.

જેનામાં સમ્યગ્દર્શન છે એને સમ્યગ્જ્ઞાન વિના લિંગ તરીકે 'જિનવાણી શ્રવણનો ઉત્કટ રસ મૂક્યો. અહીં ધ્યાન રાખવાનું છે કે શાસ્ત્રે સમકિતના શમ સંવેગ નિર્વેદ વગેરે પાંચ લક્ષણ કહ્યાં છે, ત્યાં લખ્યું છે કે ક્યારેક લક્ષણની ભજના, અર્થાત્ જીવમાં સમ્યક્ત્વ હોય છતાં ક્યારેક પાંચ લક્ષણ વ્યક્ત હોય યા ન પણ હોય, કિન્તુ ૩ લિંગ તો અવશ્ય હોવા જ જોઈએ. એ હોય તો જ સમ્યક્ત્વની હાજરી સમજવી. **જેવો સુખી યુવાનને ગાંધર્વનાં ગીત શ્રવણનો રસ હોય એના કરતાં અધિક રસ સમકિતને જિનવાણી શ્રવણનો હોય. આ સમકિતનું પહેલું લિંગ, પહેલી નિશાની, બીજું લિંગ જેમ લાંબી મુસાફરીના થાક્યા પાક્યા ભૂખ્યા બ્રાહ્મણને ઘેબર ખાવાની તીવ્ર ઈચ્છા હોય એમ ચારિત્રની તીવ્ર ભૂખ હોય,** અને ત્રીજું લિંગ **દેવગુરુની વૈયાવચ્ચ** કરનારો હોય આ લિંગો હોય તો જ સમકિત હોય.'

અહીં સમજવા જેવું છે, જિનવાણી, શ્રવણનો રસ હોય, એટલે ? શ્રવણનો સંયોગ ન મળે, યા મળે છતાં પોતાના પ્રતિકુળ સંયોગોને પરાધીન હોય એથી શ્રવણ ન કરી શકે એ બને, પરંતુ શ્રવણનો રસ એટલો બધો હોય કે સંયોગ અને અનુકૂળતા મેળવી શ્રવણ માટે દોડી જાય. એમ ચારિત્ર તેવી પરિસ્થિતિવશ લઈ ન શકે એ બને, પરંતુ ચારિત્રની ભુખ કહી, કિન્તુ દેવગુરુના વૈયાવચ્ચ અંગે રસ ન કહ્યો, પણ ખુદ વૈયાવચ્ચ કરવાની કહી એટલે દેવ-ગુરુનો યોગ હોય અને યથાશક્તિ ભક્તિ-વૈયાવચ્ચ ન કરે તો લિંગ ગુમાવ્યું. એમાં સમકિત ન આવે.

આજે કેટલેય ઠેકાણે દેખાય છે કે ટ્રસ્ટીઓ મહારાજને ચોમાસું લાવી ઉપાશ્રયમાં બેસાડી દે, પરંતુ પછી પોતે ઉપાશ્રયે ક્યારે દેખાય ? પજુસણાં ! ક્યાં રહી ગુરુવૈયાવચ્ચ ? આવામાં સમકિત હોય ? એમ તમે દેરાસર જઈ ધમધમાટ કરો કે આ ચંદન ઘસેલું કેવું પાતળું છે ? આ અંગલૂંછણા કેવા, મસોતા જેવા છે ? પરંતુ ઘરનું પોતાનું એક અંગલૂંછણાનો ટુકડો લાવી ઘસી લેતા નથી પાલવતું તો સમકિત આવે ? સમકિત જોઈએ છે ? તો દેવગુરુની વૈયાવચ્ચ યથાશક્તિ કરવી જ જોઈએ. માત્ર મનમાં વૈયાવચ્ચની ભાવના રાખ્યે ન ચાલે.

જિનવાણી-શ્રવણનો રસ હોય એ વ્યાખ્યાન ન મૂકે. 'મને, પૂજામાં સમય વધારે જાય છે તેથી વ્યાખ્યાને નથી અવાતું એમ બચાવ કરી જિનવાણી શ્રવણનો રસ ન રાખે એનામાં ભગવાનની પૂજા કરવા છતાં સમકિત આવે ? કે રહે ખરું ? તો સાધુ સાધ્વીને પણ જો શાસ્ત્ર-સ્વાધ્યાયનો રસ ન હોય તો ચારિત્ર પાળવા છતાં સમકિત રહે ?'

પૂ.બાપજી મહારાજમાં આ શાસ્ત્ર-વ્યવસાયના રસની સાથે જિનભક્તિ

અદ્‌ભુત હતી. ચૈત્યવંદન સ્તવન બોલે દિલના દર્દની સાથે. એમાં વળી સુસ્વર નામકર્મનું પુણ્ય જોરદાર તે કંઠ ખૂબ સૂરિલો. આપણને સાંભળવા મળે ત્યારે એમ થાય કે જાણે એ બોલ્યા જ કરે ને, આપણે સાંભળ્યા જ કરીએ ! એઓશ્રી પૂજા ભણાવતા હોય ત્યારે સાંભળનારા મોરલી પર સાપ ડોલે, એમ ડોલ્યા જ કરે. બોલવાનું પાછું દિલના દર્દ સાથેનું એટલે શ્રોતાને પાણી પાણી કરી નાખે. એઓશ્રીના પ્રશિષ્ય પૂ. મનોહરસૂરિજી મહારાજ પણ એવા સૂરિલા કંઠના તે વળી એમના સૂરમાં સૂર પૂરતા હોય ત્યારે જાણે વીણાના નાદમાં સારંગીનો નાદ ભળ્યો ! આમ બંને પૂ.આચાર્ય મહારાજો, મોહનભાઈ સુરતી વગેરે જેવા સંગીતમય જિન ગુણગાન કરતા એ આજે યાદ કરતાં એમ લાગે કે, આજના કાળના હિસાબે એ કાળ અવ્વલ કોટિનો કાળ હતો.

સમ્યગ્દર્શનની આરાધનામાં પૂર્વે કહ્યું તેમ લગભગ ૮૫/૯૦ વર્ષની વયેપગે ચાલીને વિહાર કરી ગિરિરાજ અને ગીરનાર સ્પર્શી આવ્યા. સૂરિમંત્રજાપ અને નવકાર જાપ તો જાણે એઓશ્રીના શ્વાસમાં વણાઈ ગયેલ ! કલાકો સુધી ગણ્યા કરે, તે પણ ભીંતને અઢેલવાની વાત નહિ ! વગર ટેકે કલાકો જાપ કરે. તે ય ૯૫/૧૦૦ વર્ષ જેવી ઉંમરે પણ ! કેમ ? સમજી મૂકેલું કે માનવકાયા કષ્ટ માટે જ મળી છે, આરામ માટે નહિ, આરામ માટે તો ભેંસની કાયા બરાબર છે. માત્ર બે વાર દૂધ દોહવાનું કામ બાકી આખો દિવસ સીમમાં જઈ પડ્યાં રહેવાનું મળે. આરામના રસિયા માટે કર્મસત્તાએ આવા અવતાર તૈયાર રાખ્યાં છે.

ચારિત્ર લીધું છે, તે શા માટે ? સંસારના કથલાથી છૂટ્યા, તેથી હવે આ કાયાથી બને તેટલાં કષ્ટ ઉપાડીને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ સારામાં સારા સાધી જવા માટે. એ આબેહુબ પૂ.બાપજી મહારાજમાં દેખાતું એથી એઓશ્રીના સાધુ-સાધ્વી, પરિવાર પણ સારો વધેલો. પૂ. જિતવિજયજી દાદા, પૂ. વિનયવિજયજી મ., પૂ.મેઘસૂરિજી મ., પૂ. ભદ્રસૂરિજી મ., પૂ. કનકસૂરિજી મ., પૂ. મનોહરસૂરિજી મ. વગેરે એમના ચુનંદા શાસન પ્રભાવક રત્નો હતા.

એઓશ્રીમાં શાંતતા-સૌમ્યતા અજબ હતી. એમનાં દર્શન કરનારના દિલ ઠરી જાય. સંસારના કલેશથી કંટાળેલો પૂ.બાપજી મહારાજના દર્શને આવે. કલેજાને અદ્‌ભુત શાંતિ મળે. પૂ.બાપજી મહારાજમાં સંઘ-વાત્સલ્ય પણ અદ્‌ભુત હતું. શું સાધુ-સાધ્વી કે શું, શ્રાવક-શ્રાવિકા એઓશ્રીના હેત-વાત્સલ્યથી સાધના અને કષાયોપશમની સુંદર પ્રેરણા મેળવતા.

વિ.સં. ૧૯૯૦ના મુનિ સંમેલનમાં એઓશ્રીની ભારે છાયા હતી. પાછી

શાસ્ત્ર સત્યની ટેક તો એઓશ્રીની ભારે, તેથી કોઈક સુધારાવાદીની બાળ દીક્ષા, દેવદ્રવ્ય વગેરે અંગેની શાસ્ત્ર બાહ્ય વાતને મચક નહિ મળેલી. એવા અવસરે પૂ.બાપજી મ.તો ઠંડે કલેજે કહે, 'ભાઈ ! તમારે શાસ્ત્રો છોડીને વાત કરવી હોય, તો અમારે આમાં બેસવાનું કામ નથી. અમે જઈએ સકલાગમરહસ્યવેદી પૂ. આચાર્યદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ પર્યાયમાં ૧૦-૧૨ વર્ષ નાના છતાં એમને સાથે રાખતા, જ્યોતિષ આગમ વગેરેમાં બાપજી મ. એમનું સારું સન્માન કરતા ત્યારે દેખાય કે વાહ કેવી લઘુતા !' તો જ કહેવાય છે ને કે લઘુતામે પ્રભુતા વસે ? પૂ. બાપજી મહારાજની આ પ્રભુતા કામ કરી ગઈ કે ચર્ચાના વંટોળે ચડેલ એ મુનિ-સંમેલનનું વહાણ ક્ષેમકુશળ પાર ઉતરી ગયું.

પૂ.બાપજી મહારાજની જીવનના છેડા સુધી તપની આરાધના પણ કેવી અદ્‌ભુત કે ૧૦૫ વર્ષની વયે અંતિમ દિવસે પણ એઓશ્રીને ઉપવાસ હતો. આવા સંયમ તપોમૂર્તિ આ કાળના યુગપુરુષની વિદાય સકલ ચતુર્વિધ સંઘ માટે ન પૂરાય એવી ખોટ સર્જી ગઈ. કોટિકોટિ વંદન એઓશ્રીના ચરણ કમળે !

પૂ.આ.શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મહારાજ

એઓશ્રી પૂ.બાપજી મહારાજના પ્રમુખ શિષ્યરત્ન વિદ્વાન પટ્ટાલંકાર, એ પણ એક અલૌકિક મહાપુરુષ થઈ ગયા. આજના છેલ્લા દૂબળા સંઘયણના કાળમાં એઓશ્રીને ભયંકર શિરોવ્યાધિની અવસ્થામાં પણ એઓશ્રીની સમતા-સૌમ્યતા ચોથા આરાનું દર્શન કરાવતી વર્ષો સુધી, કહો જીવનના છેડા સુધી માથામાં શૂળનું દરદ રહ્યું પરંતુ એમાં જરાય હાંયવોય કલ્પાંત દીનતા કશું જ કરવાનું નહિ. કારણ, એઓશ્રીએ જિનશાસન અને શાસ્ત્રો એવા અંતરમાં પરિણામ પમાડી દીધેલા કે જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન દેખાય. એક જ હિસાબ રાખેલો કે **'અજ્ઞાનતામાં આપણે જ પૂર્વે બાંધેલા અશુભ કર્મ અહીં વ્યાધિમાં ઓછા જ થઈ રહ્યા છે, તો દુઃખ શું માનવું ? મહાત્માઓ ઉત્કટ તપ વગેરેની સાધનાથી કર્મક્ષય કરે, આપણે આ રોગ-પરીસહ સમતાભાવે સહી કર્મક્ષય કરવાનો.'**

પૂ. મેઘસૂરિજી મહારાજની ગુરુભક્તિ-ગુરુવિનય એવા અદ્‌ભુત હતા કે જીવનભર ગુરુસેવામાં શાસન-મંત્ર એવો આરપાર વસી ગયેલો કે પોતાને આંખે ઝામરવા ઉતરવાથી દેખવાનું બંધ થઈ ગયેલું. તેથી અમદાવાદમાં હાજાપટેલની પોળના પગથિયાના ઉપાશ્રયે સ્થિરવાસ કરવો પડેલો, પરંતુ ગુરુમહારાજ દિલમાં એવા વસી ગયેલા કે કોઈ આવીને બાપજી મહારાજની સુખશાતાના સમાચાર કહે ત્યારે એઓશ્રીના રોમાંચ વિકસ્વર થઈ જતા. ઝટ મસ્તકે હાથ જોડાઈ જતા.

દિલમાં 'ગુરુ જ ગુરુ.' અંતિમ દિવસે પૂ. બાપજી મહારાજને પોતાના મસ્તક પાસે જ બેસાડેલા.

એકવાર મને પણ ગુરુસેવા અંગે એઓશ્રી પાસેથી શિકસ્ત મળેલી. પૂ. ગુરુદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ મને મુંબઈ ચોમાસું મોકલવાની વાત કરતા હતા. એ વાત એઓશ્રીના કાને પહોંચી. પછી જ્યારે હું એઓશ્રીને વંદન કરવા ગયો ત્યારે મને ટોણો માર્યો 'કેમ ભાનુવિજય ! હવે તો તું ગુરુસેવા છોડી મુંબઈ જઈ મોટો વ્યાખ્યાનકાર થવાનો ?' હું તો સમસમી ગયો, 'અહો, આ મહાપુરુષ અને મારા પરમ ઉપકારીના દિલમાં કેવી ગુરુભક્તિ-ગુરુબહુમાન !' જઈને મારા ગુરુદેવશ્રીને કહી દીધું 'સાહેબ ! માફ રાખો. મારે આપને છોડીને ક્યાંય જવું નથી. મેં તો આપશ્રીને દીક્ષા લેતાં જ કહેલું છે કે જેનો શિષ્ય બનાવવો હોય એનો બનાવો, પરંતુ જિંદગીભર આપશ્રીની સાથે જ રહેવાનો છું.' અને ખરેખર એ તો મારા અહોભાગ્ય કે અમો બંને ભાઈની દીક્ષા પૂર્વે પૂ. મોટા ગુરુમહારાજશ્રી વિજયદાનસૂરિજી મહારાજે એમને તાકીદ આપેલી કે 'હવે તમારા નામ પર દીક્ષા માગતો આવે એને ના કહેતા નહિ, બીજાનો શિષ્ય કરતા નહીં.'

પૂ. મેઘસૂરીશ્વરજી મહારાજનું શાસ્ત્રાધ્યાયન વિશાળ અને સૂક્ષ્મતાવાળું. આમેય પોતે પહેલાં ગૃહસ્થપણે માસ્તર હતા. એટલે ભણવાની વસ્તુના ઉંડાણમાં જતા. તે પણ વાંચીને મૂકવું એમ નહિ, પણ પાઠ પુનરાવર્તન-ચિંતન-અનુપ્રેક્ષા ચાલુ તે જીવનના છેડા સુધી. મને યાદ આવે છે કે એઓશ્રી જ્યારે અંતિમ અવસ્થામાં હતા ત્યારે એઓશ્રીની પાસે અમે બેઠેલા. મને મારા ગુરુદેવ કહે, 'ભાનુવિજય ! તું સારું સ્તવન સજ્ઝાય સંભળાવ.' તરત પૂ. મેઘસૂરિજી મહારાજ કહે, 'ભાઈ રહેવા દે, હું મારા શાસ્ત્ર-ચિંતનમાં છું.' સંવેગ રંગશાળાના માર્મિક અધ્યયને એઓશ્રીએ આ શાસ્ત્ર-અનુપ્રેક્ષા આત્મસાત્ કરેલી.

એકવાર, અમે દક્ષિણમાંથી અમદાવાદ આવ્યા. મને કહે, 'શું ભણ્યો ?' હું મારા ગુરુદેવના આદેશથી આવશ્યક ઉતરાધ્યયન દશવૈકાલિક આચારાંગ સૂયગડાંગ વગેરેની ટીકાઓ વાંચી ગયેલો, તે મેં વાત કરી. તો મને કહે 'આચારાંગમાં ૧૮ પ્રજ્ઞાપક દિશા ને ૧૮ ભાવ દિશા કઈ કહી છે કહે જો' શો જવાબ ? ખાલી વાંચી જનાર શો જવાબ દે ? પરીક્ષામાં નપાસ. મેં કહ્યું, 'વાંચી ગયો પણ કંઠસ્થ નથી કર્યું.' મને પૂજ્યશ્રી મેઘસૂરિજી મ. કહે-'જો શાસ્ત્રાધ્યયન આમ ન થાય. શાસ્ત્રો ભણીએ ત્યારે બરાબર ભણીએ. ભણેલ આપણા હૃદયમાં સ્થિર થવું જોઈએ !' પૂજ્યશ્રીની વાત સાચી. માણસ પગે ચાલતો નદી પાર કરી ગયો, પણ એક

અંગુઠો ય ભીંજાયો નહિ, કશી ઠંડક મળી નહિ, બને ? હા, પુલ પરથી પાર કરી જાય તો બને. નદીમાં અંદર અવગાહે તો ભીંજાય, ને ઠંડક મળે.

ઉપર ઉપરથી ચાલ્યો જાય, શાનો ભીંજાય ? એમ શાસ્ત્ર ઉપર ઉપરથી વાંચી ગયે શું વળે ? શાસ્ત્રપદાર્થની અંદરમાં ઊતરે અને હૃદયસ્થ કરે, તો જ પછી એ ચિંતન-અનુપ્રેક્ષામાં આવે, દિલને ઠંડક આપે.

પૂજ્યશ્રીનાં વચને મને ચોંટ લગાડી દીધી. કારણ, એઓશ્રીનાં જીવનમાં એવું શાસ્ત્રાધ્યયન હતું. પૂર્વના મહાપુરુષો આત્મસાત્ કરવાની રીતે શાસ્ત્રો ભણતા, ત્યારે તો એમના શાસ્ત્રોમાં પૂર્વાચાર્યોની સેંકડો સાક્ષીઓ જોવા મળે છે ! આગમ-શાસ્ત્રો પર બહુમાન થવું જોઈએ કે આ કોના રચેલા ? જે ગણધર મહર્ષિઓએ ૧૪ પૂર્વો રચ્યા છે. એમના રચેલા છે. ૧૪ પૂર્વો એટલે જ્ઞાનનો અગાધ સાગર ! એને લખી શકાય નહિ, પરંતુ અસત્કલ્પનાએ લખવી હોય તો ૧૬૩૮૩ હાથી સમાય એવડા મોટા ખાડા ભરેલી મશી જોઈએ. આ હાથી પણ અહીંના નહીં. મહાવિદેહ ક્ષેત્રના, એટલે ? જ્યાં મનુષ્ય ૫૦૦ ધનુષ્ય અર્થાત્ ૦। ગાઉ ૦॥ માઈલ જેટલી ઊંચી કાયાનો, એનાથી અંદાજે ડબલ કાયાનો તો હાથી હોય ને ? એટલે અંદાજે ૧ માઈલ ઊંચી કાયાનો થાય, એવડો મોટો હાથી આખો માઈ જાય એવડો મોટો ખાડો એમાં શાહીની મશી કેટલી માય ? એને પાણીમાં નાખી શાહી બનાવી લખવા માંડ્યું હોય તો એક ખાડાની મશીથી કેટલું લખાય ? માપ વિચારો. એવો પાછો એક ખાંડો નહીં, પણ ૧૬ હજાર ૩૮૩ ખાડાની મશીની શાહીથી કેટલું લખાય ! ૧૪ પૂર્વ શાસ્ત્રોનું એટલું મોટું પરિમાણ આવા ૧૪ પૂર્વોના સૂત્રો રચનારા ગણધર મહારાજે આચારાંગ સૂયગડાંગ વગેરે આગમો તથા આવશ્યક સૂત્રો બનાવેલા, એ હિસાબે આગમ સૂત્રો પર કેટલું બહુમાન જોઈએ ? મનને થાય, -આપણું અહોભાગ્ય કે આવા આગમ-શાસ્ત્રો આપણને મળ્યા છે ! તો જીવનમાં આના જ પઠન-વાંચન ચિંતન પરિણમન જેવો બીજો કોઈ મહાન તારણહાર વ્યવસાય છે ?

પૂજ્યશ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ જેવા શાસ્ત્રપ્રેમી અને જ્ઞાનરક્ત એવા જ સંયમ અને સાધ્વાચારના ભારે પ્રેમી હતા. સંયમ-બ્રહ્મચર્ય માટેની ધગશ અને દૂરંદેશિતા કેવી કે એકવાર એમને જાણવામાં આવ્યું કે 'અમારા સમુદાયના મુનિ સાહિત્ય-દર્પણ ભણે છે.' ત્યારે અમારા ગુરુદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને એમણે ટકોર કરી કે 'કેમ ? જુવાન મુનિઓને સાહિત્ય-દર્પણ ભણાવો છો ! (સાહિત્યમાં નવરસમાં શૃંગારરસ પણ ભણવાનો આવે) જુવાન માણસ એ ભણતાં બ્રહ્મચર્ય શું સાચવશે ?' પૂ.પ્રેમસૂરીશ્વરજી મહારાજે તરત સ્વીકારી લઈ એ ગ્રંથ

ભણાવવો બંધ કર્યો. એમની જેમ પૂ. મેઘસૂરીશ્વરજી મહારાજ પણ સ્ત્રી-તત્ત્વ તરફ ભારે સૂગવાળા હતા. તેથી મુકામમાં બેનોના કોઈ લફરા નહિ. સાધ્વીઓ પણ એકવાર વંદન કરી સીધી સીધી ચાલી જાય. મેં જોયું છે કે એઓશ્રીના શિષ્ય પૂ. મુનિવર શ્રી સુમિત્રવિજયજી મહારાજ પણ બેનોને પચ્ચક્ખાણ આપે ત્યારે મોં આડું રાખીને પચ્ચક્ખાણ આપતા. ગુરુના ગુણો સુશિષ્યોમાં કેમ ન આવે ?

પૂજ્યશ્રીનો સંયમની પ્રાણભૂત સમિતિ-ગુપ્તિનો ઉપયોગ અદ્ભુત હતો. બોલવાનું બહુ જોખીને જેથી ભાષા સમિતિને વચનગુપ્તિ ન ચૂકાય. ઈરિયાસમિતિ પણ અદ્ભુત ! નીચી મુંડીએ ચાલવાનું. જીવોની જતનામાં ખૂબ ઉપયોગ રાખતા. નિર્દોષ ગોચરી અને ફરતા ફરતી ગોચરીના એવા સંસ્કાર શિષ્યોમાં પાડેલા કે પોતાને આંખ જતાં પગથિયાના ઉપાશ્રયે સ્થિરવાસ કરવો પડેલો ત્યાં વર્ષો રહ્યા. પરંતુ ત્યાંની પોળોમાં રહેનારા કોઈને દુર્ભાવ નથી થયો કે 'આ મહારાજ અહીં હવે ક્યાં સુધી રહેશે ?' કારણ ? -આ જ કે મુનિઓની સાધુચર્યાને, ફરતા ફરતી ઘરોમાં ગોચરી જવાનું. પૂજ્યશ્રીને પણ ભગતો સાથે વાતો તડાકાની જરાય ટેવ નહિ, કોઈને હિતનો અક્ષર કહેવા જેવો લાગે તો વાત્સલ્ય ભાવે કહી દેવાનો બાકી તો આખો દિવસ આત્મ-ચિંતા ધર્મ-ચિંતા શાસ્ત્ર-ચિંતા ને સંઘશાસન-ચિંતા. આવા મહાપુરુષ જગતના હૈયે વસે એમાં નવાઈ નથી. એઓશ્રીના સ્વર્ગવાસે ભક્તો પારાવાર ખેદ સાથે રડતા હતા. એમની સ્મશાનયાત્રા નીકળતાં આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ કસ્તુરબાઈ લાલભાઈ શેઠે પોતે દોણીનો દેઘડો ઉંચકેલો.

પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.

પૂ.આચાર્યદેવશ્રી બાપજી મહારાજ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. તથા શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજ ગુણાનુરાગી ભારે હતા. પૂ.બાપજી મહારાજે મુનિ-સંમેલનમાં અંતે ચારની કમિટિમાં પૂ.પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજ (હાલ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ) ને આગળ કરેલા.

વર્ષો પૂર્વે પૂ.મેઘસૂરિજી મહારાજ પાસે માણેકલાલ મનસુખભાઈ શેઠ અને સુરતના જજ સુરચંદભાઈ બદામી બેઠેલા, મને પણ ત્યાં બેસવાનો અવસર મળ્યો, ત્યારે પૂ.રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રભાવક કાર્યોની કાંઈક વાત નીકળી એ વખતે પૂ. મેઘસૂરીશ્વરજી મ. કહે 'ભાઈ ! એ તો રામવિજયજી જ કરી શકે. અમારું કામ નહિ.'

કેમ આટલી બધી પ્રશંસા ? કારણ પોતે જાતે પાટણમાં પૂ.પં. રામવિજયજી મહારાજે શાસન વિરોધીઓની સામે કરેલી શાસનરક્ષા નજરે જોઈ હતી. ઉપરાંત

એઓશ્રી રામવિજયજી મહારાજ શાસન રક્ષા પ્રભાવના અને ધર્મ સંસ્કૃતિ-રક્ષાનાં કેવાં કેવાં અદ્‌ભુત, કામો કર્યાં છે એ જાણતા હતા. કેટલાંક કાર્યો આજે જોઈએ.

મને ખબર છે લગભગ વિ.સં. ૧૯૭૪માં મારી ઉંમર ૮ વરસની, મેં જોયું છે. અમદાવાદમાં કાળુશીની પોળ બહાર નાકા પરના મણિભાઈ શેઠના ઓટલે વ્યાખ્યાન પાટ નખાયેલ અને ત્યાં બેસી નવયુવાન પૂ.રામવિજયજી મહારાજે જાહેર વ્યાખ્યાન આપેલું. મેદની તો રોડ પર લાંબે સુધી એટલી બધી ચિક્કાર કે જાણે માનવોનું કીડિયારું ઉભરાયું ! ત્યાં... વ્યસન-ત્યાગ અને ખાસ કરીને ચહા દેવીનો ત્યાગ એ વિષય પર એવું જોરદાર વ્યાખ્યાન આપેલું કે સેંકડો માણસોએ, ચહાની બંધી લઈ લીધેલી ! આવાં વ્યાખ્યાન અમદાવાદની પોળે પોળે આપેલા. એનો પડઘો એવો પડેલો કે હોટેલો બેકાર બની ગયેલી ! મોટા રાજમાર્ગ રીચીરોડ પરની બે મોટી નામી હોટેલો ચંદ્રવિલાસ અને લક્ષ્મીવિલાસને વિના પિકેટીંગે બારણા બંધ રાખવા પડેલા, કેમ કે કોઈ હોટલ પર ચડનાર જ નહિ.

આ સંસ્કૃતિ-રક્ષાની જેમ ધર્મરક્ષા-જીવદયાનું એક ભગીરથ કામ એ થયેલ કે અમદાવાદમાં ભદ્ર પાસેના ભદ્રકાલી મંદિરે નવરાત્રિમાં જીવતા બોકડાનો ભોગ અપાવાતો. પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રેમસુરીશ્વરજી મહારાજે આ સાંભળ્યું. આ લગભગ ૧૯૭૪-૭૫ લગભગની વાત છે. એઓશ્રીએ રામવિજયજી મહારાજને વાત કરી કે 'આ ભોગ અપાવાતું બંધ થવું જોઈએ.' એક બાજુ પૂ.ગુરુદેવશ્રી જુવાનિયા અને શેઠિયાઓને તૈયાર કરે, કલેકટર સુધીના ઓફિસરોને સાધવાનું કરે, બીજી બાજુ પૂ.શ્રી રામચંદ્રસૂરિજી મહારાજના શહેરમાં અને માણેકચોક બજારમાં સુદ્ધાં જીવદયા અહિંસા પર સણસણતા જાહેર પ્રવચનો વરસવા માંડ્યા. જનતામાં દયાની આગ સળગાવી દીધી. એનું પરિણામ એ આવ્યું કે હંમેશ માટે ભદ્રકાળી મંદિરે બોકડાનો ભોગ આપવાનું બંધ થઈ ગયું.

વિ.સં. ૧૯૮૨-'૮૩ લગભગમાં મને ખબર છે કે અંબાલાલ સારાભાઈએ પોતાની કેલિકો મીલના કંપાઉન્ડમાં યુરોપિયન પાસે ૬૦ કૂતરા મરાવી નાંખેલા અને ગાંધીજી 'નવજીવન' પેપરમાં એ માર્યાનું સમર્થન કરતા, કૂતરા મારવામાં પાપ છે, પણ એને પોષવામાં (નહિ મારવામાં) મહાપાપ છે.' ત્યારે વિદ્યાશાળાની પાટ પરથી પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના એના ખંડનમાં સણસણતા વ્યાખ્યાનો થતાં, ત્યારે વિશાળ હોલમાં માણસો માય નહિ. પૂજ્યશ્રી પહેલાં દયા-અહિંસાનું એવું જોરદાર મંડન કરે, ને પછી નવજીવન છાપાની પંક્તિઓ વાંચી કહે, 'જુઓ આ મોહનદાસ ગાંધી કહે છે એનો અર્થ આ થાય કે માણસને હેરાન કરે એને મારી નાખવા એટલે હવે દીકરા બાપને હેરાન કરે તો દીકરાને મારી નાખવા...'

વગેરે રજુઆત, કરીને નવજીવનના લેખકની મહામૂર્ખતા અને મૂઢતા એવી પ્રદર્શિત કરે કે શ્રોતાઓના લોહી ગરમ થઈ જતા અને આ કૂતરાની હિંસા અને ગાંધીજીના એના સમર્થન પ્રત્યે ભારે તિરસ્કાર વરસતો.

આવું જ પછીથી ગાંધી-આશ્રમમાં. ગાંધીજીએ એક દરદથી રીબાતા વાછરડાને ગોળીથી મરાવી નાખી 'નવજીવન'માં મર્યાદિત અહિંસાનો સિદ્ધાંત સ્થાપી એનું સમર્થન કરેલું, ત્યારે પણ પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે એ વાછડાની હિંસાને મહાન અધર્મ અને એ હિંસાના સમર્થનને મહામૂઢતા બતાવતા જોરદાર વ્યાખ્યાનો આપેલા. ધર્મ અને શાસન પર એ કાળે કેવી કેવી આફતો આવી છે !

વિ.સં. ૧૯૮૨થી દીક્ષાનો યુગ શરૂ થયો એ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના તીખાતમતા વૈરાગ્યનાં પ્રવચનોને આભારી છે.

૧૯૮૩માં એક ભાઈને દીક્ષા આપી. એમણે પત્નીને સમજાવેલી. પરંતુ પાછળથી વિરોધીઓએ એને ચડાવીને વ્યાખ્યાન સભામાં ધકેલી. એ ઠેઠ પાટ સુધી પહોંચી 'લાવો મારો ધણી' એમ કહી વ્યાખ્યાતા પૂ. રામવિજયજી મ.ને અડવા ગઈ, ત્યારે પૂજ્યશ્રી ઓઘો ઉંચકી પાછળ ખસ્યા, સભામાં હો હા થઈ. બાઈને દૂર કરવામાં આવી. બાઈએ કોર્ટમાં કેસ કર્યો કે મને રામવિજયજીએ ઓઘો માર્યો.' ત્યાં પૂ. રામવિજયજી મહારાજે જે જુબાની આપી છે કે અમે સાધુ પાંચ મહાવ્રતધારી, એમાં અહિંસા વ્રતમાં સૂક્ષ્મ જંતુને ય સહેજ પણ કિલામણ ન થાય એ માટે પૂંજવા પ્રમાર્જવા આ ઓઘો રાખીએ, તેનાથી શું મનુષ્યને મારવાનું કામ કરીએ ? અમારે તો બ્રહ્મચર્ય વ્રતમાં સ્ત્રીને અડકવાનું ય ન ખપે, ને આ બાઈ અમને અડવા આવી તેથી એના સ્પર્શથી બચવા ઓઘો હાથમાં લઈ પાછા ખસવા જતા હતા, એના પર આવો ખોટો આક્ષેપ કે 'મને ઓઘાથી મારી,' એ કોણ સુજ્ઞ માની શકે ?... વગેરે જજમેન્ટ વખતે કોર્ટ અને કંપાઉન્ડમાં ચિક્કાર માનવમેદની ! ત્યાં જજે જજમેન્ટ આપ્યું કે, 'બાઈનો આક્ષેપ જુઠો છે, ને હું રામવિજયજીને નિર્દોષ જાહેર કરું છું'. એ વખતે શહેરમાં બજારોમાં જે જૈનશાસનનો અને દીક્ષાનો જય જયકાર બોલાયો છે, ને વિરોધીઓના મોંઢા કાળા થયાં છે, એ આજે ય વિસરાય એમ નથી.

પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની વિરોધીની સભામાં પણ શાસન સત્યની નીડર વાણીનો એક દાખલો પૂજ્યશ્રીને અગાસ શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમમાં લઈ જવા આશ્રમના કારભારી ખૂબ વિનંતી કરવા લાગ્યા. એઓશ્રીએ કહ્યું, 'રહેવા દો ત્યાં મારું કામ નહિ,' છતાં બહુ આગ્રહ કરી લઈ ગયા.

કેમ લઈ ગયા ? કારભારીએ જોયેલું કે "આપણે કોઈક કોઈક મુનિને લઈ

જઈએ છીએ, ગોચરીમાં લાડવા પેંડાથી ભક્તિ કરીએ છીએ. અને પછી વિનંતી કરીએ છીએ કે, 'સાહેબ, આ બધા અહીં રહેલાને અધ્યાત્મનો રસ સારો છે, સંસારની ભાંજગડથી નિવૃત્તિ લઈને અહીં રહી તત્ત્વ-વિચારણા કરે છે. આપ વ્યાખ્યાન આપો.' એટલે મુનિ શુષ્ક ક્રિયાનું ખંડન અને અધ્યાત્મનું મંડન કરે છે.' આ હિસાબે પૂ. રામવિજયજી મહારાજ પણ એવું જોરદાર અધ્યાત્મનું વ્યાખ્યાન આપશે.''

પરંતુ કારભારી ભૂલા પડી ગયા ! અહીં તો પૂ. રામચંદ્રસૂરિજી મહારાજે એમની ગોચરી-ભક્તિ લીધા પછી વ્યાખ્યાનમાં જે સમજાવ્યું એનો સાર આ કે આ જગતમાં તારણહાર એક માત્ર જિનશાસન છે. એ જિનશાસનમાં પ્રધાન પદે શ્રી નમસ્કાર મહામંત્ર છે. અને એમાં પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવ્યો છે. જગતમાં આ પાંચ જ નમસ્કરણીય છે, પૂજ્ય છે, 'નમો લોએ સવ્વ-સાહૂણં' એ પદથી છેલ્લાં પૂજ્ય સાધુ કહ્યા, કેમ કે સર્વ પાપથી એ વિરામ પામેલા છે. એ બતાવે છે કે હિંસાદિ પાપમાં પડેલા એ પૂજ્ય-સ્થાને નથી આવી શકતા. એટલે જે કોઈ એવાને પૂજ્યસ્થાને બેસાડે એ જિનશાસન સામે બળવો કરનારા છે, ને આ અર્ધા માઈલના ઘેરાવામાં આ બળવો વ્યાપી ગયો છે. એમ બોલતાં પૂજ્યશ્રીએ ચારે તરફ હાથ ફેરવ્યો. કારભારી નીચી મૂંડી સાંભળી રહ્યા, પ્રતિકાર કરવાની મજાલ નહોતી.

વિ.સં. ૧૯૮૫ માં પૂજ્યશ્રી પૂ. મોટા ગુરુ મહારાજ વિજયદાનસૂરીશ્વરજી મ. સાથે મુંબઈ પધાર્યા. ત્યારે મુંબઈમાં તો જમાનાવાદ ને સુધારાવાદ ચાલેલો. યુવક સંઘ વગેરે સુધારકોનો ભારે પ્રચાર હતો કે, ''ઉપધાન-ઉજમણાં કરાવવા એ પૈસાનો ધુમાડો છે. દેવદ્રવ્ય સમાજના કામમાં લગાડવું જોઈએ. નાની વિધવાઓને પુનર્વિવાહ કરવા હોય એને છૂટ આપવી જોઈએ. સાધ્વીઓને નર્સિંગનું કામ અને સાધુઓને સ્કૂલમાં ટીચરનું કામ સોંપવું જોઈએ...'' વગેરે પૂજ્યશ્રીએ લાલબાગની પાટ પરથી એ કાળે જે નાસ્તિકવાદ જમાનાવાદ ને જડવાદ સામે જેહાદ ઉપાડી, ને એના ખંડનમાં સંવેગ-વૈરાગ્ય ભર્યા તીખાતમતાં વ્યાખ્યાનો આપવા માંડ્યા. એની અસર એટલી બધી પહોંચી કે વિરોધીઓ સળગી ઊઠ્યા, તોફાનો ઉપડ્યા ! ત્યારે ધર્મ નહિ સમજનાર, લોકો કૌતુકથી સાંભળવા આવતા એ પણ સંવેગ વૈરાગ્ય ભર્યા વ્યાખ્યાનો સાંભળી પલટાઈ જતા ! ધર્મ પામી જતા ! તેથી બહાર બજારો વગેરેમાં ધર્મી અને સુધારકોને સામસામી ટસલો થતી.

એ કોલાહલ મિટાવવા ગોડીજીમાં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે ગોડીજીમાં વ્યાખ્યાન બંધ રાખવાનું નક્કી કરાવી નગીનભાઈ શેઠ અને જીવાભાઈ શેઠને

લાલબાગ વ્યાખ્યાન બંધ રાખવાનું નક્કી કરાવવા મોકલ્યાં. આવીને પૂજ્યશ્રીને કહે 'સાહેબ ! હમણાં મુંબઈમાં સંઘમાં બહુ અશાંતિ છે. તેથી વિજયવલ્લભસૂરિજી મ.ને અમે ગોડીજીમાં વ્યાખ્યાન બંધ રાખો એવી અમે વિનંતી કરીએ છીએ.'

પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે સાફ કહી દીધું કે, ''તમે જૈન સંઘના આગેવાનો છો ? તમે શું કરાવવા આવ્યા છો ? જિનવાણી બોલાવી અને સાંભળવી એ તારણહાર સંવરમાર્ગ છે. મોક્ષમાર્ગ છે, શ્રાવક ધર્મનું દૈનિક કર્તવ્ય છે તે બંધ કરાવવા આવ્યા છો ? આશ્રવ બંધ કરાવાય કે સંવર ? વ્યાખ્યાન બિલકુલ બંધ નહિ રહે. શ્રાવકોને ન આવવું હોય તો ન આવે. હું અમારા સાધુને વ્યાખ્યાન સંભળાવીશ.'' શેઠિયા ચૂપ થઈ. નીચે ઉતર્યા નીચે ઉતરતાં જીવાભાઈ, નગીનભાઈને કહે 'શેઠ, આજે ભગવાનનો સાધુ જોયો.

સુધારકોએ એક વખતે ઈંડા પ્રકરણ ઉપાડ્યું. પૂજ્યશ્રી જડવાદ અને અભક્ષ્ય-ભક્ષણ વગેરે પર જોરદાર ટીકા કરતાં એકવાર વ્યાખ્યાનમાં બોલેલા કે 'આજે ઝેરી જમાનાવાદ કેટલો બધો પ્રસરી ગયો છે કે કેટલાક જૈનોને ત્યાં પણ દારૂ ને ઈંડા ચટણીની જેમ વપરાય છે.' છાપામાં એ છપાયેલું સુધારકોએ ફેલાવો કર્યો કે રામવિજયજી જૈનસંઘની બદનક્ષી કરી રહ્યા છે. પેપરોમાં ભારે ઉહાપોહ જગાવ્યો. પરંતુ ગાંધીજીએ બહાર પાડ્યું કે 'આમાં જે દારૂ ઈંડા ખાતા હોય તેના પર ટીકા છે, સકલ જૈનસંઘની બદનક્ષી કરવાનો કોઈ આશય નથી.' વિરોધીઓ હવે શું બોલે ? છતાં એડવોકેટ જનરલ પાસે પહોંચી ભળતું ભળાવ્યું કે અમારા એક સાધુ આખા જૈનસંઘની બદનક્ષીના બળવાખોર વ્યાખ્યાનો કરે છે. સમાજમાં ઘરે ઘરે અશાંતિની આગ વ્યાપી ગઈ છે. એને અટકાવવાં જોઈએ.' એડવોકેટ જનરલને થયું. 'લાવ મને રૂબરૂ જવા દે. આવ્યા વ્યાખ્યાનમાં અહીં તો સંસાર અને વિષયોની ભયંકરતા મનુષ્ય જન્મની દુર્લભતા તથા એના મહાન કર્તવ્યોમાં પાપોના ત્યાગ પર પ્રવચન ચાલતું હતું. સાંભળીને એડવોકેટ જનરલ પાણી પાણી થઈ ગયા. કહ્યું, આવા મહાત્મા જૈન સંઘની બદનક્ષી કરે જ નહિ.' વિરોધીઓ પછી ઠંડાગાર બની ગયા.

પૂજ્યશ્રીએ હજારોને ધર્મ પમાડ્યા, સંખ્યાબંધ શાસનરક્ષાના અને પ્રભાવનાના કાર્યો કર્યા. દક્ષિણ મહારાષ્ટ્રમાં વિરોધીઓના છાપા વગેરેથી સુધારાવાદ અને સાધુ પ્રત્યે સૂગ ફેલાઈ ગયેલી. પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે, દક્ષિણ મહારાષ્ટ્રમાં વિચરીને લોકોને ધર્મ સમજાવ્યો, ધર્મમાં સ્થિર કર્યા.

એ કાળે એઓશ્રીની વૈરાગ્ય ધમધમતી લગાતાર વાણી વરસતી. પછીથી

એઓશ્રીનાં પ્રશ્નાત્મક સૌમ્યશૈલીએ પ્રવચનો થવા માંડ્યા. ત્યારે એ પછી એકવાર મેં પૂ.રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને પૂછેલું કે 'સાહેબ ! પહેલાં આપની દેશના સંવેગ વૈરાગ્યથી ધમધમતી ધારાબદ્ધ ચાલતી અમારા જેવા કેઈને વૈરાગ્ય ઝરબોળ થઈ જવાતું પરંતુ હવે કેમ દેશનાની શૈલી ફેરવી છે ?

મને પૂજ્યશ્રી કહે તને ખબર નથી પહેલાં હું શાસ્ત્ર વિરોધીઓ સુધારકો અને નાસ્તિકોનું ખંડન કરતો ત્યારે આ શ્રાવકો ખુશી ખુશી થઈ જતા, પણ જાતને જોવા તૈયાર નહિ. ત્યારે મેં જોયું કે એથી આમને પોતાનું આત્મ-નિરિક્ષણ નથી થતું, અને તેથી ક્રિયાજડતાં અને અભિમાન છે. એટલે આપણાવાળાની ક્રિયાજડતા અને ભાવશૂન્યતાનું ખંડન કરવાનું રાખ્યું છે, જેથી આત્મનિરિક્ષણ કરે, અને ભાવ તરફ, નિશ્ચય તરફ એમની દૃષ્ટિ જાય.''

એમની શાસનરક્ષા પ્રભાવનાની પૂ.બાપજી મ. તથા પૂ. મેઘસૂરીજી મહારાજ ભારોભાર અનુમોદના કરતા એવા એ ગુણાનુરાગી હતા.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૦,અંક-૬,તા.૨૪-૧૦-૧૯૮૧

● **આકોલા :** અંતરીક્ષજીમાં વીર સૈનિકોનું સંમેલન થયા પછી મુંબઈ કાંદીવલીના વીર સૈનિક **ભાઈ શ્રી કુમારપાળ કાન્તિલાલ કુંડલાવાળા** ટેમ્પોમાં અંતરીક્ષજી આકોલા આવેલાને મૂકવા આવેલા અને પછી ટેમ્પોમાં અંતરીક્ષજી પાછા વળતા હતા ત્યારે ટેમ્પો રસ્તામાં ઊભેલી એક ટ્રક સાથે અથડાઈ પડતાં ભાઈ શ્રી કુમારપાળને ખોપરીમાં જ ભયંકર ટક્કર લાગતાં એમનો જીવનદીપ બુઝાઈ ગયો હતો. બીજા બે ભાઈઓને પણ ઈજા થઈ હતી. એમણે કુમારભાઈને નવકાર સંભળાવેલ. કહે છે કે ડ્રાઈવર અધવચ્ચેથી પહેલા જ કૂદી પડેલ અને ભાગી ગયેલ. ભાઈ શ્રી કુમારપાળ મુમુક્ષુ હતા અને પોતાની ધર્મપત્ની તથા છ વરસના બાળકને ચારિત્ર માટે કેળવી રહ્યા હતા તેમજ છેલ્લા ત્રણેક માસથી અંતરીક્ષજીમાં પોતાની મૂડીથી પોતાનું રસોડું રાખી સાધુ સાધ્વીની ભક્તિ કરી રહ્યા હતા. જીવન એમનું ઉત્તમ કોટિનું ધર્મજીવન હતું. બીજાઓને પણ ધર્મમાં પ્રેરણા સારી કરતાં. ભવિષ્યમાં શાસનને અજવાળે એવા એક સીતારાને ક્રૂરકાળે ખૂંચવી લીધા એ ખૂબ જ દુઃખદ બન્યું છે. અત્રે ચોમાસું રહેલ પૂ. મુનિવરશ્રી હેમરત્નવિજયજીએ સદ્‌ગતના ધર્મપત્નીને ખૂબ સુંદર શબ્દોમાં આશ્વાસન અને સમાધિ આપેલ. સદ્‌ગતના પિતા શ્રી કાન્તિભાઈ તો ભાવના કરતા હતા કે અમારા કુળમાંથી આ દીપક પ્રગટશે અને ધામધૂમથી

અમે એમનો દીક્ષા મહોત્સવ ધામધૂમથી ઊજવશું. સદ્‌ગતના સમગ્ર પરિવારને અમારી ખૂબ સહાનુભૂતિ-સમવેદના સાથે વિનંતી છે કે આપ સૌ હિંમત રાખશો. બન્યું ન બન્યું નથી થતું, તેમ કર્મની કશી ખબર નથી. એટલે જ આપણે તો સદ્‌ગતના ઉત્તમ ગુણો અને સુકૃતો તથા તીર્થરક્ષાના કાર્યમાં આપેલા ભોગની અનુમોદના જ કરવી. સદ્‌ગત શ્રાવક જીવનને અજવાળી ગયા એને ધન્યવાદ આપવો. સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળો એજ પ્રભુને પ્રાર્થના.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૦,અંક-૧૫,તા.૨-૧-૧૯૮૨

જિન શાસનના તેજસ્વી સિતારા સૂરિપુંગવ સ્વર્ગે

શાસનપ્રભાવક, પ્રખર નીડર વક્તા પૂજ્યપાદ **આચાર્યદેવશ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ** માગશર વદ ૧૨ રાંધેજા મુકામે કાળધર્મ પામતાં શ્રી સંઘને, સમુદાયને મોટી ખોટ પડી છે. બહુ દુઃખદ અને અણધારી ઘટના બની છે.

સ્વ. પૂ. આચાર્યદેવશ્રી એક તેજસ્વી સૂરિપુંગવ હતા. શાસનની મહાન દાઝવાળા અને શાસન-સિદ્ધાંતો પર નિષ્પક્ષપણે વિચારી એની રક્ષાર્થે એક નીડર અને પ્રખર વક્તા હતા. એમનો સ્વાધ્યાય વ્યાસંગ સુંદર હતો અને આશ્રિતોને શાસ્ત્ર-વાચનાઓ આપવા સાથે શાસ્ત્ર વ્યવસાયમાં સારા જોડનારા-પ્રેરનારા હતા.

સ્વ. મહાન વિભૂતિ સંયમના ખૂબ પ્રેમી હતા. સ્વયં વિશુદ્ધ સંયમના પાલક અને પરિવારમાં સંયમ પાલનની સારી કાળજીવાળા હતા. એમનો ત્યાગ નિસ્પૃહતા, સાદાઈ, ગંભીરતા, ધીરતા, સમયોચિતતા, સાધુ વાત્સલ્ય, ઉદારતા, સહિષ્ણુતા વગેરે વગેરે સદ્‌ગુણો યાદ કરતાં હૈયું ગદ્‌ગદ થઈ જાય છે. એક કલ્યાણમાતાના કલ્યાણપુત્ર, કલ્યાણગુરુના કલ્યાણશિષ્ય, કલ્યાણશાસનના કલ્યાણપ્રભાવક-રક્ષક તથા આરાધક અને કલ્યાણ-પરિવારના કલ્યાણનેતા તરીકે એઓશ્રી ઉત્તમ જીવન ધન્ય જીવન જીવી ગયા. કુળને, સમુદાયને, સંઘને અને શાસનને અજવાળી ગયા છે.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૦,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૮૨

પ્રખર વ્યાખ્યાતા પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. જૈન શાસનનો એક તેજસ્વી સિતારો

પ્રખર વ્યાખ્યાતા શાસન પ્રભાવક પ્રૌઢ વિદ્વાન પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજનો જીવનપટ રાંધેજા મુકામે ઉપધાન કરાવતાં કરાવતાં અચાનક સંકેલાઈ જતાં, સમસ્ત જૈન સંઘને અને સંયમી શ્રમણરત્નની જબરદસ્ત ખોટ પડી છે.

એ મહાપુરુષ મૂળ રાધનપુરના પ્રસિદ્ધ શ્રાવિકારત્ન મણિબેનના સૌથી નાના લાડકવાયા ત્રીજા પુત્ર. નાની વયમાં મહાવૈરાગ્યથી ચારિત્રમાર્ગે સંચરેલા અને પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય બનેલા. ગુરુની કૃપા ઉપરાંત પરમ ગુરુદેવ સર્વાધિકસંખ્યા શ્રમણ સાર્થાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પણ મહાન કૃપાને પામેલા. તેથી પૂ.પરમ ગુરુદેવે એમને સંયમ સાથે કાશીના મહાવિદ્વાન પંડિતજી દ્વારા ન્યાય અને દર્શન શાસ્ત્રના અધ્યયનની સારી પ્રસાદી કરેલી.

સદ્ગત શ્રમણરત્નને પૂ.પરમગીતાર્થ સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજે પણ સંયમ જીવનની તાલીમ સુંદર આપેલી અને પોતાના કૃપા પાત્ર બનાવેલા.

આ પરથી સ્વ.પૂ.આ. શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની લાયકાતની ઊંચી કક્ષા સમજાય એવી છે. ગુરુસેવા ઉપરાંત શાસ્ત્રાધ્યયનનો એમને ભારે રસ હતો. સાથે કુશાગ્રબુદ્ધિ હતી. તેથી અલ્પ સમયમાં એઓશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, હેમ વ્યાકરણ, કાવ્ય, ન્યાય, દર્શનો, કમ્મપયડી, પંચસંગ્રહ જેવા ઊંચી કોટિના પ્રકરણ શાસ્ત્રો તથા પૂ.હરિભદ્રસૂરીજી મ. અને પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મ.ના ગંભીર શાસ્ત્રો તથા આગમોનું તલસ્પર્શી જ્ઞાન મેળવેલું. એમનો શાસ્ત્ર સ્વાધ્યાયનો રસ સુંદર કોટિનો હતો. એ એમના રોજિંદા જીવનને જોતાં દેખાઈ આવતું સાધુજીવન એટલે મુખ્યતયા સંયમ, બ્રહ્મચર્ય અને સાદાઈ, આમાં આ મહાપુરુષ એક્કા હતા. એમની પાસે સાધ્વીઓને બેનો ફરકતા ડરતી. પોતાના શિષ્ય પરિવારમાં પણ એઓશ્રી આની સુંદર તાલીમ આપતા. પોતાના ત્યાગી, વૈરાગી, સંયમી જીવન અને પ્રખર દેશના-શક્તિથી એમને સાંપડેલ બહોળો શિષ્ય પરિવાર પણ ગુરુના પગલે ચાલી ગુરુના નામને રોશન કરી રહ્યો છે.

આ મહાપુરુષની વ્યાખ્યાન-શક્તિ જોરદાર હતી. જૈન શાસનનાં તત્ત્વો સભાને સમજાવવાની એમનામાં જબ્બર તાકાત હતી. એક પ્રખર વ્યાખ્યાતા તરીકે એમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના ગામ-નગરોના સંઘો પર એમણે સુંદર ધર્મોપકાર કર્યો છે, જે આજે એઓશ્રીના અણધાર્યા વિરહથી આઘાત પામી ખૂબ વ્યથિત થઈ રહ્યા છે.

આ મહાપુરુષ નીડર વક્તા હતા. ચમરબંધીની શેહમાં અંજાયા વિના જિનશાસનનાં સત્યોને વ્યાખ્યાન સભામાં કે અંગત મુલાકાતમાં પીરસવામાં એ કદી ક્ષોભ અનુભવતા નહિ. એઓશ્રીના આ મહાન ગુણ એઓશ્રીની લેખિનીમાં પણ વહ્યો રહેતો.

દા.ત., અરિહંત પરમાત્માના અચિંત્ય પ્રભાવ અંગે એઓશ્રી **પરમતેજ** ભા.૨.ની પ્રસ્તાવનામાં લખે છે-,

"નોકરી કરનારો શેઠના વચનની સાધનાં કરે છે, પછી એને પગાર મળે છે, છતાં પગાર આપનાર તો શેઠ જ કહેવાય છે, ત્યારે શેઠની સાથે ઉદ્ધતાઈથી વર્તનારો નોકરીથી છૂટો થઈ દુઃખી થાય છે તેમાં શેઠ કારણ ગણાતા નથી. પણ માણસની ઉદ્ધતાઈ જ કારણ ગણાય છે. એજ રીતે જગતમાં જે સુખસંપત્તિ મળે છે એ પરમાત્માની આરાધના દ્વારા એમના પ્રભાવે જ મળે છે. ભગવાન સર્વસંપત્તિના દાતા પણ છે."

"પરમાત્માના પ્રભાવે સાંસારિક આપત્તિઓ પણ ટળે છે." એવા વિશ્વાસવાળો જે રીતિએ પરમાત્માની ભક્તિ કરશે એ રીતે એ વિશ્વાસ વગરનો નહીં જ કરી શકે. 'સાંસારિક આપત્તિઓ ટાળવા માટે જ પરમાત્માની ભક્તિ કરવી' એ એક વાત છે અને 'આ નાથ મારી આપત્તિ ટાળે જ.' એ વિશ્વાસથી ભક્તિ કરવી એ બીજી વાત છે.

કેટલાક અજ્ઞાની માણસો એમ માને છે કે "ભગવાન તો વીતરાગ, નિરંજન, નિરાકાર એ આપણા સાંસારિક સુખસગવડમાં ઉપયોગી નહિ જ.' આવું માનનારાએ **'जइ इच्छह परमपयं अहवा कित्तिं सुवित्थडं भुवणे'** વિચારવી આ ગાથા ખૂબ જ ગંભીર છે. સુવિસ્તૃત કીર્તિના અર્થીને પણ જિન વચનના આદરનું ફરમાન કરે છે. ધ્યાન રહે કે,-

"પરમાત્માની ભક્તિ સાંસારિક કામનાથી કરનારો ભક્તિ કરતાં કામનાને શ્રેષ્ઠ માને, તો તેને મિથ્યાત્વ લાગે છે, તેમ પરમાત્માની ભક્તિથી સાંસારિક ઋદ્ધિઓ ન મળે પણ મોક્ષ જ મળે.' આવું માનનારો પણ મિથ્યાદંષ્ટિ છે.

અહીં એક એ વાત પણ સમજવા જેવી છે કે ધર્મપ્રેમી કોઈ જીવ આપત્તિમાં આવ્યો હોય અને આપત્તિ ટળે એવી કામનાથી પણ ભગવાનની ભક્તિ કરતો હોય છતાં કામના કરતાં પણ ભક્તિને શ્રેષ્ઠ માનતો હોય તો તેને મિથ્યાત્વ લાગતું નથી એમ લલિત વિસ્તારાના લેખક સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી મહારાજા તેમના અષ્ટકજી શાસ્ત્રમાં સ્પષ્ટપણે ફરમાવે છે. દમયંતીએ જંગલમાં અનેક આપત્તિઓ

ટાળવા વારંવાર નવકારમંત્ર યાદ કરેલો, એને મિથ્યાત્વ લાગેલું એમ શાસ્ત્ર કહેતું નથી.'' જૈન સિદ્ધાન્તોના આવા નીડર પ્રકાશનોથી ભર્યું ભર્યું એઓશ્રીનું જીવન આપણાં માટે ખૂબ અનુમોદનીય ને અનુકરણીય બન્યું હતું.

જૈન આલમમાં પ્રસિદ્ધ આ મહાપુરુષની અનેરી વિશેષતાઓ 'સિંહગર્જનાના સ્વામી સ્વ.પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.'નામની પુસ્તિકામાં કેટલીક આ જોવા મળે છે.-

''પૂજ્યશ્રીનું જીવન જો કે સાધનામય હતું છતાં છેલ્લા મહિનાઓમાં સાધનાનો મહાયજ્ઞ એમણે આરંભ્યો હતો. નવસારીના ચાતુર્માસિથી રાતના ત્રણ-ચાર કલાકની જે સ્વાધ્યાય-સાધના શરૂ કરી હતી એ છેક કાળધર્મના દિવસ સુધી ચાલતી રહી !''

''અમદાવાદમાં પર્યુષણા બાદ સમગ્ર શહેરની ચૈત્ય યાત્રાનું આયોજન થયું ત્યારે ખૂબ જ કઠોર શ્રમ લઈને એઓશ્રીએ એકે એક દહેરાસરના દર્શનનો લાભ લીધો. ચાલવામાં જે શ્રમ પડતો, ને ગૃહમંદિરોમાં ત્રીજે-ચોથે માળે ચડતાં જે હાંફ અનુભવાતી, એ જોઈને શ્રાવકો વિનંતી કરતા કે 'હવે આપ આટલો બધો શ્રમ લેવાનો રહેવા દો.' ત્યારે સહેજ સ્મિત કરીને પૂજ્યશ્રી જવાબ વાળતા કે 'આ પ્રસંગ છે તો બધા મંદિરોના દર્શનનો લાભ મળે છે. **હવે તો આ શરીરથી જેટલી કમાણી થાય એટલી કરી જ લેવી રહી.**' 'રાંધેજામાં શરૂઆતમાં શ્વાસની તકલીફ છતાં કોઈને જગાડ્યા વિના પોતાના સ્વાધ્યાયમાં મસ્ત રહીને દર્દને ભૂલવાનો પ્રયાસ કરતા સવારે સાધુ પૂછે ત્યારે કહેતા, **'મેં જે કર્મો બાંધ્યા છે એ તો મારે જ ભોગવવાના છે ને ?''**

''પૂજ્યશ્રીનો જીવનપ્રવાહ અનેકાનેક એવા પુણ્ય પ્રસંગોથી ભર્યો ભર્યો છે કે એમાંથી મુમુક્ષુ જીવોને જાતજાતનું મોંઘેરું માર્ગદર્શન મળી શકે. એઓશ્રીના જીવનાકાશે સૂર્યની અદાથી પ્રકાશતા બે ગુણો તો ખરેખરા અપૂર્વ હતા. એક સંયમ જાગૃતિ બીજો સરસ્વતીની સાથે સરળતા-સૌજન્ય-નિસ્પૃહતાનો સુમેળ ! એઓશ્રીની પ્રવચન-પટુતા, નીડર નિખાલસ વાણી, નિર્ભય વ્યક્તિત્વ જેટલું સુપ્રસિદ્ધ ને શ્રદ્ધેય હતું એટલું જ એઓશ્રીની નિર્મળ ચારિત્ર, સંયમ સુરક્ષાનું જાગ્રત્ ધ્યેય, ને મુખ્ય મુખ્ય વ્રતોના કડક પાલનનું વલણ જાણીતું હતું, આચાર્યપદ પામ્યા પછી પણ પ્રકરણો આદિ કંઠસ્થ કરવામાં એઓશ્રીને જરાય સંકોચ ન થતો.''

''જ્યારે જોઈએ ત્યારે એઓશ્રી અધ્યયન, અધ્યાપનમાં જ મગ્ન હોય. છેલ્લા ચાતુર્માસમાં ય એમણે ન્યાયાવતાર, સ્વાદ્વાદ મંજરી આદિ ન્યાયગ્રંથોનો (શિષ્યોને) અભ્યાસ કરાવ્યો હતો. સ્વાધ્યાયનો રસ તો એવો જોરદાર હતો કે છેલ્લા બે વર્ષથી

રોજ રાત્રે બાર-એક વાગે ઉઠી જઈને પછી સવાર સુધી સ્વાધ્યાય કર્યા કરતા ! એ સ્વાધ્યાય સ્વાદ તો એઓશ્રીએ મૃત્યુ પૂર્વેના બે કલાક સુધી અનુભવ્યો.''

પોતાના નામે જ્ઞાનમંદિર બનાવવાની વાતથી વેગળાં રહેતા એઓશ્રી કહેતા કે આ બધા જ્ઞાનભંડારો આપણા જ છે ને ? ચતુર્થ-પંચમ વ્રતના પાલન અંગે એઓશ્રી કહેતા કે 'બીજા વ્રતોમાં તો અતિચારો લાગે છે, હવે આ બે વ્રતો આપણે ખૂબ જ કડકાઈથી ન પાળીએ તો પછી આપણી સાધનામાં રહ્યું શું ?'

સૌજન્યશીલતા, વિદ્વત્તાભરી પ્રતિભા, સ્વાધ્યાયમય જીવન, અંતર્મુખી આરાધના, અનોખી અપ્રમત્તતા, ગરવી ગુરુસમર્પિતતા, શ્રદ્ધેય શાસનરાગ, અનુમોદનીય સંયમ પ્રેમ, વિરલ વાત્સલ્ય, જીવન વિકાસની પ્રેરક પ્રભાવવંતી પ્રવચનધારા આદિ અનેકાનેક ગૌરવવંતા ગુણોના યોગે પૂજ્યશ્રી સંઘોના હૃદયમાં અદ્ભૂત સ્થાન પામી ગયા.

સારાંશ, ધન્ય શ્રમણરત્ન ! ધન્ય સૂરિરત્ન ! ધન્ય જીવન !

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૦,અંક-૨૬,તા.૨૭-૩-૧૯૮૨

ખંભાતમાં તપસ્વી મુનિરત્નનો સ્વર્ગવાસ

જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે અત્રે ફા.વ. ૮ ગુરુવારે બપોરે ૨-૧૭ મિનિટે પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન તપસ્વી **મુનિશ્રી મણિપ્રભવિજયજી** મહારાજ નમસ્કાર મહામંત્રના શ્રવણ કરતા કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમના વિયોગથી સમુદાયને તેમજ સંઘને એક શ્રમણરત્નની ખોટ પડી છે.

સાંસારિકપણે એમનો જન્મ વિ.સં. ૧૯૭૦ નામ શ્રી ચીમનલાલ, મોસાળ નાપાડ ગામે થયેલો. વ્યવહારિક કેળવણી ૬ ધોરણ સુધી કર્યા છતાં એમની ધર્મભાવના સુંદર હતી. તેથી ગૃહસ્થ જીવનમાં પરમાત્મભક્તિ, તપસ્યા વગેરે સાધનાઓ સારી કરતા હતા. એમાં વર્ધમાન આયંબિલ તપની પર ઓળી ગૃહસ્થપણામાં કરેલી. ધંધા અર્થે કાવીમાં રહેતા. ત્યાં તીર્થભક્તિ ઉપરાંત વિહારમાં આવતા સાધુ-સાધ્વીજી ભગવંતોની સારી ભક્તિ કરતા. પછીથી ધંધાર્થે નડિયાદ આવ્યા. ત્યાં એમની વૈરાગ્યભાવના પ્રબળ થતાં ચારિત્ર લેવા ઉજમાળ બનેલા પરંતુ એમના પિતાજી લકવાની સ્થિતિમાં એમના નાનાભાઈ ચંદુભાઈના આગ્રહથી સેવામાં રહેવું પડ્યું અને પિતાજીના અવસાન પછી તરત ચારિત્ર માટે તૈયાર થયા.

વિ. સં. ૨૦૦૬ માં ૧૯ મુમુક્ષુના મંડળ સાથે પાલિતાણાથી શીખરજી વગેરે તીર્થોની યાત્રા કરી આવ્યા. ચંદુભાઈની ભાવના દીક્ષા ઘરઆંગણે નડિયાદમાં થાય તેવી હોવાથી અને ગુરુદેવ પૂ. મુનિશ્રી ભાનુવિજયજી (હાલ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી) મહારાજનું સુરત મુકામે ૩ યુવાનોની દીક્ષાનું નક્કી થયું હોવાથી પૂ.પં. શ્રી કનકવિજયજી મહારાજ (હાલ પૂ.આ.શ્રી કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ)ને વિનંતીપૂર્વક સસ્વાગત નડિયાદમાં પધરાવી ધામધૂમપૂર્વક ચીમનભાઈનો વિ.સં. ૨૦૦૭ મહા સુદ ૬ દીક્ષાનો મહોત્સવ ઉજવ્યો. નામ મુનિશ્રી મણિપ્રભવિજયજી પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા. ચારિત્ર પામીને એમણે અંતિમ સમય સુધી **'ગુરુઆજ્ઞા તહત્તિ'**નો મોટો ગુણ ખૂબ સુંદર રીતે કેળવ્યો. ગુરુવિનય-સેવા સાથે અનેક મહાત્માઓની સુંદર વૈયાવચ્ચ કરતા. પોતે નિત્ય એકાસણાના તપસ્વી છતાં નવકારશીથી માંડી સાંજની ગોચરીથી મહાત્માઓની ભક્તિ કરવામાં ખડે પગે રહેતા. કેમકે એ સમજતા કે મહાત્માઓ જ્ઞાનાદિની સાધના સુંદર કરે છે તો એમની ભક્તિ વૈયાવચ્ચમાં લહાવો લેવામાં મારા મહાન અહોભાગ્ય છે.

એમણે જ્ઞાનયોગની સાધનામાં સંસ્કૃત બે બુક, શાસ્ત્રવાંચન તથા કર્મગ્રંથ સુધીના પ્રકરણોનું અધ્યયન કરેલું તેમજ તપયોગની સાધનામાં તો આડો આંક વાળ્યો. પ્રારંભમાં જ બે વખત ૧૬-૧૬ ઉપવાસ કર્યા. એના પારણે પણ એમણે નિત્ય એકાસણું છોડ્યું નહિ. કોઈક એવી બીમારીના અવસરે મુનિઓ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરે કે સાહેબજી ! 'આમને નવકારશી પચ્ચક્ખાણ કરાવો', ત્યારે પૂજ્યશ્રીએ કહેલું કે **'આ મણિપ્રભ સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમમાં ઉગે તો પણ એનું એકાસણું છોડશે નહિ.'** નિત્ય એકાસણામાં દર ચતુર્દશીએ ઉપવાસ તથા દર અષ્ટમીએ આયંબિલ જિંદગીના છેડા સુધી છોડેલ નહિ. માત્ર અંતિમ દિવસ ફા.વ. ૮ ના રોજ ડૉક્ટરો તથા મુનિઓ અને સંઘના આગ્રહથી આયંબિલ ન કરી શકેલ. વિશેષ તપમાં એમણે વર્ધમાન આયંબિલ તપની ૧૧૪ ઓળી કરેલ. એમાં લગભગ ચોમાસામાં વિગઈ ન વાપરવી પડે એ રીતે સળંગ ચારે મહિના આયંબિલ રાખતા. એમાં એટલે સુધી કડકતાવાળા હતા કે માલેગામમાં એમણે ટી.બી.નો ભયંકર વ્યાધિ છતાં ચોમાસામાં આયંબિલ કરવાનું રાખેલ. એમાં વળી માસખમણ કરેલ. એની ઉપર ૪૦ આયંબિલ કરીને ચોમાસું પૂર્ણ કરેલ.

એમની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ સમયે ભાઈશ્રી ચંદુભાઈએ મહોત્સવ ઉજવવા પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને વિશાળ

પરિવાર સાથે નડિયાદ મુકામે આમંત્રી ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ, સિદ્ધચક્રપૂજન તથા ભવ્ય રથયાત્રા-વરઘોડો અને સંઘજમણ-નવકારશી કર્યા.

મહાત્મા શ્રી મણિપ્રભવિજયજી મહારાજનો જીવનભર નિર્દોષ સંયમચર્યાના પાલન માટે ખૂબ જ આગ્રહ હતો. તેથી કાળ વખતમાં વિહાર સિવાય લગભગ બહાર નીકળતા નહિ તે એટલે સુધી કે નવકારશી-ગોચરીમાં આવેલ વસ્તુ પણ એમણે એકાસણામાં ખપતી નહીં. પોતાના ગોચરી-પાણી નિર્દોષ માટે ઘર ઘર ફરીને ગરમ પાણી પીનારને ત્યાંથી બહુ થોડું થોડું પાણી વહોરીને ચલાવતા. એવા ગામોમાં નિર્દોષ ન મળે તો ઉપવાસ પણ કરી લેતા અને ત્યારે નિર્દોષ ગોચરી મળી પણ પાણી ન મળ્યું તો ગોચરી વાપરી પાણી વિના ચલાવી લેતા. પરિગ્રહમાં બે-ચાર વસ્ત્રનો એક વીંટીયો સરખો પણ રાખતા નહોતા અને જરૂરી વસ્ત્ર શ્રાવકને ત્યાં જઈ એના વાપરેલા સ્વાભાવિક વસ્ત્રને વહોરી લેતા. આ મહાત્માને કાપ (વસ્ત્ર પ્રક્ષાલન) તો લગભગ વર્ષે એકવાર કાઢવાનો રહેતો.

બીજી આરાધનામાં રોજ રાતના અઢી વાગે ઉઠી જવું અને પ્રારંભમાં રોજની ૧૨૫ બાંધી માળાથી માંડીને આગળ વધતા દિવસ-રાતનો ૫૦૦ માળા પૂરી કરવા સુધી પહોંચ્યા.

એમના પવિત્ર જીવનની છાયા એવી સુંદર પડી કે એમના કુટુંબમાં ભત્રીજા બીપીનભાઈ (B.Com.) વિ.સં. ૨૦૨૯માં દીક્ષા લઈ મુનિશ્રી **વરબોધિવિજયજી** બન્યા. વિ.સં. ૨૦૩૩માં અમલનેર મુકામે બીજા ભત્રીજા શ્રી કિરીટભાઈના સુપુત્ર શ્રી કુમારપાળ તથા ભત્રીજી દિવ્યાબેને ચારિત્રગ્રહણ કરી મુનિશ્રી **કુલબોધિવિજયજી** તથા સાધ્વીશ્રી **દિવ્યજ્યોતિશ્રી** બન્યા. ૨૦૩૫માં વૈ.સુ. ૩ના વિરેન્દ્રકુમાર દીક્ષિત થઈ મુનિશ્રી **વિમલબોધિવિજયજી** બન્યા. છેલ્લે ચાલુ વર્ષે નડિયાદ મુકામે ભવ્યાતિભવ્ય મહોત્સવપૂર્વક શ્રી કિરીટભાઈ તેમજ તેમના ધર્મપત્ની નયનાબેન તેમજ સુપુત્ર અભયકુમાર તેમજ સુપુત્રીઓ પારૂલ અને સેજલ દીક્ષિત બની મુનિશ્રી **કૈવલ્યબોધિવિજયજી**, મુનિશ્રી **પદ્મબોધિવિજયજી** તેમજ સાધ્વીશ્રી **નિરાગરસાશ્રી, પરાગરસાશ્રી** તથા **શાસનરસાશ્રી** બન્યા.

આમ તો મોટા ભાગના ચોમાસા પૂ. પરમ ગુરુદેવ આચાર્યદેવશ્રી સ્વ. **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ. તથા પૂ. ગુરુદેવ આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ. શ્રી સાથે રહી સમસ્ત સમુદાયની વૈયાવચ્ચ ઘણી કરી, પણ ક્યારેક પૂ. ગુરુદેવોની આજ્ઞાથી જુદા ચાતુર્માસ કર્યા છે. તેમાં પણ સંઘોમાં તેમના સંયમ, તપ અને નિખાલસ સ્વભાવની સુંદર છાયા પડી અનેક આત્માઓ ધર્મ સન્મુખ બન્યા છે.

નડિયાદ દીક્ષા પ્રતિષ્ઠાના સુંદર કાર્ય થયા બાદ પૂ. ગુરુદેવશ્રી સાથે અંજનશલાકા મહોત્સવ ઉપર ખંભાત પધાર્યા અને શારીરિક અસ્વસ્થતાના કારણે એમને સ્થિરતા કરી. દિન પ્રતિદિન શરીર કથળતું હોવા છતાં આરાધનામાં ખૂબ લીન હતા. છેલ્લા અઠવાડિયાથી ખોરાક તદ્દન બંધ થઈ ગયો, માત્ર પ્રવાહી પણ થોડું લેતા અશક્તી ઘણી આવી ગઈ. આજે બપોરે ૨-૦૦ વાગ્યા સુધી જાતે વેઢા પર નવકાર ગણતા હતા તેમજ શ્રાદ્ધરત્ન શ્રી ભાણાભાઈ વાજિંત્રપેટી સાથે ભવિકા સિદ્ધચક્રપદવંદો...વાળી શ્રી નવપદ પૂજા બોલતા ત્યારે એમાં હોઠ ફફડાવી સૂર પૂરાવતા અને પ્રસન્નતા અનુભવતા અને છેલ્લી ૧૦ મિનિટ હેડકી આવી અને સાથે રહેલા મુનિઓના મુખથી નવકારમંત્ર શ્રવણ કરતા બપોરે ૨/૧૭ મિનિટે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંતશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.ને તબીયતની ગંભીરતાના સમાચાર મળતા બીજા કાર્યક્રમ રદ કરી વડોદરાથી ઉગ્રવિહાર કરીને નીકળ્યા પરંતુ ભવિતવ્યતાવશ ભેગા થઈ શક્યા નહિ.

પૂ.મુનિશ્રી **વરબોધિવિજયજી** છેલ્લા ૯ વર્ષથી સતત વૈયાવચ્ચનો લાભ લીધો. મુનિશ્રી **ગુણસુંદરવિજયજી** તથા મુનિ **કૈવલ્યબોધિવિજયજી** તથા બાલમુનિઓ **કુલબોધિવિજયજી,** મુનિ **વિમલબોધિવિજયજી,** મુનિ **પદ્મબોધિવિજયજી** આદિ મુનિઓએ ખૂબ અનુમોદનીય સેવા બજાવી. ડૉ. શ્રી રમેશભાઈ પરીખે સારી સેવા બજાવી. શ્રી તપગચ્છ અમર જૈનશાળા સંઘે પણ ખૂબ સેવાભક્તિનો લાભ લીધેલ જે અનુમોદનીય છે. તેમના સંસારીબંધુ શ્રી ચંદુભાઈ ગાંધી તથા શ્રીમતિ શાંતાબેન ચંદુલાલ નડિયાદથી આવી છેલ્લા દિવસોથી અત્રે રોકાઈ અખંડ સેવા બજાવી.

શાસનદેવ એમના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

ફાગણ વદ ૮ ખંભાતમાં સ્વર્ગવાસ પામેલ મહાન તપસ્વી મહાત્મા પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજના તપોમય દેહની ફા.વ. ૯ ના અગ્નિસંસ્કાર માટે ભવ્ય સ્મશાનયાત્રા નીકળેલી એને પધરાવવા માટે નમૂનેદાર સોનેરી પાલખીની સજાવટ અદ્‌ભુત કરવામાં આવેલી.

ફા.વ. ૯ સવારે ૮॥ વાગતાં જ માનવ મહેરામણ ખંભાત જૈનશાળામાં ઉમટવા લાગ્યો. નડિયાદ, ધર્મજ, બોરસદ, ખડાણા, નાર, વડોદરા, નિઝામપુરા, છાણી, સુરત, મુંબઈ, અમદાવાદ વગેરે વગેરે આજુબાજુના ગામોમાંથી પણ વિશાળ સંખ્યામાં સવારથી જ લોકો આવવા માંડ્યા હતા. મુંબઈથી શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ વગેરે પણ ખાસ આ પ્રસંગે પધારેલા. સવારે ૮॥ વાગે વિવિધ

ઉછામણીઓ બોલાવા માંડી. ઉલ્લાસપૂર્વક નડિયાદ જૈન સંઘે પાલખીમાં પધરાવવાની ઉછામણી લીધી. શેઠ શ્રી ભીખાભાઈ મૂળચંદ, શ્રી અંબાલાલ ઝવેરભાઈ, શ્રી અંબાલાલ કેશવલાલ, શ્રી કસ્તુરભાઈ અમરચંદે (ખંભાત), પાલખી ઉપાડવાનો લાભ લીધો. શ્રી વાડીભાઈ ફકીરચંદ ચોકસી, શ્રી જયંતીલાલ ભોગીલાલ પરીખ, શ્રી બાપુલાલ મોતીલાલ, શ્રી રમણલાલ ડાહ્યાભાઈએ ધૂપના વાંસની ઉછામણીનો લાભ લીધો.

આ પ્રસંગે જૈનો ઉપરાંત જૈનેતરોએ પણ સ્વેચ્છાએ દુકાનો બંધ રાખેલી. બરાબર નવ વાગતા 'જય જય નંદા, જય જય ભદ્રા'ના ગગનભેદી નાદો, ખંભાતના પ્રસિદ્ધ બેન્ડના સૂરો તથા ગુલાલ ઊડાડવાની સાથે સ્મશાનયાત્રા ચાલુ થઈ. જ્યાં જુઓ ત્યાં માણસ જ માણસથી રસ્તાની બંને બાજુ ભારે ભીડ જામી. ખંભાતના વિવિધ માર્ગો પરથી સ્મશાનયાત્રા લગભગ ૩ કલાક ફરીને અગ્નિસંસ્કારના સ્થળે પહોંચી. જ્યાં સ્વર્ગસ્થના સંસારીબંધુ ચંદુલાલ મગનલાલ ગાંધીએ અગ્નિસંસ્કાર કર્યો. આ અંગે ૧૦૦ કિલો ચંદનના કાષ્ટ લાવેલ. સ્વ. તપસ્વી મહારાજના તપનો મહિમા એટલો બધો ફેલાઈ ગયો કે જૈન જૈનેતર વગેરેમાં એક મહાન સંતપુરુષનો સ્વર્ગવાસ થયો તેવી ભવ્ય હવા ફેલાઈ ગઈ અને હજારો જૈન જૈનેતરોએ સ્મશાનયાત્રામાં લાભ લીધો. સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ અત્રે ખંભાતમાં જ થયેલ, તેમની સ્મશાનયાત્રા પછી આવી મહાન સ્મશાનયાત્રા આ પહેલી જ હતી.

આ મહાન પ્રસંગે લાડુ ને ખીચડીથી નગરના ગરીબોને અનુકંપાદાન કરવામાં આવેલ તથા જીવદયાની પણ સારી ટીપ થઈ. બહારગામના આવેલા સૌ મહેમાનોની ભક્તિ શ્રી અમરશાળા સંઘ તરફથી કરવામાં આવી. સૌ ગમગીન હૃદયે એક મહાન તપસ્વી આત્માના ગુણોને યાદ કરતા પોતપોતાના ગામમાં ગયા. સારાંશ ખંભાતના ઈતિહાસમાં આ પ્રસંગ ચિરસ્મરણીય બની ગયો.

અલબત્ત સ્વર્ગત મહાત્માને સમાધિ નિર્યામણા માટે બીજા કાર્યક્રમ રદ કરી પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ઉગ્ર લાંબા વિહાર કરી ખંભાત તરફ પધારી રહેલ તે ભવિતવ્યતાવશ મહા તપસ્વીના સ્વર્ગવાસ પહેલાં પહોંચી શક્યા નહિ, છતાં ખંભાત સંઘની આગ્રહભરી વિનંતીથી સ્વર્ગસ્થના સુકૃતોની અનુમોદના નિમિત્તના મહોત્સવ પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રી આદિ પધારતા હોવાથી અગ્નિસંસ્કારના બીજા જ દિવસથી જૈનશાળા સંઘે મહોત્સવની વદ ૧૦ કુંભ સ્થાપના તથા જળયાત્રા વરઘોડાથી શરૂઆત કરી. ભગવદ્‌ભક્તિનો આ વરઘોડો પણ ઠાઠપૂર્વક નીકળ્યો.

વદ ૧૧ રવિવારે વ્યાખ્યાનસભામાં સ્વર્ગસ્થના ગુણાનુવાદ પૂ. આચાર્યદેવશ્રી આદિ અનેકો દ્વારા કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રોતાઓની આંખો ભીની ભીની થઈ જતી હતી. બપોરે વિજય મુહૂર્તે ચંદુલાલ મગનલાલ ગાંધી તરફથી ભવ્ય શાંતિસ્નાત્ર થયું. બહારગામથી પધારેલા મહેમાનોની ભક્તિ શ્રી કસ્તુરભાઈ અમરચંદ તરફથી કરવામાં આવી. રાત્રે શ્રી મહાવીર મંડળે ભાવનામાં ભક્તિ સંગીતની રમઝટ મચાવી. મોડી રાત્રે ગાતા બજાવતાં ધારાવાડી દેવામાં પણ સંઘનો ઉલ્લાસ ઘણો હતો. અંતે પ્રભાવના કરવામાં આવી.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૦,અંક-૩૬,તા.૫-૬-૧૯૮૨**

● **અમદાવાદ :** અત્રે પ.પૂ.આ.મ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.નાં શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **નિરંજનવિજયજી મહારાજ** વૈશાખ વદ-૧૧ સવારે પાંચ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. છેવટ સુધી શાતા સમાધિ ખૂબ જ સુંદર હતી. તેમણે ૩૨ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી અને ૩૮ વર્ષનો દીક્ષાપર્યાય પાળીને સુંદર આરાધના કરી ગયા છે. તેમનો સ્વભાવ સરળ, નિખાલસ અને અધ્યાત્મપ્રિય હતો.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૦,અંક-૩૮,તા.૧૯-૬-૧૯૮૨**

● **પાલનપુર :** તા. ૧૩ ના ચંડીસરથી પાલનપુર આવતા પૂ.આ. શ્રી **વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ**ની ડોળીને હાઈવે ઉપર ટેંકરની ટક્કરનો અકસ્માત નડતાં પાલનપુર સીવીલ હૉસ્પિટલમાં લઈ આવ્યા. ત્યાં બપોરે ૩-૪૦ મિનિટે પૂ. આચાર્યદેવશ્રી કાળધર્મ પામ્યા. તેમની સ્મશાનયાત્રામાં આજુબાજુના ગામના તેમજ રાજસ્થાનથી સારી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો. મોટા ઉપાશ્રયથી નીકળેલી સ્મશાનયાત્રા રાજમાર્ગોએ ફરી દાદાવાડીમાં લાવવામાં આવેલ. ત્રણ કલાક સુધી વાહનવ્યવહાર થંભી ગયેલ. સારી ઉછામણીપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવેલ. ભક્તોએ એમના સ્મારક માટે બીજી પણ સારી રકમો નોંધાવેલી. નૂતન આચાર્યદેવશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજીએ એમને સારી નિર્યામણા કરાવેલ.

પૂ. આચાર્યદેવશ્રીનો જન્મ રાજસ્થાનના માલવાડામાં વિ.સં. ૧૯૭૩માં, દીક્ષા વિ.સં. ૧૯૯૪ માં મહેસાણા મુકામે થયેલ. તેમજ વિ.સં. ૨૦૨૯ના ફા.વ.

૬ ના આચાર્યપદથી વિભૂષિત કરેલા. એમના સ્વર્ગવાસથી જૈન સંઘને મોટી ખોટ પડેલ છે. એમના આત્માને પરમ શાન્તિ મળો.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૦,અંક-૪૧,તા.૧૦-૭-૧૯૮૨**

● **કોલ્હાપુર :** અત્રેના શ્રી હિંદુમલજી જીતરાજજી રાઠોડનું દેહાંત વૈ.સુ. ૧૨ ના અત્રે થયેલ. વૈ.સુ. ૫ ના દેરાસરમાં રંગમંડપમાં જ ઢળી પડ્યા. છેલ્લા ૧૦-૧૨ વરસોથી નિવૃત્ત હતા. આરાધનામય જીવન હતું. એમની ડાયરી નોંધ જોતા એમણે નવ કોડ જાપ નવકારવાળીથી કરેલ અને ધ્યાનથી ૩ કોડ ૩૦ હજાર જાપ કરેલ. તથા ૧૯૩૧૦ સામાયિક, ૧૨૭૧ એકાસણા, ૩૧૨ આંબેલ નોંધ છેલ્લાં દસકાની છે. વૈ.વ. ૧૦ એમના ચિ. મોહનભાઈ વગેરે પરિવાર તરફથી અંતરાયકર્મની ભવ્યપૂજા વિશિષ્ટ આયોજન સાથેની ભણાવેલ. મુંબઈ-લાલબાગથી સ્પેશ્યલ બસ આવેલ જેમાં શ્રી જેઠાભાઈ ઘીવાલા, રમણલાલ દલસુખભાઈ શ્રોફ, કેશવલાલ મોતીલાલ, દીપચંદ તાસવાલા, રમણીકલાલ આંગીવાલા, સંઘવી વિનોદભાઈ વગેરે આવેલ. દહેરાસર ફૂલોથી શણગારેલ. રમણીકભાઈએ ભવ્યાતિભવ્ય આંગી રચેલ. પૂજા માટેના ઉત્તમ ઉપકરણો, ઉત્તમ નૈવેદ્ય, તથા જાતજાતના ફળ ઠેક ઠેકાણેથી મંગાવેલ. શ્રી રમણભાઈ શ્રોફે પૂજાનું વિવેચન કરેલ. બદામની કતરીની પ્રભાવના, પૂજા પછીથી તુરત જ ૧ કલાક પોલીસ બેંડ, સંઘપૂજન દરેકના દૂધથી પગ ધોઈને બાદલા યુક્ત ચાંદલો કરી ૨-૨ રૂા.ની પ્રભાવના કરેલ. ૫૨ જિનાલયનું દહેરાસર પણ ઊભું કરવાના હતા, વરસાદ જેવું વાતાવરણ થવાથી સામગ્રી પાછી લઈ જવાયેલ.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૧,અંક-૫,તા.૯-૧૦-૧૯૮૨**

આચાર્યશ્રી વિજય કનકચંદ્રસૂરિજી મહારાજનાં સુકૃત-સંભારણા

પૂજ્યપાદ શાંતમૂર્તિ વિદ્વાન પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવશ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ ૬૭ વર્ષની વયે અમદાવાદ લક્ષ્મીવર્ધક જૈન સંઘના ઉપાશ્રયે ગત પ્ર. આસો સુ. ૧૦ બપોરે ૪-૨૫ વાગે સ્વર્ગવાસ પામતાં સમુદાયને અને શ્રી જૈન સંઘને એક તેજસ્વી સૂરિરત્નની મોટી ખોટ પડી છે. પોતાની મધમધુર અને તત્ત્વપૂર્ણ પ્રવચનશક્તિથી ભારતના ગામ નગરોને પાવન અને પ્રભાવિત

કરનાર આ મહાન આચાર્યદેવશ્રી પરલોક સિધાવતાં શ્રી જિનશાસનરૂપી ગગનમાંનો એક તેજસ્વી સિતારો અસ્ત પામી ગયાનું શ્રી જૈન સંઘને મોટું દુ:ખ છે.

આ મહાપુરુષ મૂળ ગૃહસ્થપણે અમદાવાદ ઝવેરીવાડ વાઘણપોળના વતની શ્રી સકરચંદભાઈ અને શણાગર બેનના લાડિલા પુત્ર કલ્યાણભાઈ, વિ.સં. ૧૯૭૨ કા.વદ ૫ ના મંગળ દિવસે જન્મ પામેલા. બાલ્યવયમાં જ માતાનું સુખ ગુમાવી બેસતાં પિતાશ્રીના હાથે સારા ધર્મસંસ્કાર પામેલા એ પિતાજીની સાથે ૬ વર્ષની વયે એવી અદાથી પ્રભુપૂજા કરવા જતા ત્યારે એ જોઈ લોકો એમને 'ભગતરાજ' તરીકે સંબોધતા. પૂર્વ ભવની સાધના અને અહીંના ધર્મશિક્ષણથી દિન-પ્રતિદિન એમની વૈરાગ્યભાવના વધતી ચાલી, અને ૧૧ વર્ષની વયે વિ.સં. ૧૯૮૩ વૈશાખ સુદ ૧૧ ખંભાત મુકામે દીક્ષા મોટા સમારોહ વચ્ચે પરમ ગુરુદેવ સકલાગમરહસ્યવેદી ગચ્છાધિપતિ પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે ચારિત્રરત્ન પામ્યા. પૂ.પંન્યાસ શ્રી રામવિજયજી (હાલ પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી) મહારાજના શિષ્યરત્ન મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ બન્યા, એ વખતે લોકોના મોંમાંથી સહજ ઉદ્‌ગાર નીકળી પડેલા કે 'ભવિષ્યમાં આ બાળમુનિ શાસનની મહાન વિભૂતિ થશે.'

ચારિત્રજીવનમાં ગુરુઓનો વિનય તથા સાધુચર્યાનાં સુંદર પાલન સાથે જ્ઞાનધ્યાનમાં લાગી ગયેલા. એમના પર માતા સરસ્વતી કેવી પ્રસન્ન કે એક દસકામાં સંસ્કૃત, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાયાદિ દર્શનશાસ્ત્ર, જિનાગમો અને પ્રકરણ ગ્રંથોની સુંદર જ્ઞાનસંપત્તિ એમણે પ્રાપ્ત કરી ! પ્રસિદ્ધ પ્રવચનકાર અને સિદ્ધહસ્ત લેખક બન્યા ! વિ.સં. ૨૦૦૫ માં પંન્યાસપદ અને વિ.સં. ૨૦૨૯ માં આચાર્યપદથી વિભૂષિત થઈ આચાર્ય શ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ બન્યા.

ચારિત્રજીવનમાં એઓશ્રીએ ગુજરાત-સૌરાષ્ટ્ર-રાજસ્થાન-માળવા-મહારાષ્ટ્ર યાવત્ કલકત્તા સુધીની ભૂમિઓમાં વિચરી વિચરીને પૃથ્વીને પાવન કરી છે, અને પોતાની મધુર તથા હૃદયવેધી ભાવિક વાણીથી હજારો ભવ્યાત્માઓને જૈન ધર્મનાં અમૃતપાન કરાવ્યાં છે. એમના પ્રવચનનું દૃશ્ય એટલે પોતે જાણે ગારુડિક મધુર મોરલી વગાડી રહ્યા છે ! અને શ્રોતાઓ સાપની જેમ સાંભળતાં મંત્રમુગ્ધ બની ડોલી રહ્યા છે !

કલકત્તામાં એઓશ્રીએ વહેડાવેલી જ્ઞાનગંગાનો અહેવાલ આપતાં શ્રી સંઘના સેક્રેટરી શેઠ શ્રી મણિલાલ વનમાળી (બી.એ.) લખે છે કે, "પ્રારંભમાં ઉત્કટ તત્વગવેશક શાસ્ત્રજ્ઞ ગુરુદેવે સુધાવાણીનો ખજાનો ખુલ્લો મૂક્યો... દાન-શીલ-

તપ-ભાવ જે જીવનની મહત્તા અને ઉર્ધ્વગતિના પાયા છે તેના પર વિશેષ વિવેચન કર્યું... તદુપરાંત નિશ્ચય-વ્યવહાર-નય, ઔચિત્ય અને ઔદાર્ય, જીવ-અજીવ આદિ નવતત્ત્વ, આચાર-વિચાર-પ્રચાર, શ્રદ્ધા-સમજણ-ભક્તિ, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ, અનંતાનુબંધી આદિ કષાય ચોકડીઓ, સમ્યક્ત્વની પ્રાપ્તિ અને લોપ, બહિરાત્મા-અંતરાત્મા-મહાત્મા-પરમાત્મા, દુર્લભ મળેલ ભગવાન મહાવીર પ્રભુ અને જિનશાસનનો સદુપયોગ કેવી રીતે કરવો, અને છેવટના "છે છે ને છે, છે છે ને નથી, છે નથી ને નથી, નથી નથી અને નથી,'-એ બાર અક્ષર પર સુંદર વિવેચન અને સમજણ આપી."

આ મહાત્મા પ્રખર વક્તાની જેમ સિદ્ધહસ્ત લેખક પણ હતા. એમની લેખનપ્રસાદીએ સામયિકોમાં વિદ્વત્તાપૂર્ણ અનેકાનેક ચિંતનાત્મક લેખો લખાયા છે, તથા અનેક ગ્રંથોના નિર્માણ થવા પામ્યા છે, જેવા કે 'દર્શન માધુરી' 'સુબુદ્ધિ સૌરભ' 'બોલે આતમનો એક તારો રે' -વગેરે તદુપરાંત 'શ્રી શત્રુંજય મહાત્મ્ય' મહાન શાસ્ત્રનો અનુવાદ, શાંતસુધારસ ભાવાનુવાદ... વગેરે, અને 'પ્રાચીન સજ્ઝાય માળા,' 'ત્રિષષ્ઠી જિનેન્દ્રસ્તવ સંદોહ,' 'ભક્તિ ગીતાંજલિ,' ...વગેરેનાં સુંદર સંપાદન એઓશ્રીના હસ્તે થયેલ છે.

પૂ. આચાર્યદેવશ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મહારાજ પ્રભાવક પ્રવચનકાર અને સિદ્ધહસ્ત લેખક હતા તેવા મહાન તપસ્વી પણ હતા. વર્ષીતપ, વર્ધમાનતપ, વીસસ્થાનકતપ, ઉપરાંત ઉપવાસ છઠ્ઠના પારણે છઠ્ઠથી વર્ષીતપ, અક્રમ, અક્રાઈ... વગેરે તપસ્યાઓથી એમણે જીવન મંગળમય બનાવી દીધેલું.

આ એક એઓશ્રીની અસાધારણ વિશેષતા હતી. નહિતર સામાન્ય રીતે સારા વ્યાખ્યાનકારને તપસ્યા સાથે મેળ ઓછો જોવા મળે છે.

આ મહાપુરુષ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં સૌ કોઈને કાંઈક ને કાંઈક પમાડતા રહેલા. એઓશ્રીની નિશ્રામાં સંઘયાત્રાઓ, પ્રતિષ્ઠાઓ, ઉજમણાં ઓચ્છવો. દીક્ષાઓ... વગેરે અનેકાનેક શાસન પ્રભાવક કાર્યો થયેલા છે.

એઓશ્રી ઉપા.શ્રી મહિમાવિજયજી, પં.શ્રી ભદ્રાનનવિજયજી, મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી... વગેરે અનેક શિષ્ય પ્રશિષ્યોના પરિવારથી પણ શોભતા હતા. એમના સંસારિપણે પિતાશ્રી સકરચંદભાઈ તથા બેનશ્રી લીલાવતી પણ દીક્ષીત થઈ અનુક્રમે પૂ. મુનિરાજશ્રી સુબુદ્ધિવિજયજી મ. તથા સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી બનેલા.

આ ચોમાસું લક્ષ્મીવર્ધક જૈન સંઘની વિનંતીથી શ્રી સંઘના ઉપાશ્રયે બિરાજમાન હતા. પર્યુષણ સુધી એમના પ્રભાવક પ્રવચનોથી એવું આકર્ષણ ઊભું થયેલું કે ચારે

બાજુની બીજી સોસાયટીઓમાંથી પણ ભાવિકો અહીં સાંભળવા આવતા. પર્યુષણા ભવ્ય ઉજવાયેલા. તે પછી આસો સુદ ૨ થી તબીયત નરમ થયેલી. આમે ય વર્ષોથી અશાતાનો ઉદય રહેતો, પરંતુ આ મહાપુરુષે ઠેઠ જીવનના અંત સુધી જે સમાધિ જાળવી છે એ ભવ્ય જીવો માટે આદર્શરૂપ બની ગઈ. એઓશ્રી પ્ર.આસો સુદ ૧૦ સ્વર્ગવાસ પામતાં સુદ ૧૧ એઓશ્રીના પાર્થિવદેહની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી હતી.

ધન્ય શ્રમણરત્ન ! ધન્ય પ્રભાવક સૂરિવર ! ધન્ય તપસ્વી !

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૧,અંક-૧૨,તા.૪-૧૨-૧૯૮૨

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના દર્શને મરણાંત બીમારીમાં ય બેઠો થયેલો જયેશ

● **છાણી :** અત્રેના સ્વ. ધર્મ તેજસ્વી યુવક શ્રી જયેશકુમારની બાર માસિક મૃત્યુ તિથિના પ્રસંગે સદ્‌ગતના ભવ્ય સુકૃત-સદ્‌ગુણોની અનુમોદનાર્થે એમના પિતાશ્રી ભાઈ હંસરાજ કાંતીલાલ શાહ તરફથી પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાઈ ગયો. દેવના દૂત સમા જયેશકુમારમાં બચપણથી ધર્મસંસ્કાર અને સદ્‌ગુણો અદ્‌ભુત હતા. કોલેજીયન છતાં જીવન ખૂબ સાદાઈ ભર્યું, જિનપૂજા સામાયિક પ્રતિક્રમણ ચાલુ, તેમજ ઘરે ખાનપાનથી સારી ચીજો છતાં લુક્ખા ભોજનનો બહુ પ્રેમ ! અશુભના ઉદયે શરીર નબળું અને ઘસાતુ જતું હતું છતાં મન એટલું બધુ મજબૂત કે પ્રભુભક્તિ અને સાધુભક્તિમાં ખડેપગે રહેતા. કેમ જાણે ભક્તિને જીવનનો મુદ્રાલેખ બનાવેલો ! મૈત્રી અને પ્રેમભાવનાએ એને અજાત શત્રુ બનાવ્યો હતો. દયા-સત્ય વગેરે સદ્‌ગુણોના પુષ્પકરંડક જેવો હતો. જીવનની અંતિમ જેવી અવસ્થામાં પણ ખૂબ જ સમાધિ સાથે એક માત્ર દેવગુરુ ધર્મનું સ્મરણ એવું જાળવેલું કે આજે એને યાદ કરનાર પણ ગદ્‌ગદ થઈ જાય છે. ઓચ્છવમાં સદ્‌ગતની આરાધનાની આબેહૂબ રંગોળી પ્રેક્ષકોની આંખ ભીની ભીની કરી દેતી. પૂજાઓ ભવ્ય અંગરચનાઓ ભાવનાઓએ સંઘમાં સુંદર ધર્મરંગ રેલાવી દીધેલ. પૂજા તથા શાંતિસ્નાત્રમાં નવસારીના નટવરલાલ ગવૈયાએ ભક્તિ સંગીતની રમઝટ મચાવી. ફૂલની આંગી માટે પાલીતાણાથી ખાસ કારીગરને બોલાવેલ. લાડુની પ્રભાવના તથા ગરીબોને જમણ અપાયા. ઓચ્છવમાં પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મ. ના વ્યાખ્યાન જોરદાર થયા. જયેશની તિથિના દિવસે એના સુકૃત સદ્‌ગુણોની

અનુમોદનારૂપે આયંબિલ કરાવ્યા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૧,અંક-૨૩,તા.૨૬-૦૨-૧૯૮૩

● **પાલિતાણા :** પ. પૂ. આ. વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય પ. પૂ. **મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મ.** મહારાષ્ટ્રભુવનમાં સુંદર સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. મૂળ ઘાણેરાવના વતની લગભગ ૪૦ વર્ષના ચારિત્ર પર્યાયમાં એમણે સુંદર સંયમ સાધના, ત્યાગ-તપશ્ચર્યા તથા જ્ઞાન-ધ્યાન વગેરે સારું આરાધી ગયા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૧,અંક-૨૪,તા.૫-૩-૧૯૮૩

આચાર્યશ્રી વિજય કુંદકુંદસૂરીશ્વરજી મ. ની જીવનઝરમર

(લે. પૂ.પં.શ્રી પુંડરીક વિજયજી મ.)

અલખ આત્માની આહલેક જગાડનારી સૌરાષ્ટ્રની પાવન ભૂમી છે. જ્યાં જગતના ભ્રમણથી થાકેલા જીવોને સ્પર્શના માત્રથી ઠારનાર અને પરમ પદની રુખો આપનાર ને અનંત આત્માનું સિદ્ધિસ્થાન બનેલી શેત્રુંજય ગીરનારની પાવન ભૂમિ જેના હૃદય સ્થાનમાં છે. પૂર્વ નવાણુંવાર જેની સ્પર્શના કરનાર એવા આદિનાથ પ્રભુના ચરણરજથી પોતાના અપૂર્વ મહિમાથી પાવનતાની પરાકાષ્ટાએ પહોંચેલી છે. ગિરિરાજના શૃંગને શોભાવતા રમણિય મંદિરમાં રહેલી શ્રી આદિ પ્રભુ તથા શ્રી નેમનાથજીની પ્રતિમાઓ જગતના દુઃખિયા જીવોને આહ્વાન આપીને જાણે કહી રહી છે, કે "અરે ! જગતના તાપથી સંતપ્ત બનેલા લોકો ! તમે અહીં આવી જઈ તમારા સંસાર-ભ્રમણના ભયાનક દુઃખોને આ ગિરિરાજની સ્પર્શના માત્રથી વિલોપ કરી, છુપાયેલા અજરામર પદની પ્રાપ્તિ કરી પરમાનંદમાં લીન બનો." સળગતા સંસારસાગરમાં દ્વીપ સમાન આ ભૂમિ છે. જ્યાં અનેક સાધુસંત જોગી યતિના બેસણા છે. જેઓ આત્મતત્ત્વોની ઊંડી સૂઝની વાતો કરી અનંતકાળની મોહનિદ્રામાં પડેલા ભવ્ય જીવોને મોક્ષમાર્ગી બનાવી રહ્યા છે.

આવી પાવન ભૂમિના એક ભાગરૂપ એવો હાલાર દેશ. રૂડા એ દેશમાં, રૂડી વાડીઓથી શોભતી અને સરળ આત્માઓને ઉત્પન્ન કરનારી એ ભૂમિ છે. ભક્તિ, પ્રેમ અને શૌર્યનો નાદ જ્યાં હંમેશાં ગાજતો રહે છે. એમાં મોટામાંઢા નામના ગામ આપણા ચરિત્ર નાયક સ્વ. આચાર્યદેવશ્રી **વિજય કુંદકુંદસૂરીશ્વરજી**

મ. નું જન્મ સ્થાન. પશ્ચિમી હવાની દુર્ગંધ હજુ ત્યાં સ્પર્શેલી નહિ. જ્યાંના મોટા ભાગના લોકો ખેતી કરીને પોતાના વહેવારી જીવનને ચલાવતા હતા. ત્યાં ખ્યાતનામ એવા પૂંજા શેઠને ત્યાં માતાજી માકાબાઈની કુક્ષીરૂપી છીપમાં સ્વરૂપના જીવનને ઉજાળનાર એવા આ પુત્રનો વિ.સં. ૧૯૭૬ની સાલમાં જન્મ થયો. બાળપણ પિતાના ઘરમાં પસાર કર્યું, ત્યારબાદ યુવાનીમાં આવતા પોતાના ભાઈને ત્યાં મુંબઈમાં આવ્યા. આધ્યાત્મિક વાંચન અને ચિંતનની જિજ્ઞાસા ઘણી હતી.

પૂર્વ ભવનો આ સંસ્કારી જીવ પોતાની અધુરી રહેલી સંયમ યાત્રાને પૂરી કરવા માટે જ જાણે અહીં જન્મ્યો ન હોય તેમ (ઈ.સ. ૧૯૪૦)ની સંવત ૧૯૯૬માં યોગ-અધ્યાત્મ રસિક પ.પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના સંપર્કમાં આવતાં આત્મ-શોધની એમની જિજ્ઞાસા જાગી ઊઠી. એ જિજ્ઞાસા તીવ્રતમ બનતાં જ સંસારના વાઘા ઉતારી નાંખી, સ્વરૂપ-પ્રાપ્તિની ખોજમાં પડ્યા. જેના સંપર્કથી ચેતના જાગી. તેમના શિષ્ય મુનિશ્રી કુંદકુંદવિજયજી બની ગુરુ સેવા, વિનય જ્ઞાનધ્યાનમાં રત બની આત્માને લાગેલા કચરાને દૂર કરવાનું એક જ કાર્ય કરવા લાગ્યા. સનાતન સત્યના દર્શનની જિજ્ઞાસા હૈયામાં ઘર કરી બેઠી. એ આંતર પ્રગતિના પરથાળે ઘણા ગુણો આત્મઘરમાં પ્રકાશી ઊઠ્યા. તેમાં નિઃસ્પૃહતા, ઉદારતા, સૌજન્યતા, દયાળુતા વગેરે મુખ્ય હતા. એ ગુણોની સુવાસથી એમની સાથે રહેનારને અતિ પ્રિય બન્યા હતા.

એમની જીવો પ્રત્યેની કોમળ લાગણી અવ્વલ કોટિની હતી. "**आत्मवत् सर्व भुतेषु**" એ મંત્રનો તેમણે આત્મસાત્ કર્યો હતો. લૂલાં લંગડા ગાય કૂતરા આદિ પ્રાણીઓ પ્રત્યે પણ તેમના હૃદયમાં અપાર દયા ઉભરાતી હતી. જ્યાંસુધી તે દુઃખી જીવની સુરક્ષાની વ્યવસ્થા ન થાય ત્યાંસુધી એમને ચેન પડતું નહિ. જાણે એ જીવનનું મહત્ત્વનું કામ જ ન હોય ! એકવાર હાલાર દેશમાં વિચરતા એક સ્થાને રહ્યાં છે. એક સર્પ નીકળ્યો અને ભીંતના સામાન્ય બાકોરામાં ભયથી પેસી ગયો. પાસે બેઠેલા લોકોએ એ બાકોરું સીમેન્ટથી ચાંદી દીધું. મહારાજશ્રીના દિલમાં જીવદયાની જવલંત લાગણી ઘવાણી અને તુરત જ એમ કરવાનું કારણ પૂછતાં તેઓએ જવાબ આપ્યો કે "અંદર સાપ ગયો છે. એ સર્પ તો બીજો માર્ગ કરી ચાલ્યો જશે." પરંતુ આ વાત એમના હૃદયમાં ખટકી. ચાર ચાર દિવસ પસાર થવા છતાં કોમળ લાગણીવાળા તેમને એ જીવને પડી રહેલા દુઃખને ક્યારેય ભૂલી ન શક્યા. તેથી પાંચમે દિવસે એ બાકોરું ખોલાવી અને મદારીને બોલાવી તેની મોરલીના નાદથી તે સર્પને બાકોરા બહાર કઢાવીને એક માટલામાં મુકાવી ગામની બહાર સુરક્ષિત સ્થાનમાં મુકાવી દીધો, ત્યારે જ એમના દિલને આનંદની અવધિ

આવી ગઈ ને મદારીને ઘણી સારી રકમ અપાવી ખુશ કર્યો. કોઈપણ દુઃખી પ્રાણીને ઉદાર દિલથી ખર્ચ કરાવીને પણ તેનાં દુઃખમાં રક્ષણ કરવાની તીવ્ર મનોવૃત્તિ હતી, તેથી અનેક મૂંગાં પ્રાણીઓ ભુંડ, કૂતરા, ગાય આદિની સુરક્ષા અનેક પ્રસંગે એમણે કરી છે.

એકવાર કુંદકુંદસૂરિજી મ. જ્ઞાનમંદિર પધાર્યા. ત્યાં એક મહાત્માના નિરંતર વ્યાખ્યાન ચાલુ હતા. સૂરિજી મ. ને વ્યાખ્યાન માટે વિનંતી કરી પરંતુ સરળ અને નિઃસ્પૃહ એવા કુંદકુંદસૂરિજી મ. જણાવ્યું કે તમારું વ્યાખ્યાન જે ચાલી રહ્યું છે તે બરોબર જ છે. એમ કહી પોતે લેખનપ્રવૃત્તિમાં મગ્ન બની ગયા. વ્યાખ્યાન બાદ વ્યાખ્યાનકાર મહાત્માને સૂરિજી કહે "તમારું કેવું સુંદર મધુર વ્યાખ્યાન છે. દૃષ્ટાંતો પણ એવા સુંદર આપો છો કે જે સ્થાને જેવું કહેવા જેવું હોય તેવું સહેજે આવી જાય છે. અનુભવી વિના ન બની શકે." આમ પ્રશંસા કરી, તેમને પ્રોત્સાહિત રાખ્યા. પોતાની હાજરીમાં તેમને વ્યાખ્યાન વાંચવાનો ક્ષોભ ન થાય. આમ અનુકૂળ રહી, સામી વ્યક્તિને અનુકૂળ વર્તાવથી સુખ ઉપજે એવું કરવાનું ભાવુક તેમનું દિલ હતું. બીજાને પોતાના નિમિત્તથી સુખ ઉત્પન્ન થાય તેને મોટો લહાવો ગણતા.

ઉનાળાના દિવસો હોવાથી ધોમધખતો તાપ પિંડવાડાની ભૂમિ ઉપર પડતો હતો. આગલી રાત્રે કોઈ ટ્રકમાં કૂતરું આવી જવાથી મરણતોલ ઘવાયું હતું. તેની કરુણ ચીસો ઠેઠ ઉપાશ્રય સુધી સંભળાતી હતી. કૂતરાની બેહાલ સ્થિતિ જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. તેને શરીરે પીડા અને ઉપર ધોમ તાપ પડતો જોઈને શ્રાવકો પાસે તેના રક્ષણની તથા ખાવાપીવાની સગવડ કરાવી. અવસરે તેઓ નવકાર મહામંત્ર તે રીબાતા કૂતરાના કાન આગળ સંભળાવતા અને ત્યાર બાદ તે કૂતરું મરણ પામ્યું. આમ જીવોનું ભલું કરવાની તેમની ખૂબ તમન્ના રહેતી.

પાટણમાં ભૂંડની પુષ્કળ વસ્તી. ને એ બિચારા ભૂંડોને અઢળક સતામણી અને હિંસા થતી જોઈને એમનું રક્ષણ થાય તે માટે જૈન અને જૈનેતરોને ગંજ બજારમાં અહિંસા અને દયા પ્રધાન વ્યાખ્યાનથી ભાવિત કરી. તેના રક્ષણ માટે ઘણી મોટી એવી રકમ થઈ, અને કમિટી નીમવામાં આવી, અને વ્યવસ્થિત રીતે હજારો ભૂંડોનું રક્ષણ કરાવ્યું. આજે પણ ભૂંડોના રક્ષણનું કાર્ય ચાલુ છે.

નિઃસ્પૃહતા એમની રગેરગમાં ઊછળતી હતી જાણે જીવન સાથે જોડાયેલી જ ન હોય ! વ્યાખ્યાન આદિમાં બીજાને વ્યાખ્યાનાદિની પ્રશંસા કરી તેમને શંકા-ક્ષોભને દૂર કરીને તેમને વ્યાખ્યાન કરવા માટે પ્રોત્સાહન આપી તેમની પાસે વ્યાખ્યાન કરાવી ખુશ થતા ! અને પોતાને આગળ લાવવામાં એઓ સાવ છેલ્લા રહેતા !

એઓશ્રી જે જે ગામોમાં ચાતુર્માસ રહેતા, તે તે ગામોના સંઘમાં પોતાની નિઃસ્પૃહતા, મૃદુતા ગુણોની સુવાસથી સંપૂર્ણ વાસિત કરી એમના પ્રેમને જીતી લેતા હતા.

સાક્ષાત્ ઉદારતાની મૂર્તિ હતા. પુસ્તક લેખનનું કાર્ય સારાયે સંયમ જીવનમાં મુખ્ય કાર્ય બન્યું હતું. ધર્મવિહોણી હાલારી પ્રજાના ઉત્થાનની તમન્ના તેમના હૃદયમાં મહત્ત્વનું સ્થાન જમાવીને બેઠી હતી. દેશ-બંધુઓને ધર્મી બનાવવાની તમન્નાથી તેઓ ધર્મમાં સરળતાથી આગળ વધે એવા પુસ્તકોનું નિર્માણ કરતા, તેથી પોતાના દેશબંધુઓના પ્રિયપાત્ર બન્યા હતા. પુસ્તક લેખનની પ્રવૃત્તિમાં બહારના ઘણા માણસોની વ્યવસ્થા માટે જરૂર પડતી. તેમની પ્રવૃત્તિમાં ઉપયોગી બનનારાને તેની કલ્પના બહારનું મહેનતાણું અપાવી તેમને ખુશ કરી દેતા હતા. એમની દયાળુપણાની વૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચી હતી. જે સ્થાનમાં હોય ત્યાંના નોકર ચાકર દીન દુઃખીની ખૂબ કાળજી કરી તેમની મુશ્કેલી દૂર કરવા યથાશક્તિ ચોક્કસ પ્રયત્ન કરતા કે જેથી એ જીવો ધર્મ તરફ વિશેષ આકર્ષાઈ જતા અને તેમના અદના સેવક બની જતા. દુઃખી જીવો પ્રત્યે દયા ભરપુર તેમનું હૃદય રહેતું.

જૈનશાસનના સ્વ સમુદાયના પર સમુદાયના સાધુ સાથે તેમનો મીઠો સંબંધ હતો કે જેથી સંબંધમાં આવનાર તેમના આત્મીયતાના ભાવમાં તરબોળ બની જતા. જરૂરીયાતવાળા સાધુ મહાત્માને સહાય કરી, પોતાની જાતને ધન્ય માનતા હતા. એક વસતિમાં (મુકામમાં) સાથે રહેનાર સાધુની જરૂરીયાત જેવી કે દવા, પુસ્તકની સહજભાવે-બીજાને અહેશાન ન ચડે તેવી યુક્તિથી પૂરી પાડતા.

દીક્ષાના પ્રથમ દિવસોમાં "ગોચરીમાં શું લાવવું છે" એમ પૂછતાં, એમણે જવાબ આપેલ કે "આમાં પૂછવાનું શું ? સાધુ પ્રાયોગ્ય જે અપાતું હોય તે આપજો" આમાં તેમની સરળતા તથા ભદ્રિકતાના દર્શન સ્પષ્ટ થાય છે. આ સરળતા તથા ભદ્રિકતા તેમના જીવનના અંત સુધી સહચરી બનીને રહી હતી.

તેમની લેખનપ્રવૃત્તિ તેમના જીવનના અંત સુધી રહી. શાસ્ત્રોના સારને ચૂંટીને લોકભોગ્ય બને એવા ઘણા પુસ્તકોનું લેખનકાર્ય કર્યું. સૌથી પ્રથમ પુસ્તક જૈનમાર્ગની પિછાણ, પછી (૨) કલ્યાણનો માર્ગ (૩) સામાયિક યોગ (૪) મહામંત્રની સાધના, (૫) ધર્મસાધના (૬) સદ્‌ગુણ સાધના (૭) અરિહંત ભક્તિ (૮) સમાધિ વિચાર (૯) સમાધિ સુધા (૧૦) પૂ. યશોવિજયજી મહારાજની ચોવીસી (૧૧) આનંદઘનજી મ. ની ચોવીસી અર્થ સહિત છપાવી. પૂજા-સંગ્રહ સાથે આદિ મોટા નાના અનેક ગ્રંથોનું નિર્માણ કર્યું. છેલ્લે દૃષ્ટાંતના સંગ્રહના ૧૧ ભાગ તૈયાર કર્યા.

તેમનો શિષ્ય પરિવાર સાતનો હતો. હજુ ત્રણ ચાર યુવાનો તેમની પાસે

દીક્ષા લેવા માટે પૂરી તૈયારી સહિત ઈન્તેજાર હતા, છતાં જલદી દીક્ષા આપી દેતા નહોતા. શિષ્ય કરવાની બાબતમાં પણ તેમની નિઃસ્પૃહતાના સાક્ષાત્ દર્શન થતા હતા.

તેમના સંસારી મોટાભાઈએ ૨૦૧૩માં દીક્ષા લીધી. તેમની પહેલા (માણેકચંદભાઈના એકના એક પુત્ર) કેશુએ ૧૩ વર્ષની નાની વયમાં દીક્ષા લઈને સંસારી દૃષ્ટિએ કાકા બનતા એવા કુંદકુંદ વિ.મ. ના શિષ્ય બન્યા. તેમનું નામ વજ્રસેનવિજયજી રાખેલ છે.

પદપ્રદાન : પૂ. કુંદકુંદવિજયજી મ. નબળી શારીરિક સ્થિતિને કારણે ગણિ આદિ પદવીના જોગ આદિ માટે ના પાડતા હતા. પરંતુ ગચ્છાધિપતિ પ.પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને આશીર્વાદથી તેઓએ ભગવતીજીના યોગમાં પ્રવેશ કર્યો અને ૨૦૩૭ના કાર્તિક વદ પાંચમના ગણિ તથા પંન્યાસ પદવી પાટણમાં શ્રી સંઘ તથા મુંબઈમાં રહેતા હાલારીભાઈઓની હાજરીમાં ખૂબ ધામધૂમથી થઈ. તે વખતે પૈસા પાણીની જેમ સુકૃતમાં રેલાવવામાં હાલારીઓએ રંગ રાખ્યો. ત્યારબાદ ૨૦૩૮ના મહાવદી ૬ના તેમને આચાર્ય પદનું પ્રદાન કરવામાં આવ્યું. ફકત સવા વરસ જેવા નાના ગાળામાં તેઓશ્રી આચાર્ય પદ સુધી પહોંચી ગયા છતાં તેમની નિરભિમાનતા તથા લઘુતા તેવી ને તેવી જ રહી. કોઈની સુંદર તપશ્ચર્યા કે સંયમની ક્રિયાની ભારે અનુમોદના કરતા. બીજાઓની સાથે વાત કરતા સામી વ્યક્તિને અનુકૂળ અને પ્રિય બોલતા તેથી લોકોને તેમની ચાહ ઘણી હતી.

મરણ મહોત્સવ : મુંબઈમાં રહેતા તથા આફ્રિકામાં વસતા હાલારી ભાઈઓની તેમને મુંબઈમાં અને દેશમાં ચોમાસું કરવાની વિનંતી ઘણી હતી. પરંતુ તબીયતની અસ્વસ્થતાદિ ઘણા કારણે ત્યાં ચોમાસું જવાનું બનતું ન હતું. ગયા વરસે ખૂબ બીમારી આવી ગઈ, પરંતુ ધીમે ધીમે સારું થતું દેખાયું. એટલે એક હાલારી ભાઈ ચાર પાંચ સાલથી હાલારના જામખંભાળીયામાં ઉપધાન કરાવવા ઈચ્છતા હતા. તેથી ગચ્છાધિપતિ પ.પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની અનુમતિથી ૨૦૩૯ના કા.વ. ૪ના નવરંગપુરાથી વિહાર કર્યો આખરે હાલાર પહોંચી ગયા અને મંગલ એવા ઉપધાન તપની સુંદર આરાધના ૩૫૦ આરાધકોને શરૂ કરાવી. પણ ભાવીના ગર્ભમાં જુદું જ લખાયેલું હતું. ઉપધાન કરાવવાનાં બહાના હેઠળ એમની ધરતી જાણે એમને પોતાનામાં સમાવી દેવા બોલાવી રહી હતી. હજુ ગામમાં પ્રવેશ કર્યાના પંદરેક દિવસ થયા ત્યાં શારીરિક તકલીફ ઊભી થઈ, બંને કીડની કામ આપતી બંધ થઈ ગઈ પરંતુ જરાપણ હાયવોય કે અરેકારાનું નામ નિશાન નહિ. તાત્કાલિક ટ્રીટમેન્ટ સારી રીતે શરૂ કરી દેવાઈ, મુંબઈથી હિંમતભાઈ બેડાવાળા

અને અમદાવાદથી ચંદ્રકાંતભાઈ આદિ સુશ્રાવકો ત્યાં પહોંચી ગયા. હિંમતભાઈ પહોંચ્યા ત્યારે મહારાજશ્રીના સંસારી ભાઈ મેઘજીભાઈએ સમાચાર આપ્યા. સંપૂર્ણ ભાનમાં હતા. હિંમતભાઈએ કહ્યું કે, 'ચિંતા કરતા નહિ, સમાધિમાં રહેજો' તેમણે કહ્યું કે 'જરા પણ ચિંતા મને નથી. જીવન સફળ બન્યું છે. મને મારા વડીલો પાસેથી આત્મહિત યોગ્ય ઘણું ઘણું મળેલ છે. પ.પૂ. વિજય દાનસૂરિજી મ. પાસેથી વૈરાગ્ય, પ.પૂ.વિજય પ્રેમસૂરીશ્વરજી મ. પાસેથી પ્રેમ, પ.પૂ. વિજય રામચંદ્રસૂરિજી મ. પાસેથા શાસનરાગ, પ.પૂ. ગુરુદેવશ્રી પં. શ્રી ભદ્રંકર વિજયજી મ. સાહેબ પાસેથી મૈત્र્યાદિ ભાવો મળ્યા છે અને શ્રી જૈન સંઘે મને સંયમનું બળ આપ્યું છે. તેથી મારે મૃત્યુ મહોત્સવરૂપ બની રહ્યું છે. બીજે દિવસે સવારમાં ઠલ્લે જઈને આવ્યા, ત્યારે શ્વાસ શરૂ થઈ ગયો, વધી ગયો, પેશાબ બંધ થઈ ગયો, ગળુ સુકાતું હતું. પોતાને ગોળનું પાણી અનુકૂળ હોવાથી ડૉક્ટરને પૂછ્યું ને તેમણે રજા મળતાં થોડું વાપર્યું, એ આહાર તરીકે છેલ્લું હતું. ત્યારબાદ ડૉક્ટરે બ્લડપ્રેશર માપ્યું. બ્લડપ્રેશર ૬૦' થયેલું જાણી તુરત ક્રમશઃ ત્રણ ઈંજેક્શન મારતાં પ્રેસર ૧૨૦ સુધી પહોંચ્યું તો ખરું પરંતુ પછીથી પાછું તરત જ ૭૦ સુધી આવી ગયું. ડૉક્ટરે આશા છોડી દીધી. નવકાર મહામંત્રની ધૂન સતત ચાલુ હતી. સુશ્રાવક હિંમતભાઈએ તેમની છેલ્લી પુસ્તિકા 'સમાધિ-સુધા'ના શ્લોકના ધ્યાનમાં રહેવા પ્રેરણા કરી. તેમણે પણ એ જ જણાવ્યું કે એજ કરી રહ્યો છું. પ.પૂ. ગુરુદેવશ્રી ભદ્રંકરવિજયજી મ. સાહેબનો ફોટો સામે હતો તે જોઈને બોલ્યા કે 'સાહેબ પાસે જાઉં છું, ને શાસન સંબંધિના સાહેબના કાર્યમાં હું તેમને સહાય કરીશ.' હવે શ્વાસ મંદો પડવા માંડ્યો. તેઓ તરત બેઠા થઈને બધાનો વિરોધ છતાં પદ્માસન વાળીને બેઠા. ત્યારબાદ ૩ મિનિટમાં જ આત્મા પરલોકના પંથે પડ્યો. એ ગયા પોતાના જીવનની સુવાસ મૂકતા ગયા.

તેમના કાળધર્મના સમાચાર બધે મોકલાવી દીધા. સાંજના ૪ વાગે પાલખી નીકળવાની હતી. ગામોગામના માણસો હાજર થઈ ગયા. તેમને જોતાં બધાની આંખો અશ્રુપૂર્ણ બની હતી. ત્યારબાદ અગ્નિદાહ આદિ કાર્યમાં લાખોની આવક થઈ. લગભગ ૪ થી ૫ હજાર માણસ સ્મશાન-યાત્રામાં હતા. પાર્થિવદેહ બળીને ખાખ બન્યો. અમર આત્મા પરલોકમાં પહોંચી ગયો હતો. જયાં દાહ દેવાયો તે જમીન મહાજનવાડીની નજીક ગામમાં જ હતી. ત્યાં એ પુણ્ય પુરુષની પુણ્ય સ્મૃતિ માટે સ્મારક બનાવવાની શ્રી સંઘે વિચારણા કરી છે. તે વખતે જીવદયાની ટીપમાં રૂ. ૪૦૦૦૦ની ઉપજ થઈ હતી. આમ ૪૧ વરસનો ચારિત્ર પર્યાય પાળી સંયમ દ્વારા આત્મશુદ્ધિ અને શાસ્ત્રોના વાંચન પઠન દ્વારા ધ્યેય સિદ્ધિના નિર્ણયને કરી

પરલોકમાં પહોંચી ગયા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૧,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૩**

● **અમદાવાદ :** કર્મસાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન **મુનિરાજશ્રી મણિશેખરવિજયજી મહારાજ** અમદાવાદ મુકામે રવિવાર તા. ૧-૫-૧૯૮૩ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

સ્વર્ગસ્થ મૂળ નાસિકના વતની, બહોળો પરિવાર અને વૈભવસભર ઘરનો ત્યાગ કરી દીક્ષિત થયેલ મુનિવરે ૨૬ વર્ષનો ચારિત્ર પર્યાય જ્ઞાન-ધ્યાન-તપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિની સુંદર આરાધના વડે પાળ્યો... સ્તવન સજઝાયાદિ કંઠસ્થ કરવા, વ્યાખ્યાન-વાચનાનું શ્રવણ કરવું, કષાયોની અલ્પતા, વડીલો પ્રત્યે વિનયભાવ, લઘુ પ્રત્યે વાત્સલ્યભાવ, આદિ દ્વારા સંયમને સફળ બનાવવા અંત સુધી પ્રયત્નશીલ રહ્યા... એમના જવાથી સમુદાયને એક સંયમી આરાધક સાધુની ખોટ પડી છે. પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૧,અંક-૩૬,તા.૧૧-૬-૧૯૮૩**

● **ભાભર :** અત્રેના અનુમોદનીય **સુશ્રાવક વાડીલાલભાઈ** ચૈત્ર વદ ૧ના રોજ છેલ્લી ક્ષણો સુધી ધર્મજાગૃતિમય જીવન જીવતા ૭૪ વર્ષની વયે સ્વર્ગવાસી થયા.

એઓશ્રી સારા ધર્મારાધક હતા. અઢાર વર્ષની ઉંમરથી માંડી જીવનના અંત સુધી ઉકાળેલું પાણી, બંને સમય પ્રતિક્રમણ, સામાયિક, ચોવિહાર, નવકારશી, ગુરુવંદન, પર્વ દિવસે નિયમિત પૌષધ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે તપો, પર્યુષણામાં ચોસઠ પ્રહરી પૌષધ, દિવાળીમાં ગણણા સહિત છઠ્ઠ તપ, વગેરે વ્રત નિયમો સાચવી રાખેલા... યુવાન વયમાં ધર્મપત્ની પૂરિબેન સહ ચતુર્થવ્રત ગ્રહણ કરેલ. વાડીલાલભાઈએ શ્રાવકના બાર વ્રતો ઉચ્ચારેલા. ચૌદ નિયમો નિયમિત ધારણ કરતા. વળી ત્રણે ઉપધાનો કરેલ, નવપદજીની ઓળી, વર્ધમાનતપની સત્તાવીસ ઓળીઓ, અઠ્ઠાઈ આદિ તપ કરેલ...

● **બારડોલી :** અનુમોદનીય **શ્રાવક વીરચંદભાઈ માસ્તર** અત્રે થોડા વખત પહેલા અવસાન પામ્યા.

છેલ્લા પચ્ચીસ વર્ષથી દીક્ષા ન મળે ત્યાં સુધી ઘી વિગઈ ત્યાગ, વીસ વર્ષથી લીલોતરી બંધ, વર્ષીતપ, ચોમાસી તપ, ઓછામાં ઓછા પુરિમુઢ્ઢ સહિત આયંબિલ, આયંબિલમાં પણ પાણી સહિત ચારથી વધુ દ્રવ્યો નહિ. પાંચ તિથિ પૌષધ-દેસાવગાસિક વ્રત, ગામમાં વાહનનો સદંતર ત્યાગ, પગમાં જોડા નહિ, વગેરે વ્રત નિયમોવાળા હતા. એમની જબ્બર નિયમ-દૃઢતા, પાઠશાળાઓ ન્યાય-નીતિવાળો વ્યવસાય, સાદું જીવન, દેવગુરુ પ્રત્યેની અપાર ભક્તિ વગેરેથી પોતાનું જીવન ધન્ય બનાવી ગયા, અને આદર્શ શ્રાવક જીવનની ઝાંખી કરાવતા ગયા... એમના જીવનના છેલ્લા ત્રણ દિવસથી તાવ અને શ્વાસની તકલીફ ચાલુ થઈ હતી ને પોતાની ચાલતી વર્ધમાન તપની ૯૮મી ઓળીનું ૨૭મું આયંબિલ હતું. પારણું કરવા ઘણું સમજાવ્યું. છતાં પણ ન કર્યું તે ન જ કર્યું... અરે, ઈંજેકશન દ્વારા પણ ગ્લુકોઝ લેવાનો ઈન્કાર કર્યો. છેલ્લા દિવસે તબીયત થોડી વધારે બગડતા મગના પાણીથી આયંબિલ કરીને નવકારવાળી ગણવા બેસી ગયા. હોસ્પિટલમાં જવાના સ્પષ્ટ ઈન્કાર સાથે પ્રતિક્રમણ કર્યું. પછી દરેકને ખમાવતાં ખમાવતાં જાણે ખબર જ પડી ગઈ હોય તેમ બધું વોસિરાવી નવકારવાળી ગણતાં ગણતાં સ્વર્ગસ્થ થયા. ત્યારબાદ સંઘે તેમની ખૂબ જ માનપૂર્વક બેન્ડબાજા સાથે પાલખી કાઢી. સ્મશાનમાં દરેક લાકડા, જગ્યા વગેરે પુંજવામાં આવ્યું હતું... ત્યારબાદ તેમના ભાઈશ્રી મનસુખભાઈ ગોવિંદજી શાહ તરફથી ખૂબ જ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ મોટા પૂજનો સહિત, સંઘજમણ સહિત ઉજવાયો હતો. ખરેખર બારડોલીના સંઘે એક શ્રાવકરત્ન ગુમાવ્યું !

સુવિશુદ્ધસંયમમૂર્તિ સુવિશાળગચ્છાધિપતિ કર્મસાહિત્યસૂત્રધાર સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યભગવંતશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ૧૫મી સ્વર્ગારોહણતિથિ

પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ખંભાત અમર જૈન શાળામાં આપેલ પ્રવચન

પરમ ઉપકારી સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો આજે સ્વર્ગવાસદિન છે. આ જ ખંભાતમાં આ જ જૈન અમરશાળાનાં ઉપાશ્રયમાં આજના દિવસે પૂજયશ્રી સ્વર્ગવાસ પામ્યા હતા. અહીંજ આજે આપણે આ યુગપુરુષનાં ગુણાનુવાદ કરવા છે, એ કેવો ધન્ય યોગાનુયોગ !

આ આચાર્ય ભગવાન મરૂભૂમિનું રત્ન હતા. એ રત્ને ભારતભરમાં પ્રકાશ કર્યો. મરૂભૂમિનાં રત્ને રત્નની ખાણ બની અનેક રત્નો પકવ્યા.

માતા કંકુભાઈ પિતા ભગવાનદાસ ગામ પીંડવાડા. બાજુમાં જીવન સ્વામી મહાવીર સ્વામીનું તીર્થ નાંદિયા ત્યાં એમનું મોસાળ, જન્મ ત્યાં થયો. નામ પ્રેમચંદભાઈ અને પીંડવાડામાં ઉછેર થયો, બાલ્યવય વિતાવ્યું પછી પિતાનો વ્યાપાર સુરત જિલ્લામાં વ્યારામાં ચાલે ને ત્યાં પહોંચ્યા. મારવાડ દેશના એટલે ભણતર પણ કેવું ? વેપારમાં કામ લાગે એવું ચક્રવર્તિ વ્યાજ ને નફોતોટો ગણવા જેટલું ભણતર. ભલે આ જન્મનું ભણતર આટલું હોવા છતાં જન્માંતરનું ભણતર કેટલું હશે એ તો એમના આગમો અને શાસ્ત્રોના અભ્યાસથી ખબર પડે કે જન્માંતરની મૂડી વિના મરૂભૂમિમાં જન્મી આ જન્મમાં પંડિતો વગેરેની ખાસ સહાયતા વિના ૪૫ આગમો પાર પાડવા, સાથો સાથ કમ્મપયડી પંચસંગ્રહ વગેરે પ્રકરણ શાસ્ત્રો તથા ન્યાયશાસ્ત્ર-દર્શનશાસ્ત્રો કાવ્યશાસ્ત્ર વગેરેની નિપુણતા પ્રાપ્ત કરવી. એ પણ એવી કે સકલાગમ રહસ્યવેદી ગુરુદેવ આચાર્ય ભગવાનશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ ખુદ એમને સિદ્ધાન્ત મહોદધિની પદવી આપે. આ ભવાંતરની મૂડી કે સાધના વિના ન બને. વિદ્વત્તામાં વિશેષે કરીને કર્મસાહિત્યમાં તો અલૌકિક નિપુણતા પ્રાપ્ત કરી. આ વિદ્વત્તામાં એક મુખ્ય કારણ એમને દુનિયાદારી બિલકુલ સ્પર્શી નહોતી. મન બહારમાં જવા સુસ્ત હતું બહારમાં જવા તૈયાર જ નહિ.

પહેલીવાર તીર્થાધિરાજને ભેટવા ગયા. દાદાની પહેલીવાર યાત્રા કરી. મનમાં વિચાર્યું કે આવા તીર્થાધિરાજની પહેલીવાર યાત્રા મળી તો એમને એમ ન ફળે. ના, તીરથ ! તું વહાલું પણ તારા કરતાં મારું ખાવાનું વધારે વહાલું તેથી તારી યાત્રા ખાતર વહાલું ખાવાનું ન છોડી દઉં ? અહીં એ નહોતું, એટલે ખાવાનું છોડવું અઠ્ઠાઈ કરો રોજ યાત્રા કરે. દાદાને ભેટે ભાવના ભાવે 'અનંતાને મોક્ષમાં આ તીર્થાધિરાજે મોકલ્યા છે એને ફરસીને હું સંસારમાં ભટકું ?' ગિરિરાજનો પ્રભાવ હૈયાને સ્પર્શી ગયો. હૈયામાં વૈરાગ્યનો સળવળાટ થવા લાગ્યો. મનમાં વિચાર્યું 'આ અનંતાને તારનાર તીર્થાધિરાજને ભેટીને હવે રખડતાં રોઝની જેમ નથી ભટકયું. મોક્ષનો પંથ પકડવો છે. આ માનવભવ જ એક એવો છે જેમાં મોક્ષનો પંથ સર્વપાપત્યાગ સર્વવિરતિ ચારિત્ર લઈ શકાય. ચારિત્ર લઈ એકાંતે ધર્મની આરાધના કરી શકાય એટલે ગામમાં સાધુની શોધ કરવા લાગ્યા, અને

તપાસ કરતાં અવધૂત યોગી જેવા સિદ્ધિ મુનિ નામના સાધુ મળ્યા. વાત કરી. બાપજી ! 'મારે દીક્ષા લેવી છે.'

જો જો આમને કોઈ ગુરુએ વૈરાગ્ય નથી આપ્યો પૂ. આદેશ્વર દાદાએ, તીર્થાધિરાજે, અઠ્ઠાઈની તપશ્ચર્યાએ અને પૂર્વ ભવના સંસ્કારોએ વૈરાગ્ય આપ્યો છે. આત્માના ગુણો ત્યાગ તપશ્ચર્યાનાં પ્રભાવે ખીલે છે.

આ સિદ્ધિમુનિ નામના સાધુ નિસ્પૃહી છે, પરિહિતચિંતક છે. કહે 'મારી પાસે દીક્ષા લઈને શું કરીશ ? હું કાંઈ ભણ્યો નથી. મારા કરતાં બીજા મારાની પાસે દીક્ષા લે.'

પણ બાપજી હું તો કોઈને ઓળખતો નથી કેમકે મુનિઓનો સમાગમ મને મળ્યો નથી. અહીં પણ પહેલીવાર આવ્યો છું તો હું ક્યાં સારાને શોધવા જાઉં ? ત્યારે મુનિ કહે- 'જો ઘોઘા જા. ત્યાં ઉપાધ્યાય વીર વિજયજી મહારાજ છે એમના શિષ્ય છે દાન વિજયજી મહારાજ છે, તે સારું ભણેલા છે તારૂં કામ થઇ જશે' બસ સાંભળીને આ પ્રેમચંદભાઈ પહોંચ્યા ઘોઘા, અને મહારાજજીને જઈને વાત કરી, એમની પાસે રહી ગયા, ભણવા કરવામાં લાવી ગયા. પ્રેમચંદ વ્યારા ન પહોંચતાં બાપા તપાસ કરવા પાલીતાણા આવ્યા. ત્યાંથી ખબર પડી એટલે ઘોઘા આવ્યા. પ્રેમચંદભાઈ તો ઉપાશ્રયમાં બેઠા હતા. બાપાએ રાડ પાડી. 'અહીં ચોંટયો છે ? ઊઠ ઘરે હાલ.' પ્રેમચંદ વિરાગી હતા, સાથોસાથ દાક્ષિણ્યવાળા હતા, એક અક્ષર પણ બોલ્યા નહિ ને પિતાએ બાવડું ઝાલી ઉભા કર્યા, લઇ ગયા ઘેર.

હવે તો સંસાર દાવાનલ જેવો લાગ્યો છે, પણ બાપાએ તોઘરે લઇ જઈને દુકાને બેસાડી દીધા. ભાગી ન જાય માટે જાપતો પાકો રાખે છે. દુકાને બેઠા બેઠા પણ અંતરમાં મનોમંથન ચાલુ જ છે. ક્યારે તક મળે ને નાસી જાઉં ? આ મારૂં સાચું સ્થાન નથી કે વિસામો નથી. હવે તો ગુરુ મહારાજ એજ મારો વિસામો, અને ચારિત્ર એજ સાચું સ્થાન છે. વિવેક દૃષ્ટિ જાગી ગઈ છે. વિવેક દૃષ્ટિ જાગ્યા પછી કોણ બાંધી શકે. જુઓ જંબુકુમાર માબાપનો એકનો એક પુત્ર છે, ૯૯ ક્રોડનો માલિક છે. એકજ સુધર્માસ્વામીની દેશના સાંભળી અંતરમાં વિવેકનો દીવો પ્રગટયો. આત્માનું સાચું હિત સંયમમાં છે એ સમજાયું. વિવેકનો દીવો પ્રગટે એટલે અવિવેક રૂપી અંધકાર દૂર થાય, જંબુકુમારે માબાપના આગ્રહથી તરતમાં લગ્ન કર્યા પણ બીજી જ સવારે ૫૨૭ સાથે દીક્ષાનો ભવ્ય વરઘોડો, ને સંયમ ગ્રહણ કર્યું.

આ પ્રેમચંદભાઈનાં અંતરે પણ આ વિવેક રૂપી દીપક પ્રગટયો છે, ઘરે પિંજરામાં પૂરાયેલાં પંખીની જેમ છૂટવા માટે ફાંફા મારે છે, અને આવો લાગ એક

દિવસ મળી ગયો. ઘરમાં બધાં લોકાચારે બહારગામ ગયેલા એટલે પોતે ઘરેથી ભાગ્યા. વિચાર્યું કે જો નજીકનાં સ્ટેશને જઈશ તો પાછા કદાચ પકડવા આવે ! એટલે સીધા પગપાળા રેલ વિનાના રસ્તે સળંગ ૩૬ માઈલ ચાલી દૂરના સ્ટેશનેથી ગાડી પકડી આવ્યા પાલીતાણે ત્યાં પૂ. વીર વિજય મ. અને પૂ. દાનસૂરિ. મને મળ્યા. કહે સાહેબ હવે ચારિત્ર આપી દો.

શાસ્ત્રમર્યાદા મુજબ ૧૬ વર્ષ પૂર્ણ થઈ ગયેલા છે, એટલે ચારિત્ર આપવામાં વાંધો નહોતો કેમકે જીવ પાકો વૈરાગી છે, વિનાયાદિ ગુણવાળો છે અને ૧૬ વર્ષ થઈ ગયા છે. માબાપને જાણ કરવાની એકવાર વિધિ પણ થઈ ગઈ છે. બાપાજી સમજીને જ પરાણે ઘરે લઈ ગયા હતા એટલે કા. વ. ૬ના મંગળ દિવસે સંયમ સ્વીકાર્યું સિદ્ધગિરિની છાયામાં ચારિત્ર ! એ છાયાએ જીવન પર એવી છાપ પાડી કે બ્રહ્મચર્યમાં એક્કા બન્યા નવેવાડોનું પાલન કરવામાં સદા સજજ. પરગામથી કોઈ વંદનાર્થે આવ્યું હોય તો પણ સૂર્યાસ્ત થતાં બેનોને કહી દે હવે ટાઈમ થઈ ગયો છે. પચ્ચકખાણ આપવું પડે તો બેનોના સામે મોઢે આપવાનું નહિ. લાલબાગ (મુંબઈ)માં ચોમાસું હતું બહેનોને ઉપર વંદન કરવા જવું હોય તો પણ ગભરાય. કાંઈક પૂછવું હોય તો વૃદ્ધ સામણ હતા લલિતાબેન, એમાં જેની પાસે જવામાં ને વાતો કરવામાં બેનોને ગભરામણ ન હોય પૂરી છૂટ હોય અને બ્રહ્મચર્ય સારું પળે ? આચાર્ય ભગવાન બ્રહ્મચર્યની લગનવાળા કેવા કે શરૂ શરૂમાં થોડા વ્યાખ્યાનો કર્યા હશે પણ વ્યાખ્યાનો કેવા ? તત્ત્વભર્યા. કેમકે પૂજ્યશ્રીના દિલમાં તત્ત્વ જ રમતા હતા. એકવાર બન્યું એવું કે કોઈ બ્હેન વ્યાખ્યાનનો કર્મ ગ્રંથનાં વિષયનો પ્રશ્ન લઈને પૂછવા આવ્યા, અને સાહેબજી ચોંકી ઊઠયા કે જો વ્યાખ્યાન કરવાથી આ પરિચય રહેત તો મારા બ્રહ્મચર્યનું શું ?' એટલે પ્રવચનો બંધ કર્યા. પ્રવચન બીજાને સોંપી દીધા. જેવા બ્રહ્મચર્યમાં પોતે કડક એમ બીજાનાં બ્રહ્મચર્યની પણ સારી કાળજી રાખનારા હતા. પાલીતાણામાં જૈન સોસાયટીમાં ૨૦૦૬ની સાલમાં ચોમાસું ગામમાં. આંબેલશાળાની ઉપર મુમુક્ષુઓની પાઠશાળા ચાલતી ત્યાં હું હતો. ને આચાર્ય ભગવંત એકવાર પધારેલા પછી મૂકવા જવા સાહેબજીની સાથે હું ચાલ્યો. એમાં રસ્તામાં અમારા સાંસારિક બેન મળ્યા. શાતા પૂછતા હતા ને સહેજ હું ઊભો રહ્યો, પૂ. ગુરુદેવે સહેજ પાછળ જોઈ ચાલવા લાગ્યા. હું ઝડપથી સાથે થઈ ગયો પછી સાહેબજીએ ઠપકો આપ્યો આમ બાઈ સાથે વાતો કરાય ? મેં કહ્યું સાહેબ મારા સંસારીબેન હતા ત્યારે પૂજ્યશ્રી કહે 'પણ દુનિયા થોડી જાણે છે કે તારી બેન છે ?' સમુદાયના યુવાન સાધુઓની દૃષ્ટિએ દાદા પૂ. દાનસૂરીશ્વરજી મહારાજે સાધ્વી સમુદાય નહિ રાખેલો એમ ગુરુના પગલે પગલે ગુરુદેવશ્રીએ પણ

સાધ્વી પરિવાર નહિ રાખેલો. પૂજ્યશ્રી કહેતા મારી પાસે યુવાન સાધુઓ છે, જો સાધ્વીનો પરિવાર રાખું તો સાધ્વીઓના બ્રહ્મચર્યનું શું થાય ? પૂજ્યશ્રી સમજતા હતા કે સંયમના પ્રાણ બ્રહ્મચર્ય છે. પ્રાણ ગયે સંયમ શરીર અડધુ થાય. 'શીલ સમો વ્રત કો નહી મૂળ વિના તરુવર જેહવા, ગુણ (પણછ દોરી) વિના લાલ કમાન, શીલવિના વ્રત એહવા ભાખે શ્રી વર્ધમાન' પાલન ન હોય સ્ત્રીઓને જોવાની હોય. એની સાથે વાતો કરવાની હોય સ્ત્રીઓના પરિચય હોય તો પછી જીવ ઈન્દ્રિયોના વિષય તરફ ઝુંકે એટલે દેવ ગુરૂની ઉપાસનામાં મિઠાશ ન આવે લુખ્ખા દિલે ચૈત્યવંદન લુખ્ખા દિલે પ્રતિક્રમણ... બધું લુખ્ખા હૈયે થાય.

સંત તુલસીદાસે પણ કહ્યું છે કે-

"જિંહા કામ તિહા નહી રામ"

પૂજ્યશ્રીના આવા સંયમ ઉપર કેઈ ભવી જીવો સંયમ તરફ આકર્ષાતા અને સંયમ પંથે ઝુકાવતા, સં. ૧૯૯૧માં રાધનપુરમાં પૂ. ગુરુદેવશ્રીને દાદાગુરુદેવે આચાર્યપદે પરાણે આરૂઢ કર્યા ત્યારે વ્યાખ્યાનમાં પૂ. આ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે 'આજે સાધુઓની લીલીવાડી દેખાય છે તે આ પૂજ્ય ગુરુદેવનો પ્રતાપ છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીનો ગુરુ પ્રત્યે આદરભાવ કેટલો ઊંચો કે જ્યારે વડોદરામાં પંડિતના ઘરે જઈ ન્યાય શાસ્ત્ર ભણતા ને પંડિતજી સાથે સંસ્કૃતમાં વાત કરતાં એમાં પંડિતજીને આમની ભારે વિદ્વત્તા લાગી. તેથી એકવાર પૂજ્યશ્રીને કહ્યું અમારા સરકારની લાયબ્રેરીશાસ્ત્ર ભંડાર તો જુઓ. ત્યારે પૂજ્યશ્રી કહે મારા કરતાં પણ મારા ગુરુ મહાવિદ્વાન છે. એમને બતાવો, પંડિતજીએ મંજુર કરતાં પૂ. દાનસૂરી. મ. ને ભંડાર બતાવવા લઈ ગયા ત્યારે પૂ. દાનસૂરિ મહારાજે ભંડાર અંગે એવા અદ્‌ભુત માર્ગદર્શન કર્યા એમાં વિવિધ શાસ્ત્રોની વાતો કરી તેથી પંડિતજી એમના જ્ઞાનથી પ્રભાવિત થઈ ગયા. ગાયકવાડ સરકારને વાત કરી. આપણા નગરમાં જ્ઞાની જૈન યોગી આવ્યા છે. ગાયકવાડ કહે 'શું વ્યાખ્યાન સંભળાવશે ?' પંડિતજી કહે હું વાત કરીશ એટલે પંડીતજીએ પૂજ્યશ્રીને વાત કરી. ગાયકવાડનાં મહેલે વ્યાખ્યાન ગોઠવાયા. રાજા વ્યાખ્યાન સાંભળે તો પ્રજાનું કલ્યાણ કરશે, એમાં એવું બન્યું કે રાજ્યના અગ્રણી મહારાજાને કહે અરે ! આમનાં કરતાં બીજા આચાર્ય મહાન વક્તા છે એમનું સાંભળો, ગાયકવાડ કહે 'મારે ભાષણ સાંભળવા હોય તો લંડનથી ઓકસફર્ડ યુનિવર્સિટીના મોટા લેકચરર બોલાવી શકું છું પણ મારે તો યોગીને સાંભળવા છે. વ્યાખ્યાનો સાંભળી ગાયકવાડ ખુશ થઈ ગયા અને એના અવતરણોનું પુસ્તક છપાવી પોતાના રાજ્યમાં પાઠય પુસ્તક તરીકે મંજુર કર્યું. પૂ.

દાનસૂરિ મ.નો વારસો પામેલા પૂ. પ્રેમસૂરી. મ. ખાખી બંગાલી હતા. એક વીંટીયો કે પુસ્તકનું નાનું બંડલ પણ પાસે નહિ. વિદ્વાન પણ એવાં કે સંક્રમકમણ અને માર્ગણાદ્વાર વગેરે જેવા સૂક્ષ્મ કર્મસાહિત્યના મહાશાસ્ત્રો તૈયાર કર્યા. શાસ્ત્ર વ્યવસાયના રસ સાથે ત્યાગ સાધનાની તમન્ના કેવી ? વિ. સં. ૧૯૯૧માં એ પાટણમાં માત્ર રોટી ને દાળ બેજ દ્રવ્યથી એકાસણું કરવાનું. અસાડ સુદ-૧૪ નિયમ કરી લીધો કે આખું ચોમાસું રોટીને દાળ બેજ. ઉપવાસના પારણે માત્ર દૂધની છૂટ પૂનમે આ નિયમની જાણ થતાં પૂ. જંબુસૂરિ મ. યશોદેવ સૂરિ. મ.ની આંખોમાં પણ ઝળઝળીયા આવી ગયેલા વિનંતી ઘણીય કરીકે સાહેબજી આપ આવા મોટા ગચ્છને સંભાળો છો એ બહુ મોટી તપસ્યા છે બહુ મોટો ત્યાગ છે આપ અમારો મહેરબાની કરો રહેવા દો આ નિયમ પરંતુ સંયમ તપની સાધના જોરદાર કરવી હોય.

આચાર્ય ભગવાન આ વિનંતિ શાની મંજુર કરે ? દાલ ઓર રોટી બે જ દ્રવ્ય માત્ર સાત આઠ મિનિટમાં એકાસણું પૂરું થઈ જાય.

એકાસણા કરે એમાં પણ સવારથી સાંજ સુધી સ્યાદ્વાદરત્નાકર જેવો ભેજાનું દહીં કરી નાખે એવો દર્શન શાસ્ત્રનો મહાગ્રંથ જાતે વાંચે અને મનન મંથન કરે એમાં એક મિનિટ પણ કોઈની સાથે બિન જરૂરી વાત ન કરે.

સંયમ ને જયણા પણ જોરદાર, એક દિવસના ૧૮-૧૮ માઈલનો લાંબો વિહાર પણ કર્યા તો પણ રસ્તામાં કોની સાથે વાત નહીં માત્ર નીચે જોઈને જયણાપૂર્વક ચાલવાનું કહેતા, પરમાત્માનું શાસન પામ્યા છીએ ઘણા ભવોમાં વહી વંચા બીજાના બહુ કર્યા માત્ર આ એક જ ભવ એવો મળ્યો છે જેમાં અંતર્મુખ થવાય.

શ્રાવકોને સારું લગાડવા માટે વાતો ચીતો નહિ કરતા. કેમ વારુ ? એક હિસાબ હતો કે મારા અનંતા સિદ્ધ ભગવંતોના જ્ઞાનમાં યોગ્ય તરીકેનું સર્ટીફીકેટ ન મેળવું ? તે ફોગટ હું બીજા સાથે વાતો કરું ? એકવાર જીવાભાઈ શેઠ આવી વંદન કરે છે. સાહેબજીએ પાનામાંથી માથું ઉંચકી ધર્મલાભ આપ્યા પછી પાછું પાના વાંચવાનું ચાલુ. હસતાં હસાંત શેઠ કહે 'સાહેબ ! અમે બીજે વંદન કરવા જઈએ તો આવો આવો જીવાભાઈ શેઠ એમ કહી અમારી સાથે પેટ ભરીને વાતો કરે છે, અને આપ તો સામુ પણ નથી જોતા ! જીવાભાઈ ભગવાનનું શાસન સમજેલા હતા. સંયમપ્રિય સાધુના અંતર્મુખ જીવનથી શાસનની મહત્તા જાણતા હતા. તેથી એમણે મનને ખોટું ન લગાડ્યું કે સંઘમાં મારા જેવા મોટા આગેવાન

સાથે પણ સાહેબ વાતચીત નથી કરતા. ઉલ્ટું એ પૂજ્યશ્રીની સંયમ અને અંતમુર્ખતા પર ઓવારી ગયા. પૂ. ગુરુદેવ આચાર્ય ભગવાનની નિર્દોષ સંયમ આરાધનાની તમન્ના કેટલી બધી કે પૂજ્યશ્રીને ફરતા વાનુ દર્દ હતું. કોથળીનો શેક કરે તો રાહત થાય તેથી શ્રાવક પાસે પાસેની હોટલમાંથી ક્યાંકથી તૈયાર ગરમ પાણી મળી જાય તો મંગાવી લે, એક જ વિચાર કે 'મારા નિમિત્તે પાણી ગરમ કરાવવામાં અપકાય અગ્નિકાય વાયુકાયાદિ જીવોની વિરાધના ન થાઓ. શક્ય સંયમ જયણા અને જીવો પ્રત્યે ભરચક દયા. તે પાછળથી તો એવા પાણીનો પણ શેક બંધ કરી એકલું સહવાનું જ રાખ્યું. રાખની કુંડી કે પુસ્તક પાના લેવા મૂકવા હોય તો તે પહેલાં પૂંજી પ્રમાર્જીને લે મૂક કરે. કહેતા સાધુનું ભૂષણ પૂંજવું પ્રમાર્જવું છે. જો પૂંજવા પ્રમાર્જવાનું મન ન થાય તો ઓઘો શા કામનો ?

આ મહાપુરુષ છેલ્લી ઘડી સુધી જાગૃત હતા. સ્વાધ્યાયની ધૂન પણ એવી હતી. પોતે દીક્ષા લીધી ત્યારે સમુદાય મોટો નહિ, માથે ૩-૪ વડિલો, પોતે બંને ટાઈમ ગોચરી જાય, બીજી સેવા ભક્તિ કરે, છતાં બચેલા સમયની ૧-૧ મિનિટનો ઉપયોગ કરી સ્વાધ્યાયમાં રક્ત રહે. ઘણું તોજાતે મહેનત કરી કરી પ્રકરણ ગ્રન્થો તૈયાર કર્યા. એમાં કર્મગ્રંથનો વિષય તો એમનો જ. પૂ. આચાર્યભગવંત વિજય સિદ્ધિસુરિશ્વરજી, મ. (બાપજી) મહારાજે આગ્રહ કરીને અને પેટામાં મહાન શ્રાવક અનોપચંદભાઈએ એમની પાસે ભરૂચ ચોમાસામાં કમ્મપયડી સાંભળી. ન્યાય શાસ્ત્ર-દર્શન ગ્રંથો અંગે પૂજ્યશ્રીએ અમને તો બહારથી પંડિત બોલાવીને ભણાવ્યા, પરંતુ પોતે વડોદરામાં ગાયકવાડ સરકારના પંડિતના ઘરે ભણવા જતા. એય પ્રારંભિક ગ્રંથ ભણવા પરંતુ બહુ તો જાતમહેનત કરી આગળ વધ્યા તે વિ.સં. ૧૯૯૧માં પાટણમાં વાદી દેવસુરિ મહારાજે રચેલ જૈન દર્શનશાસ્ત્રનો મહાગ્રંથ સ્વાદ્વાદ રત્ના કર જાતે લગાવ્યો. સ્વાધ્યાયનો રસ કેવો કે સવારથી સાંજ સુધી કંટાળ્યા વિના તર્કની જટિલ પંક્તિઓ લગાવ્યે જતા. સાધુઓ જેટલા સ્વાધ્યાય ધ્યાનમાં જોડાયેલાં રહેશે એટલાં પાપવિકલ્પોથી બચશે મને કહે આ નવ સાધુઓને હવે ન્યાય ભણાવ મેં કહ્યું હું મારું જ્ઞાન તો પછી પણ આપી શકીશ. પરંતુ આપનો કર્મગ્રંથ કમ્મપયડી વગેરેનો વારસો કયારે આપશો ? પૂજ્યશ્રી કહે પણ આ સ્કુલ કોલેજોમાંથી સીધા આવેલા કમ્મપયડી શે સમજી શકે ? મેં કહ્યું હું એ માટે કર્મ ભેદ અને ગુણ સ્થાનકો અંગે જનરલ ઓળખ આપી દઉં, આઠ દિવસ ઓળખ આપી પૂજ્યશ્રીને સોંપ્યા એટલે પૂજ્યશ્રીએ ઠેઠ ૧લા કર્મગ્રંથથી ભણાવવા માંડયું. એમાં બીજા ત્રીજા કર્મગ્રંથનું અને પાંચમા છઠ્ઠા કર્મગ્રંથનીય વાતો ઘાલી દે. ઠેઠ કમ્મપયડીએ પહોંચ્યા. એમાં શક્તિમાન પ્રત્યે કદર કેવી કે એની પાછળ ભારે મહેનત લે દા.

ત.-

પંન્યાસ જયઘોષ વિ. ને તેઓશ્રીએ અદ્‌ભુત વિદ્વાન બનાવવા રાતનાં એક વાગે જાગી જાય. બે વાગે જાગે ત્યાં 'જયઘોષ' કહીને તરત ઊઠાડે અને જયઘોષ વિ. પણ તરત હાજી કહેતાં ઉભા થઈ જાય અને મધરાતે કમ્મપયડીના સૂક્ષ્મ પદાર્થ ભણાવે.

વળી પૂ. સાહેબજીનો શ્રુતનો રાગ કેવો અદ્‌ભુત કે આમ તો કમ્મપયડીનો પાઠ ઘણાને આપતા, એવા એમાં એ નિષ્ણાત હતા પરંતુ પુનામાં પૂજ્યશ્રીએ નિયમ કર્યો કે કમ્મપયડી ટીકા પહેલા પાનાથી છેલ્લા પાના સુધી જ્યાં સુધી મુખપાઠ ન થાય ત્યાં સુધી મિઠાઈ બંધ અને ૧૩ મહિનાના અવિરત પ્રયત્ને આખી કમ્મપયડી ટીકા પદાર્થ મોઢે કર્યા. મીરજમાં મિઠાઈ ત્યાગનું પારણું કર્યું ! ચોથા આરાનાં મહાપુરુષની યાદ અપાવે એવા આ મહાપુરુષ આપણને પાંચમા આરામાં મળી ગયા. ફજુલ વાત નહીં કરવાની કે કપડાને કોઈ પરિકર્મ નહી કરવાનું. ૧૫ દિવસ પહેલા કાપ કાઢવા પણ ન આપે. કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં ન પડયા. કર્મસાહિત્ય ૧૧-૧૫-૧૬ હજાર શ્લોક પ્રમાણ જેટલા મોટા મોટા શાસ્ત્રો સાધુઓ પાસે લખાવ્યા ને પોતે સંશોધન પણ કર્યું, એવી સ્વાધ્યાયની લગ્ન હતી. ઉપશમ ભાવ પણ એટલો જ જોરદાર હતો. એકવાર માંડલીમાં એક સાધુએ પૂજ્યશ્રીને જેમતેમ કહેવા લાગ્યો. ખૂબજ ગુસ્સામાં હતો. તમે તો પક્ષપાતી છો વગેરે વગેરે આવેશમાં આવીને જેમતેમ બોલવા માંડયો. પણ સાહેબજી એક અક્ષર પણ ન બોલ્યા પેલાના આવેશથી બધા સાધુઓ પણ ડઘાઈ દયા પણ એક બે કલાક પછી એ સાધુને પસ્તાવો થયો અને ગયો સાહેબજી પાસે. પગમાં પડયો માફી માંગી સાહેબજી ! મારી ભયંકર ભૂલ થઈ ગઈ. આવેશમાં આવી મેં આપને જેમતેમ કહ્યું ક્ષમા કરો ત્યારે આચાર્ય ભગવાન શાંતિથી કહે 'ભલા માણસ આપણે સાધુ છીએ, આવી રીતે આવેશમાં અવાય ? કષાયથી કેટલાં કર્મ બંધાય ? જો હવે કષાય કરીશ નહિ' કેમ પોતે ગુસ્સો ન કર્યો કે ગાંઠ ન વાળી ? કારણ કે તેઓ જાણતા હતા કે હું ગુસ્સો કરું તો મારું જ બગડે. ૨૪ કલાકમાં ક્યાંય રાગ દ્વેષ-ક્રોધ-પ્રમાદ ન થઈ જાય તેની સતત જાગૃતિ રાખતા.

શાસ્ત્રમાં જે ગુણો કહ્યા છે, સંયમ-બ્રહ્મચર્ય, ક્ષમા, મૃદુતા, સહિષ્ણુતા એ બધા ગુણો તો અરૂપી છે એટલે આંખે શે દેખાય ? પણ પ્રેમસૂરીશ્વરજી મહારાજ ગુણોની મૂર્તિ હતા એમને જોઈ એટલે ગુણો દેખાઈ આવે. સાધુ પર વાત્સલ્ય કેવું ? ગમે તેનો શિષ્ય હોય કે ગમે તે સમુદાયનો સાધુ હોય બીમાર છે એવું જાણે તરત જ સાધુને મોકલીદે. ૧૯૯૦માં શાહપુરમાં બીજા સમુદાયનાં કોઈ સાધુ એકલા

પડયા ને લકવામાં બીમાર છે એવાં સમાચાર મળતાં જ તરત કાળુશીની પોળમાં તેમને લઈ આવ્યા અને પોતાનાં સાધુની સંભાળ કરે એવી એમની કરવા લાગ્યા. સ્વસમુદાયમાં પણ આવા મોટા આચાર્ય હોવા છતાં પણ કોઈપણ સાધુ બીમાર પડે તો તેનાં આસને જઈ એની ખબર અંતર પૂછે સમાધિ આપે આમાં દર્દીનું અડધું દર્દ ઓછું પડી જાય. પૂજ્યશ્રી આવા ઉત્તમ ગુણોનાં માલિક ગચ્છાનાયક હતા. પોતે જાણે મૂર્તિમાન ગુણો હતા. શાસનના શાસ્ત્રના માર્ગનાં ખપી હતા. એકલો પ્રભુના માર્ગનો રાગ હતો. પછી એ માર્ગે કોઈ પણ આગળ વધતા હોય તો એની અનુમોદના કરતા. ઉપબૃંહણા ગુણ પણ એવો જોરદાર હતો. નાનામાં નાનો સાધુ કાંઈ સારૂં ભણે કે નાનો સરખો પણ ત્યાગ તપ સેવા વૈયાવચ્ચ કરે તો એની ઉપબૃંહણા પ્રશંસા કરતા. વાત્સલ્ય અને ધીરતા સહિષ્ણુતા જોરદાર હતી. ૨૫/૩૦ વર્ષ સુધી વાનો દુઃખાવો રહ્યો. એમાં જે સમતા સાથે સહનશીલતા અમે જોઈ છે એ પરથી લાગે કે અમારો એવા સમતાથી સહન કરવાના ધન્ય દિવસ ક્યારે આવે ? નિપાણીમાં આ શૂળનું દર્દ અસહ્ય થયું એમને પણ થયું હવે ખેલ ખલાસ એટલે બધાની સાથે ક્ષમાપના કરી ને કહે 'મેં તમારા દીલ દુભાવ્યા છે મિચ્છામિ દુક્કડં, હું ક્ષમા માગું છું' ત્યારે સાધુઓ ગળગળા થઈ ગયા. અરે બાપજી ! આ શું બોલો છો, આપના દિલ તો અમે દુભવ્યા હશે ! આપની હિત શિક્ષાઓનો અમે અમલ નથી કર્યો.

પૂ. આચાર્ય ભગવાનમાં એટલું બધું અગાધ જ્ઞાન છતાં અને પરિવાર વધવા છતાં પણ સ્હેજે અભિમાન નહોતું, મોટાઈ નહોતી કે 'મારો આટલો બધો બોધ અને આટલો મોટો પરિવાર !' ગામમાં પ્રવેશ હોયને ગામવાળાને સામૈયું લઈને આવતા વાર થઈ હોય તો તેઓ તો સામૈયાની રાહ જોયા વિના ગામમાં જઈ ઉપાશ્રયમાં બેસી જતા, અને પોતાનાં સ્વાધ્યાયમાં લાગી જતા. મન પર મોટાઈ કેવી નહિ કે સાધુનું ધ્યાન સ્વાધ્યાયમાં હોય અને પોતાનાં સ્વાધ્યાયમાં લાગી જતા. મન પર મોટાઈ કેવી નહિ કે સાધુનું ધ્યાન સ્વાધ્યાયમાં હોય અને પોતાને માત્રુ જવું હોય તો સાધુને કહે નહિ પોતે ટબમાં શંકા ટાળી જાતે ટબ પરઠવી આવે અને ત્યારે સાધુ દેખી જઈ ઝંખવાણો પડી જઈ ઝટ પૂજ્યશ્રીને કહે સાહેબજી ! આ શું કર્યું ? હું અહીં જ બેઠો હતો ને ? ત્યારે પૂજ્યશ્રી કહે જો ભાઈ ! ભણતાને કર્યો અંતરાય તો જ્ઞાનાવરણ કર્મ બંધાય. આમાં શું હતું ? અહીં પાસે જ પરઠવાની જગા હતી એમાં તારા ભણવામાં અંતરાય કેમ કરાય ?

પૂજ્યશ્રીએ મુંબઈ દ્વિભાષી રાજ્ય વખતે બાળ દીક્ષા પ્રતિબંધક બીલ હટાવવા જોરદાર આંદોલન ઉભું કરાવી અદ્‌ભુત શાસનસેવા કરેલી. બાકી યાત્રા-સંઘો ઉપધાનો

શિબિરો વગેરેથી ધર્મ શાસનની જોરદાર પ્રભાવના કરેલી. જૈનેતરો પણ આકર્ષાયા હતા કારણ એજ મુખ્ય કે નિર્દોષ સાધુચર્યા અને અંતર્મુખજીવન હતું. જ્ઞાનદર્શન ચારિત્રમય જીવન હતું.

વિલાપારલા (મુંબઈ) નાણાવટીને ત્યાં દેરાસરનો શિલાસ્થાપન વિધિ હતો ત્યાં કોન્ફરન્સના પ્રમુખ કાંતીલાલ ઈશ્વરલાલ પોતાના વકતવ્યમાં બોલેલા કે જો મારું સૌભાગ્ય મંદિર બંધાવવાનું હોય તો હું પ્રતિષ્ઠા પૂ.આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજના હાથે કરાવું. આ બતાવે છે કે પૂજ્યશ્રીનાં સંયમઆદિ ગુણો પ્રત્યે એ એટલા બધા આવર્જિત હતા.

આ યુગ પુરુષ પોતાનાથી ચલાયું ત્યાં સુધી પગે લાંબા પણ વિહાર કર્યા પણ પાટણમાં ટી.બી.ને હાર્ટએકેટનાં ખોટા નિદાનથી સ્ટ્રેપ્સોમાઈસીનનાં ઈન્જીકશનો વગેરે લેવાયાં ને પગ અટકી ગયા. વેડંચાના જૈનેતર વૈદ્યે આવી કહ્યું સાહેબ ! આપનો બાળ બ્રહ્મચારી મહાસંયમી આપને ટી.બી. કે હાર્ટએટેક શાના થાય ? આ તો માત્ર ઉર્ધ્વ વાયનું દર્દ છે. વૈદે પોતે જાતે ત્યાં રહીને દવા કરી, દરદ મટાડી દીધું પરંતુ પગ અટકેલા રહ્યા તેથી સાધુઓ પૂજ્યશ્રીના અતુલ ઉપકાર અને સંયમાદિ મહાન ગુણોથી એવા આવજિત કે પૂજ્યશ્રીને સ્ટ્રેચરમાં બેસાડી સાધુઓ પોતાની ખાંધે ઉપાડીને વિહાર કરતા. સિદ્ધગિરિની યાત્રા પણ એ રીતે કરાવી. લગભગ ૫૦ વર્ષ સુધી નિત્ય એકાસણા ચાલ્યા. ત્યાગ પણ એવો ફુટ-મેવો ફરસાણ મિઠાઈ બંધ હતા. મસ્ત જીવન હતું. તેઓ કહેતા ચૌદ રાજલોકમાં નજર નાખીએ તો પરમાત્માનું શાસન ક્યાં મળવાનું દેખાય ? કષ્ટ વ્યાધિઓ તો આવે, એમાં શું લેવાઈ ઢીલા પડવાનું ?

ટૂંકમાં પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ ૨૫-૩૦૦ મુનિઓના ગચ્છના અધિપતિ, તે જિંદગીના છેડા સુધી સાધુતા પાંચ મહાવ્રત અને સમિતિ ગુપ્તિના અદ્‌ભુત પાલક ! એષમા સમિતિનું પાલન કેવું કે મોટા સમુદાય સાથે વિહાર, એમાં જ્યાં શ્રાવકોના ઘર ન હોય, ૪-૫ હોય ત્યાં શ્રાવકો સાધુ માટે ગોચરી સગવડ તો કરતા, પરંતુ કેટલાક સાધુ પટેલ, બ્રાહ્મણ, રજપુતોમાં ગોચરીએ જતા. લુખ્ખા રોટલા અને છાશ લઈ આવે ત્યારે પૂજ્યશ્રી કહે 'ભાઈ ! બહારનું હોય એ પહેલું મને આપ, આ નિર્દોષ ગોચરી વૃત્તિની બહુ કિંમત છે ? હા, એમાં જીવતો જાગતો જીવદયાનો અને નિર્મળ સંયમ વૃત્તિનો પરિણામ છે. જૈન શાસનનું આચાર્યપણું એટલે સાધુપણાનો ઉત્કર્ષ છે, લીલામ નહિ. એમની જ્ઞાન લગને અનેકાનેક વિદ્વાન મુનિઓની સંઘને ભેટ કરી છે. ગુણ કેટલા ગાઈએ ?'

પૂ. આચાર્ય ભગવંતનો અહીં અંતિમ સમય અદ્‌ભુત આવ્યો. કોઈ કલ્પના નહોતી કે શરીર પડી જશે. એટલે તો મને અમદાવાદમાં શેઠ રમણલાલ વજેચંદના પ્રયત્નથી ભરાનારી ધાર્મિક શિક્ષણ શિબિરમાં મને પ્રવચનો આપવા મોકલેલ, સાથે મારી વર્ધમાન આંબેલ તપની ઓળીના પારણા પર અમદાવાદ પધારવાનો આશય પણ હતો પરંતુ વિધિ વાંકો તે વૈ. વ. ૧૧ હજી સાંજના શ્રી કેશવલાલ બુલાખીદાસને કહી રહ્યા છે કે અહીં માકણ બહુ થયા છે મકાન બદલવું છે, મારે ત્યાં આવવું છે ત્યારે કહે સાહેબ ખુશીથી પધારો. હજી રાતના ૯-૯।। વાગે મુનિ શ્રી યોગીન્દ્ર વિજયજીને કહે 'તમે કેસરીચંદજીને અહીં આવી સાથે રહેવાનો કાગળ લખ્યો કે નહિ ?' મુનિશ્રી કહે 'સાહેબ ! ભૂલી ગયો' પૂજ્યશ્રી કહે 'આવું ભૂલી જવાય કાલે લખી દેજો ભૂલશો નહિ.'

અને રાતના ૧૦। વાગે ઠલ્લે ગયા પ્રોસ્ટેટના લીધે જરા કરાંઝવું પડયું અને હાર્ટ પર આઘાત પહોંચ્યો શરીરે પાણી પાણી છૂટવા માંડયા ત્યાં પણ સાધુઓ પંખો નાખવા માડે છે ત્યારે આ મહાન યોગી મહર્ષી કહે 'ભાઈ ! રહેવા દે વાયુકાયની વિરાધના થાય, મને નવકાર સંભળાવો' કહીને પોતે નવકાર સ્મરણ કરતાં કરતાં વીર ! વીર ! ખમાવું છું બોલતાં લગભગ ૧૦-૪૦ વાગે ખૂબ સમાધિપૂર્વક પરલોક સીધાવી ગયા સમુદાય અને સંઘને પારાવાર શોક થયો તરત બહાર કોલ તાર થતાં ક્યાંય દૂર મારવાડ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ વગેરેથી સવારે ભક્તો દોડી આવ્યા, સ્મશાનયાત્રા અદ્‌ભુત નીકળી. ભારત ભરના સંઘોમાં જે શોક પ્રસરી ગયો અને ગુણાનુવાદ સભાઓ તથા ઓચ્છવો થયા એ કદાચ છેલ્લા ૨-૩ સૈકામાં અનન્ય હશે. ધન્ય ગચ્છાધિપતિ ! ધન્ય સંયમ ! ધન્ય શાસન ! **કોટિ કોટિ વંદના એ મહાવિભૂતિને !**

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૨,અંક-૪,તા.૨૪-૯-૧૯૮૩**

● **ઈડર :** પ.પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજના શ્રીમુખે નવકારમંત્ર સાંભળતા મહાન આરાધક પૂ.**સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી** સમાધિપૂર્વક ભાદરવા સુદ ૩ના કાળધર્મ પામ્યા. અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીથી અને પોતાના શારીરિક અનેક રોગોના કારણે વિહાર થવો અશક્ય હોઈ અત્રે ૧૧ વર્ષથી સ્થિરતા કરેલ. ૫૫ વર્ષના દીર્ઘચારિત્ર પર્યાયમાં ઘણી સુંદર આરાધના કરી હતી અને અનેકોને કરાવેલ હતી. છેલ્લા આઠ મહિનાથી અસહ્ય પીડા થતી હતી. છતાં કોઈપણ જાતનો બાહ્ય ઉપચાર ન કરતા ઘણી જ સમતાપૂર્વક પ્રસન્નચિત્તે બધી વેદનાઓને

સહન કરી વિશાળ સમુદાયને છોડીને પંડિતમરણ સાધી ગયા. સંઘે સુંદર પાલખી કરી ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. જૈન-જૈનેતરો સારી સંખ્યામાં જોડાયા. અગ્નિસંસ્કાર વગેરેની ઉછામણી ઘણી થઈ. બે દિવસ બજાર બંધ રહ્યા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૨,અંક-૬,તા.૮-૧૦-૧૯૮૩**

● **ઈડર :** ગતાંકમાં આપેલા સમાચાર ઉપરાંત વિશેષ અનુમોદનીય પ્રવર્તિની પૂ. સાધ્વીજી સુવ્રતાશ્રીજી અત્રે ભાદરવા સુદ ૩ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમણે ગૃહસ્થપણે સુભદ્રાબેન તે ૧૪ વર્ષની વયે પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં બંને ઉપધાન કર્યા અને તે વખતે સંયમ લેવાની તીવ્ર ભાવના થઈ. કુટુંબી વર્ગના ઘણા જ આગ્રહથી ૧૬ વર્ષના ઉંમરે લગ્નમાં જોડાવું પડ્યું પણ દોઢ વર્ષના ટૂંકા ગાળામાં જ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ધામધૂમથી દીક્ષા લીધી. વૈરાગી અને મીઠી ભાષામાં સમજાવવાની અદ્‌ભુત કળાથી એમણે અનેક બેનોને સંયમધારી બનાવ્યા. તેઓશ્રીનો પરિવાર લગભગ ૧૫૦ ઉપર સાધ્વીઓનો ગણાય છે. તેમના અનુક્રમે નામો પૂ. સાધ્વી શ્રી અંજનાશ્રીજી સા.શ્રી ધ્વજપ્રભાશ્રીજી સા. ઉમંગશ્રીજી છે.

તપશ્ચર્યામાં વીસ સ્થાનક તપ, જેમાં પહેલા અરિહંતપદની આરાધના ૨૦ અઠ્ઠાઈઓથી કરી હતી. ૨૪ તીર્થંકરનો તપ જેટલામાં તીર્થંકર હોય તેટલા લાગટ ઉપવાસથી શરૂ કરી હતી અને ૧૯માં શ્રી મલ્લીનાથના ૧૯ ઉપવાસ સુધી પહોચ્યા હતા, ત્યારબાદ એકાંતર ઉપવાસ અને એકાસણાથી પૂર્ણ કરેલ. ઉપરાંત ચત્તારિ અઠ્ઠ, સિદ્ધિતપ, વર્ધમાનતપ ૨૮ ઓળી પોષદશમી વર્ષીતપ વગેરે તપસ્યાઓ કરેલી.

અશક્ત શરીરમાં પણ બે બે કિલોમીટરનો વિહાર કરતા પછી પગ અટકી જતાં રોગાદિની અસહ્ય પીડા સમાધિથી સહન કરતા, દવા વગેરે ન લેતા અને પુરુષ ડો.ના સ્પર્શથી પણ દૂર રહેલા. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપો એજ પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૨,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૮૩**

● **મુંબઈ :** (મોતીશા-લાલબાગ ઉપાશ્રય) અત્રે પરમ તપસ્વી **મુનિરાજશ્રી નયધનવિજયજીએ** ૧૨૧ ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા કરવાની શુભ ભાવનાથી

તા. ૧-૬-૮૩થી ઉપવાસનો આરંભ કરેલ. ૯૦ ઉપવાસ સુધી જાતે જ દેરાસરજી જવાનું, દેવવંદન ઊભા ઊભા કરવાનું અને દર્શનાર્થે આવતા મુંબઈના હજારો શ્રાવક શ્રાવિકાને વાસક્ષેપ નાખવાનું ચાલુ હતું. ૧૧૦ ઉપવાસ પછી લો પ્રેશરાદિ થવાથી ૧૧૩ ઉપવાસે સુખપૂર્વક પારણું કર્યું.

પારણા બાદ લોપ્રેસર, શરદી, ખાંસી, આદિ તકલીફ છતાં ખૂબ સમાધિમાં હતા. ભાદરવા વદી બીજના રોજ રાત્રે ૧૧-૫૫ મિનિટે નમસ્કારમંત્ર બોલતા અપૂર્વ સમાધિપૂર્વક પંડિત મરણ સાધી ગયા. પૂ.પં.શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર આદિ મુનિમંડળે એમની સુંદર વૈયાવચ્ચ કરેલી. સ્મશાનયાત્રા અદ્‌ભુત નીકળેલી. એક લાખ માણસ સાથે હશે. અગ્નિસંસ્કાર વગેરેની બોલીઓ ભવ્ય થયેલી. તેમના સંયમજીવનની-તપજીવનની અનુમોદના નિમિત્તે અત્રે જિનભક્તિ મહોત્સવ ખૂબ જ રૂડી રીતે ઉજવાયો. જેમાં દસ હજાર સાધર્મિકોનું વાત્સલ્ય, બધાનું પગધોવા પૂર્વક સંઘપૂજન, પૂજા-પૂજનમાં ઉત્તમ કોટિના ફળ-નૈવેદ્ય-પુષ્પાદિ, વિશિષ્ટ જિનબિંબ અંગરચના, રોશની, પાંજરાપોળના દરવાજાથી જૈન ઉદ્યાગગૃહ સુધીનું આકર્ષણ નયનમનોરમ્ય ડેકોરેશન, વિશાળ સમોવસરણની રચના, વિવિધ રંગોળીની રચનાઓ, છપ્પન દિક્‌કુમારી અને ચોસઠ ઈન્દ્રો સહ, વિશાળ વરઘોડો, રથયાત્રાનો શાનદાર વરઘોડો, ૪૫ આગમના વરઘોડા સહ ૪૫ આગમની પૂજા, અષ્ટાપદની પૂજા વગેરે સવિશેષ શાસન અને ધર્મપ્રભાવક બન્યા.

તપસ્વી મુનિરાજના સમાધિમરણની અનુમોદના નિમિત્તે એક દિવસ બજારો બંધ રહ્યા. **ધન્ય સંયમજીવન ! ધન્ય તપસ્યા !**

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૨,અંક-૧૧/૧૨,તા.૩-૧૨-૧૯૮૩**

● **લોલાડા :** (તા. સમી જિ. મહેસાણા) પ.પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજશ્રીના શિષ્ય સ્થવિર પ.પૂ. **મુનિરાજશ્રી દેવભદ્રવિજયજી,** ૮૯ વર્ષની ઉંમરે, ૨૫ વર્ષનું ઉત્તમ સંયમ જીવન આરાધી અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમનામાં ગૃહાસ્થાવસ્થામાંથી જ સચ્ચાઈ, એક જ ભાવ, નીતિમત્તા વગેરે ઉચ્ચ ગુણો હતા. મુનિપણામાં નિસ્પૃહતા આહારાદિ ઉપરનો સંયમ, પરમ ગુરુભક્તિ, પરમવિનય, આત્મરમણતા વગેરે ગુણો અજોડ રીતે વિકાસ પામ્યા હતા.

● **અમદાવાદ-ગીરધરનગર :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ. તથા પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ અત્રે પધારતા વ્યાખ્યાન-વાચનાદિનો સંઘ સારો લાભ લઈ રહેલ છે. પૂ. તપસ્વી યોગીન્દ્રવિજયજી મ.ના સંસારી સુપુત્ર કનકરાજજીએ પોતાની નાદુરસ્ત તબિયતમાં પોતાના હસ્તક જ ૯ છોડ સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવવાનું નિધાર્યું. પરંતુ આયુષ્ય કર્મે યારી ન આપી હાર્ટ એટેક આવ્યો અને એમનો જીવનદીપ બુઝાઈ ગયો. અલબત્ત જીવનમાં સારી ધર્મસાધનાઓ સિદ્ધગિરિ સંઘયાત્રાદિ સુકૃતો અને વિશેષે કરીને ચોકસી છતાં બે નંબરનો ધંધો-ઈન્કમટેક્ષ વગેરેની અનીતિ નહિ એટલે એમને અંતિમ સમયે સમાધિ સુંદર રહી. એમના ધર્મપત્ની, પુત્રો તથા ચાર નાના ભાઈઓ વગેરેના બહોળા કુટુંબે લૌકિક શોક પાલન ન રાખતા સદ્‌ગતની ભાવના મુજબ ઉજમણા સહિત સુંદર જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવ્યો. એમાં ચંદનબાળાથી પ્રભુજીને પારણું, સ્થૂલભદ્રજીથી કોશાવેશ્યાને પ્રતિબોધ, ગોવાળિયાથી વીર પ્રભુના કાનમાં ખીલા, ચંડકોશિક દંશ, મેઘરથ રાજાથી પારેવાની રક્ષા વગેરે તખતગઢવાળાની છ હાલતી ચાલતી રચનાઓ કરાયેલી.

આ ઉત્સવ પર અછેરું એવું થયું કે ત્યાં જ રહેતા શ્રી ધૂલજીભાઈનું નવકાર સાથે સમાધિમૃત્યુ થયેલ એમના કુટુંબીજનોએ પણ આ ઉત્સવ જોઈને શોક બંધ રાખી સદ્‌ગતની પાછળ શ્રી સિદ્ધચક્રપૂજન સહિત ૫ દિવસનો ઉત્સવ કર્યો.

પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજયજી મ.ને ભાઈશ્રી કેશવલાલ તરફથી સાગ્રહ વિનંતી થતા હિંમતનગરમાં એમની નિશ્રામાં વૈ.સુ. ૫ થી ૧૫ દિવસની શિબિર અને તે પૂર્વે કોલવડામાં મલાડવાસી બાબુભાઈ રતનચંદ વખારીયા તરફથી ચૈ.વ. ૫ થી વૈ.સુ. ૩ સુધી ઉત્સવ નક્કી થયો છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૨,અંક-૨૭,તા.૧૭-૩-૧૯૮૪**

મહાન તપસ્વી મુનિ પુંગવની ખોટ

● **ડભોઈ :** તપસ્વી પૂ. **મુનિરાજશ્રી ભુવનકીર્તિવિજયજી** મહારાજ ૭૪ વર્ષની ઉંમરે ૨૧ વર્ષનો સંયમ પર્યાય પાળી અત્રે મહા વદ ૮ ની રાત્રે ૧૦-૪૫ વાગતા સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. તેમનું જીવન આદર્શ અને અનુમોદનીય હતું.

મૂળ દેલદરના વતની પણ અલીરાજપુરમાં રહેતા ભૂરમલજી અને ગજીબેનના એ સુપુત્ર નામે ફુલચંદજી વિ.સં. ૧૯૬૬માં જન્મેલા વિ.સં. ૨૦૧૧માં આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ પાસે શંખેશ્વર મુકામે ધામધૂમપૂર્વક મહોત્સવ સહિત કુટુંબીઓની હાજરીમાં ચારિત્ર લઈ પૂ. પંન્યાસજી શ્રી વર્ધમાન વિજયજી ગણી (હાલ આચાર્ય)ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ભુવનકીર્તિ વિજયજી મહારાજ થયા.

ચારિત્ર લીધા બાદ સાધુ ક્રિયા ઉપરાંત રોજ નવો અભ્યાસ સ્વાધ્યાય વિનય વૈયાવચ્ચ ભક્તિ સાથે વર્ધમાન તપની આયંબિલની ઓળીઓ ચાલુ રાખતા હતા. મોટી ઉંમર હોવા છતાં ગુરુમહારાજની ભક્તિ અનુમોદનીય કરતા હતા. નિત્ય એકાસણા, તેમાં બીજ પાંચમ અગીયારસ વીસ સ્થાનક ઉપવાસથી આરાધેલ. વર્ષની છ અઠ્ઠાઈની છ અઠ્ઠાઈ કરેલ. એક વખત નવ ઉપવાસ કરેલ. વર્ધમાન તપની ૧૦૦ ઓળી જલદી પૂર્ણ કરવા એકવાર સતત ૭૦૦ આયંબિલ કરેલ વિહારમાં ઓળી ચાલુ.

દીક્ષા લીધા બાદ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી તથા હંમેશાં પોષ વદ ૯ સુધી ૨૦૦૦ ઉપરનો સ્વાધ્યાય પછી મહા સુદ ૨ સુધી ૧૫૦૦ સ્વાધ્યાય રોજ કર્યાની નોંધ મળે છે. કાયમ પાંચ બાંધી નવકારવાળી ગણતા. છેલ્લી બે ઓળી લગભગ નરમ તબીયતમાં પૂર્ણ કરી. સો ઓળી પૂર્ણ કરવાની ભાવના હોઈ આહાર ઘટી જવા છતાં અને શરીરમાં ઘણી અશક્તિ આવી જતાં પૂ. મુનિરાજ જયદેવવિજયજી પૂ.મુ.શ્રી સિદ્ધાચલ વિજયજી મ.ની સંપૂર્ણ સહાય અને પૂ.આ. શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ.પૂ.આ. શ્રી વિ. રૈવતસૂરિજી મ.ના પ્રોત્સાહનથી **સો ઓળી પૂર્ણ** કરી શક્યા. એમાં છેલ્લે અશક્તિ વધુ રહેતી આહાર પણ ઘટી ગયેલ. છતાં સોમી ઓળી પૂર્ણ કરી. ધન્ય તપસ્વી !

તબીયત વિશેષ નરમ થયાના સમાચાર મળતાં અમદાવાદથી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ તથા ભાવનગર પાસેથી પૂ. પંન્યાસજી શ્રી નિત્યાનંદ વિજય ગણી આદિ ઝડપી વિહાર કરીને મહા સુદ ૯ અને ૧૧ ના ડભોઈ આવી ગયા હતા.

મહા વદ ૧ સોમી ઓળી પૂર્ણાહુતિ પ્રસંગે ડભોઈ સાગર ગચ્છ તરફથી ૧૫ છોડનું ઉજમણું બાર દિવસનો મહા સુદ ૩ થી મહા વદ ૩ સુધીનો શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ભક્તામર પૂજન સિદ્ધચક્ર પૂજન, શાંતિસ્નાત્ર બે બહેનોની દીક્ષા વગેરે સુંદર ઉજવાયેલ. સો ઓળી પૂર્ણ થઈ ગઈ, તેનો તપસ્વીના અંતરમાં ખૂબ આનંદ હતો. પારણા બાદ પેટમાં કાંઈ ટકતું નહિ તેથી પોતે અનશન

કરવાની ભાવના વ્યક્ત કરેલી. એટલે બે બે ચાર ચાર કલાકનું સાગારિક અનશન કરાવતા.

મહા વદ ૮ મે બપોરથી તબીયત વધુ નરમ થઈ જતાં મહાવ્રતોનું પુનઃ ઉચ્ચારણ અને નિર્યામણાનું સંભળાવવાનું ચાલુ થયેલ તે બધું ધ્યાનપૂર્વક સાંભળતાં બધે મિચ્છામિ દુક્કડં આપતા હતા. પૂર્ણ સમાધિ છેક સુધી ટકી રહી હતી. રાત્રે ૧૦-૪૫ વાગતા સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા. બીજે દિવસે ભવ્ય સ્મશાનયાત્રા નીકળેલી.

તપસ્વી મુનિશ્રી મનુષ્યભવ પામી આત્માનું મહાન કલ્યાણ સાધી ગયા તેમના આત્માને ચિરશાંતિ મળો એજ અભિલાષા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૨,અંક-૪૦,તા.૨૩-૬-૧૯૮૪

મહાન ધર્માત્મા શ્રાદ્ધરત્ન શ્રી રતિલાલ જીવણલાલના ભરચક સુકૃતોમાંથી વાનગી

શ્રી જૈન શ્રાવક સંઘનો એક મહાન સીતારો વઢવાણના શ્રી રતિભાઈ જીવણલાલ ચૈત્ર વદ ૮ રાતના અસ્ત પામી જતાં, જૈન સંઘમાં વર્તમાનમાં ન પૂરાય તેવી ખોટ ઊભી થઈ. અનેક આચાર્ય મહારાજો આદિ સુદ્ધાંના દિલને ભારે આઘાત લાગી ગયો. એમનું જીવન દેવગુરુ-ધર્મશ્રદ્ધા ભક્તિ શ્રાવકજીવનના વ્રત-નિયમો તથા જીવદયા પરોપકાર પ્રામાણિકતા આદિથી મઘમઘતું હતું...

ધર્મશ્રદ્ધા અને જીવદયા કેવી એમણે આત્મસાત કરેલી કે ઝાડે કરવા સંડાસમાં નહિ પણ ગામ બહાર જતા. મુંબઈ પણ એમના ભાઈશ્રી શાંતીલાલ જીવણલાલના હિસાબે જવું પડતું તો માટુંગામાં બહાર રેલ્વેલાઈન પર જતા. સંડાસ અને ગટરમાં અસંખ્ય ત્રસ જીવોનો વિનાશ જોઈ એમનું દિલ કકળી ઊઠતું.

કંઈક વૈદકના જાણકાર હોઈ વઢવાણમાં જૈનેતર ગરીબ માણસો એમની પાસે દવા માટે આવતા તો એમને માંસ માટી વગેરે અભક્ષ્ય પહેલું બંધ કરાવતા.

એકવાર ટ્રેન મુસાફરીમાં એક ખોજો શરીરે પણ ખણ ખણ કરતો જોઈ રતિભાઈએ પૂછ્યું કેમ આમ ? એ કહે કેટલીય દવાઓ કરી ખણજ મટતી જ નથી. રતિભાઈ કહે એમાં શું ? મટી જાય. પેલો કહે કહોને શો ઉપાય છે રૂા. ૨૦૦૦ ખર્ચ લાગે તો કરવા તૈયાર છું. રતિભાઈ કહે, એક પૈસાનો ખર્ચ નથી. આયંબિલ કરો. અમારે ત્યાં શ્રીપાલ મહારાજને કોઢ મટી ગયેલો કહી આયંબિલની

સમજ આપી. પેલાએ આખા દિવસમાં એક જ વાર ભોજનની અશક્યતા બતાવતાં રતિભાઈ કહે ભલે જેટલીવાર ભોજન કરવું હોય એટલીવાર કરો, પરંતુ લૂણ વિનાનું માત્ર લુખ્ખું આયંબિલનું ખાવાનું. પછીથી પેલાએ ઘરે જઈ એમ કર્યું. ખણજ મટી ગઈ. પછી ક્યારેક રતિભાઈ મળતાં કહે, "આપ તો અમારે ભગવાને હૈ, હમારા દર્દ પૂરા મિટ ગયા."

જીવદયા માટે રતિભાઈ જરૂર પડ્યે પ્રાણ આપવા તૈયાર રહેતા. ઈંદોર લશ્કરી ખાતામાં કાંઈક ઘવાયેલ ૧૧ ઘોડા મારી નાખવાના હતા. રતિભાઈ ત્યાં પહોંચી ગયા. ઉપરી અમલદારને વિનંતી કરી ઘોડાઓને મારી ન નાખો મને સોંપી દો. અમલદારે મક્કમ ના કહેતા પોતે ખાડામાં ઉતરી પડ્યા ને કહ્યું મારા જીવતાં ઘોડાઓને નહિ મારવા દઉં. પહેલાં મને શૂટ કરો, પછી ઘોડાને. અમલદાર ચકિત થઈ ગયો ઘોડાને જીવતા છોડી દીધા.

એકવાર એક ગામડામાં દેવીના મંદિરમાં પાડાનું બલિદાન આપવાનું સાંભળી ત્યાં પહોંચી ગયા. પૂજારીને બહુ સમજાવ્યો. પેલાએ ધમકી આપી. રતિભાઈએ સાફ કહી દીધું તારો છરો પહેલાં મારા ગળા પર પડશે પછી જ પાડા પર. કલાકો સુધી સમજુતી રકઝક કરી બલિદાન બંધ કરાવ્યું. ત્યાંથી નીકળતાં સાંજ પડી ગયેલી બસ-સ્ટેન્ડે બસમાં બેસવા ગયા કન્ડકટર કહે જગા નથી. રતિભાઈ કહે, 'મારે ચોવિહારનો ટાઈમ થવા આવ્યો છે, ઉકાળેલું પાણી પીઉં છું ઘરેથી સવારના પીને નીકળેલો. તરસ ભારે છે હવે ઘરે સૂર્યાસ્ત પહેલા પહોંચીશ ત્યારે પાણી મળશે માટે મને બેસવા દે. કુદરતનો કેવો સંકેત કે પેલાએ બેસવા ન દીધા. તેથી હવે રતિભાઈ પગે ચાલીને નીકળ્યા પણ આગળ રેલ્વેફાટક પાસે જોયું તો બસને એક્સિડન્ટ થવાથી એના ફુરચા ઉડેલા. આ મહાન શ્રાવકના જીવદયા તથા અપાર ધર્મશ્રદ્ધાના પુણ્યે એમને બચાવી લીધા.

એવું વિરમગામ સ્ટેશને બન્યું. ગાડી બદલીને બીજી ગાડીમાં બેસવા જતા હતા ત્યાં એક માણસ આવીને રોફ મારી ગાડીમાં ન બેસવા દીધા. અગત્યનું કામ હતું જલ્દી જવાનું હતું છતાં પેલાએ ભારપૂર્વક અટકાવ્યા, ને પછીથી સાંભળ્યું કે એ ટ્રેનને આગળ સ્ટેશને અકસ્માત નડ્યો. કેમ જાણે શાસનદેવતાએ રતિભાઈને આ ગેબી બચાવ આપ્યો. આવા તો કેટલાય ચમત્કાર એમના જીવનમાં બન્યા હશે !

ન્યાય-નીતિ પ્રામાણિકતા-સચ્ચાઈમાં રતિભાઈ એક્કા હતા. એમની એની ખ્યાતિ એવી કે લોકોને પાકો વિશ્વાસ કે નાના બાબા કે બેબીને પણ એમની

કાપડની દુકાને માલ લેવા મોકલીએ તો જરાય ઠગાવાની ચિંતા જ નહિ. મોંઘવારી વધતી હતી, પરંતુ એમણે પોતાના પડતર ભાવ પર રૂપિયે એક આનો કે એવો કાંઈક નફો લેવાનું રાખેલું. તેમાં ફરક નહિ કરવાનો, બીજા વેપારીઓ સારો નફો ચડાવી બહુ કમાઈ જાય છે એની રતિભાઈને લેશ પણ અસર નહિ. એ તો સમજતા કે એવી કમાઈ આ જનમની છે, ને તે પણ કુદરત સહન ન કરે તો આ જનમમાં બીજે રસ્તે લક્ષ્મી ચાલી જાય.

એમના જીવદયાના બીજા પ્રસંગોમાં,- ઈંદોરમાં કૂતરાઓ ઝેરના લાડુથી મારી નાખવાના હતા, એમણે ખબર પડતાં મહેનત કરી કબ્જો મેળવ્યો, કૂતરા-કૂતરી અલગ રખાવી એને નભાવવાનું કર્યું.

એકવાર રસ્તામાં કૂતરું કચરાયેલું દેખ્યું, પોતે મોટરમાંથી ઉતરી પડી એને નવકાર સંભળાવ્યો. એકવાર સાપને લોકો મારી નાખવા તૈયાર થયેલા એમને અટકાવી પોતે પોતાનો ખેસ પાથરી એમાં સાપને લઈ બહાર જંગલમાં મૂકી આવ્યા. માછલા પકડવાનું રાતના પણ સાંભળે તો તરત નીકળી પડતા અને માછલા બચાવી લેતાં.

પશુની દયા ઉપરાંત માનવદયાના પણ એ સુકૃતો કરતા રહેતા. ગરીબોના લત્તામાં ફરી બીમારને દવા મોસંબી વગેરે દેતા રહેતા.

એમના મોટાભાઈ શાંતિભાઈની એમને સુકૃતકાર્યોમાં આર્થિક સહકાર મોટો. વર્ષો પૂર્વે મોટાભાઈ સારું કમાયો એથી કુટુંબીઓને શું ? એમ વિચારી ભાઈ પાસે પોતાના ૭ પેઢીના કુટુંબીજનો દરેકને રૂા. ૨૦૦૦ અને ૧૦ તોલા સોનું પહેરામણી અપાવેલ.

સાધુસેવામાં પણ રતિભાઈ ખડે પગે રહેતા. શ્રાવકના આચારપાલનમાં કેવા ચુસ્ત કે એકવાર દિગંબરોના આગેવાન સર હુકમીચંદજી રતિભાઈને ત્યાં રાતના આવેલા એમને રાત્રિભોજન ન આપ્યું. હુકમીચંદજીએ મુંબઈ શાંતિભાઈને લખ્યું તમે બહુ ભાગ્યશાળી છો કે તમને આવા ધર્મચુસ્ત ભાઈ મળ્યા છે, આવો ભાઈ મળવાનું મારું સૌભાગ્ય નથી.

રતિભાઈને પ્રસિદ્ધિ નહોતી ગમતી. સંસ્થાઓમાં મુખ્ય છતાં એમણે ફોટા પડાવ્યા નથી. એટલું જ નહિ પણ સંસ્થાની ચીજનો અંગત ઉપયોગ નહિ કરવાનો. તે જીવનના ઉપાંત્ય દિવસે આયંબિલ ખાતામાં દેખભાળ કરવા ગયેલા ત્યાં પગથિયું ચૂકતા પડી ગયેલ, પગે ફેક્ચર થયું. ચાલવાની હામ નહોતી. તેથી સંસ્થાની ચાદરમાં એમને બેસાડી લઈ જવાનું કરતાં એમણે ના પાડી દીધી. છેવટે ઘરેથી

ચાદર મંગાવી એમાં એમને બેસાડી ઊંચકીને લઈ જવામાં આવ્યા. ચૈત્ર વદ ૭નો આ પ્રસંગ ડાયાબિટીસ તથા હળવા હાર્ટએટેકના હિસાબે ઓપરેશન શક્ય નહોતું વેદના ભારે હતી. છતાં ૮૫ વર્ષની ઉંમર સુધી ધર્મ સાથે એકમેક થઈ ગયેલ. આ મહાન શ્રાદ્ધરત્નની સમતા સમાધિભાવ ગજબનો હતો. નવપદજી અને તીર્થનાં સ્મરણમાં લીન હતા. ચૈ.વ. ૮ અંતિમ દિવસ હતો. તબીયત વધુ બગડી. પૂ.ગણીશ્રી દાનવિજયજી મહારાજે એમને સુંદર નિર્યામણા કરાવી. પરિવાર સ્નેહીજનો નવકારમંત્ર ચત્તારિ મંગલ વગેરે સંભળાવતા પોતે અંતિમ સમય સુધી સાવધાન હતા. અરિહંતના સ્મરણમાં કાળધર્મ પામ્યા. ચારે તરફ શોક વ્યાપી ગયો. શમશાનયાત્રા બેન્ડબાજા સાથે નીકળી. જૈનેતર આગેવાનો પણ એમાં જોડાયેલા. એમની દયાના પડઘારૂપે અંતિમસંસ્કાર વખતે જગા તથા લાકડાં પણ પુંજી પ્રમાર્જીને લેવાયેલ સુખડના કાષ્ઠથી અગ્નિસંસ્કાર કરાયો ગામેગામથી શોકઠરાવો આવ્યા. બીજે દિવસે શોકસભામાં સૌ નાગરિકોએ ભાવાંજલિ અર્પી.

સારાંસ સ્વ. રતિભાઈનું શ્રાવકજીવન આ કાળમાં અદ્‌ભુત હતું. બોલવામાં પણ ગફલત થવા સંભવ તેથી પાપ લાગે માટે ૬ વર્ષ એમણે મૌન પાળેલું. ધર્મના નિયમિત આચરણના હિસાબે એ લગભગ માંદા પડ્યા નથી. એકવાર પગે ગૂમડું નીકળ્યું. તો એમણે ઉપવાસ કરી દીધેલ જેથી ગૂમડાને પોષણ ન મળે. આવા ધાર્મિક અને આરોગ્ય નિગમ જાળવનાર જૈન સંઘના નબીરા રતિભાઈ ૮૫ વર્ષ જીવ્યા છેલ્લે સુધી એમના પગ અને દાંત તંદુરસ્ત હતા. જિનશાસનની મહાન આરાધના અને પ્રભાવના કરી જનાર રતિભાઈનું ધન્ય જીવન ! ધન્ય આત્મા !

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૨,અંક-૪૩,તા.૧૪-૭-૧૯૮૪

એક શ્રમણરત્નની અલબેલી જીવન કહાણી

સિદ્ધાંત મહોદધિ વિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના અનેક શ્રમણ રત્નોમાંના એક તે તપસ્વી પૂ. મુનિરાજશ્રી **મતિધનવિજયજી મહારાજ,** ગત જેઠ વદ ૮ સમાધિમય ૪૦ વર્ષના નિર્મળ ચારિત્ર જીવન પર ૯૭ વર્ષની વયે સમાધિ મરણનું શિખર ચડાવી ગયા.

પૂ. મુનિરાજશ્રી સંસારીપણે મેસાણા પાસે પાલજ ગામના, પિતા ઝુમખરામ, માતા નવલબેનના સુપુત્ર છોટાભાઈ. પિતાના વિરહમાં મોટાભાઈ શ્રી ચુનીભાઈ (મુંબઈ લાલબાગ સંઘના અને વિશાળ વર્ધમાન આયંબિલ ખાતાના પ્રસિદ્ધ આગેવાન

જેઠાભાઈ ઘીવાળાના પિતા)ને પિતા તુલ્ય માને.

એકવાર મુંબઈ ધંધાર્થે જવા એમની રજા માંગી મોટાભાઈ કહે, 'મુંબઈ ધર્મભ્રષ્ટ થવા જવું છે ? બસ, નથી જવું !' છોટાભાઈ કહે, 'મોટાભાઈ ! પણ આ છોકરા-છોકરીઓ મોટા થયે પરણાવવા ખર્ચ ક્યાંથી કાઢશો ? તમે નિશ્ચિંત રહો, હું ધર્મ નહિ ચૂકું.' એમ ભાઈને વિશ્વાસ આપી પહેર્યે લુગડે મુંબઈ આવેલા. એમાં જેમ મારવાડી માટે કહેવાય કે 'દોરી લોટો લઈને પરદેશ ગયેલો તે લાખોપતિ થઈ ગયો !' એમ આમને બન્યું. મુંબઈમાં મહિને પંદર રૂપૈડીમાં નોકરી શરૂ કરી આગળ વધતાં મુંબઈ મૂડી બજાર (ઘી બજાર)ના આગેવાન વેપારી થઈ ગયા ! નાનાભાઈ અને મોટાભાઈના નામથી અમથાલાલ ચુનીલાલની ફર્મ શરૂ કરી, પોરબંદર ભાણજી લવજી ઘી ડીપોના મુંબઈ ખાતે સોલ એજન્ટ બન્યા. ઉપરાંત કાલબાદેવી પર દુકાન, અને વિસનગર ઘીની દુકાન ચાલુ કરી. હજી આમાં એવી નવાઈ નથી, પણ નવાઈ તો એ છે કે, ગરીબીમાંથી ૫૬-૫૭ વર્ષની વયે લાખોપતિ થઈ જ્યારે નિરાંતે સુખ સમૃદ્ધિમાં ઠરીઠામ બેસવાનો અવસર આવ્યો ત્યારે સમૃદ્ધિમય સંસારને એક વીરની અદાથી ફગાવી દઈ કપરા ચારિત્ર માર્ગે નીકળી પડ્યા !

આમ તો છોટાભાઈને વેપારનો રસ કેવો ભારે કે એમના ભાણેજ છોટાલાલને એક દિવસ તડકાવતા હતા કે, 'કેમ રોજ રોજ દુકાને મોડો આવે છે ?' આ કહે 'મામા ! વ્યાખ્યાને જાઉં એટલે મોડું થાય છે.' મામા કહે 'જા જા, ત્યાં બેસી રહે મહારાજ પાસે, એ તને રોટલો ખવરાવશે.' ત્યારે ભાણેજ કહે 'મામા ! તમે એકવાર વ્યાખ્યાન સાંભળવા આવો પછી મને કહેજો એમાં રસ કેવો આવે છે કે વચમાંથી ઊઠવાનું મન જ ન થાય.'

મામા છોટાભાઈ આકર્ષાયા. બીજે દિવસે વ્યાખ્યાને ગયા, સાંભળતાં એમ લાગ્યું કે 'શું છોટાએ મહારાજ સાહેબને કહી મૂક્યું હશે તે આજે આખું વ્યાખ્યાન મારા ઉપર જ ચલાવ્યું ?' બસ, અહીંથી છોટાભાઈના જીવનનો પરિવર્તન યોગ શરૂ થયો. મનને ભારે પસ્તાવો થવા લાગ્યો કે 'હાય ! આ વેપારના ને પૈસાના લોભમાં મેં આવી ઊંચી માનવ turning Point જિંદગી વેડફી નાખી ધર્મ કશો કર્યો નહિ ! પણ હજી જિંદગી હાથમાં છે હવે ધર્મ કરવા માંડું.' પછી તો સવારે પ્રતિક્રમણ, ચૈત્યપરિપાટી, પૂજા, વ્યાખ્યાન-શ્રવણ વગેરેમાં ચડી ગયા. આમ તો પહેલાં છૂટા રહેતા ત્યારે દુકાન પર બેઠા 'લાવ તારા ડબાનું ઘી કેવું છે' તે એમાંથી બે આંગળા પર ઘીનો મોટો લોંદો લઈ ચાખતા, એમ સાંજ પડ્યે ૫-૭ તોલા ઘી ખાઈ જનારા, તે હવે બેસણાં પર અને પછી એકાસણા પર ચડી ગયા.

વિ.સં. ૧૯૯૨ માં મુંબઈમાં પૂ. આચાર્ય ભગવાન શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ્રત્યે ખૂબ આકર્ષાયા, સાહેબ કહે 'છોટાભાઈ હવે ક્યારે નીકળવું છે ?' છોટાભાઈ ગળગળા થઈ કહે, 'સાહેબ ! હારી ગયો, ફસાઈ ગયો છું, એક ગઈ, તો બીજી કરી, એના નાના છોકરા-છોકરી, શેં નીકળાય ? સાહેબ કહે, 'એમાં શું ? એમ કરો છોકરા ૮ વર્ષના થાય એટલે બધાને લઈને નીકળાય એવી આજથી ગણતરી રાખી કામ કરો.' છોટાભાઈ જુગલિયા જેવા જીવ, તે કહે, 'ભલે સાહેબ ! આપની દયા થાય ને આખા કુટુંબનો ઉદ્ધાર થઈ જાય તો સારું.'

પછી તો છોટાભાઈએ ધર્મનો રંગ વધારી દીધો. એકવાર પૂ. ભાનુવિજયજી મહારાજ એમને કહે, 'છોટાભાઈ ! હવે આ વેપાર ધંધાના પાપ ક્યાં સુધી ?' ભલાભોળા છોટાભાઈ કહે 'બાપજી ! હું તો સવારથી બધી ધર્મક્રિયા અને એકાસણું પતાવી દુકાને ૧૨॥-૧ વાગે જાઉં છું. બે કલાક બેસું એમાં નોટોની થપ્પી થઈ જાય છે. એ એકદમ શે છોડાય ?'

મહારાજ કહે "છોટાભાઈ ! એ નોટોની થપ્પી તો એરુ (સાપ)નો ભારો છે. એનો મોહ મૂકી દો." છોટાભાઈ વિચારમાં પડી ગયા. અંતરમાં વૈરાગ્યની ગડમથલ ચાલુ થઈ. એમાં અમદાવાદમાં આગેવાન ચીમનલાલ કડિયાના નાના બંધુ કાન્તિલાલ કડિયા શોધતા હતા કે જો પોતાને સજોડે ક્યાંક બહાર પૂ. મુનિ મહારાજના સત્સંગમાં રહેવાનો સંયોગ મળે, તો પત્નીને ચારિત્ર માટે ભાવના મજબૂત થાય, તે છોટાભાઈ પૂ. આચાર્યદેવશ્રીને ખાસ વિનંતી કરી પૂ. ભાનુવિજયજી મહારાજને વીસનગર લઈ ગયા અને કડિયાને ત્યાં આમંત્ર્યા. પૂજ્યશ્રીના ૨૫ દિવસના પ્રવચનોમાં સંઘમાં ભારે ધર્મરંગ ફેલાઈ ગયો, ચીમનભાઈ નામના સુશ્રાવક (હાલ પૂ.પં. શ્રી યશોભદ્રવિજયજી મ.) જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચરી ચારિત્ર માટે તૈયાર થઈ ગયા ! કડિયાના ધર્મપત્ની પણ ચારિત્ર માટે પાકા તૈયાર થઈ ગયા ! અને છોટાભાઈનો પણ વૈરાગ્ય વધી ગયો.

એમાં વળી એકવાર 'એક ધક્કા ઔર દો' લાગી ગયું. બન્યું એવું કે મોટાભાઈ ચુનીભાઈ કાળધર્મ પામી ગયા. છોટાભાઈને બહુ દુઃખ થયું. મહારાજ સાહેબને પત્રથી જણાવ્યું કે 'અમારે માથેથી તો ખરેખર છત્ર ગયું, બહુ ખોટું થયું...' પૂ. આચાર્ય મહારાજ સાહેબે સમાધિનો ઉત્તર લખાવ્યો જેમાં અનેક વૈરાગ્યની વાતો સાથે જણાવ્યું કે "જુઓ, મોટાભાઈ એકદમ જશે એવી કલ્પના નહોતી છતાં એ ગયા, તો એમણે તમને ચિમકી આપી છે કે 'જુઓ તમારા માથે પણ મોતની તલવાર લટકતી છે એ ક્યારે પડે એનો પત્તો નથી. ત્યારે એ પડે એ પહેલાં આ ઉચ્ચ માનવ જનમમાંથી સાધવા જેવું સાધી લો. સાધવા જેવું એકમાત્ર ચારિત્ર

છે..." ઇત્યાદિ...

આ પત્રે છોટાભાઈને સાવધાન કરી દીધા, પત્ર વારંવાર વાંચ્યો, કેટલાયને વંચાવ્યો, અને પછીથી પૂ. આચાર્યદેવશ્રી પાસે આવી કહે 'સાહેબ ! મારું દીક્ષાનું મુહૂર્ત કાઢો. આપના પત્રે તો મારી આંખ ખોલી નાખી.' પૂ. સાહેબજીએ માગશર સુદ-૬નું શ્રેષ્ઠ મુહૂર્ત બતાવ્યું.

ઘરે જઈ શ્રાવિકા, તથા નાનાભાઈ અમથાલાલ, ભત્રીજા જેઠાભાઈ, પુત્ર વાડીલાલ, બાબુભાઈને ભેગા કરી કહી દીધું 'જુઓ મારે દીક્ષા લેવાની છે. શ્રેષ્ઠ મુહૂર્ત માગશર સુદ-૬ હોઈ છઠ્ઠની સાતમ નથી કરવાની. તમો કહો તો બધાને વહેંચી આપું. નહિતર પછીથી તમે અંદરોઅંદર ઝઘડશો.' કુટુંબીઓ મુહૂર્ત લંબાવવા ઘણું મથ્યા, પરંતુ એમણે તો છેલ્લો નિર્ધાર કહી દીધો. તરત બધા મંજૂર થયા, અને સૌ રાજી થાય એ રીતે છોટાભાઈએ તરત દુકાનો, મિલકત, વગેરેની ફાળવણી કરી દીધી.

ધિણોજ ગામ માટે વિ.સં. ૨૦૦૧ માગશર સુદ ૬ ખરેખર સોનાનો સૂરજ ઉગ્યો. મોટી ધામધૂમ સહિત અઠ્ઠાઈ મહોત્સવ માંડી, આ મહાન મુમુક્ષુ શ્રાવક છોટાભાઈ ૫૭ વર્ષની પાકટ વયે ઠરીઠામ બેસવાના અવસરે માગશર સુદ ૬ ના રોજે ચારિત્રપંથે ઝુકાવી પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય મુનિશ્રી મતિધનવિજયજી બન્યા. પછી તો મોટો ગુણ ગુરુ વિનય સહિત ગુરુ સમર્પણ એમણે ખૂબ વિકસાવ્યો. એટલું જ નહિ પણ કહે છે ને કે સિંહની જેમ લઈને સિંહની જેમ પાળ્યું અને ચારિત્ર લીધું તો લઈ જાણ્યું, તે ઘરે ઘીમાં ઉછરેલા આ ઘીયા મહારાજ સાધુરત્ને વિહારમાં પણ મોટી મોટી વર્ધમાન આયંબિલ તપની ઓળીઓ ચાલુ રાખી. તેમાં ય વિહારમાં માત્ર રોટલી ને દાળ યા ભાત ખિચડીના આંબેલ કરી લેતા એમ કરી ૮૧મી ઓળી સુધી પહોંચી ગયેલ !

(૧) આ શ્રમણ સુભટે આટલા તપથી સંતોષ ન માન્યો, પરંતુ વીશસ્થાનક તપના ઉપવાસ, છઠ્ઠ અઠ્ઠમ, ઉપરાંત અઠ્ઠાઈઓ પણ કરી, અને વિશેષ તો ૨૪ ભગવાનના ઉપવાસો કર્યા, ૧ લા ભગવાનનો ૧ ઉપવાસ, ૨ જા ના બે, ૩ જા ના ત્રણ... એમ ૨૪ મા ભગવાનના ૨૪ ઉપવાસ સુધી પહોંચેલા ! સિદ્ધગિરિમાં મોટી ઉંમરે પણ ચોવિહાર છઠ્ઠ કરી ૭ યાત્રા કરેલી.

(૨) પ્રેરણા મળતાં રોજની 'નમો અરિહંતાણં' પદની ૧૦૦-૧૨૫-૧૫૦ માળા ગણવા માંડેલી તે ક્રોડ જાપ પૂરો કર્યો. એકવાર ૪॥ માસમાં ૯ અઠ્ઠાઈ કરી. દરેક અઠ્ઠાઈમાં નવકારની ૧૨૫ બાંધી માળા લેખે ૧ લાખ નવકાર જાપ પૂર્ણ

કરેલા. બાકી ધાર્મિક વાંચનનો બહુ રસ તે નવરા ન બેસી રહેતાં વાંચનનો સ્વાધ્યાય કરતા રહેતા. મૂળ ચુસ્ત સદાચારી જીવન, નિયમિતતા, શક્ય સંયમ, અને સાત્ત્વિક આહારના પ્રતાપે મોટી ઉંમર સુધી આંખ સાજી ! પગ સાજા !

(૩) સંસાર છોડીને આવ્યા એટલે પોતાને ધર્મની આરાધનાનો રસ એવો કે એમની પાસે આવેલ શ્રાવકોને ય મીઠા શબ્દોથી અને વ્યવહારિક દલીલથી એવું સરસ સમજાવતા કે એ દેવદર્શન પૂજા સામાયિક નવકાર જાપ વગેરે કાંઈક કરવાનું નક્કી કરીને જાય. સાધુમહાત્માઓને જોઈને તો ખૂબ પ્રમોદિત થતા. ઉંમર થવા છતાં પોતાનું કામ જાતે જ કરી લેવાની ખેવના.

(૪) સંસાર મૂકીને આવ્યા ત્યારે જૂનીના એક પુત્ર એક પુત્રી અને નવીના બે પુત્ર એક પુત્રી હતા. આ મુનિ પુંગવને થઈ ગયું, 'આમનો સાચો બાપ બનું ! જો આ ભગવાનના શાસનમાં સંયમના માર્ગે વળી જાય તો એમનું અને બીજાઓનું પણ કલ્યાણ થાય.' યુવાન વયે વિસનગરમાં ધામધૂમથી પુત્ર-પુત્રીને દીક્ષા અપાવી. ચિ. કુમારપાળ મુનિશ્રી વિશ્વધનવિજયજી બન્યા, ચિ. મંજુલા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી બન્યા. બીજા પુત્ર બાબુલાલ સંસારમાં પોતાના બે પુત્ર બે પુત્રી સાથે મહાત્માને વંદનાર્થે જતા ત્યારે એ એક જ વાત કહેતા 'જો હવે તમે બધા નીકળી જાઓ તો બહુ સારી વાત છે. મોક્ષ જેવી ઉત્તમ ચીજ નથી સંયમ જેવું ઉત્તમ સાધન નથી.'

પુણ્યયોગે બાબુભાઈ પોતાની ધર્મપત્ની, બે પુત્રો, ને બે પુત્રીઓના પરિવાર સહિત પિંડવાડામાં પ.પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે દીક્ષિત બન્યા. બાબુભાઈનું નામ મુનિશ્રી બોધિરત્નવિજયજી રાખેલ. પત્ની તથા બે પુત્રીઓ સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ. પાસે દીક્ષિત થયેલ. બે પુત્રો મુનિશ્રી તપોરત્નવિજયજી અને મુનિ કુલરત્નવિજયજી બન્યા. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ.સા.ની પુત્ર-પૌત્ર મુનિવરોએ ખૂબ સેવા વૈયાવચ્ચ કરેલ. છેલ્લે બે વર્ષ બાપજી મ.ના તપોનિધિ પ.પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.નો યોગ મળતાં પ્રસન્નતા વિશેષ વધી. શરીરની નબળાઈ વધતી ચાલી. પૂ. મુનિશ્રી ચરણપ્રભવિજયજી મ. પગથિયાના ઉપાશ્રયે પધારતા એમણે ભાવથી તીર્થયાત્રા કરાવી. પછી પૂ.પં. રાજેન્દ્રવિજયજી મ. સુંદર આરાધનાનું સંભળાવતા.

આ મહાન તપસ્વી મુનિ ઠેઠ ૯૭ વર્ષની ઉંમરે પહોંચેલા, છતાં સમાધિ સુંદર હતી. જીવનના છેક જેઠ વદ ૮ છેલ્લા દિવસે સવારથી માંડી બપોરે ૩॥ વાગ્યા સુધી રોજની જેમ પોતાની સાધુચર્યામાં સાવધાન હતા. ત્યાંસુધી કોઈને

કલ્પના નહિ કે ૦।। કલાક પછી દીવો બુઝાઈ જશે, એવી એમની જાગૃતિ હતી. ૩॥ પછી છાતીમાં સહેજ મુંઝવણ થઈ. પૂ. પંન્યાસજી મહારાજે ભવ્ય નિર્યામણા કરાવી, બધાય નવકાર સંભળાવવા માંડ્યા, અને છેલ્લે ૩॥। વાગે નવકાર સાથે સમાધિ મરણ પ્રાપ્ત કરી જીવન અને મૃત્યુ ધન્ય બનાવી ગયા. પુત્રો-પૌત્રો સુધી ચારિત્રધર્મનો વારસો પહોંચાડનારા આ મહાન મુનિરત્નના અભિનંદન કરીએ એટલા ઓછા છે. અમદાવાદમાં રહી જનતાની એટલી બધી ચાહના મેળવેલી કે બીજે દિવસે શણગારેલી પાલખીમાં એમના પવિત્રદેહની શમશાનયાત્રામાં હજારો ભાવિકો જોડાયેલા. પૂર્વવયની ખોટને પાછલી વયમાં માત્ર ભરપાઈ જ નહિ કિન્તુ દર્શન જ્ઞાન ચારિત્રની સાધનાથી નફાના આંકડા વધારી દેનાર આ મહાત્માના જીવનને ધન્યવાદ !

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૩,અંક-૨,તા.૧૫-૯-૧૯૮૪**

● **મુંબઈ :** અત્રે ચંદનબાળા જૈન ઉપાશ્રયમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ગણિવરના શિષ્ય **મુનિરાજશ્રી હિતવર્ધનવિજયજી મ.** શ્રાવણ વદ ૮ના અદ્‌ભુત સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. છેલ્લી અવસ્થામાં માસક્ષમણ ખૂબ જ સમભાવપૂર્વક કર્યું. છેલ્લા ઉપવાસ સુધી વ્યાખ્યાન પ્રભુદર્શન દેવવંદનાદિ ક્રિયા ખૂબ ઉપયોગપૂર્વક કરતા. પારણા પછી અશક્તિ લાગવા માંડી ૪-૬ દિવસ બાદ તાવ દાખલ થઈ ગયો. પણ સમભાવે બધું જ સહન કર્યું. છેલ્લે શ્વાસ તથા હેડકી જેવું જણાતા આરાધના કરી લીધી. સમ્યક્‌ત્વ, કરેમિભંતે પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યા. બધું જ હાથ જોડીને કર્યું. બધા સાથે ક્ષમાપના પણ કરી. હાથના વેઢા ઉપર નવકારમંત્ર ચાલુ કરી દીધા. પ્રતિક્રમણ પણ ઉપયોગપૂર્વક કરેલ. પછી સ્તવન-સજ્ઝાય સંભળાવ્યા. વેઢા ઉપર નવકાર ગણવાનું ચાલુ હતું. જીવ ગયો ત્યારે અંગૂઠો વેઢા ઉપર જ હતો. સાત વર્ષમાં ચાર માસખમણ કર્યા. સરળતા ગુણને જીવનમાં અત્યંત વણેલો. જીવન ધન્ય બનાવી ગયા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૩,અંક-૧૦,તા.૧૭-૧૧-૧૯૮૪**

● **મુંબઈ :** ચંદનબાળા ઉપાશ્રયમાં ગણિશ્રી હેમચંદ્રવિજયજી મ.શ્રીની નિશ્રામાં મુનિશ્રી હીતવર્ધનવિજયજી મ. ના સમાધિપૂર્વક કાળધર્મ પામેલ તેમના સંયમની

અનુમોદનાર્થે ભવ્ય મહોત્સવ ઉજવાયો. આખા દેરાસરને શણગારેલ. લાખેણી ઝવેરાતની આંગી થતા લગભગ ૨૫ હજાર ભાવિકોએ દર્શન કરેલ. તેમજ વસ્તુપાલ તેજપાલ, ભક્તામર સ્તોત્ર અને દાનવીર જગડુશાની રંગોળીનું આયોજન થયેલ.

રાજનગરસ્થ જિનભક્તિ સંગીતકારોના ગગનમાં અસ્ત પામેલ પ્રમુખ સીતારો : શ્રી ચતુરદાસ ચીમનલાલ

ગત માગસર વદ ૧ સવારે ૮ વાગે દિવ્ય-દર્શનના આદ્યતંત્રી શ્રી ચતુરભાઈ ચીમનલાલ શાહ અમદાવાદમાં પોતાના નિવાસસ્થાને વિશાળ સ્વજનમંડળ વચ્ચેથી પરલોકપ્રયાણ કરી જતાં સ્વજનોને અમોને એક ગુણિયલ સમર્થ વડીલ અને સલાહકારની, રાજનગરના ભક્તિસંગીત રસિક હજારો જનોને પ્રાચીન રાગ-રાગણીમય પૂજા-સંગીતભક્તિના સમર્થ જમાવનારની અને દિવ્ય-દર્શનના સભ્યમંડળને આદ્યસંસ્થાપકની તથા શ્રી જૈનસંઘને એક મહાન પ્રભાવક ધર્માત્માની મોટી ખોટ પડી છે.

એઓશ્રીનું કુળ કેટલું બધુ ધર્મપ્રતિષ્ઠાવાન ! એઓશ્રીના પિતાજી શ્રી ચીમનભાઈ ભગત રાજનગરમાં કોયલાશા મધુરા રાગરાગિણીમય સૂરે પૂજાઓ ભણાવનાર તરીકે પ્રસિદ્ધ ! એઓશ્રીના બે મોટાભાઈ દીક્ષિત થઈ, એમાં સૌથી મોટા તે વર્ધમાન તપોનિધિ પૂ.આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ! અને એઓશ્રીથી નાના તે સદ્ગત પૂ. પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવર ! નાના બેન તે દીક્ષિત થઈ પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિજી મહારાજ બનેલા તે આજે રાજનગર અને ગામેગામના હજારો શ્રાવિકાબેનોમાં અદ્ભુત મધુરા સંગીતમય સ્તવન-સજ્ઝાય-પૂજાઓની રસલહાણ પીરસનાર તરીકે પ્રસિદ્ધ ! સૌથી નાના ભાઈ દીક્ષિત બની પૂ. મુનિરાજશ્રી તરુણવિજયજી મહારાજ થયેલા તે ટુંકા લગભગ બે વરસના ચારિત્રપર્યાયમાં સંયમની સુવાસ રેલાવી જનાર ! ત્યારે ચતુરભાઈની નિર્મળ પ્રતિષ્ઠા કેવીક !

સ્વ. શ્રી ચતુરભાઈ સામાન્ય સ્થિતિમાંથી જાતમહેનત અને પ્રામાણિકતા, સહૃદયતા, લોકપ્રિયતા વગેરે સદ્ગુણોથી અમદાવાદ રેવડી શેરબજારના ઠેઠ ડાયરેકટર પદ સુધી પહોંચેલા ! પરંતુ એથી ય વિશેષ તો રાજનગર અને બહારગામોમાં પૂજા-ભાવના સંગીતભક્તિની માનદસેવા અર્પી પ્રસિદ્ધ પામેલ શ્રી જૈનધર્મ આરાધક

મંડળની વિ.સં. ૨૦૦૧માં એમણે સ્થાપના કરી તે મંડળ આજ સુધી જનતાને જિનેન્દ્ર ભગવાનની સંગીતભક્તિ પીરસતું આવ્યું છે. એ બધુ ચતુરભાઈની આગેવાનીને આભારી છે. એમનો આ ભક્તિરસ કેવો અદ્ભુત કે બહુ પાછલી અવસ્થામાં કફ શ્વાસની તકલીફથી પીડાતા છતાં, કહે છે, એઓશ્રી સમાધિમૃત્યુના પંદર દિવસ પહેલાં મનસુખભાઈ શેઠની પોળના દેરાસરમાં પૂજા ભણાવવા ગયેલા !

સદ્ગત ચતુરભાઈ એવી પ્રાચીન દેશીઓમાં પૂજાઓ ભણાવતા કે અમદાવાદ જેવા મોટા શહેરની અનેક પોળો તથા સોસાયટીઓમાં લોકોને આધુનિક ગવૈયાઓ કરતાં એમના મોંઢે ગવાતી પૂજાઓ સાંભળવી ગમતી ! ખૂબી તો એ હતી કે વૈતનિક સંગીતકારો એક પૂજા એક જ રાગમાં હલાવ્યે જાય, ત્યારે શ્રી ચતુરભાઈને પૂજાની ૨-૩ ૨-૩ કડીએ દેશીમાંય તર્જ બદલવા જોઈએ, તેથી મોટી ઢાળોની ૧-૧ પૂજામાં શ્રોતાઓને રસ જળવાઈ રહેતો. બીજી ખૂબી એ હતી કે બીજા ગવૈયાની જેમ પૂજાઓ માત્ર પોતે ગાય અને બીજાઓ સાંભળ્યા કરે એમ નહિ, પરંતુ પૂજામાં આવેલા બધાને પૂજા ઝીલાવતા, અને તાલીમ સંગીતની રમઝટ મચાવરાવતા. 'શ્રી અષ્ટાપદજીની પૂજા તો ચતુરભાઈની' એ વાયકા એવી ભારે જામી પડેલી કે બહારગામ નડિયાદ ખંભાત સુરત અને કલકત્તા સુધી લોકોએ ચાહીને આ પૂજાની સંગીતભક્તિ લહાણ માગી માગીને લૂંટેલી. બાકી રાજનગરમાં એમણે વરસે દહાડે લગભગ ૨૦૦ પૂજા-ભાવનાના કાર્યક્રમ આપી લગભગ ૪૦ વરસમાં હજારો ભવી જીવોને જિનભક્તિના અમીપાન કરાવ્યા છે તે અવર્ણનીય છે.

મહાન ધર્માત્મા સ્વ. શ્રી ચતુરભાઈએ અમદાવાદ જ્ઞાનમંદિરમાં પોષધસમિતિ સ્થાપેલી. એમાં પોષધ કરનારની સંખ્યા વધતી ચાલેલી, અને સુકૃતના અર્થીઓ પોષધ કરનાર વિરતિધરોની ભક્તિ કરવા માટે સામેથી આવીને માગણી કરતા.આમાં અને બીજે ઉત્સવભક્તિમાં ચતુરભાઈના નેતૃત્વ નીચે જૈનધર્મ આરાધકમંડળ ભક્તિ વ્યવસ્થામાં ખડે પગે રહેતું. મંડળમાં વેપારીઓ પણ સભ્ય હતા, અને સૌ ચતુરભાઈની સ્નેહભરી કાર્યપદ્ધતિથી એમને માથે ધરીને ચાલતા ! દુઃષમ કાળમાં આ આશ્ચર્યજનક છે કે જ્યારે કેટલાય મંડળો અને સમિતિઓ ઉત્સાહથી ખડા થયા પછી આંતરિક વિખવાદે પાછળથી એનાં વિસર્જન થઈ જાય છે, ત્યારે આ શ્રી જૈનધર્મ આરાધકમંડળ ૪૦-૪૦ વરસની યશસ્વી કારકીર્દી પછી આજ સુધી શ્રી ચતુરભાઈના એક નેતૃત્વ નીચે અવિસર્જિત ઊભું છે. આનું પ્રધાન કારણ ચતુરભાઈની શાંત સૌમ્ય સ્નેહભરી કાર્યપદ્ધતિ તથા મધમીઠી જબાન.

એટલે જ સ્વ. શ્રી ચતુરભાઈ ધાર્મિક બોલીઓ બોલાવવામાં નિષ્ણાત હતા. જ્ઞાનમંદિરમાં કે બીજે એ બોલી બોલાવવા ઊભા થાય અને એવું પ્રેરક ભાષણ કરે

સાથે સંગીતમય બે કડી જનતાને એવી ઝીલાવે કે બોલીના કુલ બોલીનો આંક એ કાળે ઠેઠ પા। લાખ સુધી પહોંચેલો !

એમના વતન કાળુસીની પોળમાં ભોંયરામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરની જીર્ણોદ્ધાર પછી પુનઃ પ્રતિષ્ઠાના ભવ્ય ઓચ્છવમાં પણ એમ બનેલું. વિશેષ તો શ્રી ચતુરભાઈની સૌમ્ય અને પ્રેરક કાર્ય પદ્ધતિથી પોળના સમગ્ર યુવાનો એમની રાહબરી નીચે ઉત્સાહથી કામે લાગી ગયેલા. એવું બેન સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ.ના વડશિષ્યા સા. શ્રી જશકીર્તિશ્રીજી મહારાજની વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ મી ઓળીના પારણાના અતિ ભવ્ય ઉજમણા સહિતના રોનકદાર મહોત્સવમાં બનેલું.

સ્વ. ચતુરભાઈમાં પરોપકાર ઉપરાંત પોતાના જીવનમાં ઉદારતા, સહિષ્ણુતા, પ્રભુભક્તિ, સાધુ-સાધ્વીની ભક્તિ, સંઘસેવા, સત્યનિષ્ઠા, પ્રામાણિકતા વગેરે સુંદર ગુણસંપત્તિ હતી. પ્રામાણિકતા પર આગ્રહ કેવો કે એમના પુત્રોને એ જ સલાહ આપતા કે, 'જો જો સારી પોસ્ટની નોકરીમાં પણ ક્યાંય અનીતિ વિશ્વાસઘાતનું પાપ કરતા નહિ. ભલે પૈસા મળવાના જાય.' તે એમના મોટા પુત્ર ભરતભાઈ મિલમાં સેલ્સમેન ડિપાર્ટમેન્ટમાં મોટા હોદ્દેદાર બનવા છતાં ભરતભાઈ ચુસ્ત પ્રામાણિકતા અને વિશ્વાસપાલનથી શેઠિયાના અનન્ય વિશ્વાસપાત્ર બનેલા.

સ્વ. શ્રી ચતુરભાઈએ દિવ્ય-દર્શન સાપ્તાહિકનું વર્ષો સુધી સફળ સંચાલન કરીને ભારતભરમાં હજારો ભવ્યાત્માઓને અધ્યાત્મવાણીનું પાન કરાવીને જે પુણ્યાનુબંધી પુણ્ય ઉપાજર્યું હશે તે અવર્ણનીય છે. આજે એમના ચાલી જતાં જ્યાં રાજનગર રડી ઊઠે, ત્યાં અમારા જેવા રડતા બેસે એમાં શું આશ્ચર્ય છે ? અચિંત્ય પ્રભાવી અરિહંતદેવને અમે પ્રાર્થના કરીએ છીએ કે એઓશ્રીના આત્માને પરમ શાંતિ મળો. અને અમારામાં એઓશ્રીના ગુણો આવો.

• • •

● **અમદાવાદ :** અત્રે મુનિરાજશ્રી પરમાનંદવિજયજી કારતક વદ ૪ના સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. સ્વ. મુનિશ્રી મૂળ ભાલકના રહેવાસી. વિ.સં. ૨૦૩૧માં દીક્ષા લઈ પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ.ના શિષ્ય થયેલા. વયોવૃદ્ધ ઉંમરમાં પણ આરાધના સારી કરી ગયા. ૩૧ વર્ધમાનતપની ઓળીઓ, રોજ ૨૦ બાંધી નવકારવાળી, સાધુઓને જોઈ અતીવ આલ્હાદ-નાની પણ સેવા કરનારની ઉપબૃંહણા, નમ્ર સ્વભાવ વગેરે ગુણો અનુમોદનીય હતા. સ્વ. ની સંયમની અનુમોદનાર્થે શ્રી નવરંગપુરા સંઘે શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર કર્યો. મુનિશ્રી ચરણપ્રભવિજયજી મ. સેવા-સંભાળ સારી કરેલ.

પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજા

વિ.સં. ૧૯૯૨ મહા સુદિ બીજને દિવસે ઉજ્જવલ જૈનશાસનના ગગનમાંથી એક ઝળહળતો સૂરજ અદૃશ્ય થયેલ. -એ ઝળહળતો સૂરજ એટલે પરમગુરુદેવ પ્રૌઢગીતાર્થ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રચંડ આકર્ષણોને ફગાવીને આ મહાપુરુષે વિ.સં. ૧૯૪૬ માં ઘોઘા મુકામે આપણા ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ પાસે સાધુદીક્ષા અંગીકાર કરેલી. પંચાચારના પાલનમાં ચુસ્તપણું અને કડકાઈ તથા જૈનશાસ્ત્ર સિદ્ધાન્તોની દૃઢ શ્રદ્ધા અને સુરક્ષા માટે શ્રી જૈનસંઘમાં તેઓશ્રી ખૂબ જ ચાહનાપાત્ર બનેલા. વડોદરા નરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડે તેઓશ્રીને રાજમહેલ પર સન્માનપૂર્વક તેડાવીને દિવસોના દિવસો સુધી તેમની ધર્મદેશનાનું શ્રવણ કરેલું. તેઓએ રચેલા 'શ્રી વિવિધ પ્રશ્નોત્તર ભા. ૧ અને ભા. ૨' ગ્રન્થમાંથી તેઓ કેવા પ્રખર વિદ્વાન્, કેવા શાસ્ત્રચુસ્ત અને શ્રી જૈનધર્મ પ્રત્યે કેવી અગાધ શ્રદ્ધા ધરાવતા હતા તે સહજ રીતે જાણી શકાય છે. અહીં નીચે તે ગ્રન્થમાંથી એક સુંદર પ્રશ્નોત્તર રજૂ કરવામાં આવે છે. ઠંડે કલેજે સ્વસ્થચિત્તે આ પ્રશ્નોત્તર વાંચ્યા પછી, જેઓ કેટલાક એવી જૂઠી ભ્રમણા સેવે છે કે "લૌકિક આશયથી પળાતો ધર્મ મહાભૂંડો, રીબાઈ રીબાઈને મારે આ માન્યતામાં તેઓશ્રી સંમત હતા." -તેઓની એ ભ્રમણા કેટલી પોકળ છે તેનો સરળહૃદયી શાસ્ત્રપ્રિય જૈન જનતાને સ્પષ્ટ ખ્યાલ આવી જશે, ને જૈનધર્મને મહાભૂંડો કહેનારી દેશનામાં સ્વ. પૂજ્યપાદશ્રી કોઈપણ રીતે સંમત ન જ હોય તે હવે કોઈને ઝાઝું સમજાવવાની જરૂર રહેશે નહિ. પૂજ્યશ્રીનું વિસ્તારથી જીવન-કવન તથા તેમની સિદ્ધાન્તપ્રિયતા આદિ જાણવા માટે પૂજ્યશ્રીનો પ્રશ્નોત્તર ગ્રન્થ વાંચવા સૌ કોઈને ભલામણ છે. મહા સુદી બીજનો દિવસ તેઓશ્રીની સ્વર્ગવાસ તિથિ છે. આપણે સૌ તે પૂજ્યશ્રી પ્રત્યે સબહુમાન શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

વિવિધ પ્રશ્નોત્તર ભાગ-૨ પ્રશ્ન-૧૩૮

પ્ર.- જેને મોક્ષની શ્રદ્ધા જ નથી તેવા અભવ્ય પ્રાણીઓ પારમેશ્વરી દીક્ષા શા હેતુથી ગ્રહણ કરતા હશે ?

ઉ.- અંતરગત શ્રદ્ધા નહિ હોવા છતાં દ્રવ્યાદિક અનેક દેખીતા અદુષ્ટ કિંવા દુષ્ટ હેતુઓથી પણ શુભ અનુષ્ઠાનને સેવનારા જગતના ચોકમાં દૃષ્ટિગોચર થાય છે... એજ સનાતન નિયમ પ્રમાણે અભવ્ય આત્માઓ પણ શ્રદ્ધા નહિ હોવા છતાં

'તપશ્ચર્યા કરવાથી જગતમાં સ્વશ્લાઘા-માન-પૂજા વગેરે થાય છે... તેને અર્થે તથા કેટલાક તો મોક્ષની નહિ, પરંતુ પરલોકાદિની શ્રદ્ધાવાળા દેવાદિકની સુખની પ્રાપ્તિને અર્થે પણ ચારિત્ર ગ્રહણ કરે છે... આ સંબંધમાં શ્રી બૃહત્કલ્પભાષ્યની પીઠિકામાં લખે છે કે-

''दट्ठुण जिणवराणं, पूयं अन्नेण चावि कज्जेण ।
सुयलंभो उ अभव्वे, हविज्ज थंभेण उवनीए ॥''

સારાંશ :- ગ્રંથિદેશ પ્રાપ્ત થયેલ અભવ્યજીવ શ્રી જિનેશ્વર પરમાત્માની દેવેન્દ્ર તથા નરેન્દ્રાદિકો વડે થતી પૂજા દેખીને 'અહો ! તપશ્ચર્યાથી જગતમાં કેવી પૂજા થાય છે !' એવો વિચાર ઉત્પન્ન થવાથી પૂજાને અર્થે, અથવા કેટલાક પુણ્ય તેમજ પાપકર્મો અને તેના ફળો પરલોકમાં પ્રાપ્ત થાય છે...' ઇત્યાદિ શ્રદ્ધાવાળા તપશ્ચર્યાથી દેવલોકાદિ સુખની પ્રાપ્તિને અર્થે પણ જિનદીક્ષા અંગીકાર કરે છે... આ દીક્ષાના પ્રતાપથી તે સામાયિક-ચતુર્વિંશતિ સ્તવાદિ દ્રવ્યશ્રુતને પ્રાપ્ત કરે છે... તેમજ દ્રવ્ય પણ શુદ્ધ ચારિત્ર ક્રિયાના પ્રભાવે તે ગ્રૈવેયકપણાના સુખને પણ પામે છે...'

આજે જે એમ કહેવાય છે કે, 'જો શ્રદ્ધા વગેરે શુભભાવ ન હોય (ભાવ મલિન હોય) તો જિનપૂજન-ગુરુવંદન-વ્યાખ્યાનશ્રવણ વગેરે શુભક્રિયાઓ શું કામ કરે ?' તે તદ્દન ગેરવ્યાજબી છે... તે આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે... **ચારિત્ર સુધીની ક્રિયાઓ પણ જ્યારે અન્ય ઇચ્છાઓથી ઉપર મુજબ કરનાર કરી શકે છે, તો પછી સાધારણ ક્રિયાઓ માટે પૂછવું જ શું ?'** એક વાત.

બીજું - જેઓ ક્રિયાઓને દંભ તરીકે ગણી 'બધા જ દેખાવ ખાતર ક્રિયાઓ કરે છે.' એમ માને છે. તેઓનું માનવું પણ ગેરવાજબી છે... કારણ કે સઘળા એ પ્રમાણે કરનારા નથી હોતા, પરંતુ અભવિ અને અભવિતુલ્ય બીજા જેઓ ભવાકાંક્ષી તથા ચારિત્રાદિકને પામીને પણ સિદ્ધાન્તમાર્ગને આધો મૂકી મનસ્વીપણે લૌકિક ઓઘમાર્ગનું સેવન કરનારા હોય છે... તેઓ એ પ્રમાણે શ્રદ્ધા વગેરે નહિ હોવા છતાં દેખાવ વગેરે ખાતર ક્રિયાઓ કરનારા હોય છે.

ત્રીજું - 'ભાવ વિના ક્રિયા કરવી નકામી છે. મેરુ સમ ઓઘા-મુહપત્તિ થયા, મન મુંડાવ્યા વિણ માથુ મુંડાવ્યું શું કામનું ?' વગેરે બોલી જેઓ શુભક્રિયાઓને તથા સંયમના વિશિષ્ટ લિંગ અને આચારોને વખોડે છે.

તેઓ પણ ભયંકર ભૂલ કરે છે... કારણ કે દ્રવ્યક્રિયાઓ પણ ભાવનું કારણ છે. ઘણા તે રીતે પામેલા પણ છે... તથા દ્રવ્યચારિત્ર તો અભવિ જેવાને પણ

નવમા ગ્રૈવેયક સુધી લઈ જાય છે... શુભભાવ લાવવા માટે યત્ન કરવો જોઈએ, પરંતુ તે વિના આ ક્રિયાઓને વખોડવામાં તો તેના ઉપરોક્ત અચિંત્યમહિમા પ્રત્યે કેવલ અખાડા જ કરવામાં આવે છે, કે જે વિદ્વાનો માટે લેશપણ પસંદ કરવા યોગ્ય ગણી શકાશે નહિ.

આ સિવાય ચોથી વસ્તુ એમાંથી સમજવાની છે તે એ છે કે-અભવિ સંયમ લઈને જે એટલું પણ દ્રવ્યશ્રુત પામે છે, તથા પોતાના આત્માને ગ્રૈવેયક સુધી ઊંચો લઈ જાય છે તે પણ સુવિહિત મુનિલિંગનો આદર કરવાથી, સુવિહિત ક્રિયાઓને નિરતિચારપણે અનુસરવાથી, ચોકખું સંયમ પાળવાથી અને શાસ્ત્રોક્ત શુદ્ધ દેશના દેવાથી જ, (પણ) નહિ કે કુલિંગ ગ્રહણ કરવાથી, મનસ્વી ક્રિયાઓ કરવાથી, અથવા ક્રિયાઓને ઊંચી મૂકવાથી, કંચન તથા કામિનીના સંસર્ગથી, ચારિત્રને મલિન કરવાથી, કદાગ્રહ અને કુશીલને આધીન થવાથી, તેમજ શાસ્ત્રથી વિપરીત અને અર્થકામાદિકની દેશનાઓ આપવાથી.

જૈન નામ ધરાવનાર સૌ કોઈ આજે પોતાના આત્મહિતાર્થે આટલું સમજી લે, એ ખાસ જરૂરી છે.''

પૂજ્યશ્રીના આ પ્રશ્નોત્તરથી ફલિત થાય છે કે અર્થ-કામ અને તેની જ દેશના એ જરૂર વખોડવા લાયક છે પણ **મોક્ષ સિવાયની ઇચ્છાઓથી થતા ધર્મને મહાભૂંડો કહીને વખોડાય નહીં.**

''દિવ્ય-દર્શન'' - ''શ્રદ્ધાંજલિ'' વર્ષ-૩૩,અંક-૩૬,તા.૮-૬-૧૯૮૫

● **સુરેન્દ્રનગર :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંતશેખરવિજયજી મહારાજાના શિષ્યરત્ન **પૂ. મુનિરાજશ્રી જયદેવવિજયજી** અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમણે નાની ઉંમરમાં ચારિત્ર લીધેલું અને ૩૨ વર્ષનો દીર્ઘ ચારિત્ર પર્યાય પાળેલો. સારા વિનયવાળા અને ડહાપણવાળા હતા. સ્વ. સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની તથા વયોવૃદ્ધ સંઘ સ્થવીર મુનિરાજશ્રી પ્રિયંકરવિજયજી વગેરેની સેવા વૈયાવચ્ચ સારી બજાવેલી. પોતાની તબિયત નરમ જેવી છતાં સેવા બજાવતી વખતે એને ગણકારતા નહિ. જ્ઞાનના સારા અભ્યાસી હતા. જે કામ હાથમાં લે તેને સારી રીતે પાર પાડવાની કુશળતાવાળા હતા. શ્રમણ સંઘનું એક રત્ન હતા. એમના કાળધર્મથી શાસન તથા સમુદાયને ઉત્તમ મુનિવરની ખોટ પડી છે. 'એમના આત્માને પરમ શાંતિ મળો'

એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૩,અંક-૩૭,તા.૧૫-૦૬-૧૯૮૫

અમદાવાદ :- જૈન સંઘનો એક મહાન સીતારો આથમી ગયો.

મહાન અર્હદ્‌ભક્ત અને શાસન પ્રભાવક પૂ. **આચાર્યદેવશ્રી કૈલાસસાગર-સૂરીશ્વરજી મહારાજ** જેઠ સુદ ૨ પ્રભાતે આ પૃથ્વી પરથી વિદાય લેતાં શ્રી જૈનસંઘને મહાન ખોટ પડી છે. એઓશ્રી સંસારીપણે પંજાબમાં જન્મી યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ થયેલ. મહા વૈરાગ્યથી વિશિષ્ટ ત્યાગી શ્રી રવિસાગરજી મહારાજના સમુદાયમાં ચારિત્ર લીધેલું. ક્રમશઃ જિનાગમ વગેરેનું પ્રબળ જ્ઞાન પામી લગભગ ૫૪ જેટલા જિનમંદિર નિર્માણ-જિર્ણોદ્ધાર, ૮૦ જિનમંદિરોમાં પ્રતિષ્ઠા-અંજનશલાકા, યાત્રાસંઘ ઉપધાન વગેરેથી સુંદર ધર્મ-શાસન પ્રભાવના કરેલી. નિર્મળ બ્રહ્મચર્ય, યોગ અધ્યાત્મધ્યાન વગેરેના એ ખૂબ રસિયા શાંત સ્વભાવ, સંઘવાત્સલ્ય, મિલનસાર વૃત્તિ, ગંભીરતા, ઉદારતા, સહિષ્ણુતા વગેરે અનેક ગુણોથી અલંકૃત હતા.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૪,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૮૫

● **મલાડ :** પ.પૂ.આચાર્યશ્રી ધનપાલસૂરિ મહારાજના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી મ.ના શિષ્યા મલાડ (પૂર્વ) માં ચોમાસું રહેલ **સાધ્વીજી શ્રી શીલવર્ધનાશ્રીજી** મ. આસો વદ ૫ રાત્રે ૯-૦૦ કલાકે ખૂબ જ સમાધિમાં કાળધર્મ પામ્યા છે. એમણે આ ચોમાસામાં રત્નપુરી-ઉપાશ્રયમાં શ્રાવિકાઓમાં વ્યાખ્યાનાદિથી ધર્મની જાહોજલાલી કરેલ. છેલ્લા ૨૦-૨૫ દિવસથી તેમનું સ્વાસ્થ્ય બગડતું જતું હતું છતાં તેમનો અંતરાત્મા ઘણો જ જાગૃત રહેતો. છેલ્લે સુધી અરિહંતનું સ્મરણ ચાલુ રાખેલું. તેમના પુત્રી સાધ્વીજી શ્રી નંદીવર્ધનાશ્રીજી વર્ષોથી તેમની સારી સેવા બજાવતા તે છેલ્લી ઘડી સુધી સારી વૈયાવચ્ચ કરેલી. મલાડનો શ્રી સંઘ ખડે પગે ભક્તિપૂર્વક સેવા કરતા. અત્રે હીરસૂરિ ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલ પ.પૂ. સિદ્ધાન્ત દિવાકર શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ તથા પતિ પુત્રમુનિઓ શ્રી રવિકાન્ત વિજયજી વગેરે તેમને બીમારીમાં સારું સંભળાવતા. છેલ્લે પોતાના મોઢે નવકાર વગેરે ધીમે સ્વરે બોલતા. જાગૃતિ અને સમાધિ ઘણી સારી સકલ સંઘ નવકારની ધૂન સંભળાવી રહ્યો હતો. લગભગ સાતેક વર્ષ સંયમ પાળીને અંતે સમાધિમાં આ નશ્વરદેહનો ત્યાગ કરી ગયા સંઘને એક સારા સાધ્વીરત્નની ખોટ પડી એમને પરમ શાંતિ મળો.

એક શાસનદીપક બુઝાઈ ગયો

● **શ્રીપાળનગર** (વાલકેશ્વર) ઉપાશ્રયમાં શાસનપ્રભાવક મહાન આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ**ની સંયમમય જીવનયાત્રા માગશર સુદ ૫ સોમવારે સમાપ્ત થવાની નોંધ લેતાં અમને ઘણો ખેદ થાય છે.

એઓશ્રીની સંસારિપણે માતા મણિબેન મહાવીર ભગવાનના કેવા એક આદર્શ શ્રાવિકા ! કે જેમણે પોતાના ત્રણ પુત્રોમાંના સૌથી મોટાને પહેલાં, ને સૌથી નાનાને પછીથી દીક્ષા અપાવી પૂ. મુનિરાજશ્રી મલયવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ બનાવેલા. હવે તો એમને સંભાળનાર વચેટ એક જ દીકરો, એને પણ વૈરાગી થતાં ચારિત્ર માર્ગે સહર્ષ સંમતિ દઈને પૂ. મુનિરાજશ્રી રવિવિજયજી મહારાજ બનાવેલા... આવી ધન્ય માતાના સંતાન પૂ. આ.શ્રી વિજય રવિચંદ્ર સૂ.મ.માં ધર્મવૈભવ અને ગુણવૈભવની શી કમીના હોય ? એઓશ્રી પોતાના સંયમજીવનમાં આગમશાસ્ત્ર - પ્રકરણશાસ્ત્ર - તથા ન્યાયાદિ દર્શનશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો, વર્ધમાનતપ, આયંબિલ, ઓળીઓ વગેરે સારી તપશ્ચર્યા કરી, એમની પ્રવચનશક્તિએ પણ ખાનદેશ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર વગેરેમાં ભવ્યાત્માઓને સુંદર કોટિના ધર્મના રસથાળ પીરસ્યા. છેલ્લે ગઈસાલમાં પુના લશ્કરવાળા ખેમચંદ દયાળજીના બંગલામાં ઊભા કરાયેલ ભવ્ય શિખરબંધી જૈનપ્રાસાદની વૈશાખ માસમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી એઓશ્રી મુંબઈ તરફ વિહાર કરી પધારી રહ્યા હતા એમાં પનવેલ પહોંચવા પહેલા રસ્તામાં મોટી મોટર ટ્રકે એમને ટક્કર લગાડી ૮ ફૂટ ઊંચે ઉછાળ્યા તે ઉછળીને રસ્તાની બાજુમાં દસેક ફૂટ નીચે પથ્થરો ઉપર પટકાયા. એમને તરત જ મુંબઈ લાવવામાં આવ્યા. આ સમાચાર લાલબાગ ઉપાશ્રયમાં રહેલ વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને મળતાં તરત જ એઓશ્રી મુનિઓ સાથે હૉસ્પિટલે પહોંચી ગયા...

પૂજ્ય આચાર્યશ્રી વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ એટલા પુણ્યવાન કે પથ્થર પર ઊંધા પટકાવા છતાં ખોપરી-મગજને એવું નુકશાન નહીં પહોંચેલું તેથી એમના બાકી શારીરિક અંગોપાંગને ભયંકર નુકશાન અને કારમી વેદનામાં પણ મનની સમતા-સમાધિ સુંદર હતી ! નહિતર ડાબાપગના હાડકામાં ૩ જગ્યાએ ફેક્ચર, ડાબા હાથમાં ૨ જગ્યાએ ફેક્ચર, કરોડરજ્જુના ઉપરના મણકાઓમાં ફેક્ચર, ઈત્યાદિ ભયંકર નુકસાનો અને એની ટ્રીટમેન્ટો વખતે થતી પારાવાર વેદનાઓમાં

મન ક્યાંથી સ્વસ્થ રહે ? પરંતુ પોતે એટલા બધા સાવધાન હતા કે હૉસ્પિટલમાં મહિનાઓ ટ્રીટમેન્ટો ચાલી એમાં પણ રોજ ૪/૫ કલાક મુનિઓ પાસે શાસ્ત્રો વંચાવી સાંભળતા. પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. પણ ૪/૫ દિવસ હોસ્પિટલમાં જઈ એમને સ્તવનો-સજ્ઝાયો સંભળાવી હિમંત આપતા. એમના શરીર પર ૩-૪ વાર ઓપરેશન થયા પછી હવે હોસ્પિટલની ટ્રીટમેન્ટ જરૂરી નહિ. લાગતાં ડૉક્ટરોએ રજા આપી. એટલે એમને સ્ટ્રેચરમાં પહેલા લાલબાગ ઉપાશ્રયે, ને પાછળથી શ્રીપાળનગર ઉપાશ્રયે લાવવામાં આવેલા. આ બધા સમયની વેદનામાં એમની ચિત્તસમાધિ વર્તમાનકાળે બહુ ઓછી જોવા મળે એવી અદ્‌ભુત હતી !

અંતે માગશર સુદ ૩ ના એઓશ્રીની તબિયત બહુ સીરીયસ થઈ ગઈ, અને છેલ્લા કેટલાક દિવસોથી ખોરાક લેવાનું બંધ થઈ જવાથી અતિશય અશક્તિ આવી ગયેલી, તેથી મગજ કામ કરતું બંધ થઈ ગયું. મુનિઓ તથા શ્રાવકોએ નવકાર મંત્રની ધૂન જોર-શોરથી ચાલુ રાખી... છેવટે માગશર સુદ ૫ સોમવાર બપોરે ૧૨-૪૨ મિનિટે એઓશ્રીનો ઉજ્જવળ આત્મા આ નાશવંત દેહનો ત્યાગ કરી પરલોક યાત્રાએ ઉપડી ગયો. સુદ ૬ એમની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી... એમના જવાથી શ્રમણ સંઘ તથા સમુદાયને મોટી ખોટ પડી... એમના આત્માને પરમ શાંતિ મળે, અને આપણે સહુ એમના સદ્‌ગુણો-સુકૃતો તથા સાધનાઓની અનુમોદના કરીએ.

● **અમદાવાદ-ગીરધરનગર :** પૂ. આચાર્ય ભગવંત શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય સ્વ.પૂ. મુનિરાજશ્રી **રત્નાંશુ** વિ.મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી **જિતશેખર** વિજયજી મ. તા. ૭-૨-૮૬ને શુક્રવારે પક્ખિ પ્રતિક્રમણ સાંભળતાં સાંભળતાં ૮૪ વર્ષની વયે સમાધિપૂર્વક **કાળધર્મ** પામ્યા...

સ્વ.પૂજ્યશ્રી બાળપણથી જ ધર્મથી રંગાયેલા હતા. તેઓશ્રીએ પોતાની જન્મભૂમિ ગોહિલી (રાજસ્થાન) તથા મદ્રાસના સંઘના કાર્યોમાં સુંદર સહયોગ આપેલ તેમજ સમગ્ર પરિવારને ધર્મના સંસ્કારોથી વાસિત બનાવી મોટી ઉંમરે દીક્ષા લીધી હતી. એમણે આઠ કરોડ નવકાર મંત્રાદિનો જાપ, આઠ વર્ષીતપ, વર્ધમાનતપ આયંબિલની ૨૭ ઓળીઓ, ધર્મચક્ર તપ, અઠ્ઠાઈ અઠ્ઠમ આદિ તપ,

તથા ઘણા વર્ષો સુધી રોજ ૫૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ તથા ૫૦૦ ખમાસમણા આદિ અતિ અનુમોદનીય આરાધના કરેલ.

તેમની સુંદર આરાધના તથા પ્રેરણાના પ્રભાવે તેમના સંસારીબંધુ દીક્ષા લઈ મુનિ કલાભૂષણ વિજયજી બનેલા તથા સંસારી બે દોહીત્રા તથા જમાઈ પણ સંયમી બન્યા છે. જે અનુક્રમે મુનિશ્રી અભયચંદ્ર વિજયજી મુનિશ્રી હીરચંદ્ર વિજયજી તથા મુનિશ્રી નિર્મોહચંદ્ર વિજયજી હાલ સુંદર આરાધના કરી રહ્યા છે.

સ્વ.શ્રીને છેલ્લા ચારેક વર્ષથી પ્રોસ્ટેજ-સારણગાંઠ આદિ બીમારીમાં મુનિશ્રી કનકસુંદર વિજયજી તથા તેમના બે દોહીત્રા મુનિબંધુઓ અદ્‌ભુત વૈયાવચ્ચ કરીને સુંદર આરાધના કરાવતા હતા.

છેલ્લા ૧૦-૧૨ દિવસ બ્રેઈન હેમરેજ, ન્યુમોનીયા, લકવો આદિ ભારે ઉપદ્રવો છતાં તેમણે પ્રસન્નતા સમાધિ સુંદર જાળવી હતી. અને એ બીમારીમાં ઉપરોક્ત મુનિઓ ઉપરાંત વૈયાવચ્ચકુશળ મુનિરાજશ્રી બોધિરત્નવિજયજી કુલરત્નવિજયજી-તપોરત્નવિજયજી આદિ મહાત્માઓએ પણ સુંદર વૈયાવચ્ચ કરવા પૂર્વક અદ્‌ભુત નિર્યામણા-આરાધના કરાવી. તેમજ સ્વ. મુનિશ્રીના સાંસારિક સ્વજનો અને ગીરધરનગર શ્રીસંઘના શાસનભક્ત આગેવાનો શેઠશ્રી હીરાભાઈ, લાલચંદજી, વક્તાવરમલજી, ખીમરાજજી, નેમીચંદજી આદિએ પણ ખડે પગે સેવા બજાવી...

સ્વ.શ્રીનું સુંદર સંયમજીવન સહુને આલંબનરૂપ બને અને એમનો આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ પામે એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

● **દયાલશાહ કિલ્લો, મેવાડ :** અત્રે પૂ. પંન્યાસજી શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. **મુનિશ્રી પ્રીતિરત્ન વિજયજી** સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. જીવનના પાછલા વરસોમાં સંયમજીવન પામી ખૂબ જ સારી આરાધના કરી ગયા.

● **ડભોઈ :** અત્રે સ્વ. આગમપ્રજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ગુરુદેવ શ્રીમદ્‌વિજય **જંબુસૂરીશ્વરજી** મ.સા.ના વયોવૃદ્ધ શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **પ્રિયંકરવિજયજી** મ.સા. ચૈત્ર વદ ૧૦ તા. ૩-૫-૮૬ શનિવારે કલાક ૪ મિનિટ ૧૦ અમારા સહુ ઠાણાના તથા ડભોઈ શ્રી સમસ્ત સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને રટનપૂર્વક સમાધિસહ કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીના કાળધર્મથી સમુદાય-સંઘને એક શ્રમણરત્નની જબ્બર ખોટ પડી છે.

સ્વ. મુનિરાજશ્રી પ્રિયંકર વિ.મ. ડભોઈમાં સંસ્કારી કુટુંબમાં સંસ્કાર પામી, ૫૨ વર્ષની વયે રાધનપુરમાં સમહોત્સવ પૂજ્યપાદ ગુરુદેવશ્રી **જંબુસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન થયા હતા. ગુરુનિશ્રામાં રહી, સેવા ભક્તિ, જ્ઞાન, ધ્યાન, વ્રત, જપ, તપ કરવા પૂર્વક સંયમની સુંદર આરાધના સાધના કરતાં ૪૨ વર્ષનો સુંદર સંયમપર્યાય પાળી સમાધિ મરણ પંડિત મરણ પામ્યા છે.

પૂજ્ય આચાર્યશ્રી વિજય **વર્ધમાનસૂરીશ્વરજી** મ.સા. તથા સ્વ. પૂજ્ય આચાર્ય **વિજય ચિદાનંદસૂરીશ્વરજી** મ.સા.ના સંસારી પિતાશ્રી હતા. પોતે, પોતાના બે પુત્રરત્નો તથા ધર્મપત્ની વગેરેને દીક્ષા અપાવી - ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધી ગયા છે.

તેઓનો આત્મા જ્યાં હોય ત્યાં આત્મશાંતિ પામો.

ચૈત્ર વદ ૧૧, તા. ૪-૫-૮૬ રવિવારે સવારે ૯ કલાકે ભવ્ય સ્મશાનયાત્રા નીકળી હતી. અગ્નિદાહ વગેરેમાં ચડાવા સારા થયા હતા.

● **કાળધર્મ પામ્યા છે.** અહમદનગર મુકામે **પૂ. મુનિશ્રી ચંદનવિજયજી મહારાજ** ભા.સુદ ૫ મંગળવાર સવારે ૮-૩૦ વાગે ખૂબ જ સમાધિ સાથે કાળધર્મ પામ્યા છે. સદ્‌ગત મુનિશ્રી સિદ્ધાંતમહોદધિ પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય હતા. વિ.સં. ૨૦૦૯માં ૫૮ વર્ષની ઉંમરે ચારિત્રનો સ્વીકાર કરી ૧૧માં માસખમણની આરાધના કરી છે. જીવનમાં વૈયાવચ્ચ-શ્રદ્ધા-સરળતા-નિખાલસતા-સંયમનું સુંદર પાલન વગેરે અનેક ગુણો વિકસેલા હતા. ચારિત્ર જીવનનો મોટો ભાગ પૂ.આ. શ્રી વિજય ગુણાનંદસૂરિજી મ.ની નિશ્રામાં વ્યતીત કરેલો હતો. અંતે તેમના દ્વારા સુંદર સમાધિને પામ્યા. છેલ્લા ૩ દિવસ ભા. સુદ ૩-૪-૫ ની અઠ્ઠમની આરાધના કરેલી હતી અને તેમાં જ સ્વર્ગવાસી થયા... અંતિમ દિવસોમાં આત્મજાગૃતિ ખૂબ સારી અને શ્રી સીમંધર સ્વામી ભગવાનની યાદદાસ્ત વધુ હતી તે કાળધર્મના ૨ દિવસ પૂર્વે સાધુને બોલાવી કહે 'મારી સાથે વાત કરશો નહિ, મારે શ્રી સીમંધર સ્વામીનું ધ્યાન કરવું છે કોલ લગાવવો છે'... એકાદ કલાક પછી સાધુએ પૂછ્યું 'શાતામાં છો ? કોલ લાગ્યો ?' હા જવાબ આપ્યો... સાધુ પૂછે ક્યાં જશો ? દેવલોક કે મહાવિદેહ ? તો કહે મહાવિદેહમાં...' છેલ્લા દિવસોમાં ૫/૭ કલાક બેભાન જેવી સ્થિતિમાં પણ સાધુઓ નવકાર સંભળાવતાં 'પઢમં

હવઈ... બોલી અટકી જાય તો પોતે 'મંગલં' બોલે... પ્રતિક્રમણમાં સ્તવન ભણતા સાધુ એકાદ કડી ભૂલી ગયા તો બેશુદ્ધ જેવી અવસ્થામાંય ભૂલ કાઢી કડી સુધરાવી. આવી હતી જાગૃતિ ! પૂ.મુ. શ્રી જગવલ્લભ વિ.મ., પૂ.મુ. શ્રી મેઘવલ્લભ વિ.મ. આદિ મુનિ મંડળે સેવાનો ખૂબ સારો લાભ લીધો. અહમદનગર સંઘ અને ડૉ. વિજય મહેતાએ ઘણી સેવા કરી. સદ્‌ગતના કાળધર્મથી સમુદાયને એક સંયમી સાધુની ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ આપો. સદ્‌ગત મુનિશ્રીના દેહવિલય-અગ્નિસંસ્કાર થયા બાદ સ્મશાનમાં એક ચમત્કાર અનેક અજૈન લોકોએ (ગામના આગેવાન શારડા ફું.ના ઘરના લોકોએ પણ) અનુભવ્યો... કે ચિતામાંથી એક ચમકતો ગોળો તૈયાર થયો, તેમાં મંદિર તૈયાર થયું ને તેમાં સદ્‌ગત મુનિ બિરાજમાન થયા. મંદિર આકાશ તરફ ઉપડી ગયું...

● **મલાડ ઈસ્ટ : (શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ જૈન ઉપાશ્રય)**

અત્રે **પૂ. મુનિશ્રી સુધર્મરત્નવિજયજી મહારાજ** (ઉં.વ. ૭૩) આસો વદ ૧ શનિવારના રોજ સવારે ૧૦-૪૫ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

સ્વ. મુનિશ્રી સંસારીપણે **શનાલાલ ગૌતમચંદ** ૫૦ વર્ષે પૂર્વે ધંધાર્થે મુંબઈ આવીને વસેલા. ઉપધાનતપ, વર્ષીતપ, વર્ધમાનતપ, તીર્થયાત્રા, સાધર્મિક ભક્તિ પૌષધ અને પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓમાં દિન પ્રતિદિન ક્રિયારુચિ અને શાંત સ્વભાવના કારણે લાલબાગનાં આરાધક વર્ગમાં તેમનું માન, મોભો અને સ્થાન બહુમાન્ય બન્યું હતું. વિ.સં. ૨૦૧૦માં દાદરમાં થયેલ ઉપધાન તપમાં સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજ તથા સ્વ. પંન્યાસપ્રવર શ્રીમદ્ પદ્મવિજય ગ.મ.ની પ્રેરણાથી હૃદયમાં ચારિત્રનાં ભાવ જાગેલા પણ સાંસારિક સંયોગો પ્રતિકૂળ હોવાથી પ્રવજ્યા લઈ ન શક્યા. ત્યારબાદ વિ.સં. ૨૦૩૬ની સાલમાં લાલબાગ મુકામે પૂ. મુનિશ્રી હેમરત્ન વિ.મ.નું ચાતુર્માસ થયું ત્યારે ચારિત્રના પરિણામ પુનઃ જાગ્રત્ થયા અને વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનાં શ્રીમુખે અભિગ્રહ ગ્રહણ કર્યો કે એક વર્ષમાં સંસારનો પરિત્યાગ કરવો, અન્યથા ૬ વિગઈનો ત્યાગ કરવો. પ્રતિજ્ઞાના પ્રભાવે ટૂંકા સમયમાં જ સંસાર સમેટી વિ.સં. ૨૦૩૮ ના મા.સુ. ૫ નાં રોજ આકોલા મુકામે ભવ્ય મહોત્સવપૂર્વક પૂ.મુ. શ્રી હેમરત્ન વિ.મ.ના શિષ્ય

તરીકે પ્રવજ્યા સ્વીકારી હતી. સંયમ જીવન સ્વીકાર્યા બાદ ઉગ્રવિહારો સાથે કલ્યાણક ભૂમિઓની સ્પર્શના, સ્વાધ્યાય, સમતા, અને વિનય વૈયાવચ્ચમાં પોતાના આત્માને તલ્લીન બનાવી દીધો હતો.

તેમને હાર્ટની સામાન્ય તકલીફ તો ઘણા વર્ષોથી હતી. તેમાં આ વર્ષે પર્યુષણ બાદ દમની તકલીફ શરૂ થતાં યોગ્ય ઉપચારો શરૂ કરેલા અને તેનાથી સારી રાહત જણાતી હતી. આસો વદ ૧ શનિવારનાં દિવસે સવારે ૧૦ વાગે પોતાની હસ્તલિખિત ડાયરીના આધારે સ્તવન કંઠસ્થ કરી રહ્યા હતા. ને એકદમ હાર્ટને હુમલો થઈ આવ્યો અને જમીન પર ઊંધા ઢળી પડ્યા. પૂ. ગુરુદેવે એમને ઊંચા કર્યા અને નવકારમંત્ર સંભળાવાનો શરૂ કર્યો. ત્રીજો નવકાર સાંભળતાં જ તેમનો પ્રાણ વિનશ્વર દેહને છોડીને ચાલ્યો ગયો. ૭૩ વર્ષની ઉંમરે પાંચ વર્ષનો સંયમપર્યાય પાળીને જીવનને ધન્ય બનાવી ગયા છે. સહવર્તી મુનિવરોએ પણ એમની સુંદર સેવા બજાવેલી.

સ્વ. મુનિશ્રીનાં મૃતદેહનાં દર્શનાર્થે હજારો નરનારીઓનો અવિરત પ્રવાહ દિવસ રાત ચાલુ રહ્યો હતો. આસો વદ ૨ રવિવારનાં રોજ સવારે આઠ વાગે સ્વ. મુનિશ્રીની જરીયન પાલખી કાઢવામાં આવી હતી. શ્રાદ્ધવર્ય શેઠ શ્રી નરોત્તમદાસ મોદી રાણપુરવાળાએ ભારે ઉદારતાપૂર્વક ઉછામણીનો લાભ મેળવીને સ્વર્ગસ્થ મુનિશ્રીનાં પવિત્ર દેહને અગ્નિ વડે અંતિમ સંસ્કારનો વિધિ કર્યો હતો. સ્મશાન યાત્રામાં હજારો માણસ હતા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૫,અંક-૯,તા.૧૫-૧૧-૧૯૮૬**

● **અમદાવાદ : શાસન-સીતારો ખર્યો !** અત્રે હજી તો શ્રી ભરૂચસંઘને સમડી વિહારની વૈશાખ માસમાં પ્રતિષ્ઠાનું મુહૂર્ત અપાય છે, ત્યાં તો થોડા જ વખતમાં ગોદાવરી સોસાયટીમાં મહાન તીર્થપ્રભાવક પૂજ્યપાદ ગચ્છનાયક આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજ** આસો વદ ૧૪ સાંજના ૫ વાગે પોતાનો જીવનપટ્ટ સંકેલી લે છે. એઓશ્રીને છેલ્લા કેટલાક વખતથી ગળામાં તકલીફ વધી હોવાથી સ્વર ધીમો પડી ગયેલો તેથી બોલી શકવાનું બંધ થઈ જતાં પોતે સ્લેટમાં લખીને જવાબ દેતા. એમાં પછી ગળેથી ખોરાક ઊતરવાનું પણ બંધ થઈ જતાં એઓશ્રીને નળી વાટે પ્રવાહી આપવામાં આવતું. શરીરનું વજન ખૂબજ ઊતરી ગયેલ, અશક્તિ અપાર હતી છતાં એઓશ્રીની ચિત્ત સમાધિ એવી અદ્‌ભુત

હતી કે શહેરમાંથી અને બહારગામથી શાતા પૂછવા આવનાર ભાવિકો એ જોઈને પૂજ્યશ્રી પર ઓવારી જતા. પૂજ્યશ્રીના સ્વર્ગવાસના સમાચાર બહાર પ્રસરી જતાં શહેર અને બહારમાંથી લોકોના થોકેથોક દર્શને આવવા લાગ્યા. અમાસના દિવસે ભવ્ય શમશાનયાત્રા નીકળેલી. પૂજ્યશ્રીના પવિત્રદેહને પ્રથમ ગુરુપૂજન, માંડવી ઉપાડવાનું તથા અગ્નિસંસ્કાર વગેરેની ભવ્ય બોલીઓ બોલાયેલી. શમશાનયાત્રામાં માનવમહેરામણ ઊમટેલો. બહાર ગામોથી પણ ઘણું લોક આવેલા, પૂ. આચાર્ય ભગવંત દૂર દૂર મદ્રાસ, કોઈમ્બતુર, કલકત્તા વગેરે સુધી વિચરેલા અને અનહદ ધર્મોપકાર કરેલ, તેથી શ્રીમદ્‌ના આ કાયમી વિયોગ પર ભારતભરમાં શોક પ્રસરી ગયેલ.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૫,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૮૬**

શ્રમણસંઘનો એક સિતારો ગયો !

● **ઊંઝા : પ.પૂ. પં. શ્રી અભયસાગરજી મ.**ને છેલ્લા એક મહિનાથી જમણા અંગે હાથ, પગ અને મુખ ઉપર લકવાની અસરના લીધે વાચા બંધ હતી. યોગ્ય ઉપચારો ચાલુ હતા પરંતુ કા. વદ ૯ ના કફ, તાવ અને શ્વાસની તકલીફ શરૂ થઈ. પૂજ્યશ્રી સમતા ભાવે સહન કરી રહ્યા હતા. નવકારમંત્ર આદિ જાપ ચાલુ હતો. ૬૨ વર્ષની ઉંમરે અને ૫૫ વર્ષના દીર્ઘ સંયમ પર્યાયને પામી બપોરે ૪ વાગે કાળધર્મ પામતા સકલ સંઘે આંચકો અનુભવ્યો. કા. વદ ૧૦ ના ઝરીયાન પાલખીમાં પૂજ્યશ્રીના દેહને પધરાવી અંતિમ દર્શન-યાત્રા નીકળેલ. મુંબઈ-અમદાવાદ-સુરત વગેરે ગામોથી ભાવિકો પધાર્યા હતા. ઊંઝા-પાટણ-ચાણસ્માના બજારો સંપૂર્ણ બંધ રાખ્યા હતા. તેમના સંયમ પર્યાયની સ્મૃતિ તરીકે ૫૫ છોડના ઉદ્યાપન સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ માગશર વદમાં ઊજવાવાનું નક્કી થયું છે. સદ્‌ગતમાં સંયમ સ્વાધ્યાય અંતર્મુખ ભાવ ધર્મપ્રભાવના વગેરે અદ્‌ભુત હતા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૫,અંક-૧૬,તા.૩-૧-૧૯૮૭**

● **જયપુર :** તાજેતરમાં **શ્રી નારાયણલાલજી પલ્લીવાલ**નું જયપુર ખાતે અવસાન થયું. સ્વ.શ્રીની ઉંમર ૮૦ વર્ષની હતી. તેઓશ્રી સવાઈમાધવપુર જિલ્લાના બરગાવાં ગામના વતની હતા. એમના જીવનની નોંધપાત્ર બાબત એ હતી કે

તેઓશ્રી રાજસ્થાનના વિખ્યાત મહાવીરજી તીર્થરક્ષાના અડગ પ્રહરી હતા. આજીવન સતત રક્ષાના માટે સંઘર્ષરત રહ્યા હતા. તેઓ સાહસ અને ભારે હિંમતપૂર્વક તીર્થ માટે આશાસ્પદ ચિત્ર ઉપસાવી શકવામાં સફળ રહ્યા. શ્રી નારાયણલાલજીના અવસાનથી મોટી ખોટ પડી પણ એમના સુપુત્રો પિતાના પગલે તીર્થરક્ષાના કાર્ય માટે શ્રી ભગવાનદાસજી અને શ્રી ઉત્તમચંદજી આજે બમણા વેગથી કાર્ય કરી રહ્યા છે.

વાગડવાળા સાધ્વીરત્નશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.નું દીર્ઘપ્રયાણ

● **ભચાઉ (કચ્છ) :** પ.પૂ. આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની **પૂ. ચન્દ્રોદયાશ્રીજી મ.સા.** માગશર સુદ ૩ ના રોજ અત્રે શ્રી નમસ્કાર મહામંત્રોચ્ચારના ધ્યાનપૂર્વકના શ્રવણ કરતા કરતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમના સ્વર્ગવાસથી શાસને એક ૪૭ વર્ષના દીર્ઘસંયમી સાધ્વીરત્ન ગુમાવ્યા છે. છેલ્લા દોઢ મહિનાથી પ્રેસર તથા કીડનીના દર્દથી પીડાતા છતાં અદ્‌ભુત સમતા સહનશીલતા પ્રસન્નતા રાખી રહેલ. પરમાત્માના શાસનને સ્વયં આરાધી ગયા અને કરુણામયી દૃષ્ટિથી અનેકોના જીવનને પણ આરાધક કરી ગયા. ચંદન જેવા શીતલ આ સાધ્વીજી મહારાજની સમતા પ્રસન્નતા આત્મરમણતા પ્રશંસનીય હતી. એ આશ્રિતવર્ગને વારંવાર કહેતા કે બધા સંપીને પ્રેમથી સાધના કરજો અને પૂ.પાદ આચાર્યદેવની આજ્ઞાને વફાદાર રહેશો.

સેવાભાવી સ્થાનિક ડૉ. નરેન્દ્ર શાહે બે વરસથી ખડેપગે સેવા કરી. વૈદ્યરાજ બાબુભાઈ ધમીજવાળાએ પણ સમર્પણભાવે સેવા આપી. હાજર આશ્રિતવર્ગ લગભગ ૫૦ ઠાણામાં તથા સંઘમાં શ્રી નમસ્કાર મહામંત્રના અખંડ જાપ, શ્રી ભક્તામર સ્તોત્રનો જાપ, સળંગ અક્રમ આયંબિલ ચાલુ હતા અને પુણ્યદાન પણ ઘણા સારા પ્રમાણમાં અપાયેલ. અક્રમ-છક્ર-ઉપવાસ યાત્રા-આયંબિલ, જાપ-સામાયિક હજારો રૂપિયાનું પુણ્યદાન, અગ્નિસંસ્કારની સારી ઉછામણી વગેરે તેમની લોકપ્રિયતાના સૂચક છે. એમના અમર આત્માને પરમ શાંતિ સમાધિ મળો એ જ અરિહંતદેવ પ્રત્યે પ્રાર્થના છે...

● **અંજાર (કચ્છ) :** અત્રે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી વયસ્થવીર **પૂ. મુનિરાજશ્રી શીલચન્દ્રવિજયજી** મહારાજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમનો સમાધિભાવ છેલ્લે સુધી અદ્‌ભુત રહ્યો. શરીરની પગમાં રસીની ભારે વેદના વચ્ચે પણ એમણે મોઢા પર દુઃખની લાગણીઓ વ્યક્ત થવા દીધી નથી. વહેલી સવારે બેઠા બેઠા કાળધર્મ પામવા પૂર્વે એમણે આગલે દિવસે સાડા ચાર વાગે ૪ ચોવિહારના પચ્ચક્ખાણ કરી લીધેલા. પ્રતિક્રમણમાં આદેશો જાતે માગ્યા - સ્તવનો આનંદથી સાંભળ્યા રાત્રે પોતાની મેળે જ શ્વાસોશ્વાસે નમો અરિહંતાણં બોલતા હતા. છેલ્લે સુધી જાગૃતિ પૂરી હતી...

જીવનમાં એકાસણા કરતા, વર્ધમાન તપની ઓળીઓ પણ કરતા. બીજા સાધુઓ સાથે ભળી જઈ ભાઈચારાપૂર્વક રહેવાની એમનામાં સુંદર આવડત હતી.

એમની બીમાર અવસ્થા પૂ.પાદ આચાર્ય શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાએ પાંચ સાધુઓ સેવા માટે રાખી સાધુસેવાનો સુંદર આદર્શ પૂરો પાડ્યો છે. તો પ.પૂ. મુનિરાજશ્રી મુક્તિચન્દ્રવિજયજી આદિ પાંચ મુનિવરોએ સારી સેવા અને નિર્યામણા કરાવી સારું સહાયકપણું બજાવ્યું. અંજારના શ્રી સંઘે અને સેવાભાવી ડૉક્ટરોએ પણ સેવાનો સારો લાભ લીધો... એમના શાશ્વત આત્માને પરમ શાંતિ મળો એ જ પરમાત્મા શ્રી અરિહંતદેવને પ્રાર્થના છે.

● **થલતેજ-અમદાવાદ-૫૪ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનરત્ન-સૂરીશ્વરજી મહારાજ હાર્ટએટેકના લીધે પાલેજથી વડોદરા જતાં કરજણ નજીક સમાધિપૂર્વક કાળધર્મ પામતાં એમના પાર્થિવ દેહનો અત્રે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો, એ પ્રસંગે અગ્નિસંસ્કાર ઉછામણી તથા જીવદયાની ટીપ વગેરે સારી થઈ. અનેકાનેક ગામ નગરોના ભાવિકોએ સુકૃતોની પ્રતિજ્ઞા કરી. પૂજ્યશ્રીના દેહવિલયથી સંઘે-શાસને એક પ્રખર વક્તા, શાસનપ્રભાવક આચાર્ય ગુમાવ્યા છે. એમના આત્માને પરમ શાંતિ મળો.

● **નાસિક :** અત્રેના એક મહાન શ્રાવક **વકીલ પારસમલજી બોરા**નું હાર્ટના ઓપરેશનમાં નિધન થતાં શ્રી સંઘને મોટી ખોટ પડી છે. એમની અનેકવિધ મહાનતાઓમાં એક એ હતી કે પોતાની દીકરીના લગ્ન પ્રસંગને ગૌણ બનાવવા માટે એમણે સાથે પોતે સજોડે બ્રહ્મચર્ય વ્રતગ્રહણ, બ્રહ્મચારીઓનાં સન્માન, જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ વગેરે રાખેલા. મળેલા સમાચાર મુજબ ઓપરેશન પૂર્વે...

જોવાની ખૂબી છે કે વકીલ સાહેબ પોતે ઓપરેશન થિયેટર સુધી પહોંચ્યા પણ લેશ્યા બધી ધર્મની હતી. ઓપરેશન હોવાથી નાશિક-પુના પોતાના પરિવારમાં લગભગ આયંબિલ હતા... વકીલ સાહેબે ૮ દિવસથી પોતાના હસ્તે ૯ પાનાં ફૂલસ્કેપના સંપૂર્ણ આગળ પાછળ કુલ ૧૮ પાનાં એવી રીતે **'બોરા પરિવારને હિતશિક્ષા'**ના લખેલા, તે ઓપરેશન કરવા જતાં પહેલાં પૂર્ણ કરીને પોતાના સુપુત્ર અભયકુમારને આપ્યા હતા...

તેમાં સંસારની અસારતા, માનવ જીવનનું મૂલ્યાંકન અને પોતાની ફરજ રજૂ કરેલ... છેલ્લે જણાવેલ કે "મારી એક જ ઇચ્છા અપૂર્ણ રહી છે, તે માત્ર દીક્ષા લેવાની. સારો થઈ જઈશ તો હું દીક્ષા લઈશ. ન લેવાય તો સંયમી જેવી અન્ત્ય વિધિ કરજો... ડૉ. મંક્કડ હાર્ટનો તજજ્ઞ છે. ઓપરેશન યશસ્વી જ થશે તેમાં સંદેહ નથી છતાં શરીરનો ભરોસો નથી આત્મા અમર છે. હું જતો પણ રહું તો તમે મારા પિતાશ્રીની પાછળ શોક ન પાળ્યો તેમ મારું પણ કરશો. અને મહોત્સવ કરશો. અંતમાં વીસમી કલમમાં લખેલ કે હું ના હોવું તો સુરેખાને (પોતાની દીકરી) સંયમની ભાવના છે. નિયમ પણ છે તે મક્કમ હોય તો એની દીક્ષા તમે ધામધૂમથી કરાવજો કોઈ ના નહીં પાડતાં. ઉત્તમ આત્મા છે તેને મારા ધન્યવાદ !"

ઘર દેરાસર ટ્રસ્ટને નથી સોંપેલ, આપણું જ છે, માટે બરાબર સાચવજો. સાદાઈથી રહ્યા તેવું જ જીવન જીવશો. અભય, શાંતીલાલ, પિતા-પુત્રની જેમ જ રહેશો. દેવ-ગુરુ-ધર્મને ખાસ જીવનમાં પ્રધાન રાખશો"... વગેરે સુંદર હિતશિક્ષા લખી છે. કર્મસત્તા કેવી બળવાન છે કે ડૉ. મંક્કડે પુનામાં ૩૦ ઓપરેશન કર્યા બધા સક્સેસ થયા પણ આ ૩૧ મું પહેલું જ ઓપરેશન નિષ્ફળતાને પામ્યું. તેના પૂર્વે પણ લંડનમાં કેટલાય હાર્ટના ઓપરેશન કર્યા હતા. પણ ભાવિ ભાવ ! એમના આત્માને પરમ શાંતિ મળો. એમના કુટુંબીઓએ એમના નિમિત્તે નાસિકમાં

તા. ૨૬/૪ થી તા. ૩/૫ સુધીનો ઓચ્છવ અને શાંતિસ્નાત્રનું આયોજન કર્યું છે.

જ્યારે પણ આત્મસાધના કે સંયમ આરાધનાની વાત નીકળે ત્યારે એક ફરિયાદ હવે આમ બની ગઈ છે... આવી કઠોર અને કડક સંયમની આરાધના તો ચોથા આરામાં થાય. આ તો પાંચમો આરો... પડતો કાળ... છેવટ્ટું સંઘયણ... નબળા મનોબળ... ક્યાં આજે અતિકઠોર આરાધના થાય છે...' આવી માયકાંગલી ફરિયાદોની ફાઈલના લીરેલીરા ઉડાડતું જીવન આજે પણ જીવી શકાય છે, આજે પણ સંયમ સાધનાના કપરા ચઢાણ ચઢી શકાય છે. આજે પણ લોઢાના ચણા ચાવી તો ઠીક પચાવી પણ શકાય છે. એનું જીવંત અને જવલંત ઉદાહરણ એટલે પૂ.મુનિરાજશ્રી મોક્ષરત્નવિજયજીની ૧૨ વરસની ટુંકી ચારિત્રધર્મની સર્વાંગીણ કઠોર સાધના.

પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન અને સંયમશ્રેષ્ઠ પ્રશિષ્ય પૂ. ગણીવર શ્રી ગુણરત્નવિજયજી મમહારાજના સુયોગ્ય શિષ્યરત્ન **મુનિરાજશ્રી મોક્ષરત્નવિજયજી** એટલે તપ-ત્યાગ-સંયમ-જ્ઞાન અને નિઃસ્પૃહતાના ખજાના જેવા મુનિવર ! આવા મુનિરત્નોથી તો શ્રમણ ભગવાન મહાવીરદેવનું શાસન આજે પણ સોહે છે... જગતમાં સહુને મોહે છે ! આવા તેજસ્વી મુનિવર નાની વયમાં અકસ્માતનો ભોગ બનીને સમાધિ મૃત્યુને વરે છે. ઘટના દુઃખદ અને હૃદયવિદારક છે... છતાંયે આપણાં હૈયામાં ચિંતનનો દીવો પેટાવવા માટે સમર્થ છે. એ ચિંતનનો ચિરંતન દીવો મને-તમને-સહુને ચારિત્રના માર્ગે આગળ વધારીને ચિદાનંદની અનુભૂતિ તરફ લઈ જાય એવી અભ્યર્થના...

ફૂલ ગયું ને ફોરમ રહી ગઈ

મનુષ્યજીવન મેળવીને ચારિત્ર મેળવવું એજ એ જીવનની સાર્થકતા છે. તાજેતરમાં જ આકસ્મિક પણ સમાધિ મૃત્યુને વરેલા પૂ. ગણીવર શ્રી ગુણરત્ન-વિજયજીના શિષ્યરત્ન મુનિશ્રી મોક્ષરત્નવિજયજી મહારાજે ગૃહસ્થઅવસ્થામાં અંગ્રેજી મિડિયમની કોન્વેન્ટ શાળામાં અભ્યાસ કરવા છતાંયે વૈરાગ્યવાસિત બનીને ૧૭ વરસની ઉગતી જુવાનીમાં સંવત ૨૦૩૧ કારતક વદ ૧૦ ના ચારિત્ર અંગીકાર

કરીને સાધુ જીવન સ્વીકાર્યું હતું.

દીક્ષાના દિવસથી જ અત્યંત કઠોર પ્રતિજ્ઞાઓ એમણે કરી હતી. જેમાં આજીવન ફૂટ (ફળ), મેવો, બધી જ જાતની મીઠાઈઓ, કડક વસ્તુઓ (ખાખરા સેવ, પાપડ જેવી)નો સર્વથા ત્યાગ, વરસમાં એક જ વાર વસ્ત્રપ્રક્ષાલન કરવું વગેરે મુખ્ય હતા. ૪૫ આગમોમાંથી એમણે છેદ સૂત્રો સિવાયના બધા જ ૩૯ આગમોનું અધ્યયન મૂળ-ટીકા-ચૂર્ણી વગેરે સાથે કર્યું હતું. છેદ સૂત્રો ભણવાની એમની ઇચ્છા અધૂરી રહી, કારણ કે એઓ વડીલોના સ્વમુખે-વડીલોની અનુમતિ સાથે એ ભણવા માંગતા હતા. ષડદર્શનના ગ્રંથોનું અધ્યયન અને ઉપા.શ્રી યશોવિજયજીના ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન એમણે કર્યું હતું. સાથે જ અનેક સાધુઓ અને શ્રાવકોને અધ્યાપન પણ સુંદર રીતે કરાવ્યું હતું.

કર્મગ્રંથ પર સંસ્કૃત ટીકા, ઉપરાંત ભક્તામર, કલ્યાણમંદિર, શાંત સુધારસ જેવા સ્તોત્ર-ગેય કાવ્યોનો અંગ્રેજી અનુવાદ અને પ્રાકૃત વ્યાકરણ ઉપર અંગ્રેજીમાં વિવરણ વગેરે પણ એમનાં સર્જન હતા. આ વરસે એઓની ઇચ્છા હસ્તલિખિત પ્રતો પર કામ કરવાની હતી. **૧૨ વરસના નાનકડા દીક્ષાપર્યાયમાં** અપૂર્વ ગુરુભક્તિ, વિનય, શ્રુતજ્ઞાનાર્જન, ગુર્વાજ્ઞાપાલન અને ચારિત્રની અપૂર્વ આરાધના-સાધના કરી હતી. નવા કપડાં એઓ પ્રાયેઃ પહેરતા નહોતા. વડીલોના ઉતરેલા જુના કપડાં જ એઓ પહેરતા, જ્ઞાન અને ચારિત્રની આરાધનાની સાથે સાથે વર્ધમાન આયંબિલ તપ, જ્ઞાનપંચમી, કલ્યાણકતપ ચોવીશ તીર્થંકરતપ વગેરે તપશ્ચર્યા પણ એમણે સુંદર કરી હતી.

વૈશાખ સુદ ૪, શનિવાર, ૨-૫-૮૭ ના એમના ગુરુદેવશ્રીની સાથે એ સોજત નજદીક વાઘાવાસથી આગળ રોડ પર ડાબી બાજુ ચાલતા હતા. વાઘાવાસથી ૪ કિલોમીટર ચાલ્યા પછી સોજત-પાલી હાઈવે પર સવારે પોણાસાતને સુમારે પાછળથી ધસમસતી આવતી ટ્રકનો એમને જોરદાર ધક્કો લાગ્યો. અને એઓ ૮-૧૦ ફૂટ દૂર ફેંકાઈ ગયા... તરત જ પાલી હૉસ્પિટલમાં ઉપચાર માટે દાખલ કર્યા... પાલી સંઘે અને ત્યાંના સેવાભાવી ડૉક્ટરોએ ખડે પગે વૈયાવચ્ચ સેવા કરી. પણ આયુષ્યકર્મ જાણે સંકોચાવા માંડ્યું હતું. ચતુર્વિધ સંઘની હાજરીમાં નવકારમંત્ર, ચત્તારિમંગલંની ધૂન વચ્ચે એમનો આત્મા અનંતની યાત્રાએ ઉપડી ગયો. **૨૯ વરસની** અવસ્થામાં આપણે વિદ્વાન શાસનના સિતારા રૂપ એક યુવાન સાધુ કે જેમના માટે સંઘ અને શાસનને ખૂબ ખૂબ આશાઓ હતી એમને ગુમાવી બેઠા. હૈયું રડી રહ્યું છે, કે આપણે ભવિષ્યના હજારોના તારણહાર બની શકે એવા

આ શ્રમણરત્નનો મહાદુઃખદ વિયોગ સહવાનો આવ્યો. જૈનસંઘને એક સુયોગ્ય ચારિત્રી આત્માની મોટી ખોટ પડી. આ ખોટ પુરાવી મુશ્કેલ છે. એક બાજુ એમની વિશિષ્ટ આરાધનાની અનુમોદનાથી હૈયું છલકાય છે, તો બીજી બાજુ આરાધક આત્માના સદાના વિયોગથી આંખો ઊભરાય છે.

પાલી જૈનસંઘે દિવસરાત જોયા વગર જોરદાર વૈયાવચ્ચ કરી અને સ્વ. મુનિશ્રીની ભવ્ય સ્મશાનયાત્રા પાલખી કાઢી હતી. આજુબાજુના ગામ શહેરોમાંથી મોટી સંખ્યામાં લોકો સ્મશાનયાત્રામાં જોડાયા હતા.

શાસનદેવ સ્વર્ગસ્થ મુનિવરના આત્માને પરમશાંતિ પ્રદાન કરે... અને આપણે સહુ એ મુનિના જીવનમાંથી ગુણોને ગ્રહણ કરીને આપણું જીવન ઉન્નત, ઉદાત્ત બનાવીએ.

મુનિશ્રી મોક્ષરત્નવિજયજીએ જીવનભર માટેના ગ્રહણ કરેલા નિયમો :

(૧) મીઠાઈ, ફૂટ, મેવો, માવો (૨) મુરબ્બો, (૩) ખાખરા-પાપડ વગેરે કડક પદાર્થો (૪) કડાઈ વિગઈ (૫) મુખવાસ, (૬) ખીર અને શીખંડ (૭) ઈડલી-ખમણ-ઢોકળા, (૮) રાઈતું, રામખીચડી, (૯) રાબડી, (૧૦) કેસરીયા દૂધ, (૧૧) આંબાના પાપડ, (૧૨) ઇક્ષુરસ, તથા બધી જાતના રસ (જ્યુસ), (૧૩) મુઠીયા, (૧૪) પૂરી સિવાયની મગફળીના તેલમાં તળેલી વસ્તુઓ, (૧૫) નાળિયેર (ટોપરું) વગેરે... આ બધાનો આજીવન ત્યાગ કરેલો, (૧૬) એક દીવસમાં બે વિગઈથી વધારે લેવી નહીં, (૧૭) સંથારો કરતી વખતે માથા નીચે વીંટિયો મૂક્વો નહીં... વગેરે નિયમોથી એમનું જીવન આદર્શ ત્યાગ અને વૈરાગ્યભર્યું બન્યું હતું.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૫,અંક-૪૨,તા.૪-૭-૧૯૮૭**

● **વડાલિયા સિંહણ (જામનગર)** : સ્વ.પૂ. પંન્યાસપ્રવર અધ્યાત્મયોગી શ્રી ભદ્રંકરવિજય ગણિવર મ.ના શિષ્ય સ્થવિર પૂ. **મુનિરાજશ્રી મહાસેનવિજયજી** મહારાજ અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામતાં મુંબઈ, લંડન, આફ્રિકા, જામનગર આદિ સ્થળોએથી ભાવિકો એમના અંતિમ દર્શન માટે ઊમટ્યા હતા. સંસારીપણામાં જ ભૌતિક સંપત્તિ વચ્ચે પણ વૈરાગ્યરંગથી વાસિત બની પોતાનું જીવન જીવી રહ્યા હતા... સતત ધર્મપરાયણ એમનું જીવન હતું. પોતાના સંસારી લઘુભ્રાતા (આ. વિજય કુંદકુંદસૂરિજી મ.) તથા સંસારી એકના એક પુત્ર (મુનિશ્રી વજસેન વિ.)ને સતત પ્રેરણા આપી સંસારમાંથી બહાર કાઢી સંયમમાર્ગે વળાવ્યા બાદ પોતે પણ

સંયમ સ્વીકાર્યું. દીક્ષા બાદ ગુરુઆજ્ઞાપાલન, વાંચન, પરિશીલન, વ્રત તપ જપ વગેરે શુભ ભાવોમાં સદાય રક્ત રહેતા. હાલારની પ્રજાને ધર્મ પમાડવા પ્રયત્નશીલ રહેતા અને સવાસો ગાથા, દોઢસો, સાડા ત્રણસો ગાથાના સ્તવનાદિની પોતાની અનુપ્રેક્ષાના આધારે લોકોને સારો બોધ પમાડતા... એમના જીવનમાં જીવદયા અનુકંપા ધર્મક્રિયાઓ, અનુષ્ઠાનો જૈન સાહિત્ય પ્રચાર વગેરે સુંદર કાર્યો થયા. એમના જવાથી શાસને એક ઉત્તમ આરાધક સ્થવીર સાધુ ગુમાવ્યા છે. 'એમના આત્માને પરમ શાંતિ મળો' એ જ પરમકૃપાળુ અરિહંત ભગવંતને પ્રાર્થના છે. પૂ. મુનિરાજશ્રી વજ્રસેનવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી હેમપ્રભવિજયજી મહારાજ આદિ સહવર્તી તમામ પૂજ્ય મુનિવરોની સેવા વૈયાવચ્ચ અનુમોદનીય હતી.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૬,અંક-૩,તા.૧૯-૯-૧૯૮૭**

● **પોસાલિયા** (રાજસ્થાન) : **પૂ. મુનિરાજશ્રી વિમળપ્રભવિજયજી** મહારાજ, ૬૬ વર્ષની વયે ૪૭ વર્ષનો દીર્ઘ સંયમ પર્યાય પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામતા એમની શ્મશાનયાત્રા અત્રે બહુ જ ધામધૂમથી નીકળી. મુંબઈ મદ્રાસ આદિ ઘણા સ્થળેથી આવેલા ભક્તવર્ગની અતિ સારા પ્રમાણમાં હાજરી હતી. ઉત્સાહ ખૂબ હતો. અગ્નિસંસ્કાર આદિના ચઢાવા વિક્રમભૂત સારા પ્રમાણમાં થયા.

મુનિરાજશ્રી સંસારી અવસ્થામાં આ જ ગામના રહીશ, તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજના સંસારી લઘુ બંધુ થાય... અને એમની જ પ્રેરણા અને સદુપદેશથી વૈરાગ્યવાસિત બની ૧૯ વર્ષની ખીલતી જુવાનીમાં દીક્ષા ગ્રહણ કરેલી. સ્વભાવ સરળ અને શાંત, બાહ્ય પ્રવૃત્તિમાં રસ ઓછો તથા વ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, આગમો વગેરેના સારા અભ્યાસી હતા...

છેલ્લા બે વર્ષથી સંથારાવશ હતા, હૃદયશૂલ સોજા આદિના દર્દમાં અત્યંત તીવ્ર વેદના છતાં સમતા ભાવે સહન કર્યું. છેલ્લે સળંગ ૨૩ ઉપવાસની તીવ્ર તપસ્યામાં જ આત્મ જાગૃતિ, અને અંતર્જાપ સહિત સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો. આજના કાળે આ સાગાર અનશન આરાધક જીવોને એક દૃષ્ટાંતરૂપ બન્યું.

પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજય મહારાજ, પૂ. મુનિરાજશ્રી જિનસેનવિજયજી મહારાજ, અત્રેના શ્રી સંઘ અને સ્થાનિક ડૉ. યુધિષ્ઠિર રાઠીની સેવા ખૂબ અનુમોદનીય રહી... 'સ્વ. પૂ. મુનિવર્યનો શાશ્વત આત્મા જ્યાં હોય ત્યાં પરમશાંતિ પામો' એ જ પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના છે.

● **મલાડ** બાળબ્રહ્મચારી **શ્રી નરેન્દ્રભાઈ જયંતીલાલ મહેતા** (મલાડ-ઈસ્ટ નિવાસી) એક આરાધક અને ઉત્તમ શ્રાવક-જીવનને જીવીને જીવનને ઉજાળી ગયા. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ની વૈરાગ્યવાણીથી પ્રબોધ પામીને તેણે ભરજુવાનીમાં ચતુર્થવ્રત (બ્રહ્મચર્ય) ઉચ્ચર્યું હતું. અને એક મહાપુરુષને છાજે તે રીતે લીધેલી પ્રતિજ્ઞાનું સુંદર પાલન કર્યું હતું.

સમગ્ર જીવન સંસારમાં રહેવા છતાં સાધુ જેવું સાદુ, સરસ અને તપોમય જીવન જીવીને નરેન્દ્રભાઈએ "ઉત્તમ શ્રાવક" તરીકેની લોકચાહના સાહજિકપણે પ્રાપ્ત કરી હતી. તેમનો સ્વભાવ શાંત અને સરળ, તેમનું મન દર્પણ જેવું સ્વચ્છ અને તેમની દિનચર્યા સાધુ જેવી સ્વસ્થ અને ધર્મમય હતી. સંસારી આળ પંપાળ અને જંજાળથી પરાઙમુખ હતા. તેમણે પોતાના જીવનને ઉગ્ર તપ અને ત્યાગથી ભરપૂર બનાવીને બીજા અનેક જીવોને માટે તેઓ પ્રેરણાનું કેન્દ્રસ્થાન બન્યા હતા.

પૂર્વભવના કોઈ અંતરાયના ઉદયે તેઓ વૈરાગ્યવાસિત હોવા છતાં, આ જનમમાં દીક્ષા લઈ ન શક્યા, પણ પોતાના જીવનને સતત્ આરાધનાથી જિનભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપવાસ અને તપત્યાગથી મઘમઘતું બનાવ્યું. પોતાના નાનાભાઈને સંયમની પ્રેરણા કરી મુનિરાજશ્રી યુગસુંદરવિજયજી નામે સુંદર સંયમસાધના કરી રહ્યા છે. અને એઓ આજે જીવનમાં પંદરથી વધુ અઠ્ઠાઈ, કલકત્તાથી છ'રી' પાલિત સંઘમાં સિદ્ધગિરિરાજની યાત્રા, શ્રી વર્ધમાન તપની ૭૫ ઓળી, બેવાર સોળ ઉપવાસ, બે નવ ઉપવાસ; એક વાર અગિયાર ઉપવાસ, દસ ઉપવાસ, ત્રણે ઉપધાન, એક વર્ષીતપ, સિદ્ધગિરિરાજની નવ્વાણું યાત્રા. બે વાર ધંધુકાથી શંખેશ્વરતીર્થની પદયાત્રા, બેવાર વલ્લભીપુરથી પાલિતાણા જૂનાગઢની પદયાત્રા કરી જીવનને તપત્યાગથી વાસિત બનાવેલ.

છેલ્લા ચાતુર્માસમાં ૧૩૨ દિવસનો ધર્મચક્રવાલ તપ કરતાં સતત્ છઠ્ઠને પારણે અઠ્ઠમનો તપ આરાધતાં, શ્રી નરેન્દ્રભાઈ સર્વજીવોની સાથે ક્ષમાપના કરતાં દુષ્કૃતગર્હા-સુકૃત-અનુમોદના અને ચતુઃશરણનો સ્વીકાર કરીને, સર્વપુદ્ગલોને વોસિરાવીને પરમાત્મા શ્રી સીમંધર સ્વામીનાં સમવસરણનું ધ્યાન કરીને, શ્રી નમસ્કાર મહામંત્રના સ્મરણમાં લીન બનીને ૩૮ વર્ષની ઉંમરે તા. ૧૮-૧૧-૮૭ ના રોજ આ પાર્થિવ દેહનો ત્યાગ કરીને સદ્ગતિને વર્યા.

ધર્મમય અને તપોમય જીવન જીવનારા શ્રી નરેન્દ્રભાઈના આત્માને શ્રદ્ધાંજલિ.

● **દાદર :** અત્રેના જૈન આરાધના ભવનના વર્ષો જૂના આરાધક મહાન **શ્રાવક તલકચંદભાઈ**નો સ્વર્ગવાસ થતાં શ્રી સંઘે એક અણમોલું શ્રાવકરત્ન ગુમાવ્યું છે. દાદર ધર્મસંઘના અનેક વર્ષો સુધી વડેરા બન્યા રહીને એમણે અનેકોને ધર્મનું આલંબન આપ્યું છે. પોતાને સાધુ બનવાની વર્ષો જૂની ઝંખના સંયોગવશાત્ પૂરી ન કરી શક્યા એનો એમને ભારે ખટકો હતો. પોતાના લઘુબંધુને દીક્ષા અપાવી મુનિશ્રી નંદિવર્ધન વિજયજી બનાવ્યા. શાંત મળતાવડો સ્વભાવ, ધર્મની ચૂસ્તતા, મહાન ક્રિયારુચિ, ગાંભીર્ય, ઔદાર્ય, સહિષ્ણુતા અને સેવાભાવથી મઘમઘાયમાન જીવનવાળા તલકચંદભાઈનો આત્મા પરમ શાંતિને પામે એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે એમના ગુણસંપન્ન જીવનનો સૌએ ધડો લેવા જેવો છે.

● **અમલનેર : સાધ્વીજી શ્રી રોહીણાશ્રીજી મહારાજ** અત્રે મહા સુદ-૧૩ ના રોજ સંપૂર્ણ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

તેઓશ્રીને ધૂળીયા મુકામે ગયા વર્ષે : અષાઢ વદમાં પ્રથમ એટેક આવ્યો હતો. તેમજ ડાયાબિટીસ, બ્લડપ્રેશર વગેરે કારણે તબિયત નરમ રહેતી હતી. ગત ચાતુર્માસમાં ધૂળીયાના શ્રી સંઘે તથા સેવાભાવી ડૉક્ટરોએ સુંદર સેવા કરી હતી અને તેથી દરદમાં રાહત હતી - ત્યારબાદ અમલનેરના શ્રી સંઘ તથા ટ્રસ્ટી ગણની આગ્રહભરી વિનંતીથી ધૂળીયાથી વિહાર કરી મહા સુદ-૭ ના દિવસે અમલનેર પ્લોટના ઉપાશ્રયે પ્રવેશ કર્યો હતો. તબિયત સારી હતી. મહા સુદ-૧૨ ના સવારથી ગભરામણ-પ્રેશર અને એટેકની અસર વર્તાવા લાગી. સુશ્રાવક મિશ્રીલાલભાઈ તથા સેવાભાવી ડૉક્ટરોની સતત હાજરી અને યોગ્ય ઉપચારો ચાલુ કર્યા પણ એટેક જોરદાર, વિનયી શિષ્યાગણે પરિસ્થિતિ કળી લીધી અને દ્રવ્યોપચાર સાથે ભાવોપચાર રૂપે શ્રી નમસ્કાર મહામંત્ર શ્રવણ આદિ ચાલુ કરી દીધા. આ બધો સમય તેઓશ્રી સંપૂર્ણપણે સભાન અવસ્થામાં હતા. પોતે જાતે પણ શ્રી નમસ્કાર મંત્રનો જાપ કરતા હતા.

મહા સુદ-૧૩ ના સાંજના પ્રતિક્રમણ અને પોરિસિની ક્રિયા પણ જાગૃતાવસ્થામાં કરી ત્યારબાદ પ્રેસર ઘટવા માંડ્યું અને નાડીની ગતિ પણ ધીમી

થવા લાગી. પૂ. સાધ્વીગણે, પૂ. બાપજી મ.ના સમુદાયના સા. સુલોચનાશ્રીજી મ. તથા શ્રી સંઘે શ્રી નમસ્કાર મંત્ર વગેરેનું જોરદાર શ્રવણ કરાવવા માંડ્યું અને રાત્રે ૧૦ ક. ૩ મી. સંપૂર્ણ સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા.

તેઓશ્રીનો જન્મ સંવત ૧૯૭૦માં મણિબેનની કુક્ષીથી ખંભાત મુકામે થયો હતો. વિ.સં. ૨૦૦૨માં ખંભાત મુકામે પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના હસ્તે શ્રી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. ૪૨ વર્ષના સુદીર્ઘ નિર્મળ સંયમપર્યાયમાં ૪૨ શિષ્યાના સદ્‌ગુરુ બની એમનું યોગ ક્ષેમ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. તેઓશ્રીના કાળધર્મથી શાસનમાં એક ઉત્તમ સાધ્વી રત્નની ખોટ પડી છે. તેઓશ્રીનો આત્મા પરમ શાંતિ પામે એજ અરિહંત-દેવોને પ્રાર્થના છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તી પરમ પૂજ્ય **મુનિરાજશ્રી હિતેશ્વરવિજય** મહારાજ સાહેબ રવિવારના સાંજે હૃદયરોગના હુમલાથી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીની પાલખી સોમવારે સવારે ૧૧ કલાકે **વીટા** મુકામે (સાંગલી)થી નીકળશે.

● **વીટા (જિ. સાંગલી) :** સંસારીપણે નાસિકના હિરજી વીરજી ટ્રાન્સપોર્ટના માલિક વર્તમાનમાં મુનિરાજશ્રી **હિતેશ્વરવિજયજી મહારાજ,** વીટા મુકામે ફાગણ સુદ-૬ રવિવાર તા. ૨૧-૨-૮૮ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. એમનું સંસારી નામ હિરજીભાઈ વિરજીભાઈ શાહ એઓ મૂળ કચ્છના તેરા ગામના ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ નગરીમાં આવેલા અને ટ્રાન્સપોર્ટના ધંધામાં જોડાયેલા. પણ સેવાથી ધંધામાં લોકપ્રિયતા મેળવી નાસિક અને અમદાવાદમાં બ્રાન્ચો ખોલીને કમ્મે શૂરા બનવા છતાં પોતાના ધર્મપત્ની માનબાઈના અત્યંત ધાર્મિક સંસ્કારો અને પ્રેરણાને લીધે પોતે પણ ધમ્મેશૂરા બનવા જિનમંદિર ઉપાશ્રયે જતા આવતા થયા.

નાસિકમાં ચોમાસા દરમિયાન જિનપ્રવચન શ્રવણના શ્રદ્ધાથી શ્રવણદ્વારા ધર્મમાં વિશેષ આગળ વધી ધંધામાંથી નિવૃત્ત થયા. અને જિનપૂજા પ્રતિક્રમણ એકાસણ

આદિ તપશ્ચર્યાની સુંદર આરાધના કરતા થયા. સંવત ૨૦૩૩ના સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજનાં ચોમાસામાં વૈરાગ્ય વધતાં ઉપધાન તપ કર્યા અને દીક્ષાનો અભિગ્રહ લીધો. શત્રુંજય ગિરિરાજની ચારેક વખત નવાણું યાત્રા કરી. સાધુભગવંતોનો પરિચય વધતાં પોતાનો સુખી પરિવાર, વિપુલ સાધનસામગ્રી, ધનમાલ મિલકત આદિનો ત્યાગ કરી વિ.સં. ૨૦૩૪માં અમલનેર મુકામે શ્રી હિરજીભાઈ તથા તેમના ધર્મપત્ની માનબાઈ બંનેએ સારી રકમ ખર્ચી ખૂબ જ ધામધૂમપૂર્વક મોટો મહોત્સવ કરીને આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મ. તથા પૂજ્યશ્રી આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરી, અને પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન મુનિરાજશ્રી નંદીશ્વરવિજયજી મ.ના શિષ્ય નામે મુનિશ્રી હિતેશ્વરવિજયજી બન્યા.

દીક્ષા લીધી ત્યારથી જ નિત્ય એકાસણ, સાધુસેવા, ગુરુભક્તિ, વૈયાવચ્ચમાં રક્ત રહેતા **'દિવ્યદર્શન'** આદિના લખાણની પ્રેસકોપી તૈયાર કરતા. બીજા મુનિઓ આદિની પણ શાસ્ત્રીય નોટો નોંધોની સુંદર અક્ષરે કોપી કરી આપતા. ઉપરાંત વર્ષો સુધી વિશાલસંખ્ય સાધુઓની ભોજન મંડલીની વ્યવસ્થા સંભાળતા. અને બીજી પણ સુંદર સાધુજીવનની કામગીરી બજાવતા.

વર્ષોથી વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના નિશ્રાવર્તી સૌમ્ય સહનશીલ મૃદુ સ્વભાવવાળા અજાતશત્રુ મુનિશ્રી હિતેશ્વરવિજયજીએ વડીલોથી માંડી નાનામાં નાના સાધુની ખૂબ સુંદર ચાહના પ્રાપ્ત કરેલી **"સહાયકપણું ધરતા સાધુજી"** એ પંક્તિનું સ્મરણ મુનિવરનું જીવન જોવાથી થઈ જતું. પાલનપુર મુકામે વિ.સં. ૨૦૩૮ના ચોમાસામાં દાદર પરથી પડી જવાથી હાથનું ફ્રેક્ચર થયું. ત્યારે પાલનપુરના ને બહારના સેવાભાવી ડૉક્ટરોએ ઘણી સારી સેવા કરેલી એમાં અને પોતાને હાર્ટની બીમારી હોવા છતાં ખૂબ સમતાપૂર્વક સારી રીતે સહન કરતા અને એક-બે વાર હાર્ટએટેક આવ્યો ત્યારે પણ એમની પ્રસન્નતા તેવી ને તેવી જળવાઈ રહેલી. તારીખ ૨૧-૨-૮૮ ને રવિવારના રોજ વીટાથી પલુષ તરફ વિહાર કરતા રસ્તામાં પાણી ચૂકવી આગે ચાલતા એક વિશાળ સરોવરના કિનારે એકદમ હાર્ટએટેક આવવાથી સાંજે સાત વાગતાના સુમારે સાથે રહેલા મુનિશ્રી સૂર્યકાંતવિજય વગેરેના મુખથી મોટેથી બોલાતા નવકાર મંત્રને સાંભળતા પૌદ્ગલિક દેહનો ત્યાગ કરી ગયા. સંસારી અવસ્થામાં એ મુંબઈમાં અને કચ્છી સમાજમાં સારી પ્રતિષ્ઠા પામેલા લાખોપતિ આગેવાન ગણાતા અને છતાં સાધુ બન્યા પછી પોતે ખૂબ સાદાઈથી રહેતા. પૂર્વની શ્રીમંતાઈનું

સહેજ પણ અભિમાન તેઓને નડ્યું નહોતું. મુનિભક્તિમાં સદા તત્પર, ગુર્વાજ્ઞા પાલનમાં સદા ખબરદાર. આત્મ-આરાધનામાં લીન, સમભાવમાં સદા મસ્ત આ મુનિની ક્ષમા, સહનશીલતા, તપ, જ્ઞાન ધ્યાન, આદિ અનેકાનેક ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદનાના બહારથી પણ સમાચાર મળે છે. એમના જીવનમાં સહનશીલતા સાધુ-ગુરુસેવા, વિનમ્રતા સહાયકવૃત્તિ વગેરે ખાસ નોંધપાત્ર ગુણો સહેજે આંખે ચડતા હતાં. એમના કાળધર્મથી શાસન-સમુદાયે એક મહાન ગુણિયલ મુનિવર ગુમાવ્યા છે.

શ્રી સંભવનાથ ભગવાનના સુંદર જિનમંદિરથી શોભતા વીટા ગામના શ્રી સંઘે એમની ઉત્તર ક્રિયા ખૂબ ઉલ્લાસપૂર્વક કરી સ્મારક કરવાનું નક્કી કર્યું. સુવિશુદ્ધ સંયમ જીવનની અનુમોદના નિમિત્તે શ્રી સિદ્ધચક્રપૂજન સહિત શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ રૂડી રીતે ઉજવવાનું નક્કી કર્યું.

સાંગલી, કોલ્હાપુર, તાસગાંવ, કરાડ, ઇચલકરંજી, ઇસ્લામપુર, મસૂર, રહીમદપુર, ટાંકારી, મુંબઈ, નાસિક, સિરોલી, સાતારા વડગાંવ, માધવનગર આદિ સ્થળેથી અનેક ભાવિકો સ્મશાન યાત્રામાં જોડાયેલા.

એમનો આત્મા પરમ શાંતિને પામો એ જ અચિંત્ય ચિંતામણિ અરિહંત દેવોને પ્રાર્થના છે.

મહારાષ્ટ્રની ધરતી પર વર્ધમાનતપોનિધિ પૂજ્યશ્રીના પાવન પગલે

સાંગલીમાં શીવાજીનગરમાં શ્રી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવના ભવ્યાતિભવ્ય પ્રસંગની પૂર્ણાહુતિ બાદ અનેક સંઘોની આગ્રહભરી વિનંતીથી વર્ધમાનતપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. આદિ પૂજ્ય ગુરુભગવંતો માધવનગર મુકામે ૨ દિવસની સ્થિરતા કરી તાસગામ પધાર્યા... ત્યાંના સંઘે ખૂબ જ ઉલ્લાસથી તપ-ત્યાગ આદિના નિયમો વ્યાખ્યાન દરમ્યાન લીધા. પૂજ્યશ્રી આદિ ત્યાં ૩ દિવસની સ્થિરતા કરી **વીટા** મુકામે પધાર્યા... કેટલાય વરસો બાદ સાધુ ભગવંતોનો પોતાના ગામમાં યોગ મળતો હોઈ સંઘે ત્રણ દિવસનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ ગોઠવ્યો... તેમાંય ત્રીજે દિવસે અષ્ટાપદજી પૂજાનું આયોજન થયેલું એમાં લાભ લેવા આજુબાજુના ગામોમાંથી ભાવિકોના ટોળેટોળા આવી ગયેલા. સવારથી ૨॥ વાગ્યા સુધી ચાલેલી પૂજામાંથી કોઈ ખસવા તૈયાર નહોતું... વીટા સંઘે સાધર્મિકવાત્સલ્ય રાખેલું... સાંજે વિહાર કરી પૂજ્યશ્રી પલુસ-તાકારી ઇસ્લામપુર તરફ પધારવાના હતા... તેમાં ક્રૂર કાળનો કારમો પંજો એકાએક મુનિશ્રી હિતેશ્વરવિજયજીને લાગ્યો... સાંજે ૭ના સુમારે હાર્ટના હુમલાથી નવકાર

મંત્રનું સ્મરણ કરતાં કરતાં અપૂર્વ સમાધિથી મુનિશ્રી પરલોકના પંથે પ્રયાણ કરી ગયા... સંઘને અભ્યન્તર અણગાર-સાધકની ખોટ પાડતા ગયા. વીટા સંઘ સહિત આજુબાજુના સંઘો તથા જૈનેતર પ્રજા લગભગ ૪-૫૦૦૦ની સંખ્યામાં અંતિમ યાત્રામાં જોડાયા... સંઘે સદ્‌ગત મુનિશ્રી સંયમ જીવનની અનુમોદનાર્થે ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ રાખ્યો... ત્રીજા દિવસે સિદ્ધચક્રપૂજન પછી પૂજ્યશ્રી વિહાર કરી તાકારી આદિના રસ્તે આગળ પધાર્યા...

કુંભોજગિરિ તીર્થથી ૬ માર્ચના સંઘ સાથે બેંગ્લોર તરફ પ્રયાણ થશે.

ખાનદેશ (મહારાષ્ટ્ર)ના અમલનેર મુકામે મહાન શ્રમણીરત્ન પૂ. સાધ્વીજીશ્રી રોહીણાશ્રીજી મહારાજનું દિવંગમન

ખંભાતનગરે દંપતી નગીનદાસ અને મણિબેનની સુપુત્રી કમળાબેન વિ.સં. ૧૯૭૦ ના શ્રાવણ વદ ૧૮ ના જન્મ પામી અનેક પૂજ્ય ગુરુ ભગવંતોના વૈરાગ્યસભર પ્રવચનો અને માતપિતાના ઉત્તમ સંસ્કારોથી બાલ્યપણાથી જ સંસાર વિરક્ત બનેલા. પણ સંસારત્યાગ કરવાનો સુવર્ણ અવસર મળ્યો ૩૨ વરસની ઉંમરે... એમણે સ્તંભન પાર્શ્વનાથ ભગવાનની છત્રછાયામાં આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વિ.સં. ૨૦૦૧ માં સંયમ જીવનનો સ્વીકાર કરી મહાસંયમી સાધ્વીજીશ્રી કલ્યાણશ્રીજી મ.ના સૌથી નાના અને છેલ્લા શિષ્યા સા. રોહીણાશ્રીજી બની જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગ-વૈરાગ્ય-વિનય આદિ ગુણો દ્વારા આત્મોન્નતિના પંથે આગળ વધ્યા...

વિ.સં. ૨૦૦૬ ની સાલથી સુવિશુદ્ધ સંયમમૂર્તિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદથી તેઓશ્રીની રાહબરી નીચે સંયમજીવન યાત્રા ખૂબ આગળ વધતી ચાલી...

કેળા-કેરી સહિત બધા ફ્રુટ-મેવા-મીઠાઈના ત્યાગ-સાદાઈભર્યું જીવન-નિરભિમાનતા-ઈર્ષ્યાવૃત્તિથી અળગાપણું, સહિષ્ણુતા-ગંભીરતા-સંયમની કાળજી વગેરે ગુણો દ્વારા ગુજરાત-રાજસ્થાનમાં વિચરી અનેક સંઘોની બેનોને ખૂબ સુંદર આરાધના કરાવી...

વૈરાગ્યવારિધિ ૩૬ ક્રોડ નવકાર મંત્ર આરાધક આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી વિ.સં. ૨૦૨૫માં મહારાષ્ટ્રમાં (ખાનદેશમાં) આવી ઉપકારની હેલી વરસાવવા માંડ્યા.

પ્રસન્નમુદ્રા-વાત્સલ્યભર્યા નયનો દ્વારા સંયમજીવનના પર્યાયની જેમ એમનો શિષ્યા-પ્રશિષ્યાઓનો પરિવાર પણ વધતો ચાલ્યો... રાણપુર-અમલનેરમાં અનેક ભાગ્યશાલિની બેનોએ પોતાનું જીવન આ શ્રમણીરત્નને સોંપી દીધું... એમને સંયમજીવનની સારણા-વારણા ખૂબ સુંદર કરતા.

૪૨ વરસના સંયમ પર્યાયની જેમ ૪૨ શિષ્યા-પ્રશિષ્યાના જીવનને ઘડનારા સાધ્વીજી મહારાજને કર્મસત્તા ૨૦-૨૦ વરસથી અનેક શારીરિક પીડાઓ આપી રહી હતી. પણ અજબગજબની સમાધિ સાથે બી.પી., હાર્ટએટેક, ડાયાબિટીસ વગેરે રોગોને કર્મરોગ સમજી સહન કરતા ધૂળિયાના અંતિમ ચોમાસામાં ખૂબ ખૂબ કર્મનિર્જરા કરી...

અમલનેર સંઘની અનેકવારની આગ્રહભરી વિનંતીથી ચાલુ વરસે મહા સુદ-૫ ના અમલનેર પધાર્યા બાદ પણ સંયમની દરેક ક્રિયામાં જાગ્રત સાધ્વીજી મહારાજ મહા સુદ-૧૩ની રાતે ૧૦ ને ૩ મિનિટે ઠેઠ સુધી સ્પષ્ટ નવકારના ઉચ્ચારણ કરતાં; ભયંકર વેદનાને પ્રસન્નતાથી સહન કરતાં શિષ્યા-પ્રશિષ્યા અને શ્રી સંઘના અનેક સુકૃતોને સાંભળી અનુમોદના કરતાં હસતા મુખડે અનેકને રડાવી આત્મોન્નતિના કદમ બઢાવતાં પરલોકના પંથે ચાલ્યા ગયા... અનેકને રડતા મૂકી ગયા...

અમલનેરમાં પ્રતિષ્ઠાદિન અને એક સાથે ઉજવાયેલ ૨૬ દીક્ષાઓનો દિન એ જ મહા સુદ ૧૩ સ્વર્ગવાસ દિન બની ગયો...

શું ખાનદેશના ઉપકારક સાધુઓમાં અગ્રેસર ખંભાતનગરે જન્મેલા પૂ.આ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજે પણ અમલનેરને પોતાના અંતિમ સ્થાન તરીકે પસંદ કર્યું હશે તેમજ સાધ્વીજીઓમાં અગ્રેસર ખાનદેશ ઉપકારક ખંભાતમાં જન્મેલા પૂ. સાધ્વીજી શ્રી રોહિણાશ્રીજી મ. પણ આજ અમલનેરને પોતાના અંતિમ સ્થાન તરીકે પસંદ કર્યું હશે ? અમલનેર એક તીર્થભૂમિ બનાવી ગયા...

ભૌતિકકાળના ભયંકર વાયરામાં માતા પિતાની પણ આમન્યા ન રાખનારા આજના કાળમાં આ વાત્સલ્યહૃદયા સાધ્વીજીને એમની શિષ્યાઓ છેલ્લા કેટલાય વરસોથી સ્ટ્રેચરમાં પોતાના ખભે ઊંચકી ગામોગામ ઉપકાર કરનારા બનાવી પોતાનું યત્કિંચિત્ ઋણ વાળી રહ્યા હતા...

સૌજન્યતા-વાત્સલ્યતા-સરળતાવાળા ઈર્ષ્યાળુ સ્વભાવથી પર સાદાઈભર્યા જીવન જીવનારા - ૪૨ વરસના સંયમજીવન જીવનારા સાધ્વીજી મહારાજ શ્રી રોહિણાશ્રીજી મહારાજનો આત્મા જ્યાં હોય ત્યાં શાસનદેવ એમને શાંતિ આપે...

અને દિન પ્રતિદિન આત્મોન્નતિના પગલે આગળ વધારે...

ધન્ય જીવન ! ધન્ય સંયમ ! ધન્ય સંઘવાત્સલ્ય !

- અમલનેર જૈન સંઘ - મહારાષ્ટ્ર.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૬,અંક-૩૩,તા.૧૪-૫-૧૯૮૮

શ્રી સૂરિમંત્ર પંચ પ્રસ્થાન આરાધક, સહજાનંદી સ્વ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ ધર્મજિતસૂરિ મ.ની જીવન ઝરમર

(લેખક : પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિ.મ.)

પ્રકૃષ્ટ પુણ્યનાં ઉદયથી માનવભવમાં ઉચ્ચકુળમાં જન્મ મળે. માતા પિતાનું પણ પુણ્ય ચમકતું હોય ત્યારે ઘરમાં ઉત્તમ આત્મા અવતરે. સુરતમાં એવું જ બન્યું. ધર્મનિષ્ઠ સુશ્રાવક ચીમનલાલના ધર્મપત્ની સુશ્રાવિકા મોતીકુંવર બેનની કુખે સં. ૧૯૮૪ વૈશાખ વદ-૫ ના ફતેહચંદનો જન્મ થયો. બાળકના કાનમાં મા કહેતી, 'બેટા, સંયમી બનજે.' બાલ્યવયથી જ માતાએ ઉત્તમ ધાર્મિક સંસ્કારો સિંચ્યા. શાળામાં શિક્ષકે પૂછ્યું, "મોટો થઈને તું શું બનીશ ?" તેણે ઉત્તર આપ્યો, "મોટો થઈને હું ધર્માચાર્ય બનીશ."

ભવ્ય વરઘોડામાં મુનિભગવંતોને નિરખી છ સાત વર્ષનાં ફતેહચંદે માતા પાસે દીક્ષા લેવાની જીદ પકડી. સાંજ સુધી કાંઈ ખાધું નહિ. આજના બાળકોમાં આવી જીદ જોવા મળે ? મેટ્રીકનો અભ્યાસ પૂર્ણ થતાં શેરબજારમાં લાગ્યા. સ્વપ્નામાં ભાવોની ચડ ઊતર દેખાઈ. સંકેતનો લાભ ઊઠાવ્યો હોત તો લાખો રૂપિયા પ્રાપ્ત કરી શક્યા હોત. પણ આ પુણ્યવાન તો આધ્યાત્મિક વૈભવ પ્રાપ્ત કરવા નિર્માયા હતા.

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની તારક આજ્ઞાથી અને પરમ કૃપાથી વિ.સં. ૨૦૦૫માં પૂજ્ય મુનિશ્રી ભાનુવિજયજી મ.ના આત્મવેધક પ્રવચનોની વાણીથી વિરક્ત બની મુંબઈના કૈંક યુવાનો સંયમી બનવા ઉત્સુક બન્યા.

મુનિશ્રી જયઘોષ વિજયજી આદિની દીક્ષાનો ભવ્ય પ્રસંગ નિહાળી ફતેહચંદના અંતરમાં સંયમઝંખના ઉત્કટ બની. પછી તો પાલીતાણા પ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સાંનિધ્યમાં પૂ. ભાનુ વિ.મ.ની નિશ્રામાં મુમુક્ષુ પાઠશાળામાં ચાર માસ રોકાઈ સંયમની તાલિમ લીધી. સુરત દીક્ષા નિર્ણિત થઈ. અન્ય બે યુવાનોની પણ દીક્ષા

નક્કી થઈ હતી. પૂજ્યશ્રીની વૈરાગ્ય નીતરતી વાણીથી ફતેહચંદની બે બહેનો પણ ભાઈની સાથે જ સં. ૨૦૦૭ ના મહા સુદ ૬ ના ભાનુવિજયજીનાં વરદ હસ્તે પ્રવ્રજ્યા અંગીકાર કરી સંયમી બન્યા. **મુનિશ્રી ધર્માનંદવિજયજી** નામ રખાયું. સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ, તપ વગેરે આરાધનાનો પ્રારંભ થયો. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પ્રકરણ ગ્રંથો, કર્મગ્રંથોનું અધ્યયન, પૂ. ભાનુવિજયજી મહારાજે ન્યાયના વિષયમાં પ્રવેશ, પૂ. પદ્મવિજયજી મહારાજે સંસ્કૃત-પ્રાકૃતનું અધ્યયન કરાવ્યું. આ ત્રણ પૂજ્ય વડીલોનાં સાંનિધ્યમાં અદ્ભુત ઘડતર થવા માંડ્યું. વિનય-બહુમાનથી ક્ષયોપશમ ખૂબ વધ્યો. શાસ્ત્રોનાં ઊંડાણ સુધી પહોંચી પરમ રહસ્યોને પામ્યા. કમ્મપયડી સુધીનાં પ્રકરણો, ભાષ્યો, પ્રવચન સારોદ્ધાર, લોકપ્રકાશ પ્રકરણ રત્નાકર, પંચાશક, ષોડશક, બત્રીસી, અષ્ટકજી, પંચ વસ્તુ, ૪૫ આગમોની ટીકાઓ આદિમાં પારંગત બન્યા. વિશેષથી દિગંબર આમ્નાયનાં કર્મવિષયક તમામ ઉપલબ્ધ ગ્રંથોનું સાંગોપાંગ અધ્યયન, કર્મગ્રંથો, કમ્મપયડી, પંચસંગ્રહ, બંધશતક, ષટ્ખંડ આગમ, જયધવલા, મહાધવલા, ગોમટસાર, કષાયપ્રાભૃતાદિનું ઊંડાણથી ખેડાણ કર્યું.

વિદ્વાન મુનિરાજો શ્રી જયઘોષ વિજયજી, ધર્માનંદવિજયજી, અને શ્રી હેમચંદ્ર વિજયજીએ પ્રચંડ પુરુષાર્થ કરી કર્મશાસ્ત્રોની ગહન ગૂંચોને ને ગણિતના કઠીન કોયડાઓને ઉકેલીને પદાર્થોનું સુંદર સંકલન કર્યું. તે બોધનો અન્ય તેજસ્વી શ્રમણોમાં વિનિયોગ કર્યો. શ્રમણોએ સંસ્કૃત ટીકાઓની રચના **'બંધ વિધાન'**નાં ૧૪ વોલ્યુમમાં કરી છે.

પૂ. ધર્માનંદવિજયજી મ.ની દીક્ષા બાદ મોહમયી મુંબઈમાં એક પછી એક નિર્મોહીના વરઘોડા નીકળવા લાગ્યા, એમાં એમનાં પગલે પગલે લઘુબંધુ દીક્ષિત બનીને જયશેખરવિજયજી બન્યા. માતુશ્રી, અન્ય બે બહેનો, બે ભત્રીજા, એક ભત્રીજી, ભાભી, પિત્રાઈ બહેનો આદિ અનેક પુણ્યાત્માઓ પ્રવ્રજિત બન્યા.

ક્ષમા-સરળતા-સ્નેહાળતા આદિથી શ્રમણોને ખૂબ પ્રિય બન્યા.

તેમની વર્ષોની જ્ઞાનસાધનાનાં કર્મગ્રંથની નોટ એક મહાત્મા અધ્યયન માટે લઈ ગયા. એમના હાથે નોટ પાણીમાં નષ્ટ પ્રાયઃ બની. એ સાંભળી આ મહાપુણ્ય સહેજ પણ ન અકળાયા સ્વભાવગત સ્મિતવેરી ઉદારતાથી ક્ષમા આપી.

સંગમનેરમાં એક વાર પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ એક પ્રસ્તાવ મૂક્યો. "ધર્માનંદવિજયજી અને હેમચંદ્ર વિજયજી જો ચૂર્ણી અને બે ટીકા સાથે કમ્મપયડી દશ દિવસમાં વાંચી આપે, તો મારે દશ દિવસ નવકારશીનું પચ્ચક્ખાણ કરવું." ૩૦ હજાર શ્લોક પ્રમાણ દશ દિવસમાં વાંચવાનું અશક્ય પ્રાયઃ છતાં આ બે

મુનિવરોએ વાંચન સાદ્યન્ત પૂર્ણ કર્યું.

એક વાર જયઘોષ વિજયજીએ મજાકમાં કહ્યું, "આજે ફાગણ વદ અષ્ટમી ભાવુકો આજથી વરસીતપ શરૂ કરશે. તમારે નથી કરવો ?" 'તમે તૈયાર તો હું પણ તૈયાર' એમ કરી વરસીતપ શરૂ કર્યો, રંગે ચંગે પૂર્ણ પણ કર્યો. વિશેષતા એ કે દીર્ઘ તપશ્ચર્યા દરમ્યાન પણ તત્ત્વ સાહિત્ય સર્જન કાર્ય માટેનો રોજના ૭/૮ કલાકનો પુરુષાર્થ ચાલુ ! વર્ધમાન તપનો પાયો નાંખી ૮૯ ઓળી સુધી પહોંચ્યા. સેવા અને સહાયતાગુણથી સર્વની ખૂબ ચાહના પ્રાપ્ત કરી, માંડલીની સુંદર વ્યવસ્થા પણ કરતા.

પરમાત્મભક્તિ રોમરોમમાં ખૂબ. પ્રતિમાને જોઈને હર્ષવિભોર બની જતા ભાવવાહી સ્તવનોમાં ગદ્‌ગદ બની જતા.

તીર્થયાત્રાનાં ખૂબ રસિક. મારવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર, કચ્છ, કર્ણાટકનાં સેંકડો જિનાલયો જુહાર્યા. પાંચ-દશ કિલોમિટરનો વિહાર વધારીને પણ જિનમંદિરને જુહારવાનું પ્રાયઃ ચૂકતા નહિ. કહેતા કે "પરમાત્મભક્તિ હૃદયમાં ખૂબ વસી છે તેથી દેવલોકમાં વાસનાનો કોઈ ભય નથી. ત્યાં બધું છોડીને તીર્થયાત્રા માટે જ દોડી જવાનું મન થશે."

શ્રી નમસ્કાર મહામંત્રનો લાખોની સંખ્યામાં જાપ. વર્ષોથી પ્રત્યેક ઓળીમાં નવલાખ નવકારમંત્રનો જાપ કરતા. મલાડમાં ૮૬મી ઓળી નવલાખનો જાપ કર્યો. એક વાર સ્વપ્નામાં પરમાત્માએ કહ્યું, "માંગ, તારે શું જોઈએ છે ?" આ નિસ્પૃહ સાધકે માગ્યું, "મારે હર્ષ ન જોઈએ, શોક ન જોઈએ, ક્રોધ ન જોઈએ, સુખ ન જોઈએ, દુઃખ ન જોઈએ, કશું જ ન જોઈએ"... પરમાત્માએ ખૂબ પ્રસન્ન થઈ ઊભા થઈને તેમના ખભા પર હાથ મૂકી ખૂબ શાબાશી આપી. પરમાત્મ બિંબોના સ્વપ્નમાં અનેક વાર દર્શન, પરમાત્મા સાથે વાર્તાલાપ પણ ઘણી વાર કર્યા.

જપ-ધ્યાન અને અધ્યાત્મની અભ્યંતરસાધના, હૃદયમાં સરળતા, જીવનમાં પવિત્રતા, મુખ પર પ્રસન્નતા, સૌમ્યતા, અનેક દૈવી ચમત્કૃતિઓનો તેમણે અનુભવ કરેલ. શાસ્ત્રાભ્યાસ દરમ્યાન જીવનની કોઈ પણ સમસ્યાનો દૈવી ઉકેલ સ્વપ્નમાં મળી જતો. કર્મસાહિત્યનું કાર્ય ચાલતું હતું. દિગમ્બર ગ્રંથનું ગહનગણિત સમજાયું નહિ. સ્વપ્નમાં કોઈ આવીને ઉકેલ આપી ગયું. શ્રી ભગવતી સૂત્રની સંસ્કૃત ટીકા રચવાનો અભિગ્રહ લીધેલો. આત્મસાક્ષાત્કાર બાદ પૂર્ણ કરવાની તેમની ભાવના. એકવાર રાત્રે સ્વપ્નમાં ક્રમશઃ સાત અંગ્રેજી વાક્યો દેખાયા. આ સાત વાક્યોમાં આત્મસાક્ષાત્કારની સમગ્ર પ્રક્રિયા ગુંથાયેલી છે. તેમ કહેતા.

(1) God is No Where.

પછી WHERE માંથી 'W' પાછળ ખસ્યો... તેથી

(2) GOD IS NOW HERE
(3) BELIEF IN GOD
(4) TRUST IN GOD
(5) TO BE GOD
(6) JUST LIKE GOD
(7) I AM GOD

સાધકની તીવ્ર ઝંખનાનો આ કેવો દૈવી પ્રત્યુત્તર !

સ્વપ્નમાં એક અંગ્રેજી પ્રવચન સાંભળેલું. સાર-"જીવનમાં બનતી કોઈ પણ ઘટનાથી દિલથી સંપૂર્ણ અળગા રહી રાગદ્વેષથી અલિપ્ત રહેવું."

સં. ૨૦૩૨ મહા સુદ ૧૦ **ગણિપદવી** થઈ. પૂર્વરાત્રિએ **'ધર્મજિત નામનો દેવ સ્વપ્નમાં** કહી ગયો, 'તમે મારા સ્થાને ઉત્પન્ન થવાના છો માટે ગણિપદવીમાં તમારું નામ 'ધર્મજિત' રાખો." નામમાં પરિવર્તન થયું અને મુનિ ધર્માનંદ વિ.માંથી મુનિશ્રી ધર્મજીત વિજયજી ગણિવર બન્યા.

એક આશ્રિત શિષ્યને કહ્યું, "ગઈકાલે તને આવો કુવિકલ્પ આવ્યો હતો ને ?" પેલો કહે 'આપને ક્યાંથી ખ્યાલ આવ્યો ?' આમણે કહ્યું "રાત્રે સ્વપ્નમાં આવીને પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા મને કહી ગયા." એક વાર એક શિષ્યને અચાનક બોલાવીને "તું અત્યારે આ વિચાર કરતો હતો ?" ખરેખર તેમની વાત અક્ષરશઃ સાચી જ હોય.

સામેની વ્યક્તિનાં દૃષ્ટિકોણને લક્ષમાં રાખી વર્તન કરતા. વ્યક્તિને તેમના પર પ્રીતિ થઈ. ફરિયાદ લઈને આવનારને પૂરા સાંભળતા. કોઈ પણ વ્યક્તિને એમની આગળ દિલની વાત કરવામાં સંકોચ ન થતો.

ઉદારતા, ગંભીરતા, પ્રસન્નતા, સૌમ્યતા, કુનેહને કારણે આશ્રિતોનું સુંદર ઘડતર કરતા. શિષ્યોની પવિત્રતા માટે ખૂબ જાગૃત હતા. જ્યાં વિચરતા ત્યાંનાં સંઘ પર ચિરસ્થાયી અસર મૂકી જતા.

દાદરમાં ચાતુર્માસ થયું. ધ્યાન અને અધ્યાત્મનાં એકાંતવાદની પક્કડને લીધે વ્યવહાર માર્ગથી વિમુખ બનેલા અનેક શ્રાવકો આનંદઘનજીનાં સ્તવનો પર એમની વાચનામાં વિવેચનના વર્ગમાં ખેંચાઈને જોડાયા. અનુભવજન્ય અદ્‌ભુત વિવેચનથી સહુ ભક્ત બન્યા પેલી પક્કડ નષ્ટ થઈ. પૂજ્યશ્રી વ્યવહારનય અને નિશ્ચયનયનો સુંદર સમન્વય સાધતા. આ અધ્યાત્મયોગી પૂજ્યશ્રીની મસ્તી અને સાધના જોઈને

દાદરના શ્રાવકો તેમને 'આનંદઘન' તરીકે ઓળખતા. શ્રાવકો ઇતરધર્મની આધ્યાત્મિક વિશિષ્ટ વ્યક્તિઓને તેમની પાસે લઈ આવતા, તે પણ કહેતા... "તમારી શક્તિ આગળ અમારી શક્તિ પાણી ભરે છે."

મૈત્રી આદિ ચાર ભાવનાઓને ખૂબ આત્મસાત્ કરી.

તેમની પ્રચંડ બુદ્ધિ પ્રતિભા, અપાર વિદ્વત્તા, વિશિષ્ટ કુનેહ, શાસન અને સમુદાય અનેક ગંભીર સમસ્યાઓનાં ઉકેલ માટે ખૂબ ઉપયોગી બનતી. શ્રમણોને સારણાદિ કરી સ્થિર કરવામાં તેઓ અત્યંત કુશળ હતા. સં. ૨૦૩૮ નાં મહા સુદ ૧૦ નડિયાદ મુકામે **પંન્યાસપદ** પ્રદાન કરવામાં આવ્યું.

સં. ૨૦૩૯ નાં ફાગણ માસમાં બેલગામ મુકામે એમના પર હૃદય રોગનો પ્રથમ હુમલો આવ્યો. તેઓ જરાય અસ્વસ્થ ન બન્યા. અનુપ્રેક્ષા સ્વાધ્યાયનો સારો અભ્યાસ રાખ્યો. શ્રી દશવૈકાલિક સૂત્રની 'અહિંસા-સંયમ-તપ-ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે' એના પર દિવસો સુધી ઊંડુ અને માર્મિક ચિંતન કર્યું. તત્ત્વાર્થ સૂત્રનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગ છે આ બંને પ્રરૂપણાનો સમન્વય સાધ્યો.

આત્માની સમાધિ અને ચિત્તની પ્રસન્નતાનો ઉપાય. આ જોતા,- અન્યની દ્રવ્યદયા અને ભાવદયા સહેલી છે; સ્વની દ્રવ્યદયા પણ સહેલી, સ્વની ભાવદયા ખૂબ કઠીન છે, કોઈ પણ વ્યક્તિ મારો ઉપકારી છે, તેમ જે માને તે જ સ્વની સંપૂર્ણ ભાવદયા રાખી શકે. **જે મને પ્રતિકૂળ વર્તે છે તે મારો ભાવ ઉપકારી છે** આ દૃષ્ટિ જે કેળવે તે રાગ દ્વેષથી મલિન થતો નથી.

સં. ૨૦૪૩માં તપોવનમાં અંજનશલાકા પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ગિરનાર તીર્થની યાત્રા કરવા તેમનું દિલ તલસતું. પણ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની ભાવના દક્ષિણ તરફ વિહારની. ગિરનાર જવાનો આગ્રહ છોડી દક્ષિણ તરફ આવવા તૈયાર થયા. તે રાત્રિએ ચાર કલાક સુધી ગિરનાર તીર્થની અભૂતપૂર્વ ભાવયાત્રા કરી.

સં. ૨૦૪૩ ના વૈશાખ સુદ ૬ નાં કોલ્હાપુરમાં પૂ. ગુરુદેવનાં વરદ હસ્તે ભવ્ય મહોત્સવ પૂર્વક પૂ.પં. ભદ્રગુપ્ત વિ.મ.સા. પૂ.પં. ધર્મજિત વિ.મ.સા. અને પૂ.પં. રાજેન્દ્ર વિ.મ.સા.ને આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યું. ચાતુર્માસમાં સાંગલી મુકામે ૮૯ થી આંબિલ ઓળી સાથે શ્રી સૂરિમંત્રમાં પંચ પ્રસ્થાનની અદ્‌ભુત આરાધના કરી. પ્રથમ પ્રસ્થાનમાં સંપૂર્ણ મૌનમાં વિશિષ્ટ અનુભવો તેમણે કર્યા. પછી સાંગલીમાં શ્રી ઉપધાન તપની ભવ્ય આરાધના કરાવી. ઉપધાન માળ વખતે ન ધારેલી ભવ્ય બોલી થઈ.

કુંભોજ તીર્થમાં દોઢ મહિનો શારીરિક અસ્વસ્થતા ઘણી રહી. બાદ સાંગલી મુકામે પૂ. તારક ગુરુદેવ આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં તેઓશ્રીની પ્રેરણાથી ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

પદયાત્રા સંઘ સહિત બેંગલોર તરફ પધારી રહેલા ગુરુદેવની સાથે પધારવાની તેમની ભાવના પણ હાર્ટની અસ્વસ્થતાને કારણે ડૉક્ટરે મનાઈ કરી. લક્ષ્મીપુરી કોલ્હાપુરની આગ્રહપૂર્ણ વિનંતીથી ચાતુર્માસ નિર્ણિત થઈ ગયું. તેમનાં સંસારી લઘુબંધુ જ્યેષ્ઠ શિષ્ય પૂ. પંન્યાસ પ્રવર શ્રી જયશેખરવિજયજી મ.ને દ્વિતીય જેઠ સુ. ૧૦ ના આચાર્યપ્રદ પ્રદાન અંગે ભવ્ય મહોત્સવ સંઘ તરફથી કરવાનો નિર્ણય થયો. પણ વિધિનાં ગણિત જુદા. કોલ્હાપુર ચૈત્ર વદ ૧૪ ના પ્રતિક્રમણમાં પાક્ષિક સૂત્રનો છઠ્ઠો આલાવો સાંભળ્યા બાદ સહેજ ઢળી પડ્યા. પૂ.આ.શ્રી જયઘોષસૂરી મ.સા. મુનિશ્રી અભયશેખર વિ. આદિ મહાત્માઓએ નવકાર સંભળાવવાના શરૂ કર્યા. અત્યંત પ્રસન્નતાપૂર્વક નવકાર સાંભળતા માત્ર દશ જ મિનિટમાં પાર્થિવદેહનો તેમણે ત્યાગ કર્યો. ખુલ્લી આંખો નિશ્ચિત ઉચ્ચગતિની સાક્ષી પૂરી પાડતી. અનેકનાં જીવનમાં જીવન રેડનારા આ અધ્યાત્મયોગી સૂરિપુંગવ જીવનનું આટલું જલદી સમાપન કરી લેશે તે કોઈનેય કલ્પના નહોતી. સાધુ ભગવંતો અને આખો સંઘ ચોધાર આંસુએ રડી રહ્યો. આખો ય કોલ્હાપુરનો સંઘ હીરાભુવનના આંગણે ઊમટી પડ્યો.

અંતસમયની તેમની અદ્‌ભુત સમાધિને સહુ અનુમોદી રહ્યા. કાળનાં કાળઝાળ પ્રવાહમાં સહુ કોઈને તણાવું જ પડે છે પણ આવા તરવૈયા તો કોક જ ! અંત સમયની આ અતિ સ્પૃહણીય સમાધિથી જીવનભર આચરેલી અભ્યંતર સાધનાનો સુગુપ્ત સખત પરિશ્રમ પ્રગટ થયો.

દૂર દૂર સમાચાર મળતાં, સંઘોએ ભારે આઘાત અનુભવ્યો. સુરત, મુંબઈ, બેલગામ, નિપાણી, સાંગલી, હુબલી, ઈચલકરંજી, વડગામ, કાગલ, તાસગાંવ, ઈસ્લામપુર, વીટા, પુના, સંગમનેર, કરાડ, મસુર, રહેમતપુર, કોરેગાંમ ગામોથી હજારોની સંખ્યામાં ભાવુકો ઉપસ્થિત થઈ ગયા.

ચૈત્ર વદ અમાસ બપોરે બેંડના અવાજો - જયજય નંદા જયજય ભદ્રાના નાદોથી ગુંજી ઊઠ્યા. સુશોભિત પાલખીમાં વિરાટ સ્મશાનયાત્રા માર્કેટયાર્ડ પાસે આવી. ચુનીલાલ દાનાજી ગુંદેચાએ અગ્નિસંસ્કાર કર્યો. મોટી રકમની ઉછામણીઓ બોલીને ભાવુકોએ લાભ લીધો.

સમસ્ત જૈનસંઘે અધ્યાત્મ યોગી, પ્રસન્ન રસ વારિધિ, મહાગીતાર્થ, કર્મસાહિત્ય નિષ્ણાત મહાન આચાર્યને ગુમાવ્યા. સદ્‌ગતનો આત્મા પરમશ્રેયને શીઘ્ર હાંસલ કરે એજ અંતરની અભ્યર્થના...

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૬,અંક-૩૪/૩૫,તા.૨૮-૫-૧૯૮૮

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ઉૐકારસૂરીશ્વરજી મહારાજાસંક્ષિપ્ત જીવન પરિચય

(લેખક : પંન્યાસશ્રી યશોવિજય)

ગુજરાતની પશ્ચિમ સરહદે, સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ નાનકડા ઝીંઝુવાડા ગામમાં, પિતા ઈશ્વરભાઈના કુલમાં માતા કંકુબહેનની કુક્ષિએ વિ.સં. ૧૯૭૯ના આસો સુદી ૧૩ના દિવસે પૂજ્યશ્રીનો જન્મ થયો.

૧૧ વર્ષની વયે જન્માન્તરીય વૈરાગ્યના સંસ્કારો ઉભરી આવ્યા અને ચીનુકુમાર બાળમુનિ ઉૐકારવિજયજીના રૂપમાં દાદા ગુરુદેવ પૂજ્યપાદ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાના ચરણોમાં જીવન સમર્પિત કરે છે.

પિતા ઈશ્વરભાઈની સાથે પૂજ્યશ્રીએ દીક્ષા લીધેલી. ઈશ્વરભાઈ વિલાસ વિજયજીના સ્વરૂપે સંયમી જીવનના કર્ણધાર બન્યા.

અપ્રતીમ ગુરુભક્તિ :

પૂજ્યપાદશ્રીની દાદા ગુરુદેવ પૂ.આ.ભ. ભદ્રસૂરીશ્વરજી મહારાજા પરની ગુરુભક્તિ અતાગ, અપ્રતીમ હતી. ઉૐકારવિજય !' ના મધુરા સંબોધનથી શરૂ થતું ગુરુદેવનું એક એક વાકય પૂજ્યશ્રી માટે મંત્ર સમ હતું.

વિ.સં. ૧૯૯૧ માં ગુરુદેવશ્રીની આંખો મોતિયાના ઓપરેશનમાં અને ઝામરામાં ફેઈલ થતાં પૂજ્યશ્રી ગુરુદેવની એકદમ નીકટ આવ્યા. ગુરુદેવ કહેતા : "ચામડાની આંખો ભલે ગઈ, મારા આન્તરચક્ષુ ખુલ્લાં જ છે ને ! અને બહારની આંખો જવાના કારણે સંભવી શકતી તકલીફો પણ, ઉૐકારવિજયની સેવાને કારણે, મારી નજીક ઢૂંકી શકતી નથી."

વિ.સં. ૨૦૧૦ની સાલ સુધી ગુરુદેવ વિહાર કરતા હતા. પૂજ્યપાદ ઉૐકાર વિજયજી મહારાજની આંગળી પકડી ચાલતા ગુરુદેવને ગુરુ શિષ્યની એ બેલડીને જોવા એ રોમાંચકારી દશ્ય હતું.

ગુરુદેવ શિષ્યને પરમાત્માના પથ પર લઈ જતા છતાં એમણે પોતાના હાથ શિષ્યના હાથમાં સોંપેલો. મહાન ગુરુના આચરણો કેવા સાંકેતિક રહેતા હોય છે !

ગુરુકૃપાનો પ્રચંડ વિસ્ફોટ :

અપ્રતીમ ગુરુભક્તિ પૂજ્યશ્રી પર ગુરુકૃપાના રૂપમાં વરસવા લાગી.

'આપશ્રીમાં આવી વિરાટ શક્તિઓ ક્યાંથી પ્રગટી ?' એવા પ્રશ્નના ઉત્તરમાં પૂજ્યશ્રી નિખાલસ રીતે કહેતા કે, મારી પાસે જે કાંઈ છે એ ગુરુકૃપાની દેણ છે. મારું પોતીકું આમાં કશું જ નથી.

ભક્તિધારા અને કૃપાધારાને આ રીતે સમાન્તર વહેતી જોવી એ એક ધન્ય દશ્ય હતું.

પ્રવચનધારા :

ડીસામાં ચાતુર્માસ દીક્ષાનું ૨ જું કે ૩ જું ચોમાસું.

નાનકડા બાળમુનિને ગુરુદેવે કહ્યું : "આજે તારે પ્રવચન આપવાનું છે."

પૂજ્યશ્રી મુંઝાયા. ગુરુદેવના વચનોને 'તહત્તિ' કહીને સ્વીકારવાની જ વાત તેઓ શીખ્યા હતા. પણ વ્યાખ્યાનનો કોઈ અનુભવ નહોતો. ગુરુદેવને પૂછ્યું : સાહેબજી ! મને તો કંઈ આવડતું નથી.

ગુરુદેવ કહે : "તું 'વર્ધમાન દેશના' અને 'ગૌતમ પૃચ્છા' કેવી કડકડાટ વાંચે છે ? બસ, એક ચરિત્રની પ્રત લઈને બેસી જવાનું. પહેલાં મારી પાસે વાંચવાનું અને પછી વ્યાખ્યાન સભામાં."

"જી." વિનયી પૂજ્યશ્રી આટલું જ બોલ્યા.

તે દિવસથી સંસ્કૃત ચરિત્રના ગૂર્જર અનુવાદથી પ્રવચનધારા જે ચાલુ થઈ,- ના, ગુરુદેવના આશીર્વાદપૂર્વક જે ધારા શરૂ થઈ તે દીક્ષિત જીવનના ૫૪ વર્ષ સુધી અખંડ રૂપે વહી.

છેલ્લું પ્રવચન પંકજ સોસાયટીના મંડપમાં, વૈ.સુદ ૧ના દિવસે, ૨૫ આચાર્ય ભગવંતાદિ ૧૫૦ શ્રમણો, ૫૦૦ શ્રમણીઓ અને હજારોની માનવ મેદનીવાળા સમૂહમાં થયું. જે પ્રવચનમાં પૂજ્યશ્રીએ સવા કલાક સુધી ઐતિહાસિક શ્રમણ સમ્મેલનના નિર્ણયોની ફલશ્રુતિ વિગતે સંભળાવી.

તેઓશ્રીનું વક્તવ્ય સરળ, રોચક અને અપીલિંગ હતું.

કલાકો સુધી તેમની પાસે બેસી જાહ્નવીના ખળખળ વહેતા નીર સમી તેમની પ્રાસાદિક વાણી સાંભળવી એ જીવનનો લહાવો હતો. વાર્તાલાપોમાં ભિન્ન ભિન્ન

અનુભૂત પ્રસંગો તેઓશ્રી રસાળ ઢબે કહેતા. નીતનું સંગાથી સ્મિત તેમાં વધુ રસાળતા ઊભી કરતું અને શ્રોતા અહોભાવથી તેમને નીરખ્યા કરતો.

તેમની બહુશ્રુતતા, અનેક વિષયો પરની સર્વગ્રાહી પકડ વિદ્વાનોને પણ ચમત્કૃત કરતી.

પ્રતિમા અને મેધાવિતા :

પૂજ્યશ્રીની સમપ્રમાણ, ગૌર દેહયષ્ટિ પહેલી જ નજરે દર્શકનાં ચિત્તમાં અનેરી છાપ મૂકી જતી.

મરક મરક થતાં હોઠો પરથી મીઠા શબ્દો વહેતા. ભવ્ય લલાટ અને પ્રભાવશાળી નેત્રો દર્શકને પોતાના તરફ ખેંચી લેતા.

તેઓશ્રીની કુશાગ્રમેધા, મૂંઝવતા પ્રશ્નોની આરપાર જવાની તેમની અદ્‌ભુત ક્ષમતાનાં દર્શન જેમણે જેમણે કર્યા છે, તેઓ આફ્રીન પોકારી ઊઠ્યા છે.

શિલ્પશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર પરની તેઓશ્રીની પકડને વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસી છે. આયોજન શક્તિનું કૌશલ્ય વારી જવાય તેવું.

પંન્યાસપદ - આચાર્યપદ :

પ્રચંડ પ્રતિભા અને અસાધારણ મેધાના સ્વામી પૂજ્યશ્રીને વિ.સં. ૨૦૦૬માં પૂજ્યપાદ ગુરુદેવે પંન્યાસપદે આરૂઢ કર્યા અને વિ.સં. ૨૦૧૦ ના મહા સુદી ૧ના દિને મહેસાણામાં આચાર્યપદે આરૂઢ કર્યા.

હવે તેઓ આચાર્ય પ્રવર શ્રીમદ્‌ વિજય ઉઁકારસૂરીશ્વરજી મહારાજાના નામે સુખ્યાત બન્યા.

વિહારયાત્રા :

પૂજ્યશ્રીની વિહારયાત્રા ડીસા અને વાવના ઉત્તર ગુજરાતના બનાસકાંઠા પ્રદેશમાં અને રાજસ્થાનના સિરોહી વિસ્તારમાં અને શંખેશ્વર તીર્થની આજુબાજુ (જન્મભૂમિ ઝીંઝુવાડા શંખેશ્વર તીર્થથી ૨૫ કી.મી.ની દૂરી પર છે.) રહી.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની વૃદ્ધાવસ્થાના કારણસર પૂજ્યશ્રીની વિહારયાત્રા સીમિભ ક્ષેત્રમાં ચાલી. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો, પૂજ્યશ્રીએ એક મઝાનો પ્રદેશ ક્ષેત્રાવગ્રહના રૂપમાં સ્વીકાર્યો.

ડીસા-વાવના એ વિસ્તારમાં પૂજ્યશ્રીની વિહારયાત્રાએ ત્યાંના લોકોમાં અપૂર્વ ધર્મજાગૃતિ આણી. ઠેકઠેકાણે નૂતન જિનાલયો અને ઉપાશ્રયો થયા.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અનુષ્ઠાન કરાવવા માટે ભક્તોની હોડ મચી રહેતી.

અનુપમ વાત્સલ્ય :

ભક્તોની અપૂર્વ શ્રદ્ધાનું કારણ હતું. પૂજ્યશ્રીનું અદ્વિતીય વાત્સલ્ય. જ્યાં જ્યાં તેઓશ્રી પધારતા ત્યાં પ્રેમભર્યું વાતાવરણ સરજાઈ જતું. ઘણા બધા ગામોમાં ચાલતા કલેશોનો અંત તેઓશ્રીના તે તે સ્થળે પધારવા માત્રથી થઈ જતો.

એક ચાતુર્માસ કરીને તેઓશ્રી દશ-પંદર વર્ષ સુધી ફરીથી તે ગામમાં ન જઈ શક્યા હોય ત્યાંના લોકો પણ દર વર્ષે વન્દનાદિ માટે આવે. વર્ષો પછી પણ તેઓ શ્રીમદ્‌ના વાત્સલ્યને ન ભૂલી શકે એ કેવડી મોટી પ્રેમની તાકાત !

શ્રમણ સંમેલન :

વિ.સં. ૨૦૪૪ના ચૈત્ર સુદી ૧૦ ના દિવસે શરૂ થઈ વૈ. સુદ ૧ના દિવસે ફળશ્રુતિની વિરાટ સભામાં ફેરવાયેલા શ્રમણ સંમેલનમાં તેઓશ્રીએ પોતાની પ્રતિભા, મેધા અને વિશિષ્ટ શક્તિનો ઉપયોગ સંઘની એકતાને પુષ્ટ કરવા માટે કર્યો.

પાછળથી, ગુણાનુવાદ સભામાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતોએ કહેલ કે, એકતાનું આ મહાન કાર્ય આચાર્ય શ્રી ઉઁકારસૂરિ મહારાજની અપૂર્વ કાર્યકુશળતા વિના શક્ય નહોતું.

અંતિમ ક્ષણો :

શ્રમણ સંમેલનમાં સખત પરિશ્રમ ઉઠાવવા છતાં તેઓશ્રી પ્રફુલ્લ પ્રસન્ન અને સ્વસ્થ હતા. વૈ.સુદ ૧ ના દિવસે તો હજારોની મેદની વચ્ચે સવા કલાક સુધી ઐતિહાસિક શ્રમણ સંમેલનના નિર્ણયોની ફલશ્રુતિ તેઓશ્રીએ વિગતે સંભળાવી.

વૈ.સુદ ૨ ની બપોરે અઢી વાગ્યે બ્લડપ્રેસર વધી જવાથી થોડીક અસ્વસ્થતા લાગી. ડોકટરોની દવાથી અર્ધા કલાકમાં જ સ્વસ્થતા આવી ગઈ. વૈ.સુદ ૩ની સવારે દશ વાગે ફરી અસ્વસ્થતા જણાતાં ડોકટરની સલાહ પ્રમાણે હોસ્પિટલમાં દાખલ કર્યા. મગજનો ફોટો પાડવામાં આવતાં નાનકડી ગાંઠ જેવું જણાયું, જેના કારણે રક્ત પરિભ્રમણમાં ગરબડ થવાથી તકલીફ છે એમ નક્કી થયું અને દવાઓ દ્વારા એકદમ સુધારો થઈ જશે એમ ડોકટરોએ વિશ્વાસપૂર્વક કહ્યું.

વૈ.સુદ પાંચમની સવારે જરા સારું લાગ્યું. ડોકટરોએ કહ્યું કે, સુધારો ઝડપથી થઈ રહ્યો છે. અસ્વસ્થતાના સમાચારો પ્રસરતાં દૂર-દૂરથી આવેલા ભક્તો પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સ્વાસ્થ્યમાં સુધારો થઈ રહેલો છે એ જોઈ પ્રસન્ન અને આશ્વસ્ત બન્યા.

પણ એ વખતે ક્યાં ખ્યાલ હતો કે આ પ્રસન્નતા ક્ષણિક હતી. સકળ સંઘને

અક્યાના પ્રયત્નો દ્વારા ખુશ કરી દેનાર એ મહાપુરુષે બધાને એ દિવસે ખુશખુશાલ કરી દીધા.

વૈ.સુદ પાંચમની સવારે લગભગ બધા આચાર્ય ભગવંતો સુખશાતા પૂછવા આવ્યા ત્યારે તેઓશ્રી સવારે નવ વાગે નવકારવાળી ગણતા હતા. સાંજે થોડાક આરામમાં હોવાથી પ્રતિક્રમણ થોડું મોડું શરૂ કરાવ્યું. સ્વસ્થતાથી પ્રતિક્રમણ પૂજયશ્રી કરતા હતા. અબ્ભુટ્ઠિઓ જાતે ખામ્યો. બે લોગસ્સનો કાઉસ્સગ્ગ શરૂ કર્યો અને કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ પૂજયશ્રી કાળધર્મ પામ્યા. વૈશાખ સુદ ૫, ગુરુવાર તા. ૨૧-૪-૮૮ ના રાત્રે ૯-૨૦ મિનિટે થયેલ તેઓ શ્રીમદ્ની ચિરવિદાયથી કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ટી.વી., રેડિઓ પ્રસારણ અને ફોન વગેરે દ્વારા સમાચાર પ્રસરતાં દૂર-દૂરથી ભક્તો દોડી આવ્યા હતા.

વૈ.સુદ ૬ના બપોરે બે વાગે વિદ્યાશાળાએથી અંતિમયાત્રા નીકળી હતી. જેમાં પચીશ હજારથી વધુ ભક્તો જોડાયા હતા. અંતિમ સંસ્કારની ઉપજ સુંદર થયેલ. જે શ્રમણ સંમેલનના ઠરાવ મુજબ જીવદયાના કાર્યમાં ખર્ચાશે. શ્રમણ સંમેલનનું સંચાલન પૂજયશ્રીએ જ્યાંથી કરેલ તે પંકજ સોસાયટીના ઉપાશ્રયના પ્રાંગણમાં પૂજ્યપાદશ્રીના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર થયા.

વિદ્યાશાળાના વિશાળ ખંડમાં પૂ.આ.ભગવંત રામસૂરીશ્વરજી મહારાજાની અધ્યક્ષતામાં ૧૮ આચાર્ય ભગવંતો, દોઢસો જેટલા મુનિવરો, ૪૦૦ જેટલાં સાધ્વીજી મહારાજ સહિત ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં દેવવંદન થયું હતું.

• • •

• **દયાળશા કિલ્લા :** પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજાના પ્રપ્રશિષ્યરત્ન **પૂ. મુનિરાજશ્રી હેમસુંદરવિજય,** (ઉં.વ. ૮૩) અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામતા શાસન-સંઘે એક વયસ્થવીર મુનિવર ગુમાવ્યા છે. ગૃહાવસ્થાવસ્થામાં જિનપૂજા, સામાયિક પ્રતિક્રમણ, પૌષધ, તીર્થયાત્રા આદિ શ્રાવક ધર્મ સુંદર રીતે ચુસ્તપણે પાળતા હતા. વર્ધમાન તપ ૮૩ ઓળીની આરાધના કરેલી. મોટી ઉંમરે દીક્ષિત થવા છતાં તપ વૈયાવચ્ચ નવકાર જાપ, ગુરુઆજ્ઞા બહુમાન દ્વારા સંયમજીવન દીપાવી ગયા... એમનો આત્મા પરમ શાંતિને પામો એ જ તારક અરિહંત ભગવંતોને પ્રાર્થના કરીએ છીએ.

• **લાકડિયા** (કચ્છ-વાવડ) : ત્રેસઠ વર્ષનો દીર્ઘ વિશુદ્ધ સંયમપર્યાય પાળીને અત્રે પૂ.આ.શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ. હસ્તકના દીક્ષિત **સાધ્વીશ્રી ચતુરશ્રીજી** મ. અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામતા સંઘે એક સંયમનિષ્ઠ સાધ્વી ગુમાવ્યા છે. અણસણમાં નવકારમંત્રનું જાપ કરતાં એ સમાધિપૂર્વક વિદાય થાય એ અનુમોદનીય છે. એમણે અને એમની સાથે જ દીક્ષિત થયેલા એમના સંસારી ભત્રીજી સાધ્વીશ્રી ન્યાયશ્રીજીએ છ દાયકા સુધી અનેકને સન્માર્ગે ચઢાવ્યા. સાધ્વીશ્રી ન્યાયશ્રીજીએ સ્વ. ની સેવાનો મહાન લાભ લીધો.

• **તપોવન તીર્થધામ :** પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજય ગણિવર મ. ના શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી વિમળકીર્તિવિજયજી** (ઉં.વ.૭૦) અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ૬૩ વર્ષની ઉંમરે પોતાના યુવાનપુત્ર હાલ પૂ.મુનિરાજશ્રી હંસકીર્તિવિજયજી મ. સાથે એમણે સંયમ સ્વીકાર્યું હતું. બાદ પોતાના બીજા યુવાનપુત્ર હાલ પૂ. મુનિરાજશ્રી ભવ્યકીર્તિવિજયજીને પણ દીક્ષા અપાવેલી.

ટૂંકા સાધુજીવનમાં સુંદર સંયમચર્યા સાથે વર્ધમાન આયંબિલ તપની સારી આરાધના કરેલ. સમતાભાવ સારો. સરળતા સુંદર હતી. નાનામાં નાના દીક્ષા પર્યાયવાળા મુનિને પણ સારી સહાય કરતા. પ્રમાદ વિના સ્તવન-સજ્ઝાય વગેરેનો સ્વાધ્યાય કરતા. છેલ્લા કેટલાક દિવસથી એમને છાતીનો દુઃખાવો રહેતો એમાં છેલ્લી રાત્રે ૧-૩૦ વાગે ઊઠીને પ્રસન્નચિત્તે દસ બાંધી નોકારવાળી ગણી. બાદ પણ અરિહંત-અરિહંતની રટણા કરતા અને મુનિઓ પાસેથી નવકાર સાંભળતાં સમાધિપૂર્વક પરલોક તરફ પ્રયાણ આદર્યું.

• **નવસારી :** પૂજ્ય પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી હર્ષસેનવિજયજી મ.** અત્રે સમાધિપૂર્વક અણસણમાં કાળધર્મ પામ્યા છે. ત્રીશ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા આ મુનિરાજે ૧૦૮થી પણ અધિક સંખ્યામાં આજીવન અભિગ્રહો કરેલા. અંતર્મુખતા- ગુર્વાજ્ઞાધીનપરતા, સંયમસાધનામાં મગ્નતા, કૃતજ્ઞતા, ભગવદ્ભક્તિ પરતા, ક્ષમશ્રમણતા, વગેરે ગુણોના સ્વામી અને ચોથા આરાના મહાત્માઓની ઝાંખી કરાવે તેવા આ મુનિવરે પોતાના ગુરુવરની રજાપૂર્વક

છેલ્લે એક એક દિવસનું અણસણ કરેલ અને દેહત્યાગ પણ અણસણમાં જ કર્યો. અંત સમયે પણ મોક્ષલગન, સમાધિભાવ, 'ૐ નમો સિદ્ધં' નો અજપાજાપ વગેરે અદ્‌ભુત હતા. એમના જવાથી શાસન-સંઘને એક સંનિષ્ઠ મુનિરત્નની ખોટ પડી છે. અનંતકૃપાળુ અરિહંત દેવોને પ્રાર્થના છે, એઓ જ્યાં હોય ત્યાં એમને પરમશાંતિ મળે. પૂ. મુનિરાજશ્રી મેઘદર્શનવિજય મહારાજ અને પૂ. મુનિરાજશ્રી કલ્પતિકલવિજય મહારાજ આદિએ એમની સેવા સુંદર બજાવી. સ્વ. ના પત્ની તથા ભાઈએ પણ દીક્ષા લીધેલ.

સંગમનેરમાં આવી રત્ન ઉપાડી ગયો

● **સંગમનેર :** ૩૬ કરોડ નમસ્કાર મહામંત્રના સ્મારક મહારાષ્ટ્ર કેસરી સ્વ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય યશોદવસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શાંતમૂર્તિ પૂ.આ. **શ્રીમદ્ વિજય રંગસૂરીશ્વરજી મ.** અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. બાવન વર્ષની સુંદર નિર્મળ સંયમયાત્રામાં એમણે ગુરુભક્તિ, ગુર્વાજ્ઞાકારિતા, અંતર્મુખતા, ક્રિયારસિકતા આદિ ગુણોનું સ્વામીત્વ પ્રાપ્ત કરેલ. જાપ સ્વાધ્યાય ખમાસમણા અને જુદી જુદી ક્રિયાઓ કરતા એમના માટે ચોવીશ કલાકનો દિવસ નાનો પડતો હતો. સ્વર્ગગમન પૂર્વે ચાર દિવસ પહેલા કાર્તિકી પૂનમના દિને એમણે શત્રુંજય મહાતીર્થના પટના દર્શન માટે ચાર કિ.મી. પાદ વિહાર કરેલ. શ્રી સકળ સંઘના મુખે નમસ્કાર મહામંત્રની ધૂન સાંભળતા સાંભળતા સમાધિમરણ-પંડિતમરણને પામ્યા છે. પૂ.પં. શ્રીધનેશ્વરવિજયજી ગણિ, પૂ. મુનિરાજશ્રી શિવાનંદવિજય મ., પૂ. મુનિરાજશ્રી ધર્મેશ્વરવિજયજીએ અખંડ સેવા શુશ્રૂષા ખડે પગે કરેલી. અત્રેના તથા નાસિકના ડોકટરો તથા શ્રી સંઘે સારી સેવા કરી. એમના જવાથી શાસન-સમુદાયને એક દીર્ઘ પર્યાયી સંયમનિષ્ઠ આચાર્યની ખોટ પડી છે. એમના આત્માને પરમ શાંતિ મળો એ જ અચિંત્યચિંતામણિ શ્રી અરિહંતદેવોને પ્રાર્થના છે.

● **ખંભાત :** સ્થવીરા-**પ્રવર્તિની પૂ. સાધ્વીશ્રી રંજનશ્રીજી** અત્રે ૭૫ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. બહુ ગુણીયલ, ૫૧ સાધ્વીઓના આધારસ્થંભ, અનેક ધર્મી શ્રાવિકાઓની કલ્યાણમાતા, ૬૦ વર્ષના અપ્રમત્ત દીર્ઘ સંયમ પર્યાય પાલિકા સાધ્વીના ગમનથી શાસનને મહાન શ્રમણીરત્નની ખોટ પડી છે. એમનામાં

સૌમ્યતા એમની મુદ્રા, વાણી મન અને સ્વભાવમાં વણાયેલી હતી એમના આત્માને પરમ શાંતિ મળો એ જ અરિહંતપ્રભુને પ્રાર્થના છે.

વૈરાગ્યરંગે રંગાયેલા સંયમરસિક સ્વ.આચાર્ય ભ.પૂ.શ્રી વિજય રંગસૂરીશ્વરજી મહારાજનો જીવન પરિચય

પૂ.આ.શ્રી **વિજય રંગસૂરીશ્વરજી** મ.સા.નો જન્મ ગુજરાતના હરાપરા નામના એક નાનકડા ગામમાં સં. ૧૯૬૫ના કા. વદ ૫ના દિવસે રત્નકુક્ષી માતા ગંગાબેનની કુક્ષીમાં થયેલ. તેમના પિતા મનસુખલાલ, એમનું નામ ડાહ્યાલાલ.

પાલીતાણા તીર્થક્ષેત્રમાં ગુરુકુળમાં રહી અભ્યાસ કર્યો. ધાર્મિક સંસ્કારનો વારસો ગળથુથીમાં જ મળેલ. તેમાં તીર્થક્ષેત્રમાં આવતા યાત્રિકોની સેવા ભક્તિ કરવામાં ખૂબ રસ લેતા. પ્રભુભક્તિમાં બાલપણથી ખૂબ જ ઉમંગવાળા. એમણે સિદ્ધગિરિની નવાણું યાત્રા કરી. પછી મહેસાણાની પાઠશાળામાં અને શિવપુરીની બોર્ડિંગમાં રહી, સારો ધાર્મિક અભ્યાસ કર્યો કરાવ્યો. ત્યારબાદ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિ.યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના નિકટ પરિચયમાં આવતા તેમને સંયમનો રંગ લાગ્યો અને સં. ૧૯૯૩ના કારતક વદ ૫ ના શુભ દિવસે શ્રી સિદ્ધાંતમહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે ૨૮મા વર્ષે ભરયુવાનીમાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી તેઓ આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય શ્રી રંગવિજયજી બન્યા ! દીક્ષા દાતા અને દીક્ષા ગુરુ બંને મહાત્માઓ ઉચ્ચકક્ષાના સંયમી, તપસ્વી અને ત્યાગી હતા જ તેથી તેમની નિશ્રામાં તેવી જ સંયમજીવનની સ્વાભાવિક ઉત્કૃષ્ટ તાલીમ મળી અને સારું એવું સંયમજીવનનું ઘડતર થયું અને અંતરંગ ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. સેવા-શુશ્રૂષા વૈયાવચ્ચ એ ગુણો તો હતા જ એટલે સહવર્તી સાધુ મહાત્માઓની તેઓએ સેવા શુશ્રૂષા વૈયાવચ્ચમાં સારી એવી પ્રગતિ કરી. જ્ઞાનાભ્યાસમાં પણ ખૂબ આગળ વધ્યા તેથી કેવલ ૬ વર્ષના દીક્ષાપર્યાયમાં જ તેઓને ગુરુદેવની આજ્ઞાથી ગુરુથી જુદે ચોમાસું કર્યું. ગુરુની કૃપા બળે તેઓની વ્યાખ્યાન શક્તિ અને જ્ઞાનાભ્યાસનો ક્ષયોપશમ પણ ખૂબ જ ખીલ્યો અને પ્રાપ્ત થયેલ શક્તિના બળે તેઓ ઉત્તરોત્તર સારી ધર્મપ્રભાવના કરતા થયા અને સંઘમાં પણ તેઓનો સારો પ્રભાવ પડતો થયો. વડીલોના આશીર્વાદથી જ આ બધું બન્યું એવું તેઓ નમ્રતાપૂર્વક માનતા. આમ યોગ્યતા

પ્રગટ થતાં સં. ૨૦૩૧માં તેઓને ગણી પદે આરૂઢ કરવામાં આવ્યા. અને સં. ૨૦૩૪માં પંન્યાસ પદથી વિભુષિત કરવામાં આવ્યા. ત્યારબાદ મહારાષ્ટ્રમાં તેઓના ઠેકઠેકાણે પ્રભાવક ચોમાસા થયા અને તેમની નિશ્રામાં પ્રતિષ્ઠા ઉપધાન આદિ સુંદર પ્રસંગો ઉજવાયા... તેમની આવી શાસન પ્રભાવનાથી પ્રભાવિત થઈ પૂજ્યો દ્વારા તેમને સં. ૨૦૩૮માં આચાર્યપદે આરૂઢ કરાયા... તે પછી તેમનાથી સવિશેષ શાસન પ્રભાવના થવા લાગી અને મહારાષ્ટ્રના સંઘોમાં સવિશેષ ધર્મપ્રભાવના કરી. અને શાંતમૂર્તિઆચાર્ય તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

પ્રભુભક્તિમાં અપૂર્વ રસ, અનેક તીર્થોની ભાવપૂર્વક યાત્રા, અનેક ગામોમાં પ્રભુભક્તિના ઉપદેશથી સ્નાત્ર ભણાવનારા મંડળોની સ્થાપના, ધાર્મિક ક્રિયામાં વિધિનું મહત્ત્વ, શ્રુતજ્ઞાન ભણાવામાં અને ધાર્મિક વાચન કરવામાં સતત ઉદ્યમીપણું, નિત્ય નિયમિત ચોક્કસ સ્વાધ્યાય, જે જે તીર્થોના દર્શન કર્યા હોય તેની સ્મરણપૂર્વક યાત્રા, નિર્દોષ સંયમચર્યા, નિત્ય એકાસણનો આગ્રહ, ભોજનમાં સાદગી વગેરે એમના ગુણો મહાન હતા.

પોતે બાલ બ્રહ્મચારી હતા, અને નવવાડપૂર્વક તેઓ તેનું પાલન કરવામાં ખૂબ કાળજી રાખતા અને બીજા પણ તેવા ચુસ્તપણે તેનું પાલન કરે એવો આગ્રહ તેઓ રાખતા હતા. સંગમનેરના ૨૦૪૫નું ચાતુર્માસ સુંદર થયું.

કા. વદ-૩ ના ત્યાંના એમ.ડી. ડૉક્ટરે તબીયતની ગંભીરતા બતાવતા સકલસંઘ ભેગો થયો. નવકારમંત્રની ધુન તથા પુણ્ય પ્રકાશનું સ્તવન, શ્રી પદ્માવતી આરાધના કરાવવામાં આવી. દેરાસરમાંથી ભગવાન લાવી ફરીવાર પંચમહાવ્રત ઉચ્ચારવામાં આવ્યા અને સાગારી અણસણ કરાવી સુંદર રીતે અંતિમ આરાધના સકળસંઘે અને મુનિઓએ કરાવી ૪ ડૉક્ટરો સતત ખડે પગે ઊભા જ હતા અને શ્રાવક શ્રાવિકાઓ, બાળકોથી ઉપાશ્રય ચિક્કાર ભરાઈ ગયો હતો.

કા. વદ ૪ ના નવકાર સાંભળતા સાંભળતા ૨ વાગે ને ૫ મિનિટે તેઓશ્રીએ છેલ્લો શ્વાસ લીધો અને આ નશ્વર જગતમાંથી ઉંમરના ૮૦માં વર્ષે બાવન વર્ષનો વિશુદ્ધ સંયમ પર્યાય પાળી વિદાય લીધી.

જે જગ્યા પર પૂજ્યશ્રીને અગ્નિદાહ કરવામાં આવ્યો તે જગ્યા ઉપર ગુરુમંદિર કરવાની યોજના નક્કી થઈ છે. બાજુમાં જ શ્રી કુંથુનાથ ભગવાનનું સુંદર શિખરબંધી જિનમંદિર કરવાની વાત પણ વિચારવામાં આવી છે.

આ રીતે એક પરમ ઉપકારી, નિસ્પૃહ, નિખાલસ, ત્યાગી, તપસ્વી આચાર્યદેવની શાસનને મહાન ખોટ પડી છે. એમના આત્માને શાંતિ મળો એ જ શુભેચ્છા !

● **અમદાવાદ :** અત્રેના મસ્કતી કાપડ માર્કેટના આગેવાન વેપારી તથા શ્રી સ્વ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ના આજીવન ચરણસેવક તથા રાજનગર જૈન સંઘના એક આગેવાન શ્રેષ્ઠીશ્રી રમણલાલ વજેચંદના ધર્મપત્ની **શ્રીમતી મંગુબેન** અણચિંતી ઘડીએ પોતાના જીવનભરની ધાર્મિક સાધના પર સફળતાનું શિખર ચડાવી ગયા. રાતના અચાનક એમને છાતીમાં સહેજ દર્દ લાગ્યું તરત ચેતી જઈ પોતાનું ચિત્ત અરિહંત પ્રભુના ધ્યાનમાં લગાવી દીધું. આસપાસ એકત્રિત થયેલ સૌના અરિહંતપદ અને નવકારના ઘોષ સાંભળતાં ૧૦-૧૫ મિનિટમાં જ પરલોકપંથે ચાલી ગયા. જીવનમાં એમની તપસ્યાઓ, ધર્મસાધનાઓ વગેરે આજે પાછળવાળાને એમનું વિશેષ સ્મરણ કરાવી દિલ ભીંજવી નાખે છે. મનુષ્ય જન્મ તો હજીય મળે છે, પરંતુ જીવન જિનશાસનની વિવિધ આરાધનાઓથી વિશેષ મઘમઘાયમાન બનાવવું એ આ વિરાટ વિશ્વમાં એક મહાન લહાવો છે. મંગુબેનને ધન્યવાદ કે જીવન એવું બનાવ્યું અને એમનો સ્વભાવ પણ એવો સૌમ્ય કે એ અજાતશત્રુનું જીવન જીવી ગયા. એમને પરમ શાંતિ મળો.

● **સાંગલી :** મહાતપસ્વી પૂ. **મુનિરાજશ્રી સોમતિલક વિજય મ.** (ઉં.વ.૭૯) તેરમી બારીના ઉપવાસોમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. છેલ્લા તેર માસથી તેઓ મહાભીષ્મ **ગુણરત્ન સંવત્સર તપ**ની સાધના અપ્રમત રીતે અત્યંત ઉલ્લાસથી કરતા હતા... એમના આ ઉગ્ર-કઠિન તપની છાયા સાંગલી-કોલ્હાપુર-ઈસ્લામપુર આદિ આસપાસના પ્રદેશોમાં ખૂબ પ્રસરેલી. ઈતરોમાં પણ ખૂબ સારી પડેલી. એમના જવાથી શાસન સમુદાયને એક સ્થવીર તપસ્વી મુનિરત્નની ખોટ પડી છે. 'એમના આત્માને પરમ શાંતિ મળે' એ જ પરમકૃપાળુ અરિહંતદેવોને પ્રાર્થના છે. વધુ વિગતો હવે પછી.

ગુણરત્ન સંવત્સર તપના ભીષ્મ તપસ્વી
શ્રી સોમતિલકવિજય મહારાજની જીવન ઝરમર

૧૪મી ડીસેમ્બર ૧૯૧૨ના રોજ અમદાવાદ મુકામે સુખી જૈન કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. કુટુંબના ઉચ્ચ સંસ્કારોને કારણે બાળપણથી જ અત્યંત ધર્મભાવના હતી. જનસેવા, રાષ્ટ્રસેવા અને ધર્મસેવાની પ્રવૃત્તિઓમાં નાનપણથી જ ખૂબ રસ લેવા લાગ્યા. હીરાલાલ ડાહ્યાલાલ ગાંધી તેમનું પૂર્ણ નામ હતું.

સ્વાતંત્ર્યની ચળવળમાં ૧૭ વર્ષની કિશોર વયે સક્રિય ભાગ લીધો હતો અને ચાર મહિનાની કેદની સજા તેમણે ભોગવી હતી. અનેક ગુરુભગવંતોનો સુંદર પરિચય પ્રાપ્ત થયેલો, જેમાં ખાસ કરીને સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પૂ. આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરિ મ.સા., ઉપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મ.સા., પૂ.પંન્યાસશ્રીજી અભયસાગર મ.સા., પૂ. આચાર્યદેવશ્રી ધર્મજિતસૂરિ મ.સા., પૂ.પંન્યાસશ્રીજી ચંદ્રશેખરવિજયજી મ.સા., પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ.સા. તથા પૂજ્ય ચરણપ્રભવિજયજી મહારાજ વગેરેના વિશિષ્ઠ પરિચયથી ધર્મભાવનાથી જીવન રંગાઈ ગયું હતું.

અમદાવાદની અનેક જૈન સંસ્થાઓમાં તેમણે સેવા આપેલ, તપ, જપ, સેવા અને ભક્તિથી તેમણે ગૃહસ્થજીવનમાં પણ ખૂબ સાધના કરી હતી. તીર્થયાત્રાના ખૂબ રસિક હોવાથી ભારતભરના જૈન તીર્થોની તેમણે અનેકવાર યાત્રા કરી હતી. ઉપરાંત જુદા જુદા ગુરુદેવોની નિશ્રામાં દસ છ'રી' પાળતા સંઘમાં યાત્રા કરી. સિદ્ધગિરિમાં નવ્વાણું યાત્રા કરી; છ વર્ષ સુધી દર પુનમે યાત્રા કરી તથા સંવત ૨૦૦૬ અને ૨૦૩૫માં ચાતુર્માસ કર્યા. ત્રણ ઉપધાનતપ પણ કર્યા.

ગૃહસ્થજીવનમાં બે વાર સ્વદ્રવ્યથી અષ્ટોત્તરીસ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ કર્યા તથા કદંબગિરિ, નગીનાપોળ (અમદાવાદ), ચૌમુખજીની ખડકી (અમદાવાદ), આકોલાવી (પાલીતાણા)માં પ્રભુ પ્રતિમાજી પધરાવ્યા.

આવી અનેકવિધ સાધના કરતાં કરતાં તથા પૂજ્ય ગુરુભગવંતોના પરિચય અને પ્રેરણાઓથી જીવનમાં વૈરાગ્યનો રંગ વધતો ગયો અને દીક્ષાનો સ્વીકાર કરવાની ભાવના તીવ્ર બનતી ગઈ. સંસારના અનેકવિધ જવાબદારીઓને કારણે ઘણા વર્ષો સુધી પોતાની ભાવનાને સાકાર કરી શક્યા નહિ. પણ તેમનો દૃઢ નિર્ણય હતો કે મારું મૃત્યુ તો સાધુવેશમાં જ થશે. તેથી આખરે ૬૮ વર્ષની વૃદ્ધ

વયે તેમણે જૈન દીક્ષાનો મુંબઈ નગરે સ્વીકાર કર્યો.

જૈન ધર્મના મહાન આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષાનો સ્વીકાર કરી તેઓ પૂ. આચાર્યદેવશ્રી ધર્મજિતસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય બન્યા. નવ વર્ષ સુધી તપ, જપ, ત્યાગ, સ્વાધ્યાય અને ભક્તિથી સંયમની અદ્ભુત સાધના કરી. છેલ્લા ગત વર્ષ તા. ૧૦-૩-૮૮ના રોજથી ગુણસંવત્સર તપનો પ્રારંભ કર્યો. બાર મહિના બાદ તેરમાં ઉપવાસની એક બારી પૂર્ણ કરી. બીજીના બીજા ઉપવાસને દિવસે ફાગણ સુદ ૮ ને મંગળવાર, તા. ૧૪-૩-૮૯ના રોજ રાત્રે બે વાગે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતા અત્યંત સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી સાંગલી જૈન સંઘ તથા કોલ્હાપુર જૈન સંઘે પૂ. તપસ્વી મહારાજની સુંદર ભક્તિ કરી હતી. કોલ્હાપુરના ડો. પ્રકાશ સંઘવી તથા સાંગલીના ડો. રવિન્દ્ર વોરાએ પણ પૂ. તપસ્વી મહારાજની અપૂર્વ ભક્તિ કરી હતી.

ગુણરત્ન સંવત્સર તપ

સોળ મહિનાના આ ઉગ્ર તપમાં કુલ ૪૦૭ ઉપવાસ તથા ૭૩ પારણા આવે છે. ભગવાન મહાવીર પરમાત્માના શિષ્ય ખંધક અણગારે તથા મેઘમુનિ વગેરેએ આ તપ કર્યાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં આવે છે. છેલ્લા સેંકડો વર્ષના ઈતિહાસમાં આ તપ કર્યાનો કોઈ ઉલ્લેખ ક્યાંય જણાતો નથી. અનેકવિધ તપોથી કાયાને કસ્યા પછી આ ઉગ્ર તપની સાધના માટે ૭૬ વર્ષની ઉંમરે મુનિશ્રીએ કમરકસી. દર મહિને એક એક ઉપવાસની વૃદ્ધિ કરતાં બાર મહિનામાં બાર ઉપવાસના પારણે બાર સુધીની સાધના પૂર્ણ કરી, તેરમાં મહિને પણ તેર ઉપવાસ પૂર્ણ કરી, બેસણું કરી, પુનઃ થોડી અસ્વસ્થતા છતાં મક્કમતાથી તેર ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. તેમાં બીજા ઉપવાસના (તા.૧૪-૩-૮૯) દિવસે થોડી અસ્વસ્થતા વધી બી.પી.લો થઈ ગયું અને વેઢા ઉપર નવકારમંત્રની રટણા કરતાં કરતાં તથા પૂજ્યઆચાર્યદેવશ્રી વિજય જ્યશેખરસૂરિ મહારાજ આદિ મુનિ-ભગવંતોના મુખેથી નવકાર સાંભળતા રાત્રે બે વાગે દેહ પાંજરામાંથી આત્માને મુક્ત કરી, પરલોક પ્રયાણ કરી દીધું. સમાધિમરણને સાધી લીધું. અહીં ગુણરત્ન સંવત્સર તપનું કોષ્ટક આપેલ છે. આ તપ સોળ મહિના સુધી સળંગ કરવાનો હોય છે.

માસ	ઉપવાસક્રમ	કુલ ઉપવાસ	પારણા	કુલ દિવસ
૧લો	એકના પારણે એક	૧૫	૧૫	૩૦
૨જો	બેના પારણે બે	૨૦	૧૦	૩૦

૩જો	ત્રણના પારણે ત્રણ	૨૪	૮	૩૨
૪થો	ચારના પારણે ચાર	૨૪	૬	૩૦
૫મો	પાંચના પારણે પાંચ	૨૫	૫	૩૦
૬ઠ્ઠો	છ ના પારણે છ	૨૪	૪	૨૮
૭મો	સાતના પારણે સાત	૨૧	૩	૨૪
૮મો	આઠના પારણે આઠ	૨૪	૩	૨૭
૯મો	નવના પારણે નવ	૨૭	૩	૩૦
૧૦મો	દશના પારણે દશ	૩૦	૩	૩૩
૧૧મો	અગ્યારના પારણે અગ્યાર	૩૩	૩	૩૬
૧૨મો	બારના પારણે બાર	૨૪	૨	૨૬
૧૩મો	તેરના પારણે તેર	૨૬	૨	૨૮
૧૪મો	ચૌદના પારણે ચૌદ	૨૮	૨	૩૦
૧૫મો	પંદરના પારણે પંદર	૩૦	૨	૩૨
૧૬મો	સોળના પારણે સોળ	૩૨	૨	૩૪
		૪૦૭	૭૩	૪૮૦

તપસ્વી સંયમી પ્રભાવક ગુરુપરંપરા

જૈન સંઘમાં વિશાળ મુનિગણના સર્જક સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા અજોડ સંયમમૂર્તિ હતા. તેમના સમુદાયમાં અનેક વિદ્વાન, સંયમી, તપસ્વી મુનિભગવંતો થયા. તેઓશ્રીના પટ્ટાલંકાર વર્ધમાન, તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિ મહારાજા પણ જ્ઞાની, સંયમી સાથે મહા તપસ્વી છે. વર્ધમાન તપની ૧૦૮ ઓળીઓ તેમણે પૂર્ણ કરી છે. તેમના શિષ્યરત્ન સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયધર્મજિતસૂરિ મહારાજ પણ મહાન અધ્યાત્મયોગી અને વિદ્વાન હતા. કર્મ સાહિત્ય અને આગમ સાહિત્યમાં વિશારદ હતા. વર્ધમાન તપની ૮૬ ઓળી સુધીનો તપ પણ તેમણે કરેલો છે. તેમના શિષ્યરત્ન આચાર્યદેવશ્રી વિજયજયશેખરસૂરિ મહારાજે પણ ટુંક સમયમાં જ સૂરિમંત્રના પાંચે પ્રસ્થાનની આરાધનાપૂર્ણ કરેલ છે. તેમની નિશ્રામાં જ તપસ્વી મુનિશ્રી ભીષ્મ તપની આરાધના કરી રહ્યા હતા.

અપ્રમાદભાવ

ભીષ્મ તપ દરમિયાન મુનિશ્રી પારણાના દિવસ તથા પ્રથમ ઉપવાસના દિવસ સિવાય ક્યારેય દિવસે સૂતા નહીં. રાત્રે પણ માત્ર ૪-૫ કલાકથી વધુ નિદ્રા

લેતા નહીં બધો જ સમય મૌનપૂર્વક સ્વાધ્યાય અને જાપ વગેરેમાં વિતાવતા. તપજપના પ્રભાવે અનેકવાર તેમને પરમાત્માના દર્શન થતા અને અવર્ણનીય આનંદ અનુભવતા.

૪૮૦ દિવસના ચાલુ ભીષ્મ ગુણરત્ન સંવત્સર તપમાં મુનિશ્રી ૩૭૦મા દિવસે કાળધર્મ પામ્યા.

૩૭૦ દિવસમાં મુનિશ્રીએ ૩૦૬ ઉપવાસ અને ૬૪ પારણા કર્યા. તપના પ્રારંભે વજન ૪૮ કીલો... અંતે વજન કીલો ૨૪

જીવનની અનુપમ તપસાધના

ચાર વરસીતપ :- વરસીતપમાં એક ઉપવાસને પારણે બેસણું, તેમ ૧૩ માસ સુધી કરવાનું હોય છે, તેવા બે વરસીતપ કર્યા. બે ઉપવાસને પારણે બે ઉપવાસ તે રીતે એક વરસીતપ કર્યો. ત્રણ ઉપવાસને પારણે ત્રણ ઉપવાસ તે રીતે પણ એક વરસીતપ કર્યો.

એક સિદ્ધિતપ : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ એ રીતે ઉપવાસ કરીને કુલ ૪૩ દિવસમાં ૩૬ ઉપવાસ કર્યા.

એક શ્રેણીતપ : ૧૧૦ દિવસમાં ૮૩ ઉપવાસ

એક સમવસરણ તપ : ૮૦ દિવસમાં ૬૪ ઉપવાસ

એક સિંહાસન તપ : ૩૦ દિવસમાં ૨૫ ઉપવાસ

એક માસક્ષમણ તપ : સળંગ ૩૦ દિવસના ઉપવાસ

જિન કલ્યાણક તપ : કુલ ૪૭૪ દિવસમાં ૨૬૩ ઉપવાસ

વીશ સ્થાનક તપ : એક ઓળી વીશ છઠ્ઠથી, બાકીના ૧૯ છૂટા ૨૦ ઉપવાસથી, ૪૨૦ ઉપવાસ.

લઘુ ધર્મચક્રતપ : ૮૨ દિવસમાં ૪૩ ઉપવાસ + ૩૯ બેસણાં.

બૃહદ્ ધર્મચક્રતપ : ૧૩૨ દિવસમાં ૬૯ ઉપવાસ + ૬૩ બેસણાં.

તદ્ ઉપરાંત ૫૦૦ એકાંતર આયંબિલ, વર્ધમાનતપની કુલ ૫૩ ઓળી, નવપદની ઓળીઓ, ઈન્દ્રિયજપતપ, કષાયજપતપ, યોગશુદ્ધિ તપ, મૌન એકાદશી તપ, જ્ઞાનપંચમી તપ, પોષ દશમી તપ, ૧૪ પૂર્વનો તપ, અક્ષયનિધિ તપ, ૪૫ આગમ તપ, શત્રુંજય તપ, પચરંગી તપ, યુગપ્રધાન તપ, રત્નપાવડી તપ, ચોવીશ ભગવાનના એકાસણા, બે અઠ્ઠાઈ તપ, ૧૧ ઉપવાસ આદિ અનેક તપ કર્યા.

છેલ્લે..... છેલ્લે.....

ગુણરત્ન સંવત્સર તપ : કુલ ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ (અપૂર્ણ) (ઉપવાસ ૩૦૬) થયા.

જાપ.....

(૧) નવકારમંત્રનો જાપ.....૧।। કરોડ
(૨) "નમો અરિહંતાણં" પદનો જાપ.....૫૦ લાખ
(૩) "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ".....૧ કરોડ
(૪) "ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ".....૯ લાખ
(૫) "નમો લોએ સવ્વસાહૂણં".....૫ લાખ
(૬) સરસ્વતી મંત્ર.....૧.૨૫ લાખ
અન્ય પવિત્ર મંત્રોના પણ લાખો જાપ કર્યા છે.

તપસ્વીરત્ન મુનિરાજશ્રી સોમતિલકવિજય મહારાજના સંભારણા

લેખક (૧) પૂ. આચાર્યશ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મહારાજ
(૨) પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજય મહારાજ

(લેખક પરિચય : પૂ. આચાર્યદેવશ્રીની પુનિત નિશ્રામાં સ્વ. મુનિરાજશ્રીએ ભીષ્મ ગુણરત્ન સંવત્સર તપની સાધના કરી. પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજય મ. શ્રી છેલ્લા છ-છ વર્ષથી એક વિનીત પુત્ર ઉપકારી પિતાની જે સેવા કરે એના કરતા પણ અધિક ભક્તિથી છેલ્લા છ-છ વર્ષથી સ્વ. તપસ્વીરત્ન મુનિવરની અનુપમ પરિચર્યા કરતા હતા. છેલ્લે છેલ્લે તપસ્વીજીના ગુણસંવત્સર તપમાં તો એમની સેવા જાણે પરાકાષ્ટાએ પહોંચી હતી. સ્વ. તપસ્વીરત્નના ગુણસંવત્સરરત્ન તપના બાકી રહેલા છેલ્લા સતત ૧૦૮ દિવસના (૧૦૦ ઉપવાસ અને વચ્ચે ૮ પારણા) તપની પૂર્ણાહૂતિ કરવાની પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિજયજી મહારાજે અત્યંત ઈચ્છા વ્યક્ત કરી પણ વડીલોની તપ માટે રજા ન મળતા હવે તેઓ આ તપ છૂટો છૂટો કરવા ઈચ્છે છે.)

તપસ્વીરત્ન મુનિરાજશ્રી સોમતિલવિજય મ. છેલ્લા ૧૨માસથી ગુણરત્ન સંવત્સર તપની અનુપમ સાધના કરતા હતા. તપની શરૂઆતમાં વજન જે ૪૮ કિલો હતું તે ૧૨માસમાં ૨૪ કિલો સુધી ઉતારી કાઢ્યું. શરીર હાડપીંજર શું થઈ ગયેલું. ઊભા રહેવાની શક્તિ નહિ; થોડી શારીરિકે પીડા છતાં કદાચ કોઈ પારણાની વાત કરે તો એ સિંહનાદ કરે; 'ખબરદાર છે જો પારણાની વાત કરી તો ?' ડૉક્ટરો કહે, - 'શરીરમાં કશું જ રહ્યું નથી, બધું જ તત્ત્વ ખેંચાઈ ગયું છે; આ શરીર કેમ ટકે છે એ જ આશ્ચર્ય છે.' આ સ્થિતિમાં તેરમી તેર ઉપવાસની બારીના

પ્રથમ તેર ઉપવાસ પૂર્ણ થયા બાદ બીજા ૧૩ ઉપવાસનું પચ્ચક્ખાણ ટૂકડે ટૂકડે લેવાનું જ્યારે કહેવામાં આવ્યું ત્યારે અપરંપાર હિંમત, ધગશ અને ઉત્સાહવાળા એ મુનિવર જાણે સિંહનાદથી બોલ્યા, "૨૮ અબ્ભત્તટ્ઠ જ" આપો. જરા પણ ઓછું નહિ." આ વખતે જાણે ધન્ના અણગાર, ધના શાલીભદ્ર મુનિવરો સ્મૃતિપથ પર આવી જાય. બીજીવારના પ્રસન્નતાપૂર્વકના એકી સાથે ૧૩ ઉપવાસના પચ્ચક્ખાણ બાદ બીજે દિવસે મુનિવર અસ્વસ્થ થતા મુનિઓ આદિ દ્વારા સજ્ઝાય સ્તવનો સંભળાવાયા પાણી ચૂકવી પચ્ચક્ખાણ કરાવાયું, પ્રતિક્રમણ સંથારા પોરિસિ ભણાવાઈ, સૂરિમંત્રથી મંત્રિત રક્ષા મસ્તક પર નંખાવાઈ, વેદના શાંત થઈ, રાત્રે ૧।। વાગે પૂછવામાં આવ્યું ત્યારે પણ પ્રસન્નતા અને નવકારમહામંત્ર જાપ ચાલુ જ હતા. રાત્રે બે વાગે ઢીલાશ આવતાં બધા સાધુઓ નવકાર સંભળાવવા લાગ્યા. રાત્રે ૨-૦૫ કલાકે દેહ છોડ્યો. ત્યારે એક હાથે નવકારવાળી ફેરવતા જેમ અંગૂઠો તર્જની આંગળી ઉપર એવો જમણો હાથ, ડાબા હાથે નવકારવાળીની કેટલી સંખ્યા થઈ તે સંખ્યા ગણવા માટે આંગળીઓ જે મુદ્રામાં રહે તે મુદ્રામાં હતા, સમાધિ અત્યંત સુંદર હતી.

ભીષ્મ તપસ્વી-મુનિવરની તપની લગન અને લેશ્યા પણ કેવી ! આ ગુણરત્નસંવત્સર તપ કર્યા પછી એમણે ભાવી ત્રણ વર્ષનો તપનો કાર્યક્રમ પોતાની ડાયરીમાં લખી રાખ્યો હતો અને વારંવાર કહેતા પણ ખરા. "આ તપ પૂર્ણ થયા બાદ મને આ-આ તપની રજા આપજો" જિનેશ્વર-નિર્વાણ-કલ્યાણક તપ બાકી હતો એટલે કહેતા. "નવ ઉપવાસનું પચ્ચક્ખાણ સાથે આપજો, ત્યારબાદ ચત્તારી અટ્ઠ દસ દોય, ત્યારબાદ નવકારના ૯ પદની સંખ્યા પ્રમાણે ૬૮ ઉપવાસ, પછી ૭૫ ઉપવાસ અને ૨૫ બેસણા વાળો નીચે મુજબનો ભદ્રાતપ તે આ રીતે :-

ઉપ. ઉ. ઉ. ઉ. ઉપ.
૧ - ૨ - ૩ - ૪ - ૫ ઉપ.
૨ - ૩ - ૪ - ૫ - ૧ ઉપ.
૩ - ૪ - ૫ - ૧ - ૨ - ઉપ.
૪ - ૫ - ૧ - ૨ - ૩ ઉપ.
૫ - ૪ - ૩ - ૨ - ૧.

આવા અનેક તપોની ભાવી યોજના એમણે ઘડી જ કાઢી હતી, અને છટ્ઠથી ઓછો તપ કરવાનો નહિ. બસ આવો તપનો પરિણામ સતત નિરંતર એમના આત્મામાં રમ્યા જ કરતો હતો.

કાળધર્મ પછીની રાત્રિ (ફાગણ વદ ૯) એ મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજય

(લેખક નં. બે) ને સ્વપ્નમાં ઉગ્ર તપસ્વીના દેવ સ્વરૂપમાં દર્શન થયા. અત્યંત સૌમ્ય પ્રકાશવાળા જાણે શીતળ પ્રકાશવાળો સૂર્ય ન હોય એવા. એક જૈનેતર યોગસાધકનું કહેવું થયું. દેવલોકમાં અત્યંત કાંતિવાળા શ્વેત-ચાંદી જેવા વર્ણવાળા દેવ થયા છે.

તપસ્વીરત્નની ભીષ્મ તપસાધનાથી સુવાસ ચારે બાજુ પ્રસરેલી હતી જ. સ્મશાનયાત્રામાં ૫ થી ૭ હજાર માણસ - બહારગામથી - કોલ્હાપુર. નિપાણી, બેલગામ, કરાડ, ઈચલકરંજી, પૂના, બારામતી, કોરેગાંવ, મસુર, મુંબઈ, અમદાવાદ, વડગામ, જયસિંગપુર, મીરજ, માધવનગર, વીટા, તાસગાંવ, ઈસ્લામપુર વગેરે અનેક ગામોમાંથી બસ - ટેમ્પો - ટેક્ષી દ્વારા લોકો આવવા લાગ્યા.

ઉત્સાહ-આનંદ સાથે અગ્નિદાહ આદિની ઉછામણીઓ જોરદાર બોલાણી. સાંગલી જૈન ઉપાશ્રયમાં એમનો ફોટો પધરાવવાની ઉછરામણી પણ સારી થઈ. અગ્નિસંસ્કારની પવિત્ર ભૂમિ પર સ્મારક બનાવવાનો સાંગલી શ્રી સંઘનો વિચાર છે.

ધન્ય તપધર્મદાતા શ્રી જિનેશ્વર ભગવંતોને !

ધન્ય તપધર્મના ઉપદેશક આચાર્ય ભગવંતોને !

ધન્ય અવિચ્છિન્ન પરંપરાથી તપધર્મ આચરતા શ્રી જૈન સંઘને !

ધન્ય તપસ્વીરત્ન મુનિવરશ્રી સોમતિલકવિજય મહારાજને !

ધન્ય તપસ્વીરત્નની સેવા કરવામાં તત્પર આત્માઓને !

ધન્ય ભીષ્મ તપસ્વીદર્શક અને અનુમોદકને !

ભગવાન શ્રી મહાવીરદેવના સ્વમુખે ગવાયેલા કાકંદીના ધન્ના અણગારને નજરે નિહાળવાનું સૌભાગ્ય તો ક્યાંથી ? પણ આ કાળના ભીષ્મ તપસ્વીરત્ન શ્રી સોમતિલકવિજય મહારાજના ગુણગાન કરવા - સાંભળવાનું સૌભાગ્ય પણ કાંઈ કમ નથી. વંદના... વંદના... વંદના...

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૭,અંક-૩૨,તા.૨૨-૪-૧૯૮૯

સંભારણા : પૂ. મુનિવર રાજરત્નવિજય મહારાજની સાધનાના

(મોકલનાર : પૂ. મુનિરાજશ્રી કલ્પરત્ન વિ. મહારાજ)

પૂ. મુનિરાજશ્રી રાજરત્નવિજય મ. દાવણગીરી મુકામે ૪૦ વર્ષની જુવાન વયે સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. ૨૦ વર્ષ પહેલાં એઓએ નવયુવાન વયમાં રાજનગર મુકામે સંયમજીવનનો સ્વીકાર કરેલ. એ સ્વીકાર બાદ જ્ઞાન-ધ્યાન-તપનો યજ્ઞ મંડાયો. સ્વભાવે શાંત-નમ્ર વિનયાદિ અનેક ગુણોના કારણે નાના-મોટા દરેકની

સાથે ખૂબ જ શાંતિથી વર્તતા. દરેકનાં દિલ જીતી લેતાં. પૂ. ગુરુદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા તે દરેક સંઘમાં પ્રવચનાદિ શક્તિ દ્વારા લાક્ષણિક ઢબથી સમ્યગ્જ્ઞાનનાં પાનમાં નાના-મોટા યુવાનોને લયલીન બનાવતાં. સ્વભાવ ગુલાબી, ગુસ્સો કરતાં નહીં, કળ પૂર્વક કામ લઈ કાર્ય સિદ્ધિ મેળવતા, સહનશીલતા અને ગંભીરતા ખૂબ જ. નાના-મોટા તપ, ઓળી દ્વારા તપ ધર્મને જીવનમાં વણી લીધો. પરમાત્મ-ભક્તિ અને સમ્યગ્જ્ઞાન દર્શન અને ચારિત્ર ત્રિવેણી સંગમ દ્વારા જીવનને ધન્ય બનાવ્યું.

ચીકપેટ બેંગ્લોર વ્યાખ્યાન સભામાં વર્ધમાનતપોનિધિ પૂ. આચાર્યદેવશ્રીએ સ્વ. મુનિરાજના ગુણાનુવાદ કરતાં જણાવ્યું કે અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવનું શાસન જયવંતુ છે, કેમ ? ભગવાનનાં શાસનમાં અનેક પ્રકારનાં ઉત્તમ આચાર્યો - ઉપાધ્યાયો - સાધુઓ - સાધ્વીઓ - શ્રાવક - શ્રાવિકાઓ થતા રહે છે. ફણિસમ પચંમકાલ-પંચમકાલ ઝેરી નાગસમાન છે, તો પણ એમાં એ ઝેરનો નાશ કરનાર છે. જિનમૂર્તિ અને જિનાગમ. એ જિનમૂર્તિ અને જિનાગમનાં ઉપાસક મહાન આત્માઓ સમય સમય પર થતા રહે છે. કલિકાલની વિષમતા છે કે ક્યારેક ક્યારેક આવા મહાન ધર્મ પ્રભાવક આત્માઓ અલ્પાયુ પૂર્ણ કરી જલ્દી જતા રહે છે એવા મુનિશ્રી રાજરત્નવિજયજી દાવણગીરી મુકામે નાની એવી ૪૦ વર્ષની ઉમરમાં ચાલ્યા ગયા. કાલની કેવીક વિષમતા ! અને સંઘનાં પુણ્યની કેવી કમી !

એવા ઉત્તમ સાધુ-સારા કુલમાં જન્મ પામ્યા. એમના પિતાજી અમદાવાદના નેમચંદભાઈ ડોસાભાઈ, ભગવાનના એવા ભગત કે આખા કુટુંબને રોજ ત્રિકાલ જિનભક્તિ કાજે ઘરમાં સ્વતંત્ર સુંદર ગૃહમંદિર બનાવેલું. એમાં પ્રથમ જિનપતિ શ્રી આદીનાથ ભગવાનના સુંદર પ્રતિમા પધરાવ્યા. આવા ઉત્તમ ઘરમાં જન્મ પામ્યા. સાધુઓનાં સંપર્કમાં આવ્યા. સંસાર ત્યાગની ભાવના થતા પિતાશ્રીએ મહોત્સવ પૂર્વક સંયમ અપાવ્યું. ચારિત્રનો સ્વીકાર કરીને સંયમની શિક્ષા-શાસ્ત્રોની એકાગ્રતાપૂર્વક લીધી. મોટા ઘરમાંથી આવેલા છતાં કોઈ ચીજનું અભિમાન નહીં, કોઈ ચીજની લાલસા નહીં. ખાખી બંગાલી જેવું સાધુજીવન એમાંય પિતાના સંસ્કાર એવા કે સેવાનો લાભ મળે કે તૈયાર.

શાંત સ્વભાવી એવા કે સંઘમાંથી ઝગડા દૂર કરાવવા હોય તો એમનું કામ. વડગામ જેવાં નાના ગામમાં ચોમાસું કર્યું. દરેકને સમજાવી સમજાવી કામ સરલ બનાવ્યું. વડગામ દાવણગીરી આદિમાં કેઈ સાલનાં ચોપડા ચોકૂખા કરાવ્યા. કામ થોડું અધૂરું હતું તો ભદ્રાવતીથી અંજનશલાકા પ્રતિષ્ઠા પૂર્ણ થતા દાવણગીરી ગયા અને કામ લગભગ પૂર્ણ કરાવ્યું. બાલ જીવોનો જૈન ધર્મનું જ્ઞાન પમાડવાની તાલાવેલી

પણ એવી. ૪ વર્ષ પહેલાં મુંબઈ ભારતનગરમાં ચોમાસુ કર્યું તો ત્યાં નાના મોટાની શિબિર કરાવી. જંબુદ્વીપ આદિનાં ચાર્ટો દ્વારા સમજૂતી આપી તત્ત્વજ્ઞાન આપ્યા બાદ તેવાં ચિત્રો નાના બાલકો સુંદર રીતે બનાવી લાવે તો તેને વ્યક્તિગત સુંદર એવા ઈનામો અપાવ્યા, આમ પ્રોત્સાહન મળે, એટલે શિબિર આદિમાં બાળકો સારી સંખ્યામાં જોડાય.

શાસનની દાઝ અને જીવો પર કરુણાભાવ દિલમાં રમતો તો તેથી ધર્મની પ્રભાવના કેમ કરવી એમાં પ્રયત્નશીલ રહેતા. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સંઘનાં સંઘર્ષ મિટાવ્યા. કેવા ગુણવાન-સંઘના સ્તંભભૂત ગણાય એવા. કોઈ કલ્પના પણ નહીં કે આવું અણધાર્યું મૃત્યુ થશે. દાવણગીરીનું બધુ કામ પતાવી અહીં બેંગ્લોર આવવાનાં હતા, પણ એટલામાં તો હાર્ટ એટેક આવ્યો ત્યાંની નર્સિંગ હૉસ્પિટલમાં દાખલ કરાયા, સંઘે અને ડૉક્ટરોએ ખડે પગે સેવા કરી. એમના પ્રત્યે સંઘમાં પ્રેમ પણ કેવો ? એમનાં આરોગ્ય માટે સંઘમાં રોજ ૫૦/૬૦ વ્યક્તિ જાપ કરવા બેસી જતા.

બીજો એટેક આવ્યો એ પહેલા કરતાં સહેજ ભારે, પણ સંઘની ભાવના-આરાધના-ઉપાસના સેવાથી એમાં પણ બચ્યા. સારું ચાલતું હતું પણ એમાં ચૈત્ર સુદ ૫ ની સવારે ત્રીજો એટેક આવ્યો. ડૉક્ટરોએ લેટેસ્ટ, ઈન્જેક્શન આપ્યું. થોડું સારું લાગ્યું. સાંજે પ્રતિક્રમણ કરાવનાર સાધુને ક્યાંક ભૂલ પડી તો તરત જ કહે જો અહીંયા ભૂલ છે. રાત્રે સંથારા પોરિસિ ભણાવતા તેઓ અર્થ સાથે બોલવા લાગ્યા, **'एगोऽहं नत्थि मे कोइ'** "હું એકલો છું, મારું કોઈ નથી. આ શરીર પણ વોસિરાવું છું." મનમાં કોઈ દીન ભાવ નહીં. શાંતિથી સંથારા પોરિસિ ભણાવી. રાત્રે ૧૧-૩૦ વાગ્યા સુધી તો એમની આરાધના સાંભળતા રહ્યા. એ જ એ કહે કે ગુરુ મહારાજને કહેજો મને ૨/૪ દિવસમાં સારું થઈ જશે. એટલે બેંગ્લોર આવું છું.

જીવનમાં જ્યારથી સાધના-આરાધના શરૂ કરેલી ત્યારથી મનમાં કોઈ એવો ભાવ નહીં કે મને કોઈ માન આપે, આત્મા જ્યારે અંતર્મુખ થાય છે ત્યારે એને બીજી કોઈ ભાવના રહેતી નથી, મારાથી ભગવાનનાં શાસનની પ્રભાવના કેમ થાય એ જ માત્ર ભાવના રમતી રહે છે.

એમને કોઈની સાથે રગડો ઝગડો નહીં, જીવન જ એવું સમતા-સમાધિભર્યું બનાવ્યું હતું કે અંત સમય આવ્યો તો પણ કોઈ અસમાધિ નહિ, જે થાય છે એ કર્માનુસાર થાય છે આપણે તો આરાધના જ કરો. નવકાર ગણો, બસ બીજી કોઈ કામના નહીં, લગની આરાધનાની હતી, બીજી વાતોમાં કોઈ રસ નહીં, એમનાં

સંસારી પિતાજી-માતાજી-ભાઈ વગેરે દાવણગીરી આવ્યા તો પણ એક જ વાત - "તમે કોઈ આરાધના ચૂકતા નહીં તમારી આરાધના કર્યા કરો, જીવન આરાધનામય હોવાથી મૃત્યુ પણ આરાધનામય થાય છે. અને મૃત્યુ આરાધનામય થવાથી પરભવ પણ આરાધનામય થાય છે. જીવનમાં જે રટ્યું હોય તે અંત સમયમાં આવે છે, અંતે રહ્યું તે પરભવે પમાય."

આવા મહાન સાધુ નાની ઉંમરમાં ચાલ્યા ગયા. શ્રમણ સંઘને અને સમુદાયને મોટી ખોટ પડી કાલરાજાની આગળ કોઈનું ચાલતું નથી. નાનું જીવન જીવી ગયા પણ સાધના-આરાધના સુંદર કરી ગયા. અને એક સુંદર બોધ-શિખામણ આપી ગયા કે જ્યાં સુધી આંખ મિંચાય નહીં ત્યાં સુધી એવી સુંદર સાધના આરાધના કરો કે જેથી એ સુકૃતની અનુમોદના તમારી પાછળવાળા પણ કર્યા કરે અને નાની ઉંમરમાં ગયા તો કહેતા ગયા,- "ભાઈ, આયુષ્યનો ભરોસો ન રાખતા તમારી શક્તિને જૈનધર્મની સાધનામાં લગાડજો અને જીવન આરાધનામય બનાવજો !"

દાવણગીરીમાં ૨૦૪૪ ના ચોમાસા દરમ્યાન એમણે પોતાના પ્રવચનો શિબિર આદિ દ્વારા તથા સંઘના વર્ષો જુના ધર્મખાતાના હિસાબ પતાવવા દ્વારા ખૂબ જ ઉપકાર કરેલો. બેંગ્લોર નજીક ખુલનાર કતલખાના વિરોધમાં એમણે દાવણગીરીની અને આજુબાજુની જૈન જૈનેતર જનતાને જગાવી વિરોધ સારો કરાવેલો.

પંદર દિવસની એમની હાર્ટ એટેકની બીમારી દરમ્યાન પોતે જાપ વગેરે જાગૃતિ સારી રાખેલી. દાવણગીરીના શ્રી સંઘે ખડે પગે ચોવીશ કલાક ખૂબ સુંદર સેવા કરી એક આદર્શ પૂરો પાડ્યો છે. જૈન ડૉક્ટરોએ સેવા સારી કરેલી.

ચૈત્ર સુદ ૫ ના રોજ રાત્રે ૧૧-૪૫ વાગે માત્રાની શંકા થઈ. માત્રુ પરઠવીને પરિચારક આવ્યા તો શરીર ઠંડું દેખાયું, નવકાર સંભળાવ્યા. રાત્રે ૧૧-૫૫ કલાકે સમાધિપૂર્વક દેહ છોડ્યો.

માંદગી દરમ્યાન શરીરે ઘણી વેદના સોજા વગેરે છતાં ખૂબ જ સમતાપૂર્વક સહન કર્યું. એટેક બાદ પણ ફાગણ વ. ૭ ના નવા વરસીતપ શરૂ કરનારને વાસક્ષેપ જાતે નાંખ્યો, પચ્ચક્ખાણ આપ્યા.

પૂ. મુનિરાજશ્રી જયતિલકવિજય મ., હંસરત્નવિજય મ., સૂર્યોદયવિજય મ. તથા રાજસુંદરવિજય મ.ની સેવા ખૂબ જ અનુમોદનીય રહી.

અમદાવાદના મુમુક્ષુ સુશ્રાવક દિલીપભાઈ નવીનભાઈ શાહે માંદગી દરમ્યાન સતત સાથે રહી રાત દિવસ તન તોડીને, મન મોડીને, સેવા ખૂબ સુંદર કરી. સદ્ગતને એમની સેવાથી ખૂબ શાંતિ સમાધિ રહી.

પાલખીની ઉપજ સારી થઈ. એસ.ટી.ની હડતાલ છતાં પાલખીમાં વડગામ,

હુબલી, જેસીંગપુર, ભદ્રાવતી, શીમોગા, અમદાવાદ આદિ અનેક ગામ નગરના ભાવિકોની હાજરી સહ લગભગ ૪૦૦૦ની માનવમેદની હતી. એ એમની લોકપ્રિયતા સૂચવે છે.

'એમનો આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામો' એ જ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૭,અંક-૩૫/૩૬,તા.૨૭-૫-૧૯૮૯

● **બેંગ્લોર :** અધ્યાપન કુશળ સ્થવીર પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ **વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ** (ઉં.વ.૬૬) અત્રે વૈશાખ સુદ-૧૫ના રોજ નવકાર શ્રવણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ૪૭ વર્ષના સુદીર્ઘ નિર્મળ ચારિત્ર પર્યાય ધરાવતા આચાર્ય ભગવંતના જવાથી શાસન સમુદાયને એક બહુ મોટી ખોટ પડી છે.

એમના આત્માને પરમ શાંતિ મળો એ જ તારક અરિહંતદેવોને પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૭,અંક-૩૭,તા.૩-૬-૧૯૮૯

તેજસ્વી તારલો ખરી પડ્યો
પૂ.આ.શ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી ગયા

● **બેંગ્લોર :** આચાર્યશ્રી **વિજય ગુણાનંદસૂરીશ્વરજી** વૈશાખ સુદ ૧૫ શનિવાર તા. ૨૦-૫-૮૯ના રોજ સવારે ૭ વાગે નવકાર મંત્રનું શ્રવણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

વર્ધમાન તપોનિધિ સંઘહિતચિંતક, પૂ.પાદ ગચ્છનાયક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિનું ચાતુર્માસ મદ્રાસનું નક્કી થતાં બેંગ્લોરથી વિહાર કરી ઠાણા ૩૭ કૃષ્ણરાજપુરમ વૈ.સુદ ૧૪ પહોંચ્યા. સુદ ૧૫ના સવારે એમણે હોસકોય તરફ વિહાર શરૂ કરેલ. એમાં પાંચ કિ.મી. બાદ એક નાના પુલ પર આગળથી એક કાર જમણી બાજુ આવતી હતી અને પાછળથી એક કાર ડાબી બાજુ ઝડપથી આવી અને ડાબી બાજુ છેડે ચાલતી પૂ.આ.શ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજની ડોળીને ટક્કર મારીને પૂ. આચાર્યશ્રીને ડોળીમાંથી નીચે પછાડી દીધા. મુનિઓનું વૃંદ થોડેક જ પાછળ હતું તે આવી પહોંચી ત્યાં ને

ત્યાં જ તરત દ્રવ્યભાવ ઉપચારો સાથે... **'નમો અરિહંતાણં'** પદની ધૂન શરૂ થઈ. વર્ષોથી હાર્ટએટેક-થાયરોડ વગેરે બીમારીવાળો દેહ મોટરનો એક્સીડેન્ટ સહન ન કરી શક્યો. નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક નશ્વરદેહનો ત્યાગ કરી ગયા. દેહને બેંગ્લોર લઈ જવામાં આવ્યો. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ આદિ સહ બધા સાધુઓ બેંગ્લોર ચીકપેટ પાછા ફર્યા... ચીકપેટથી વૈશાખ વદ ૧ ના ભવ્ય સ્મશાનયાત્રા નીકળેલ, ટી.વી. તથા રેડિયો પરના સમાચારથી હજારો લોકો તેમની સ્મશાનયાત્રામાં જોડાયેલ.

એઓ મૂળ નિપાણી (કર્ણાટક)ના વતની, લીંગાયત જ્ઞાતિના સભ્ય. એમનું નામ ગુરુપાદપ્પા. પિતાનું નામ શિવબાળપ્પા. ઈ.સ. ૧૯૪૧માં બૃહદ્ મુંબઈ (મહારાષ્ટ્ર)માં ફર્સ્ટકલાસ ફર્સ્ટથી મેટ્રિક પાસ કરી સ્વ. પૂ. સિદ્ધાંત મહોદધિ આ. દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના પ્રથમ દર્શને જ એમના તરફ આકર્ષાયા. સાથે રહી જ્ઞાનાભ્યાસ કર્યો. સંયમ સ્વીકારી મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી બન્યા. તેઓશ્રીએ આગમ અને અન્ય શાસ્ત્રો, પાણિની વ્યાકરણ-મધ્યમકૌમુદી, ન્યાયદર્શન આદિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. ગ્રહણ-આસેવન શિક્ષા પામ્યા. ૧-૧॥ કલાકમાં ૩૦ ગાથા ગોખવાની એમની અજોડ શક્તિ હતી. જ્ઞાનની તન્મયતા એવી કે કેટલીકવાર સવારે ઊઠીને કહે કે - મારે ઊંઘમાં સ્વપ્નમાં ૪ હજાર શ્લોક પ્રમાણ પુનરાવર્તન થઈ ગયું. અધ્યાપન કુશળતા પણ ગજબની હતી. ગહન શાસ્ત્રપદાર્થ પણ સ્પષ્ટ કરી સમજાવતા. અનેક સાધુ શ્રાવકને તેઓએ ભણાવ્યા. ઉપમિતિ ભવપ્રપંચ કથા-ગ્રંથ પર... યોગશાસ્ત્ર આદિ ગ્રંથ પર તેમની અજોડ માસ્ટરી હતી. બાળકો પર તેમનો અધિક પ્રેમ, તેમને નવકાર મંત્ર વગેરે ભણાવે અને એ રીતે ધર્મ પ્રેમ અને વૈરાગ્ય જમાવતા હતા. તેમની દર્શનશુદ્ધિ પણ અજોડ. પૂ. ઉપા. યશોવિજયજી તથા પદ્મવિજયજી મ. આદિ અનેક કવિઓની પૂજાની ઢાળોનું એઓ વારંવાર મનન કરતાં... કરાવતાં.

૪૭ વર્ષના વિશુદ્ધ ચારિત્ર પર્યાયમાં એમણે ગુરુ આજ્ઞાકારિતા, વિનયભાવ, ગુરુ વફાદારી અને ગુરુ સમર્પણને જીવનનો મંત્ર બનાવેલો. બાલ બ્રહ્મચારી એઓ સમગ્ર જીવનમાં બ્રહ્મચર્યની નવવાડની બાબતમાં ખૂબ જ યતનાશીલ રહેલા. આટલો મોટો પર્યાય છતાં, પોતે પોતાના ગુરુદેવ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવેશ્રીને ગોચરી-પાણી વપરાવવા આવે. સમુદાયમાં **ગોચરિલબ્ધિધર** તરીકેની તેમની છાપ હતી. સાધુઓને-વડીલોને સંયમાનુકૂળ દ્રવ્ય એમને અનાયાસ મળી જતું.

અમદાવાદ, મુંબઈ, ધૂળિયા, પૂના, દેહુરોડ, પીપળગાંવ-નાસિક, માલેગાંવ, યેવલા, ભદ્રાવતી, બેંગલોર, આદિ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટકના અનેક ગામ નગરોમાં વિહારો કરી સંઘ પર અનેકવિધ ઉપકારો કરેલા. વૃદ્ધમુનિશ્રી ચંદનવિજયજી મ. ને પિતાની જેમ સંભાળી વર્ષો સુધી તેમની સેવા કરેલી.

બેંગ્લોરના બે ચોમાસા દરમ્યાન અને કર્ણાટકમાં વિહરણ દરમ્યાન બેંગ્લોર, ટુમકુર, ટીપટુર, ભદ્રાવતી આદિ અનેક સંઘો પર એમના સંયમની સુવાસ પ્રસરેલી. એમની સ્મશાનયાત્રામાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક આદિ પ્રદેશોના લોકો દોડી આવ્યા. ચીકપેટથી ૭ કિ.મી. દૂર **કોરમંગલા,** પાંજરાપોળમાં એમના દેહને અગ્નિદાહ આપવાનું નક્કી થયેલું. આટલા લાંબા રસ્તા સુધી હજારો શ્રદ્ધાળુઓની સતત ઉપસ્થિતિ રહી. ઠેઠ સુધી એમની પાલખીની બાંય ખભે લેવા પડાપડી રહી. આ એમની લોકપ્રિયતા સૂચવી જાય છે. અગ્નિદાહ સ્થળે બોલીઓ રેકર્ડરૂપ થઈ. બેંગ્લોરના કન્નડ, ઈંગલીશ છાપાઓ અને દૂરદર્શન આદિમાં આચાર્યશ્રીની અંતિમ સંસ્કાર આદિના સમાચારો પ્રગટ થયેલ. વૈશાખ વદ ૨ ના એમની ગુણાનુવાદની સભામાં વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવશ્રી આદિ અને વક્તાઓએ ખૂબ સુંદર ગુણાનુવાદ કર્યા. સ્વ. આચાર્યશ્રીને કર્ણાટક સરકાર તરફથી guard of honour (સન્માનની અંજલી) આપવામાં આવ્યું.

• સ્વ. પૂ. આ. ગુણાનંદસૂરિ મ.સા.ની ગુણાનુવાદ સભામાંથી

ભારતભરમાં પ્રસિદ્ધ બેંગ્લોરની શ્રી લબ્ધિસૂરી જૈન પાઠશાળાના પ્રાધ્યાપક શ્રી સુરેશભાઈએ કહ્યું કે, આજે આપણી વચ્ચેથી એક મહાન આચાર્ય જતા રહ્યા છે. તેઓ સરળ સ્વભાવી, વિદ્વાન, ગુર્વાજ્ઞાપાલક હતા. જન્મે લિંગાયત છતાં જૈન મુનિ દીક્ષા પછી સુંદર જ્ઞાનાભ્યાસ કરી પં. ચંદ્રશેખર વિ.મ., મુનિશ્રી રત્નસુંદર વિ.મ. આદિ મહાત્માઓને ભણાવીને સારી રીતે તૈયાર કર્યા.

શ્રી અશોકભાઈ સંઘવીએ કહ્યું, પૂજ્યશ્રી શાસનનું અણમોલ રત્ન હતુ ને ગુરુમહારાજનાં અણમોલ શિષ્ય હતા. બેંગ્લોર આવતા પહેલાં એકસીડન્ટ થતાં બેંગ્લોર સંઘનાં મહાન પુણ્યોદયે બચી ગયા. પણ આ એકસીડન્ટ થતાં પૂજ્યશ્રીનાં જીવનનો સૂર્ય અસ્ત થઈ ગયો. આટલી મોટી ઉંમર અને આચાર્ય હોવા છતાં નાનું બાળક મા પાસે જેમ હાથ જોડીને ઊભું રહે એ જ રીતે ગુરુ મહારાજ પાસે હાથ જોડીને એ ઊભા રહેતા. નાના બાળકની પાસે નવકાર સાંભળે અને પછી પોતે નવકાર સંભળાવતા.

પારસમલજી રાઠોડે કહ્યું, પૂ. ગુણાનંદસૂરિ મ.સા. ને જોતાં મને એમ લાગે

છે કે મારા પુત્ર કલ્પેશનો એમની સાથે કોઈ અપૂર્વ ઋણાનુબંધ હશે તે આજે કલ્પેશ બેફાટ રોઈ રહ્યો છે. મારા પિતાશ્રીનું અવસાન થતાં મને જે દુઃખ નહોતું થયું એથી પણ આજે વિશેષ દુઃખ મને પૂ. આચાર્યશ્રી જતાં થઈ રહ્યું છે જે શબ્દમાં વર્ણવી શકતો નથી.

શ્રી ગાંધીનગર જૈન સંઘનાં પ્રમુખ રવિભાઈએ કહ્યું કે, આવા આચાર્ય ભગવંતનાં ગુણો ગાવાનું તો મારે માટે અશક્ય છે. છેલ્લુ ચોમાસું તેઓશ્રીએ અમારે ત્યાં કર્યું અને એમનાં જ્ઞાનનો અમને લાભ આપ્યો. ઘણાં પામી ગયા.

ઓલઈંડિયા **બસેશ્વર ગ્રુપ યુથ પ્રેસિડન્ટ લિંગાયતસ્વામી દયાનંદજી** બોલ્યા કે, હું અંતઃકરણપૂર્વક સ્વામીજીને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. જૈનધર્મમાં સમ્યક્ ચારિત્ર છે. એમ હું પણ માનું છું. સ્વામીજી આજે સ્થૂલદેહે આપણી વચ્ચે નથી પણ સૂક્ષ્મરૂપે તો છે જ.

કર્ણાટક યાંત્રિક કતલખાના વિરોધી ફેડરેશનનાં પ્રમુખ મહાદેવી તાઈએ કહ્યું કે, આયુ પૂર્ણ થતાં કોઈ ટકતું નથી. મહાપુરુષનું અકસ્માત મૃત્યુ એ ઘણું દુઃખદાયક છે. મહાપુરુષનું શરીરથી મૃત્યુ થયા બાદ પણ એમનો જે આદર્શ છે તે આપણી સમક્ષ રાખી આચરણમાં મૂકી એ આદર્શને જીવંત રાખીએ. એમના દર્શનથી હું પ્રભાવિત થઈ હતી.

બાળ મુમુક્ષુ કલ્પેશ રાઠોડ (S.S.C. પાસ) રડતાં રડતાં કહે છે, મારા પર એમનો અપૂર્વ ઉપકાર હતો. છેલ્લા બે વર્ષથી હું એમની સાથે જ રહીને ભણતો. એમની પાસે દીક્ષા લેવાની મારી ભાવના અપૂર્ણ રહી. મને કહેતા તું દીક્ષા લઈને મોટો આચાર્ય થશે. હવે હું કોની પાસે સૂઈ જઈશ ? કોની પાસે ભણીશ ? પ્રતિક્રમણ આદિ બધી ક્રિયા હું તેમની પાસે બેસીને કરતો. દીક્ષા માટેનાં મારા અંતરાયો જલદીથી તૂટે એવી એમને મારી પ્રાર્થના છે.

પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ.મ.સા. કહે કે, પૂજ્યશ્રીને કાર અકસ્માત થતાં ડોળીનાં ટૂકડા થઈ ગયા અને આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. મોતે એમનું શું બગાડ્યું ? તે તો એમના જ્ઞાન-દર્શન-ચારિત્ર સાથે લઈને ગયા. કર્મસત્તાને જે મંજૂર હતું તે થયું. ગુર્વાજ્ઞા તહત્તિ કરે તે જ મહાજ્ઞાન-ચારિત્રપાત્ર છે એમ શાસ્ત્રકાર કહે છે. સ્વ. પૂજ્યશ્રીમાં આ અજોડ ગુણ હતો. તેમનાં ગુણોની સુવાસ અમારા જીવનમાં આવે એ જ ભાવના.

પૂ. મુનિરાજશ્રી ગુણસુંદર વિ.મ.સા. બોલ્યા કે, આકાશમાં સૂર્ય-ચંદ્ર નથી, ઘોર અંધકાર છે તો શું કરવું ? નાનો દીવો કહે છે કે, હું પ્રકાશ આપવા તૈયાર

છું. અરિહંત-કેવળી આદિ સૂર્ય ચંદ્ર અત્યારે અહીં નથી તો આચાર્યો દીપકરૂપ પ્રકાશ આપી રહ્યા છે. એવા પંચાચારનાં પાલક અને પ્રચારક હતા. પૂ. ગુણાનંદસૂરિ મ.સા. ગુરુવચનને પાસે 'You order and I obay' નાં પ્રિન્સિપલવાળા હતા. શરીરે અસ્વસ્થ હોવા છતાં સૂતા સૂતા પણ પદાર્થોનું ચિંતન કરતા, ભણાવતા, પૂજાની ઢાળો વાંચીને અનેક પ્રકારનાં પદાર્થોને સુગમ કરી સમજાવતા. દુનિયામાં કહેવાય છે કે, પ્રમોશન મળતું હોય તો ટ્રાન્સફર થવામાં વાંધો નહીં પૂજ્યશ્રી પણ પ્રમોશન મળતા ટ્રાન્સફર થયા છે...

પૂ. મુનિરાજશ્રી જયસુંદર વિજય મ.સા. કહ્યું કે,

'જબાં તક નહીં હમ હિલાને કો કાબિલ, સૂરીશ્વરજી કા હમ કિસ મુહ ગુણ ગાવે,
કિસીકો નહીં મુંહ દિખાને કો કાબિલ, જબ ઈક ગુન ભી ઉનકા ન અપનેમેં પાવે...

એમના શું ગુણ ગાઈએ અમે ? ક્યાં ટોચ પર બેઠેલા આચાર્ય ભગવંત ! અને ક્યાં તળેટીમાં બેઠેલા એવા અમે ! આ સંસારમાં ગમે તેટલાં સુખવૈભવ મળે બધું બેકાર છે. પૂ. આચાર્યશ્રી મુંબઈ રાજ્યની S.S.C. પરીક્ષામાં ફર્સ્ટકલાસમાં પાસ થયેલા. પણ એ તો દુન્યવી શિક્ષા હતી. આધ્યાત્મિક શિક્ષા વગર આત્માનો ઉદ્ધાર નથી. પૂ. પ્રેમસૂરિ મ. નાં સંપર્કમાં આવી સંયમ સ્વીકાર્યું. જ્ઞાનાભ્યાસની લગની લગાવી. જૈનેતર કુળમાં જૈનશાસન ઉપરનો રંગ ચોલમજીઠશો લાગ્યો હતો. શ્રદ્ધા જબરજસ્ત હતી. આચાર્ય થયા પછી પણ સાધુસેવાના શોખીન, વયોવૃદ્ધ મુનિશ્રી ચંદન વિ.મ.સા.ની છેલ્લે સુધી તેઓશ્રીએ સેવા કરી. સેવા વૈયાવચ્ચનાં પ્રભાવે જબ્બર વિદ્વાન થયા.

અમલનેરમાં સંપૂર્ણાનંદ યુનિવર્સિટી (બનારસ)નાં ચાન્સેલર બદ્રીનાથ પંડીત અમને ન્યાયદર્શન ભણાવતા. એમાં સપ્તભંગીનો ગહન વિષય ૭/૭ દિવસની મહેનત કરવા છતાં પંડીતજીને ન બેસવાથી પડતો મૂક્યો. મને સ્વ. પૂ. ગુણાનંદસૂરિ મ.સા. કહે, 'શું ચાલે છે ભણવામાં ?' મેં કહ્યું 'સાહેબ ! આ વિષય ન બેસવાથી પંડીતજીએ પડતો મૂક્યો' તો મને કહે, ''જો સમ્મતિતર્કમાં અમુક જગ્યાએ આ વાત આવે છે. વાંચીજા સમજમાં આવી જશે.''

અમદાવાદમાં દુર્ગાનાથ પંડિત મને ભણાવવા આવતા તેઓ મને કહે ''વો દક્ષિણી પંડિત કહાં હૈ ?'' મેં કહ્યું- ''દક્ષિણી પંડિત કૌન ?'' ત્યારે પંડિતજી કહે, ''વો લિંગાયત કોમમેં સે આયા થા, ઐસા બુદ્ધિશાલી ઔર નમ્ર સાધુ મૈંને કભી નહીં દેખા.'' ૨૦ વર્ષ પહેલા તેઓશ્રી એમની પાસે ભણેલા. ત્યારબાદ ૨૦ વર્ષે હું એમની પાસે ભણવા બેઠો હતો છતાં પંડિતજી તેમને યાદ કરતાં હતા. કેવું

સ્થાન એ પામ્યા હશે ? આવા બહુ પ્રતિભાસંપન્ન આચાર્ય ભગવંત બેંગ્લોરની ભૂમિને તીર્થભૂમિ બનાવી ગયા.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૭,અંક-૩૮,તા.૧૦-૬-૧૯૮૯

તેજસ્વી તારલો ખરી પડ્યો. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજની ચિરવિદાય

(પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.)

પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ આજના વિષમ કલિકાલમાં એક મહાન ધર્માચાર્ય થઈ ગયા. એમનું જીવન જોતાં લાગે કે એ કોઈ એક મહાન યોગભ્રષ્ટ યાને પૂર્વભવની યોગસાધનાથી ચ્યવી અહીં આવેલ જીવ હતા. કેમકે આમ તો એ મહારાષ્ટ્ર-કર્ણાટકના નિપાણી શહેરના જૈનેતર લિંગાયત કુટુંબમાં જન્મ પામેલા અને મેટ્રિકમાં પ્રથમ નંબરના વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હતાં ત્યારે વિ.સં. ૧૯૯૬માં નિપાણીમાં ચોમાસું રહેલા પૂ. સિદ્ધાંતમહોદધિ ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સંપર્કમાં આવ્યા, ને બે ત્રણ દિવસમાં જ જૈન ધર્મની ઉચ્ચ કક્ષાની વાતો સાંભળતાં સાંભળતાં જૈન ધર્મ પ્રત્યે ભારે અનુરાગવાળા બનેલા. અને પછી પૂજ્યશ્રીનો વિ.સં. ૧૯૯૭ના સાંગલી ચોમાસામાં સંપર્ક સાધી મહાવૈરાગી બની ચોમાસા બાદ મુનિદીક્ષા લીધી. આ ઉપરથી સમજી શકાય છે કે તેઓ યોગભ્રષ્ટ જીવ હતા. એમના હેડમાસ્તર એમની દીક્ષાનું સાંભળી દિંગ થઈ ગયેલ. અરે ! આ તો એક મોટો વકીલ-બેરીસ્ટર થઈ શકે એવો બુદ્ધિશાળી હતો. એણે સંન્યાસ ધર્મ લીધો !

જૈન ધર્માનુસાર મોક્ષસાધક યોગની સાધના કરતાં કરતાં આ જીવ આયુષ્ય પૂરું થવાથી ત્યાંના જીવનથી ભ્રષ્ટ થઈ તેમજ મોક્ષયોગથી ભ્રષ્ટ થઈ અહીં આવી ગયો ને પૂર્વની કોઈક લેનદેનના જૈનેતર કુલમાં જન્મ પામવા છતાં સહેજ નિમિત્ત મળતાં પૂર્વના સુસંસ્કારોથી જૈન ધર્મની યોગસાધના-સાધુદીક્ષા સ્વીકારી લીધી. પહેલું ફળ આ કે, જ્યારે જ્યારે જિનમંદિર જાય ત્યારે ત્યારે એ ભગવાનની ભક્તિમાં મંત્રમુગ્ધ એકાકાર થઈ જાય એમના મનને એમ થયા કરે કે ''અહો અહો આ શું પામ્યો ? કેવા વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા મને મળ્યા ? અને મને આ ચમત્કાર બનવારૂપ કેવુંક અનંત કલ્યાણકર શ્રી જિનશાસન મળ્યું ?'' મારા સદ્ભાગ્યની અને દેવગુરુકૃપાની અવધિ નથી.''

સામાન્ય નિમિત્ત કેવું ?

એમના પિતા શિવબાલપ્પા જૈન પેઢીમાં નોકરી કરે, એ પેઢીના ઉપરના હોલમાં પૂ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ વિ.સં. ૧૯૯૬માં ચોમાસું રહેલા તેથી એમનો નાનો પુત્ર શિવપુત્ર ૯ વર્ષની વયે સાધુસંપર્કમાં આવ્યો. ભાનુવિજય મહારાજે કહ્યું આપણાથી રાત્રે ન ખવાય તે મનથી નક્કી કરી ઘરે ગયો સાંજના કોઈએ ખવરાવ્યું નહિ. રાત્રે સૌ જમવા બેઠા ત્યારે એ કહે **"भी रात्रिला जेवत नाहीं फार पाप लागते."** સાત્ત્વિક એવો કે રાતના ખાય નહિ, વિહારમાં સાથે ચાલ્યો. ચૌદશ આવી મુનિઓની સાથે એ પણ ઉપવાસ કરે. એમાં ફા.સુદ ૧૪ આવી તો ઉપવાસ કરી લીધો પરંતુ આગલે દિવસે બરાબર જમેલો નહિ, તે સાંજ વખતે પૂ. આચાર્યદેવને કહે **'मला फार भूख लागली आहेत मी अता जेवणार.'** પૂજ્યશ્રીએ મુનિ ભાનુવિજયજીને કહ્યું આને મરાઠીમાં સમજાવ કે 'પચ્ચક્ખાણ ન ભંગાય.' મુનિશ્રીએ એને મરાઠીમાં નાગકેતુના અક્રમની વાર્તા કરી, તેમજ 'કોઈને મારું નહિ' એવી દૃઢ ટેકવાળા રાજકુમારની વાર્તા કહી. જેમાં રાજકુમારને આ ટેકના કારણે પિતા ગુસ્સે થવાથી પરદેશ જવું પડેલ ત્યાં રાજકુમારે નોકરીમાં મરઘી મારવાનો ઈન્કાર કરવાથી રાજાએ ગાંડા હાથીના પગ નીચે કચડી નાખવાની ધમકી અને તૈયારી દેખાડેલી, પરંતુ રાજકુમારે 'હું કચડાઈ મરું તો મને દુઃખ થાય છે, તો મરઘી કપાઈ મરતાં એને કેટલું દુઃખ ?' કહી મેદાન વચ્ચે મરવા ઊભો ! એનું આ સત્ત્વ જોઈને એ અપુત્રિયા રાજાએ કદર કરી એને દત્તક લીધો.

આવી શૂરાતનભરી એ વાર્તા સાંભળી શિવપુત્ર કહે, 'બસ, બસ,'अता मी मुद्दाम नाहीं जेवणार मी उपवास पूरा करणार' 'હવે મારે જમવું નથી, હું ઉપવાસ પૂરો કરવાનો.' તે પૂરો કર્યો.

આવા સાત્ત્વિક નાના ભાઈની પ્રેરણાથી મોટા ભાઈ ગુરુપાદપ્પાએ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો સંપર્ક સાધ્યો અને ત્રણ દિવસમાં જૈનધર્મનો અનુરાગી બન્યો. પછી પૂ.શ્રીને કહે 'મારે નિશાળ છોડી દઈ તમારી સાથે રહીને જૈન ધર્મનો અભ્યાસ કરવો છે... પરંતુ મહારાજે જોયું કે 'આ જૈનેતર કુલનો છે કદાચ દીક્ષા ન લઈ શકે, તો પાછળથી એને પસ્તાવો થાય કે 'મારી મેટ્રિકની પરીક્ષા બગડી !' તેથી એને મેટ્રિક પરીક્ષા આપી દઈ વિહારમાં ભેગા થઈ જવા કહ્યું. એ ગુર્વાજ્ઞાને સમર્પિત એવો કે એ પ્રમાણે મેટ્રિકની પરીક્ષા આપી દઈ બહુ સારા માર્કે પાસ થવા છતાં પૂ. આચાર્યદેવને ભેગો થઈ ગયો.

એણે વિ.સં. ૧૯૯૭ સાંગલીમાં સાથે ચોમાસું કર્યું. ધાર્મિક સૂત્રો તથા સંસ્કૃત

કાવ્ય વગેરેનો સારો અભ્યાસ કર્યો અને વિ.સં. ૧૯૯૮માં સાન્તાક્રુઝમાં દીક્ષા થઈ. મુનિશ્રી ગુણાનંદવિજયજી બન્યા. અને મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય બન્યા. ગુરુદેવ એ બહુ બુદ્ધિશાળી હોવાથી સંસ્કૃત કાવ્ય પછી તરત અમદાવાદ ૧૯૯૯ ચોમાસામાં ૧ મહિનો ન્યાય દર્શનની ભૂમિકા ભણાવી; અને તે પછી ન્યાયગ્રંથ મુક્તાવલિ પ્રત્યક્ષ ખંડ ચાલતો હતો, એટલામાં બનારસથી એક તાજી ન્યાય આચાર્ય પરીક્ષા પાસ કરેલ પંડિત આવ્યા. એ કહે 'મહારાજ ! હમકો રખના પડેગા. આચાર્ય પાસ કિયા, શાદી કી, અબ આપ લોક વિદ્વાન હોતે હુએ કદર નહિ કરે તો ક્યા હમ ભૂખે મરે ?' મહારાજજીએ એને રાખી લઈ મુનિ ગુણાનંદ વિ. ને નવીન ન્યાયનો 'સિદ્ધાન્ત લક્ષણ' ગ્રંથ ભણાવવા સોંપ્યા. ત્રણ ચાર દિવસ બાદ પંડિતજીને પૂછ્યું 'વિદ્યાર્થી કૈસા હૈ ?' પંડિતજી કહે 'બહુત અચ્છા. ઐસા વિદ્યાર્થી તો હમને કાશી મેં ભી નહીં દેખા.' મહારાજજી પૂછે "ક્યા પંડિતજી આપ તનખા ચાલુ રહે ઈસલિયે ચાપલુસી કરતે હૈ ક્યા ?" પંડિતજી કહે 'નહીં નહીં મહારાજ ! મૈં પઢાતા હું બાદમેં ઉન્હી કે પાસ દોહરાતા હૂં !' (હું જે ભણાવું છું એ પોતે પાછા મને બોલી સંભળાવે છે) તાત્પર્ય એમણે ન્યાયભૂમિકા એવી તૈયાર કરેલી કે પંડિત પાસે ન્યાય ભણનારને બીજે ત્રીજે વરસે જે ગ્રંથ ભણાવવામાં આવે એ ગ્રંથ માટે આ મુનિશ્રી ગુણાનંદવિજયજીએ ૧-૧॥ મહિનો ન્યાયભૂમિકા ભણીને સુંદર પ્રવેશ કર્યો. એ પછી જૈન-જૈનેતર શાસ્ત્રો આગમોનું તલસ્પર્શી અવગાહન કર્યું.

ન્યાયની સાથે વ્યાકરણમાં પ્રવીણતા એવી મેળવેલી કે એ વ્યાકરણની ૮/૯૦૦૦ શ્લોક પ્રમાણ મધ્યમ કૌમુદી ભણેલા. એ રોજ ગોખીને પહેલેથી રાત્રે એનો મોઢે પાઠ પણ કરી જતા. એમાં કોઈક વાર પરોઢિયે ઉઠીને ગુરુજીને કહે 'આજ મારે સ્વપ્નમાં ૪૦૦૦ શ્લોક પ્રમાણ વ્યાકરણનું પુનરાવર્તન થઈ ગયું ! આનું મુખ્ય એક કારણ પૂ. ગુણાનંદવિજયજી મહારાજ ભારે અંતર્મુખ હતા એટલે જ સાધુજીવનમાં સ્વાધ્યાય કરતી વખતે આડાઅવળા ડાફોલિયાં મારવાના નહિ, કોઈની સાથે વાતોચીતો કરવાની નહિ, તેમ ૧-૧॥ કલાકમાં આરામથી ૩૦ ગાથા ગોખી લેતા, પાછું ગોખેલા હજારો શ્લોકોનું રાતના મોંઢે પારાયણ પણ સુંદર ચાલતું. જ્ઞાનશક્તિ કેટલી બધી અદ્‌ભુત કે જે શાસ્ત્ર વાંચ્યું એનો સાર હૈયામાં સ્થિર થઈ જતો તેથી ગ્રંથોના દોહન તૈયાર કરવા એમને મન રમતવાત હતી.'

એમની અધ્યાપન શક્તિ અજબ તે મુનિઓને ગ્રંથોના દોહન સરલતાથી સમજાવી દેતા અને એ મોન્ટેસરી પદ્ધતિથી ચાટલા જેવી નોંધ લખાવી દેતા. ઉપમિતિ ભવ પ્રપંચ-કથા શાસ્ત્ર દુનિયામાં અજોડ રૂપક ગ્રંથ છે. એમાં આત્માના

ક્રોધ લોભ, માન, મદ, ઈર્ષ્યા, વિષય-લંપટતા, મોહ, મિથ્યાત્વ, એકેક ઈન્દ્રિયની આસક્તિ... વગેરે દુર્ગુણો, અને એની સામે ક્ષમા-નિસ્પૃહતા-મૃદુતા-નમ્રતા-પ્રમોદ-વૈરાગ્ય-તત્ત્વદૃષ્ટિ-સમ્યગ્દર્શન-વિષયનફરત વગેરે સદ્ગુણો, એ બધાને પાત્ર બનાવી સંસારના પ્રપંચોનું એક સુંદર મહાન નાટક રચ્યું છે. આવા વિશ્વમાં અજોડ શાસ્ત્રનું પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરિજી મહારાજે એવું સુંદર વિશ્લેષણ કરી કોષ્ટકો પાડીને નોંધ કરાવી કે જાણે દર્પણ જેવો સંક્ષિપ્ત ઉપમિતિ કોશ જ જોઈ લો.

એવા તો યોગશાસ્ત્ર, ભવભાવના, પગામસજ્ઝાય, પક્ખીસૂત્ર, ચરણસિત્તરી કરણસિત્તરી, ૩૨ યોગસંગ્રહ, દ્વાદશ ભાવના, વગેરે કેટલાય શાસ્ત્રોનાં સુંદર દોહન એમણે ભણાવેલા ને લખાવેલા !

સદ્ગત આચાર્યદેવશ્રી એવા તો શાસ્ત્રાધ્યાપનકુશળ હતા કે જ્ઞાનાભ્યાસ કરવામાં સાવ સુસ્ત બની ગયેલા મુનિઓ કે વૃદ્ધાવસ્થાના કારણે અશક્ત થયેલા મુનિઓનો એવી કળાથી જ્ઞાનાભ્યાસમાં ઉત્સાહિત કરી દેતા કે પેલા મુનિની ય સુસ્તતા કે અશક્તતા ક્યાંય રવાના થઈ જાય તેની ખબર તે મુનિને ય ન પડે... અને જિનાગમના પદાર્થો એટલા સરળ કરીને સામાને સમજાવતા કે પેલાને સમજવાનું જરાય કઠીન ન પડે. દા.ત. મોટી ઉંમરે દીક્ષિત થયેલ એક મુનિને બોલાવી કહે "જુઓ મહારાજ ! તમે ઘરડા છો ને ? પણ ઉંમરથી હું ય ઘરડો છું પણ જ્ઞાનથી... અને દીક્ષાથી... કેમકે ૬૦ વર્ષ ઉપરના હોય તે ઉંમરથી ઘરડા કહેવાય.. એમ ૨૦ વર્ષ દીક્ષા લીધાને થયા હોય તેને દીક્ષાથી ઘરડા કહેવાય; અને બધા આગમ ભણ્યા હોય તેને જ્ઞાનથી ઘરડા કહેવાય... સમજ્યા ને ?" "હા ! સાહેબ હા ! સમજી ગયો..." તો કહે "એમ નહિ; જુઓ, ઘરડા માટે શાસ્ત્રમાં સ્થવિર શબ્દ મૂક્યો છે... અને ઉંમર એટલે વય. એટલે ઉંમરથી ઘરડાને **'વયસ્થવિર'** કહેવાય... દીક્ષાપર્યાયમાં ૨૦ વર્ષ થાય તેને **'પર્યાયસ્થવિર'** કહેવાય, અને ૪૫ આગમ ભણે તેને જ્ઞાનથી ઘરડા એટલે **'જ્ઞાનસ્થવિર'** કહેવાય... આવી રીતે ઘરડા સાધુને દૃષ્ટાંત અને સરળતાથી શાસ્ત્રના પદાર્થો સમજાવી ચારિત્રમાં ઉલ્લસિત કરી દેતા..."

એ જ રીતે નાના નાના મુનિઓને બોલાવી એને રમત ગમત કરાવતાં કરાવતાં 'પુષ્પમાળા' જેવા શાસ્ત્રના પદાર્થો શીખવાડી દેતા... વળી મોટા મોટા મુનિઓને ય વિશેષાવશ્યક જેવા મોટા ગ્રંથો દિવસ દરમ્યાન કરાવે-ભણાવે... રાતના મુનિઓ એનો સ્વાધ્યાય કરતા વચમાં ક્યાંય ભૂલે તો... પોતાના સ્થાનેથી ઊઠી ત્યાં આવી... 'જુઓ જુઓ આ રહી ગયું... આ આમ છે...' વગેરે સમજાવી સ્વાધ્યાયમાં ય પાવર ચઢાવી દેતા... શાસનપ્રભાવક થઈ શકે તેવા મુનિને તો વ્યાખ્યાન કઈ રીતે કરવું... કેવી ભાષા વાપરવી...કેવા દૃષ્ટાંત દેવા...

કેવા તર્ક ઉઠાવવા... કેમ પદાર્થ ખોલવા, ગોઠવવા... વગેરે સમજાવીને વ્યાખ્યાનમાં જતા પહેલા ૧૦/૧૫ મિનિટ જુદી જુદી રીત શીખવાડતા... ગુણાનંદસૂરિજી મહારાજ એટલે શાસ્ત્રના અધ્યયન કરવા-કરાવવામાં અને બીજાને કરાવી શકે તેવા તૈયાર કરવામાં 'રંગભૂમિ પરના પડદા પાછળના ડાયરેક્ટર જેવા...' અંતર્મુખી છતાં બહુર્મુખી,

શાસ્ત્રાધ્યાપનકુશળ આચાર્યશ્રીના બીજા પાસા પણ અવનવા હતા... સાધુતાના મૂળભૂત ગુણ 'ચરણસિત્તરી-કરણસિત્તરી-પગામસિજ્જાય'ના એક એક પદ... પક્ખીસૂત્રના એક એક પદ - 'પિંડ નિર્યુક્તિ' વગેરે દ્વારા ઘરડા મુનિને પણ જ્ઞાનમાં આગળ વધારતા. તો ક્ષયોપશમવાળા મુનિને નામાદિ નિક્ષેપા-નય-ભાંગા દ્વારા ખૂબ જ કઠીન ગ્રંથો પણ સરળ કરી ભણાવતા... તો આગમપિપાસુ મુનિઓને આગમના રહસ્યો એવા ખોલી દેતા... એટલી બધી ચાવીઓ દેખાડતા કે ભણનાર મુનિઓ ૭/૭-૮/૮ કલાક પાસે બેસી ભણ્યા કરે તો ન પોતે કંટાળે કે ન પૂ.આ આચાર્યશ્રી જરાય ખેદ-ગ્લાની કે કંટાળો અનુભવે. માંદગીના સમયે પણ ભણાવ્યા કરતા હતા, એટલો બધો એમને જ્ઞાનદાનનો રસ હતો. રત્નયત્રીની સુંદર આરાધના-પ્રભાવના કરી ગયેલ પૂ. આચાર્યદેવશ્રી વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ. ને લાખો વંદન !

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૭,અંક-૩૯,તા.૨૪-૬-૧૯૮૯

પૂ.સ્વ. આ. શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજનું સુખદ સંભારણું
(લે. મુનિ પદ્મસુંદર વિજય)

"પથ્થર પર પણ કમળ ઉગાડ્યું"

પરમપૂજ્ય વિદ્વાન આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ગુણાનંદસૂરીશ્વરજી મહારાજની વિદાયે જૈન શાસન તથા સમુદાયને ખરેખર મોટી ખોટ ઊભી કરી છે.

મારી દીક્ષા વખતે એઓશ્રીની ગણી પદવી થઈ હતી. મારી દીક્ષા બાદ પહેલા જ વર્ષે રાજપીપળાનાં જંગલના વિહારમાં પૂ.ગુરુદેવશ્રીને (મહારાજશ્રીને) પૂ.ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ મળ્યા... મળતાની સાથે જ તેઓની આંખમાંથી દડદડ આંસુ ચાલ્યા ગયા... હું નવો જ હતો તેથી મેં મારા ગુરુમહારાજને પૂછ્યું કે આમને આંખમાં આંસુ કેમ આવ્યા ? ત્યારે જવાબ મળ્યો કે પૂ.ગુરુદેશ્રી ઉપર તેઓને અનહદ પ્રેમ-સદ્ભાવ છે, તેઓ પૂજ્યશ્રીને છૂટા પડ્યા બાદ જ્યારે જ્યારે ભેગા થાય ત્યારે અવશ્ય આંસુ આવી જાય...

મારી દીક્ષાનું બીજું ચોમાસું અમલનેર હતું ત્યારે તેઓશ્રીનું ચોમાસું ધુળીયા ગામ (મહારાષ્ટ્ર)માં હતું... ચોમાસુ પૂર્ણ કરી તેઓશ્રી અમલનેર આવ્યા મહા સુદ ૧૩ ના ૨૬ દીક્ષા હોવાથી તેઓશ્રી સાથે મારે અમલનેરમાં રહેવાનું થયું... રોજ તેઓશ્રી મને જોયા કરે, અને એક વખત મને બોલાવ્યો ને કહે, "આમ આવ શું ભણે છે ?" મેં કહ્યું, 'જીવ વિચારની ગાથા કરું છું' મને કહે 'જો હું તને યોગશાસ્ત્ર ભણાવું.'... એમ કહી મને બેસાડ્યો "નમો દુર્વારરાગાદિ' વગેરે યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશની ૩ થી ૪ ગાથાનો અર્થ કરી મને સમજાવ્યો. પછી કહે, જોયું ? કેટલો સરળ અર્થ છે ?' બસ, આ જ એમની અધ્યયનમાં રસ જગાડવાની આગવી કળા હતી. પછી તો શું પૂછવાનું ? મને કહે 'હવે તું રોજ આવજે...' આમ પ્રેમથી-સહૃદયતાથી મને ભણાવવાનું શરૂ કર્યું. મને પણ ખૂબ જ મજા આવવા લાગી.

અમલનેરમાં એક સાથે ૨૬ દીક્ષાની પુર્ણાહૂતિ બાદ પૂ. ગુરુદેવશ્રીને મુંબઈ જવાનું નક્કી થયું... ત્યારે મને તેઓશ્રી આગળ અધ્યયન માટે મૂકતા ગયા...

ત્યારબાદ જ્યારે જ્યારે સમય મળે એટલે ઉત્સાહથી-ખંતથી મને ભણાવવા લાગ્યા. એમ કરતાં કરતાં ત્રણ મહિનાનો ગાળો પસાર થયો તેમાં તેઓશ્રીએ મને -યોગશાસ્ત્ર ૧ તથા ૪ પ્રકાશ અર્થ સાથે ભણાવ્યા અને લખાવ્યા... ચરણસિત્તરી તથા કરણસિત્તરી પણ કરાવ્યા અને લખાવ્યા... સામાયિક નિર્યુકિત તથા આવશ્યક નિર્યુક્તિ પણ ટુંકમાં કરાવ્યા... પગામ સજ્ઝાય પકખીસૂત્ર, ને અતિચારના અર્થ કરાવ્યા અને લખાવ્યા. આટલાથી કામ પૂરું થતું નહોતું, માટે રાત્રે મારો, રોજ પાઠ સાંભળે, તથા સવારે વહેલા ઉઠાડીને રોજ જે નવી ગાથા ગોખી હોય તેનું પુનરાવર્તન કરાવે... તે દરમ્યાન મને દિવસમાં ૫ થી ૬ કલાક ભણાવતા હતા.

પાછા એટલા જ પ્રેમાળ હતા. વાપરવા બેઠો હોઉં ત્યારે કહે કે 'મને કીધા વગર ઊભો નહિ થાતો... કંઈ પણ લાવવું હોય તો કહેજે.. જરાય સંકોચ ન રાખીશ' પંન્યાસ પદવીએ પહોંચેલા છતાં પણ નાનામાં નાના સાધુની ભક્તિ કરવાનો એટલો જ રસ હતો.

ત્યારપછી અમે માલેગામ ચોમાસું કર્યું ત્યાં પણ મને ધર્મસંગ્રહ-દશવૈકાલિકના ચાર અધ્યયન અર્થ સાથે કરાવ્યા અને લખાવ્યા.

આવા પૂજ્યશ્રીની આકસ્મિક ગેરહાજરીથી ખરેખર દિલ વ્યથિત થઈ જાય છે. નાનામાં નાના સાધુને... અભણમાં અભણ સાધુને સ્વાધ્યાય આદિમાં રસ લગાડી દેવાની તેઓશ્રીમાં આગવી કળા હતી...

અંતે તેઓશ્રીનો આત્મા જ્યાં પણ બિરાજમાન હોય ત્યાંથી મારા જેવા પર સતત કૃપાદૃષ્ટિ વરસાવતો રહે એ જ.' -મુનિ પદ્મસુંદરવિજયની વંદના...

● પૂજ્યપાદ ગુણાનંદસૂરીશ્વરજી મહારાજ આપશ્રી (પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.) પ્રત્યેના અતુટ સમર્પિત ભાવે તથા સ્વ-પર સમુદાયના મુનિઓને અધ્યયનાદિમાં રસ લેતા કરી દીધા એ ગણતરીએ તેઓશ્રી તો પોતાનું કામ સાધી ગયા.

જીવતી લાઈબ્રેરી જેવા સ્વ-પર સમુદાયમાં લોકપ્રિય બનેલા. જિનાગમ-જિનશાસન પર અવિહડજ નેહ ધરાવતા આપશ્રી પ્રત્યે પ્રચંડ બહુમાનભાવ ધરાવતા.

વિશેષાવશ્યકભાષ્ય-દશવૈકાલિક વગેરે ગ્રંથો તેઓશ્રીએ મને કરાવ્યા હતા. વ્યાખ્યાનની કલા પણ તેઓશ્રીએ મને શીખવી હતી. મારા પર તેઓશ્રીનો ખરેખર અનન્ય ઉપકાર હતો. આવા પુણ્યાત્માની વિદાયથી જૈન શાસને એક રત્ન ગુમાવ્યું છે.

- મુનિરાજશ્રી રત્નસુંદરવિજય

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૮,અંક-૧૩,તા.૧૬-૧૨-૧૯૮૯

વૈયાવચ્ચ, સહનશીલતા-વાત્સલ્યનો ત્રિવેણી સંગમ

લેખક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ.

રત્નપ્રસૂતા-મૂળીબેન

વિ.સં. ૨૦૪૫ આસો સુદ ૫ ના દીને છેલ્લા સોળ કલાક સતત નવકારની ધૂનનું શ્રવણ કરતા શ્રાદ્ધવર્યા, રત્નપ્રસૂતા મૂળીબા સ્વર્ગવાસને પામ્યા.

સંવત ૧૯૫૬ની જ્ઞાનપંચમીએ ખંભાતમાં વિશા ઓશવાળ જ્ઞાતીય દલપતભાઈ ખુશાલચંદ ઝવેરીના ધર્મપત્ની રતનબેનની કુક્ષિએ જન્મ પામી, મૂળીબેનને નાની ઉંમરમાં જ આવશ્યક ધર્મપ્રવૃત્તિ ચાલુ હતી. એમના એમની જ્ઞાતિના અંબાલાલભાઈ સાથે લગ્ન થયા પછી શોક્યની પુત્રી ચંપાબાઈને સ્વપુત્રીવત્ ઉછેરી અને સાસુની દિલ લગાવીને માતા સમાન ભક્તિ કરી. પતિની દીર્ઘ માંદગીમાં પણ સેવા કરી. પતિ તથા પોતે બંને બાળપણથી જ સુપાત્રદાનના અત્યંત પ્રેમી. પુત્રોને ધર્મ સંસ્કારી બનાવ્યા. એક પુત્ર હીરાલાને મોહથી દીક્ષા આપવાની ઇચ્છા નહીં છતાં તેને દીક્ષાની તીવ્ર ઇચ્છાના કારણે હૃદય કઠણ કરીને મહોત્સવપૂર્વક દીક્ષા આપી. ચારિત્રની ભાવનાવાળી પુત્રી વિજયાને પણ મોહથી પરણાવ્યા છતાં

એની બ્રહ્મચર્યમાં મક્કમતા તથા એના પતિની સંમતિ થતાં એને મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી. પુત્ર હીરાલાલને દીક્ષાના ત્રણ વર્ષ પૂર્વે સ્વેચ્છાથી જેની સાથે સગપણ કરેલ, તે સરસ્વતીબેને પણ દીક્ષા ગ્રહણ કરી.

પુત્ર હીરાલાલ મુનિ હેમચંદ્રવિજયજી બન્યા. પુત્રી વિજયા સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી બન્યા. પુત્ર વધુ સરસ્વતીબેન સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી બન્યા.

થોડા વર્ષ પછી પૌત્રી દિવ્યાની દીક્ષા ઉજમણા સાથે કરી સાધ્વી દિવ્યયશાશ્રીજી બનાવ્યા.

આ બધી દીક્ષાઓથી પાછળવાળાનું પુણ્ય કેવુંક વધી ગયું કે મૂળીબેનના ચાર પુત્રો પરોણીગરમાંથી ઝવેરાતના વેપારી થયા અને પ્રસિદ્ધ "બી.એ. શાહ એન્ડ બ્રધર્સ"ની ફર્મ સ્થાપી.

વૈયાવચ્ચ તેમના જીવનનો મહત્ત્વનો ગુણ : વર્ષોથી ખંભાતના દરેક ઉપાશ્રયોમાં બિરાજમાન સાધુ-સાધ્વીને ઔષધ દાનનો લાભ મૂળીબેન તરફતી લેવાય છે. આ સિવાય પણ જ્યારે જ્યારે એ ખંભાત જાય ત્યારે ત્યારે બધા ઉપાશ્રયે ફરીને સાધુ-સાધ્વીની ભક્તિ કરતા. એમ ખાનગી અને પ્રગટ સાધર્મિક ભક્તિ બહુ કરતા. આ ભક્તિ અને વૈયાવચ્ચનું ફળ તેમને આ લોકમાં જ એવું મળ્યું કે ૮૧ વર્ષની ઉંમર સુધી તો ખડે પગે વૈયાવચ્ચ કરી. માંદગી ક્યારેય આવી નહીં. એમના વૈયાવચ્ચ ગુણના કારણે, જ્યારે હસ્તગિરિમાં પોતે નિર્માણ કરાવેલ આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા પ્રસંગે ગયેલ, ત્યાં એમની તબિયત અસ્વસ્થ થતા, આખો દિવસ સેંકડો સાધુ-સાધ્વીઓ તેમને સમાધિ આપવા શાતા પૂછવા આવતા અને આરાધના કરાવવા લાગતા.

સહનશીલતા :- મૂળીબેનને આ ગુણ સારો સિદ્ધ થયેલો. સંગ્રહણીની ભયંકર બીમારીમાં પતિની રાતદિવસ સેવા કરતા. લાંબી બીમારીથી પતિની ઉગ્રતા પણ સહર્ષ સહન કરતા. પૂજ્ય ગુરુદેવ શ્રી ભાનુવિજયજી મ.સા. (હાલ પૂ. આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)ના પ્રવચનો સંવત ૨૦૦૬ શેષકાળમાં, ૨૦૦૭, ૨૦૦૮માં મુંબઈમાં સાંભળી સાંભળીને એવા ભાવિત બન્યા કે ત્યાર પછી ૩૮ વર્ષમાં એમના જીવનમાં કદી પણ ઉગ્રતાનો પ્રસંગ બન્યો નથી. કોઈએ પણ એમને ક્યારેય સામાન્ય ક્રોધમાં પણ જોયા નથી. સાથે સાથે માન-માયા-લોભ પણ એમના અત્યંત પાતળા પડી ગયેલા.

વર્ષોથી સચિત ત્યાગ, ઉભય ટંક પ્રતિક્રમણ, સામાયિક, જિનવાણી-શ્રવણ,

સ્વાધ્યાય, નવકાર જાપ, રાત્રિભોજન ત્યાગ વગેરે આરાધનાઓથી જીવન ઓતપ્રોત હતું. છેલ્લી માંદગીમાં પણ ક્યારેય રાત્રે દવા પણ લીધી નથી. ઊલટું ક્યારેક સૂર્યાસ્ત પૂર્વે રાત્રિનો ભ્રમ થતા ભોજનનો કે દવાનો નિષેધ કરતા. આ ઉપરાંત નવપદની ઓળીઓ, ત્રણે ઉપધાન તપ, ૭૮ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ, અનેકવાર શ્રી સીમંધરસ્વામીના અઠ્ઠમ તપો, પર્વતિથિએ એકાસણું, આયંબિલ, વર્ધમાન તપની ઓળીઓ વગેરે અનેક આરાધનાઓથી જીવન મઘમઘાયમાન હતું. ભારતભરના તીર્થોની યાત્રા તથા સિદ્ધગિરિ તીર્થમાં ચાતુર્માસ વગેરે આરાધનાઓ ઉપરાંત સુપુત્રો દ્વારા એમના હાથે લાખો રૂપિયાનાં સુકૃત થયાં.

પોતાના પતિની સ્મૃતિ નિમિત્તે તેમણે "સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ"ની સ્થાપના કરાવી એના અન્વયે નડિયાદ, વિરમગામ, હસ્તગિરિ, વિમલ સોસાયટી (મુંબઈ) વગેરે સ્થળે જિનમંદિરો કરાવ્યા. વિરમગામમાં ધર્મશાળા કરાવી. ત્રણ ઠેકાણે ઉપાશ્રયો કરાવ્યા. જિર્ણોદ્ધારનો લાભ લીધો, ખંભાતમાં લગભગ ૨૦૦ જિન પ્રતિમાઓનો અંજનશલાકા મહોત્સવ પુત્ર મુનિ તથા કુટુંબના સાધ્વીઓની પ્રેરણાથી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાદિ ૮૦ મુનિભગવંતોની નિશ્રામાં કરાવ્યો. પૂજ્ય આચાર્યભગવંતની ૧૦૮ મી ઓળીના પારણા પ્રસંગે મુંબઈમાં અનેક માસખમણો સિદ્ધિતપો વગેરે તપસ્યાઓ મુનિઓમાં થઈ તથા શ્રાવક શ્રાવિકાઓમાં છસો નવા પાયા તથા એક હજાર ઓળીઓ થઈ. ભવ્ય મહોત્સવનો લાભ પાંચ વ્યક્તિઓએ ભેગા થઈ લીધો. તેમાં મૂળીબેને પ્રથમ નામ લખાવ્યું. અનેક પુસ્તકો પણ પ્રકાશિત કરાવ્યા, લખાવ્યા, બીજા નાના નાના સંઘપૂજન, પૂજા, આંગીઓ, પ્રભાવનાઓ વગેરે અનેક સુકૃતો તો અગણિત કર્યા. આટલા બધા સુકૃતો છતાં મનમાં જરાય માન નહીં.

છેલ્લા વર્ષોથી કુટુંબ પરના મમત્વભાવને પણ ઉતારી દીધું. માત્ર આરાધનામાં જ લાગી ગયા. રોજ ચોવીશે કલાક આરાધનાની લગની, દિવસે જિનપૂજા, સામાયિક, વ્યાખ્યાન શ્રવણ આદિ તથા રાત્રે પ્રતિક્રમણ પછી જાપ વગેરે કરે.

બે વર્ષ પૂર્વે ૨૦૪૩ ના શ્રાવણ સુદ ૧૫ કરીને આવતાની સાથે લકવાનો હુમલો આવ્યો. જમણું અંગ ખોટું થઈ ગયું. સ્મરણશક્તિ પણ ચાલી ગઈ. તરત ઉપચાર લેવાતાં સ્મરણશક્તિ પુનઃ પ્રાપ્ત થતાં, સૌથી પહેલાં નવકારમંત્ર યાદ આવ્યો.

પુત્ર મુનિ પૂજ્ય હેમચંદ્રવિજયજી મહારાજના ગણિપદ, પંન્યાસપદ વખતે તેમણે સારો સુકૃત લાભ લીધેલો પણ તેમની એક મહેચ્છા પુત્ર મુનિનો આચાર્યપદના

મહોત્સવનો લાભ લેવાની હતી. અને પુત્ર મુનિને આચાર્ય થયેલા જોઈને જવાની હતી. પૂજ્ય ગુરુદેવને વિનંતી કરી. પૂજ્યશ્રીએ પણ તેમની ઈચ્છા તથા સંયોગોને પિછાણીને પૂજ્ય પં.હેમચંદ્રવિજય ગણિવર્યને આચાર્યપદ પર આરૂઢ કરવા આજ્ઞા ફરમાવી. ભાયખલા મુકામે ૨૦૪૪ના ફાગણ વદ ૩ મહોત્સવ યોજાયો. મૂળીબેને આમાં પણ ખૂબ સારો લાભ લીધો, આ પ્રસંગે લકવાગ્રસ્ત મૂળીબેનને ઠેલણ ગાડીમાં બેસાડીને લાવ્યા. ખૂબ ઉલ્લાસપૂર્વક આચાર્યપદ પ્રસંગ નિહાળી ભારે અનુમોદના કરી. સૂરિમંત્રની પ્રત વહોરાવવાનો તથા સૂરિમંત્ર પ્રદાનની વિનંતી કરવાનો લાભ પણ સારી ઉછામણીપૂર્વક લીધો, અને ઉલ્લાસપૂર્વક પુત્રના માથે સૂરિપદ પ્રસંગે વાસક્ષેપ નાખ્યો. પુણ્યાનુબંધી પુણ્યના સ્વામી એવા તેમની બધી જ પ્રશસ્ત ઈચ્છાઓ પાર પડી.

પુત્ર મુનિ, પુત્રી સાધ્વી વગેરે દૂર દૂરથી તેમને સમાધિ આપવા ઉગ્ર વિહાર કરી આવતા. પૂજ્ય હેમચંદ્ર વિજયજી મહારાજ એકવાર ગિરનારથી ઉગ્ર વિહાર કરીને તથા બીજી વાર નવાડીસાથી ઉગ્ર વિહાર કરી સંસારી માતાને સમાધિ આપવા આવ્યા હતા. મુંબઈમાં પણ તેમના ઘેર જઈ આરાધના કરાવતા.

આસો સુદ ૪ ના રાત્રે શ્વાસ ભયંકર ઉપડ્યો. સૌ ભેગા થઈ નવકારમંત્રની ધૂન સતત મચાવી. ૧૬ કલાક સતત નવકાર સાંભળતા સ્વર્ગવાસ પામ્યા.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૮,અંક-૨૧,તા.૧૭-૨-૧૯૯૦**

● **ડોળિયા (ગુજરાત) :** વર્ધમાનતપોનિધિ પૂ.પાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના તપસ્વી શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી ચન્દ્રસુંદરવિજયજી** મ. અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામતાં શાસન-સમુદાયને એક સ્થવીર તપસ્વી મુનિરાજની ખોટ પડી છે. એમના અંતિમ સંસ્કાર પ્રસંગે સાંજના આખું ગામ જમાડવા સહિતના દસ મુખ્ય લાભની બોલી એમના સંસારીપુત્ર સતીષભાઈ પરીખે લીધી. જેવી કે, અગ્નિસંસ્કાર, પાલખીમાં પધરાવવા, સવારે બપોરે જમણ, ચંદનપૂજા, જમણી બાંય ઉપાડવી, જીવદયા, માંડવી વગેરેની ડોળિયા જિનમંદિરની વંશપરંપરાગત ધજાનો ચડાવો પણ સતીષભાઈએ લઈ પિતા-મુનિની સ્વર્ગગમન ભૂમિમાં મંદિર પર દર વરસે ધજા ચડાવવા અર્થે પોતાના આગમનનું જાણે રિઝર્વેશન કરાવી લીધું.

● **મુંબઈ મુલુંડ :** પૂ. મુનિરાજશ્રી **નંદિવર્ધનવિજયજી** મ. રવિવાર મહા વદ-૮, તા. ૧૮-૨-૯૦ના બપોરે ૨-૫૫ કલાકે ચતુર્વિધ સંઘના મુખે નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા ૩૬ વર્ષની દીર્ઘ સંયમયાત્રા સાથે ૭૮ વર્ષની જીવનયાત્રાની પૂર્ણાહૂતિ કરીને અદ્‌ભુત સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

સંવત ૨૦૧૦ના મહા સુદ ૪ (૪૨ વર્ષની ઉંમરે) સ્વ. પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ ગુરુદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ (તે સમયે પ.પૂ. ભાનુવિજયજી મહારાજ) તથા સ્વ. પંન્યાસજીશ્રી પદ્મવિજયજી ગણિવર્ય (તે વખતે મુનિશ્રી પદ્મવિજયજી મહારાજ) આદિ વિશાળ મુનિગણની નિશ્રામાં દાદર મુકામે ઉલ્લાસપૂર્વક સંયમને ગ્રહણ કરી પૂજ્ય પદ્મવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી નંદિવર્ધનવિજયજી થયા.

દીક્ષા પૂર્વે ગૃહસ્થજીવન પણ ઘણું જ આરાધનામય હતું. વર્ષો પૂર્વે દાદરમાં કાપડની દુકાને બેસતા. ત્યારે ઉંદરને પકડવા આવનારને રૂા. ૫/- આપી ઉંદરને અભયદાન અપાવતા. જીવદયાનો ઉપયોગ તથા ધર્મની પરિણતિ ગૃહસ્થપણાથી સુંદર હતી. મોટાભાઈ તલકચંદભાઈ, જેઓ આદર્શ શ્રાવકજીવન જીવી ગયા. તેમના પ્રત્યે પણ ગૃહસ્થપણામાં ખૂબ વિનય જાળવતા.

ચારિત્ર લીધા પછી ગુરુદેવની નિશ્રામાં ગ્રહણ અને આસેવન શિક્ષા સારી રીતે લીધી. નિત્ય એકાસણા, ગુરુદેવોનો વિનય મુનિઓની વૈયાવચ્ચ અને સ્વાધ્યાયાદિમાં લીન રહેતા. સદા પ્રશાંતતા, લઘુતા, સરળતા અને નિર્લોભીપણાથી યુક્ત હતા. પાકી વયે દીક્ષા લઈને પણ તેમણે જ્ઞાન સારું પ્રાપ્ત કર્યું; સંસ્કૃત બે બુક, પ્રકરણો, કર્મગ્રંથ અને છેક આગમોના વાંચન સુધી પહોંચ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીની પાસે છેદસૂત્રોનું પણ વાચન કરી ગીતાર્થ જેવા બન્યા. અનેક સાધુ ભગવંતોની સમાધિમાં નિમિત્ત બનતા. વર્ષો સુધી ગુરુદેવની નિશ્રામાં એકાસણા કરતાં. છેલ્લા એક વર્ષ બાદ કરતાં જિંદગી સુધી પાંચમની આરાધના ગમે તેવા ઉગ્ર વિહારોમાં પણ કરવાનું ચુક્યા નથી. દેવગુરુ પ્રત્યેની ભક્તિ અથાગ હતી. હંમેશાં વિહરમાન શ્રી સીમંધરસ્વામી ભગવાનના ખોળામાં ભાવથી માથું મૂકી વંદન કરતાં. વીશ વિહરમાન જિનને પણ વારંવાર યાદ કરતાં. પ્રભુજીના દર્શન-વંદન વગેરે ભાવવિભોર બનીને કરતા. છેલ્લા પચીશ વર્ષથી મિષ્ટાન્ન, માવો, ફૂટ, સદંતર ત્યાગ હતા.

છેલ્લા ચૌદ વર્ષથી તેઓ પૂ.આ.શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.ની સાથે રહેતા હતા. નાના સાધુઓને પણ ખૂબ સારી રીતે સાચવતા, વાત્સલ્યપૂર્વક આરાધના કરાવતા.

છેલ્લા દોઢ વર્ષથી હાર્ટની બીમારી થઈ હતી. નસો બ્લોક થઈ ગઈ હતી. છતાં પણ દેરાસર સ્થંડિલ વગેરે ડૉક્ટરોની ના છતાં દાદર ઊતરી ચઢીને દેરાસર જતા, આવતા. મનોબળ ઘણું મક્કમ હતું. તેમનો સૌથી મહત્ત્વનો ગુણ એ હતો કે સેવા બધાની કરવાની. પણ લેવાની કોઈની પણ બને ત્યાં સુધી નહીં. છેલ્લા અઢી મહિનાથી પેટમાં લીવરની તકલીફ ઉપડી હતી. ખોરાકની રૂચિ ઓછી થવા માંડી અને પીડા વધતા સમભાવે સહન કરતા સમ્યક્ત્વ મહાવ્રતો વગેરે ઉચ્ચરીને, બધાને ખમાવી દીધા. આરાધનામાં લીન બની ગયા. ચતુઃશરણ સ્વીકાર દુષ્કૃતગર્હા સુકૃતાનુમોદના વગેરે વારંવાર કરતા દેવાધિદેવ સીમંધરસ્વામીના ખોળામાં ભાવથી માથું ઢાળી દેતા.

છેલ્લા પચ્ચીસેક દિવસથી ખોરાક તદ્દન બંધ થઈ ગયો. પ્રવાહી થોડુંક જ લેતા. છેલ્લા પાંચ દિવસથી પ્રવાહી પણ બંધ થઈ ગયું હતું, પણ સમતામાં લીન રહેતા ખૂબ સમાધિપૂર્વક આરાધના કરતા શનિવારે સવારથી બ્લડપ્રેસર 'લો' થયું, તથા નાડી પણ ઢીલી પડી. રવિવારે વધુ ને વધુ નરમ થયા, છતાં પ્રભુજી પધરાવી, દર્શન અંતિમ દિને ચૈત્યવંદન ભાવથી કર્યા; સમ્યક્ત્વ પુનઃ ઉચ્ચર્યું. કરેમિભંતે ઉચ્ચર્યું, તથા મહાવ્રતો પણ ખૂબ ઉપયોગપૂર્વક ઉચ્ચર્યા. મુલુડ સંઘમાં તથા બહાર ખબર પડતા અનેક શ્રાવકો આવી ગયા, અને ચતુર્વિધ સંઘે બપોરે નવકારની ધૂન ચાલુ કરી. ખૂબ ઉપયોગપૂર્વક સાંભળતા સાંભળતા, સામે જિનપ્રતિમાજી તથા વિવિધ તીર્થોના ફોટાના દર્શન કરતા કરતા "૨-૫૫" મિનિટે અદ્‌ભુત સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

સતત છેલ્લા ત્રણ વર્ષથી મુનિશ્રી અપરાજિતવિજયજી તેમની ખૂબ સુંદર સેવા કરી રહ્યા હતા. વિહારમાં પણ સાથે જ રહેતા. છેલ્લા એક મહિનાની માંદગીમાં મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી તથા મુનિશ્રી સંયમબોધિવિજયજીએ પણ સતત રાત-દિવસ ઉજાગરા કરી, સેવા કરી. અન્ય મુનિઓ પણ સતત સેવામાં લીન રહેતા.

શ્રી મુલુંડ શ્વે.મૂ. જૈન સંઘે શ્રી વર્ધમાન સંસ્કૃતિ ધામના યુવકોએ તેમની ખૂબ જ વૈયાવચ્ચ કરી. મુલુંડ ના ડૉ. જે.એમ. શાહ; ડૉ. એલ.આર. ચંદન, ડૉ. કીર્તિભાઈ પારેખ, ડૉ. કીર્તિભાઈ વોરાએ મહિનાથી નિઃસ્વાર્થપણે સતત સેવા

આપી છેલ્લા બે દિવસમાં ડૉ. એ.બી. વોરા તથા ડૉ. શાંતિભાઈ શાહે પણ સેવા આપી.

આચાર્યશ્રી વિજય હેમચન્દ્રસૂરિજીએ જિંદગી સુધી એમની સાર સંભાળ કરી અને છેલ્લા બે મહિના તો કાયમ એમની બાજુમાં બેસતા, સ્તવન-સજ્ઝાય સંભળાવતા. પીડા ભૂલાવી સમાધિમાં રાખવા અનેક રીતે પ્રયત્નશીલ રહેતા.

મુનિવરનું સંયમ-સમાધાનપ્રધાન જીવન કેવું કે છેલ્લે પણ એમને એ જ યાદ આવ્યા કર્યું એ નીચેની થોડી વિગતોથી જણાશે...

● શ્રી સીમંધરસ્વામીજીને વારંવાર યાદ કરતા અને કહેતા કે મારું શરીર જ અહીં છે મન તો મહાવિદેહમાં સીમંધરસ્વામીમાં છે.

● આચાર્યશ્રી વિજય હેમચંદ્રસૂરિજીનો ઉપકાર વારંવાર યાદ કરતાં અને ખોળામાં માથું રાખી રડી પડતાં ને કહેતા, "તમો મારા કેટલા ઉપકારી છો ?"

● માત્રું પરઠવ્યા બાદ પ્યાલો કપડાથી લૂછવાનું ખાસ યાદ રાખતા.

અંત સમયે પણ જ્યારે રૂના પૂમડાં મોંમા પાણીના ટીપાં પાડતા ત્યારે પછીથી પૂમડું નીચોવી નાખ્યું ને ? એમ ઉપયોગ આપતા જેથી એમાં સંમૂર્છિમ જીવ ઉત્પન્ન ન થાય. આવી એમની સંયમ અને જીવદયાની ભારે કાળજી હતી. અત્યંત અશક્તિમાં પણ રાત્રે માત્રું પરઠવવા બીજાને ઉઠાડતા નહિ. પોતે જ ધીરે ધીરે ટેકો દઈ દઈ પરઠવવા જતા.

શ્રાવક સંઘમાં પણ એમની સુવાસ સારી પ્રસરેલી તે સંઘમાં એમના સ્વાસ્થ્ય પ્રાપ્તિ અંગે ખૂબ સુંદર અભિગ્રહ લેવાયેલા, અને એમના જીવનના છેલ્લે દિવસે પણ ભવ્ય સ્નાત્ર મહોત્સવ અને સામુદાયિક આયંબિલ યોજાયેલ.

એમના જવાથી સંઘ-સમુદાયને એક ઉત્તમ શ્રમણ-રત્નની ખોટ પડી છે. એમનો આત્મા પરમશાંતિ પામો એ જ પરમકૃપાળુ અરિહંતદેવોને પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૩૮,અંક-૨૬,તા.૧૪-૪-૧૯૯૦**

● **અમદાવાદ :** પૂ. બાપજી મ.સા.ના સમુદાયના આચાર્ય વિજય ભદ્રંકસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન **પં. રવિપ્રભવિજયજી મ.સા.** ફાગણ વદ-નોમને બુધવારે પરમાત્માનું ચૈત્યવંદન કરતાં અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

નમસ્કાર મહામંત્રના આરાધક પંન્યાસજીનો જન્મ વિ.સં. ૧૯૮૬ના ફાગણ વદ ત્રીજના અમદાવાદ દોશીવાડાની પોળમાં સુશ્રાવક ત્રિકમભાઈ સવચંદના ધર્મપત્ની

હીરાબેનની કુક્ષીથી થયો હતો. જેમનું સંસારી નામ રજનીકાંત હતું. જન્મથી જ સારા સંસ્કારના કારણે રજનીકાંતને પ્રભુભક્તિમાં ખૂબ જ રસ હતો. વ્યાવહારિક શિક્ષણ મેટ્રીક સુધી લેવા છતાં તીવ્ર વૈરાગ્યના કારણે લગ્નના પ્રતિબંધથી બચી ગયા હતા. ઉત્તરોત્તર વૈરાગ્ય વધતાં પરમકૃપાળુ દાદાશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની કૃપાથી વિ.સં. ૨૦૧૧ના વૈશાખ સુદ સાતમે સંયમજીવન અંગીકાર કર્યું હતું. ૩૫ વર્ષના સંયમ જીવનમાં વિનય-વૈયાવચ્ચ અને નવકારમંત્રના જાપમાં તેઓ સતત રક્ત રહેતા હતા. સ્વભાવે અલ્પકષાયી અને વિનીત હોવાથી જીવનભર તેઓ સર્વને લોકપ્રિય બન્યા હતા. **"ગુર્વાજ્ઞા-પાલન"** એ તેમનો જીવનમંત્ર હતો. તેમની ઉત્કૃષ્ટ પાત્રતાને જોઈને વિ.સં. ૨૦૪૩ના કાતરક વદ પાંચમે તેમને ગણિ-પંન્યાસપદ આપવામાં આવ્યું હતું.

વિ.સં. ૨૦૪૪ના ભાદરવા વદ ચૌદસે હાર્ટ-એટેકનો પ્રથમ હુમલો થયો હતો. ડૉક્ટરોનો હૉસ્પિટલમાં દાખલ કરવાનો અત્યંત આગ્રહ હોવા છતાં પાપનો ભય તથા ગુરુભક્તિના કારણે હૉસ્પિટલમાં દાખલ થવાને બદલે તેમની ભાવના ગુરુચરણમાં દેહ છોડવાની હતી જેથી બધાએ નમતું મૂક્યું અને બીજા દિવસે તેમની શ્રદ્ધાએ તેમને આરોગ્યની ભેટ આપી. આવા હુમલા જુદી જુદી ત્રણ વખત આવ્યા આખરે હાર્ટ ઉપર અસર વધી અને છેલ્લે મહાવ્રતોના સ્વીકાર પૂર્વક બધું વોસિરાવી દીધું હતું. આયુષ્ય પૂર્ણ થતાં તેમનો આત્મા દેહપીંજર છોડીને પરલોક ચાલી જતાં શ્રી સંઘે તેમનો સંકલ્પ પૂર્ણ કરવાનું નક્કી કર્યું છે.

દરેક માંદગીની જેમ આ માંદગીમાં પણ તેમના યોગ અને ક્ષેમ કરવામાં ચીવટ પૂજ્યપાદ આ.ભગવંત વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ પણ તેમના આત્માની સમાધિ માટે સતત જાગ્રત રહી વારંવાર તેમને સમાધિમાં લીન કરતા હતા.

તેમના શિષ્ય મુનિશ્રી નરરત્નવિજયજી વગેરે અને છેલ્લા લગભગ ૧૫ દિવસથી પં. ચંદ્રશેખરવિજયજીના શિષ્યો મુનિશ્રી મેઘદર્શનવિજયજી આદિ સાધુઓ તથા શ્રી સંઘે સતત આરાધના કરાવી હતી.

તેઓની હયાતીમાં અનેક સાધુ સાધ્વીઓ તથા શ્રાવકોએ પુણ્યદાનરૂપે ગાથાનો સ્વાધ્યાય, મહામંત્રો, જાપ, ઉપવાસ, આયંબિલ, એકાસણાં, મૌન અને જીવ છોડાવવાનું વગેરે કહ્યું હતું.

એમના જવાથી શાસન-સંઘે એક ઉત્તમ આરાધક મહાત્મા ગુમાવ્યા છે. એમનો આત્મા પરમ શાંતિ પામો એ જ અરિહંત દેવોને પ્રાર્થના છે.

યશસ્વી સંઘસેવક, શ્રાદ્ધરત્ન શાસનનો મહાન સીતારો આથમી ગયો : શ્રી જેઠાભાઈ ઘીવાળા

(લેખક : કુમારપાળ વિ. શાહ)

શ્રદ્ધાંજલિ માટે નોંધ લેતા હાથ ધ્રૂજે છે. દિવ્યદર્શન ટ્રસ્ટ અને પત્રના ટ્રસ્ટી અને તંત્રી જિનશાસન સમુત્સુક શ્રાદ્ધરત્ન શ્રી જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળાનું ગત શ્રાવણ વદ ૧૧ રાત્રે ૧૦ વાગે મુંબઈ ખાતે અવસાન થયું. અવસાનના ૨૦ દિવસ પહેલાં મુંબઈ ખાતે પાલિતાણા સિદ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતાના વિકાસ માટે એમના નિવાસ સ્થાને હું, શ્રી કેશવલાલ મોતીલાલ, શ્રી દીપચંદભાઈ તાસવાળા, શ્રી ભાણાભાઈ અને શ્રી રાયચંદભાઈ દોશી મળ્યા હતા. ત્યારે આઠ દાયકા ઉપરાંતની જૈફ વય તથા બીમારી છતાંય એમની ઉછળતી છળકતી સંઘ સેવાની વાતો અને અનુભવો સાંભળવા મળ્યા. તેઓશ્રીએ કહેલું હવે હું પાલિતાણા કે મહેસાણા દોડીને જઈ શકવા શક્તિમાન તથા પથારીમાંથી ઊઠી શકતો નથી. તમો બધા આમ કરજો... આવું કરજો... અનેક બાબતોમાં દીર્ઘદૃષ્ટિ ભર્યું માર્ગદર્શન આપેલું. હમણાં જ મારા મધ્યપ્રદેશના પ્રવાસ દરમ્યાન સમાચાર મળ્યા શ્રી જેઠાભાઈનું અવસાન થયું છે મને મનોમન વિચાર આવ્યો અરે ! "કલ તો કહેતે થે બિસ્તર સે ઉઠા નહીં જાતા આજ દુનિયા સે ચલે જાને કી તાકાત આ ગઈ." શ્રી જેઠાભાઈ ઘીવાળા ગયા. એ ન ગમે એવી તો પણ હકીકત છે. ગયા છતાં રહ્યા છે. એ પણ હકીકત છે. એ રહ્યા છે. એમની કૃતિમાં અને આપણી અમારી સ્મૃતિમાં હવે અમે એમને હાલતા ચાલતા કે બોલતા નહિ જોઈ શકીએ. એમની વિદાય સાથે વિસામાનો વડલો ઢળી પડ્યો છતાં ય યશસ્વી સંઘસેવક સંનિષ્ઠ શ્રાવકરત્ન, વ્રતનિષ્ઠ શાસનના સિતારાનું તારીફ કરવા યોગ્ય જીવન યાદગાર રહેશે.

ગુજરાતના પાલજ (જી. મહેસાણા) ની ધરતી પર ૮ દાયકા પહેલાં જ્યારે આપશ્રીએ આ જીવનની પહેલી આંખ ખોલી ત્યારથી જ સંસ્કારી પિતાશ્રી ચુનીલાલ જુમખરામ તથા ધર્મ પરાયણ માતુશ્રી માણેકબેનનો સંસ્કાર વૈભવ મળ્યો હતો. સંસ્કાર વૈભવના વારસા સાથે મુંબઈ મહાનગરમાં વસીને આપબળે સાહસ સાથે સફળતાનાં અનેક સોપાન સર કર્યા. જીવનની ઢળતી સંધ્યા સુધી પાંચમા આરાના પડતા કાળમાં ચરમ તીર્થપતિ ભગવાન મહાવીર પ્રભુએ પ્રબોધેલ દેશવિરતી શ્રાવકધર્મનું અનુમોદનીય જીવન જીવી ગયા.

આત્મવૈભવને વધારનારાં અનેક સુકૃત્યોથી માનવજીવનને મઘમઘતું બનાવી સાચા અર્થમાં કુળ દીપક બન્યા હતા. રોજ અધ્યાત્મ વાણીનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ, પૂજ્ય ગુરુદેવોની સેવાભક્તિ, જૈનાચારનું પાલન, ત્રણ ત્રણ ઉપધાન તપ, વર્ધમાન તપની ૩૧ ઓળી, વરસી તપ, ચોસઠ પ્રહરી પૌષધ અને ૨૬, ૨૬ વર્ષ સુધી લગાતાર એકાસણા કરવાપૂર્વક સંઘસેવાનો વિસ્તાર વ્યાપક બનાવ્યો હતો. સ્વયંની આરાધનામાં જાગૃત રહેવાપૂર્વક વર્ધમાન તપ આયંબિલ ખાતું કુંભાર ટુકડા મુંબઈ અને પાલિતાણાને બધી જ રીતે સ્થિર અને સદ્ધર સંસ્થા બનાવ્યું. મહેસાણાની યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા અને પાલિતાણાનું શ્રાવિકાશ્રમ આપના અનુભવ ડહાપણ અને માર્ગદર્શનથી વિકસતાં રહ્યાં છે. શાંતિલાલ ખેતશી ટ્રસ્ટ, ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ પિંડવાડા, શ્રી લાલબાગ જૈન સંઘ સહિત શ્રી સંઘના સાતે ય ક્ષેત્રોમાં આપની નોંધપાત્ર સેવાઓ મળી છે. પરમપૂજ્ય ન્યાય વિશારદ આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ પ્રત્યે અનેરો અખૂટ શ્રદ્ધાભાવ હતો. ૩૭ વરસ પૂર્વે પૂજ્ય આચાર્યશ્રીની અધ્યાત્મવાણીનું પ્રકાશન દિવ્યદર્શન સાપ્તાહિકના માધ્યમથી શરૂ કરાવવાથી લઈને આજ સુધી એમનું માર્ગદર્શન અને સહકાર ખૂબ ખૂબ જ નોંધપાત્ર રહ્યો છે. એમના અવસાનથી અમારે મોટી ખોટ પડી છે. શ્રી જેઠાભાઈના સંસારીપણે કાકાની દીકરી બહેન સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ પૂજ્ય ગુરુદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને એમના અંતિમ સમાચાર આપતા પત્રમાં લખે છે કે ... અમે શ્રી જેઠાભાઈને માંગલિક અને અમૃતવેલની સજ્ઝાય સંભળાવી એમને આનંદ થઈ ગયો... એ રોગ પરિસહને ખૂબ સારી રીતે જીવતાં હતાં. એમની સમતા સમાધી અપૂર્વ હતી. એ સુકૃત અનુમોદના દુષ્કૃતગર્હા કરતાં હતાં. ચારિત્ર ન લેવાયું એનો એ ખૂબ જ પસ્તાવો કરતા હતાં. સ્વર્ગસ્થ પૂ. ગુરુદેવ આ. વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂ.આ. ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ અને આપના ઉપકારોને બહુ યાદ કરતા હતા. ખરેખર એમનું જીવન અનુમોદનીય હતું. શાસનનું કાંઈક ને કાંઈક કરી છૂટવાની એમની ભાવના જીવન પર્યન્ત રહી. ઘરે બેઠા બેઠા પણ બધાને આ સૂચવ્યા કરતાં જાણે પોતાને ખાત્રી થઈ ગઈ હતી તેથી એમ કહેતા કે મને અચૂક સમાધિ મરણ મળશે અને બન્યું પણ એવું જ કે ઘરેથી છેલ્લા ટાઈમે હૉસ્પિટલ જતાં 'અરિહંત અરિહંત' કરતા ગયા. કોઈની સાથે કાંઈ જ આડીઅવળી વાત કરી નથી. શાસન પામવાનો તેમના મુખ ઉપર આનંદ હંમેશ દેખાયા કરતો. હૉસ્પિટલમાં એડમીટ કર્યા પછી અડધો કલાકમાં જ અરિહંત અરિહંત... નમો અરિહંતાણંના રટણ સાથે છેલ્લી આંખ મીંચી દીધી. સરસ જીવન, સમાધી

મૃત્યુને પામ્યા...

વસમી વિદાયથી ખાસ કરીને શ્રમણોપાસિકા શ્રીમતી હીરાબેન જેઠાભાઈ તથા સમસ્ત ઘીવાળા પરિવારને અમો સમવેદના પાઠવીએ છીએ. પ્રભુ એમના આત્માને પરમ શાંતિ આપે એવી અંતરના ય અંતરથી પ્રાર્થના કરું છું...

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૩૯,અંક-૧૮,તા.૧૨-૧-૧૯૯૧

ધન્ય મહોત્સવ, ધન્ય મૃત્યુ

(પોષ સુદ ૬ને રવિવારે ત્રણ હજાર ઉપરાંત પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો અને દોઢ લાખથી પણ વધારે ભાવિકોની ઉપસ્થિતિપૂર્વક ખૂબ જ સરસ આયોજનપૂર્વક ગીરીરાજના અભિષેક મહામહોત્સવનું સાનંદ સમાપન થઈ ગયું હતું.

જે આ મહોત્સવના મુખ્ય કર્ણધાર શ્રાદ્ધરત્ન **શ્રી રજનીભાઈ મોહનલાલ ઝવેરી** હતા. તેઓશ્રીને ચાલુ વર્ષીતપની તપશ્ચર્યામાં અક્રમતપનો ત્રીજો ઉપવાસ હતો.

ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તનસે નીકલે,
ગીરીરાજ કી હો છાયા, મન મેં ન હો માયા.
તપ સે શુદ્ધ હો કાયા, પ્રભુ આદિ દેવ ઘટ હો,
ગુરુરાજ ભી નિકટ હો...

જબ પ્રાણ તન સે નીકલે... આ બધા જ યોગપૂર્વક એ રાત્રે આઠ કલાકે હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં નમસ્કાર મહામંત્રના શ્રવણ કરતા કરતા પાલિતાણા ખાતે રાત્રે આઠ કલાકે નશ્વર દેહ છોડી દીધો હતો. ધન્ય મહોત્સવ, ધન્ય મૃત્યુ, આ સમાચાર પરમપૂજ્ય આચાર્યશ્રીને દક્ષિણ ભારતના ઈરોડનગરે મળતાં પૂજ્યશ્રીએ શ્રાદ્ધરત્ન શ્રી રજનીભાઈના ધર્મપત્ની શ્રીમતી હંસાબેનને લખેલ પત્ર આપણા સૌ માટે પણ પ્રેરક અને બોધક હોવાથી નમ્રતાપૂર્વક અત્રે રજૂ કરીએ છીએ.

લિ. તંત્રી કુમારપાળ વિ. શાહ)

દેવગુરુભક્તિકારક ધર્મપ્રેમી સુશ્રાવિકારત્ન હંસાબેન જોગ, ધર્મલાભ.

અહીં તો આજે જ મહાદુઃખદ સમાચાર મળતાં ભારે આઘાત લાગ્યો. તો તમારા દિલને કેટલું પારાવાર દુઃખ હોય એ સમજી શકાય એવું છે. પરંતુ આ દુઃખને આપણા સ્વાર્થભંગનું દુઃખ ન બનાવતાં શાસન-સંઘને એક અનેરા શ્રાવકરત્નની, એક દાનવીરની, મહાન ખોટ પડી એનું દુઃખ બનાવજો. પેલા

દુઃખમાં આર્તધ્યાન છે, ત્યારે આ દુઃખમાં શાસન-સંઘ પ્રત્યે આપણી ખૂબ પ્રેમ-લાગણીભરી વ્યથા છે. જન્મેલા કોને મરવાનું નથી હોતું ? વહેલું કે મોડું, સૌને મરવું તો પડે જ છે.

કિન્તુ આમાં તો જાણે એવું થયું કે "છેલ્લા ૫૦૦-૬૦૦ વર્ષમાં ન થયું હોય એવું શ્રી શત્રુંજય-અભિષેકનું અતિ મહાન સુકૃત તમે કર્યું, હવે તમે ઉપર દેવલોકમાં એવું જ કોક અદ્‌ભુત સુકૃત કરવા આવી જાઓ." એમ મહાન નરવીર રજનીભાઈને જાણે સ્વર્ગમાંથી કોલ મળ્યો ! તે ગાડી ત્યાં ઉપાડી, પરંતુ વિધાતા કાં તો કેવો ક્રૂર કે એને ઉપાડી લેવા માટે કોઈ પાષાણ ન મળ્યો. તે આવા ચિંતામણિરત્નને ઉપાડ્યા ! અથવા વિધાતા કેવો અજ્ઞાન કે એ ન જોયું કે 'આ નરબંકાને હાથે હજી ય કેવા કેવા મહાન સુકૃત થાત જેની સંઘ અને શાસનની ખાસ જરૂર હતી !'

પરંતુ બેન હંસા ! તું એટલું ધ્યાન રાખજે કે તું કોણ છે ? મહાવીર ભગવાનની શ્રાવિકા, મહાન શ્રાવિકા ! બીજી પામર શ્રાવિકાઓ રુદન-કલ્પાંત કરે એમ તારે કરવો શોભે નહિ. તારે તો ક્ષત્રિયાણી યુદ્ધમાં ખપી ગયેલા પતિને ભાવાંજલિ આપે એમ ભાવાંજલિ આપવાની હોય. તને આશ્વાસન આપવા આવનારને તારે આશ્વાસન આપવાનું હોય કે રડો છો શાના ? લાખો-કરોડોમાં માત્ર એક મળે એવા એ યુગપુરુષ જીવનમાં અનેકાનેક અદ્‌ભુત સુકૃતો કરી ગયા. એ કરવા ઉપર આજે શિખરતુલ્ય શત્રુંજયના અભિષેકનું અભૂતપૂર્વ સુકૃત કરી શાસનની અતિ ભવ્ય શાન બઢાવી ગયા. ખરેખર શિખર ઉપરના આ સુકૃતની તો કલ્પના જ ન આવે. આવા સિદ્ધાચલ-અભિષેકનો વિચાર પણ ક્યાંથી આવે ? અશક્ય જેવું શક્ય કરનાર આવા જિનશાસનના વિરલ શ્રાવક શોધ્યા ક્યાં મળે ?

એમાં ય વિશેષતા તો એ થઈ કે એમના પાયાથી માંડી ટોપ સુધીના સુકૃતોમાં એમણે તમને સાથે રાખ્યા, અને તમે પણ એક સુયોગ્ય ધર્મપત્નીની અદાથી બધે એમને સહયોગ આપ્યો. ભલે આજે એ સ્થૂલ પાર્થિવ દેહથી અહીં વિદ્યમાન નથી, પરંતુ નિર્મળ યશરૂપી દેહથી માત્ર આજે નહિ, સેંકડો-હજારો વર્ષ સુધી જીવંત રહેવાના છે.

કદાચ આપણને એમ લાગે કે 'આવા ઉત્તમ પુરુષ આમ એકાએક ઉપડી જાય એથી હૈયાને ધક્કો ન લાગે ?' પરંતુ લગાડીને શું કરવાનું ? શું એથી આપણે એમને જીવન આપી શકીએ છીએ ? ના, તો એવા આપણા આઘાતથી એમને શો લાભ ? શાસ્ત્ર તો એમ કહે છે કે મરનાર જો પાછળનું વોસિરાવ્યા વિના મર્યા હોય અને પાછળવાળા શોક કરે તો એ શોકનું પાપ મરનારને લાગે છે. તો આપણે શોક કરીને એમને શો લાભ આપ્યો ? ત્યારે આપણને પણ શો લાભ ?

શોકથી પાપબંધ લાગે.

ઊલટું અત્યારે તો એમના અદ્‌ભુત જીવનસુકૃતોની ભરચક અનુમોદના કરવાનો અવસર છે, તે શોકથી ગુમાવવાનો થાય છે. મન એક જ વખતે એક જ કામ કરે છે, કાં શોક, કાં અનુમોદના. રણમેદાનમાં વિજયની વરમાળ પહેરીને ખપી જનાર ક્ષત્રિયનો ક્ષત્રિયાણી અને બીજાઓ શોક નહિ પણ વિજયના સુકૃતની અનુમોદના કરે છે, ધન્યવાદ આપે છે,- 'અહો ! ધન્ય છે એમને કે નાશવંત જીવનમાં આવાં અદ્‌ભુત સુકૃતો સાધી ગયા !'

બાકી એકાએક જવાનું આ જગતમાં નવું નથી. સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો દેવતાના પ્રકોપમાં એકીકલમે બળી મર્યા અને પિતા સગરે મન વાળ્યું કે 'ચિંતા નહિ, અષ્ટાપદ મહાતીર્થની રક્ષાનું ગજબનાક સુકૃત કમાઈ ગયા ! આ જગતમાં મોતની નવાઈ નથી, સુકૃતની નવાઈ છે.' માટે આપણે મનમાં એમનું મૃત્યુ નહિ લાવવાનું કિન્તુ એમનાં અદ્‌ભુત સુકૃતો મનમાં લાવવાના.

બાકી, જો ખબર છે કે ઉદય પામેલો સૂર્ય સાંજે અસ્ત પામે જ, તો એના અસ્ત ઉપર રોવા કોણ બેસે છે કે 'હાય ! સૂર્ય આથમી ગયો ?' ઊલટું એની પ્રશંસા થાય છે કે સૂર્યે જગત પર પ્રકાશ અને તાપ પાથરીને કેટલો બધો ઉપકાર કર્યો ! એમ અહીં મહાન પુણ્યવાન રજનીભાઈએ જીવનમાં અદ્‌ભુત સુકૃતો કરીને હજારો ભવ્ય જીવો પર એ કેટલો બધો ઉપકાર કરી ગયા !! એજ જોવાનું હોય.

સાથે, એક વસ્તુ મુખ્ય ભુલતા નહિ કે એમણે અકાળે ચાલી જઈને આપણને ચેતવ્યા છે કે 'જુઓ જીવન ક્ષણભંગુર છે, આ મારે એકાએક ચાલવાનું થયું. એમ તમારે પણ યમરાજની વિના - નોટિસ ચાલવાનું થવાનું છે, માટે મારે તો પુણ્ય કમી પડ્યું એટલે હવે આ સુકૃતો કરવાનો અવસર ગયો, પરંતુ તમે જીવંત છો એટલે તમારે પુણ્ય પહોંચે છે તો વધુ ને વધુ સુકૃતો કરવાનો અવસર હજી તમારા હાથમાં છે, તો બને તેટલા સુકૃતો અને ધર્મસાધનાઓ કરતા જ રહેજો, તો જીવ્યું લેખે લાગશે, અને અંતકાળે એનું જ આશ્વાસન રહેશે કે 'ચાલો, સધાય એટલું સાધી લીધું છે, ફિકર નથી.'

જિનશાસન આપણને આ શીખવે છે માટે સાધી લેવા હવે સાવધાન બની જાઓ. મહાન આત્મા રજનીભાઈને ઝુંટવી લઈને કર્મસત્તાએ આપણને એક તમાચ લગાડી, પરંતુ હવે એ આપણું મહા કિંમતી જીવન ઝુંટવી લેવાની બીજી તમાચ લગાડે એ પહેલાં, બળતા ઘરમાંથી જેમ ઝવેરાત કાઢી લેવાય એમ જીવનમાંથી સુકૃતો અને સાધનારૂપી ઝવેરાત કઢાય એટલા કાઢી લો. અને સાથે કર્મને પડકાર કરો કે "તેં મને અનંતીવાર તમાચો લગાડી, પરંતુ હવે હું તને પ્રભુશાસનના વ્રત-

નિયમ, ત્યાગ-તપસ્યા, જિનભક્તિ-નવકાર આરાધના વગેરેથી, યાવત્ સંયમથી તમાચે તમાચ લગાડીશ.'' મહાસતી સીતાજીએ દિવ્ય કર્યા પછી રામને આ કહેલું, ને આજ કરેલું. એ જ, અરિહંતમાં સમર્પિત થઈ અરિહંત બની જાઓ એ જ શુભાશિષ.

''દિવ્ય-દર્શન'' - **''શ્રદ્ધાંજલિ''** વર્ષ-૩૯,અંક-૪૩,તા.૨૭-૭-૧૯૯૧

સ્વ. મુનિરાજશ્રી વિશ્વરત્નવિજયજીની અનુમોદનીય જીવન ઝલક

(આ. શ્રી વિજય ગુણરત્નસૂરિજી)

(૧) **વિશિષ્ટ આરાધક :** તેઓ માંડવલા (જિલા જાલોર)માં સંવત ૧૯૮૬ જેઠ વદ ૩૦ તારીખ ૨૪-૫-'૩૩ના દિવસે જન્મ્યા હતા અને ૩૨ વર્ષ સુધી બાલબ્રહ્મચારી રહી પરમ પૂજ્યપાદ-પ્રગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે ૩૨ વર્ષની ભરયુવાનીમાં સં. ૨૦૨૧ના માગસર સુદ ૧૦ તા. ૧૪-૧૨-'૬૪ ડીસામાં દીક્ષા ગ્રહણ કરી હતી. વ્યાખ્યાન વગેરેની ઝંખનાથી વિમુક્ત બનવાના અને ગુરુસમર્પણભાવ કેળવવાનો પૂજ્યપાદશ્રીનો ગુણ તેમને જાણે વારસામાં આત્મસાત્ કર્યો હતો. ૨૬ વર્ષના લાંબા દીક્ષા પર્યાયમાં કોઈ દિવસ સ્વતંત્ર જુદા રહેવાનો વિચાર પણ કર્યો નથી. ગમે તેવા અઠ્ઠાઈ અઠ્ઠમ વગેરે તપમાં પણ હંમેશાં સાથે જ રહેવાનો આગ્રહ રાખ્યો છે. દા.ત. શિવગંજ-શત્રુંજય તીર્થના છરી પાલક સંઘમાં સાથે રહી અઠ્ઠાઈ કરીને વિહાર પણ કર્યો. હમણાં જ એક મહિના પહેલાં અઠ્ઠમ કરીને ૩ દિવસમાં ૭૦ કિલોમીટરનો વિહાર મારી સાથે વિહાર કરીને પારણું કર્યું હતું. મેં તેમને થોડા સાધુઓ સાથે પાછળ રહેવાનું જણાવ્યું, છતાં સમર્પણભાવથી કરેલ સંકલ્પ પ્રમાણે સાથે જ વિહાર કર્યો હતો.

(૨) **પ્રભુભક્તિ :** એક વખત વિહારમાં ૩૫ કિલોમીટર સુધી દેરાસર નહોતું આવતું, તેથી એક સાથે ૩૫ કિલોમીટર વિહાર કરીને પ્રભુના દર્શન કરી બપોરે ૩ વાગે એકાસણું કર્યું. ઉનાળામાં ગમે તેવો વિહાર હોય, પણ દર્શન કર્યા વગર પાણી પણ વાપરવું નહિ, એવો તેમનો દૃઢ સંકલ્પ હતો. તીર્થમાં કે અન્યત્ર દેરાસરમાં શાંતિ દેખાય, ત્યારે એકલા જ કેટલાય સમય સુધી નવા નવા સ્તવનો લલકારી મસ્તીનો અનુભવ કરતા હતા. જાણે પ્રભુ સાથે વાતો ન કરતા હોય ? કેટલીક વખત તો ઉપાશ્રયમાં પણ રાત્રે પ્રભુભક્તિના સ્તવનો, ચોસઠ પ્રકારી પૂજાની ઢાળો પંચકલ્યાણક પૂજાની ઢાળો ગાતાં ગાતાં લયલીન થઈ જતા હોય.

પર્વતિથિએ કેટલીક વખત આજુબાજુમાં ૧૦-૧૫ કિલોમીટર દેરાસરના દર્શન કરવા જતા. કેટલીક વખત ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ પણ કરતા હતા.

(૩) **સમ્યગ્જ્ઞાન :** ગમે તેટલો લાંબો વિહાર હોય, છતાં શાસ્ત્રવાચન ચાલુ જ રાખતા અથવા પોતાની પાસે નોટ કરેલા પદાર્થોનું વાંચન-મનન કરતા જ રહેતા. કેટલીક વખત રાત્રે પણ ૨-૩ વાગ્યા સુધી ઊભા ઊભા સ્વાધ્યાય કરતા જોયા છે, ૧ લાખ ૧૧/૪ લાખનો જાપ ઊભા ઊભા કરતા જોયા છે. લગભગ ૪૫ આગમોનું વાંચન કરીને કોઈ કોઈ છેદ ગ્રંથની નોંધ પણ કરી છે. શિલ્પ અને જ્યોતિષના ગ્રંથોનો અભ્યાસ બહુ સારો કર્યો હતો, તેથી મને અને બીજા અનેકને અવસરે અવસરે સહાયભૂત બન્યા છે. ગમે ત્યારે પ્રકરણ, કર્મગ્રંથ આગમ કે જ્યોતિષના પ્રશ્નોનાં જવાબ તરત આપી દેતા હતા.

(૪) **વિશુદ્ધ સંયમ સાધના :** ૧૨ મહિનામાં સાબુથી ફક્ત એક જ વસ્ત્ર પ્રક્ષાલન કરતા હતા. અરે ! વૈશાખ જેઠ મહિનામાં તો રાજસ્થાની ગરમીથી પસીનાના કારણે ચોલપટ્ટો ચામડા જેવો થઈ જતો હતો, છતાં મલપરિષહ સહન કરતા હતા. નિર્દોષ આહાર અને વસ્ત્રના ખપી આત્મા હોવાથી કેટલીક વખત શ્રાવકોની વિનંતીથી વપરાયેલ ખેસ, ધોતિયા અને શાલનો ધર્મલાભ આપી વસ્ત્ર નિર્વાહ કરતા હતા. કોઈ ઠેકાણે જૈનોના ઘર ઓછા હોય, તો જૈનેતરમાં નિર્દોષ ગોચરી લેવા ઉત્સાહથી જતા. અરે નિર્દોષ ગોચરી માટે ૨-૨ કિલોમીટર પણ જતા હતા. ૬ જુને તબીયત સીરિયસ હોવાથી એક શ્રાવક દ્વારા ઉપાશ્રયમાં લાવેલ અભ્યાહૃત દોષવાળું ઈલોક્ટ્રોલનું પાણી પણ વાપર્યું નહિ.

તપસાધના : જ્ઞાન સાથે તપ પણ તેમનો અજોડ હતો. એટલે કે ૨૬ વર્ષના દીક્ષા પર્યાયમાં ૩૧ વાર અઠ્ઠાઈ અને તેની ઉપરના મોટા પચ્ચક્ખાણ કર્યા હતા. તેમાં અઠ્ઠાઈ ૧૮ વાર, ૬ ઉપવાસ ૨ વાર, ૧૧ ઉપવાસ ૩ વાર, ૧૫ ઉપવાસ ૨ વાર, ૧૬ ઉપવાસ ૧ વાર, ૨૦ ઉપવાસ ૨ વાર, ૨૧ ઉપવાસ ૧ વાર, ૨૫ ઉપવાસ ૧ વાર, માસક્ષમણ ૧ વાર, ચત્તારિ અઠ્ઠ દશ દોય, સિદ્ધિતપ, શ્રેણિતપ, વર્ષીતપ, ધર્મચક્ર તપ વર્તમાન ચોવીશી ૨૪ તીર્થંકરોના મોક્ષકલ્યાણની અઠ્ઠમની આરાધના ચાલતી હતી. નવપદજીની એક ધાન્યની ૧૮ ઓળીઓ, બીજી સામાન્ય ૧૮ ઓળી તથા વર્ધમાન તપની ૪૬ ઓળીઓ કરી હતી.

(૫) **ત્યાગની સાધના :** તપની સાથે ત્યાગ પણ અદ્ભૂત હતો, જાવજ્જીવ સુધી કેળા સિવાયના બધા ફળનો ત્યાગ, ગોળ, દહીં, જલેબી, ગુલાબજાંબુ, લાડવા વગેરે મીઠાઈનો ત્યાગ કર્યો હતો. ઘરકામ કરીને નિવૃત્ત થયેલી કુંવારી કન્યા અમુક

વહોરાવે, તો વાપરવું વગેરે તેમના ઘણા અભિગ્રહો પૂર્ણ થયા હતા. તેથી કેટલાક મુનિઓ તેમને લબ્ધિધારી મુનિ કહેતા હતા. ગોચરીમાં કોઈને આવશ્યક વસ્તુ ન મળી હોય, તો તેઓ લેવા જતા તો તેમને મળી જતી. તેથી લબ્ધિધર પદ સાર્થક બની જતું. જ્યારે તપ કરતા, ત્યારે તે પૂર્વે તૈયારી કરવાની નહિ, કે પાછળ રેલમછેલનો વિચાર પણ ન કરવો, એ એમની ખાસીયત હતી.

(૬) **સહિષ્ણુતા :** અઠ્ઠાઈ વગેરે મોટા તપમાં પણ બિલકુલ બીજાની સેવા લેતા નહોતા. પડિલેહણ વગેરે જાતે કરવાની અને શરીર દબાવવા વગેરેનો નિષેધ એવો અભિગ્રહ લઈને પ્રાયઃ તપ કરતા હતા. તપમાં પણ દિવસે સુવાનું નહિ, સ્વાધ્યાય કરવાનો અને પારણામાં અભિગ્રહ લઈ સ્વયં ગોચરી જતા.

ગમે તેવી તબીયતમાં પણ દવા લેવાનું ટાળતા હતા. વાપરવાના આહારમાં ફેરફાર કરી દવા લેવાનું માંડી વાળતા હતા.

૨૬ વર્ષના મોટા પર્યાયમાં ૧૦-૧૨ જુવાન સાધુઓ સાથે હોવાથી તેમને ગોચરી જવાની ના પાડતા, છતાં ગોચરી જવાનો આગ્રહ રાખતા અને જતા હતા. હું બીજાની સેવા શા માટે લઉં ? વિહારમાં સૌથી મોટું આસન ઉપાડવાનો આગ્રહ રાખતા હતા, બીજા જુવાન મુનિઓ ના કહે છતાં કહેતા કે "શું મારે ભક્તિ નથી કરવી ? તમે બીજા આસન વગેરે ઉપાડો. હું તમને ક્યાં ના કહું છું ?"

(૭) **નિઃસ્પૃહતા :** મારા પૂ. પ્રગુરુદેવશ્રી આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા., સિદ્ધાન્ત દિવાકર પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા., મારા પૂજ્ય ગુરુદેવશ્રીની તથા મારી ઘણા વખતથી પ્રેરણા હતી કે તમારા કરતાં નાના મુનિઓની ગણિપદવી થઈ ગઈ છે, તેથી તમે ગણિપદવી સ્વીકારી લો. ત્યારે સ્પષ્ટ ઈન્કાર જ કરતા હતા અને છેવટ સુધી એ નિઃસ્પૃહશિરોમણી મુનિએ પદવીની વાત ન જ સ્વીકારી. એવી જ રીતે અનેક આત્માઓને સંયમ લેવામાં સ્થિર કર્યા છતાં પોતાના શિષ્ય ન બનાવ્યા. આગમોનું જ્ઞાન હોવા છતાં વ્યાખ્યાન આપીને બહાર જાહેરમાં આવવાની તેમની અનીચ્છા તેમની નિઃસ્પૃહતામાં ચાર ચાંદ લગાવી દે છે. ચૌમાસી પર્વ વગેરેના વ્યાખ્યાનો શ્રાવકો ઉપયોગી હોવા છતાં આગમના જાણકાર પણ તેઓ પર્વ પ્રત્યેના બહુમાનથી નિઃસંકોચ ભાવે સાંભળતા હતા.

(૮) **આધ્યાત્મિકતા :** બાહ્યભાવથી બિલકુલ નિવૃત્ત હતા. ટીપટોપ રહેવું કે ઉત્સવ મહોત્સવમાં રસ લેવો વગેરેથી નિર્લેપ રહેતા હતા. આત્મચિંતનમાં મશગૂલ રહેતા હતાં. ૫૦ વર્ષ સંયમ પર્યાયવાળા એક મુનિરાજશ્રી એમને કહ્યું કે

"આજ એમના જેવો આધ્યાત્મિક આત્મા જોવામાં આવતો નથી."

એમનો આત્મા પરમ શાંતિને પામો એ જ અરિહંતપ્રભુને પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૦,અંક-૨,તા.૨૧-૯-૧૯૯૧

• **માલેગાંવ :** પૂ.લબ્ધિસૂરીશ્વરજી મ.ના સમુદાયના વિદૂષી **સાધ્વી શ્રી હંસાશ્રીજી** અત્રે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. કાયા અનેક રોગોથી ઘેરાયેલી છતાં એ સમતાના ભંડારના મુખ ઉપર હરહંમેશ પ્રસન્નતા રહેતી, આરાધનામાં ઓતપ્રોત રહેતા. હેમરેજનો જોરદાર એટેક આવ્યો, નવકાર મંત્રની ધૂન જોરદાર ચાલતી હતી. નાડીના ધબકારા બંધ થઈ ગયા હતા ત્યાં ચમત્કાર સર્જાયો જાણે ગયેલ પ્રાણ ફરી આવ્યા. અનેકોએ સુકૃતપ્રદાન કર્યું. નવકારમંત્ર સાંભળતા અને સિદ્ધગીરિરાજનું સ્મરણ કરતાં પાર્થિવ દેહનો ત્યાગ કરી દિવ્યદેહધારી બન્યા. એમણે જીવન જીવી જાણ્યું અને મૃત્યુને મહોત્સવરૂપ બનાવ્યું. માલેગાંવના સેવાભાવી ડૉક્ટરો તથા સકલ સંઘના ભાઈ-બહેનોએ સેવા સારી કરી. એમના જવાથી શાસનને એક શ્રમણીરત્નની ખોટ પડી છે. 'એમના આત્માને પરમ શાંતિ મળો' એ જ પરમતારક અરિહંતદેવોને નમસ્કાર સહ પ્રાર્થના છે.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૦,અંક-૧૪,તા.૪-૧-૧૯૯૨

એક મહાન આત્માની વિદાય

"ફૂલ કરમાય છે પણ... ખુશ્બુ મૂકી જાય છે.
જનારા ચાલ્યા જાય છે. પણ... એમની યાદો રહી જાય છે..."

મદ્રાસ : કારતક વદ-૧૪ તારીખ ૫-૧૨-૯૧ ના સવારે કાળની ક્રૂર લીલાઓના અધ્યાયમાં એક વધુ કાળું પૃષ્ઠ જોડાઈ ગયું...

પૂજ્ય સાધ્વીશ્રી **હેમરત્નાશ્રીજી** પર કાળે પોતાની ક્રૂરતા અજમાવી જૈનશાસનની એક મહાન સાધ્વીને ઝૂંટવી લેતાં એને જરાપણ શરમ ન આવી.

"માનવ વિચારે છે શું ? અને થાય છે શું ?"

પોતાની શિષ્યા (સંસારી લઘુ ભગિની) સા. સંવેગનિધિશ્રીને ડોક પર થયેલ ગાંઠનું ઓપરેશન તારીખ ૩-૧૨-૯૧ ના સાંજે થયું... પૂ. સાધ્વીજી શ્રી

હેમરત્નાશ્રીજી એમની સાથે હૉસ્પિટલમાં રહ્યા હતાં... તા. ૫ ડિસેમ્બરે સવારે હૉસ્પિટલથી પાછા વળતાં રેલવે પાટા પર પૂરજોશમાં ચાલતી ટ્રેનના અવાજથી ગભરાઈને સા. હેમરત્નાશ્રીજી ત્યાં પડી ગયાં અને પથ્થરની સાથે માથું અથડાતા બ્રેનહેમરેજ થઈ ગયું. સા. સંવેગનિધિશ્રીજીના મુખે નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં ઘડી બે ઘડીમાં તો તેમનું પ્રાણ પંખેરું ઊડી ગયું...

આ હૃદયવિદારક ઘટનાના સમાચાર સાંભળતાં જ અત્રે બિરાજમાન પરમપૂજ્ય પંન્યાસજી શ્રી વિમલસેન વિજયજી મ.સા. આદિ મુનિ ભગવંતો તેમજ સાધ્વીજી શ્રી અનંતકીર્તિશ્રીજી આદિ ઘટનાસ્થળ પર આવી પહોંચ્યા... કોઈને પણ આ ઘટના માનવામાં ન આવતી હતી કે આ શું આપણે સત્ય જોઈ રહ્યાં છીએ !!!? બધાના મુખમાં એક જ સવાલ હતો કે શું આ કાળ આટલો ક્રૂર અને નિર્દય પણ હોઈ શકે છે ! કે આવા મહાન સાધ્વીરત્નને અકાળે પોતાનો કોળિયો બનાવી લે...! સહવર્તી સાધ્વીજી ભગવંત જ નહીં, પરંતુ સંપૂર્ણ મદ્રાસ જૈનસંઘ શોકસાગરમાં ડૂબી ગયો હતો... કોણ કોને આશ્વાસન આપે !? કિન્તુ આ હકીકતને સ્વીકાર્યે જ છૂટકો હતો...

સાંજે ૪ વાગે દિવંગત સાધ્વીજીશ્રીનો પાર્થિવ દેહ આરાધનાભવનમાં લાવવામાં આવ્યો... દર્શનાર્થીઓની તો જાણે લાઈન લાગી ગઈ... ફોન દ્વારા સમાચારની જાણ થતાં જ અમલનેર, જલગાંવ, ડહાણુ, ઊજ્જૈન, પૂના, યેવલા, મુંબઈ, માલેગાંવ, બેંગ્લોર, કોઈમ્બતૂર આદિ સ્થાનોથી સાધ્વીજીશ્રીના સંસારી કુટુંબીજનો અને પરિચિત શ્રાવક-શ્રાવિકાઓ સમયસર મદ્રાસ આવી પહોંચ્યાં... તા. ૬-૧૨-૯૧ ના બપોરે ૧-૩૦ વાગે "જય જય નંદા જય જય ભદ્રા"ના નારા સાથે સ્વ. સાધ્વીજીશ્રીના પાર્થિવ દેહને સુસજ્જિત પાલખીમાં બિરાજમાન કરીને બહાર લાવવામાં આવ્યો... હેમરત્નાશ્રીજી અમર રહે... "જબ તક સૂરજ ચાંદ રહે, હેમરત્નાશ્રીજીકા નામ રહે..." આદિ નારાઓથી ગગનમંડળ ગુંજી ઊઠ્યું...

પાલખી બહાર નીકળતાં જ સહવર્તી સાધ્વીજીગણના ધૈર્યનો બંધ તૂટી પડ્યો ! દિલની વ્યથા આંખોથી અશ્રુધારા બનીને વહેવા લાગી... સર્વે સાધ્વીજી ભગવંતના ઉદાસ મુખ જાણે વારંવાર દિવંગત સાધ્વીજીશ્રીને આ જ સવાલ પૂછતાં હતાં કે આપણે સાથે સંયમ-આરાધના કરતાં હતાં, સાથે સ્વાધ્યાય કરતાં હતાં, હવે આપે કેમ અમારો સાથ છોડી દીધો ? અમારાથી એવી કઈ ભૂલ થઈ જેથી આપ અમને આવી રીતે છોડીને જઈ રહ્યા છો ?

"કદાચ મહાન આત્માઓની આવશ્યકતા બધી જગ્યાએ હોતી હશે...!" જેવી આપને આટલા જલદી તેડું આવી ગયું !!!? સાધ્વીગણની ઉદાસીનતાએ બધાને વ્યથિત કરી દીધા હતાં... દરેકનાં આંખમાં આંસુ અને દિલમાં વ્યથા હતી... અને તે વખતે આરાધનાભવન જ નહીં પણ સંપૂર્ણ શાહુકારપેઠ વિશાલ જનસમુદાયથી ઊભરાઈ ગયો હતો... ત્યારબાદ પૂ.સા.શ્રી હેમરત્નાશ્રીજીને મહાપ્રયાણની અંતિમ વિદાય આપીને પરમ પૂજ્ય વયોવૃદ્ધા સાધ્વીજીશ્રી સર્વોદયાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વેદનાસંતપ્ત હૃદયે સહુએ દેવવંદન કર્યા... અને ત્યારબાદ ભગિની સાધ્વીજીને ખોઈને ભારે પગલે સાધ્વીજીગણ ઉપાશ્રયમાં આવ્યાં...

પરંતુ દિવંગત સાધ્વીજીશ્રીની જગ્યા સૂની સૂની જોઈ સહુના કલેજા ફાટવાં લાગ્યાં... એમની એકેક ક્રિયા, એકેક વાત યાદ આવતાં જ આંખો ઊભરાઈ જતી હતી... ૩૮ વર્ષની ઉંમર એ કાંઈ વિદાયની ઉંમર ન હતી. પરંતુ મૃત્યુ માટે ક્યાં કોઈ અકાલ છે ? ક્યાં કોઈ નિશ્ચિત સમય છે ?

આવા પ્રસંગ આપણા વૈરાગ્યને દૃઢ બનાવવા માટે આલંબનભૂત બને છે. દેહની અનિત્યતા અને આયુષ્યની ચંચલતા આપણને ચેતવણી આપે છે કે કાલે તમારો પણ વારો આવશે... માટે

પ્રત્યેક ક્ષણે જાગતાં રહો...! સાવધાન રહો...!

૨॥-૩ કિ.મી.ની અંતિમયાત્રામાં ૧૦ થી ૧૨ હજાર નર-નારીઓ સમ્મિલિત થયા હતાં... સંયમજીવનની બલિહારી છે કે "જ્યાં મૃત્યુ પણ મહોત્સવરૂપ બની જાય છે..." લગભગ ૩-૩૦ વાગે પૂ. સ્વર્ગસ્થ સાધ્વીજીશ્રીની પાલખી સ્મશાનભૂમિમાં પહોંચી ! અશ્રુભરી આંખોથી પૂ. સ્વર્ગસ્થ સાધ્વીશ્રીજીને અંતિમ નમસ્કાર કરી અને પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો...

મહારાષ્ટ્રમાં અમલનેર નિવાસી નેમીચંદજી કોઠારીનો પરિવાર "જાણે સંયમની ખાણ જ છે..." તેઓના પિતાશ્રીએ પણ દીક્ષા લીધી હતી... પોતાના સંતાનોને પણ વૈરાગ્યનો રંગ લગાડ્યો. નેમીચંદજીની ત્રણ સુપુત્રીઓ અને તેઓશ્રીના લઘુબંધવ સુશ્રાવક મિશ્રીલાલભાઈની પાંચ સુપુત્રીઓ અને બે બહેનોની ૧-૧ પુત્રીઓ એમ ૧૦ સાધ્વીજી ભગવંત સંયમ લઈને જૈનશાસનની શાન બન્યાં છે...

અમલનેરમાં સામુદાયિક થયેલ ૨૬ દીક્ષામાં નેમીચંદજીએ પણ ચારિત્ર લઈ પૂ. મુનિરાજશ્રી નંદીશ્વર વિજયજી મ.સા. બની ત્યાગરૂપ તપોમય સંયમજીવનની સાધનાં કરી રહ્યાં છે. દિવંગત સા.શ્રી હેમરત્નાશ્રીજી સંવત ૨૦૨૬ વૈશાખ સુદ

૬ ના અમલનેરમાં પરમ પૂજ્ય નમસ્કાર મહામંત્રારાધક આચાર્યદેવશ્રી યશોદેવ-સૂરીશ્વરજી મ.સા.ના કરકમલો દ્વારા સંયમજીવન અંગીકાર કરી પૂ.સા.શ્રી અનંતકીર્તિશ્રીજી (સંસારી જ્યેષ્ઠ ભગિનીની) શિષ્યા બન્યા... માતૃહૃદયા સાધ્વીજીશ્રી રોહિણાશ્રીજીની પાવનનિશ્રામાં રહી ગુણોના સૌંદર્યથી આત્માને સજાવ્યો હતો... સ્વાધ્યાયને તો જાણે પોતાનો પરમમિત્ર બનાવ્યો હતો... બસ ! જયારે જોઈએ ત્યારે તેઓશ્રી પુસ્તકમાં જ ખોવાયેલા રહેતા...

સંસ્કૃત, પ્રાકૃત, સિદ્ધહેમવ્યાકરણ, ન્યાય, જ્યોતિષ, કમ્મપયડી જેવા આકર ગ્રંથોના અધ્યયન દ્વારા પ્રચંડ વિદ્વત્તા પ્રાપ્ત થવા છતાં લેશ પણ અભિમાન જોવા ન મળતું. સ્વાધ્યાય મગ્નતાએ એમને એવા અંતર્મુખ બનાવી દીધાં હતાં કે તેઓશ્રીને માન-સન્માનની અંશમાત્ર પણ અપેક્ષા ન હતી... આચારચુસ્તતાને તો તેઓશ્રીએ પ્રાણ બનાવી દીધો હતો. પોતે તો સજાગ હતાં જ, સહવર્તી સાધ્વીજીશ્રીઓને પણ આચારની બાબતમાં નાની-મોટી ભૂલો પર આચાર-ચુસ્તતા માટે યોગ્ય પ્રેરણાં કરતાં હતાં...

સૌમ્યતાથી હંમેશાં કમલ જેવા ખીલેલા હસતાં ચહેરાને યાદ કરીએ તો હૃદય વેદનાથી સંતપ્ત બની જાય છે... ૧॥ વર્ષ પૂર્વે સેલમ પાસે વિહારમાં વજનદાર લોખંડનો દરવાજો તેમના પર પડવાથી પ્રાણઘાતક સંકટ આવી પડ્યું હતું. દેહમાં અપાર વેદના હોવા છતાં પણ મુખ પર એ જ પ્રસન્નતા...! એ જ સ્વસ્થતા...! એ જ સમાધિ...! જે વખતે બચવાની લેશમાત્ર પણ આશા ન હતી ત્યારે નિરાશાના અંધકાર વચ્ચે એમની આરાધનાનું બળ દીપક બની એમને બચાવ્યા... પરંતુ કુદરતની કરામત કેવી ? આ વખતે કોઈને કલ્પના પણ ન હતી અને અચાનક આ ઘટના બની ગઈ...

એમની વિદાયથી સાધ્વી સમુદાયમાં એક અણમોલ રત્નની ખોટ પડી... જૈનશાસને પણ આદર્શ સાધ્વીજીશ્રીને ગુમાવ્યા. આપણે ગમે તેટલું ઝંખીશું તો પણ તે પાછા આવવાના નથી. એમના ગુણોના અંશને પ્રાપ્ત કરી હેમ જેવા નિર્મળ બનીએ...

સ્વર્ગસ્થ સાધ્વીજીશ્રીના સંયમજીવનની અનુમોદનાર્થે ઊછામણીઓ ખૂબ જ સારા પ્રમાણમાં થઈ... આરાધનાભવન જૈન સંઘ તરફથી પંચાહ્નિકા મહોત્સવ... અરિહંત એપાર્ટમેન્ટ જૈન સંઘ તરફથી સિદ્ધચક્રપૂજન સહિત ત્રિદિવસીય મહોત્સવ...

સ્વ. સાધ્વીજીશ્રીના સંસારી કુટુંબીજનો તરફથી - અમલનેર નિવાસી નેમીચંદ

મિશ્રીમલ કોઠારી પરિવાર તરફથી શ્રી શાંતિસ્નાત્ર તેમજ ૧૦૮ પાર્શ્વનાથપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવનું આયોજન અમલનેરમાં કરવામાં આવ્યું છે...

શ્રી ચંદ્રપ્રભુ નવા મંદિર, જૂના મંદિર જૈન સંઘ... શ્રી આરાધના ભવન મદ્રાસ જૈન સંઘ... શ્રી અરિહંત એપાર્ટમેન્ટ જૈન સંઘના ભાઈઓએ ખૂબ જ સારો સહયોગ આપ્યો છે...

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૪૦,અંક-૪૬,તા.૨૨-૮-૧૯૯૨**

● **મુંબઈ :** અત્રેના શ્રાદ્ધરત્ન **ચંપકલાલ ભોગીલાલ શાહ** (વતન મહેસાણા)નો દેહાવસાન થતાં શ્રી સંઘને એક શ્રાવકરત્નની ખોટ પડી છે. એમણે જીવનમાં શ્રી જિનેશ્વરના પાંચ કલ્યાણકની આરાધનાનો પ્રચાર, તથા જીવદયા આદિના સુંદર કાર્યો કરેલા એની અનુમોદના ખાસ કરવા જેવી છે.

"દિવ્ય-દર્શન" - "શ્રદ્ધાંજલિ" **વર્ષ-૪૧,અંક-૨૫,તા.૨૭-૩-૧૯૯૩**

● **કોઠ :** પાલીતાણાની પંચતીર્થી કરી કલિકુંડ ધોળકા તરફ વિહાર કરતાં શ્રાવસ્તી તીર્થોદ્ધારક પૂ.આ.શ્રી ભદંકરસૂરીશ્વરજી મ.ના પટ્ટધર જિનભક્તિરસિક પૂ.આ.શ્રી **અરુણપ્રભસૂરીશ્વરજી** મ.સા. ફાગણ સુદ-૧૨ તા. ૫-૩-૯૩ ના ગુદી મુકામે પૂ.આ. પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા., પૂ.આ. વીરસેનસૂરીશ્વરજી મ.સા. દ્વારા સુંદર નિર્યામણા પામી ૬-૫૦ મિનિટે સમાધિમય મૃત્યુ પામી જીવન સાધી ગયા. કલિકુંડથી કુમારપાલ વિ. શાહ ડૉક્ટરને લઈને સેવામાં ઉપસ્થિત થયા તથા કોઠનો શ્રીસંઘ ઉપસ્થિત થયો. સ્વર્ગસ્થને કોઠમાં લઈ જઈ સ્મશાનયાત્રામાં ઝરીયનની પાલખીમાં ભક્તિભાવથી કાઢી જૈનેતરો પણ દુકાન બંધ કરી જોડાયા. છાણી, વડોદરા, સુરત, અમદાવાદથી ભાવિક લોકો પધાર્યા હતા.

સંસારી ભત્રીજા વિપુલકુમાર સુરેન્દ્રભાઈ કોલ્હાપુરવાળાએ અગ્નિસંસ્કાર કર્યો સદ્‌ગતના આત્માને શાંતિ મળો એ જ શાસનદેવને અભ્યર્થના.

પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય મહારાજશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યાઆવતીકાલે સવારે ૯-૦૦ વાગે પંકજ સોસાયટીથી પાલખી નીકળશે. અમદાવાદ, તા.૧૯-૪-૧૯૯૩

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ સાહેબ અમદાવાદ મુકામે આજે બપોરે ૧-૩૦ વાગે સમાધીપૂર્વક કાળધર્મ પામ્યા છે. જેમની પાલખી આવતીકાલે ૨૦-૪-૯૩ને મંગળવાર સવારે ૯-૦૦ કલાકે પંકજ સોસાયટીના ઉપાશ્રયથી નીકળશે.

તેમની ઉંમર ૮૨ વર્ષની હતી. ગઈકાલે રવિવારે સાંજે તેમને હૃદયરોગનો હુમલો થતાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે બપોરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

ગચ્છાધિપતિ પૂજ્ય મહારાજ સાહેબના સમુદાયમાં ૨૧૦ ઉપરાંત સાધુ અને ૫૦૦ ઉપરાંત સાધ્વીજીઓ છે. મુખ્ય શિષ્યોમાં આચાર્યદેવશ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ, આચાર્યદેવશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ, આ. જિતેન્દ્રસૂરિજી, આચાર્યદેવશ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, આચાર્યદેવશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ, આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી તથા આ. જગતચંદ્રસૂરીશ્વરજી, પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી, પં. શ્રી રત્નસુંદર વિજયજી, પં. શ્રી હેમરત્ન વિજયજી મહારાજ સાહેબ વગેરેનો સમુદાય છે.

શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો જન્મ અમદાવાદમાં કાળુશીની પોળમાં તા. ૧૯-૪-૧૯૧૧ના રોજ થયો હતો. તેમનું મૂળ નામ કાંતીલાલ ચીમનલાલ શાહ હતું. તેમને બી.કોમ. સુધીનો અભ્યાસ અમદાવાદમાં કર્યા બાદ ઇંગ્લેન્ડની ચાર્ટડ એકાઉન્ટન્ટની સમકક્ષ સી.એ.ની પરીક્ષા પસાર કરી હતી.

તેઓ પાંચ ભાઈ તથા ત્રણ બહેનો હતા તેઓ ભાઈ-બેનોમાં બીજા નંબરના હતા. ૨૩ વર્ષની ઉંમરે તા.૧૬-૧-૧૯૩૫ના રોજ મહેસાણા જિલ્લાના ચાણસ્મામાં આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. આચાર્ય પદવી અમદાવાદ મુકામે તા. ૭-૧૨-૧૯૭૨ના રોજ પૂ.આ. શ્રી માનદેવસૂરિજી સાહેબ તથા પૂ.આ. શ્રી હીરસૂરીશ્વરજી મ.સા. પાસેથી મેળવી હતી. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના ૫૮ વર્ષના દીક્ષાપર્યાયમાં તપ, ત્યાગ, તપશ્ચર્યાના અનેક કાર્યો તથા જીવદયાના અનેક કાર્યો તેમની નિશ્રામાં કરવામાં આવ્યા હતા. તેમને ૧૦૮ વર્ધમાનતપની આયંબિલની

ઓળી (રૂક્ષભોજન એકવાર) કરી હતી. તેમની ૧૦૦મી આયંબિલની ઓળીનો મહા મહોત્સવ કલકત્તામાં ૧૯૬૮માં અભૂતપૂર્વ રીતે ઉજવવામાં આવ્યો હતો. મદ્રાસમાં એગ્મોરમાં તથા કર્ણાટકમાં ભદ્રાવતીમાં તથા બેંગ્લોરમાં તથા તામીલનાડુમાં ઈરોડમાં, મહારાષ્ટ્રમાં અમલનેર તથા શીરડીમાં તથા ગુજરાતમાં નવસારી પાસેના તપોવનમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તેમની નિશ્રામાં ઉજવાયા હતા.

ગુજરાતમાં નવસારી પાસેનું શિક્ષણ સંસ્કરણધામ તપોવન તેમના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવ્યું હતું. તપોવનના સ્થળે એક કરોડ રૂપિયા ઉપરાંતના જીવદયાના કાર્યો કર્યા છે.

ભારતભરમાં ૫૮ વર્ષના સંયમ અને દીક્ષાપર્યાયના વર્ષો દરમિયાન રાજસ્થાનમાં જયપુરથી પૂર્વમાં, પશ્ચિમ બંગાળના કલકત્તા સુધી, ઉત્તરમાં કાનપુરથી, દક્ષિણમાં મદ્રાસ સુધી ભારતના લગભગ દરેક રાજ્યોમાં મુખ્ય શહેરો અને ગામડાઓમાં ઉગ્ર વિહાર કરી કરોડો લોકોને ધર્મના માર્ગે વાળ્યા છે.

૧૯૮૯માં બેંગલોરમાં લાખો જીવોની હિંસા કરતું કતલખાનું તેમના ઉપદેશ અને સક્રિય પ્રયત્નથી બંધ કરવામાં આવ્યું હતું. આજે પણ કર્ણાટકની જનતા આ મહાન જીવદયાના કાર્યને ભૂલી શકતી નથી.

ગુજરાત પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબને કદી પણ ભૂલી શકશે નહીં કારણ કે પૂજ્ય મહારાજ સાહેબે દેશભરમાં યુવાનોની શિબિરનું જે કાર્ય શરૂ કર્યું હતું તે ગુજરાતમાં અનેક સ્થળોએ ચાલી રહ્યું છે. હજારો યુવાનો આ શિબિરમાં ભાગ લઈ રહ્યાં છે. જેમાં ગુમરાહ યુવાનોને ધર્મના રસ્તે વાળવામાં તેમનું મુખ્ય પ્રદાન રહ્યું છે. ગુજરાતના યુવાનો ભૂલી શકશે નહીં.

ગુજરાતમાં ધોળકાથી છેલ્લા ૪૧ વર્ષથી પ્રસિદ્ધ થઈ રહેલા "દિવ્યદર્શન" સાપ્તાહિક હિન્દી અને ગુજરાતી માધ્યમમાં બહાર પાડવાનું કાર્ય તેમના દ્વારા કરવામાં આવ્યું હતું.

યોગાનુયોગ જન્મના દિવસે કાળધર્મ પામ્યા

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ આજે તા. ૧૯-૪-૧૯૯૩ના રોજ કાળધર્મ પામ્યા છે ત્યારે કરોડો વ્યક્તિઓમાં ભાગ્યે જ એવી એક જ તારીખ કોઈપણ વ્યક્તિ માટે આવતી હોય છે કે જન્મની તારીખે જ અવસાન પામે. પૂજ્ય આચાર્ય મહારાજનો ૮૨ વર્ષ પૂર્વે તા. ૧૯-૪-૧૯૧૧ના રોજ જન્મ થયો હતો. બીજો યોગાનુયોગ પ્રસંગ એ છે કે અમદાવાદમાં જન્મ થયો અને અમદાવાદમાં કાળધર્મ પામ્યા. જૈનોના સાધુ, સાધ્વીઓ સતત વિહાર કરતા હોય છે.

ભૂલ્યા ના ભૂલાય ગુરુદેવ અમારા ભૂલ્યા ના ભૂલાય

- તારીખ ૨૧-૪-૯૩ ના રોજ બુધવારે સવારે ૮-૩૦ કલાકે ગુણાનુવાદની પહેલી સભાના પ્રારંભ પહેલાં જ પંકજ સંઘે તૈયાર કરેલ મોટો મંડપ નાનો પૂરવાર થયો હતો. તપસ્વીરત્ન પરમ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી જગત્‌ચંદ્રસૂરિજી મહારાજ, પૂજ્ય પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ, મુનિશ્રી ગુણસુંદર વિજયજી મહારાજ અને શ્રી કુમારપાળભાઈ વિ. શાહે ગુણાનુવાદ કરી ભીના આંખ અને અંતરથી સ્વ. પૂજ્યશ્રીને ભાવભીની વંદના કરી હતી.
- ડૉક્ટર હાઉસની પ્રેરણા હૉસ્પિટલનું સ્થાન પૂજ્યશ્રીની સારવાર દરમ્યાન સાવ નોખી સ્થિતિમાં ફેરવાઈ ગયું હતું. ગચ્છાધિપતિશ્રીને વંદનાર્થે દર્શનાર્થે આવનાર કોઈને ય હૉસ્પિટલનો ભાસ આભાસ એના માલિકોએ ઊભો થવા દીધો નથી. એના માલીક વારૈયા પરિવારના તમામ સભ્યોએ પૂજ્યશ્રીની સેવામાં સતત જાતે અડીખમ ઊભા રહીને બેમીસાલ ગુરુભક્તિ દર્શાવી હતી.
- દૂરદર્શન અને દૈનિક પત્રોમાં ગચ્છાધિપતિશ્રી કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં બધી દિશાઓથી સૌ કોઈ અંતિમદર્શન અને અંતિમયાત્રા માટે દોડી આવતા જણાયા હતા. તામિલનાડુ, કર્ણાટક જેવા દૂર ક્ષેત્રોથી આવી પહોંચેલા ગુરુભક્તોને અંતિમ દર્શન મળ્યાનો હૈયે સંતોષ હતો. મુંબઈ, સુરત, નવસારી સહિત ગુજરાતમાં ચોતરફથી અને મહારાષ્ટ્રના છેક ઊંડે સુધીના વિસ્તારોમાંથી પણ પ્લેન, ટ્રેન, કાર અને બસ દ્વારા પહોંચી આવતા ભક્તો ભીની આંખ અને અંતરથી નતમસ્તક થઈ જતા હતા.
- મુંબઈ સંઘોના ભક્તો સેવાથી વંચિત અમે રહી ગયાનો વસવસો અનુભવતા હતાં પણ એમના મલાડના યુવાનોનું બેંડ મધુર સૂરાવલી છોડી છોડીને મુંબઈના જ નહિ સૌ કોઈને ગુરુભક્તિમાં રસતરબોળ કરી ગમગીનીમાં ગુરુભક્તિને ભરપૂર ભરી દેતા રહ્યા.
- પૂજ્ય ગચ્છાધિપતિશ્રીને પાલખીમાં પધરાવવાનાં, ગુરુપૂજનો કરવાનાં, પાલખીયાત્રામાં વર્ષીદાન કરવાના, ધુપીયા અને અગ્નિસંસ્કાર કરવાની લાખોની બોલી બોલીને ધન્યતાનો અનુભવ કર્યો હતો.
- પંકજ સંઘની મહોત્સવ અને ભવ્ય ગુણાનુવાદની સભા કરવાનું આમંત્રણ

છતાંય આ પ્રસંગ પૂજ્ય ગચ્છાધિપતિશ્રીનો માસિક પુણ્ય તિથિના દિવસો દરમ્યાન જૈનનગર સંઘના આંગણે ઊજવવાની સંઘની વિનંતીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ગુણાનુવાદની ભવ્ય સભા વૈશાખ વદ-૧૦ રવિવાર તારીખ ૧૬-૫-૯૩ ના રોજ રાખવાનું નક્કી થતાં ગુરુભક્તોના હૈયે છલકતી ભાવાંજલી વ્યક્ત કરવાનું હવે પછી પણ મળશે એનો સંતોષ હતો.

- **પંક્તિબદ્ધ મુનિરત્નોના શિલ્પી ગચ્છાધિપતિશ્રીના ૨૦૦ ઉપરાંત ધર્મ પ્રભાવક રત્નો**
  નૂતન ગચ્છાધિપતિ આચાર્યશ્રી જયઘોષસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી ભદ્રગુપ્તસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી જિતેન્દ્રસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી જયશેખરસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી જગતચંદ્રસૂરિજી મહારાજ
  પરમ પૂજ્ય આચાર્યશ્રી ગુણરત્નસૂરિજી મહારાજ
  ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી મહારાજ
  પ્રવર્તક પ્રવર શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ ઈત્યાદિ.
- ગચ્છાધિપતિની શિબિર વાચનામાં સાંભળેલું **'બળ-બળ પગ ખળ તું બળે એમ મારા કર્મ બળે'** આ અણમોલ વચનને યાદ કરી કરીને પૂજ્યશ્રીની વાણીને ચરીતાર્થ કરતો શિબિર યુવક પાલખીયાત્રામાં સાનંદ જોડાયો હતો. એટલું જ નહિ ઘોર તપતા તડકે ડામરની સડકો તપી રહી હતી ત્યારે હજારો યુવાનો ઉઘાડા પગ સેકાઈ જાય તેવી ગરમી છતાંય હરીફાઈમાં ઉતરી પડતા દેખાયા હતા.
- પાલખીમાં પૂજ્યશ્રીને બિરાજમાન કરવા, ગુરુપૂજન કરવા અને પાલખી ઉપાડવા ઈત્યાદિના આદેશ લેનાર પરિવારના સભ્યોને શાંતિથી વિધિ કરવાનો લાભ મળતાં સૌના હૈયે આનંદ ઉછળતો અનુભવાયો હતો.
- અગ્નિસંસ્કાર માટે જમીન, જગ્યા શોધવા, મેળવવાના પ્રયાસોમાં પરેશાન થયા વિના સહજ સામેથી સેટેલાઈટ સંઘ પ્લોટ, લાવણ્ય સંઘ પ્લોટ અને પંકજ સંઘના પ્લોટ આપવાની ઓફરો આવી પડતાં નિર્ણય કરવામાં એક સમયે મીઠી મુંઝવણનો અનુભવ થયો. પંકજ સંઘને સૌભાગ્ય મળતાં સંઘમાં ઉલ્લાસ છલકાયો હતો.

- પાલખીનું ગૌરવ જાળવવામાં આ વખતે તો અનુપમ શિસ્ત અખંડપણે જાળવીને જૈન સંઘે ચાર ચાંદ લગાવી દીધા.

  પાલખીયાત્રાના આરંભથી લઈ અંત સુધી પાલખીની શોભા, જરીનું કપડું, ધજાઓ અને લોટીઓ લેવાની પડાપડીમાં વિવેક જાળવીને ગુરુભક્તિનું નોખું દર્શન કરાવ્યું.
- છેક છેલ્લે સુધી પૂજ્યશ્રીની સતત સેવામાં સાથે અને પાસે રહેલા પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ, **પં. પદ્મસેન વિજયજી મ.**, કુમારપાળ વિજયજી શ્રી જયેશભાઈ ભણસાલી, શ્રી કલ્પેશભાઈ શાહ અને મુનિઓ ભાંગી પડ્યા હતા. એમની આંખો ટપકી પડી ત્યારે પાછળ ઊભેલા સ્તબ્ધ ગુરુભક્તો ડુસકા ભરીને રડતા હતા, પણ કોણ કોને સાંત્વન આપે ?
- હૈયે હૈયુ દબાય એવી હજારોની ભીડ રાજનગરના વાસણા, લાવણ્ય, ધરણીધર, જૈનનગર અને શાંતિવન વિસ્તારોમાં પહોંચી ત્યારે તો દર્શનાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર નવો ઉમેરો જોવા મળ્યો હતો. અહીંના નિવાસીઓએ પાણી, ઉકાળેલું પાણી, લીંબુનું પાણી પીવડાવવા માટે ઠેર ઠેર વ્યવસ્થા કરીને સાધર્મિકભક્તિનું સચોટ દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું.
- **'ખુદ કો બદન સે જુદા કરના હૈ' 'દેહ દુઃખનું કારણ છે'**ની વાત કરનાર ગચ્છાધિપતિનો આત્મા દેહપિંજર છોડી ઊડી ગયો હતો. હવે તો માત્ર પાલખી રાજમાર્ગો પરથી પસાર થઈ રહી હતી. પિંજરાઓમાં કેદ હજારો પંખીઓને ભક્તો દરવાજો ખોલી આઝાદ કરતા હતા ત્યારે ફર ફર પાંખો ફફડાવી ચી ચી ના સૂરો રેલવતા આનંદવિભોર બની ઊંચા આકાશે પંખીઓ ઊડી જતા દેખાયા હતા.
- **છપતે છપતે :**

ચારે તરફથી પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજો, સંઘો અને ગુરુભક્તોના તાર અને પત્રો અમોને મળી રહ્યા છે.

ગુણાનુવાદની સભાઓ થયાના અને થવાના સમાચાર મળતા જાય છે.

અનેક સંઘોના અમાપ ઉપકારીની અનુમોદનાર્થે પરમાત્મભક્તિ સહિતના અનેક આયોજનો ઠેર ઠેર ગોઠવાઈ રહ્યા છે.

સંસ્મરણ લેખો મળવાનું પણ ચાલુ થઈ ગયું છે.

નૂતન ગચ્છાધિપતિ સિદ્ધાંત દિવાકર
પરમ પૂજ્ય આચાર્યશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાથે
પત્રવ્યવહાર નીચેના સરનામે થઈ શકશે.
શ્રી હીરસૂરિ જગદ્‌ગુરુ જૈન દેરાસર ઉપાશ્રય
દફતરી રોડ, દેના બેંક પાછળ, મલાડ, મુંબઈ-૪૦૦ ૦૬૭.

મુંબઈ-વાલકેશ્વરમાં ગુણાનુવાદ સભા

મુંબઈ વાલકેશ્વર તીનબત્તી સર્કલ પાસેના પ્રસિદ્ધ આદિનાથ જૈન ટેમ્પલ પાસેના ઉપાશ્રયમાં શનિવાર તા. ૨૪-૪-૯૩ના રોજ સવારે નવ વાગે તાજેતરમાં સ્વર્ગસ્થ બનેલા આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદની એક વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં **પૂ.આ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજે** જણાવ્યું હતું કે માનસરોવર પર બેઠેલો હંસ જ્યારે ઊડી જાય છે ત્યારે હંસને કશું નુકસાન જતું નથી કેમકે એ તો જ્યાં જશે ત્યાં શોભાને પામવાનો છે, પણ મોટી મુશ્કેલી તો માનસરોવરને થાય છે. કેમકે હંસના કારણે સરોવરની જે શોભા હતી તે હણાઈ જાય છે. સ્વર્ગસ્થ પૂ. આચાર્યશ્રી ચાલ્યા જવાથી સમુદાયને, સંઘને અને શાસનને ઘણી મોટી ખોટ પડી છે.

પૂ. આ. શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાએ જણાવ્યું હતું કે જૈન સંઘમાંથી એક એવી મહાન, ગુણવાન અને વિદ્વાન વ્યક્તિ ચાલી ગઈ છે કે જેની વિદ્વત્તાના ગુણને વર્ણવતાં ચાર ચાર રવિવાર પણ ઓછા પડી જાય. સંયમી, સ્વાધ્યાયી, તપસ્વી હોવા ઉપરાંત જેઓશ્રી મારા જેવા અનેક આત્માઓના સંસારના કીચડમાંથી ઉદ્ધાર કરનારા આ મહાપુરુષ હતા.

પૂ.પં.શ્રી હેમરત્ન વિજયજી મહારાજે સતત પોણા બે કલાક સુધી ધારાબદ્ધ પ્રવાહે આ મહાપુરુષની જન્મથી માંડીને છેક સમાધિમરણ પર્યંતની સીલસીલાબંધ વિગતો સીરીયલબદ્ધ રીતે રજૂ કરતાં જણાવ્યું હતું કે ઈ.સ. ૧૯૧૧ની ૧૯મી એપ્રિલે અમદાવાદમાં કાળુશીની પોળમાં વિજય ચિંતામણી પાર્શ્વનાથ દાદાના સન્મુખ આવેલા એક નાનકડા મકાનમાં જન્મ પામેલા ગુરુદેવના આત્માને તેર વર્ષની વયે સૌ પ્રથમવાર દાદાગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો સમાગમ થયેલો ત્યારે જ અંતરની ધરામાં વિરાગનું બીજ વવાઈ ગયેલું... કૉલેજના ઉંબરા ઓળંગીને

સી.એ.ની ડીગ્રી તથા લંડનની ઈન્સ્ટિટ્યુટ ઑફ બેંકર્સની પરીક્ષામાં ફર્સ્ટકલાસનું રીઝલ્ટ જ્યારે હાથમાં ત્યારે ફરી ત્રેવીસ વર્ષની ઉંમરે પુનઃ પાછો એ જ ગુરુદેવનો સમાગમ સંપ્રાપ્ત થયો અને દસકા પૂર્વે વવાયેલા પેલા વૈરાગ્યબીજનો અંકુર ફુટી નીકળ્યો. આ કૉલેજીયન યુવાન કાંતિલાલે પોતાના લઘુબંધુ પોપટલાલ સાથે સંસારના શણગાર ઉતારી દઈને ચાણસ્મા નગરમાં જૈનદીક્ષા અંગીકાર કરી હતી.

લગાતાર ૩૩ વર્ષ સુધી ગુરુકુલવાસમાં રહીને તેઓશ્રીએ ન્યાય, વ્યાકરણ, આગમ શાસ્ત્ર, ષડદર્શન આદિ શાસ્ત્રોનું ગહન અધ્યયન કર્યું હતું. તપ, સંયમ અને વિરાગથી ઉછળતા આ મુનિવરે જ્યારે સુધર્મા પીઠે બિરાજીને ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો, ત્યારે તેમની વાણીએ કંઈક એવો જાદુ સર્જી દીધો હતો કે ભણેલા, ગણેલા. ગ્રેજ્યુએટ બનેલ અનેક યુવાનોએ સુખ અને સમૃદ્ધિથી છલકતા સંસારને અલવિદા કરીને દીક્ષાનો પાવનપંથ પકડ્યો હતો. ત્રણેક વર્ષના ગાળામાં આ ગુરુદેવશ્રી પાસે ત્રીસેક યુવાનોએ પ્રવજ્યા સ્વીકારી હતી. તે બધાને ન્યાય, વ્યાકરણ, આગમો અને પ્રકરણશાસ્ત્રોના અચ્છા જ્ઞાતા બનાવવા સાથે તેમના જીવનનું અજબ ઘડતર કર્યું હતું. આ ભણતર અને ગણતરના પ્રભાવે જૈન સંઘને અનેક સંયમીઓ, તપસ્વીઓ, વિદ્વાનો, વ્યાખ્યાતાઓ, ઉપદેશકો, ગ્રન્થકારો, કવિઓ, સિદ્ધહસ્ત લેખકો અને શાસન પ્રભાવકોની સંપ્રાપ્તિ થઈ હતી. જેમાં પૂ.આ.શ્રી ગુણાનંદસૂરિ, મ., પૂ.આ.શ્રી મિત્રાનંદસૂરિ મ., પૂ.આ.શ્રી જયઘોષસૂરિ મ., પૂ.આ.શ્રી ભદ્રગુપ્તસૂરિ મ., પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિ મ., પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિ મ., પૂ.આ.શ્રી જગચ્ચંદ્રસૂરિ મ., પૂ.આ. ગુણરત્નસૂરિ મ., પૂ. પ્રસિદ્ધવક્તા પંન્યાસ શ્રી ચંદ્રશેખર વિ.મ. તથા પૂજ્ય પંન્યાસ શ્રી રત્નસુંદર વિ.મ. વગેરે મહાપુરુષોના નામો જાણીતા છે જેઓ આજે જૈનશાસનનો ડંકો વગાડી રહ્યા છે. જતા જતા છેલ્લા પંદરેક વર્ષમાં પૂજ્યશ્રી સંયમી વિદ્વાનો અને વ્યાખ્યાતા એવા સાધુઓની એક નવી પેનલ પણ તૈયાર કરતા ગયા છે. હાલ એ સાધુઓ હજી અધ્યયનમાં ખૂપેલા છે. તમારા સહુથી એ સાધુઓ અજ્ઞાત છે, પણ એ મહાત્માઓ થોડાક વર્ષોમાં જ્યારે બહાર આવશે ત્યારે તેમના તપ, સંયમ અને વિદ્વત્તાના બળે ન ધારેલા પરિવર્તન જૈનસંઘમાં લાવશે અને અનેક જીવોના રાહબર બની રહેશે.

રોડ પર ઊભેલા ઘેઘુર આંબાની ડાળે બાઝેલી પાકી કેરીના મીઠા રસનો સહુને અનુભવ હોય છે. ફાલી ફૂલીને ચારેકોર ફેલાયેલો આંબો સહેજે સહુની નજરમાં આવતો હોય છે, પણ યાદ રહે કે આંબાના આ સર્વાંગીણ વિકાસમાં એક ગોટલો આખ્ખે આખો જમીનમાં સાવ દટાઈ ગયો હોય છે. બહારની ગરમીથી બફાઈ બફાઈને પોતે ફાટી જઈને એક અંકુરને પેદા કરી દે છે. એ અંકુરમાંથી જતે

દહાડે છોડ, ઝાડ અને શાખા-પ્રશાખાથી ઊભરાતું એક વિરાટ આમ્રવૃક્ષ તૈયાર થાય છે.

જૈનસંઘ આજે યુવાશિબિરો, શિશુશિબિરો, યુવાજિનપૂજકો, હકડેઠઠ ઊભરાતી પ્રવચન સભાઓ અને શાસન પ્રભાવનાઓના મીઠા ફળો ચાખી રહ્યો છે, તેના મૂળમાં પૂ.સ્વ. ગુરુદેવશ્રીએ જમીનમાં દટાયેલા કેરીના ગોટલાની જેમ પોતાની આખી જિંદગીને સાધુઓના ઘડતરમાં લગાવી દીધી હતી.

પચાસ જેટલા આઠથી બાર વર્ષના બાળકોએ વહાલીમાતાના ખોળાને અલવિદા કરીને ગુરુદેવશ્રીના ચરણે જીવન સુપ્રત કરીને બાળદીક્ષા અંગીકાર કરેલી એ સહુની ધર્મમાતા બનીને ગુરુદેવે ખોબલે ખોબલે વાત્સલ્યનું અમૃતપાન કરાવ્યું હતું. એવી રીતે એ બાળ મુનિવરોનું જીવન ઘડતર કરેલું કે આજે એ મુનિવરો જૈનસંઘમાં ઉગતા સિતારાની જેમ ચમકી રહ્યા છે. બાલ્યવયે દીક્ષિત બની જનારા એ મુનિવરો આજે ગુરુદેવની યાદમાં ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા છે.

ગુરુદેવે જીવનની પળે પળને પૂરેપૂરી રીતે ચૂસી લીધી હતી. પ્રત્યેક પળને પૂજ્યશ્રીએ સોનાની પળ બનાવી લીધી હતી... દિવસે તો જ્ઞાન, ધ્યાન, જાપ, સ્વાધ્યાય, અધ્યાપન, મુલાકાત, વાર્તાલાપ અને શિષ્યગણના સંસ્કરણમાં પોતે કાર્યરત રહેતા, પણ રાત્રિના સમયમાં આસમાનના ઉદરમાંથી જ્યારે ચંદ્ર પ્રગટ્યો હોય ત્યારે પૂજ્યશ્રી રાત્રિના આ નેચરલ મુનલાઈટમાં કલમ ચલાવતા અને રાત્રિના શાંત, પ્રશાંત અને નિરવ વાતાવરણમાં ચિંતનનો ફલો વહાવતા... પરમતેજ, ઉચ્ચ પ્રકાશના પંથે સીતાજીના પગલે પગલે, અમીચંદની અમીદૃષ્ટિ, ધ્યાન અને જીવન, આદિ અનેક પુસ્તકરત્નો અને **દિવ્યદર્શન સાપ્તાહિક** એ પૂજ્યશ્રીના મસ્તક છીપમાંથી પાકેલા સાચા મોતી સમા સર્જનો છે. જેનો ચારો ચરવાનું સદ્‌ભાગ્ય કોક વિરલ રાજહંસોનું જ હોય છે. દીર્ઘકાળ સુધી જૈનસંઘ પૂજ્યશ્રીના આ સાહિત્ય સેવાના ઉપકારને નહિ ભૂલી શકે.

પૂજ્યશ્રીના જીવનમાં જે જે આદર્શો હતા. ઉપદેશમાં જે જે વાતો હતી તે બધી તેમણે જીવનમાં જીવી જાણી હતી. જિંદગીની છેલ્લી ક્ષણ સુધી પોતાના આદર્શોમાં અને દિનચર્યામાં ક્યાંય બાંધછોડ કરી નથી. પૂજ્યશ્રી એકદમ છોટી છોટી બાબતોમાં પણ વિરાગના મહાસાગરો ઘુઘવતા હતા. તમે નહિ માનો પણ સાચી હકીકતો છે કે પૂજ્યશ્રીએ નેઈલકટરથી કોઈ દિ પૂરા નખ સમાર્યા નથી. નખનો એક છેડો નેઈલકટરથી કટ કરીને પછી આખો નખ બીજા હાથની આંગળીથી ઉતારી નાખતા. એક વાર પૂછ્યું તો કહે કે કેશ, રોમ, નખ સમારવાથી સાધુને વિભૂષા કર્યાનો અતિચાર લાગે... આજના મેડીક્યોર, પેડીક્યોર અને ફેસીયલના

મોડર્ન જમાનામાં આવી વાતો તમારા મગજમાં નહિ ઉતરે. આખી જિંદગીમાં કોઈ દિ' ખડીયાની શાહી વાપરી નથી. પેનોના ચળકતા ઢાંકણા પર પણ બ્લેક ઓઇલપેઈન્ટ કલર લગાડી દેવડાવતા, જેથી એ સોનેરી ઢક્કણ પર રાગ ન થાય. બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે અને ઢળતી સંધ્યાએ પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરતા જોવા એ જિંદગીનો એક અમુલખ લહાવો હતો. તેઓશ્રીની અપ્રમત્તતા, સૂત્રોના ભાવાર્થ મુજબ મુખ પર બદલાતા હાવ-ભાવ, નમસ્કાર, વાંદણા, કાઉસ્સગ્ગ, ખમાસમણ વગેરેની વિવિધ મુદ્રાઓ અને એકદમ હળવું ફૂલ જેવું શરીર વગેરે જોતા આપણે દિંગ થઈ જઈએ. પૂજ્યશ્રીએ પ્રતિક્રમણ રૂપ આ ધ્યાનયોગની પ્રક્રિયાને **'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ'** નામના પુસ્તકમાં ચિત્રો સાથે રજૂ કરેલ છે.

પ્રતિક્રમણની ક્રિયાના સંસ્કારો એટલા ગાઢ હતા કે છેલ્લી હાર્ટની બીમારીમાં પણ પૂજ્યશ્રી હૉસ્પિટલમાં પણ વારંવાર પ્રતિક્રમણ યાદ કરતા હતા અને કમાલની વાત તો એ હતી કે જીવનનું છેલ્લું પ્રતિક્રમણ તા. ૧૯-૪-૧૯૯૩ ના રોજ વહેલી પરોઢે પૂજ્યશ્રીએ પૂર્ણશુદ્ધિ સાથે પોતાની જાતે જ કરી લીધું હતું.

આવા એક અદ્‌ભુત સાધક, પ્રભાવક, સંયમી, તપસ્વી અને હજારો-લાખો જીવોના તારણહાર ગુરુદેવ એકાએક જીવનની લીલા સંકેલી લેશે એવી તો સ્વપ્ને પણ કલ્પના ન હતી.

મુંબઈના સંઘોએ પૂજ્યશ્રીને મુંબઈ પધારવા માટે ખોળા પાથરીને વિનંતી કરી હતી, પણ પૂજ્યશ્રીનું મન અમદાવાદ મુકામે વયોવૃદ્ધ પૂ. તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભદ્રંકરસૂરિ મ.ને તથા તપસ્વી પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય હિમાંશુસૂરિ મહારાજાને મળવા માટે ઝંખી રહ્યું હતું... સુરત ઓંકારસૂરિ આરાધના ભુવનમાં યશસ્વી ચાતુર્માસ પરિપૂર્ણ કરીને પૂજ્યશ્રીએ નવસારી, તપોવન વગેરે સ્થળે લાભ આપીને અમદાવાદ પ્રતિ વિહાર લંબાવ્યો હતો. અમદાવાદ પધાર્યા બાદ પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન વધુ ને વધુ સુધરતું જતું હતું. સો ઉપરાંત શ્રમણીઓને અને શ્રાવક તથા શ્રાવિકાઓને વાચના પ્રદાન કરવાનું કાર્ય પૂજ્યશ્રી કરતા હતા... રવિવાર, તા. ૧૮-૪-૯૩ ના રોજ સંસારી ભત્રીજા ભરતકુમારના ફલેટ પર પૂજ્યશ્રીએ પાવન પગલા કર્યા હતા. સંસારી બેનો તથા સંસારી ભત્રીજાઓનો વિશાળ પરિવાર પૂજ્યશ્રીના ચરણોમાં હાજર થઈ ચૂક્યો હતો. તે સહુને દિવસ-રાત સતત નવકાર મંત્રનું રટણ અને સ્મરણ કરવા પ્રેરણા કરી હતી. વીસ મિનિટ સુધી ફરી ફરીને એક જ વાત સમજાવી હતી કે તમારા ચિત્તને તમે નવકારમય બનાવી દો ! ઘણા બધા આર્તધ્યાન રૌદ્રધ્યાન ટળી જશે અને મન ખૂબ ખૂબ પવિત્ર બની જશે. આવી પ્રેરણા કરીને સહુને નવકાર ગણવાના

નિયમો કરાવ્યા હતા... ત્યારબાદ પરિવારના તમામ સભ્યોએ પૂજ્યશ્રીના હાથમાં રહેલ ભીક્ષાપાત્રમાં સુપાત્રદાનનો લાભ લીધો હતો. રે ! ત્યારે કોને કલ્પના હતી કે આ જિંદગીનો છેલ્લો છેલ્લો લહાવો છે... ત્યારબાદ પૂજ્યશ્રી પંકજ સોસાયટીમાં પધાર્યા હતા... આજીવન પૂજ્યશ્રીની સેવામાં ખડેપગે રહેનારા, આત્માર્થી, નિજાનંદી અને ગુણાનુરાગી મુનિવરશ્રી ગુણસંદર વિજયજી મહારાજને આગમશાસ્ત્રની વાચના પ્રદાન કરી હતી. પૂજ્યશ્રીએ આ વાચના ચાર વાગે શરૂ કરી હતી અને છેક પોણા છ સુધી લંબાવી હતી... રે ! કોને ખબર હતી કે વીરવિભુની અંતિમ દેશનાની જેમ આ પણ અંતિમ દેશના છે.

સાંજની ગોચરી આવી ગઈ હતી પણ પૂજ્યશ્રી કહે કે મને ઊલટી જેવું થાય છે અને છાતીમાં પણ મૂંઝવણ થાય છે. એટલે ગોચરી વાપરવી નથી પૂજ્યશ્રીએ છાતીમાં મૂંઝવણની ફરિયાદ કરી એટલે તરત બાજુમાંથી ડૉક્ટરને બોલાવ્યા. તેમણે જોતાની સાથે જ ખ્યાલ આવી ગયો કે હાર્ટએટેકનો હુમલો થઈ ચૂક્યો છે અને પરિસ્થિતિ ગંભીર છે. એમની સલાહ પ્રમાણે નજીકમાં જ રહેલા ડૉક્ટર હાઉસમાં પૂજ્યશ્રીને દાખલ કરવામાં આવ્યા. હૉસ્પિટલના પલંગ પર મૂકતાંની સાથે જ પૂજ્યશ્રીએ આંખ મીંચી દીધી, પલ્સ છૂટી ગઈ અને ડૉક્ટરના મુખમાંથી નિસાસા સાથે 'કોલેપ્સ' એવો શબ્દ સરી પડ્યો, ચારે કોર રો-કકળ ચાલુ થઈ ગઈ, સહુ ભાંગીને ભુક્કા થઈ ગયા. અરે ! રે ! આ શું થયું... પણ અનુભવી ડૉક્ટરે તરત જ પૂજ્યશ્રીના હાર્ટને મસાજ આપવાનો શરૂ કરી દીધો. સાથે દવા ઉપચાર પણ શરૂ કરી દીધા અને બધાના ભારે આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રીએ આંખ ઉઘાડી અને સહુની સામે જોવા લાગ્યા... સહુના શ્વાસોચ્છવાસને થંભાવી દેતો કાળમુખો એક કલાક પસાર થઈ ગયો અને પૂજ્યશ્રી સારા એવા સ્વસ્થ દેખાયા. સાધુઓએ પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરાવ્યું. થોડીવાર પૂજ્યશ્રી સંથારી ગયા. એકાદ કલાકે ઉઠ્યા પછી કહે કે ચાલો મને પ્રતિક્રમણ કરાવો. સાધુ કહે કે સાહેબજી પ્રતિક્રમણ તો થઈ ગયું છે. તો કહે ચાલો પોરિસી ભણાવો. સાધુ કહે કે સાહેબજી પોરિસી પણ ભણાવાઈ ગઈ છે. આવી પરિસ્થિતિમાં પણ પૂજ્યશ્રીને પ્રતિક્રમણની લગન એટલી જબ્બર હતી કે રાત્રિના સમયે બે-ચાર વાર પ્રતિક્રમણ અને પોરિસી યાદ કર્યા હશે. રખે પ્રમાદવશ મારે આ આવશ્યક ક્રિયા રહી ન જાય.

ડૉક્ટરની દેખરેખ નીચે રાત્રિ પસાર થઈ રહી હતી. પં. પદ્મસેનવિજયજી મ. મુનિશ્રી શિવસુન્દરવિજયજી તથા મુનિશ્રી કુલભાનુવિજયજી પૂજ્યશ્રીની સેવામાં ખડેપગે તૈયાર હતા. પૂજ્યશ્રીના કૃપાપાત્ર, આત્મીય અને પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત આદરભાવ ધરાવતા બે યુવાનો જયેશ અને કલ્પેશ પણ ખૂબ જ સજાગ રીતે

પૂજ્યશ્રીની તબિયતનું ધ્યાન રાખી રહ્યા હતા. રાત મધરાત મટી અધરાત બની અને અધરાત મટી પ્રભાત પ્રતિ ગતિ કરી રહી હતી. પૂજ્યશ્રી વધુ ને વધુ સ્વસ્થ દેખાયે જતા હતા... કોઈ સ્વપ્નમાં પણ કલ્પના ન કરી શકાય કે હજી મોટું જોખમ માથે ચકરાવા મારી રહ્યું છે અને હાલ જે સ્વસ્થતા જણાઈ રહી છે તે તો વીજળીનો ઝબૂકો બનીને ઓલવાઈ જવાની છે...

વહેલી પરોઢે ચાર વાગ્યાથી પુનઃ પૂજ્યશ્રીએ "રાઈ પ્રતિક્રમણ"ની રટના શરૂ કરી દીધી હતી. સાધુઓ કહે કે હજુ વાર છે આપ થોડો આરામ કરો... પૂજ્યશ્રી કહે ના, સમય થઈ ગયો છે લાવો ભગવાન પધરાવો હું પ્રતિક્રમણ કરી લઉં છું. સાધુઓએ ભગવાન પધરાવ્યા અને પૂજ્યશ્રીએ જાતે જ પૂર્ણ સ્વસ્થતા અને શુદ્ધિપૂર્વક પ્રતિક્રમણ કરી લીધું.

પ્રભાત થતા પરમાત્માની પ્રતિકૃતિ સન્મુખ ચૈત્યવંદનાદિ પણ કર્યું... સમય થતાં ડૉક્ટર આવ્યા અને પૂજ્યશ્રીને સારી રીતે તપાસ્યા. બહાર નીકળીને સહુને કહ્યું કે ખૂબ સારું છે... ચિંતાનું કોઈ કારણ નથી. હવે પરિસ્થિતિ 'આઉટ ઑફ ડેંજર' કહી શકાય... સૌના હૈયે 'હાશ' વળી કે ચાલો હવે આપણા આરાધ્યપાદ ગુરુદેવ દીર્ઘાયુ બનશે અને ચીરકાળ સુધી આપણા સહુના યોગક્ષેમ કરતા રહેશે... બહારગામથી સતત રણકતી રહેતી ટેલિફોનની ઘંટડી પર સૌને એક જ સંદેશ પાઠવવામાં આવી રહ્યો હતો કે પૂજ્યશ્રીને સારું છે અને કોઈ ચિંતા કરશો નહિ અને ન માલૂમ જાણે બધા ઊંઘતા જ ઝડપાઈ જવાના હોય તેમ બપોરે બરાબર એકને દશ મિનિટે પૂજ્યશ્રીને વોમીટ થઈ... સહુના શ્વાસ પાછા અદ્ધર થઈ ગયા. સ્વયં પૂજ્યશ્રી જ બોલ્યા કે ચંદ્રશેખર ! હવે હું રહેવાનો નથી મને આ હૉસ્પિટલમાંથી ઉપાશ્રયે લઈ જાવ અને ત્યાં આરાધના કરાવો. થોડી વારે ફરી પાછી એ જ વાતને રીપીટ કરતાં પૂજ્યશ્રી બોલ્યા, ચન્દ્રશેખર ! હું તને સાચું કહું છું હવે હું રહેવાનો નથી મને ઉપાશ્રયે લઈ જાવ... પણ આવી ગંભીર પરિસ્થિતિમાં ઉપાશ્રયે લઈ જવાનું, કોઈને યોગ્ય ન લાગ્યું... વોમીટ કરતાં જે શ્રમ પડ્યો તેણે ગઈકાલે એટેકના હુમલાથી ઘવાયેલા હૃદયને ફરી પાછું ઘાયલ કર્યું... અને ફરી પાછો એટેકનો હુમલો આવ્યો... ઉપસ્થિત, સાધુ, શ્રાવકો વગેરે બધાએ મોટેથી 'નમો અરિહંતાણં', 'નમો અરિહંતાણં'ની ધૂન મચાવી. હાર્ટના ભયંકર હુમલા વચ્ચે પણ ગુરુદેવ 'અરિહંત' 'અરિહંત'ની ધૂનમાં મસ્ત હતા... સ્વયં પણ અરિહંતની ધૂનમાં ધીમો સ્વર પૂરાવતા હતા અને અંતે આખી જિંદગી જે અરિહંતની આણા પાળવામાં પસાર કરી હતી તે અનંતાનંત ઉપકારી, અકારણ વત્સલ, અરિહંત પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં નશ્વર દેહને છોડીને પરલોકની વાટે પ્રયાણ કરી ગયા હતા.

ઘડિયાલે ત્યારે બપોરે બરાબર દોઢનો ડંકો પાડીને પૂજ્યશ્રીના જીવનની સમાપ્તિને જાણે છેલ્લી અંજલિ સમર્પી હતી...

અમદાવાદમાં કાળુશીની પોળના મકાનના એક ખૂણે જ્યારે ગુરુદેવશ્રીનો જન્મ થયેલો ત્યારે જગતમાં કોઈને ખબર ન હતી કે બાળક જન્મ્યો છે, પણ આ કૃપાળુ ગુરુદેવ જિંદગી એવી જીવી ગયા કે જેમના સ્વર્ગવાસના સમાચારો ક્ષણવારમાં તો ભારતના ખૂણેખૂણે પ્રસરી ગયા હતા... પૂજ્યશ્રીના અનંત ઉપકારોના ભાર નીચે દબાયેલા ભક્તોને આ વજ્રઘાતસમા સમાચાર મળતાં સહુ ભાંગી પડ્યા હતા. પૂજ્યશ્રીની એકદમ નજીક રહીને વર્ષોપર્યંત સેવા બજાવનારા મુનિવરો જ્યાં જ્યાં હતા ત્યાં તો સમાચાર મળતા કારમો કલ્પાંત શરૂ થયો હતો. મુનિઓ ગુરુવિરહની વેદનાથી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. સ્થાનિક સંઘોના અગ્રણીઓએ ભેગા મળીને તે મુનિવરોને આશ્વાસન આપીને સ્વસ્થ કરવાના પ્રયત્નો કર્યા હતા...

પૂજ્યશ્રીના દેહાંતના સમાચાર મળતાં મુંબઈ, સુરત, વડોદરા, નાસિક, પુના, બેંગલોર, મદ્રાસ, કલકત્તા આદિ મહાનગરોમાંથી અને મહારાષ્ટ્ર, ગુજરાત, તામીલનાડુ, કર્ણાટક, રાજસ્થાન, બંગાળ વગેરે અનેક રાષ્ટ્રોમાંથી ભક્તોની ભારેભીડ અમદાવાદના આંગણે ઊતરી પડી હતી. મુંબઈ મહાનગરના અનેક અગ્રણી શ્રાવકો પ્લેન, ટ્રેન, બસનું જે સાધન મળ્યું તે પકડીને અમદાવાદ પહોંચતા થયા હતા. વડોદરા, સુરત વગેરે મહાનગરોમાંથી સ્પેશ્યલ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

લાખો માનવોની મેદની વચ્ચે મંગળવાર તા. ૨૦-૪-૯૩ નાં રોજ પૂજ્યશ્રીની પાલખી નીકળી હતી. સમગ્ર રાજમાર્ગો 'જય જય નંદા', 'જય જય ભદ્દાના' મંગલનાદથી ગાજી ઊઠ્યા હતા. પૂજ્યશ્રીના ઉપકારને સંભાળીને ભક્તજનોએ મન મૂકીને અગ્નિસંસ્કાર આદિની ઉછામણીઓનો લાભ લીધો હતો. અગ્નિસંસ્કારનો લાભ મુંબઈના પૂજ્યશ્રીના ભક્તજનોએ લીધો હતો.

પાલડી પંકજ સોસાયટીમાં બપોરે દોઢ વાગે પૂજ્યશ્રીના પાર્થિવદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. ત્યારે પૂજ્યશ્રીના આજીવન અદના સેવક અને પૂજ્યશ્રીના અત્યંત કૃપાપાત્ર બનેલા વર્ધમાન સેવા કેન્દ્ર સરસંચાલક કુમારપાળ વિ. શાહ પોકે પોકે અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા. રાજા કુમારપાળની યાદ દેવડાવતું એ દશ્ય જ એટલું કરુણ હતું કે અગ્નિસંસ્કારની ભૂમિની ચારેકોર ઊંચી ઊંચી ઈમારતોની અગાસીઓમાં, રાજમાર્ગો પર ઊભેલી સઘળી મેદનીએ મોંફાટ રૂદનના પડઘાઓથી વાતાવરણને ભરી દીધું હતું.

જે કાયામાં રહીને પૂજ્યશ્રીએ ઉગ્ર તપો, સાધનાઓ, પ્રભાવનાઓ, ઉગ્ર

વિહારો અને જિનશાસનસેવા વગેરે અનેકવિધ કાર્યો બજાવ્યા હતા તે પવિત્ર, નિર્મળ અને તેજસ્વી કાયા જોતજોતામાં રાખમાં ઢબુરાઈ ગઈ હતી.

પાર્થિવદેહે પૂજ્યશ્રી આપણા સહુની વચ્ચેથી અદૃશ્ય થયા છે, પણ દિવ્યદેહે પૂજ્યશ્રી સ્વર્ગલોકે બિરાજ્યા છે. આપણે સહુ પૂ. ગુરુદેવને પ્રાર્થના કરીએ કે ઓ કૃપાળુ ગુરુદેવ ! સ્વર્ગલોકે આપ જ્યાં બિરાજ્યા હો ત્યાંથી અમ રંક સેવકોને સદૈવ સહાય કરતા રહેજો. આપના એકાએક ચાલ્યા જવાથી અમને જે કારમો ઘા લાગ્યો છે તેને જીરવવાની અને આપના આદરેલા જે કાર્યો અધૂરા રહ્યા છે તે પૂર્ણ કરવાની શક્તિ દેજો. આપે આપના જીવનમાં જીવીને બતાડેલા તમામ આદર્શોને અમારી જિંદગીમાં ચરિતાર્થ કરવાનું બળ પ્રદાન કરજો અને છેલ્લે ઓ વહાલા ગુરુદેવ ! દેવલોકથી દિવ્યદેહે મહાવિદેહની ભોમકા પર ભગવાન સીમંધરની સેવામાં આપ તો જરૂર દોડી જશો, પણ આપના વિરહે તરફડી તરફડીને ઠેર ઠેર બેચેન બની રહેલા આપના વિશાળ શિષ્યગણને આપ ભૂલી ન જશો ! જરૂર દિવ્યદેહે દર્શન દેજો અને અમારી રડતી કકળતી આંતરડીને આપ ઠારજો.

પૂ. પંન્યાસજી મહારાજના પ્રવચનના કેટલાક અંશો સ્થળ સંકોચના કારણે રજૂ કરી શક્યા નથી તેમજ કેટલાક વધારાના અંશો વાચકોને અંતિમક્ષણોની અનુમોદનાનો લાભ મળે તે હેતુથી રજૂ કરેલ છે. વાલકેશ્વર તીનબત્તી સર્કલ બાબુ અમીચંદ પન્નાલાલજી ટ્રસ્ટ સંચાલિત આદિનાથ જૈન દેરાસર પાસે ઉપાશ્રયમાં યોજાયેલ આ સભામાં પૂ. પંન્યાસ શ્રી હેમરત્ન વિ.મ.ના આ પ્રવચનમાં આખી સભાની આંખોમાં આંસુઓ હતા અને સહુના હાથમાં ગડી વાળેલા આંસુથી ભીંજાઈ ગયેલા રૂમાલો હતા. સહુના મુખમાં શબ્દો હતા. ઓ... હે... હે... ધન્ય ગુરુદેવ ! ધન્ય શિષ્યો ! ધન્ય ધન્ય જિનશાસન !

ગુણાનુવાદની આ સભામાં બાબુ શ્રીમાન ધનુભાઈ, શ્રાદ્ધવર્ય શ્રી હિંમતભાઈ બેડાવાળા, ધીરજભાઈ એમ. શાહ, ભાણાભાઈ ચોકસી, ચન્દ્રકુમાર જરીવાળા, અમૃતભાઈ, છબીલભાઈ છનાભાઈ ગોળાવાળા, દિનેશભાઈ, લલિતભાઈ ભગુરવાળા, કેશુભાઈ શાહ, દીપચંદભાઈ તાસવાળા, નરોત્તમદાસ મોદી આદિ અનેક અગ્રણી શ્રાવકો ઉપસ્થિત રહ્યા હતા. - તંત્રી

(રાગ - આશાવરી)

ઓ ગુરુવર ! વિસર્યા ના વિસરાય (૨)
પ્રેમસૂરીશ્વર કેરા પનોતા, થયા એ શિષ્ય અનોખા,
ભુવનભાનુ સૂરિવર નામે, અમ જીવનના નેતા. -ઓ ગુરુવર૰

સંયમ લીધું જોબન વયમાં, ગુરુવર પ્રેમની પાસે,
ચરણ કરણ ગુણે સોહંતા, અનેક ગુણગણ વંતા. -ઓ ગુરુવર૰

પંચાચારનું પાલન કરવા, સદા એ તત્પર રહેતા,
પ્રેમભાવે શિષ્યોને નિહાળી, સંયમ શિક્ષા દેતા. -ઓ ગુરુવર૰

કઠોર સાધના હતી આપની, જ્ઞાન-ધ્યાન-તપ તપતા,
જિનવર ભક્તિ રસની પ્યાલી, સદા ગુરુવર પાતા. -ઓ ગુરુવર૰

એક એક પદાર્થનો ગુરુવર, સૂક્ષ્મ રીતે બોધ દેતા,
હવે અમે ક્યાં જઈશું ગુરુવર, વાચના માટે તલસતા. -ઓ ગુરુવર૰

સારણા-વારણા હવે કુણ કરશે, સાર-સંભાળ કોણ લેશે,
એકલા અમને મૂકી ગયા છો, આપ સ્વર્ગની વાટે. -ઓ ગુરુવર૰

સાથે રહેતા હતા આપની સૂરિ જયઘોષ સદાયે,
આવે ટાણે આપે ગુરુવર, દૂર દૂર મોકલી દીધા. -ઓ ગુરુવર૰

ક્રૂર કાળને શરમ ન આવી, અમ શીર છત્ર ઝુંટવતા,
રડી રહ્યા છે અમ અંતરિયા, ઝંખી ગુરુ દર્શનિયા. -ઓ ગુરુવર૰

બે હજાર ઓગણ પચાસમાં ચૈતર તેરશ અંધારી,
જીવન જ્યોત બુઝાઈ આપની, કરતી અમને નોંધારી. -ઓ ગુરુવર૰

યાદ તમારી પલ પલ આવે, હૈયું બહુ મુંઝાય,
આંખો તલસે દરિશન કાજે, દ્યો દરિશન ગુરુરાય. -ઓ ગુરુવર૰

જૈનશાસનને ધર્મની સેવા, કરીને કીરતિ પાયી,
સુરલોકથી આવી ગુરુવર, દેજો દર્શન સુખદાયી. -ઓ ગુરુવર૰

[રચયિતા - **પૂજ્ય મુનિશ્રી કલ્પરત્ન વિજય મહારાજ**

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૩૨,તા.૨૯-૫-૧૯૯૩

"આ 'મા'ના વિરહને ભૂલવાની બાબતમાં સમયને જ પોતાની હાર સ્વીકારી લેવી પડશે."

લિ. પરમપૂજ્ય પં. રત્નસુંદર વિજય મહારાજ વૈ.વ. ૭/૨

ધર્મપ્રેમી, કુમારપાળ યોગ્ય, ધર્મલાભ...

વરસો સુધી અનેક પંખીઓના આનંદ-કિલ્લોલનું કારણ બનેલો વડલો અચાનક

જ ધરાશાયી થઈ જાય અને જે હાલત પંખીઓની થાય એવી જ હાલત અનંતોપકારી સદૈવ સ્મરણીય આરાધ્યપાદ ભવોદધિતારક પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અચાનક થઈ ગયેલી વિદાયે આપણા સહુની કરી નાખી છે...

આજે એ તારકશ્રીની વિદાયને ૨૦/૨૦ દિવસ પસાર થયા છતાં હૈયું સ્વસ્થ થવાનું નામ નથી લેતું, આંખ આંસુ અટકાવવાની વાત નથી કરતી, દિલ પ્રસન્ન બનવાની સ્પષ્ટ ના પાડે છે... અલબત્ત, વ્યાખ્યાન-લેખન-વાંચન-વાચના વગેરે પ્રવૃત્તિઓ પૂર્વવત્ ચાલુ તો કરી દીધી છે પણ એ પ્રવૃત્તિઓ વચ્ચે અચાનક જ યાદ આવી જાય છે પૂજ્યશ્રી અને પાછી હતી એની એ જ સ્થિતિ થઈ જાય છે.

છ-છ વરસના લાંબા ગાળા બાદ આ વરસે પૂજ્યશ્રીનું પાવન સાંનિધ્ય મળ્યું, ચાતુર્માસના એ ગાળામાં પૂજ્યશ્રીએ મન મૂકીને વાત્સલ્યની ગંગા વહાવી...દિલ દઈને આશીર્વાદની હેલી વરસાવી... પ્રસન્નતાથી તરબતર થઈને અંતરની શુભેચ્છાઓ પાઠવી... અને આજે જાણે કે એક જ રાતમાં જીવનની એ વસંત પાનખરમાં પલટાઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે...

વાત્સલ્યની એ ગંગાથી લીલીછમ બની ગયેલી હૈયાની ધરતી એક જ રાતમાં જાણે કે સહરાના રણમાં પલટાઈ ગઈ હોય એવું લાગ્યા કરે છે... ૩૦/૩૦ વરસથી એ વાત્સલ્ય મૂર્તિનું મળેલું પાવન સાંનિધ્ય આમ અચાનક જ ઝૂંટવાઈ જશે એવી કોઈ જ કલ્પના નહોતી...

ગૃહસ્થપણામાં રહેવા છતાં એ તારકશ્રીના અનુગ્રહે તારા જીવનમાં સર્જેલા ચમત્કારોથી તું જો આજે સ્તબ્ધ છે તો સંયમ જીવનમાં એ તારકશ્રીના મળેલા પાવન માર્ગદર્શને, અનુપમ વાત્સલ્યે, કલ્પનાતીત અનુગ્રહે મારા જીવનમાં જે ચમત્કારો સર્જ્યા છે એનાથી હું તો આજે પાગલ જ છું...

ગૃહસ્થપણામાં તેં મને જોયો છે... બુદ્ધિનો છાંટો નહીં, પાઈની ય વ્યવહાર કુશળતા નહીં, ધર્મની કોઈ સમજ નહીં. ભણતરની કોઈ ભૂમિકા નહીં... આજે એ તારકશ્રીએ મને પ્રસન્નતાના ગગનમાં વિહરતો કરી દીધો છે... પ્રભુશાસનના અનેકવિધ યોગોમાં રમતો કરી દીધો છે. યત્કિંચિત્ પણ બોલતો-લખતો કરી દીધો છે... આ અનંત ઉપકારનો બદલો વાળવાની તો મારામાં કોઈ ક્ષમતા નથી જ પણ આ અનંત ઉપકારીને એક પળ પણ વિસરી શકવાની ક્ષમતા હૃદય ગુમાવી બેઠું છે...

પ્રભુભક્તિમાં એકતાન બની જતું એ તારકશ્રીનું મુખારવિંદ શું હવે માત્ર સ્મૃતિનો વિષય જ બની રહેવાનું ? સંયમ શુદ્ધિ માટે આગમ પંક્તિઓના તાત્ત્વિક

રહસ્યો ખોલતી જીભ શું હવે ક્યારેય નહીં ખૂલવાની ?

'આયા, પ્રભુજી આયા, જિનજી આયા' અષ્ટાપદની પૂજાની આ ઢાળ વખતે ઉપસ્થિત માનવ મહેરામણને પ્રભુ સન્મુખ કરી દેવાની એ પ્રચંડ તાકાત હવે ક્યારેય અનુભવવા નહીં મળવાની ? સંઘ એકતા ખાતર માન-સન્માનની લેશ પરવા ન કરનાર એ ઉદાત્તવૃત્તિને હવે શું માત્ર વાગોળ્યા જ કરવાની ?

શિબિરોના માધ્યમથી હજારો ગુમરાહ યુવકોની સાચા અર્થમાં મા બની ચૂકેલી એ વાત્સલ્યમૂર્તિને શું હવે માત્ર ફોટામાં જ નિહાળવાની ? કહેવાય છે કે સમય ભલભલા ઘાને રૂઝવી નાખે છે પણ અત્યારે તો એવું લાગે છ કે **આ 'મા'ના વિરહને ભૂલાવવાની બાબતમાં** સમયને ય પોતાની હાર સ્વીકારી લેવી પડશે...

સુખનો ઉપકાર કરનારની વિદાય પણ જો ભૂલી શકાતી નથી તો આ તો ગુણોનો ઉપકાર કરનાર અગણિત ગુણોના ભંડારની વિદાયની વાત છે, શે ભૂલવી એને ? પરિધિ એવી ને એવી અખંડ ઊભી છે અત્યારે, પણ એનું કેન્દ્ર વિદાય થઈ ચૂક્યું છે... રસ્તો એનો એ જ છે પણ એ રસ્તા પર પ્રકાશ રેલાવતો દીપક આજે બુઝાઈ ગયો છે...

તારાઓ એના એ જ છે અત્યારે પણ, એ તારાઓને ચમકાવતું આખું આકાશ તૂટી પડ્યું છે. સમજું છું કે અપરિહાર્ય આ બાબત છે, એને સ્વીકારી લીધા વિના બીજો કોઈ જ વિકલ્પ નથી. પણ, આ તારકશ્રી જીવનમાં ક્યારેય બુદ્ધિના વિષય બન્યા નથી, હૃદયના વિષય જ રહ્યા છે... એમના પ્રત્યેનો સ્નેહ ક્યારેય તર્કના આટાપાટામાં ગોઠવાયો નથી, લાગણીમાં જ તરતો રહ્યો છે.

એમના પ્રત્યેના ઉછળતા સદ્ભાવને રોકતી દીવાલ જીવનમાં ક્યારેય ઊભી થઈ નથી, પુલ જ ઊભો થતો રહ્યો છે... અને એટલે જ લાખ પ્રયત્ન છતાં ધસી આવતા આંસુને નિયંત્રણમાં રાખવામાં સફળતા મળતી નથી, અન્ય પ્રવૃત્તિઓમાં મનને રસ લેતું કરી દેવામાં ધારી સફળતા મળતી નથી... શું કરું ? તને સૂઝે તો કોઈ ઉપાય લખી જણાવજે...

અલબત્ત, તારી સ્થિતિ પણ સારી નથી એવું સાંભળ્યું છે છતાં આ બાબતમાં તને કંઈક વધારે સૂઝશે... ચોક્કસ લખી જણાવજે...

લી : આંસુ સારતો રત્નસુંદર...

• • •

શ્રી રાજનગર જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સકળ શ્રી સંઘની ગુણાનુવાદ સભા

સિદ્ધાંતમહોદધિ પ.પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબના પટ્ટધર સુવિશાલગચ્છાધિપતિ, સંઘહિતચિંતક ન્યાયવિશારદ પ.પૂ. આચાર્યભગવંત શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ વિ.સં. ૨૦૪૯ ચૈત્ર વદ ૧૩ સોમવાર તા. ૧૯-૪-૯૩ના રોજ પંકજ સોસાયટીના ઉપાશ્રયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

તેઓ ગચ્છાધિપતિશ્રી ગૃહસ્થપણે આપણા રાજનગર-કાળુશીની પોળ-કાળુપુરના વતની હતા. પોતાના ૫૯ વર્ષના નિર્મળ સુદીર્ઘ સંયમપર્યાયમાં પોતાની ત્યાગ-તપોમય આરાધના તથા વૈરાગ્ય વિદ્વતાપૂર્ણ ઉપદેશથી પૂજ્યશ્રીએ અનેક આત્માઓને ધર્મમાર્ગમાં જોડ્યા હતા. યુવાનોના સંસ્કરણ માટે ચાલી રહેલી વાચનાશ્રેણી શિબિરોના તેઓશ્રી આદ્ય પ્રણેતા હતા. તેઓશ્રીની વૈરાગ્ય નીતરતી દેશનાથી સેંકડો યુવાનો આદિએ ભાગવતી-પ્રવજ્યા-દીક્ષા અંગીકાર કરી હતી અને હજારો શ્રાવકો આદિ તપ-ત્યાગાદિ આરાધનાના માર્ગે સુંદર શ્રાવક જીવન પાળી રહ્યા છે. આજે પૂજ્યશ્રી દ્વારા દીક્ષિત થયેલ લગભગ ૨૦૦ થી પણ અધિક મુનિ-પરિવાર સુંદર સંયમધર્મની આરાધના દ્વારા શ્રી સંઘને અનેક રીતે આલંબન રૂપ બની રહ્યો છે.

પ્રસિદ્ધ પ્રવચનકાર, વિશાળ સાહિત્યના સર્જક, ૧૦૮ વર્ધમાન તપ આરાધક એવા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીનો સકળ શ્રી સંઘ પર અનહદ ઉપકાર છે.

પૂજ્યશ્રીના ૫૯ વર્ષના નિર્મળ સંયમજીવનની અનુમોદના નિમિત્તે ગુણાનુવાદ સભા અમદાવાદના જૈનનગર (પાલડી) મુકામે પૂજ્ય આચાર્ય ભગવંતો આદિ મુનિભગવંતોની નિશ્રામાં યોજવામાં આવી છે. તો સકળશ્રી સંઘના ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે.

સમય : સવારના ૮-૩૦ થી ૧૦-૩૦, રવિવાર તા. ૧૬-૫-૯૩

સ્થળ : પો.હે. જૈનનગર મહોત્સવ મંડપ, પાલડી.

લિ. સંઘસેવક : નગરશેઠ અરવિંદભાઈ વિમલભાઈ તથા શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ

• પાલિતાણા ખાતે ગુણાનુવાદ સભા •

૨૪ એપ્રિલના સાહિત્ય મંદિરના હોલમાં બપોરે ૩ વાગે યોજાયેલ ગુણાનુવાદ સભામાં પરમપૂજ્ય આચાર્યશ્રી મહાબલસૂરીશ્વરજી મહારાજ પૂ.પં. શ્રી વ્રજસેન વિજયજી મ. પૂ.પં. શ્રી કીર્તિસેનવિજયજી મહારાજ, પૂ.પં. શ્રી અશોકસાગરજી

મહારાજ, પૂજ્ય મુનિશ્રી વરબોધિવિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મહારાજ, પૂજ્ય મુનિશ્રી કુલબોધિવિજયજી મહારાજ આદિએ ગુણાનુવાદ કરેલ ભાઈશ્રી નિકેશ સંઘવીએ પૂજ્યશ્રીની જીવનગાથાને આવરી લેતું ગુણગીત પોતાના દર્દભર્યા સૂરીલા કંઠે ગાયું હતું.

- "સ્વ. પૂજ્યશ્રીમાં વિદ્યા વ્યાસંગ, વિનિયોગ વ્યાસંગ અને વાત્સલ્યતા ગુણોનો ત્રિવેણી સંગમ હતો." - પૂ.મુનિશ્રી વરબોધિવિજયજી મ.
- "આપણને સૌને અનેક રીતે આરાધનાની પ્રેરણા કરી સમાધિ મૃત્યુને પ્રાપ્ત કરી પૂજ્યશ્રીએ સાધવા યોગ્ય બધું સાધી લીધું છે."
  - પૂ.મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મ.
- "પૂજ્યશ્રીમાં દાન શીલ તપ અને ભાવરૂપ ધર્મ ખૂબ જ વણાયેલો હતો."
  - પૂ.પં.શ્રી વજ્રસેનવિજયજી મહારાજ
- આજીવન અપ્રમત્ત રહી સુંદર સાધના કરી અંતે અજોડ સમાધિને સાધી ગયા.
  - પૂ.પં.શ્રી કીર્તિસેનવિજયજી
- પૂજ્યશ્રી પોતે પંચાચાર પાળવામાં અપ્રમત્ત હતા. પાળવામાં સાવધાન અને પ્રેરક હતા. એક વખત ૧૭ સંડાસા પૂજી ખમાસણા દેવાપૂર્વક ઊભા ઊભા પ્રતિક્રમણ કરતા જોઈ હું તેમનાથી ખૂબ જ પ્રભાવિત થયો હતો.
  - પૂ.પં.શ્રી અશોકસાગરજી મહારાજ
- "અમારું ક્ષેમકુશળ કરનારી અમારી ગુરુમાતા ચાલી ગઈ છે."
  - પૂ.મુનિશ્રી કુલબોધિવિજયજી
- અમારા ગુરુદેવ આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ "પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજની લીલીવાડીના ફળ હતા."
  - પૂજ્ય આચાર્યશ્રી મહાબળસૂરીશ્વરજી મહારાજ

• નડીયાદ સંઘના ૧૧૪ વરસીતપના તપસ્વીઓના પારણા પ્રસંગે પાલિતાણા પધારેલ પૂજ્ય મુનિશ્રી વરબોધિવિજયજી તથા પૂજ્ય મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મહારાજ આદિ પાલિતાણા બિરાજમાન હતા. ત્યાં તેઓશ્રીની પાવન નિશ્રામાં તપસ્વીઓની અનુમોદના અર્થે અનેકવિધ કાર્યક્રમો ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક યોજાયા હતા. પૂજ્ય મુનિશ્રી વરબોધિવિજયજી મહારાજ અને પૂજ્ય મુનિશ્રી ભુવનસુંદર વિજયજી મહારાજ પ્રસંગ પૂર્ણ કરાવી અમદાવાદ ખાતે પધારી ગયા છે.

• **માલવાક્ષેત્ર :** માલવાક્ષેત્રમાં છેક દૂર દૂરના ગામો સુધી ઉગ્ર કઠીન વિહારો

કરી કરીને અનુપમ ધર્મપ્રભાવના કરતા પરમ પૂજ્ય પં.શ્રી વીરરત્નવિજયજી ગણિવર્યશ્રીને પૂજ્યશ્રી કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં ભારે આઘાતનો અનુભવ થયો હતો. પોતાના ગુરુદેવનો વિયોગ થતાં દિવસો સુધી ગુરુદેવના ઉપકારોને યાદ કરી કરી એમની આંખેથી ભાદરવો નીતરતો જોઈ સંઘ પણ ગમગીનીનો અનુભવ કરતો હતો. પૂ.પં. શ્રીએ પોતાના ઉગ્ર વિહારોમાં શાજાપુર, મક્ષીજી, ઉજ્જૈન ઇત્યાદિ સંઘોમાં ગુણાનુવાદની સભાઓમાં ગુરુગુણ ગાથાનું શ્રવણ કરાવીને સૌના હૈયામાં અહોભાવ છલકાવી દીધો હતો.

• ભૂલ્યા ન ભૂલાયે ગુરુવર !

- પંન્યાસ હેમરત્ન વિજય

આસો વદની એકાદશીના દિવસે હું સુરતની સબજેલમાં પ્રવચન કરવા જઈ રહ્યો હતો. પૂજ્યશ્રી પાસે હું રજા લેવા ગયો તો ગુરુદેવ કહે કે ઊભો રહે ! હું પણ આવું છું. અરે સાહેબ ! આ ધૂમ ગરમીમાં આપ શા સારુ ધક્કો ખાવ છો. ૩ કિ.મી. દૂર જવાનું છે અને કેદીઓને સંબોધવાના છે. હું જઈને આવી જાઉં છું. આપ પરિશ્રમ ન લેશો. મારી એકે ય વાતને ગણકાર્યા વિના મહારાજજી સીડી ઉતરી ગયા. હું પાછળથી પૂજ્યશ્રી માટે સ્ટ્રેચર લઈને નીચે ઉતર્યો. પૂજ્યશ્રીને સ્ટ્રેચરમાં બેસાડ્યા અને અમે ખભે ઊંચકીને રસ્તે ચાલવા લાગ્યા. અડધા કલાકે જેલ દરવાજે પહોંચ્યા. જેલસુપરિન્ટેન્ડન્ટે પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. પછી અમે જેલના પ્રવચનકક્ષમાં પહોંચ્યા. પૂજ્યશ્રી પાટે બિરાજ્યા અને માંગલિક ફરમાવ્યું.

મેં પ્રવચન શરૂ કરતાં જ કહ્યું કે ઓ કેદી ભાઈઓ ! ભારતભરના લોકો પોતાના પાપ ધોવા કાશીના કાંઠેથી વહેતી ભાગીરથીમાં સ્નાન કરવા જાય છે પણ આજે તમારા પ્રચંડ પુણ્ય જાગ્યા હોવાથી ખુદ ગંગા બહતી હુઈ આપકે આંગનમેં આઈ હૈ !

જેલરો, કોર્ટના જજો કે ભારત સરકાર તમને સજામાં મુક્તિ આપે કે ન આપે પણ આ મહાપુરુષના દર્શનમાત્રથી તમારા સેંકડો પાપો ધોવાઈને સાફ થઈ જવાના છે, જેઓશ્રીના દર્શન માટે લોકો લાઈનો લગાવે છે એવા મહાપુરુષના દર્શન આજે તમને જેલ આંગણે સંપ્રાપ્ત થયા છે. કદાચ જો તમે જેલમાં ન હોત તો આખી જિંદગીમાં તમે આ વિરલ વિભૂતિના દર્શન ન પામી શકત. આવા એક ત્યાગી, તપસ્વી, સંયમી વિદ્વાન પવિત્ર પુરુષના દર્શન પ્રાપ્ત થયા છે તો તેઓશ્રીની યાદમાં આજથી શરાબ અને માંસાહાર નામના બે પાપને તમે તિલાંજલિ આપી દેજો.

મેં પ્રવચન પૂર્ણ કર્યું. પછી પૂજ્યશ્રીએ પણ આ બે પાપ ત્યજી દેવા માટે સુંદર પ્રેરણા કરી અને એક એવો અદ્‌ભુત ચમત્કાર સર્જાયો કે આખી જેલના તમામ કેદીઓએ હાથ જોડ્યા અને આજીવન શરાબ, માંસાહારનો ત્યાગ કરી દીધો.

જેલ પ્રવચનનો પ્રસંગ પત્યા પછી જ ખ્યાલ આવ્યો કે પૂજ્યશ્રીના અંતરમાં આ કેદીઓ પ્રત્યે પણ કેવી અપાર કરુણા પડેલી હતી.

માત્ર એક દર્શન આપવા માત્રથી ૪૫૦ કેદીઓને જીવનભર બે પાપોથી મુક્ત કરી દીધા અને કેદીઓ માટે એ ઉગ્ર તપસ્વી સંયમી વિરલ વિભૂતિના પાવન દર્શનનું એક યાદગાર સંભારણું બની રહ્યું.

ઓ ગુરુદેવ ! વિશ્વ હિંદુ વિદ્યાપીઠ બનારસથી માંડીને અનેક સ્કૂલો, કૉલેજો, મઠો અને મંદિરો સુધી પહોંચીને આપે પ્રવચનોની ધારા વહાવી હતી. છેલ્લે છેલ્લે બાકી રહી ગઈ હતી જેલો તો જિંદગીના છેલ્લા વર્ષે ૮૩ વર્ષની જૈફ વયે પણ આપે જેલમાં પગલાં પાડીને કેદીઓના જીવન પરિવર્તન કરીને આપે ખરેખર જેલને પણ પાવન તીર્થમાં પલટાવી નાખી હતી. કમાલ છે આપની કરુણા !

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૩૩,તા.૧૨-૬-૧૯૯૩

જૈનનગર - અમદાવાદને આંગણે સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબની ગુણાનુવાદ સભા અને ભવ્ય પરમાત્મભક્તિ મહોત્સવ

સુવિશુદ્ધબ્રહ્મમૂર્તિ, કર્મસાહિત્યનિપુણમતિ, સિદ્ધાંત-મહોદધિ, સુવિશાળ ગચ્છાધિપતિ પરમપૂજ્ય સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પટ્ટાલંકાર ૧૦૮ વર્ધમાન તપોનિધિ સંઘહિતચિંતક ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ અમદાવાદ મુકામે પંકજ સોસાયટી મધ્યે ચૈત્ર વદ ૧૩ સોમવાર તા. ૧૯-૪-૯૩ ના રોજ બપોરના ૧-૩૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

સ્વર્ગસ્થ પૂજ્યશ્રીએ ૮૩ વર્ષની ઉંમરે ૫૯ વર્ષના નિર્મળ સંયમ જીવનની સાધના કરી જ્ઞાન, ધ્યાન, તપ, સંયમ, સંઘએકતા આદિ અનેક સદ્‌ગુણોને સાધીને આ કાળમાં જળહળતું ઉદાહરણ આપણને સૌને પૂરું પાડ્યું છે... આવા મહાન પૂજ્યશ્રીની વિશાળ ગુણાનુવાદ સભા સકળસંઘ હિતદૃષ્ટા, સંઘસ્થવીર,

વર્ધમાનતપોનિધિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં થઈ. ગુણાનુવાદની સભાનું આયોજન શ્રી રાજનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ તરફથી નગરશેઠ શ્રી અરવિંદભાઈ વિમલભાઈ દ્વારા આયોજિત થઈ હતી. જૈનનગરના વિશાળ મંડપમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો અને શ્રાવક-શ્રાવિકાદિ વિશાળ જનમેદની ઊભરાઈ હતી. સ્વ. પૂજ્યશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા માટે સૌ હૈયેહૈયા દબાવીને ભાવવિભોર થઈને બેઠા હતા. બરાબર ૮-૩૦ વાગે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. સાહેબના મંગલાચરણથી ગુણાનુવાદ સભા પ્રારંભ થઈ હતી. પછી મુનિરાજશ્રી હંસદર્શનવિજયજી મહારાજે ગુરુગુણ મહિમા ગર્ભિત સ્વરચિત પદ્ય સભાને સંભળાવેલું.

:: ગુણાનુવાદ ગીત ::

અમને છોડી ગયા ગુરુદેવ (૨)
ગુરુદેવ કેવા હતા ? ત્યાગી-તપસી હતા, પંચાચારના પાલણહાર. ... ૧
રાજનગરમાં જન્મ થયો રે, કાન્તિભાઈ નામ ધર્યો રે
ભાનુવિજય બન્યા, પદ્મવિજય થયા, બાંધવ જોડી દિલ હરનાર. ... ૨
પ્રેમસૂરિના હૈયે વસ્યા રે, ગુરુ સેવામાં મસ્ત બન્યા રે,
ન્યાયનિપુણ હતા, પ્રવચનપરાગ હતા, સહુના ઝેરને ઉતારનાર. ...૩
સ્વાધ્યાયમાં એ મસ્ત જ રહેતા, ચન્દ્ર પ્રકાશે લેખન કરતા,
અમને છોડી ગયા, રડતા મૂકી ગયા, નયને આંસુ અનરાધાર. ...૪
ગુણની ગરિમા સહુ કોઈ દેખે, તારા જેવો સાધુ ન પેખે,
તપોમૂર્તિ હતા, સંયમમૂર્તિ હતા, સકલ સંઘના તારણહાર. ...૫
પૂન્ય અમારા કાચા પડ્યા રે, ગુરુદેવ છોડી ચાલ્યા ગયા રે,
જગમાં નવિએ જડે, આવા ગુરુ ના મળે, ચરણે વંદન વારંવાર. ...૬
હંસવિનાએ સરોવર સુના, તારા વિયોગે ઉપાશ્રય સુના,
ગુરુદેવ દરિશન દ્યો, અમને તારી લ્યો, શિષ્ય ગણના હૈયાના હાર. ...૭
અંતિમ ઘડી સુધી પાસે રહ્યા રે, પંન્યાસ ચન્દ્રશેખર રડતા રહ્યા રે,
જયઘોષસૂરિ થયા, ગચ્છના અધિપતિએ પ્રભુનું શાસન રક્ષણહાર. ...૮
ચૈત્રવદી તેરસના દિવસે, અણધારી ગુરુદેવ આંખો મીંચશે,
ફૂલ ખરી પડ્યું, ફોરમ મૂકી ગયું હંસદર્શનમાં એ રમનાર. ...૯

સ્વ. પૂજ્યશ્રીના ૫૯ વર્ષના નિર્મળ સંયમ જીવનની અનુમોદના તથા સ્વ.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની ૨૫ મી સ્વર્ગવાસ તિથિ નિમિત્તે જૈનનગર સંઘમાં પાંચ દિવસનો શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ચાલી રહ્યો છે. તેનો આજે બીજો દિવસ હતો. ગુણાનુવાદ સભાનું સંચાલન કરનારા ગુરુભક્ત શ્રી કુમારપાળ વિ. શાહે જણાવ્યું કે સ્વ. પૂજ્યશ્રીના સંયમજીવન અનુમોદન નિમિત્તે ૧૬૦૦ સાધર્મિકોની રોકડ રકમ દ્વારા સાધર્મિક ભક્તિ, કતલખાનાથી પશુઓને છોડાવવા, બહેરાં-મૂંગા-લૂલાં, અંધા આદિ સંસ્થામાં તેઓને ભોજનદાન, કેન્સરની હૉસ્પિટલના ૪૦૦ કેન્સરના દર્દીઓને શુદ્ધ ઘીનો શીરા આદિનું જમણ વી.એસ. હૉસ્પિટલોમાં ગરીબ દરદીઓને મફત દવાનું દાન ઇત્યાદિ પ્રકારે સાધર્મિક ભક્તિ, જીવદયા, અનુકંપાદિના સત્કાર્યો બહુ જ ઉદારતાથી કરવાનું આયોજન થયેલ છે. પૂજ્યશ્રીના નિર્મળ સંયમજીવનની અનુમોદના નિમિત્તે આજે ભવ્ય મહાપૂજા અને રંગોળી પ્રદર્શનના કાર્યક્રમો પણ યોજાયેલ છે.

• ગુણાનુવાદ સભાના પ્રારંભમાં **જૈનનગરના ટ્રસ્ટી શ્રી રસિકભાઈ**એ અહીં યોજાઈ રહેલા પંચાહ્નિકા મહોત્સવનો પરિચય આપ્યો અને તેમના આંગણે આ કાર્યક્રમ યોજાયો તેનો આનંદ જાહેર કર્યો. ગુણાનુવાદ કરતા તેઓએ જણાવ્યું કે તેઓમાં અનેક ગુણો હતા, ટૂંકમાં કહું તો તેઓશ્રી ખાખી હતા, શુદ્ધ ૨૪ કેરેટના સોના જેવા હતા; ઇત્યાદિ.

• પૂજ્ય **મુનિરાજશ્રી યુગભૂષણવિજયજી** મ. સાહેબે "ભગવાનશ્રી મહાવીર દેવને આપણે સાક્ષાત્ જોયા નથી કે સાંભળ્યા નથી પણ ભગવાનનો સંદેશો આપણા સુધી પહોંચાડનારા પ્રભાવક ધર્માચાર્યો છે. આ રીતે આ ધર્માચાર્યોએ આપણા ઉપર અનન્ય ઉપકાર કર્યો છે. તે પ્રભાવક ધર્માચાર્યોમાંના એક વિશિષ્ટ કોટિના મહત્તર પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ હતા. જે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. જ્યારે હું ૧૫-૧૬ વર્ષનો હતો ત્યારે મને ચોમાસામાં ૪ મહિના સુધી પૂજ્યશ્રી સાથે રહેવાનો મોકો મળેલો. ત્યારે મેં જાણેલું કે પૂજ્યશ્રી વક્તૃત્વશક્તિ આદિ અનેક વિશિષ્ટ પ્રતિભા સંપન્ન હતા... મારા વિષયમાં પૂજ્યશ્રીએ એક મુનિ પાસેથી સાંભળ્યું કે - "આ નવિન સારો તૈયાર થઈ રહ્યો છે... વિદ્વાન છે" ત્યારે પૂજ્યશ્રી બોલ્યા કે - "સંયમ ન આવે તો વિદ્વત્તાની સાર્થકતા કેટલી !" આમ પૂજ્યશ્રીએ મારા સંયમ વિષેની ચિંતા કરી હતી. પૂજ્યશ્રીમાં લઘુતાગુણ પણ મહાન હતો. ઇત્યાદિ...

• **પૂ. મુનિરાજશ્રી ભુવનસુંદર વિ.** મ. સાહેબે :
આનંદોત્પાદકા તેઽત્ર ભગવંતો મુનીશ્વરાઃ ।

ये क्षालयित्वा पापोघ, मृता पंडित मृत्युना ॥

"પૂજ્ય ગુરુદેવશ્રીએ ૫૯ વર્ષના નિર્મળ સંયમ દ્વારા કર્મોના ભુક્કા બોલાવી... અંતિમ સમાધિ સાધીને મૃત્યુને મહોત્સવરૂપ બનાવ્યું છે... એક વાર પાટણની શિબિરમાં ગ્રાઉન્ડમાં ખૂબ કીડીઓના કારણે પૂજ્યશ્રીએ શિબિર વિદ્યાર્થીઓને ગ્રાઉન્ડમાં ચંપલ-બૂટ આદિ નહીં પહેરવાની પ્રતિજ્ઞાની પ્રેરણા આપી. યુવાન શિબિર વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા સહર્ષ સ્વીકારી. પણ બપોરના શિબિરના કલાસમાં મુકામથી વ્યાખ્યાન હોલ ૨૦૦-૩૦૦ ડગલા દૂર... વચ્ચે વૃક્ષ પણ નહીં ને તાપ ભયંકર, પગ તો જાણે લહાય બળી જાય... વિદ્યાર્થીઓ તે દિવસે ચંપલ વગર ખુલ્લા પગે તો આવ્યા. પણ પૂજ્યશ્રીને કહે - 'સાહેબ ! જમીન ખૂબ તપતી હતી. પ્રતિજ્ઞા શી રીતે પળાશે ?' તીવ્ર પ્રજ્ઞાના ધણી પૂ. ગુરુદેવશ્રીએ ધન્નાજી... શાલીભદ્રજી આદિના ઉદાહરણથી વિદ્યાર્થીઓને પાવર ચડાવ્યો ને સૂત્ર આપ્યું - "બળ બળ પગ બળ, તું બળે એમ મારા કર્મ બળે" આમ સૂત્ર આપી પૂજ્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞાપાલન કરવામાં મજબૂત બનાવી દીધા...

પૂજ્યશ્રીમાં તપ-ત્યાગ-જ્ઞાન અને સંયમ ખૂબ ભરેલા હતા. પરિણામે અંત સમયે અદ્‌ભુત સમાધિ સાધી ગયા,

● પૂજ્ય **પંન્યાસ શ્રી વિદ્યાનંદ વિજયજી** ગણિવર્યે ફરમાવ્યું કે - ગુરુકૃપા એમ જ ન મળે... પૂજ્ય ગુરુદેવશ્રીએ આજ્ઞાનું અદ્‌ભુત પાલન કરી ગુરુકૃપા પ્રાપ્ત કરી હતી. પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી એક કેન્સરના દરદી મુનિવરની પૂજ્યશ્રીએ સેવા કરી ૧॥ મહિનો સાથે રાખી અદ્‌ભુત નિર્યામણા કરાવી એ મુનિના સમાધિમરણમાં મહાન નિમિત્ત બન્યા હતા.

● પૂજ્યપાદ આચાર્યશ્રી **વિજય જગચ્ચંદ્રસૂરિજી** મ. સાહેબે ફરમાવ્યું હતું કે - પૂજ્યશ્રી દિનભર શાસ્ત્રસ્વાધ્યાયમાં રત રહેતા. ઉપાશ્રયમાં તો પુસ્તક-પ્રતનું પાનું સામે પણ હોય કિન્તુ વરઘોડામાં સાથે શું હોય ? પોણો કલાક-કલાક વરઘોડો ચાલે ત્યારે પૂજ્યશ્રી તત્ત્વચિંતનમાં લાગતા... એક વાર મને ચાલતે વરઘોડે પૂજ્યશ્રી કહે-

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે,
ખામી નહીં મુજ ખીજમતે, કદીય હોશો ફળદાતા રે...

'ખામી નહીં મુજ ખીજમતે'- મારી ભક્તિમાં કાંઈ ખામી નથી... તે શી રીતે ? આપણે તો ભગવાનની આજ્ઞા સંપૂર્ણ પાળી શકતા નથી. ખામીવાળી પાળીએ છીએ... હા, પૂ. યશોવિજયજી ઉપાધ્યાયજી મ. કહી શકે... આપણે કેમ કહી શકીએ કે મારી ખીજમતમાં ખામી નહીં ?

પછી પૂજ્યશ્રી પોતે જ સમાધાન આપતા બોલ્યા કે - તે તે કાળે આરાધનાની જે જે સામગ્રી હોય તેને આરાધનામાં બરાબર રીતે જોડીએ તો પણ ખામી નહીં મુજ ખીજમતે એમ કહી શકાય...

આમ પૂજ્યશ્રીનું ચિંતન સતત ચાલ્યા જ કરતું. સવાર કે સાંજના પચ્ચક્ખાણ વખતે પણ પૂજ્યશ્રી અચૂક વાંચના-ચિંતનની પ્રસાદી આપતા.

● પૂજ્ય **આચાર્યશ્રી ભદ્રબાહુસાગરસૂરિજી** મહારાજે ફરમાવ્યું કે-

સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ સાધુઓને ભણાવી-ગણાવીને તૈયાર કર્યા અને ભણાવવા-ગણાવવાની મોટી જવાબદારી માથે લીધી. તેઓનું ચારિત્રબળ ઉત્તમ હતું. તપ કરે ને ભણે એ એમની વિશેષતા હતી. કયા સાધુને કેવી રીતે આગળ વધારવો તે વાતના આચાર્યશ્રી અજબના પારખું હતા.

● પૂજ્ય **આચાર્યદેવશ્રી યશોરત્નસૂરિજી** મહારાજે ફરમાવ્યું કે - પાટણમાં મેં એમને પૂ.પં. શ્રી કાંતિવિજયજી મ.ને નિર્યામણા કરાવતા જોયા હતા. પૂજ્યશ્રીમાં ઘણાં ગુણો હતા. તેમના મૃત્યુને મૃત્યુ ન કહેવાય પણ મૃત્યુંજય કહેવાય.

● **સંઘસ્થવીર પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ** સાહેબે ફરમાવ્યું કે -

આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાધુ કેમ બન્યા તે સૌ પ્રથમ વિચારવું જોઈએ. તેઓએ વિચાર્યું કે - હું એક દિવસ નરક-નિગોદમાં હતો ત્યાંથી ઊંચે આવ્યો છું... આ બધા જન્મોમાં મેં એકેન્દ્રિય જીવોનો ખૂબ સહારો લીધો છે. તેથી હવે તેનું દેવું ચૂકાવું... તેથી દીક્ષા લીધી. જૂની જીવહિંસાનું દેવું ચૂકવ્યું અને નવી જીવહિંસા નહીં કરી દેવું કર્યું નહીં...

દીક્ષા લીધા બાદ જીવનમાં તપ આદિની સાધના જોરદાર કરી. દુકાનમાં માલ સારો ન હોય તો ઘરાક ન આવે ને વ્યાપાર ન થાય. આ રીતે તપ-ત્યાગનો માલ દુકાનમાં ભરી તેઓએ ખૂબ વ્યાપાર કર્યો. તેઓ તપસ્વી, ત્યાગી અને સાથે વૈરાગી પણ હતા. એમને આયંબિલમાંથી નવકારશી કરાવવી હોય તો ખૂબ મુશ્કેલી પડતી. તપ અને ત્યાગની મૂડી દ્વારા તેઓએ ખૂબ ઉપકાર કર્યો. તેમની ગુણાનુવાદ સભામાં આવી અને સાંભળીને તમે પણ કાંઈ ને કાંઈ અભિગ્રહ કરજો.

● અંચલગચ્છના પૂજ્ય **મુનિરાજશ્રી મહોદયસાગરજી** મ. સાહેબે કહ્યું કે - એ પૂજ્યશ્રી સાથે રહેવાનો અમને ૧૫ દિવસ લાભ મળ્યો. વાંચના સાંભળવા મળી. અંગત પણ મળવાનું થયું... તેમનો આત્મીયભાવ અમને સ્પર્શી ગયો. પંકજ સોસાયટીમાં કાળધર્મના ૧૦ દિવસ પહેલા મળ્યા. અમને વાસક્ષેપ નાંખી

આશીર્વાદ આપ્યા. 'આ મારા અને આ પરાયા' એવું તેમની નજરમાં જરાય ન હતું. પૂજ્યશ્રી ઘણાં વાત્સલ્યવાળા હતા.

● શિરપુર (મહારાષ્ટ્ર)ના **પંડિત શ્રી ધનંજયભાઈ જૈને** પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરતાં હિન્દી ભાષામાં જણાવ્યું કે - મારે તપોવનમાં પૂજ્ય ગુરુદેવશ્રી સાથે બે દિવસનો પરિચય હતો. પૂજ્યશ્રીએ મને વિશેષાવશ્યક ભાષ્ય પર Ph.D. કરવાની પ્રેરણા કરી હતી અને કહ્યું હતું કે - હું તને આ વિષય ખૂબ ભણાવીને ખૂબ સારો તૈયાર કરાવીશ... આમ પૂજ્યશ્રી જ્ઞાનદાન માટે સદૈવ તત્પર રહેતા. તેમણે સ્વરચિત ગુરુગુણદર્શક ગીત પણ હિન્દી ભાષામાં પ્રસ્તુત કરેલું... તેની કડીઓ આ પ્રમાણે છે -

મહિમાસે તુમ થે મહાન કર શ્રદ્ધાસે સબ વંદન
ભક્તોંકે તુમ ભગવાન કરે શ્રદ્ધાસે સબ વંદન(૧)
સાગરકી ઉપમા ક્યા દેઉં ઉસકા જલ સારા ખારા હૈ,
ચંદા ભી તુમકો કૈસે કહું ઉસમેં કલીમલકા કારા હૈ;
ઉપમાકે તુમ થે પ્રાણ કરે. શ્રદ્ધાસે૦ (૨)
ક્યું છોડ ગએ ગુરુવર હમકો મઝધાર મેં નૈયા ડોલ રહી,
માઝી બિન કૌન તિરાએગા દિલકી ધડકન એ બોલ રહી
તુમે યાદ કરેગા જહાંન કરે. (૩)
અવરુદ્ધ કંઠસે ગાતા હું પ્રીતિકે પુષ્પ ચઢાતા હું,
દિલકી મહેફિલમેં તુમ બિન અબ મૈં ગીત ગમોંકે ગાતા હું,
ધન કરલે નિજકા જ્ઞાન કરે. (૪)

પંડિતવર્ય શ્રી મફતલાલભાઈ ગાંધીએ - પૂજ્યશ્રી સાથે મારે ઘણા વર્ષોનો સંબંધ હતો. તેમની પાસેથી મને ઘણાં ઘણાં મહત્ત્વના સમાધાન પ્રાપ્ત થયા હતા. ગુરુના હૃદયમાં તેમનું સ્થાન હતું... જયં ચરે... જયં ચિટ્ઠે... પાવં કમ્મં ન બંધઈ... પૂજ્યશ્રી પોતાની ચર્યા એવી રીતે સાવધાનીથી કરતા કે પાપકર્મનો બંધ થાય નહીં. જયણા એમનામાં બહુ જ હતી, શાસન તેમના દિલમાં ખૂબ વસેલું હતું. સંઘ એકતાના હિમાયતી હતા.

● જૈનસંઘના અગ્રણી અને આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ **શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ** શેઠે જણાવ્યું કે - પૂજ્યશ્રી સિદ્ધાંતનિષ્ઠ હતા. પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબની પાટપરંપરાને વરેલા હતા. તપની સાથે જ્ઞાન-ધ્યાન તેમનામાં વિકસેલા હતા. ન્યાય અને વ્યાકરણ જેવા રુક્ષ વિષયો પણ સરળતાથી

સમજાવવાની તેઓશ્રીમાં કળા હતી. તેઓશ્રીએ શિબિર દ્વારા યુવાનોને તૈયાર કર્યા. ગ્રંથોની રચના કરી ગ્રંથરત્નો શાસનને ભેટ આપ્યા. તેઓશ્રીએ બહુજન સમાજને જ્ઞાનનું દાન કર્યું છે. ધીર-વીર-ગંભીર એવા આચાર્યશ્રીની જૈનસંઘને ચીરકાળ સુધી યાદ રહેશે, ઇત્યાદિ.

ગુણાનુવાદની સભાનો સમય પસાર થઈ રહ્યો હતો. હજુ રમણભાઈ વજેચંદ શાહ, કુમારપાળ વિ. શાહ, જયેશભાઈ ચંપકલાલ ભણસાલી, પ્રવીણભાઈ સી. શાહ (ભૂતપૂર્વ શિબિર વિદ્યાર્થી અને સંચાલક), કલ્પેશભાઈ આદિ અનેક વક્તાઓને પૂ. ગુરુદેવશ્રીના ગુણગાન કરવાના હતા. પણ સમયના અભાવને કારણે તેઓ એમ કરી શક્યા ન હતા.

● કુમારપાળ વિ. શાહે જણાવ્યું હતું કે સંઘનાયક, સિદ્ધાંત સંરક્ષક તપસ્વી સમ્રાટ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. સાહેબ નાદુરસ્ત તબિયતના કારણે આ સભામાં પધારી શક્યા નથી. પણ તેઓ પૂજ્યશ્રીએ પોતાના આશિષ આ સભાને પાઠવ્યા છે. તેમજ મુંબઈથી નૂતન ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ. પૂ. આ. હેમચંદ્રસૂરિજી મ. આદિના સંદેશાઓ આવ્યા છે.

● સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા પૂજ્યપાદ **પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી** ગણિવર્ય મ. સાહેબે ફરમાવ્યું કે - મારે કહેવાનું ઘણું છે પણ સમય માત્ર ૨૫-૩૦ મિનિટનો છે. એટલે સમયની ગતિ કરતા પણ મારા અવાજની સ્પીડ મારે વધારે રાખવાની છે.

હું પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબને મારી ગુરુમાતા કહીશ અને પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબને મારા ગુરુદેવ કહું છું... મારે આ બંને મહાપુરુષના ગુણગાન સાથે કરવા છે.

ગુરુદેવશ્રીએ લગભગ ૨૧૦ સાધુઓને ઘડ્યા. ઘડતર વિદ્વત્તાથી નહીં ચારિત્રથી થાય છે.

સાધુએ પોતાની જન્મતિથિ તો ન ઉજવાય પણ દીક્ષાતિથિ પણ ન ઉજવાય. કેમકે દીક્ષાતિથિ ઉજવાઈ તો ગુરુમાતા રોયા છે... ગુરુમાતા સાથે અમે રહેતા તે વખતે પાંચ વર્ષનો મારો પર્યાય હતો. અમારે વ્યાખ્યાનમાં જવાની મનાઈ હતી. "વાણિયાના વ્યાખ્યાનમાં સાધુનું શું કામ છે ? સાધુએ તો જ્ઞાન-ધ્યાન-અભ્યાસ કરવાનો !" એવું ગુરુમાતાજી કહેતા. પણ એકવાર પૂ.આ.શ્રી ત્રિલોચન સૂરીશ્વરજી મ. તથા પૂ. ગુરુદેવશ્રીએ એ આદેશ કર્યો "બધાએ વ્યાખ્યાનમાં આવવાનું છે." વ્યાખ્યાનમાં પૂ. ગુરુદેવશ્રીએ ગુરુમાતાના ગુણાનુવાદ કર્યા કેમકે તે દિવસે તેમનો

દીક્ષા દિવસ કા.વ. ૬ હતો.

પૂજ્ય ગુરુમાતાની સેવામાં રહેતા જયઘોષ વિ. મહારાજને ગુરુમાતાએ પૂછ્યું... "બધા સાધુઓ ક્યાં ગયા છે ? કેમ કોઈના સ્વાધ્યાયનો અવાજ સંભળાતો નથી ?' જયઘોષ મહારાજે કહ્યું - 'બધા વ્યાખ્યાનમાં ગયા છે, આજે આપનો દીક્ષા દિવસ છે તેથી વ્યાખ્યાનમાં આપના ગુણગાન મારા ગુરુદેવ કરવાના છે...'

આ સાંભળીને 'મારામાં શું ગુણો છે તે ગુણગાન કરવાના !' એમ બોલી પૂજ્ય ગુરુમાતાની આંખમાં દડ દડ આંસુ ચાલ્યા હતા... પાછળથી બધા સાધુ વ્યાખ્યાન સાંભળીને આવ્યા ત્યારે પૂજ્ય ગુરુમાતા ફરી રડ્યા - કે "અરે ! તમે આ શું કર્યું !"

યાદ રાખો, આ વખતે પૂ. ગુરુમાતાને ૩૦૦ શિષ્યો હતા. પોતાની તિથિઓ ઉજવનારા સાધુઓએ આ પ્રસંગ પરથી ખૂબ સાવધાની લેવાની જરૂર છે.

આ બંને મહાપુરુષો ચારિત્રના ધગધગતા ગોળા જેવા હતા. બ્રહ્મચર્યના અતિશય આગ્રહી હતા. પોતાના ચારિત્રને ખૂબ ઊંચે લઈ ગયા હતા. જગતનું કલ્યાણ ચારિત્રથી છે. આજે ચારિત્ર પર આપત્તિ આવી છે. યાદ રાખજો કે શુદ્ધ ચારિત્રના પાલનથી જ સ્વનું અને સર્વનું કલ્યાણ થાય. તમારે બધા શ્રાવકોએ કલ્યાણ કરવા માટે દયા, નીતિ અને સદાચારની તો કમસે કમ પ્રતિજ્ઞા કરવી જોઈએ...

આ બંને મહાપુરુષો મેવા, ફ્રુટ, ફરસાણ, મીઠાઈના આજીવન ત્યાગી હતા. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૦૮ વર્ધમાનતપની ઓળી કરી અને દક્ષિણના વિહારોમાં પણ નિર્દોષ રોટલાને પાણીથી ચલાવ્યું છે. અને એથી જ સાધુઓ પણ ત્યાગી તૈયાર થયા, મને ખબર છે કે એક વાર અડધું પાતરું ભરીને મીઠાઈ આવી હતી... તો પણ તે ચાલી ન હતી. કારણ કે લગભગ બધા સાધુ મીઠાઈના ત્યાગવાળા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીને છેલ્લા ૪ મહિના પહેલા પેરાલીસીસનો એટેક આવ્યો હતો. તેથી સુવિધાવાળી ચેર મુંબઈથી પ્રકાશભાઈ ઝવેરીએ મોકલાવી. નડિયાદમાં પૂજ્યશ્રીને બતાવી. તો પૂજ્યશ્રી કહે, "ચંદ્રશેખર ! આ ચેર તો ન ચાલે. તેમાં ડબ્બલ પાટી છે... ઉપરથી તો પડિલેહણ થશે. પણ નીચેથી - અંદરથી શી રીતે થશે ?" તો આવી ચેર પાછી મોકલાવી દો. તમારી ભાષામાં જેને ટક-ટક કહેવાય તેવી ટક-ટક ચારિત્રના ચુસ્ત પાલનના વિષયમાં આ બંને પૂજ્યશ્રીઓ ખૂબ કરતાં તેમનું મુખ્ય લક્ષ્ય સંયમ પર હતું.

અમે બધા પૂજ્ય ગુરુમાતાનું સ્ટેચર ઉઠાવતા અને ભક્તિ કરી ઉલ્લસિત

થતા હતા. એક વાર સ્ટેચર ઉઠાવનાર એક મુનિના પાણીના ઘડા માટે એક માણસ રાખ્યો... તે માણસને મેં કહેલું... "ભાઈ ! મોટા સાહેબની નજરમાં નહીં ચડતો..." પણ નજરે ચડી ગયો... સાહેબે - મારી ધૂળ કાઢી નાંખી... કહે-'મને સ્થિરવાસ કરાવો, આ માણસ શી રીતે ચાલે - શી રીતે રખાય ?'

એક વાત નિશ્ચિત છે - માણસથી ઘણાં પાપો પેસે છે. સાધ્વીજી ભગવંતોને શીલ વગેરેની રક્ષા માટે માણસ જોઈએ, પણ સાધુઓએ સાવધાન બની માણસ સાથે ન રાખવો જોઈએ.

કાળધર્મની આગલી રાત્રે પણ પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રતિક્રમણમાં ઉપયોગ આવે તેવી સાવધાની હતી અને ઉપયોગ ન રહ્યો તો ફરીવાર વિધિ કરાવતાં અને સૂત્રો બોલાવતા હતા. પંકજ સોસાયટીમાં જીવનના છેલ્લા દિવસે પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ વાચનામાં 'જગજ્જીવન જગવાલહો' લલકાર્યું હતું. સાચી વાત છે કે પૂજ્ય ગુરુદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબને આ જગત કોઈ ઓળખી શક્યું નથી. **જો તેમનું પુણ્ય હજી વધુ હોત તો તેઓશ્રી યુગપ્રધાન જેવા હોત** એમ કહેવામાં મને હરકત નથી. અહીં બિરાજમાન પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. સાહેબે પંકજ સોસાયટીમાં પ્રથમ ગુણાનુવાદ સભામાં કહ્યું હતું કે **"તમારા ગુરુદેવ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પૂર્વધર કક્ષાના મહાત્મા હતા."** એમના જીવન ખંડના કયા ખૂણામાં અંધારું હતું એજ એક પ્રશ્ન છે ! પણ આવા અપ્રમત્ત મહાત્માને પણ બદનામ કરવામાં કેટલાકોએ બાકી રાખી નથી.

ઈષ્ટફળસિદ્ધિ પદાર્થના નિર્ણયના વિષયમાં ૬ વર્ષ સુધી ચર્ચા ચાલી હતી. અને લેખિત સહીઓ સાથે જે નિષ્કર્ષ તૈયાર થયો હતો તેમાં સ્પષ્ટપણે પૂજ્ય ગુરુદેવશ્રીની વાતનો સ્વીકાર કરાયો હતો. આવી હતી તેમની પ્રગાઢ શાસ્ત્રીય બુદ્ધિમત્તા !

સંવત ૨૦૪૨ અને ૨૦૪૪ પછી આજે શ્રી સંઘમાં લગભગ ૧૪ આની શાંતિ સ્થપાઈ છે તેનો શ્રેય ત્રણ પૂજ્યો પૂ. ભદ્રંકરસૂરિ મ., પૂ. ઓંકારસૂરિ મ., પૂ. ભુવનભાનુસૂરિ મ. ને છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂજ્ય ગુરુમાતાજીની કર્મસાહિત્ય સર્જનની ભાવના જાણીને કર્મગ્રંથના વિષયમાં ૧૫ સાધુઓને ૬ મહિના ભણાવીને તૈયાર કરવાનું અજોડ કાર્ય કર્યું હતું, એ પંદર સાધુઓ દ્વારા પૂ. ગુરુમાતાજીએ લાખો શ્લોક પ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય તૈયાર કરાવ્યું હતું, જે પિંડવાડાની સમિતિએ પ્રકાશિત કર્યું છે.

એવું જ પૂજ્યશ્રીનું એક અદ્‌ભુત કાર્ય હતું - શિબિર દ્વારા યુવાનોના

ચારિત્રનું નિર્માણ કરવાનું. શિબિરના પિતામહ પૂજ્યશ્રી હતા. ગુરુમાતાની ઇચ્છાના પાલક હતા. પંચાચારના પાળનાર પળાવનાર હતા. આ બે ચારિત્રનિષ્ઠ મહાત્માઓએ નૂતન ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરિજી સહિત ઘણા બધા વિદ્વાનો, વ્યાખ્યાનકારો, તપસ્વીઓની બે હરોળ તૈયાર કરી છે. જેનો દાયકાઓ સુધી જૈનસંઘને લાભ મળવાનો છે. ગુણાનુવાદ સભામાં પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબે લગભગ ૦॥ કલાકની આ રીતના ધારાબદ્ધ પ્રવચન દ્વારા શ્રોતાઓને એક ભવ્ય ઇતિહાસથી મુગ્ધ કર્યા હતા.

અંતમાં આભાર-વિધિની સાથે ગુણાનુવાદ સભા પૂર્ણ થઈ હતી.

પૂજ્યશ્રીનું જીવનકાર્ય દર્શાવતી ત્રણ રંગોળી-ચિત્રનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના હસ્તે થયેલ. ગુણાનુવાદ સભા સાંભળીને શ્રોતાજનો સ્વર્ગસ્થ પૂ. ગચ્છાધિપતિશ્રીના અદ્‌ભુત ગુણો પર સવિશેષ આકર્ષણ પામ્યા હતા.

ત્રણ ભવ્ય રંગોળીનું અનાવરણ :

પો. હે. જૈનનગર (અમદાવાદ)ના વિશાળ ઉપાશ્રયમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબના જીવનનો ભવ્ય પરિચય આપતાં ત્રણ વિશાળ રંગોળી ચિત્રો મુંબઈના પ્રસિદ્ધ રમણિક શાહ ડભોઈવાળાએ તૈયાર કર્યા હતા. આ ત્રણ ચિત્રોમાં

• (૧) કર્મસાહિત્ય સર્જન

સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે સંકલ્પ કર્યો કે ૨૫ યુવાનોને રત્નત્રયી આપી શાસન માટે તૈયાર કરું. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે કર્મસાહિત્યની પરિભાષા ઉપર વાચના આપી ૧૫ યુવાનોને કર્મસાહિત્ય ભણાવવા પૂજ્યશ્રીને સોંપ્યા, જેના ફળસ્વરૂપે પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં ૩ લાખ શ્લોક પ્રમાણ કર્મસાહિત્યની નૂતન રચના કરી. જેથી ખવગેસઢી, બંધવિધાન આદિ ૨૦ ગ્રંથોની જૈનશાસનને ભેટ મળી.

• (૨) ધાર્મિક શિબિરના આદ્ય પ્રણેતા :

વર્તમાન કાળના ભૌતિકવાદના પ્રચંડ ઘોડાપુરમાં તણાઈ રહેલા આધુનિક યુવાનોનું આધ્યાત્મિક ઘડતર કરવા, જૈન તત્ત્વજ્ઞાન-વ્રત-નિયમ વગેરે દ્વારા ગુણસંસ્કરણનાં રચનાત્મક કાર્યરૂપે શિબિરનો આદ્ય પ્રયોગ શરૂ કરી હજારો ગુમરાહ યુવાનોના રાહબર બનીને વિષમ-કાળની બદીઓથી રફેદફે થતી જિંદગી બચાવી શ્રદ્ધા-સંપન્ન શ્રાવકો-શ્રમણો બનાવ્યા છે. ધાર્મિક આદ્ય પ્રણેતા પૂજ્યશ્રીનો સંઘ ઋણી રહેશે તેનું ચિત્ર.

• (૩) ચાંદનીમાં આલેખન :

ગગનને ગોખે જ્યારે ચંદ્ર-કિરણોનો પ્રકાશ પથરાયેલો હોય ત્યારે પૂજ્યશ્રી રાત્રિના આ નેચરલ મુનલાઈટમાં કલમ ચલાવતા અને રાત્રિનાં શાંત-પ્રશાંત અને નિરવ વાતાવરણમાં ચિંતનનો ફલો (FLOW) વહાવતા. પરમતેજ, લલિત વિસ્તરા, ઉચ્ચ પ્રકારના પંથે, ધ્યાન અને જીવન, યોગદૃષ્ટિ સમુચ્ચય, યશોધર ચરિત્ર, આદિ અનેક ગ્રંથોની રચના કરી, તેમજ ૪૧-૪૧ વર્ષથી **'દિવ્ય દર્શન' સાપ્તાહિક ગુજરાતી** ભાષામાં અને પાંચ વર્ષથી **'તીર્થંકર દિવ્ય દર્શન' હિન્દી પાક્ષિક** દ્વારા પિરસાતું તત્ત્વચિંતન વાચકોને વૈરાગ્ય રસમાં ઝીલતા કરાવી અનુપમ ઉપકારોની વર્ષા કરી છે.

પાંચ દિવસના મહામહોત્સવનું અનેકવિધ કાર્યો અને કાર્યક્રમોપૂર્વકનું આયોજન શ્રી જયેશભાઈ ભણસાલી, શ્રી કલ્પેશભાઈ શાહની અથાગ મહેનતથી સાનંદ સફળ બન્યું હતું. જૈનનગર સંઘનો સાથ સહકાર, જૈનનગરના યુવકોની સતત સક્રીયતા અનુમોદનીય રહી. પૂજ્યશ્રીના સંસારી ભત્રીજા શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, જૈમીનભાઈ તથા ગુરુભક્ત શ્રી બીપીનભાઈ મયાભાઈનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું.

• જેનું જીવન સાદું એનું નામ સાધુ

- કુમારપાળ વિ. શાહ, મુંબઈ

પૂજ્ય ગુરુદેવશ્રીનો સંદેશો મળતાં હરખભેર મેં ઘડિયાળ મોકલી આપી. ઓહ ! મને સરસ લાભ મળ્યો. મારો આનંદ સમાતો ન હતો.

થોડાક દિવસ પસાર થતાં મારા હાથમાં આવેલ પેકેટ ખોલી જોવા લાગ્યો. મારું ઘડિયાળ જે મેં અગાઉ ગુરુદેવશ્રીને મોકલી આપ્યું હતું. સાથેની નાનકડી ચબરખીમાં મને લખ્યું હતું. કુમારપાળ ! તારા થકી રાખેલું ઘડિયાળ તને આ સાથે મોકલ્યું છે.'

લાભ મળ્યાનો ઉછળતો મારો આનંદ ઓસરીને સાવ તળીએ બેસી ગયો. વંદનાર્થે જવાનું થયું ત્યારે સૌથી પહેલાં એક આ જ પ્રશ્ન મેં પૂછી લીધો.

ગુરુદેવ ! આમ કેમ ? ઘડિયાળ પાછું કેમ ધકેલી દીધું ? ચાલતું ન હતું ? કે પછી ઘડિયાળ સારું ન હતું ?

ગુરુદેવે કહ્યું,

'મારું જીવન બગડી ન જાય અને સંયમ જીવન સારું ચાલે એટલા માટે જ મેં તને તારું ઘડિયાળ પરત મોકલ્યું છે. અમારે વિહાર કરવો હતો. વિહારમાં

ઘડિયાળની જરૂર ખરી. હવે ખાસ વિહાર નથી. એટલે હવે ઘડિયાળની જરૂર પણ નથી. હું ઘડિયાળ રાખતો થાઉં, આ જોઈ જોઈને મારા શિષ્યો પણ અનુકરણ કરતા થઈ જાય તો આપણા જૈન સંઘને કેટલો મોટો ભાર વેઠવો પડે !'

હું તો સ્તબ્ધ થઈ ગયો. સાધુતા તે આનું નામ. જે અપાય છે તેમાંથી ઓછું લે છે. પોતે જેટલું લે છે તેનાથી વધારે આપે છે. એનું નામ સાધુ. જેનું જીવન સાદું એનું નામ સાધુ આ યુક્તિને સાંગોપાંગ ચરિતાર્થ કરનાર સંતનું નામ છે સ્વ. ગચ્છાધિપતિ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૩૪,તા.૧૬-૬-૧૯૯૩
જેઠ વદ ૫ નવસારી

વિનયાદિ ગુણયુત મુનિશ્રી નંદીભૂષણવિજયજી

યોગ્ય, સાદર અનુવંદના...

પ્રભુકૃપાએ અત્રે આનંદ-મંગળ વર્તે છે, ત્યાં પણ તેમજ હશે.

અનંતોપકારી સદૈવ સ્મરણીય આરાધ્યપાદ તારક ગુરુદેવશ્રીની સ્મૃતિ પણ દિલને વ્યથિત સાથે આનંદવિભોર કેમ બનાવી રહી છે, એનો જવાબ મેળવવા સતત મથી રહ્યો છું...

રોજ સવારના પહોરમાં એ તારકશ્રીની હાસ્યવેરતી પ્રતિકૃતિને વંદના કરતાં અવારનવાર આંખ અશ્રુથી છલકાઈ જાય છે...

આ વ્યક્તિત્વ આજે હયાત નથી એ ખ્યાલે હલબલી ઊઠું છું તો આપણા જેવું જ શરીર ધરાવતા આ પુણ્યપુરુષે મારા જેવા કેટલાયની જીવનનૌકાને સંસારસાગરમાં સલામત બનાવી દીધી, એ ખ્યાલે આશ્ચર્યમાં ગરકાવ પણ થઈ જાઉં છું...

શું હતું એની પાછળનું પ્રબળ કારણ ? માત્ર તીવ્ર બુદ્ધિ ? માત્ર કોકિલ-કંઠ ? માત્ર પ્રચંડ તર્કશક્તિ ? માત્ર પ્રવચનકુશળતા ? માત્ર સંયમિત શરીર ? માત્ર આકર્ષક લેખિની ?

ના, આટલા વૈભવથી આ વિલાસીકાળમાં આ ચમત્કાર સર્જવો સહેજે શક્ય નથી. અલ્પ સમય માટે આ વૈભવ બીજાને આકર્ષી શકે પણ વરસો સુધી એ તારકશ્રી પ્રત્યેનું આપણું આકર્ષણ એવું ને એવું જ રહે જેમ જેમ નૈકટ્ય વધતું જાય તેમ તેમ એ આકર્ષણમાં વૃદ્ધિ થતી જાય.

અને એમાં ય એ તારકશ્રીની વિદાય પાછળ તો એ અહોભાવ આંસુ વાટે સતત બહાર છલકાતો જ જાય, એની પાછળ કો'ક જુદું જ પરિબળ કામ કરી રહ્યું છે...

વરસોથી એ તારકશ્રીની નિકટમાં રહેવાનું પરમ સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે... કઠોર અને કોમળ શબ્દોમાં તેઓશ્રીની પ્રેરણા પણ અનેકવાર મને મળી છે.

ગોચરી વાપરવામાં ય તેઓશ્રીની બાજુમાં બેસવાનું મળ્યું છે...

વાચના અને આગમગ્રંથોના પાઠ પણ તેઓશ્રીએ અનેકવાર આપ્યા છે...

૧૮/૧૮ કિલોમીટરના વિહાર પછી ય ચાંદની રાતમાં સખત ઠંડીમાં કામળી ઓઢીને એકાગ્રચિત્તે સફેદ કાગળ પર અક્ષરો કંડારતા પણ તેઓશ્રીને નિહાળ્યા છે...

તપ વિનાના દિવસોમાં તેઓશ્રીની ત્યાગવૃત્તિ જોઈ છે.

માંદગીના સમયમાં તેઓશ્રીનો દોષસેવન પ્રત્યેનો કકળાટ પણ નિહાળ્યો છે...

મંદિરમાં પ્રભુસન્મુખ બોલાતા એક જ સ્તવનમાં ત્રણ ત્રણ રાગ બદલતાં મુખ પર છવાતી મસ્તી ય જોઈ છે...

આમાં ક્યાંય કૃત્રિમતા નહોતી, ક્યાંય આડંબર નહોતો, ક્યાંય માનાકાંક્ષા નહોતી અને છતાં તાજગી સદાબહાર હતી... પ્રસન્નતા તરબતર હતી...

હા, આ બધાય પાછળનું એક જ પ્રચંડ પ્રેરકબળ હતું, હૃદયમાં જિનાજ્ઞા ભાવિતતા પરાકાષ્ટાએ પહોંચેલી હતી...

આ જિનાજ્ઞા ભાવિતતા આરાધનાના યોગોમાં તેઓશ્રીને એકતાન બનાવી દેતી હતી અને સકારણ સેવાતી વિરાધનાઓમાં ય દિલને સતત કકળતું રાખતી હતી...

પ્રવચનકળા, લેખનશક્તિ, ધારદાર બુદ્ધિ, કોકિલ કંઠ વગેરેના વૈભવની આ જગતમાં કોઈ વડાઈ નથી પણ જિનાજ્ઞા ભાવિતતા તો અનંતકાળે પણ દુર્લભ છે અને આ દુર્લભ વૈભવનું તેઓશ્રી પાસે સ્વામિત્વ હતું.

બસ, આ એક જ કારણ હતું તેઓશ્રી પ્રત્યેના આપણા સદાબહાર આકર્ષણનું !

આજે તેઓશ્રીના સદેહે દર્શન અશક્ય બન્યા બદલ આંખમાંથી વહી આવતા આંસુ પાછળ પણ આ એક જ કારણ છે, પ્રત્યેક પ્રવૃત્તિમાં અભિવ્યક્ત થતી જિનાજ્ઞા ભાવિતતા નિહાળવવા હવે ક્યાં જવાનું ?

'એય ! આસન તો પાથર્યું પણ જમીન રજોહરણથી બરાબર પૂંજી ?

સ્વાધ્યાય તો કર્યો પણ બરાબર બોલીને કર્યો ?

ગોચરી લાવીને સાધુઓની ભક્તિ તો કરી પણ દોષોનો ખ્યાલ રાખ્યો હતો ?

આવેશમાં આવી તો ગયો પણ મિચ્છામિ દુક્કડં માંગ્યું ?

ચોમાસામાં પ્રવચનો તો જમાવ્યા પણ તારા રાગદ્વેષ ઘટાડ્યા ?

શિયાળાની આવડી મોટી રાતમાં બે-ત્રણ કલાકનો સ્વાધ્યાય પણ ન થાય ?

સાધુજીવનમાં બધું જાડું જાડું રાખશો તો સાધુપણું સારું સારું પાળી શકશો...

શરીરને કષ્ટોમાં રગડતા જાઓ નહિતર સમાધિ દુર્લભ થતી જશે...

સાધુના દર્શન ક્યાં સહેલા છે ? આટઆટલા સાધુઓના દર્શન સમુદાયમાં મળે છે તો એનો ભરપૂર લાભ ઊઠાવતા રહેજો...

સામાની ભૂલને હૃદયના ચોપડે ક્યારેય નોંધશો નહીં...'

બસ, દિવસ હોય કે રાત, આ એક જ વાત હતી, જે કાંઈ કરો એમાં જિનાજ્ઞાની પ્રધાનતા રાખો !

આજે આ જિનાજ્ઞા પ્રત્યેના અહોભાવથી છલકાતી વસંત આપણી વચ્ચેથી વિદાય થઈ ગઈ છે અને હવે આ વસંતના દર્શન ક્યારેય થવાના નથી એ ખ્યાલે અત્યારેય મારું દિલ ખળભળી ઊઠે છે...

આપણે એ તારકના શરણે હતા પણ એ તારકે તો આપણને સતત જિનાજ્ઞાના શરણે જ રહેવાની એક માત્ર વાત સમજાવી હતી તો અત્યારે આપણા સહુની એક માત્ર ફરજ આ જ બની જાય છે કે આપણે ય જિનાજ્ઞા ભાવિતતાના એ તારકશ્રીના અણમોલ વારસાને જાળવી રાખવા કટિબદ્ધ બનીએ...

પિતાજી તરફથી વારસામાં મળતી સંપત્તિને હોશિયાર દીકરો વધારતો જ જાય છે તો આપણા ભવોભવના અનંતોપકારી આ તારક ગુરુદેવશ્રી તરફથી આપણને વારસામાં મળેલી જિનાજ્ઞા ભાવિતતાની અણમોલ સંપત્તિને આપણે વધારતા જ જઈએ...

એ દિશામાં આપણાં સમ્યક્ પ્રયત્નો હોય તો જ એ તારકશ્રીની વિદાય પાછળની આપણી વ્યથા સાર્થક, તો જ આપણી આંખમાંથી વહી આવતા આંસુ મૂલ્યવાન, તો જ આપણા ગુણાનુવાદના વચનો તાકાતપ્રદ !

જિનશાસન પામ્યાની ખાનદાનીનું લોહી આપણા શરીરમાં વહે છે એ પૂરવાર કરવાના આપણી સામે આવેલા આ પડકારને આપણે ઝીલી લઈશું ને ?

લી. રત્નસુંદરવિજયની અનુવંદના

હે ભુવનભાનુ સૂરિરાયા..., વંદન હો તુજ પાયા...

જેઠ સુદ ૯, રવિવાર તા. ૩૦-૫-૯૩ ના રોજ ચંદનબાળા (વાલકેશ્વર) મુંબઈમાં પૂ. પરમ ગીતાર્થ, ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ઉજવાયેલ સ્વ. પૂજ્યપાદશ્રીજીના ગુણાનુવાદની સભામાં નિમેષકુમારના મધુર કંઠે ગવાયેલું શ્રી ધનંજયભાઈ જૈન રચિત ગુરુગુણ ગીત.

(રાગ : હે ત્રિશલાના જાયા)

પ્રેમસૂરિના જાયા, ભુવનભાનુ સૂરિરાયા...
વર્ધમાન-તપ તપીને જેણે, નિર્મળ કીધી કાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૧

સૂરિ પ્રેમનું ગૌરવવંતુ, શિષ્યપણું જે પામ્યા...
એ ગુરુચરણકમળસેવનમાં, મસ્તાના બની જામ્યા.
પ્રેમસૂરીશ્વર ગુરુવર કેરી, કૃપા અનેરી પાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૨

જ્ઞાન ધ્યાન ને ત્યાગ-વિરાગે, આપ સૂરિવર ! મોટા;
એક જ નાદ ગજાવ્યો તેં તો, વિષય-કષાય છે ખોટા.
અજ્ઞાને આથડતા અમને શિવપુરપંથ બતાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૩

શાસ્ત્રબોધને પરિવહંતી, અમીરસ ઝરતી વાણી;
એ વાણી સુણાવી તાર્યા, કેઈ ભવિજન પ્રાણી...
અંગે અંગે આવી વસજો, તુજ સમ તપની માયા.
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૪

તપ સંયમ ને જ્ઞાનયોગનો, સંગમ તુજમાં લાધ્યો...
ક્રિયા મહીં અપ્રમાદ ગ્રહીને, શિવપુર મારગ સાધ્યો.
ઘોર તપસ્યા તેં આરાધી, તોડી કાયા-માયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૫

શત-દ્વય ઉપર પચાસ જેના, શિષ્ય પ્રશિષ્યો સોહે,
ત્યાગ-તપે નિરત મુનિગણને, નિરખી જન-મન મોહે...
સંઘ સકળમાં આપ પ્રભાવે, જિન-ઉત્સવ મંડાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૬

દિવસભરે સૂરિ ! આપ કરંતા, ભવિજન બહુ ઉપકાર;
અંધારી-રાતે તુજ કલમે, અવિરત ચિંતન ધારા...
'દિવ્યદર્શને' સમ્યગ્દર્શન, અમૃતના ઘૂંટ પાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૭
તુમ દરિશનથી ઝાંખી થાવે, પૂર્વ ઋષિઓ કેવા ?
અણગાર મહા એ ધન્નાજીની, યાદ આપે સૂરિદેવા.
કલિકાલે પણ જે સૂરિરાયા, કલ્પતરુની છાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૮
કોટિ કોટિ વંદન મારા, પ્રેમ થકી દિલ ધરજો;
ભવસાગરમાં ડૂબતી નૈયા હે સૂરિવર ! ઉદ્ધરજો.
ભક્તજનોને ભવ ભવ મળજો, મનહરણી તુજ માયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૯
બે હજાર ને ઓગણપચાસે, ચૈત્ર વદિ તેરસમાં;
રાજનગરમાં સ્વર્ગે સીધાવ્યા, પરમ સમાધિ રસમાં...
અશ્રુ છલકતી આંખે આજે, ચરણે શીશ ઝુકાયા...
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૧૦
પ્રેમ ધરીને પ્રણમે આજે, સંઘ સકળ તુજ પાયે.
ગુણ તમારા ગ્રહવા કાજે, **'પ્રેમકેતુ'** ગુણ ગાયે...
જુગ જુગ સુધી અમ અંતરમાં, જીવો હે ગુરુરાયા !
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા... ૧૧

• • •

• **ઘાટકોપર - સંઘાણી એસ્ટેટ મુંબઈ :** સ્વ. ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સંયમજીવનની તથા સમાધિમય સ્વર્ગવાસની અનુમોદના નિમિત્તે વિશસ્થાનકપૂજન તથા ભક્તામર મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા વૈરાગ્યદક્ષ પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ.આ. શ્રી જયશેખરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં સુંદર ઉજવાયો. દોશી ઓત્તમચંદ ધરમચંદ દેપલાવાળા તરફથી સામુહિક અષ્ટપ્રકારી પૂજાના આયોજનમાં સંઘમાં અનેરો ઉત્સાહ આવ્યો.

• **મુંબઈ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ :** ઉપાશ્રય-વાલકેશ્વર રોડ સિદ્ધાંતરક્ષક, વર્ધમાનતપ ૧૦૦ ઓળીના આરાધક પૂ.પં. શ્રી વિમલસેનવિજયજી મ. શ્રીની નિશ્રામાં પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના ૫૮ વર્ષના નિર્મળ

સંયમજીવનની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્રમહાપૂજન સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ થયો. ઉત્સવ દરમિયાન પ્રવચનપટુ પ.પૂ. મુનિરાજશ્રી નંદીભૂષણવિજયજી મહારાજે સ્વ. આચાર્યદેવશ્રીના આંખોમાં આત્મભાવનું અંજન, હૃદયમાં પરમાત્મભક્તિનું ગુંજન, કલમમાં જિનવચનનું અગાધ ચિંતન, મસ્તિષ્કમાં વિધવિધ શાસ્ત્રોનું મંથન વગેરે અનેક ગુણોને આવરી લેતા જીવનદર્શનનું દર્શન કરાવ્યું હતું.

• **નિપાણી :** પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સંયમ સાધનાની અનુમોદના તેમજ અમારા નિપાણી તીર્થના શતાબ્દિ મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીએ **'જો મને લબ્ધિ મળે તો ઊડીને નિપાણી આવી જઉં'** આવા અંતરના આશિર્વચનોથી અને કૃપાથી શતાબ્દિ મહોત્સવ અવિસ્મરણીય બની ગયો. અમારા સંઘ ઉપરના અમાપ ઉપકારોની સ્મૃતિ નિમિત્તે ત્રણ મહાપૂજનો સહિત શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો. ઉત્સવમાં ૐ ધર્મચક્ર ભક્તિમંડળના બાળકોએ પ્રભુભક્તિ નૃત્યો તથા સંગીતની સૂરાવલી વહાવી હતી.

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૩૭,તા.૧૭-૭-૧૯૯૩

સ્વ. ગુરુદેવશ્રીની આપણા પર અનરાધાર વરસી રહેલી કૃપાની આ સાબિતી છે

સાદર અનુવંદના...

સિંહ અણગારની આંખમાંથી વહી ગયેલા આંસુઓએ પરમાત્મા મહાવીર દેવને લોહીના ઝાડાની વેદનામાંથી મુક્તિ અપાવવામાં બહુ મોટો ભાગ ભજવ્યો...

સિંહ અણગારના પાતરામાં ગોચરી વહોરાવતી વખતે રેવતી શ્રાવિકાની આંખમાંથી વહી ગયેલા આંસુઓએ એને તીર્થંકર નામકર્મની ભેટ ધરી...

ચંદનબાળાની આંખમાંથી વહી ગયેલા આંસુઓએ પરમાત્મા મહાવીર દેવના પાંચ માસ અને પચ્ચીસ દિવસના ચોવિહાર ઉપવાસનું પારણું કરાવ્યું...

પરમાત્મા ઋષભદેવના નિર્વાણના સમાચાર સાંભળી અષ્ટાપદ પર્વત પર દોડી આવેલા ભરત ચક્રીની આંખમાંથી વહી ગયેલા આંસુઓએ ભવ્ય અષ્ટાપદ તીર્થનું નિર્માણ કર્યું...

પરમાત્મા મહાવીરદેવના નિર્વાણના સમાચાર સાંભળી બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડેલા ગૌતમસ્વામીની આંખમાંના આંસુઓએ એમને કૈવલ્યલક્ષ્મીની ભેટ ધરી...

પ્રશ્ન એ છે કે કલિકાળ કલ્પતરુ, આપણા સહુના અનંત અનંત ઉપકારી, આરાધ્યપાદ તારક ગુરુદેવશ્રીની થઈ ગયેલ આકસ્મિક વિદાય પાછળ આપણી આંખમાંથી વહી રહેલા આંસુઓ આપણા જીવનમાં કોઈ ચમત્કાર સર્જશે કે નહીં ?

યાદ રાખજો, ગુણમૂર્તિની આ વિદાય પાછળના આપણાં આંસુ જો હૃદયના હશે, તો એ આંસુ વ્યર્થ નિવડે એવી કોઈ જ શક્યતા નથી...

અત્યારે આપણા જીવનમાં અડ્ડો જમાવીને બેઠેલા દોષોમાંથી બે-પાંચ દોષોને પણ રવાના ન કરે કે જીવનમાં અત્યારે ગુણોનો જે પણ યત્કિંચિત્ ઉઘાડ થયો છે એમાં યત્કિંચિત્ પણ વૃદ્ધિ ન કરે એવા તાકાતહીન આ આંસુ નથી.

આ આંસુ તો બહુમૂલ્ય છે... અષાઢ-શ્રાવણમાં આકાશમાંથી વરસતા વરસાદમાં બહુ બહુ તો અનાજ ઉગાડવાની તાકાત છે

પણ ગુરુવિરહમાં રડી રડીને સૂઝી ગયેલી આંખમાંથી વહી જતા આંસુઓમાં તો દોષોને ઉખેડી નાખવાની અને ગુણોને ઉઘાડી નાખવાની પ્રચંડ તાકાત ધરબાયેલી છે.

કબૂલ, અત્યારે આપણી આંખમાંથી વહી રહેલા આંસુમાં લેશ દંભ નથી, લેશ છળ નથી, લેશ દેખાડો નથી, છે કેવળ ઉપકારી ગુરુદેવશ્રી પ્રત્યેની અંતરની પ્રીતિ, છે કેવળ ગુણમૂર્તિ ગુરુદેવશ્રી પ્રત્યેની અપાર લાગણી,

પણ એ આંસુ જીવનને કોઈ નક્કર પરિવર્તનની દિશામાં લઈ જનારા ન નિવડે તો એની સાર્થકતા શું ?

મનમાં ઘર કરી ગયેલી સુખશીલતાની વૃત્તિને આંચકો આપનારા ન નિવડે તો એની મહત્તા શું ?

વાતવાતમાં છળી ઊઠતા મનના કષાયોને અલ્પ પણ ધક્કો લગાવનારા ન નિવડે તો એની ઉપયોગિતા શું ?

ફરીવાર કહું છું કે અત્યારના આ આંસુની કિંમત આંકવામાં કે એને ગુણાંક આપવામાં જરાય થાપ ન ખાશો. કદાચ આખી જિંદગીના આટલા વરસોમાં આપણી આંખે આપણને આવા આંસુના દર્શન નથી કરાવ્યા...

આપણા હાથમાં રહેલા પસીનાના ટુકડાને આવા ગરમ ગરમ આંસુનો સ્પર્શ કદાચ ક્યારેય નથી થયો...

બેકાર આવી ગયેલી ગોચરીના કારણે કે દવાના સેવન છતાં રોગમાં રાહત ન મળવાના કારણે પડી ગયેલા આંસુએ કદાચ કર્મબંધ જ કરાવ્યો છે પણ અગણિત ગુણોના ભંડાર ગુરુદેવશ્રીની વિદાય પાછળ અત્યારે પડી રહેલા આંસુઓ તો અશુભકર્મોના ભુક્કે ભુક્કા બોલાવી રહ્યા છે, અને એટલેજ આ આંસુનો સ્પર્શ

પામી રહેલી આ જીવનની અત્યારની પ્રત્યેક પળ દુર્લભ છે, બહુમૂલ્ય છે...

અંતરથી ઇચ્છું છું કે આ આંસુના પ્રત્યેક ટીપાને એક એવી આગમાં આપણે ફેરવી નાખીએ કે જે આગ કુસંસ્કારોના અનંતકાળના આત્મા પર જામેલા જથ્થાને ભસ્મીભૂત કરી નાખે...

મનમાં પેદા થતી કષાયોની ભૂતાવળને પળવારમાં રાખમાં ફેરવી નાખે...

કવચિત્ પણ ડોકિયા કરી જતી વાસનાની નાગણને કાયમ માટે આવતી બંધ કરી દે.

શું કહું ? લોઢું અત્યારે તપેલું છે... એ ઠંડુ પડી જાય એ પહેલા કચકચાવીને ઘા લગાવી દઈએ.

કાયમ માટે વિદાય થઈ ચૂકેલા એ ગુરુદેવશ્રીની આપણા પર અનરાધાર વરસી રહેલી કૃપાની આ જ સાચી સાબિતી છે...**લી. રત્નસુંદરવિજયની અનુવંદના**

• • •

ત્રીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે વંદના...
પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતનો આછો પરિચય

ગૃહસ્થ નામ	:	કાંતિલાલ
માતા	:	શ્રીમતી ભૂરીબેન
પિતા	:	ચીમનભાઈ
ભાઈઓ	:	શાંતિભાઈ, પોપટભાઈ (પદ્મવિજયજી) ચતુરભાઈ, જયંતિભાઈ (તરુણવિજયજી)
બહેનો	:	શારદાબેન, વસુબેન, બબીબેન (હાલ : સાધ્વીજી હંસકીર્તિશ્રીજી)
જન્મ	:	ચૈત્ર વદ ૬ (વિ.સં. ૧૯૬૭)
શિક્ષણ	:	સી.એ.ની સમકક્ષ જી.ડી.એ. તથા આઈ.આઈ.બી.ઈનકોપોરેડ સેક્રેટરીઝની પરીક્ષાઓ સપુરસ્કાર ઉત્તીર્ણ કરી.
દીક્ષા	:	પોષ સુદ ૧૨ (વિ.સં. ૧૯૯૧) ૧૬-૧-૧૯૩૫ ચાણસ્મા.
ગુરુદેવ	:	પૂ.ઉપાધ્યાયજી શ્રી પ્રેમવિજયજી (પાછળથી આ. પ્રેમસૂરીશ્વરજી)
અધ્યયન	:	સંસ્કૃત, પ્રાકૃત, ૪૫ આગમ, ષડદર્શન, તર્કશાસ્ત્રમાં નિપુણતા.
ગણિપદ	:	વિ.સં. ૨૦૧૨ ફા.સુદ ૧૧, પુના

પંન્યાસ	:	વિ.સં. ૨૦૧૫ વૈશાખ સુદ ૬ (સુરેન્દ્રનગર)
આચાર્યપદ	:	વિ.સં. ૨૦૨૯, માગસર સુદ ૨ તા. ૭-૧૨-૧૯૭૨ અમદાવાદ
દર્શનોપાસના	:	અંજનાશલાકા-પ્રતિષ્ઠાઓ, પ્રભુભક્તિ, અષ્ટાપદ મહાપૂજાનું વિશિષ્ઠગાન.
જ્ઞાનોપાસના	:	૧૦૮ થી વધારે ગ્રંથસર્જન, 'દિવ્યદર્શન' દ્વારા વીતરાગમાર્ગનું નિદર્શન.
ચારિત્રોપાસના	:	અદ્‌ભુત ત્યાગ-તપ અને સંયમી જીવન, અલગારી વ્યક્તિત્વ.
વિહાર યાત્રા	:	ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, બંગાળ, બિહાર, દક્ષિણભારત.
તપોપાસના	:	વર્ધમાનતપની ૧૦૮ ઓળી.
કલાત્મક સર્જન	:	જૈન ચિત્રાવલી, મહાવીરચરિત્ર, પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ વગેરે.
ચાતુર્માસ	:	૫૮ (પ્રથમ : પાટણ - અંતિમ : સૂરત)
ગમતી વાતો	:	યુવકોને ધર્મમય બનાવવા, સાધુઓનું યોગક્ષેમ, સંઘએકતા, વાચના પ્રવચનો દ્વારા વૈરાગ્યમાર્ગનું વિસ્તરણ, સ્થિરીકરણ.
વ્યક્તિત્વ	:	પાતળી કાયા પણ તેજસ્વી ઉર્જસ્વી પ્રભાવક ગંભીર વ્યક્તિત્વ
પટ્ટધર	:	આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સાહેબ
શિષ્યપ્રશિષ્ય	:	૨૦૦ લગભગ
પર્યાય	:	દીક્ષાપર્યાય ૫૮ વરસ, સૂરિપદપર્યાય ૨૧ વરસ
સ્વર્ગવાસ	:	વિ.સં. ૨૦૪૯ ચૈત્રવદ ૧૩, સોમવાર તા. ૧૯-૪-૧૯૯૩
(કાળધર્મ)	:	બપોરે ૧-૩૦ કલાકે (અમદાવાદ)
વિશિષ્ઠયોગદાન	:	શિબિરો દ્વારા યુવાવર્ગ માટે અભિનવ ધર્મ પુરુષાર્થનો માર્ગ ચીંધ્યો.

નોંધ :- સેલવાસ નગરે વિદ્વવર્ય આચાર્યશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં સ્વ. ગુરુદેવશ્રીની ત્રીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે પરમાત્માભક્તિ સભર અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રસંગની પત્રિકામાંથી સાભાર.

મહોત્સવનું આયોજન તા.૧૦ જુલાઈથી ૧૭ જુલાઈ સુધી શ્રી સેલવાસ જૈન સંઘ તરફથી કરવામાં આવ્યું છે.

વન્દે, વિજય ભુવનભાનુસૂરીશ્વરં

એક મહાન દીક્ષા-લેખક : પૂ.પં.શ્રી વીરરત્નવિજય ગણિવર,

ઓગણીસમી શતાબ્દિનાં ઉત્તરાર્દ્ધનો સમય હતો. જૈન જગતનાં સમર્થ જ્યોતિર્ધર પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્‌ વિજય પ્રેમવિજયજી ગણિવર પોતાના તેજસ્વી શ્રમણ-સિતારાઓ સાથે અમદાવાદ-કાળુશીની પોળે બિરાજમાન હતાં. તે કાળે ને તે સમયે પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ ચતુર્દિશામાં તેજ-ઝગારા બિછાવી રહ્યું હતું. રાજનગરનાં ભાવિકો, આરાધકો બાળ-યુવાન કે વૃદ્ધ પરમ ગુરુદેવનાં સાન્નિધ્યમાં બે પળનું પણ એકાંત મેળવીને ધન્યતા અનુભવતા હતા.

પ્રાતઃ સમયનું ખુશનુમાભર્યું વાતાવરણ હતું.

સ્વાધ્યાયનાં મંગલ સરોદોથી ઉપાશ્રય ગુંજતો હતો.

જ્ઞાન-દાનનું વરદાન મુક્ત-મને હાસ્ય વેરતું હતું. ત્યારે 'મત્થએણ વંદામિ'નો કોકીલકંઠ રણકી ઊઠ્યો, ૧૩ વર્ષનાં એક તેજસ્વી બાળે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. ચોતરફ મંડાયેલાં જ્ઞાન-ધ્યાનનો યજ્ઞ જોઈને બાળનાં દિલમાં ને આંખોમાં પ્રસન્નતાની જ્યોત જલી ઊઠી. ગુરુદેવશ્રીને વંદન કરીને બાળક તેઓશ્રીની સામે બેસી ગયો. પૂજ્યશ્રીએ સસ્મિત વદને 'ધર્મલાભ'ની મંગલમયી આશિષ આપીને પ્રશ્ન કર્યો : કેમ ભાઈ ! તારું નામ શું છે ? અભ્યાસમાં શું ચાલે છે ?

'સાહેબ ! મારું નામ કાંતિલાલ છે. આ પોળમાં જ મારા પિતાશ્રી ચીમનભાઈનું ઘર છે. મનસુખભાઈની પોળની નિશાળમાં સાતમાં ધોરણમાં હું ભણું છું. ત્યાં ધાર્મિક અધ્યયન પણ થાય છે. હું હાલ દંડક સૂત્રનો અભ્યાસ કરું છું, આપશ્રી પાસે ગાથા લેવા માટે આવ્યો છું.'

પરમ ગુરુદેવશ્રીએ કાંતિલાલને દંડકસૂત્રની બે ગાથા આપી અને આશ્ચર્ય ! પાંચ મિનિટમાં જ ગાથા કંઠસ્થ કરીને કાંતિલાલે સડસડાટ સંભળાવી દીધી. બીજી પાંચ ગાથા આપી. તે પણ અલ્પ સમયમાં જ સંભળાવી દીધી. ગુરુદેવ કાંતિલાલની બુદ્ધિ-પ્રતિભા પર ચકિત બની ગયા. ઝવેરીની આંખોમાં તો ઝવેરાતના ઓજસ આપોઆપ સમજાઈ જ જાય ને !

પૂજ્યપાદશ્રી બે પળ, અપલકનયને કાંતિલાલનાં ચહેરાને નીહાળતા જ રહ્યા. તેઓને લાગ્યું કે - આજનો આ બાળક ભવિષ્યમાં શાસનનો તેજસ્વી સિતારો બની શકે તેમ છે. આનામાં અદ્‌ભુત બુદ્ધિ છે. છતાં બુદ્ધિના ગર્વનું નામનિશાન નથી.

સમર્પણ ભાવનું દિવ્ય લક્ષણ આનામાં ઝળકી રહ્યું છે. પુત્રના લક્ષણ તો પારણામાં જ પરખાઈ જાય ને !

દીક્ષાના દાનવીર ગુરુદેવે કાંતિલાલના દિલમાં વૈરાગ્યની રંગોળી પૂરીને પ્રશ્ન કર્યો, 'તને દીક્ષા લેવાનું મન થાય છે ખરું ? જો સંસારમાં કેટલાં બધાં પાપ કરવાં પડે છે. સંસારના એક એક કાર્યની પાછળ અનેકવિધ પાપોની હોળી સળગતી હોય છે. આવા ભયાનક પાપોથી મુક્ત થવા માટે જ્ઞાનીઓએ દીક્ષાને જ સર્વશ્રેષ્ઠ બતાવી છે.'

'સાહેબજી ! આપની શીતલ સાન્નિધ્યમાં દીક્ષા લેવાનું મન તો થઈ જ જાય છે.'

'ત્યારે, થઈ જાને તૈયાર ! તને કોણ ના પાડી શકે તેમ છે ?'

'સાહેબ ? બા-બાપાની અનુમતિ મેળવવી પડે ને ? આપ એમને સમજાવો તો મારો માર્ગ મોકળો બને !'

આવા હીરા જેવા પુત્રરત્નને દીક્ષાનાં પંથે પ્રયાણ કરવા ચીમનભાઈ સહર્ષ સંમતિ આપી દે તેવું પૂજ્યશ્રીને ન લાગ્યું. એને ભવિષ્યના ગર્ભમાં આ પ્રશ્ન મૂકીને તેઓશ્રી અમદાવાદથી વિહાર કરી ગયા ! પરંતુ પૂજ્યપાદશ્રીની વચન માધુરીનાં દિવ્ય સંસ્કાર કાંતિલાલનાં જીવનમાં એવા તો સુવાસ પાથરી ગયાં કે તે પુનઃ ૧૦ વર્ષ પછી પણ જાગૃત થઈ ગયાં.

દસ-દસ વર્ષનો દીર્ઘ સમય પસાર થઈ ગયો હતો. ત્યાં સુધીમાં તો કાંતિલાલ વ્યવહારિક શિક્ષણક્ષેત્રે ખૂબ જ આગળ વધી ગયા હતા. સી.એ.ની પરીક્ષા અને લંડનની ઈન્સ્ટીટ્યુટ ઓફ બેંકર્સ ઈંગ્લેન્ડની પ્રથમ પરીક્ષા અપુસ્કાર પાસ કરેલી તેથી અમદાવાદનું લહેરી જીવન તેમનામાં પ્રવેશે તે સહેજ હતું.

આ તરફ બાદશાહી સ્વાગત સાથે પૂજ્યપાદ ગુરુદેવે પુનઃ અમદાવાદમાં પ્રવેશ કર્યો. વિ.સં. ૧૯૯૦ના વિશાળ મુનિસંમેલન પછી તેઓશ્રીનું ચાતુર્માસ વિદ્યાશાળામાં થયું. મિત્રમંડળ સાથે એકદા કાંતિલાલ પણ વંદન કરવા વિદ્યાશાળામાં આવી પહોંચ્યા. પૂજ્યશ્રી પોતાના આ શિષ્યને પિછાણતા બોલી ઊઠ્યા.

'કેમ કાંતિલાલ ? તેં પ્રગતિ તો ઘણી કરી ! પણ ઉચ્ચગતિ તરફનાં પ્રયાણની કે અવનતિનાં અંધકારમાં ગબડવાની ? આજના આ ઝેરી શિક્ષણની ગંભીર અસર તને તો વળગી નથી ને ? ખ્યાલ રાખજે શિક્ષણ તે જ સાચું કે - જેની પ્રાપ્તિ પછી આત્મજ્ઞાનની ઝંખના જાગે - પરભવ સુધારવાની પ્રેરણા જાગે !'

વિચારક કાંતિલાલ, કૃપાસાગરનાં પ્રશ્નનો શો જવાબ આપી શકે ? છતાં પણ ગુરુદેવ પાસે તેમણે એક નિયમ લીધો કે - રોજ એકવાર દર્શન-વંદન માટે

આવી જવું ! દિવસમાં સમય મળે નહિ તેથી કાંતિલાલ રાતના રોજ અચૂક આવી જતો. સાધુનો સંગ તો પારસમણિની ગરજ સારે છે. પૂજ્યશ્રીના અદ્‌ભુત પ્રેરક વચનોએ કાંતિલાલના જીવનમાં નવ્ય અસ્મિતા પ્રગટાવીને વૈરાગ્યની આલબેલ જગવી દીધી.

પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીના દિવ્ય વચનોએ કમાલ કરી ! કાંતિલાલે લહેરી જીવન ફગાવીને રોજ બેસણા ચાલુ કરી દીધા અને સવાર સાંજ પ્રતિક્રમણ પણ નિત્યનો કાર્યક્રમ બની ગયો. ઘરમાં દીક્ષાનું વાતાવરણ ખડું કરવાના પ્રયત્ન ચાલુ થઈ ગયા !

કાંતિલાલનાં જીવનમાં સ્મિત વેરતી વૈરાગ્યની રોશની જોઈને ચીમનભાઈના અંતરમાં ફાળ પડી : 'રખેને આવો હોશિયાર છોકરો હાથમાંથી ચાલ્યો ન જાય ? તેમણે પ્રતિકૂળ દાવ અજમાવવા ચાલુ કર્યા એમાં એકવાર કાંતિલાલ સપડાઈ ગયા. તેમણે પિતાશ્રી ચીમનભાઈને કબૂલાત આપી કે 'પાંચ વર્ષ સુધી દીક્ષા નહિ લઉં !'

કબૂલાત અપાતાં તો અપાઈ ગઈ, પણ પૂજ્યપાદશ્રી સામે જવાબ આપવો કાંતિલાલને ભારે થઈ ગયો. નિત્યક્રમ પ્રમાણે કાંતિલાલ પરમ ગુરુદેવશ્રી પાસે આવ્યા અને તરત જ ગુરુદેવશ્રીએ પ્રશ્ન કર્યો : 'અલ્યા કાંતિ ! આ તેં શું કર્યું ?' પાંચ વર્ષ સુધી દીક્ષા ન લેવી, એટલે પાંચ વર્ષ સુધી સંસારમાં પાપસ્થાનક સેવતા રહેવાનું ! આવી તે કબૂલાત અપાતી હશે ? પાપમાં પડ્યા રહેવાની કબૂલાત અપાય કે પાપમાંથી નીકળવાની ?

કાંતિલાલને પોતાની ગંભીર ક્ષતિ ખ્યાલમાં આવી ગઈ : 'ઓહ ! આ તો ભારે ભૂલ થઈ ગઈ !' પણ ચિંતા નહિ, **આ એક સનાતન સિદ્ધાંત છે કે-જેમ ધર્મની કબૂલાત તોડવામાં પાપ છે. એમ પાપની કબૂલાત પાળવામાં ય પાપ છે. તે તોડવામાં ધર્મ છે !** ક્ષતિનું પ્રક્ષાલન કરવા કાંતિલાલ વધુ ને વધુ ધર્મ ક્રિયાઓમાં ઉદ્યત બનવા લાગ્યા.

એકદા વાત્સલ્ય-મહોદધિ ગુરુદેવે પ્રશ્ન કર્યો : 'કેમ કાંતિ ! હવે સંયમ માર્ગે સંચરવાની તૈયારી છે ને ?' પ્રશ્નનો ઉત્તર સંતોષપ્રદ ન મળી શક્યો : 'સાહેબ ! ભાઈઓ હજી નાના છે, બા-બાપા રજા આપતાં નથી.'

'જો કાંતિ... ! આમ ને આમ વિચાર કર્યા કરીશ તો ક્યારેય તું સંસારમાંથી છૂટી નહિ શકે. તેં કોલેજ સુધીનું વ્યવહારીક શિક્ષણ લીધેલું છે. તારી બુદ્ધિ-શક્તિ ખૂબ જ સારી છે. તેથી ચારિત્ર લઈશ તો તું ઘણું પામીશ અને અનેકને સંસારમાંથી તારવાનો પરમ લાભ પ્રાપ્ત કરીશ. આ લાભ સંસારના કીચડમાં પડી રહે નહિ મળે હોં ?'

'વિચાર કર ! મા-બાપ ને પરિવાર આ જનમમાં ક્યાં નવા મળ્યા છે ? જન્મ-જન્મમાં પરિવાર મળ્યો અને એને સાચવવામાં જીવન કુરબાન કર્યું, પણ તેમાં આત્માનો શો ઉદ્ધાર થયો ? આત્મા તો હજી સંસારમાં ભટકી જ રહ્યો છે. ભવથી છૂટી મોક્ષ પામવો હોય અને વારંવાર થતી જનમ-મરણની વિટંબણાઓથી મુક્ત થવું હોય તો તારા આત્મા સામે જો ! પરિવાર સામે નહિ !'

રોજ-રોજ ગુરુદેવ પાસેથી નવનવી પ્રેરણાઓના પાવન-પયગામ પ્રાપ્ત થવા લાગ્યા પણ કાંતિલાલ શીઘ્ર દીક્ષા માટે તૈયાર થઈ ન શક્યા. પર્યુષણ આવ્યા અને ગયા ! ઓળી આવી અને વીતી, પણ સંસારમાંથી નીકળવાનો દૃઢ નિર્ધાર ન થઈ શક્યો. આશ્વિન-પૂર્ણિમાનો ચંદ્ર પ્રકાશીને આથમી ગયો. આસો વદ ૬ની નિશાનો પ્રારંભ થઈ ગયો, ત્યારે વિદ્યાશાળાના એક રૂમમાં પૂજ્યપાદશ્રી કાંતિલાલને પ્રેરણાના પીયુષપાન કરાવી રહ્યા, પણ કાંતિલાલ તો એનું એ અનુત્સાહનું ગીત ગાઈ રહ્યા હતા. ગુરુદેવ એથી હતાશ ન થયા. તેઓશ્રીએ નવી જ વાત છેડી :

'કાંતિલાલ ! એમ કર તારા ભાઈઓ બે વર્ષમાં તો પગભર થઈ જવાના ને ? એ પછી તો તું સંસારમાંથી નીકળી શકે ને ? તો હમણાં એમ કર કે જીવનભરનું બ્રહ્મચર્ય વ્રત તું ગ્રહણ કરી લે. જેથી સંસારના બંધનોમાં તો જકડાવાનું ન જ થાય !'

ચતુર્થવ્રતની વાત આવી અને કાંતિલાલના દિલમાં એકી સાથે અનેક વિચારોનું મંથન જાગી ઊઠ્યું : 'ચારિત્રના પંથે પ્રયાણ તો કરવું જ છે પણ હમણાંથી ચતુર્થવ્રત શી રીતે સ્વીકારી શકાય ? લેવી તો સીધી દીક્ષા જ લેવી બ્રહ્મચર્ય વ્રત લઈએ ને કદાચ સંસારમાંથી નીકળી ન શકાય તો ?'

કાંતિલાલના દિલમાં વિચારના વલોણા ચાલી રહ્યા : 'પણ ભલા, ચારિત્ર શા માટે ગ્રહણ કરવાનું છે ? પાપોથી બચવા માટે જ ને ? ત્યારે વિષયસેવન તો મોટામાં મોટું પાપ છે. વિષયનું પાપ જો મનમાં પણ હશે તો ચારિત્ર શી રીતે લઈ શકાશે ? ચારિત્ર લેવાય તો સારું છે ને ન લેવાય તો સંસાર પણ સારો છે - આવી વૃત્તિ મનમાં રાખીશ તો ખરેખર સંસાર જ મીઠો લાગશે, ત્યાગની ભાવના નહિ પ્રગટે ! અને હા ! આજે તો પરમ કૃપાસાગર ગુરુદેવશ્રી અમદાવાદમાં બિરાજમાન છે, તેથી વૈરાગ્ય પુષ્ટ બનવાનું પ્રબળ નિમિત્ત છે. ગુરુદેવ વાસનાના કૂપમાં પડતાં મને બચાવવા કરે છે, પણ ચાતુર્માસિની પૂર્ણાહૂતિ થતાં જ ગુરુદેવ તો વિહાર કરી જશે ! પછી કોણ મારો હાથ પકડશે ! સંસારના કીચડમાંથી પછી કોણ મને બહાર કાઢશે ?'

વિચારોના ઘમ્મર વલોણામાંથી નિર્ણયનું માખણ કાંતિલાલના હાથમાં આવી

ગયું. બે હાથ જોડીને નિશ્ચયભર્યા અવાજે કાંતિલાલ બોલી ઊઠ્યો, 'સાહેબ ! આપની મારા પર અનુપમ કૃપા થઈ. આપી દો જીવનભરનું બ્રહ્મચર્ય વ્રત !'

ગુરુદેવે બરાબર ચકાસણી કરીને તરત જ અટકી વીર કાંતિલાલને યાવજ્જીવનું ચતુર્થવ્રત ઉચ્ચરાવ્યું. મુમુક્ષુ કાંતિલાલને થયું : 'હાશ ! માથા પરથી એક મેરુભાર દૂર થઈ ગયો ! મન હળવું ફૂલ' બની ગયું, જલ્દી નીકળવાની તાલાવેલી જાગી.'

ગુરુદેવ અમદાવાદથી ચાણસ્મા પધાર્યા, જ્યારે કાંતિલાલ પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરવા ઉત્સુક બની રહ્યા, ત્યારે તેમનાં લઘુબંધવ શ્રી પોપટલાલ પણ વડીલબંધુના કદમે કદમ મિલાવવા તૈયાર થયા હતા અને અંતે વિ.સં. ૧૯૯૧ના પોષ સુદ ૧૨ના દિવસે બંને બાંધવો ચાણસ્મામાં ત્યાગના માર્ગે સંચર્યા. કાંતિલાલ ગુરુદેવના શિષ્ય બનીને મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ બન્યા અને પોપટભાઈ વડીલબંધુના શિષ્ય મુનિરાજશ્રી પદ્મવિજયજી મહારાજ બન્યા.

• સ્વ. ગુરુદેવશ્રીના સ્મરણમાં રાખવા જેવાં સંસ્મરણો •

(લેખક : મુનિ શ્રી રવિકાન્ત વિજયજી મહારાજ)

વર્ધમાન તપોનિધિ, ન્યાય વિશારદ પરમ પૂજ્ય, ગચ્છાધિપતી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના આકસ્મિક દેહવિલયથી જૈન સંઘમાં ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. તેઓશ્રીના ગુણાનુવાદ કરવા મારા જેવા બાળસાધુ માટે નાના મોંઢે મોટી વાત કરવા જેવી છે. તેઓશ્રીની નિકટ રહીને ૫/૬ વર્ષ દરમ્યાન મને અમૂલ્ય સેવાનો અવસર પ્રાપ્ત થયો હતો... માત્ર એટલી જ મારી કમનસીબી છે કે અંતસમયે હું સાથે ન રહી શક્યો અને છેલ્લા ૩॥ મહિનાનું અંતર પડી ગયું.. પૂજ્યશ્રીની સાથે રહીને પૂજ્યશ્રીને કેવા જાણ્યા ! કેવા માણ્યા !

•

સુરતનું છેલ્લું ચાતુર્માસ ! સાંજનો સમય થયો ! સંધ્યા ઢળતી હતી... રોજના નિત્યક્રમ મુજબ પૂજ્યશ્રી જાપની તૈયારી કરી રહ્યાં હતાં. એવામાં હું તેઓશ્રી પાસે પહોંચી ગયો. જાપનો સામાન મૂક્યો અને ધડાધડ બારીઓ બંધ કરવાની શરૂ કરી. ત્યાં પૂજ્યશ્રી બોલ્યા ! રવિ ! ઓઘો બગલમાં રાખવા માટે નથી હોં ! પૂંજવા માટે છે !

પૂજ્યશ્રી ઘણાં કામોમાં વ્યસ્ત હોવા છતાં પણ નાનામાં નાની ક્રિયાઓ કેવી ચોકસાઈ રાખતા અને રખાવતા ! પોતાના આત્માની સાથે જીવદયાને કેવી એકમેક કરી હશે ? ત્યારે આ ઊદ્‌ગાર સરી પડ્યા !!!

સાઉથના વિહારની એક વાત છે ! સવારના ૮/૧૦ કિ.મી.નો વિહાર કરીને અમે એક ગામમાં આવ્યાં... પણ ! ગામમાં એકે ય શ્રાવકનું ઘર નહીં ! પટેલ-બ્રાહ્મણ આદિનાં ઘર ખરાં ! સાથેનાં સાધુ માટે બાજુનાં ગામેથી શ્રાવકો ગોચરી-પાણી લઈને આવ્યાં ! પણ નિર્દોષના ખપી પૂજ્યશ્રી એ ગોચરી વાપરે ? હરગીજ નહીં ! પૂજ્યશ્રીએ બ્રાહ્મણ-પટેલ આદિનાં ઘરમાંથી જે અડધો-પોણો કપ ચા કે દૂધ મળ્યા તેનાથી પતાવી દીધું...

મધ્યાહ્ન સમયની ગોચરીનો ટાઈમ થયો. સાધુ અન્ય ઘરેથી ગોચરી લઈ આવ્યા. ગોચરી જોઈને મારું મન એકદમ વીલખું બની ગયું. ગૃહસ્થને પોતાના ઘરમાં જ્યાં ખાવાના વાંધા હોય ત્યાં વળી સાધુને ગોચરીની આશા ક્યાંથી હોય ? પણ ! પણ ! પૂજ્યશ્રી તો મુખની એકપણ રેખા બગાડ્યા સિવાય ગોચરી વાપરી ગયાં... સાંજના તો ગોચરીની આશા જ ન હોય, તો પણ સાંજ-સવારનો વિહાર તો કરવાનો જ. આપશ્રીનો એ નિર્દોષ ભિક્ષાનો ભેખ આપે જીવંતપર્યંત જીવતો રાખીને અમારા સૌને માટે એક આદર્શ આપતાં ગયાં...

•

નવસારી આદિનાથ સોસાયટીમાં પૂજ્યશ્રી પોતાના વિશાળ સમુદાય સાથે બિરાજ્યાં હતાં. નાદુરસ્ત તબિયતના કારણે ડોકટરે વધુ આરામની સલાહ આપી હતી. તે અરસામાં એક દિવસ સાધુ મ.સા.ના કોઈ ભાઈ પૂજ્યશ્રી સાથે વાતો કરવાં લાગ્યા ! થોડીવાર પછી મેં પૂજ્યશ્રીને આરામ મળે તે ધ્યેયથી તેમને ઊભા થઈ જવાનું કહ્યું... પૂજ્યશ્રીને ખબર પડી... મને કહે બેસવા દે ! દૂરથી આવ્યાં છે. મેં કહ્યું સાહેબ ! હવે થોડો આરામ કરો ત્યારે, પૂજ્યશ્રીએ મને ખખડાવ્યો અને હું ત્યાંથી રવાના થઈ ગયો...

પણ !!! તે ભાઈ ગયાં પછી મને બોલાવ્યો. પ્રેમાળ શબ્દોમાં મને કહ્યું રવિ ! હું તને ઊંચા સાદે બોલ્યો. તેથી નારાજ તો નથી ને ?

મહાપુરુષની કેવી ઉદારતા-સરળતા અને વિશાળતા હોય છે. નાના સાધુ સાથે નાના બનવામાં પણ નાનમતા ક્યારે ય અનુભવતાં નહીં.

આવી ઊદારતા-સરળતા ને વિશાળતાથી શોભતા ગુરુદેવશ્રીની સેવામાં પડા-પડી થાય તેમાં કોઈ આશ્ચર્ય નહીં...

•

કર્ણાટક હુબલી શહેરમાં ચાતુર્માસ ! એક દિવસની વાત છે. માંડલીનું પ્રતિક્રમણ થયાં બાદ સાધુઓ સૌ સૌના કામે લાગી ગયાં ! અને પૂજ્યશ્રી દંડાસણ

લઈને ઊભાં થયાં ! મેં પૂછ્યું ક્યાં પધારવું છે ? મને કહે સાધુનાં આસને એક લટાર મારી આવું. પૂજ્યશ્રી મારો હાથ પકડી ચાલી નીકળ્યાં ! એકેક સાધુનાં આસને ગયાં સૂતાં હોય તો પૂછે પાઠ કરીને સુતા કે એમને એમ ? આસન પર સાધુ ન હોય તો પૂછે, ક્યાં ગયાં છે ? માળા ગણતાં વૃદ્ધ સાધુને કહે કશું ન આવડે તો પક્ખીસૂત્રનો ૫ વાર પાઠ કરી જવો... આવી રીતે અવાર-નવાર સાધુ સમુદાય વચ્ચે લટાર મારવા દ્વારા પૂજ્યશ્રી સાધુમાં રહેલ પ્રમાદ આદિ દોષોને દૂર કરતાં અને વળી પાછા જાપ આદિ કાર્યોમાં લાગી જતાં ! જૈન શાસનના ગૌરવવંતા પદે આરૂઢ હોવા છતાં, શાસનના અનેક કાર્યો વચ્ચે પણ ! પોતાના આશ્રિતવર્ગને અપ્રમત્તતાનો સાક્ષાત્કાર કરાવતાં હતાં...

અહમદનગરથી શિરડી તરફના વિહારની વાત છે. એક ગામથી બીજે ગામ જવાનું હતું. સામેના ગામમાં પૂજ્યશ્રીના શિષ્ય ભેગાં થવાનાં હતા. ગરમીનાં દિવસો હોવાથી સાંજે વિહાર થોડો મોડો કરવાનો હતો. પણ !! પૂજ્યશ્રી કહે વહેલાં પહોંચી જઈએ તો તેની સાથે થોડો ટાઈમ વધારે બેસી શકાય ! અને ખરેખર ! પૂજ્યશ્રી ચાલી નીકળ્યાં સામેના ગામે પહોંચ્યાં. હજુ તો પેલા શિષ્ય આવ્યાં પણ ન હતાં. પાણી વાપર્યું. મને કહે આજુબાજુ તપાસ કરી આવ ! હું ગયો ! પાછો આવીને કહ્યું ! સાહેબજી ! હજુ કોઈ આવ્યું નથી. મને કહે ચાલ આપણે રોડ પર બેસીએ ! મેં કહ્યું ! સાહેબજી ! આપણાં કરતાં તેમનો વિહાર લાંબો છે. ગરમીના દિવસો છે. મોડા નીકળ્યાં હશે ! માટે આવતા વાર લાગશે પણ !!!

તમે નહીં માનો પૂજ્યશ્રી રોડ પર આવીને બેસી ગયાં. મને કહે દૂરથી આવતાં દેખાય તો મને જાણ કરજે ! અને મેં દેખતાંની સાથે પૂજ્યશ્રીને જાણ કરી ને તુરત જ પૂજ્યશ્રી સામે ૭/૮ ડગલાં લેવાં ગયાં. સાક્ષાત્ ગુરુદેવશ્રીને આવેલા જોઈને શિષ્ય તો અવાક્ થઈ ગયાં ! અરે ! ગુરુદેવ આ શું ? તું આટલો પ્રભાવક ! અમે આટલું ન કરીએ ? એમાં અમારું શું બગડવાનું હતું ? પોતાના નાનામાં નાના સાધુ પર પણ કેટલો બધો વાત્સલ્યભાવ ! આવા નમ્ર ને વિનમ્ર ગુણોથી અલંકૃત ગુરુદેવને કોટી કોટી વંદન...

•

બેંગ્લોરમાં કલ્પતરુ સોસાયટીનાં દેરાસરમાં પૂજ્યશ્રીનાં વરદ હસ્તે અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ ! મહોત્સવનાં પાંચ દિવસ સ્ટેજનાં પ્રોગ્રામ હતાં... પૂજ્યશ્રીએ સાધુઓને માંડલીમાં કહ્યું, સ્ટેજ પ્રોગ્રામમાં ઉંમરલાયક સાધુ સિવાય કોઈએ આવવાનું

નથી ! પૂજ્યશ્રી નાના છોકરાઓને દીક્ષા આપી જાણતા અને દીક્ષા પળાવી જાણતા ! મારી પોતાની એક વાત કહું ! ૧૧ વર્ષે મારી દીક્ષા પૂજ્યશ્રીના હાથે થઈ દીક્ષાવિધિ થયા બાદ પૂજ્યશ્રી મારો હાથ પકડી મંડપની બહાર જઈ રહ્યા હતા, ત્યાં વચમાં જ પૂજ્યશ્રી મને કહે ! જો હવે આપણે સાધુ થયા, માટે હવે નીચે જોઈને ચાલવાનું.

આવા સંસ્કારો ગળથુંથીથી જ આપના દ્વારા અનેકોના સંયમજીવન રૂપી નાવના સુકાન બનેલા પૂજ્યશ્રીના ચરણે હૃદયભીની શ્રદ્ધાંજલિ !!!

•

પૂજ્યશ્રી જૈનશાસનના ત્રીજા પદે અલંકૃત હોવા છતાં પોતે કેટલા સાદાઈના આગ્રહી હતા અને સાથે સાથે એટલા જ જાગ્રત હતા !

પૂજ્યશ્રી માટે પૂજ્ય સાધ્વીજી ભગવંત કપડાં, કામળી, આસનાદિ વગેરે ઉપધિમાં દોરા, નિશાનાદિ ભક્તિથી કરતા. પણ ! પૂજ્યશ્રીને આ પસંદ ન હતું. ક્યારેક ક્યારેક પૂજ્યશ્રી સાધ્વીજી ભગવંતને બોલતા પણ ખરા ! પરંતુ મને તો અઠવાડીયામાં એકાદવાર તો કહેતાં જ કે આ તમે લોકો ભક્તિથી દોરાની નિશાની કરાવો છો પણ ! મને તો કમભક્તિ લાગે છે. શું દોરાને નિશાનીવાળા કપડાંથી અમારી શોભા છે ? સવાર-સાંજના પ્રતિક્રમણાદિ ક્રિયામાં તમારા એ કપડામાં મને જીવડાનો ભાસ થાય છે ! અરે ! ક્યારેક તો મને કહે હમણાને હમણાં કાતર લાવ અને કાપી નાંખ ! કેટલા જાગ્રત ગુરુદેવ ! ટાપટીપ પસંદ નહિ, જીવન ટીપટોપ બનાવવામાં જ એક માત્ર રસ હતો.

•

પૂજ્યશ્રી સવારે જ્યારે સમૂહ ચૈત્યવંદન કરવા જતા, ત્યારે લગભગ પૂજારીઓને ભગવાનનો પ્રક્ષાલ કરવાનો સમય ! પણ પૂજારીઓ જે રીતે ભગવાનની વાળાકુંચી કરતાં તે જોઈને પૂજ્યશ્રી દ્રવી ઊઠતાં અને કહેતાં અરે ! પૂજારી ! આ ભગવાન છે ! વાળાકુંચી તમારા શરીરે લગાડો, પછી જુઓ કેવી વેદના થાય છે ! આ તો ભગવાન છે. આવી રીતે વાળાકુંચીનો કુંચડો ન ફેરવાય પણ ! એક કુંડીમાં પાણી લઈને કપડું ભીનું કરીને પાણીના છબછબીયા કરીએ તો વાળાકુંચીની જરૂર ન પડે ! આમ પૂજ્યશ્રી પૂજારીઓને સમજાવતા ! ત્યારે અમને થાય પૂજ્યશ્રીએ જિનભક્તિને કેવી રગેરગમાં વણી હશે ત્યારે અમારા મન નતમસ્તકે નમી પડતા !

અરે ! સુરતના છેલ્લા ચાતુર્માસમાં લગભગ નવા દેરાસરે જવાનું થતું ! અને રોજની જેમ પૂજારીઓને કુચડા દ્વારા પ્રતિમાજીઓને ગોદા મરાતા જોઈને

પોતાના અંતરની વ્યથા પોતાના પ્રવચનકાર મુનિઓની આગળ ઠાલવતા અને કહે તમે આટઆટલી સભાઓ ભરો છો, તો એક દિવસ દેરાસરોના ટ્રસ્ટીઓની સભા બોલાવીને તેના નુકસાન સમજાવી વાળાકુંચીના ગોદા બંધ કરાવો. પૂજ્યશ્રી વાળાકુંચીના ખોટા ઉપયોગ બદલ વારંવાર વ્યથિત થઈ જતા.

•

પૂજ્યશ્રીએ જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા ત્યાં ત્યાં પૂજ્યશ્રીને શિષ્યો કહે સાહેબજી ! ચાતુર્માસની આરાધના આમ કરાવીએ તો કેમ ? ત્યારે પૂજ્યશ્રી કહેતાં, આ તો શ્રાવિક-શ્રાવિકા માટે આરાધના નક્કી કરી ! પરંતુ સાધુ-સાધ્વીનું શું ? તેમના માટે એક શાસ્ત્રવાંચન (વાચના) રાખીએ !

લગભગ દરેક ચાતુર્માસમાં પૂજ્યશ્રી સાધુ-સાધ્વી માટે એક કલાક ફાળવતાં ! અને પગામ સજ્ઝાય વાંદણા, લોગસ્સ આદિ સૂત્ર પર વિશેષ ભાર મૂકીને તેના અર્થોના રહસ્યને સમજાવતા ! અને સાધુઓ તેમાં એકચિત્ત કેવી રીતે રહે તે માટે તેઓશ્રીની નિશ્રામાં થતા પક્ખી-પ્રતિક્રમણ આદિમાં અતિચાર, પક્ખીસૂત્ર બોલવા માટે, લોગસ્સમાં ૨૪ ભગવાનને પ્રણામ, વાંદણામાં માથું અડાડવું, પગામ સજ્ઝાયમાં ઊપયોગ રાખવો તેની ઊછામણી બોલાતી અરે !!! આ તો સાધુની વાત થઈ પણ ! શ્રાવકોના સાતલાખ, વંદિત્તુ, બોલવા માટે પૂજ્યશ્રી નવકારનાં એક પદની કેટલી માળા ? આમ ઉછામણી બોલાવતા... ત્યારે શ્રાવકો કહેતાં આવી ઊછામણી ક્યારેય સાંભળી નથી ! આ તો સૂત્રની વાત થઈ !

પરન્તુ પૂજ્યશ્રી રોજ સવારનાં દેરાસર જાય. એમાં જે ભાવવાહી સ્તવન ગાઈને પાછા ઊપાશ્રયે આવતાં હોય ત્યારે પૂજ્યશ્રી રસ્તામાં તેના પર મંથન કરતાં. અને ઊપાશ્રયે આવીને સાધુઓની આગળ તે રહસ્યોને રજૂ કરતાં. એમાંથી પોતે એવા પ્રશ્નો ઊપસ્થિત કરતાં કે બીજાને માટે તે જવાબ અણઉપસ્થિત હોય આમ પૂજ્યશ્રી જ્ઞાનયોગની સાથે ક્રિયાયોગને સમજાવવાં દ્વારા ભક્તિમાર્ગને પણ જીવનમાં આત્મસાત્ કરવાનું ઉદાહરણ પુરું પાડતાં.

•

સં. ૨૦૩૯ જેમને હજારો આયંબિલ કરવા દ્વારા વર્ધમાનતપની ૧૦૮ ઓળી પૂર્ણ કરીને "વર્ધમાન તપોનિધિ"ના બિરુદથી અલંકૃત થયા. પૂજ્યશ્રીએ પોતાના જીવનમાં આયંબિલ તપને કેવો એકમેક કર્યો હશે ! ત્યારે જ આ ભગીરથ કાર્ય સાંગોપાંગ ઊતર્યા હશે !

વર્ધમાન તપોનિધિનું બિરૂદ મળી ગયા પછી બેસી ન રહ્યા...! પરંતુ ઓળીમાં

નવ દિવસના આયંબિલ કરતા. ક્યારેક ચોમાસામાં એકાસણા ! એમાંય દાળ-ભાત-રોટી સબ બાત ખોટી ! એવી રીતે કહેતા ! પોતાના હાથે થતા અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા અને ઉપધાનની માળના શુભ દિને પૂજ્યશ્રી પોતે આયંબિલ કરતા ! તે ઉપરાંત લગભગ તિથિએ વિહારમાં કે મકાનમાં નાદુરસ્ત તબિયતે પણ છૂટા મોંઢે વાપરતા નહિ. આટલું ઓછું હોય તેમ ! દર વદ-૧૦ અને ગુરુ એકાદશીએ ઉપવાસ ફરજીયાત !

આમ પોતાના મનને તપમાં એવું ઓતપ્રોત બનાવી દીધું હતું કે બે આઠમ કે બે પાંચમ આવતી ત્યારે આગળના દિવસે સાંજે અમારે કહેવું પડતું સાહેબજી ! કાલે પહેલી આઠમ છે, માટે પચ્ચક્ખાણ નવકારશી ધારજો... જેના જીવનમાં તપ એ સહજ વાત હતી એવા પૂજ્યશ્રી ચાલુ દિવસે છૂટું મોઢું હોય તો પણ ક્યારેક બપોરની ગોચરી વાપરીને તિવિહારના પચ્ચક્ખાણ કર્યાના ૨/૩ દાખલાં બન્યા છે. આવા તપની સાક્ષાત્ મૂર્તિસમ પૂજ્યશ્રીને જોઈને સહવર્તિ સાધુ સમુદાયને આલંબનરૂપ બન્યા...

પૂજ્યશ્રી એક વાતના ઘણાં પ્રેમી, આગ્રહી અને ચાહક હતા ! તે માટે પોતાનો ભોગ આપવો પડે તો પણ આપતા ! તે છે સ્વાધ્યાયનો મંજૂલ ઘોષ ! બોલીને પાઠ કરવો. પૂજ્યશ્રી બાળમુનિઓ પર આનો વિશેષ ભાર મુકતા ! વિજાપુરમાં ઊપધાનની માળ પર એક બાળમુનિ હતા ! તેઓ રોજના ૫/૬ કલાક સ્વાધ્યાય કરતા પૂજ્યશ્રીને ખબર પડી. બોલાવ્યા, કયા કયા સૂત્રો કર્યા છે ? કેટલી ગાથા કરો છો ? વગેરે વગેરે પૂછ્યું. પછી પૂજ્યશ્રીએ તેમને ઉપદેશામાળા કંઠસ્થ કરવા કહ્યું. સાથે રોજની ૧૦ ગાથા આમ કહીને છૂટી ન ગયા ! પરંતુ રોજ તેની હાજરી લે. રાત્રે પણ ઉપદેશમાળાનો પાઠ સાંભળે... આપણાં મગજમાં નહીં આવે પણ તેમણે આખી ઉપદેશમાળા ૫/૧૦ દિવસનાં ગાળામાં કડકડાટ ગોખી નાંખી ! એક દિવસ હું પણ ઝડપાઈ ગયો. મને કહે આમ સવારનાં પહોરમાં શું ગામગપાટા મારવા બેઠો છે. ગાથા કરતો હોય તો ? સાહેબજી ! ગાથા કરી કરીને ભુલી જવાય છે. મને કહે અરે ગાંડા ! સહેલાઈથી ન આવડે તો થોડી મહેનત કરીએ ! ગાથા કરવાની એક ચાવી છે ! તે રેલ્વે સ્ટેશન જોયું છે ? ત્યાં એકેક ડબ્બા કેવા છૂટાં પડેલાં હોય છે. પરંતુ જ્યારે તેને આખી ટ્રેન બનાવવા કેવી રીતે ડબ્બાને ભેગા કરે છે ! તેવી રીતે ગાથાનાં એકેક પદને પાંચવાર જોઈને અને જોયા વગર એકેક પદને બોલતાં સાથે બીજા પદને જોઈન્ટ કરતાં જઈએ તો ૧ કલાકમાં પાંચ ગાથા સહેલાઈથી થઈ શકે ! મેં કહ્યું, સાહેબજી મહેનત કરીશ મને કહે

હમણાં બે ગાથાની કોશિશ કર ! પછી પાંચની ! અને ત્યારથી પૂજ્યશ્રીએ મને બે ગાથા પકડાવી. જે આજ સુધી પણ ચાલે છે... પૂજ્યશ્રી એવા તો સ્વાધ્યાયનાં ચાહક હતાં કે પોતે સૂઈ જાય ત્યારે જો આજુબાજુવાળા બોલીને સ્વાધ્યાય કરવાનો અવાજ ધીમો કરે તો પૂજ્યશ્રી કહેતા ! તમે તમારે મોટેથી સ્વાધ્યાય કરો મને ખલેલ નહિ પડે. સંસ્કૃતથી માંડીને કોઈપણ ગ્રંથોનો કે સૂત્રોનો પાઠ આપવામાં પોતે સદા તત્પર રહેતાં. આવો સ્વાધ્યાયપ્રેમીનો ગુણ અમારામાં આત્મસાત્ થાય એવા દિવ્ય આશિષ અમારા પર વરસાવો !!

•

● **સુરત : ૐકારસૂરિઆરાધનાભવન, ગોપીપુરા-** વિ.સં. ૨૦૪૮નું યશસ્વી યાદગાર ચાતુર્માસ અમારા સંઘમાં પૂર્ણ કરી પૂજ્યપાદ સંઘહિતચિંતક આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. અમદાવાદ મુકામે સમાધિમય કાળધર્મ પામ્યા તેની અનુમોદનાર્થે તેઓશ્રીના શિષ્ય પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજની નિપુણચંદ્ર વિજયજી મ. તથા પૂ. મુનિશ્રી જિનહંસવિજયજી મ.ની નિશ્રામાં સ્વ. પૂજ્યશ્રીની ત્રિમાસિક સ્વર્ગવાસ તિથિ નિમિત્તે શ્રી સંઘમાં શંખેશ્વર-પાર્શ્વનાથના અઠ્ઠમતપની આરાધના તેમજ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી, સાધ્વીશ્રી સત્યરેખાશ્રીજી, સાધ્વીશ્રી દમયંતીશ્રીજી મ. બેનોમાં સારી આરાધના કરાવી રહ્યા છે.

● **સેલવાસ :** સંયમજ્ઞાન ત્યાગમૂર્તિ આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની તૃતીયતિથિ નિમિત્તે પૂ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ સુંદર ઉજવાયો. પૂજ્યશ્રીના પ્રવચનો સુંદર ચાલી રહ્યા છે. સાધ્વીશ્રી રાજરત્નાશ્રીજી આદિની નિશ્રામાં બહેનોમાં પણ ધર્મભાવના વધી રહી છે.

● **સુરત - વડાચૌટા :** સ્વ. ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભાશીર્વાદથી સ્થપાયેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનભક્તિ મંડળ ખૂબ સુંદર પ્રગતિ કરી રહ્યું છે. દર રવિવારે ૫૦ જેટલા યુવાનો શહેરના અલગ અલગ દેરાસરજીમાં ગભારાથી લઈ શિખર સુધીની શુદ્ધિ કરે છે. આ કાર્યક્રમ ચાર કલાક સુધી ચાલે છે. એમાં ક્યારેક મંદિરજીના ટ્રસ્ટીઓ પણ ખુદ જોડાઈ જિનભક્તિનો આનંદ માને છે. મંડળના સક્રિય પ્રયત્નોથી વડાચૌટા પાઠશાળામાં વિદ્યાર્થીઓ સારી સંખ્યા વધી છે. બાળકોમાં સંસ્કારવૃદ્ધિની કાળજી વિશેષ લેવાય છે.

'જૈન ચિત્રકલામાં સ્વ. ગુરુદેવશ્રીનું યોગદાન'

લેખક : પરમ પૂજ્ય પં. શ્રી જયસુંદર વિજયજી મહારાજ

શું સૂરજને શરમ આવી ? શું તારાઓને ઈર્ષ્યા આવી ? શું નક્ષત્રોને પેટમાં દુખ્યું ? શું ચાંદાથી ખમાયું નહીં ? એ ભુવનભાનુનું તેજ ? એ જ્ઞાનભાનુના ચમકારા ! એ આચાર ભાનુના દીપ્તિમંત કિરણો ! એ ત્યાગ ભાનુનો ઉજ્જવળ પ્રકાશ ! એ વૈરાગ્ય ભાનુની દેદિપ્યમાન કાન્તિ ! એ દર્શનભાનુનાં નિર્મળ સમ્યગ્દર્શનનાં ઝળઝળાટ ! એક દુર્ભાગી પળે એવા સહસ્રભાનુને મોતના વાદળોથી ઘેરી લીધો. પણ વાદળ એ વાદળ, એક પળ એવી આવશે જ્યારે વિખરાયા વિના રહેશે નહીં. અને એ તેજસ્વી ભાનુ ફરીથી ઉદયમાં આવીને સમગ્ર અવનિતલને પોતાની તેજ છાયાથી નંદનવન જેવી સજાવી દેશે.

એ ભુવનભાનુએ ૫૮-૫૮ વર્ષો સુધી અધ્યાત્મની તમામ દિશાઓમાં ખોબે ખોબા ભરીને પોતાના તેજ કિરણો રેલાવ્યા અને ફેલાવ્યા. અનેક ગુમરાહ યુવાનોની હૃદયગુફામાં તિમિરને લગાડીને આહ્લાદક તેજ પાથર્યા. જૈનશાસનના બાગનું કોઈ એવું અંગ બાકી નહીં હોય કે જેનું મધુર સિંચન આ બાગવાને ન કર્યું હોય. એની સજાવટ એવી અનોખી હતી જેમાં કોઈ બનાવટની દુર્ગન્ધ ન હતી - હતી માત્ર સુંદર રંગ-બેરંગી સુગન્ધી વર્ણોની મિલાવટ. ખરેખર પૂજ્યશ્રી કોઈ કુશલ કલાકાર-ચિત્રકાર હશે ?!! શું ન હતા એ જ સવાલ છે - પણ ચાલો આપણે એક કુશળ ચિત્રકલા વિશારદ તરીકે પીછાનવા કોશિશ કરીએ.

જૈનકુળમાં જન્મેલા બાળકો તો ઉચ્ચ આચારોના સંસ્કારોથી સુવાસિત પુષ્પ બનવા જોઈએ, એના બદલે આધુનિક ભૌતિક સંસ્કૃતિએ દાટ માંડવા માંડ્યો એ બાલ-પુષ્પોનો ! પૂજ્યશ્રીના હૃદયમાં એ બાલ-પુષ્પોને સદાચારની સુવાસથી મઘમઘતા જોવાની ઉત્કંઠા જાગી મનમાં ને મનમાં માનસચિત્રો તૈયાર કર્યા. કુશળ ચિત્રકારને વાણીના માધ્યમે સમજાવીને એ માનસચિત્રોનું કાગળ ઉપર રેખાંકન કરાવ્યું, સરસ મજાની 'બાલપોથી' તૈયાર થઈ ગઈ. એના એક એક પાના ઉપર દેવાધિદેવ વીતરાગ પરમાત્માનું રંગીન ચિત્ર અને નીચે લખાણ દ્વારા પ્રભુના વખાણ, સદ્‌ગુરુનું ચિત્ર અને નીચે લખાણ દ્વારા સુંદર એમની ઓળખાણ, સામાયિક, પ્રતિક્રમણ, પ્રભૂપૂજા, માતા-પિતાનો વિનય, શિક્ષકનો વિનય આવા બધા સદાચારોના સુંદર-મજાના ચિત્રો સાથે નીચે ટૂંકાણમાં બાળભોગ્ય પ્રવાહી ભાષામાં દરેકની ઓળખાણ - આ બાળપોથી જોઈ જોઈને બાળકો નાચી ઊઠ્યા.

પ્રથમ ચિત્રમય સર્જન થયું આ બાળપોથીનું પણ ક્યાંય એમાં પૂજ્યશ્રીએ પોતાનું નામ લખેલું નહીં. હા, હજારો નકલો ગુજરાતી-હિન્દીમાં છપાઈ ને વહેંચાઈ

ગઈ - બાળકોને હરખાવતી ગઈ.

એ યુગ હતો આઝાદીનો, લોકો ગાંધીને ઘેર ઘેર ઓળખતા પણ જૈનોના ઘેર ઘેર ભગવાન મહાવીરને ભૂલી બેઠેલા - કે જેને ખરેખર ઓળખવાની જરૂર હતી - જે આત્માની આઝાદીનો પરમ જીવતો ને જાગતો આદર્શ હતો - એ પરમેશ્વર પરમકૃપાળુ ભગવાન મહાવીરને લોકો ભૂલી જાય એ વાત દીર્ઘદૃષ્ટા શાસન જ્યોતિર્ધર ગુરુદેવના હૈયામાં ખૂંચ્યા વિના રહે ખરી ?

એક-બે... કરતાં લગભગ ૫૦-૬૦ માનસચિત્રો મનમાં ને મનમાં ચિતરાઈ ગયા. કુશલ ચિત્રકારને બેસાડી, સમજાવવાની અદ્‌ભુત કળાથી માર્ગદર્શન કરી કરીને કાગળ ઉપર અદ્‌ભુત ભગવાન મહાવીર જીવન ચરિત્ર સજીવન કરાવ્યું. આંદોની (A.P.)ની જૈન સંસ્થા તરફથી પહેલીવાર એનું પ્રકાશન થયું. શ્રમણ ભગવાન મહાવીરના જીવનના મહત્ત્વના કલ્યાણકારી આબેહૂબ પ્રસંગોનો અદ્‌ભુત ચિતાર જોઈ જૈન જગતના હૈયા ઠર્યા. ભગવાન મહાવીરના અનેકાનેક જીવન પ્રસંગોનું આ ચિત્રમય નજરાણું પહેલ વહેલા શ્રી જૈન સંઘને અર્પણ કરનાર પૂજ્યશ્રી પ્રથમ હતા. તે પછી બીજા જેટલા પણ ચિત્ર સંપુટો બહાર પડ્યા હશે એ કોઈ ને કોઈ રીતે આ પ્રકાશનના ઋણી હશે એમ માનવામાં કોઈ ગેરસમજ નથી.

વિરાટ પ્રતિભા-સ્વામીઓને આટલાથી સંતોષ ક્યાંથી હોય ? લોકો નહેરુ-તિલક-સરદાર જેવાને મહાપુરુષો તરીકે નવાજીને એમના જીવનચરિત્રોથી વાકેફ બને તો આપણા જૈનોએ ખરેખર જેઓને મહાપુરુષ તરીકે ઓળખવા જોઈએ એવા શાલિભદ્ર - ધન્ના અણગાર - રાજર્ષિ કુમારપાળ હેમચન્દ્રસૂરિ - હીરવિજયસૂરિ ! વજ્રસ્વામી - વસ્તુપાળ-તેજપાળ બાંધવ બેલડી - પેથડશા વિમળશા - આ બધા મહાપુરુષોને જૈનો પણ ન ઓળખે એ ખૂંચ્યા વિના રહે ? પૂજ્યશ્રીએ આ બધા મહાપુરુષોનો ચિત્રમય પરિચય આપતાં 12" x 18" ના મોટી સાઈઝમાં સુંદર રંગબેરંગી ચિત્રમય કલાકૃતિઓના ૧૨ અને ૧૭ ચિત્રોના બે સંપૂટ તૈયાર કરાવ્યા જે આંદોની (A.P.) ની જૈન સંસ્થા તરફથી મુદ્રિત થઈને લગભગ ભારતભરના સંઘોમાં સેંકડો-હજારોની સંખ્યામાં પહોંચી ગયા. આજે અનેક જુના ઉપાશ્રયોમાં - દેરાસરોમાં - ધર્મપ્રેમી સુશ્રાવકોના ઘરોમાં દિવાલો ઉપર કાચની ફ્રેમમાં મઢાવેલા એ ચિત્રો પૂજ્યશ્રીનું મૂક યશોગાન કરી રહ્યા છે.

બે વાત આશ્ચર્યકારક છે. એક તો પૂજ્યશ્રીએ ક્યાંય એમાં પોતાનું નામ પ્રેરક કે માર્ગદર્શકરૂપે છપાવ્યું નથી.

બીજું આશ્ચર્ય એ બન્યું કે- શંકરરાવ નામના જે કુશલ ચિત્રકારે આ ચિત્રોને સજીવન કરેલા એ ભાઈ પૂજ્યશ્રીના સહવાસથી, મહાપુરુષોના જીવન-પ્રસંગોમાં આવતા ધર્મ-આદર્શોથી ધીરે ધીરે ચિત્રોનું રંગકામ કરતાં કરતાં સ્વયં રંગાવા માંડ્યા. અનંતકાય વગેરે અભક્ષ્યભક્ષણ છોડી દીધું, બીડી-સીગારેટ છોડ્યા - દારૂને હાથ

નહીં અડાડવાની પ્રતિજ્ઞા લીધી, માંસ-મચ્છી-ઈંડાનું ભક્ષણ બંધ કર્યું. ઉકાળેલું પાણી પીવા માંડ્યું. પોતાની દીકરીઓને પણ દીક્ષા અપાવી અને લગભગ જૈન બની ચૂકેલો આ પુણ્યાત્મા આજે બેંગલોર-દાદાવાડીના દેરાસરે રોજ પૂજા કર્યા વિના પ્રાયઃ જમતા નથી.

પૂજ્યશ્રીએ આ જે જીવંત ચિત્રનું સર્જન કર્યું. અને આવા બીજા અનેક યુવાનોના જીવનપટ ઉપર જે સુંદર ચિત્રાંકન કર્યું છે તે જૈનશાસનના ઇતિહાસમાં યુગોના યુગો સુધી અમર રહેશે.

આપણા જૈન તીર્થોમાં અનેક જૈનો જાપ, પૂજા ભક્તિ કલાક-બે કલાક કરી લે પણ પછી આખો દિવસ ધર્મશાળામાં પત્તા રમવા વગેરેમાં બગાડે એ કેમ પોષાય ? પૂજ્યશ્રી વિચારતાં કે દરેકે દરેક તીર્થોમાં એક સુંદર ચિત્રશાળા હોવી જોઈએ. તીર્થયાત્રા કરવા આવનારા જૈન-જૈનતરોનો આખો દિવસ એ ચિત્રો નિહાળવામાં ક્યાં પસાર થઈ જાય ખબર ના પડે. કંઈક સમજે, બુઝે-જીવન સુધારે - એવી ઉમદા પૂજ્યશ્રીની ભાવના. રાજસ્થાનના સિરોહી જિલ્લાના બામણવાડા શ્રી ભગવાન મહાવીરના તીર્થમાં કંઈક અંશે આ ભાવના સાકાર થઈ. તીર્થના પ્રાંગણમાં સલાટો બેસી ગયા - બંને બાજુએ સુંદર પાષાણ ઉપર કોતરકામ દ્વારા શ્રી ભગવાન મહાવીરના જીવન - પ્રસંગોનું નિર્માણ થયું. રંગો પૂરાયા. હજારો યાત્રિકો આજે પણ તેના દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

હા, એ આશ્ચર્ય તો ખરું જ કે ત્યાં ક્યાંય પ્રેરક કે માર્ગદર્શન તરીકે પૂજ્યશ્રીએ પોતાનું નામ કોતરાવ્યું નથી.

પ્રતિક્રમણના સૂત્રો અને એના રહસ્યમય અર્થો ઉપર ઊંડાણથી ચિંતન-મનન એ તો પૂજ્યશ્રીના પ્રાણ ! ધર્મક્રિયાઓ ભાવ વગર નકામી અને ઉપયોગ વગર ભાવ ન આવે આવું બધું તો ઘણાએ ઘણીવાર સાંભળ્યું-સંભળાવ્યું હશે, પણ એ ઉપયોગ લાવવો કઈ રીતે - ભાવ સજાવવો કઈ રીતે ? એ દિશામાં બહુમુખી પ્રતિભાના સ્વામી પૂજ્યશ્રી વિના કોણ વિચારે ? એક એક સૂત્રો અને તેની ચૂર્ણિઓ ટીકાઓ - વૃત્તિઓ વગેરે વિશાળ શાસ્ત્ર-સાહિત્યનું ઊંડાણથી અવગાહન કર્યા વિના એ શક્ય શી રીતે બને ? પૂજ્યશ્રીએ એ માટે કમર કસી. લલિત વિસ્તરા આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય-ચૂર્ણિ-વૃત્તિ વગેરે સૂત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું. એક એક સૂત્રો - એના અર્થો - એના ભાવ - એની મુદ્રાઓ વગેરેને આબેહૂબ ઉપસાવતા સુંદર ચિત્રો જયપુર વિ.સં. ૨૦૨૫ના ચાતુર્માસમાં શ્યામસુંદર નામના ચિત્રકાર પાસે તૈયાર કરાવ્યા. કલકત્તામાં છપાયા, અમદાવાદમાં સૂત્ર અને અર્થ સાથે 'પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ્' એ નામે 'દિવ્યદર્શન' તરફથી પ્રકાશન થયું. જૈન સંઘોએ ઊમળકાભેર વધાવી લીધું - પાઠશાળાના બાળકોને તો અદ્‌ભુત નજરાણું મળ્યું. ત્રણ ત્રણ - ચાર ચાર આવૃત્તિઓ છપાઈ ગઈ.

આ બધા ચિત્રમય પ્રકાશનો પાછળ પૂજ્યશ્રીના જીવનની તપસ્યાનું તેજ, આચારની ચુસ્તતા, વિશિષ્ટ સૂઝ-મનોવૈજ્ઞાનિક પરખશક્તિ-અતલ જ્ઞાનનો ઊંડાણથી સ્પર્શ, આવશ્યક ક્રિયાઓમાં અપ્રમાદ તથા મહાપુરુષો પ્રત્યેનો ઊંડો આદર - બહુમાન આ બધા તત્ત્વોએ અદ્‌ભુત યોગદાન કર્યું છે.

મુંબઈ-શ્રીપાલનગરના ઉપાશ્રયે સ્થિરતા દરમ્યાન પૂજ્યશ્રીએ નયન સોની નામના ચિત્રકાર પાસે કલિકાલ સર્વજ્ઞના મહત્ત્વના તેમજ ઘણે અંશે અજ્ઞાત એવા જીવન પ્રસંગોનું પણ સુંદર સુરેખ ચિત્રણ કરાવેલું - જે હજુ પ્રકાશનની રાહ જુએ છે. એવા તો અનેક ચિત્રો તૈયાર કરાવેલા અથવા કરાવવાની ભાવના પૂજ્યશ્રીના હૈયામાં સતત રમ્યા કરતી હતી. હૃદય જૈનશાસનના રંગે એવું રંગાઈ ગયેલું હતું કે સર્વત્ર પૂજ્યશ્રી આ ચિત્રોની જાદુઈ અસર માટે નેમનાથ - ભગવાન અને રાજીમતીના ચિત્રનું ઉદાહરણ આપતા. **'રાજીમતીકું છોડ કે નેમ સંજમ લીના, ચિત્રામણ જિન જોવતે વૈરાગે મન ભીના.'** આ પાર્શ્વ-પંચ કલ્યાણ પૂજાની પંક્તિનો ભાવાર્થ સમજાવતાં પૂજ્યશ્રી કહેતાં કે રાજીમતીને છોડીને નેમનાથ ભગવાન દીક્ષા લેવા જઈ રહ્યા છે એ ચિત્ર જોઈને પાર્શ્વકુમારના ચિત્તમાં પ્રબલ વૈરાગ્યની આગ ભભૂકી ઉઠેલી.

શું વધુ કહીએ ?

પૂજ્યશ્રીનું સમગ્ર સંયમજીવન જ એક મનોહર નયનરમ્ય રંગ-બેરંગી જીવંત જૈનશાસનનું છાયા ચિત્ર હતું. એ પૂજ્યશ્રીના ચરણે કોટિશઃ વંદના.

• • •

પ.પૂ.આ. વિજય ભુવનભાનુસૂરીશ્વર વંદનાવલી

(રચયિતા : પરમ પૂજ્ય પં. શ્રી જગવલ્લભવિજયજી ગણિ.)

ચિહુંગતિ વિષે ભમતો ભવિક મુજ આતમા પાવન થયો
જેના દરસ વંદન ચરણ સેવા થકી ઘટ ઉમહ્યો
જોટો જડે ના જગ વિષે જસ યોગનો કલિમલ હરો
એવા સૂરીશ્વર ભુવનભાનુ ચરણકજ હો વંદના...૧

શુભ સ્થાનથી શિવરાજ લેવા રાજનગરે આવતા
શ્રદ્ધાળુ શ્રાવક ભગત ચીમન તાત ઘર શોભાવતા
વાત્સલ્યવંતી જનની ભૂરિકુક્ષિને અજવાળતા. એવા૦ ૨

ઓગણીસ સડસઠ સાલ ચૈત્રવદની ષષ્ઠી બહુ ભલી
મંગલ પ્રભાતે સૂર્યસમ તવ જન્મથી જ્યોતિ મલી
લક્ષણ અનેરા પારણામાં જોતાં આંખો ઠરી. એવા૦ ૩

દિનરાત વધતું નૂર ગુરુવર આપનું હિતકારણ
મુખડું તમારું સહુજનોને પુણ્યપ્રદ સંભારણું
સ્નેહી સ્વજનના લાડમાં પણ આત્મખોજ કરી રહ્યા. એવા૦ ૪

રત્નત્રયી કારક ત્રીજા સંભવજિનપની આદરે
બાલત્વથી શુભ ભક્તિ ભાવે ત્યાં જ નિજ દિલડું ઠરે
પુણ્યાનુબંધી પુણ્ય પરિમલ પ્રતિપલે જે પામતા. એવા૦ ૫

સંસારી સૌ સ્વજનોની સાથે વહી રહ્યા વ્યવહારમાં
'સી.એ.' સુધી અભ્યાસ કરતાં પણ નહિ અંધારમાં
સૂરિ પ્રેમ કેરા પુણ્યયોગે ક્ષણ ક્ષણે જે જાગતા. એવા૦ ૬

શૈશવ કુમારદશા વીતી આવી ઊભા યૌવન વિશે
તો યે જરી ઉન્માદ ના વ્યામોહના મનડા વિશે
ત્યાગી વિરાગી પ્રતિપળે સાવધ ઉદાસીનતાધરા. એવા૦ ૭

ઈતિહાસ સર્જક પળ પ્રતીક્ષા પ્રતિપલે તે જે કરી રહ્યા
ગૃહવાસનાં પિંજર થકી ઉડ્ડાન નિજ તલપી રહ્યા
ત્યાં તો અચાનક પ્રેમગુરુનો પત્ર સુસ્વાગત કરે. એવા૦ ૮

નિજ બંધુ પોપટ સાથ કાંતિલાલ ભાનૂદય થયો
પહોંચી પરમગુરુ પ્રેમનાં કરકમલથી સંયમ ગ્રહ્યો
ધમ્મેશૂરા લઈ ધર્મધ્વજને યજ્ઞ ઉત્તમ આદરે. એવા૦ ૯

ગુરુવચનમાં મન વિલીન કરીને ગુરુવચન હિયડે ધરે
આદરે અને બહુમાનથી યોગાંગ સેવનમાં ઠરે
પરમાદ પળનો ના કરે સંયમ વિશે ઉજમાળતા. એવા૦ ૧૦

પુણ્યે મળેલી અખૂટ શક્તિ ગુરુકૃપાથી સારતા
ભક્તિ વિરક્તિ ને વિભક્તિ, મુક્તિમાં મન ધારતા
સુખ શૈલ્ય છોડી જે અનાદિ આત્મજાગરણે રમે. એવા૦ ૧૧

સ્વાધ્યાયથી સ્વાધ્યાયમાં જે ગોચરી પણ ભૂલી જતા
રસ ગૃદ્ધિ વિણ આહાર કરતાં સ્વાદ ને વિસરી જતા
આંબિલ કરી નિજ મિત્ર ઘરમાં વસી સદા રસ ત્યાગતા. એવા૦ ૧૨

છઠ્ઠ તપ કરી જે ન્યાય ભણતા ને ભણાવે સર્વને
જ્ઞાને કરી પરિણતિ વરે ને જે હણે નિજ ગર્વને
તનની તિતિક્ષા તપ થકી કરતા વરે સાત્ત્વિક દશા. એવા૦ ૧૩

શ્રુતજ્ઞાન - ચિંતાજ્ઞાન ને વળી ભાવનાજ્ઞાને જીવે
નીત નીત નવા સંવેગ ને વૈરાગ્યના પીયુષ પીવે
દોષો થકી રાખે ભીતી પણ કષ્ટથી જે ના બીવે. એવા૦ ૧૪

શુદ્ધિ વરે દર્શનતણી જિનભક્તિમાં લંપટ રહી
સાથે રહ્યા પ્રભુ ભજનમાં માધુર્ય તે પામે સહી
સૂરિ પ્રેમ પ્રેમલ વચનથી જસ ભક્તિ ને અનુમોદતા. એવા૦ ૧૫

જે સર્વને સંપદ કરી નિર્દોષ ભિક્ષા આચરે
ઉત્કટ વિહારો પણ છતાં શુદ્ધિ ચરણની ઉચ્ચરે
જયણા ધરે જે ચાલ-બોલ-વિહાર-શયને-આસને. એવા૦ ૧૬

શત ઉપર અડ ઓળી કરી પ્રભુ વર્ધમાન તપોધણી
આંતર બહિ તપ ભેદ બારસ સાધતા ગૃદ્ધિ હણી
નિજ લક્ષમાં ક્ષતિ ના ચરે પરહિત વિશે પણ ના મણા. એવા૦ ૧૭

નિર્વેદ ને સંવેગકર વ્યાખ્યાનથી વિકસાવતા
ભાવુક હૃદય કમલો વિશે વૈરાગ્ય જ્યોત જગાવતા
પડિબોધિ દીક્ષા આપતા નિજ શિષ્યપદ દીપાવતા. એવા૦ ૧૮

ગુર્જર - મરાઠા - કન્નડ - તામિલનાડુ મરુધરદેશમાં
બંગાલ યુ.પી. વિહાર, વિચર્યા આપ મધ્યપ્રદેશમાં
ઉપકાર યોગે ભવ્ય ભગતો ભવથકી વિમુખ કીધા. એવા૦ ૧૯

જિનઆણના જયઘોષકારી આપના જયાં પગ પડે
ત્યાં ત્યાં ભવિકને આપ શ્રદ્ધા યોગ વિપદો ના નડે
પદપદ્મ પરિમલ આપની સંતાપ ને સંકટ હરે. એવા૦ ૨૦

જડવાદના ઝેરી પવનથી યુવકજન ઉગારવા
ખોલી પરબ નિજ જ્ઞાનની સન્માર્ગ પથ કંડારવા
ક્રાંતિ કરી ઉજ્વલ તમે બહુ હિત કર્યા-યુવજનતણા. એવા૦ ૨૧

જે શબ્દ-રૂપ-રસ-ગંધના અતિક્રમ બધાયે વર્જતા
વૈરાગ્યરંગી જીવન જ્યોતે જે વિરાગી સર્જતા
ના દ્વેષ કદીયે કો ઉપર મૈત્રી ધરે સૌ જીવ વિશે. એવા૦ ૨૨

નયનો થકી જસ વહી રહી છે પ્રેમની નિર્મલ નદી
જે સ્નાન કરતા તે વિશે તસ વિખરતી સઘળી બદી
જસ પદકમલની રજ બધી રજ કર્મની ઝટપટ હરે. એવા૦ ૨૩

જે પળપળે પયગામ આપે પ્રેરણા સ્રોતે વહી
'જીવન ગુણ ઉપવન બનાવો' સર્વદા સાવધ રહી
ભ્રમણા તજી નિજ મસ્તી માણો એમ કહી પડિબોધતા. એવા૦ ૨૪

વીતરાગ વીરના સકલ સંઘના હિતચિંતક આપ છો
આશ્રિત મુનિગણના વળી હિતકાર પ્રભુ મા-બાપ છો
વાત્સલ્ય સહુને એક સરખું દે સદા જાગૃત રહી. એવા૦ ૨૫

નવગુપ્તિ ધારે સમિતિ પાળે પંચ આચારે ઠરે
ઇન્દ્રિય દમે કરણો જીતે સુખશૈલ્યને નિશ્ચે હરે
ચૂરે કષાયો ચાર 'મહવ્વય' ભાર ભાવે જે વહે. એવા૦ ૨૬

નિર્દોષતા નજરે ચઢે જસ જીવન પંથ વિચારતાં
પાપીતણાં પણ શિર ઝુકે ચિંતન વિશે ગુણ ધારતાં
કલિકાળમાં સતયુગતણી જ્યોતિર્ધરા વરદાયકા. એવા૦ ૨૭

શ્રુતસંગી ચિંતનધાર ચિત્તે જાસ ખળખળ વહી રહી
જેથી કલમ કાગળતણી દોસ્તી અહોનિશ બની રહી
ગ્રંથો પરમતેજાદિ તાત્ત્વિક ને કથાના રચી રહ્યા. એવા૦ ૨૮

વ્યાક્ષેપ ટાલી અન્યયોગનો ધર્મધ્યાનદશા વરી
પ્રતિક્રમણ એવું અજોડ કરતાં ફરસતા આતમધરી
આલોચતા નિજ દોષને બહુ પુણ્યપોષ કરી રહ્યાં. એવા૦ ૨૯

પજવી રહ્યો જે સર્વને તે મોહને પજવી રહ્યા
ધ્રુજ્જ રહ્યા જે દુઃખમાં તસ દોષને ધ્રૂજવી રહ્યા
કામી રહ્યા વળી કઠિણ કર્મની મુક્તિને માણી રહ્યા. એવા૦ ૩૦

પ્રત્યેક રક્તકણો સદા જિનવચન ભાવિત આપનાં
ને આપ નસનસમાં વસી નિજહિત પરહિત ચિંતના
પળ પળ સદા સાવધ રહી નિજ આત્મશુદ્ધિ સાધતા. એવા૦ ૩૧

સૂરિમંત્ર ને મહામંત્ર જાપે જાપતા સિદ્ધિ વરે
સુવાસ ચૂર્ણની ક્ષેપતા વિઘ્નો નિવારી કૃતિ કરે
આશિષ તણો પરભાવ એવો જેહથી સઘળું બને. એવા૦ ૩૨

જેના ચરણને સેવતા ભોગીજનો યોગી થયા
ત્યાગી તપસ્વી જ્ઞાની ધ્યાની ને ગીતાર્થદશા વર્યા
શાસન પ્રભાવક જાસ કમનીય કાર્યની ગણના નહી. એવા૦ ૩૩

પત્થરતણી પડિમા વિશે પરમાત્મતા પ્રગટાવતા
અંજનશલાકા વિધિ કરે તસ દિવ્ય જ્યોત જગાવતા
જ્યાં જ્યાં પ્રતિષ્ઠાઓ કરે ત્યાં ઉન્નતિ સહેજે થતી. એવા૦ ૩૪

ઉપધાન ઉજમણા તીરથ યાત્રા તણા સંઘો ઘણા
અષ્ટાપદાદિ પૂજન મુખ જિનભક્તિના ઓચ્છવ ઘણા
જલધર સમા સાંનિધ્યમાં ચલચંચુ ભવિ ધ્યાસા હરે. એવા૦ ૩૫

સંયમ મહા સામ્રાજ્ય ધારક આપની અવિચલ કથા
વરદાનકર સૂરિપ્રેમના વારસ હરો મુજ ભવ વ્યથા
ભવોભવ મળો ભગવાન તુમ સેવકપણે સિદ્ધિ દશા. એવા૦ ૩૬

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૪૨,તા.૨૧-૮-૧૯૯૩

ગુરુગુણ ગીત (તર્જ : ઝુલણ મોરલી વાગી રે...)

ગુરુવર સ્વર્ગે સીધાવીયા (૨) **ભુવનભાનુસૂરિ**
હે...ગુણગણના ભંડાર **સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ**
ગુર્જર દેશે જનમીયા (૨) ભુવનભાનુસરિ
હે...કર્ણાવતી મોઝારે રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
પ્રેમ સૂરિના લાડલા (હાં...) (૨) ભુવનભાનુસૂરિ
હે...ગુરુજીને ભેટણ(વા) ચાલ્યા રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ભક્તોના મનના મોરલા (હાં...) મોરલા ભુવનભાનુસૂરિ
હે...શાસનના શણગાર રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ઉત્કૃષ્ટ તપ તપીયા હતા (૨) ભુવનભાનુસૂરિ
હે...વર્ધમાન તપ તપનાર રે- સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
પરમેષ્ઠિમાં ત્રીજે પદે (૨) ભુવનભાનુસૂરિ
હે...સૂરિમંત્ર જપનાર રે- સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
દીક્ષાના દાનવીર રે (૨) ભુવનભાનુસૂરિ
હે...હિતશિક્ષા દેનાર રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
બાવીશ પરિસહ જીતીયા (હાં...) જીતીયા ભુવનભાનુસૂરિ
હે... અણનમ એ અણગાર રે- સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
જ્ઞાન (શ્રુત) પર્યાય સ્થવિર રે (૨) ભુવનભાનુસૂરિ
હે...વયસ્થવિર પણ ધાર રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
શાસન પ્રભાવના કીધી ઘણી (હાં) (૨) ભુવનભાનુસૂરિ

હે... જય જય જગમાંગવાય રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
રોમ રોમ શાસન વસીયું (હાં...) (૨) ભુવનભાનુસૂરિ
હે...વીર વીર નિત્ય રટનાર રે સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
દ્વિશતાધિક શિષ્યગણ (હાં...) (૨) ભુવનભાનુસૂરિ
હે... રડતા મૂકી ચાલ્યા રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ભવ અટવીમાં ભોમીયા (હાં...) (૨) ભુવનભાનુસૂરિ
હે... મુક્તિપૂરીના સથવાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
નૈનોમાં કરુણા રસ ભર્યો (હાં...) (૨) ભુવનભાનુસૂરિ
હે...વયણોમાં વીરની વાણી રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
જ્ઞાનસત્ર(શિબિર)ના આદ્ય સૃષ્ટા (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...યુવા જનોના આધાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ન્યાય વિશારદ કહેવાયા (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે... વૈરાગ્ય દેશના દક્ષ રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
દેશોદેશે વિચર્યા (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...સ્વ-પર ઉપકાર કારણ-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ધર્મગુપ્તના તારલા (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...ગુરુજી હૈયાના હાર રે-સ્વર્ગે સીધાવીયાભુવન ભાનુસૂરિ
સૂક્ષ્મ મતિથી ગુપ્તિ ધરી (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...સંયતમાં શિરદાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ઈન્દ્રનું આંગણું શોભાવીયું (૨) ભુવનભાનુસૂરિ
હે...જિનવલ્લભ દિલધાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
આત્મદર્શન એક લક્ષ કેવલ (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...સમતાના ધરનાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ભવ્યો જીવોના ભાગ્યશ્રી (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...રવિ સમ દર્શન સાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
કરુણા વારિ વરસાવજો (૨) ભુવનભાનુસૂરિ
હે...આતમને હિતકાર રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
બે હજાર સંવત ઓગણ પચાસે (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...ચૈત્ર તેરસ વદિ કાળ રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
દર્શન દેદાર દાખજો (હાં) (૨) ભુવનભાનુસૂરિ
હે...લળી લળી લાગું પાય રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ

ચતુર્થ માસિક તિથિએ (હાં) ભુવનભાનુસૂરી
ભવ્યાંજલિ અર્પાય રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ધર્મગુપ્ત ગુરુ નિશ્રામાં (હાં) (૨) ભુવનભાનુસૂરિ
ભુજ સંઘ મહોત્સવ મંડાવે રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ
ચતુર્વિધ સંઘ સાંનિધ્યમાં (૨) ભુવનભાનુસૂરિ
ગુણાનુવાદ કરાય રે-સ્વર્ગે સીધાવીયા ભુવનભાનુસૂરિ

(સ્વ. ગુરુદેવશ્રીની ચતુર્થ માસિક તિથિની ઉજવણી પ્રસંગે ભુજ ખાતે પ્રવર્તકપ્રવર પૂજ્યશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂજ્ય મુનિ શ્રી ઈન્દ્રવિજયજી મહારાજ સાહેબ ગવાયેલ ગીત)

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૪૩,તા.૪-૯-૧૯૯૩

સહન કરવામાં જાત પ્રત્યે કઠોર બન્યા છે, તો આપણા પ્રત્યે કોમળ રહ્યા છે.

લેખક : મુનિશ્રી નંદીભૂષણ વિજયજી મહારાજ : ૧૫, ઓગસ્ટ, શ્રા.વદ. ૧૩

પૂજ્યપાદ ગુરુદેવશ્રી ગયા... ૪/૪ માસ પસાર થઈ ગયા... કાળને પસાર થતાં વાર નથી લાગતી જોકે પૂજ્યશ્રી ગયા એ વાત સત્ય માનતા હજી વાર લાગશે... કલ્પનાએ ચઢતા જ આંખ ભીની થવા માંડે છે... વાત્સલ્યભરપૂર એ ચહેરો હવે ક્યારેય સાક્ષાત્ જોવા નહીં મળે માત્ર ફોટાઓમાં જ જોવાનો ? આ વાત્સલ્ય એટલે શું ?

વત્સ એટલે બાળક અને લય = ઓતપ્રોત, તન્મય બાળકમાં જ ખોવાઈ જવું... ઓતપ્રોત થવું... બાળકની જ વિચારણામાં સદા મનને પરોવવું તેનું નામ વાત્સલ્ય. જેમ મા બાળકને સુવડાવી ઘરના કામ કરે કે આડીઅવળી ક્યાંય થાય પણ એનું મન સતત બાળકમાં જ હોય... દરેક કામકાજમાં ય ધ્યાન બાળક તરફ જ રાખે. તેને જરાય દુઃખ ન થાય તેની જ સતત કાળજી રાખે... તેનું નામ માનો બાળક પ્રત્યેનો વાત્સલ્યભાવ...

પોતાના સુખ-દુઃખને ગૌણ કરી બાળકના જ સુખ-દુઃખની ચિંતામાં - વિચારણામાં રત રહેવું તે વાત્સલ્ય છે... "જન્મદાત્રી મા દીકરો દુઃખી ન થાય તેની કાળજી રાખે... ધર્મદાત્રી મા શિષ્ય પાપી ન થાય તેની કાળજી રાખે..."

પરમાત્મા એ વાત્સલ્યના સાગર છે અર્થાત્ જગતના તમામે તમામ જીવોની મા બની તમામે તમામ જીવો સુખી થાય તેની ચિંતા કરવી; તે માટે શક્ય તમામ પ્રયત્નો કર્યા... અને એ પ્રયત્નો વખતે પોતાના દુઃખ-કષ્ટની જરાય પરવા કરી નહીં... ભૂખ-તરસ વેઠ્યા; ઉપસર્ગ-પરિસહો સહ્યા... અને તેવે વખતે ય

"સવિજીવકરું શાસનરસી"ની ભાવના પરાકાષ્ઠાએ પહોંચાડી.

પોતાને દુઃખ દેનાર; હેરાન પરેશાન કરનાર; ત્રાસ દેનાર કુપુત્ર ઉપર પણ મા હૈયાના હેત વરસાવશે; અંતરના આશિષ વરસાવશે; વહાલથી પીઠ પર હાથ પંપાળશે... પુત્રના તમામ અપરાધને ભૂલી જશે; માફ કરશે; ક્યારેય પાછા યાદ પણ નહીં કરે... તો પરમાત્મા પણ પોતાને ત્રાસ દેનાર; ઉપસર્ગોની ઝડી વરસાવનાર; સંગમવત્ છ-છ માસ કાળો કેર વર્તાવનાર; એક રાત્રિમાં ૨૦-૨૦ મહા ભયંકર મરણાન્ત ઉપસર્ગ કરનાર અને હજાર મણ ભારવાળું પેલું કાળચક્ર ઠોકનારને પણ હૈયાના હેતથી પંપાળશે... પાપી-અધમ કે નીચ તો કહેવા તૈયાર નહીં થાય અને પોતાના તમામ દુઃખને ભૂલી જઈ બિચારાને દુઃખ મળશે... નરક નિગોદ-દુર્ગતિમાં પરેશાન થશે એની કલ્પનામાં પ્રભુ પોતે દુઃખી થઈ જશે... અંતર કકળશે અને આંખેથી આંસુની ધારા વહી જશે... બિચારો...

"મારે કાજ આ જીવ જગતમાં કાળ અનંત રખડશે; દુઃખ અનંતા સહેશે તો પણ મુક્તિ કદી નહીં થાશે..." શું થશે એનું ? આ છે પરમાત્માનો વાત્સલ્યભાવ...

આવેલો રસોઈયો પુરીના એક બે ઘાણ બગાડે તો આપણે કાઢી મૂકીએ જ્યારે અનંતકાળથી અનંતા જીવોનો અનંતા જીવનોનો કચ્ચરઘાણ કાઢી નાખનાર આપણને પ્રભુએ ક્યારેય કાઢ્યા નથી... કાઢી મૂક્યા નથી... પોતાના ઘરમાં - પરિવારમાં રાખ્યા જ છે... આ છે પ્રભુનો વાત્સલ્યભાવ... કેવો વાત્સલ્યભાવ ? અનાદિ નિગોદમાંથી બહાર કાઢી જઘન્ય અવસ્થામાંથી ઊંચે ને ઊંચે ચઢવા ગુણસંપત્તિ અને સુકૃતસંપત્તિ આપી; ઠેઠ સંજ્ઞી પંચેન્દ્રિયના માનવ અવતારમાં લાવ્યા... પણ આપણે વિષય-કષાયના સેવન સંજ્ઞાના પોષણ - પાપસ્થાનકોના આચરણ કરી આપણી જ અવળચંડાઈએ પાછા નીચે પટકાયા તો પણ પરમાત્માએ આપણી અવળચંડાઈને જરાય મન પર લીધા વિના ફરી ગુણસંપત્તિ-સુકૃતસંપત્તિ આપતાં જ ગયા... અને ઉપર ઉપર ચઢાવતા જ ગયા... ભગવાનનું આપણે ન માન્યું અને આપણી નીચતાએ વારંવાર નીચે પટકાતા ગયા... તોય પ્રભુએ જરાય ઘૃણા-ઉપેક્ષા-તિરસ્કાર-ક્રોધ કર્યા વિના એકલા નિતરતા વાત્સલ્ય ભાવથી ફરી ફરી ઉપર ચઢાવતા જ ગયા...તેવા સંયોગો આપતાં જ ગયા...

ક્યારે ય મંદિરમાંથી ભગવાને આપણને બહાર ન કાઢી મૂક્યા કે અલ્યા મારું કહ્યું માનતો નથી તો મારે તારી શી પડી છે ? નીકળ બહાર... આવીશ નહીં અહીંયાં... તારું મોઢું ન દેખાડીશ... આવું કાંઈ ન કહેતાં અપરંપાર હૈયાના હેત વરસાવ્યા... ગુણસંપત્તિ-સુકૃતસંપત્તિ આપતા જ ગયા... આપતા જ ગયા... આ છે પરમ તારક પરમાત્માનો વાત્સલ્યભાવ... તમામે તમામ જીવ પર આ જ રીતે સદાય વાત્સલ્યભાવ વરસાવે છે... તો આવા જ વાત્સલ્યભાવ વરસાવ્યા છે આપણા એ ભવોદધિતારક ગુરુ માતાએ... ક્યારેય આપણને ઉતારી પાડ્યા નથી...

ક્યારેય તિરસ્કાર્યા નથી... ક્યારેય આપણી ઉપેક્ષા કરી નથી... આપણી નાની-મોટી ભૂલને ક્યારેય મનમાં લીધી નથી... ક્યારેય પોતાની અનુકૂળતાને મુખ્ય કરી નથી; આપણી અનુકૂળતા જોયા વિના રહ્યા નથી... આપણી તમામ કાળજી રાખી છે...

આપણે જાણે ભૂલો કરવાનો ઈજારો લીધો હોય તો આપણી તમામ ભૂલોને માફ કરવાનો એમણે જાણે ઠેકો લીધો હતો... આપણા દોષો સામે કડક થયા છે, તો આપણી પ્રતિકૂળતા જોતા જ કોમળ થયા છે... દોષો સેવાતા દંડ્યા છે... તો ગુણવાન બનતા જ પીઠ થાબડી છે... કષાયો કરતાં રોક્યા છે તો ક્ષમાદિ ભાવોમાં જોડ્યા છે... સહન કરવામાં જાત પ્રત્યે કઠોર બન્યા છે તો આપણા માટે કોમળ રહ્યા છે... આપણી બધી સગવડો સાચવી છે, તો પોતાની કોઈ સગવડ ક્યારેય જોઈ જ નથી...

માંદા આપણે પડીએ તો દર્દ તેઓને થાય... દોષ-સેવન આપણાથી થઈ જાય તો આત્મા એમનો કકળે... જગતના તમામ જીવ સાથે અભેદ જ્ઞાન શીખવાડ્યું છે તો તમામ પદાર્થ સાથેનું ભેદ જ્ઞાન પણ આપ્યું છે. મોટા વાર્ષિક પર્વમાં એઓશ્રીએ નવકારશી કરાવી છે... તો ચાલુ પર્વ તિથિમાં પરાણે પણ આંબેલ કરાવ્યા છે... રાતના સ્વાધ્યાય ન કરતા સૂઈ ગયા તો ઉઠાડી ખખડાવ્યા છે... રાત્રિના મોડે સુધી સ્વાધ્યાય કરી સૂતા ને સવારે કોઈ આપણી ઊંઘ ન બગાડે તેની કાળજી પણ રાખી છે... નાના પણ આપણા સારા કાર્યને પ્રશંસ્યું છે તો પોતાના મહાપ્રભાવક કાર્યને ગુપ્તરૂપે કર્યું છે... ખબરે ય પડવા નથી દીધી... આવો નિતરતો વાત્સલ્યભાવનો ધોધ વહેતો હતો... અને હવે ? કલ્પનાએ પણ ક્રૂજારી છૂટે છે કે પૂજ્યશ્રી ક્યારેય નહીં મળે... નહીં દેખાય... ખેર ! પૂજ્યશ્રીના આત્માને શાંતિ અને સાચી શ્રદ્ધાંજલિ આપવા પૂજ્યશ્રીનો આ વાત્સલ્યભાવ આપણામાં ખીલવીએ અને જગતના જીવોને એનો અનુભવ કરાવીએ...

કોટિ કોટિ વંદના એ ગુરુદેવના ચરણે...

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૧,અંક-૪૪,તા.૧૮-૯-૧૯૯૩

સ્વ. ગુરુદેવશ્રી સાથે અંતિમ અઠવાડિયું

સંસ્મરણ પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વર મહારાજના શિષ્ય પૂજ્ય મુનિશ્રી અક્ષયબોધિ વિજયજી મહારાજ

પૂજ્યપાદશ્રીને અનેકવાર મળવાનું થયું છે, પણ આટલા નિકટથી તેઓશ્રીના જીવનને નિહાળવા અને માણવાનું સદ્‌ભાગ્ય તો પ્રથમવાર જ મળ્યું છે. છેલ્લા આઠ દિવસો પૂજ્યશ્રી સાથે રહેતા તેઓશ્રીના જીવનની ઊંચાઈ સાથે ઊંડાઈ પણ

જોવા મળી. તેઓશ્રીની પ્રત્યેક ક્રિયાઓનું રીસર્ચ કરીએ તો તેમાં ધબકતા સંયમના જ દર્શન થાય. ભીડની વચ્ચે વસવા છતાં ક્રિયાઓમાં અવ્વલ એકાગ્રતા સતત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાં સંયમની સૂક્ષ્મ કાળજી, ગચ્છના અધિપતિ હોવા છતાં પણ ઘોર તપ, ત્યાગ અને અપ્રમત્તતાથી ઝળહળતું જીવન. પૂજ્યશ્રીના સમગ્ર ઉજ્જ્વળ જીવનની વાતો જ નહિ પણ અંતિમ દિવસોમાં પ્રત્યક્ષ નિહાળેલા કેટલાંક પ્રસંગો પણ તેમનાં સંયમજીવનની ભવ્યતાને દર્શાવવા માટે સમર્થ બની રહે છે.

• પાટનું પડિલેહણ થયું •

પૂજ્યશ્રીનું પડિલેહણ પૂર્ણ થયું અને બાળમુનિ આસન પાથરવા લાગ્યા એટલે પૂજ્યશ્રીની ચકોર નજર તુરંત ત્યાં પહોંચી ગઈ. બાળમુનિને ટકોર કરી કે પાટ પૂંજી ? બાળમુનિ પૂજ્યશ્રીની ટકોર થતાંની સાથે જ પાટ પુંજી લઈ અને ફરી આસન પાથરવા લાગ્યા. પૂજ્યશ્રીએ ફરી કહ્યું. હજુ પૂરી પુંજી નથી, પાયા પુંજવાના રહી ગયા. જીવનસંધ્યાએ પણ સંયમનું આટલું સૂક્ષ્મ પાલન જોઈને મારું અંતર પૂજ્યશ્રીને વંદી પંડ્યું.

પૂજ્યશ્રી કહેતા હતા કે આપણી દરેક ક્રિયાઓમાં જીવરક્ષા વણાયેલી જોઈએ. શરીર પર ખંજવાળ આવતાં કોઈ બિચારો જીવ ભૂલો તો નથી પડી ગયો ને એ ભાવ સાથે મુહપત્તિથી કોમળ હાથે પ્રમાર્જન કરવું. કામળી પણ ઝાપટ મારીને ન ઓઢવી જેથી વાયુકાયની હિંસા થાય.

• દવા ઉપર અક્ષર •

પૂજ્યશ્રીએ ગોચરી વાપર્યા બાદ દવાની માગણી કરતાં પાસે રહેલા મુનિએ ડબ્બીમાંથી ગોળી કાઢી પૂજ્યશ્રીના હાથમાં મૂકી, પણ પૂજ્યશ્રીએ એ ગોળી વાપરવાને બદલે જોવા લાગ્યા અને પછી કહ્યું આની ઉપર અક્ષર છે તે કાઢ્યા નથી. અક્ષર સાથે ગોળી મોંમા મૂકીએ તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય. મુનિએ તુરંત બાજુમાં રહેલી પાત્રીનું પાણી લઈ અક્ષર કાઢવાની શરૂઆત કરી, એટલે પૂજ્યશ્રીએ તેમને અટકાવ્યા અને કહ્યું આ પાત્રીમાં તો એઠું પાણી છે, એંઠા પાણીથી અક્ષર કાઢીએ તો ય જ્ઞાનાવરણીય કર્મ બંધાય, તેથી ચોખ્ખા પાણીથી અક્ષર કાઢો. પૂજ્યશ્રીની કર્મબંધથી અટકવા માટેની અદ્‌ભુત કાળજી જોઈ હું આશ્ચર્યમાં પડી ગયો.

પૂજ્યશ્રી કહેતા હતા કે કોઈ પણ વસ્તુ વાપરતા પૂર્વે એના ઉપર રહેલાં અક્ષર કાઢી નાખવા જોઈએ, અથવા એને અનક્ષર બનાવી દેવા જોઈએ. સાધુજીવન એટલે જ સૂક્ષ્મ પણ કર્મ ન લાગે એની સાવધાની.

• ઊભા ઊભા પ્રતિક્રમણનો લાભ

પૂજ્યશ્રીને પેરેલીસીસનો એટેક આવતા વ્યવસ્થિત ચાલી કે જાતે ઊભા નહોતા થઈ શકતા, પણ રોજના કસરત આદિ ઉપચારોના કારણે થોડો સુધારો થતાની સાથે જ પહેલાની જેમ પૂજ્યશ્રી પ્રતિક્રમણ, ખમાસમણા આદિ ઊભા ઊભા દેવા લાગ્યા. નજીકમાં દેરાસર હોય તો ચાલીને જ જવા લાગ્યા. આવો શ્રમ લેવાની ના પાડતા પૂજ્યશ્રીએ કહ્યું ઊભા ઊભા પ્રતિક્રમણ કરવાથી બે લાભ થાય છે એક તો ભગવાનની આજ્ઞા પળાય, બીજું શરીરને કસરત પણ મળી જાય છે.

પૂજ્યશ્રીનું જીવન આત્મપ્રધાન હતું જેના કારણે તેઓશ્રી ઘણીવાર કહેતા કે, 'દેહે દુક્ખં મહાફલં' આ સૂત્રને સામે રાખીને જ તેઓશ્રીએ શરીરની પરવા કર્યા વગર ૧૦૮ વર્ધમાનતપની ઓળીનો ઘોર તપ કરેલ.

• આ ભવ ઊંઘવા માટે નથી

પૂજ્યશ્રી એક દિવસ બપોરના સમયે ટેબલ ઉપર બેસીને લેખનકાર્ય કરતા હતા અને અચાનક ઝોકું આવી ગયું. બાજુમાં બેઠેલા મહાત્માએ આ જોતાં તુરંત ઊભા થઈ પૂજ્યશ્રીને બે હાથ જોડીને વિનંતી કરી સાહેબ આપની આંખોમાં ઊંઘ ભરાઈ છે, ટેબલ ઉપર ઝોકું આવશે તો ગબડી પડશો, આપ પાટ ઉપર પધારો ને સૂઈ જાઓ. ત્યારે પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું આ કાંઈ ઊંઘવાનો સમય નથી. પાટ ઉપર આડા પડીએ એટલે સીધી ઊંઘ જ આવી જાય, જ્યારે આમ બેસીનું ઝોકું આવશે તો ય ઊંઘ તો નહિ આવે.

પૂજ્યશ્રી કહેતા હતા કે અવ્યવહાર રાશિમાં તો અનંતકાળ ઊંઘ્યા જ છીએ. હવે આ ભવ ઊંઘવા માટે નથી મળ્યો. આરાધના કરવા માટે મળ્યો છે. પૂજ્યશ્રીના જીવનમાં આ ઉપદેશ જડબેસલાક બેસી ગયો હતો જેના કારણે તેઓ પણ ૨૪ કલાકમાંથી લગભગ ૨૦ કલાક સાધના પાછળ ગાળતા. ઘણીવાર માત્ર ચાર કલાકની જ નિદ્રા લેતા હતા, જેના કારણે રાત્રિના ચંદ્રના મંદ પ્રકાશમાં દિવ્યદર્શનના વૈરાગ્યસભર લેખો લખીને અનેકના જીવનમાંથી મોહના અંધારા દૂર કર્યા છે. કઠોર સંયમ, ઉગ્ર વિહાર અને અપ્રમત્ત ભાવ આદિને જીવનમાં આત્મસાત્ કર્યા હતા, જેના કારણે નાદુરસ્ત તબિયતમાં પણ જિંદગીના છેલ્લા દિવસ સુધી વાચના, સ્વાધ્યાય અને સાધનાના સર્વ યોગને અકબંધ જાળવી રાખ્યા હતા.

• પરમાત્માને ગદ્ય પ્રાર્થના

પૂજ્યશ્રીએ પંકજ ઉપાશ્રયે આવેલા સાધુ-સાધ્વીજી ભગવંતોને અંતિમ વાચનામાં કહેલું કે ભગવાન પાસે સૂત્ર સ્તવન વગેરે ટેપની માફક બોલી ન જવા પણ દરેકનો અર્થ પણ સાથે વિચારવો. ભગવાન પાસે મનને ઠારવું હોય, સ્થિર કરવું હોય તો ગદ્ય પ્રાર્થના અને સ્તવનનો ગદ્ય અર્થ પણ બોલવો. જેમાં માતા મરુદેવીના નંદ... સ્તવનનો પૂજ્યશ્રીએ સ્વયં અર્થ આ રીતે કરી બતાવ્યો.

હે મરુદેવી માતાના નંદ, તમારી મૂર્તિને જોઈ મારું મન તમારા પ્રત્યે આકર્ષિત

થયું છે. હે કરુણાના આકર ! કરુણા સાગર ! કંચનવર્ણી કાયાવાળા, ચરણમાં ઋષભનું લંછન ધારણ કરવાવાળા છો અને ૫૦૦ ધનુષ્યની ઊંચાઈવાળા દેહને ધારણ કરો છો. આવું સુંદર શરીર પ્રાપ્ત કરીને આપે ઘોર સાધના કરી કેવળજ્ઞાન મેળવી, ત્રણ ગઢવાળા સમવસરણ પર બેસી ધર્મનો ઉપદેશ આપ્યો. આ દેશના સુર-અસુર-મનુષ્યની બાર પર્ષદાઓ સાંભળે છે. એક યોજન ગામીની મીઠી મધુરી વાણી જાણે જળધારાની જેમ ભગવાન તમે વરસાવો છો. આ વાણી સાંભળતાની સાથે ઉર્વશી જેવી અપ્સરાઓ અને રૂપવતી સ્ત્રીઓ આનંદમાં આવીને પગના નુપૂરને રણઝણાવતી નૃત્ય કરવા લાગે છે. આ સ્ત્રીઓ મૂંગી મૂંગી નૃત્ય જ નથી કરતી, પણ સાથે ગાતી ગાતી બોલે છે, હે પ્રભુ ! તું બ્રહ્મા છે, તું જ વિધાતા, તું જગતનો તારણહાર છે, તમારા જેવો આ જગતમાં બીજા કોઈ દેવાધિદેવ નથી જે તને તરછોડે છે, તે આધાર વગરના આ સંસારમાં ભટકે છે. તું જ ભાઈ છે, તું જ તારણહાર છે, અને તું જ જગતનો સાચો દેવ છે. તેથી સુર-નર-કિન્નર અને વાસુદેવો પણ તારા ચરણોની સેવા કરે છે. હે સિદ્ધાચલ તીર્થના રાજા ઋષભ, મારા ભવભયના ફંદને તમે ટાળો.

પૂજ્યશ્રી કહેતા કે નાનું પણ સૂત્ર ઉપયોગશૂન્ય ન બોલાય, તેની કાળજી રાખવી, લોગસ્સ બોલતા ચોવીશે ભગવાન નજર સામે આવવા જોઈએ. પૂજ્યશ્રી અર્થના ઉપયોગ સાથે જ પ્રત્યેક સૂત્રો પ્રતિક્રમણ આદિમાં બોલતા, જેના કારણે તેમની ક્રિયાઓમાં ઝળહળતી એકાગ્રતા અને જીવંતતા દેખાતાં, જેના કારણે જિંદગીનું છેલ્લું પ્રતિક્રમણ પણ પૂજ્યશ્રીએ આવા જ ઉપયોગ સાથે કરેલું.

પ્રાન્તે ગુણનિધાન એવા હે ગુરુદેવશ્રી ! સંસારી બાપ જતા પેલા દીકરાને પોતાનો વારસો સોંપતો જાય છે, તો આપ પણ આપના ગુણોનો વૈભવ અમને આપો એ જ અમારી અંતરેચ્છા છે.

સ્વ. પ.પૂ. પરમ ગુરુદેવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરિ મ.સા.

ગુરુગુણ અષ્ટક (રાગ : મંદિર છો મુક્તિ તણી)

(રચના - પૂજ્ય મુનિશ્રી કલ્પરત્નવિજયજી મહારાજ)

સૂરિ પ્રેમના ઓ લાડીલા, જે ભુવનમાં ભાનુ સમા,
તપ ત્યાગ ને વૈરાગ્ય કેરો, સ્રોત વહેતો વાણીમાં;
એવા ગુરુવર ભુવનભાનુ સૂરિ તણા પદ પદ્મમાં,
કરીએ નમન પ્રેમે સ્વીકારો, ઓ ગુરુવર વંદના. ૧
કરુણા હતી તુજ આંખમાં તો, હૃદયમાં વિશાળતા,
મુખ પર રમે પ્રસન્નતા ને, અંતરે હતી સૌમ્યતા;
દેતા સદા બહુ સાધુને હિત શિક્ષા સંયમ ધર્મની,
તુજ વાણી સુણતાં દૂર થાતી, આપદાઓ કર્મની. ૨

ઝંખના હતી તુજ અંતરે, જિન ધર્મના રસિયા કરું,
વળી કામના ને કીરતિ કેરી, ઝંખનાથી પર કરું;
પરમાતમાની ભક્તિમાં મશગૂલ સદા સહુયે બને,
ઘનઘાતી કર્મ વિદારીને, પામે સહુ શિવ ધામને. ૩
ઝંખી રહ્યા છે આજ ગુરુવર, શિષ્ય તવ દર્શન વિશે,
તલસી રહ્યા છે વાટ જોઈ, આપના મિલન વિશે;
તડપી રહ્યું છે હૃદય ગુરુવર, આપના વિયોગથી,
આપો દરિશન આવીને, એક વાર સુરના લોકથી. ૪
અતિ પ્રિય અષ્ટાપદ પૂજાના, ભાવ કુણ સમજાવશે,
નિત નિત નવલી વાચનાનો, સાર કોણ બતાવશે;
એક એક ગણધર કેરા વાદનો, અર્થ કુણ પ્રકાશશે,
અમને કહો ગુરુવર દરિશન, આપનાં ક્યારે થશે. ૫
યુવાજનોના હૃદયની શંકાને કુણ મિટાવશે,
યુવા શિબિરના ઓ પ્રણેતા, દર્શ તવ ક્યારે થશે;
અમ જીવન કેરી નાવનો હવે માર્ગ કોણ બતાવશે.
ઓ ધર્મદાતા યાદ આપની, નિત્ય અમને સતાવશે. ૬
અરે ! કોઈ વસ્તુમાં કદી, આસક્તિ નહોતી આપને,
ઈચ્છા નહોતી માન કે સન્માન કેરી આપને;
પ્રતિપલ હતો ઉપયોગ આપનો, તત્ત્વના ચિંતન મહીં,
જાગૃત કરવા શિષ્ય વર્ગને, નિત નવા ચિંતન ગ્રહી. ૭
દૂર દૂર દેશમાં વિચરી, જિન ધર્મ કીર્તિ વધારતા,
તપ ત્યાગ ને વૈરાગ્ય દ્વારા, ધર્મ ભાવ જગાવતા;
ગુરુદેવ આશિષ આપજો, વધે ધર્મ કેરી ભાવના,
કલ્પરતન ગુરુ વયણ સેવા, આપજો શુભ ભાવના. ૮

"દિવ્ય-દર્શન" - **"શ્રદ્ધાંજલિ"** વર્ષ-૪૨,અંક-૨૭,તા.૩૦-૪-૧૯૯૪

સ્વ. ગુરુદેવશ્રીની ગુણગંગા

(લેખક : મુનિશ્રી કલ્યાણબોધિવિજયજી)

● સમાધિના પાન સદ્ગતિના દાન ●

લાલબાગની એ વાત છે. વયોવૃદ્ધ ચંદનવિજયજી મહારાજ ત્યાં બિરાજમાન હતા. એકાએક બીમાર પડ્યા... માંદગી વધતી ગઈ... ને એકદા સીર્યસ થઈ ગયા... આચાર્ય ગુણાનંદસૂરિ મ. મોટા હોવા છતાં તેમની તનતોડ સેવા કરતા.. સહવર્તી અનેક મુનિઓ પણ અંતિમ આરાધના કરાવવા પડાપડી કરી રહ્યા હતા.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી મલાડમાં હતા. તેમને સમાચાર મળ્યા... અંતિમ આરાધના કરાવવામાં ગુરુદેવશ્રીની માસ્ટરી હતી... ગૃહસ્થ હો યા સાધુ,

સ્વસમુદાયના હોય કે પરસમુદાયના ! પોતાના અનુરાગી હોય કે વિરોધી ! માંદા છે... સીર્યસ છે ના સમાચાર મળતા સેંકડો શિષ્યો હોવા છતાં સ્વયં નિર્યામણા કરાવવા હોંશે હોંશે દોડી જતા... ક્યારેક સાધુઓ કહેતા - સાહેબજી આ તો સાવ અપિરિચિત ગૃહસ્થ છે કે નાનો સાધુ છે ! અમે જઈ આરાધના કરાવી દઈએ ! આપ થાકેલા છો - આરામ કરો... આપને જવાની શી જરૂર ? ત્યારે સાહેબજી કહેતા - કો'કને સમાધિ આપીશું તો અંતકાળે સમાધિ મળશે. આવી સુવર્ણતક જતી ન કરાય...

ચંદનવિજયજીના સમાચાર મળતા ગુરુદેવશ્રી ચિંતિત થયા... તે તેમને સમાધિપ્રદાન કરવા ઉત્સુક થયા... દીક્ષા દીધા બાદ ચરમશ્વાસ સુધી શિષ્યની સારસંભાળ રાખે તે સદ્‌ગુરુ !... ગુરુદેવશ્રી કહે - આપણે જલદી લાલબાગ પહોંચી જઈએ ! પણ... ૩૫ કિ.મી. છે. આપની પણ ઉંમર છે. સ્વાસ્થ્ય ઠીક નથી. ડોળીનો ઉપયોગ કરતા નથી... ત્યાં ૨૫/૩૦ સાધુઓ સુંદર આરાધના કરાવે છે... આપની ત્યાં કોઈ જરૂર નથી... ખોટું દોડીને જવાની જરૂર નથી...!

સાહેબજી કહે... હું એના માટે નહીં મારા માટે જવા માંગુ છું. એક સાધુ સીર્યસ છે એ સમાચાર મળતા જ મારું હૃદય વ્યથિત થઈ ગયું છે. તેમની અસમાધિ મારી અસમાધિ છે. તેમને આ સમયે જો હું સમાધિ ન આપુ તો મારી ફરજ ચૂક્યો ગણાઉં ! મારું Conscious Bite થાય છે. તેમના કાનમાં ૧ નવકાર સંભળાવીશ તો જ મારા અંતરને શાંતિ થશે !... આપણે એક પળનો ય વિલંબ કર્યા વિના તુરત નીકળી જવું જોઈએ એમ કહી પૂજ્યપાદજી વિહાર કરવા સજ્જ થયા... સહવર્તી સાધુઓ સ્તબ્ધ થઈ ગયા... એક નાના સાધુને ય સમાધિ આપવાની, તેને સુંદર આરાધના કરાવી સદ્‌ગતિમાં મોકલવાની કેટલી તાલાવેલી ?...

સાહેબજી તો કોઈની રાહ જોયા વિના ચાલતા થયા... તેમની દૃષ્ટિ ચંદનવિજયજી સામે હતી એટલે પગની સામે કે કિ.મિ. સામે જોવાનું હતું જ નહીં... સીધા ઈર્લા પહોંચ્યા... ત્યાં જેમ તેમ નવકારશી વાપરી દાદર પહોંચ્યા... ત્યાં ગોચરી વાપરી... ૭૫ વર્ષની ઉંમરે સળંગ ૨૫ કિ.મિ. ચાલ્યા હોઈ થાક ઘણો લાગેલ... થોડો આરામ કરી પાછા Soldier ની જેમ ફ્રેસ થઈ ગયા... સાધુઓના ટાંટીયા ઢીલા થઈ ગયા હતા. બધા કહે સાહેબજી ! હવે કાલે પહોંચીશું ! એક દી માં શું ફેર પડે છે ?

સાહેબજી કહે - આડી રાતની શી વાત ?... રાત્રે જ કંઈક ન બનવા જેવું બની જાય તો ?... તમે બધા થાક ઉતારો હું તો એક સાધુને લઈને પહોંચું છું !... એમ કહી નીકળી ગયા... સાધુઓ શ્રમીત હતા છતાં પૂજ્યપાદશ્રીના આલંબને જવા તૈયાર થયા... ને બરાબર સૂર્યાસ્ત સમયે વિશાળ સમુદાય સાથે ગુરુદેવશ્રીએ નિસીહિ નિસીહિ કહી ઉપાશ્રયમાં પગ મુક્યો... ત્યાંના સાધુઓ પણ

ચોંકી ગયા... કોઈને કલ્પના ય નહોતી કે ગુરુદેવશ્રી આટલો ઉગ્ર વિહાર એક જ દિવસમાં આવશે ! કો'કે પૂછ્યું સાહેબજી ! આટલો લાંબો વિહાર ? આપનું સ્વાસ્થ્ય બગડશે તો ?

સાહેબજી કહે - એ તો ચંદનવિજયજીનું પુણ્ય મને અહીં ખેંચી લાવ્યું... બાકી મારી ક્યાં તાકાત છે ?... મહાનતા સાથે કેટલી નમ્રતા ?...

પોતાના પરિશ્રમનો વિચાર નથી. વિશ્રામની વાત નથી !... ને ઉપાશ્રયમાં પહોંચતાની સાથે સીધા ચંદનવિજયજીના આસન પર પહોંચ્યા ! સુખશાતા પૂછી... બાદ 'ચેતન જ્ઞાન અજુવાળીએ...' વગેરે... એકથી એક ચઢીયાતા સ્તવન - સજ્ઝાયોના સુમધુર સૂરો પૂજ્યપાદશ્રીના મુખારવિંદમાંથી નીકળવા લાગ્યા... ચંદનવિજયજી મ. તો સફાળા ઊભા થઈ ગયા... પૂજ્યપાદ ગુરુદેવશ્રીના દર્શને ને તેમના સ્તવને-સજ્ઝાયે અદ્‌ભુત કામણ કર્યું, તેમની અડધી માંદગી ત્યાં જ મટી ગઈ !

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ પણ સમાધિનું દાન કરાવી અલૌકિક તૃપ્તિનું પાન કર્યું...

• જેનું જીવન સાદુ, એનું નામ સાધુ •

સંવત ૨૦૩૬

મુલુંડ નગરીમાં શિબિરનું શાનદાર આયોજન થયું હતું. ૩૦૦ યુવાનીયા જમાનાવાદના ઝેરી પવનથી મુક્ત બનવા પૂજ્યપાદશ્રીની જ્ઞાનગંગોત્રીમાં સ્નાન કરતા હતાં.૪/૪ કલાક અનરાધાર દેશનાનો ધોધ પૂજ્ય ગુરુદેવશ્રી વહેવડાવતા હતાં.

એકદા...

પૂજ્ય ગુરુદેવશ્રીના ચશ્મા તુટ્યા... નવા કરાવવાના હતા... એક ગુરુભક્તને ખબર પડતાં હાજર થઈ ગયા ! ગુરુદેવશ્રી ! આપના ચશ્માનો લાભ મને આપો !... ગુરુદેવશ્રીએ મીઠી નજર તેમના પર ફેંકી ! પણ ફ્રેમ કેવી લાવશો ? સારામાં સારી... કિંમતીમાં કિંમતી ! એક પ્રભાવક આચાર્યને શોભે એવી ! તો તમને લાભ નથી આપવો ?...

કેમ ? મારે તો સાદામાં સાદી ફ્રેમ જોઈએ !

પણ આપશ્રી ૨૦૦ શિષ્યોના સ્વામી... જિનશાસનના પ્રભાવક આચાર્ય... મહાજ્ઞાની છો...

ગોલ્ડનની ફ્રેમ ચમકતી હોય તો થોડી પર્સનાલીટી પડે... પ્રભાવ પડે !... વળી મારે ચશ્મા વેચાતા નથી લાવવાના... ઘરની ૬/૬ દુકાન છે. હું આપનો પરમભક્ત છું. વરસોના વહાણા પછી આ તક મળી છે. મનમાં થાય છે કે દુકાનની કિંમતીમાં કિંમતી ફ્રેમ આપને વહોરાઉં ! ને આપના ઋણમાંથી કંઈક મુક્તિ મેળવું... સાદી ફ્રેમ હું દુકાનમાં રાખતો નથી. સાધુઓ પણ ભેગા થઈને કહેવા લાગ્યા કે ભલે કિંમતી ફ્રેમ ન વાપરો પણ આપના પદને અનુરૂપ સારી ફ્રેમ તો જોઈએ જ ને ? તમતમારે વ્યવસ્થિત ચશ્મા બનાવો, અમે ગુરુદેવશ્રીને પહેરાવી

દઈશું !... એક સેવાભાવી સાધુએ તેમના કાનમાં ફૂંક મારી ?

ગુરુદેવશ્રી સમજી ગયા... અકળાયા !... ને ત્યાં જ ત્રાડ પાડી... તારે ભક્તિ કરવી છે કે કમભક્તિ ?... મારું કીધું તારે કરવાનું કે તારું કીધું મારે ? મને ઉપર મોકલવો છે કે નીચે ?... ભાગ્યશાળી ! તને ખબર છે હું ૨૦૦ શિષ્યોના ગુરુ બીજા નંબરમાં છું... પહેલાં નંબરમાં હું સાધુ છું... સાદગીનો આગ્રહી હોય એ જ સાધુ કહેવાય. હું ૧૦૦ રૂ.ની ફ્રેમ વાપરીશ તો મારા ચેલાઓ ૧૦૦૦ ની વાપરશે... હું સોનાની વાપરીશ તો તે રત્નની વાપરશે ! મારે ઘર નથી ચલાવવાનું પણ ગચ્છ ચલાવવાનો છે ! તેથી જ કહું છું લાભ લેવો હોય તો તારી દુકાનમાં જે સાદામાં સાદી અને સસ્તી કિંમતવાળી ફ્રેમ હોય તે લેતો આવ... આ તો તારી દુકાન છે એટલે તને લાભ આપું છું. જેથી ક્રીત દોષ ન લાગે ને ભાવ ન હોય તો લાભ બીજાને આપી દઉં ! ગુરુભક્ત સુશ્રાવક તો દિંગ થઈ ગયા !... તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો !...

આવા મહાન ગુરુ છતાં કેટલા નમ્ર ?...

શ્રીમંતાઈના શિખરે બેઠેલા છતાં કેટલી સાદગી ?

પનોતી પુન્યાઈના સ્વામી છતાં કેટલી વિષય પરાઙ્મુખતા ?

પ્રભાવકતાની પરકાષ્ઠાએ પહોંચેલા છતાં કેટલી સરળતા ?

ભક્તોની વણજાર વચ્ચે ય કેટલી સજાગતા ?

જો ના પાડીશ તો આ લાભ પણ જશે ?... "ન મામા કરતા કાણો મામો સારો" ના ન્યાયે રડતી આંખે સાદી ફ્રેમ લાવવાની સંમતિ દર્શાવી. મનોમન આ મુનિને નમન કરતા ત્યાંથી નીકળ્યાં... ને તરત જ દુકાનમાં જઈ સાદામાં - સાદી - હલકી ફ્રેમો ગોતવા લાગ્યાં. સાદી ફ્રેમની demand કરાવાવાળા વર્ષોના ઈતિહાસમાં આ પ્રથમ ઘરાક હતાં.

પ્લાસ્ટીકની ફ્રેમો કમને ગુરુદેવશ્રી પાસે મૂકી... તેમાંથી એક ફ્રેમ પાસ કરી ગુરુદેવશ્રીએ આનંદ સહ રાહત દમ ખેંચ્યો !... સાધુઓ પણ જોતા રહ્યા !... બધાની આંખમાં આંસુના ટીપાના દર્શન થતાં હતાં !

મોટાઈના મિનારે પહોંચ્યા છતાં સાદગીના આગ્રહી પૂજ્યપાદ ગુરુદેવશ્રીને અનંતશઃ વંદના...

• એક આંતરમુખી પ્રતિભા •

- એ સ્મૃતિ કદી વિસ્મૃત નહીં થાય.

ગુરુદેવશ્રીની સાથે વિહારમાં હતો. ૭૬ વર્ષની ઝેફ વયે ૧૬ વર્ષના યુવાનને શરમાવે તેવી તેજ ઝડપે ગુરુદેવશ્રી ચાલી રહ્યા હતા... છતાં નજર નીચી હતી.. રખે ને કોક ભૂલો પડેલો જીવ મારા લોખંડી પગનો ભોગ ન બની જાય તે માટે

ખૂબ જાગૃત હતા... તેમનો જમણો હાથ મારા ડાબા હાથ સાથે ટેકાયેલો હતો... પ્રિયતમને પ્રિયતમાના સ્પર્શે જે ઝણઝણાટી ને જે આનંદ થાય તેથી વધુ રોમાંચ મને થતો હતો. કેમ કે ગુરુદેવશ્રીનો હાથ મારા ઉપર હતો. તેમના શરીરનું વજન મને હળવોફુલ બનાવી રહ્યું હતું. મારે તેમની સાથે દોડવું પડતું હતું છતાં થાકનું નામનિશાન ન હતું...

વિહારમાં પૂજ્યપાદશ્રીનો હાથ પકડીને ચાલવું એ જીવનનો એક અનેરો લહાવો હતો... ઝડપી વિહાર અને ઈર્યાસમિતિના ઉપયોગ સાથે એવી અલકમલકની વાતો કરતાં કે ઘણી વખત એમ થઈ જતું કે રસ્તો લાંબો થઈ જાય તો સારું... ગામ જલ્દી ન આવે તો સારું ને કિલોમીટર ધાર્યા કરતાં વધારે નીકળે તો સારું...

- ક્યારેક મહાપુરુષોના જીવનચરિત્રો સંભળાવે...
- ક્યારેક સ્તવન - સજઝાયોના રાગો શિખવાડે...
- ક્યારેક સંયમજીવન સતેજ કરે તેવી માસ્ટર કી આપે...
- ક્યારેક તપ - ત્યાગથી જીવન ઝળકી ઉઠે તેવી પ્રેરક પ્રેરણાઓ આપે...
- ક્યારેક પરમાત્માને ગદ્ય-પ્રાર્થનાઓ કેવી રીતે કરવી ? તે ઉપર પ્રકાશ પાથરતો ચિંતાર રજૂ કરે.
- ક્યારેક મોહમલ્લનું મર્દન કેવી રીતે કરવું તેના દાવપેચો શિખડાવે...
- ક્યારેક શાસ્ત્રીય પદાર્થોના પ્રશ્નો ઊભા કરી તેના સમાધાનો મેળવવાની કળા બતાવે.

• તો ક્યારેક પરમાત્માના ધ્યાનમાં લીન કેવી રીતે થવું ? ધ્યાન-સાધના કેવી રીતે કરવી ? સમવસરણનું ધ્યાન કેવી રીતે કરવું ? વગેરેમાં મગ્ન બનાવી દે. ક્યારેક સૂત્રોના અર્થ, સ્તવન-ચૈત્યવંદન, સજઝાયોના અર્થ ને રહસ્યો સમજાવે. તેમની તાર્કિક અને કર્કશ બુદ્ધિ ડગલે ને પગલે "આ આમ જ કેમ ?" નો પ્રશ્ન ઊભો કરી તેના ઉત્તરોને ખોળવામાં ને નવા રહસ્યમય નવનીતોનું રસાયણ શોધવામાં મસ્ત ને મગ્ન પોતે બને ને બીજાને બનાવે. દુનિયા ભૂલી ચિંતનના સાગરમાં ડૂબકી મારી મૌલિક રત્નો મેળવે ને જાણે છ ખંડનું સામ્રાજ્ય મળ્યું હોય તેવા આનંદની અનુભૂતિ સ્વયં કરે... ને મેળવેલા રત્નોની તુરત જ આસપાસના પરિવારને રસલહાણ કરાવે.

આવી જ રસલહાણ મ્હાણતા મ્હાણતા રસ્તો કપાતો હતો... ત્યારે મને કહે કલ્યાણ ! એક વિચાર આવે છે ! મેં કહ્યું શું વિચાર છે ? પૂજ્યપાદશ્રી કહે, આખી જિંદગી ઘણી શાસન-પ્રભાવનાઓના કાર્યો કર્યા... ઉપધાન ઉજમણા - ઓચ્છવ મહોત્સવ ઘણા થયા... શિષ્ય પરિવાર પણ ઘણો બહોળો ઊભો થઈ ગયો. બહારનું કોઈ કાર્ય બાકી રહેલ હોય તેમ લાગતું નથી !

વર્ષો સુધી વ્યાખ્યાનો કરી અનેક ગુમરાહોના જીવનમાં સમ્યગ્દર્શનનો દિપક પ્રગટાવવામાં નિમિત્તભૂત થયો. શિષ્યોને ઘણા ભણાવી ગણાવી તૈયાર કર્યા. હવે એમ થાય છે કે શાસનની પ્રભાવના ઘણી કરી હવે આત્માની આરાધના કરવી છે !બહારના કાર્યો ઘણા કર્યા હવે અંતરમુખ થઈ એક માત્ર આત્મસાધના કરવી છે.

આ ગચ્છની જવાબદારી જો કોઈ સંભાળી લે તો આપણે બંને અમદાવાદના જ્ઞાનમંદિરના ભોંયરામાં જઈ આત્મસાધના કરી લઈએ. વિશાળ જ્ઞાનભંડાર છે. તું મારી સેવા કરજે હું તને ભણાવીશ !... આગમ શાસ્ત્રોનો એટલો અદ્‌ભુત ખજાનો છે કે વર્ષોના વર્ષો ય ઓછા પડે. બહારનો બધો વહિવંચો છોડી જ્ઞાનસાધનામાં લાગી પડીએ. ગ્રેવયેક ને અનુત્તરવાસી દેવો શાસ્ત્રીય પદાર્થોના ઊંડા ચિંતનમાં એવા ખોવાઈ જાય છે કે અસંખ્યકાળ પણ પળ-બે પળની જેમ પૂરો થઈ જાય છે !... તો આપણે આવો રસાસ્વાદ માણવાની તક કાં જતી કરવી ? બોલ તું મારી સાથે રહીશ ને ? એક વાત્સલ્યનો ધોધ વરસાવતી તીર્છી અમીદૃષ્ટિ મારા તરફ કરી ! હું તો સ્તબ્ધ થઈ ગયો. હરણીયું કે બકરીનું બચ્ચું તીર્થંકર પરમાત્માની દેશનાનું અમીપાન જે ઉછળતા હૈયે કરે તે જ અદા અને આનંદથી પૂજ્યપાદશ્રીના વદનારવિંદમાંથી નીકળતા શબ્દનો ધોધ હું ઝીલતો રહ્યો !... સેંકડો સાધુના ગુરુ એક બાળક સાથે કેવી બાળઅદાથી વાતો કરે છે ? એ ભાવવાહી પળોના ફોટા નથી પડતા છતાં આવી ધન્યતમ ક્ષણો રોમેરોમમાં એવી અંકિત થઈ જાય છે કે જિંદગીના છેલ્લા શ્વાસ સુધી તે ભૂસાતી નથી કે ભુલાતી નથી !...

મારા તો રોમાંચ વિકસ્વર થઈ ગયા. આવા અજોડ ગુરુદેવશ્રીની સંપૂર્ણ સેવાનો લાભ મારા જેવા અભાગીયાને એકલાને મળે ? તેના જેવું સદ્‌ભાગ્ય બીજું કયું હોઈ શકે ? પળનો ય વિલંબ કર્યા વિના મેં 'હા' પાડી દીધી ! પૂજ્યપાદશ્રી પણ ઘણા આનંદિત થઈ ગયા, ને ત્યાં જ જોતજોતામાં આનંદના અસ્ખલીત પ્રવાહમાં આડખીલી રૂપ અમારે પહોંચવાનું ગામ આવી ગયું !

આજે એ દિવસની આનંદની ધારા યાદ આવે છે, ને આંખમાથી અશ્રુની ધારા છૂટી પડે છે ! એ ગુરુદેવશ્રીની ચાલ... તેમના હાથનો ટેકો... મેઘદેવની સમાન તેમના હેતાળ શબ્દો - હિતશિક્ષાઓ -પ્રેરક ને પ્રેમાળ પ્રેરણાઓ તેમનો અખુટ વાત્સલ્ય ભાવ... રાગ-રાગીણીમાં ગવાતા સ્તવનો. આ બધું જ હવે અતીતના પેટાળમાં સમાઈ ગયું છે. **"गतास्ते दिवसाः ।"** હવે તો ભૂતકાળને વાગોળી વાગોળીને જ અશ્રુમિશ્રિત આનંદ માણવાનો છે.

"બધો જ વહીવંચો છોડીને જ્ઞાનમંદીરના ભોંયરામાં પૂરાઈ જઈએ" કેટલું વેધક આ વાક્ય છે ?

સેંકડોના ગુરુ છતાં કેટલી નમ્રતા ?...

મહાન શાસન પ્રભાવક છતાં કેટલી અંતરમુખતા ?... સંઘની અનેક

પ્રવૃત્તિઓ છતાં કેટલી સભાનતા ?... સેંકડોની વચ્ચે રહેવા છતાં કેટલી આત્મોન્મુખતા ?...

આપના હૃદયમાંથી નીકળેલ શબ્દોને સજીવન કરતો એ સુવર્ણદિન તો મારા માટે ન જ ઊગ્યો. એવી અદ્‌ભુત સેવા કરવાનું સદ્‌ભાગ્ય મને ન સાંપડ્યું. તેનું પારાવાર દુઃખ છે. છતાં એક વાત નિશ્ચિત છે કે આપ કૃપાળુના હૃદયમાં મારું સ્થાન હતું. આપ કલ્યાણ ! કલ્યાણ ! કહીને મને બોલાવતા ને મારું હૈયુ નાચવા લાગતું. રોમરાજી વિકસ્વર થઈ જતી.

આપની તનતોડ સેવા કરવાનો એ પ્રસંગ પામવા જેટલું સદ્‌ભાગ્ય ભલે ન મળ્યું હો, પણ એ દિવસને યાદ કરીને આજે આપ કૃપાળુ પાસે એ જ પ્રાર્થના કરવી છે કે, આપના જેવી અંતરમુખતાનો એક અંશ આપની પાસેથી મને મળી જાય.

આપના જેવી આત્મજાગૃતિનું એક બિંદુ પણ મળી જાય તો ય મારું લખલુટ સૌભાગ્ય માનીશ.

• ફોટો તો આત્માના પાડવાના હોય, નશ્વર દેહના નહીં...

સં. ૨૦૩૫ - શાંતાક્રુઝમાં શિબિરના એ દિવસો-મોહમયી મુંબઈ નગરીના પરેપરામાંથી ૩૦૦ વિદ્યાર્થીઓ જમાનાવાદના રંગરાગના આકર્ષણો છોડી પૂજ્યપાદશ્રીની જ્ઞાનગંગામાં સ્નાન કરવા હોંશે હોંશે દોડી આવ્યા હતા. ૨૧ દિવસમાં એવો અધ્યાત્મનો પ્રાણ આ શિબિરાર્થીઓમાં પુરવાનો હતો કે ઓછામાં ઓછા એક વર્ષ સુધી તો ભૌતિકવાદ ને ભોગવાદની અગનજાળ તેમને સ્પર્શી ન જ શકે !... વૈરાગ્યસભર વાચનાનો ધોધ અવિરત વહેતો હતો.

એકદા... છલોછલ ભરેલી પર્ષદામાં પૂજ્યપાદશ્રી પ્રવચન કરતા હતા. સમકિતના ૬૭ બોલની છણાવટ કરતા હતા... તેવામાં પૂજ્યશ્રીની સામોસામ બેઠેલા કોક ગુરુભક્ત શિબિરાર્થીએ પૂજ્યપાદશ્રીની એ તેજસ્વી ને ઓજસ્વી વ્યાખ્યાન મુદ્રાને ચિરંજીવી બનાવવાના ઉદ્દેશથી થેલીમાં છુપાવેલો કેમેરો બહાર કાઢ્યો, ને અત્યંત ચતુરાઈપૂર્વક ઘડીના છઠ્ઠા ભાગમાં પૂજ્યપાદશ્રીનો એક પોઝ કેમેરામાં ઝડપી લીધો... શાંત વાતાવરણ હતું... વાચનાની પ્રશાંતવાહિતા ખળખળ વહેતી હતી. તેમાં ? એકાએક વીજળીની જેમ ફ્લેશ લાઈટનો ચમકારો થયો... ને વાદળના ગડગડાટની જેમ સ્વીચનો 'ટ્રક' અવાજ આવ્યો, કેમેરો પાછો થેલીમાં ઘુસી ગયો... કોઈને ય ખબર ન પડી કે ફોટો કોણે ઝડપી લીધો, પણ ગુરુદેવશ્રી તો ચતુરોના ચતુર હતા. તેમની દૃષ્ટિમાંથી છટકવું મુશ્કેલ હતું... તુરત ખ્યાલ આવી ગયો કે ફોટો કોણે પાડ્યો ? રંગમાં ભંગ પડ્યો - સિંહગર્જનાના સ્વામી કેમેરાની એક સ્વીચ 'ટ્રક' થતાની સાથે જ ફફડી ગયા... વિદ્યાર્થીએ ભક્તિભાવથી ફોટો ખેંચ્યો છે.. જે પોતાને બીલકુલ ગમ્યું નથી, છતાં અંદરનો ઔપચારિક ને પ્રશસ્ત ક્રોધ કાબૂમાં રાખ્યો. બીજીવાર કોઈ આવું કરવાની હિંમત ના કરે એવો કડક પરચો

સૌમ્યતાથી બતાવવો છે, ને સાથે સાથે આ ફોટો પાડવાથી પોતાને જે અતિચાર લાગ્યો છે તેની શુદ્ધિ પણ કરવી છે... તે બંને હેતુને લક્ષમાં રાખી પ્રશાંતવદને પૂજ્યપાદશ્રી બોલ્યા... કે "ધન્યવાદ છે તે ગુરુભક્ત વિદ્યાર્થીને ! કેટલો ચતુર ને હોશિયાર છે ?... બહુ સારું કર્યું, મને ય ઘણો આનંદ થયો."

સૌને આશ્ચર્ય થયું, પર્ષદા સ્તબ્ધ થઈ ગઈ. ગુરુદેવશ્રી આ શું બોલી રહ્યા છે... "ફોટો પાડ્યો તેનો આનંદ ?" પણ ત્યાં જ ગુરુદેવશ્રીએ સૌમ્ય સાદે ત્રાડ પાડી "હા આનંદ થયો ને તે નિમિત્તે કાલે આંબેલ કરીશું. ભાગ્યશાળી વિદ્યાર્થીને ધન્યવાદ છે કે મને આંબેલનો લાભ આપ્યો... આમ તો હમણાં ઘણા વખતથી આંબેલ થયું નથી, આ સુંદર મોકો મળી ગયો.

ફોટો પાડનાર તો થીજી ગયો. કાપો તો લોહી ના નીકળે તેવી દશા, તેની થઈ ગઈ... સમસ્ત પર્ષદાએ પણ એક ઊંડો નિસાસો નાખ્યો. સૌના મોંઢામાંથી સીસકારો નીકળી ગયો, અને ખરેખર ગુરુદેવશ્રીએ બીજા દિવસે આંબેલ કરી દાખલો બેસાડી દીધો... શિષ્યવર્ગ પણ ગુરુદેવશ્રીને ભાવથી નમી રહ્યા !...

• પવિત્ર તે જ બની શકે જેનામાં પ્રસિદ્ધિને લાત મારવાનું કૌવત હોય...

શાંતાક્રુઝનો એ પ્રસંગ છે... શિબિરના એ દિવસો હતા...

મોહમયી મુંબઈ નગરીના ૩૦૦ જેટલા યુવાનીયાઓ પૂજ્યપાદશ્રીની જ્ઞાનગંગોત્રીમાં સ્નાન કરી વિષયવાસનાના મેલને પખાળી રહ્યા હતા... પૂજ્યપાદશ્રી ૩/૩ કલાક સુધી વાંચનાનો ધોધ અવિરતપણે વહેવડાવતા, મનથી મસ્ત અને તનથી પૂર્ણ સ્વસ્થ ગુરુદેવશ્રી સખત પરિશ્રમ કરતા છતાં થાકતા નહીં. શિબિરના કલાસો સાથે સાધુઓની વાંચનાઓ પણ ધમધોકાર ચાલતી...

નાસ્તિકને આસ્તિક બનાવતી દુષ્ટને શિષ્ટ બનાવતી ને

શિષ્ટને સાધુ બનાવતી આ શિબિરમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રી સોળે કળાએ ખીલી ઊઠ્યા હતા.. આ જુવાનીયા ફરી ક્યાં ભેગા થવાના છે ? અપાય તેટલું ટોનિક ૨૧ દિવસમાં આપી દો. જેથી આખા વર્ષ સુધી જમાનાવાદના ઝેરી પવનની અસર તેમને ન થાય, ને ભોગવાદની ભડભડતી આગમાં પતંગીયા બની આ માસુમ બાળકો પોતાનું જીવન રફેદફે ન કરી નાખે, ૭/૭ કલાકની વાંચનાઓમાં શિબિરાર્થીઓ પણ શાન-ભાન ભૂલી તરબોળ બની ગયા હતા... વર્ષમાં એકવાર પડતા વેકેશનમાં ખાવા-પીવા-હરવા-ફરવા ને મોજ-મજા કરવાના દિવસોમાં ટી.વી., વિડિયો ને પિકચરોના રંગરાગ છોડી, હોટેલ-મોટેલની માયામાંથી મુક્ત બની, બીચ અને બાગબગીચાની ચાહનાને લાત મારી, ભર યુવાનવયમાં આટલા બાળકો ૨૧-૨૧ દિવસ સુધી ૪ દીવાલ વચ્ચે જકડાઈ જાય એ પૂજ્યપાદશ્રીનો જાદુ કહો, આકર્ષણ કહો, ચારિત્રનું પ્રકૃષ્ટ બળ કહો, વિદ્વત્તાનું અંજામણ કહો, કે પૂજ્યપાદશ્રીની પનોતી પુન્યાઈ કહો, ગમે તે કહો પણ હડહડતા કલિકાલમાં અચ્છેરા જેવું જ કહેવાય.

આ શિબિરની ખ્યાતિ દેશવિદેશમાં પહોંચી હતી, પરદેશના અધ્યાત્મભુખ્યા ધર્મપ્રેમીઓને આ વાતની ખબર પડી, ભોગવાદ ને ભૌતિકવાદથી ભરપૂર પરદેશમાં વસતા તેમના નસીબમાં વળી આવી શિબિરની રસ-લહાણ માણવાનું સૌભાગ્ય ક્યાંથી હોય ? તેથી જ સમૃદ્ધ ને સાધનસંપન્ન વિદેશીઓએ આ શિબિરના સેંપલ ચાખવા ને દેશવિદેશમાં આ આર્યાવર્તની અધ્યાત્મિકતાનો પ્રચાર-પ્રસાર કરવા અહીં આવી આખા ઉપાશ્રયમાં ટેલિવિઝન કેમેરાઓ ગોઠવી દીધા, ૯ વાગ્યાનો વાંચનાનો સમય, ને ૮-૩૦ વાગે બધું તૈયાર.

શિબિરાર્થીઓને આજે વિશેષ આનંદ હતો, બધા નવા નવા કપડાં પહેરીને આગલી રો'માં બેસવા પડાપડી કરતા હતા. કારણ બધાને દેશવિદેશમાં પ્રસિદ્ધ થવાની ઘેલછા હતી. ૮-૪૫ થઈ, પૂજ્યપાદશ્રી રૂમની બહાર આવ્યા, જમેલો જોઈ ચમકી ગયા, પૂછપરછ પછી ખ્યાલ આવ્યો, કે વિદેશમાં ધર્મનો પ્રચાર કરવા આ લોકો આવ્યા છે ! હવે શું કરવું ? ડીયલેમાં ઊભો થયો. શાસનની પ્રભાવના કરવી કે આત્મિક આરાધના ? વિદેશના ધર્મપ્રચારને પ્રાધાન્ય આપવું કે આ સાધનોના ઉપયોગ દ્વારા થતા ચારિત્રના અતિચારને ?... પ્રસિદ્ધ બનવું કે પવિત્ર બનવું ?... પણ ગુરુદેવશ્રી તો ગીતાર્થ હતા.. નફા નુકશાનનું ગણિત આંગળીના વેઢે હતું. થોડીક ધર્મની પ્રભાવના કરવા જતા શિષ્ય-પ્રશિષ્યોની પરંપરામાં જે અનવસ્થાઓ ઊભી થશે તેનાથી તેઓ અજ્ઞાન ન હતા... અને તેથી આગળ વધીને કહીએ તો ગુરુદેવશ્રીના અંતરમાં વૈરાગ્યનો જબરજસ્ત ધોધ વહેતો હતો. તેથી જ ક્ષણનો ય વિચાર કર્યા વગર ત્રાડ પાડી ઊઠ્યા કે આ બધું શું છે ? બધું કાઢી નાખો, નહીં તો આજે વ્યાખ્યાન શિબિર વિ. બંધ રહેશે !... હવામાં હવાતીયા મારવાની જેમ ટ્રસ્ટીઓ - સુધારક - વાદીઓએ પૂજ્યપાદશ્રીને સમજાવવાના પ્રયત્ન કર્યા પણ બધા જ વ્યર્થ... કલાકથી જે કેમેરાનું સેટીંગ કરેલ તે પાછું ખેંચી લેવું પડ્યું... પરદેશીઓ થોડા નિરાશ તો થયા છતાં પ્રસિદ્ધ થવાની આંધળી પિપાસાથી પર એવા ગુરુદેવશ્રીની નિઃસ્પૃહતા - મક્કમતા અવિહડ સંયમનો રાગ ને કડકાઈ જોઈ ખૂબ જ ખુશ થઈ ગયા... ગુરુદેવશ્રીએ પણ વ્યાખ્યાન બાદ તે બધાને જૈન ધર્મની સાચી સમજણ આપી... શાસ્ત્રોના રહસ્યો ને મૌલિકતાનું ભાન કરાવ્યું. ચારિત્રની મહત્તા સમજાવી... તેઓ પણ ખૂબ જ આનંદીત થઈ ગયા.. મનોમન પૂજ્યપાદશ્રીને નમન કરી તેઓ રવાના થયા... શિબિરાર્થી વિદ્યાર્થીઓમાં પણ ગુરુદેવશ્રી પ્રત્યે સુંદર છાપ ઊભી થઈ !...

• સામૈયાની ભુખ છે જેને, સિદ્ધિ છે લાખો યોજન દૂર તેને...

લાલબાગથી એકદા ગુરુદેવશ્રી માટુંગા પાસે આવી અટકી ગયા, સાધુઓને થયું આ શું થયું ? શું ગુરુદેવશ્રી થાકી ગયા ? પગમાં કંઈ વાગી ગયું ? આજુબાજુ કોઈ દેરાસર છે ? અહીં જ સ્થિરતા કરવાની છે ?

વિશાળ સમુદાયમાંથી કોક મહાત્માએ પૂછ્યું, કેમ આપની ગાડી અચાનક અટકી પડી ? ગુરુદેવશ્રી કહે, અહીં આજુબાજુ એક સુશ્રાવક રહે છે, ખૂબ જ આરાધક છે, પૂર્વના કર્મોદયે અસાધ્ય વ્યાધિનો ભોગ બન્યા છે ! તેમને માંગલિક સંભળાવી થોડાક સમાધિજનક પદો સંભળાવવાની ઈચ્છા થઈ છે, ફરી ક્યારે આ બાજુ આવીએ તેનો ભરોસો નહીં, સાહેબજી ! આપ પણ થાકી ગયા છો, લાંબો વિહાર કર્યો છે, હજી આગળ જવાનું છે, અહીં જશું તો અડધો કલાક બગડશે, તડકો થઈ જશે, આપણે હેરાન થઈ જશું. ગુરુદેવશ્રી કહે, આટલે સુધી આવ્યા ને તેને સમાધિ ન આપીએ ?... તમારે જવું હોય તો જાવ, હું પાછળ ૨/૩ સાધુઓને લઈને આવું છું... એક શ્રાવકને સમાધિ આપવાની કેવી અલૌકિક ભાવના ?... તે ય બોલાવ્યા વિના... ને આ બાજુ તપાસ કરી તે ભાઈનું ઘર ગોતી કાઢ્યું... ત્રીજે કે ચોથે માળે ઘર હતું... ચાલીને ગુરુદેવશ્રી થાકી ગયા હતા, છતાં અંતિમ સમાધિ આપવાની તેમની ઉત્કટ ભાવનાએ શ્રમને ન ગણ્યો... બધા સાધુઓ પણ સાથે જ રહ્યા... ને ૪૦ સાધુઓ સાથે પૂજ્યપાદશ્રીએ ધર્મલાભ કહી તેમના ઘરે પ્રવેશ કર્યો... પથારીમાં પડેલા તે ભાઈ તથા તેમનું સમસ્ત કુટુંબ અવાચક થઈ ગયું... કોઈ સમાચાર નહીં... કોઈ ખબર નહીં... ને આટલા મોટા સમર્થ જૈનાચાર્ય આટલા બહોળા પરિવાર સાથે, સવારના પહોરમાં અમારે ત્યાં ક્યાંથી ?... ગ્લાન સુશ્રાવકમાં જાણે નવચેતનાનો સંચાર થયો ન હોય ! તેમ સફાળા ઊભા થઈ ગયા. દોડતા દોડતા ગુરુદેવશ્રીના ચરણારવિંદમાં સાષ્ટાંગ પ્રણામ કરી ડ્રુસકે ડ્રુસકે રડી પડ્યા... ગુરુદેવશ્રીના ચરણોને એક બાળકની અદાથી પુનઃ પુનઃ ચુમવા લાગ્યા !... ઓ ગુરુદેવશ્રી ! કેટલો ઉપકાર તમારો ?... આ અવસ્થામાં મને આપનું દર્શન થયું, મારા તો ભવોભવ સુધરી ગયા ! કયા ભવે આપનું ઋણ ચુકવીશ ?... ને બોલતા બોલતા પુનઃ પોક મૂકી રડી પડ્યા, આ દશ્ય જોનાર દરેકની આંખોમાં અશ્રુબિંદુઓના દર્શન થતાં હતાં.

સાધુઓને પણ હવે સમજાયું કે એક જીવની સમાધિની શું કિંમત હોય છે ?... આખું વાતાવરણ ખૂબ જ ગમગીન થઈ ગયું હતું... પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ પોતાના આગળના વિહારનો વિચાર કર્યા વગર ખૂબ જ શાંતિથી ચતુઃશરણ-સ્વીકાર વગેરેની આરાધના કરાવી...

કુટુંબીજનો કહે, સાહેબજી ! આગોતરા સમાચાર તો આપવા હતા... આપ આટલા વિશાળ પરિવાર સાથે પધારો, અમે ભવ્ય સામૈયું કરત... સામે લેવા આવત... ગુરુદેવશ્રી કહે, અમે તો સમાધિ આપવા ને બે અક્ષર સંભળાવવા આવ્યા છીએ, સામૈયાનું અમારે શું કામ છે !... પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નિઃસ્પૃહતાને બીજાને સમાધિ આપવાની ઉત્સુકતાને સૌ કોઈ મનોમન વાંદી રહ્યા !...

• • •